ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૩૫

શુક્રવાર, તા. ૧૪ મી માર્ચ, ૨૦૦૮
ફાલ્ગુન ૨૪, ૧૯૨૯ શાકે

થી

સોમવાર તા. ૧૭મી માર્ચ, ૨૦૦૮
ફાલ્ગુન ૨૭, ૧૯૨૯ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**પ્રથમ અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
| --- | --- |
| **શુક્રવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૨૪, ૧૯૨૯ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫ - ૬૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૬૪ - ૮૦ |
| બિન સરકારી વિધેયકો | ૮૧ - ૮૧ |
| બિન સરકારી સંકલ્પો | ૮૨ - ૯૫ |
| **શનિવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૨૫, ૧૯૨૯ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૯૬ - ૧૦૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૧૦ - ૧૬૯ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૧૭૦ - ૧૭૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૧૭૨ - ૧૮૨ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૧૮૩ - ૧૮૪ |
| માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૮૫ - ૧૯૯ |
| **સોમવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૨૭, ૧૯૨૯ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૦૦ - ૨૧૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૧ - ૨૫૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૬૦ - ૨૮૭ |


***

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર તા.૧૪મી માર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૨૪, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ચેરના વાવેતર કરવા બાબત

***૧૯૫૨ શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-
(૧) રાજયમાં ચેરના વાવેતર કયાં કરવામાં આવે છે, અને
(૨) ચેરના વાવેતરથી શું ફાયદો થાય છે?

**વન મંત્રીશ્રી :**
(૧) રાજયમાં જામનગર, કચ્છ, રાજકોટ, ભાવનગર, આણંદ, ભરૂચ, સુરત અને નવસારી જિલ્લાના દરિયાકાંઠાના યોગ્ય વિસ્તારમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે.
(૨) ચેરના વૃક્ષોનું વાવેતર કરવાથી તે વિસ્તારનું સ્થાયીકરણ, ઉત્પાદકતામાં વધારો અને દરિયા કિનારાની ખેતીની જમીન અને ઉભા પાકોને દરિયાઈ ખારા પવનોથી થતું નુકસાન અટકે છે. દરિયા કિનારાની ખારાશ આગળ વધતી અટકે છે તથા દરિયાઈ તોફાનથી થતા નુકસાનમાં પણ ઘટાડો થાય છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું આપના માધ્યમ દ્વારા પૂછવા માગું છું કે, ચેરના વૃક્ષોને ઉગાડવા માટે ખાસ કરીને કેવો વિસ્તાર અનુકૂળ હોય છે, તેમજ ગુજરાતમાં ચેરના વનોની હાલ શું પરિસ્થિતિ છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, ચેરના વૃક્ષો ઉગાડવા માટે દરિયાનું ખારું પાણી અને જમીન તરફનું મીઠું પાણી પણ સપ્રમાણમાં જોઈતું હોય છે તેમજ કિચડ યુકત વિસ્તારો તથા નદીના મુખ પ્રદેશ કે જયાં નદી સમુદ્રને મળતી હોય તેવો વિસ્તાર કે જયાં સમદ્રની ભરતી ઓટના કિચડ યુકત વિસ્તાર ચેરના વૃક્ષને માટે અનુકૂળ બની શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજો પણ સવાલ કર્યો છે કે, ગુજરાતમાં હાલ ચેરના વનોની શું પરિસ્થિતિ છે? તો એમાં મારે જણાવવાનું કે, ગુજરાતમાં ચેરના વનોમાં ઉત્તરોતર વૃધ્ધિ થવા પામેલ છે અને વર્ષ ૨૦૦૧ના ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના સર્વેક્ષણ મુજબ ચેરના વૃક્ષોના વનોનો વિસ્તાર ૯૧૧ ચોરસ કિલો મીટર હતો, ૨૦૦૩ ના ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના સર્વેક્ષણ મુજબ વધીને જે ૯૧૬ ચોરસ કિલો મીટર નોંધાયેલો અને ૨૦૦૫ના છેલ્લા અહેવાલ મુજબ એ વિસ્તાર વધીને ૯૩૬ ચોરસ કિલો મીટર થવા પામેલ છે અને છેલ્લા ૨૦૦૫ના અહેવાલ પ્રમાણે દેશમાં ફકત ગુજરાત રાજયમાં જ ચેરના વનોનો વિસ્તાર વધેલ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ચેરના વૃક્ષોનું વાવેતરનું જે પ્લાનિંગ છે એમાં માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે ગુજરાતમાં જ એનો વિસ્તાર વધ્યો છે. એમાં મારે પૂછવું છે કે જે પ્લાનિંગ છે એ પ્લાનિંગ વ્યકિતગત રીતે છે, સરકારી રીતે છે કે જન ભાગીદારીથી છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, જન ભાગીદારીથી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચેરના વાવેતર પાછળ રાજય સરકાર કેટલો ખર્ચ કરવા માગે છે, અને દરિયા કિનારાના જે ગામડા છે એની જમીનને દરિયાના ખારા પવનના કારણે જે નુકસાન થતું હોય એ ગામડાના ખેડૂતોને આગળ લાવી ચેરનું વાવેતર કરવાનું કોઈ પ્લાનિંગ કરવા માગે છે કે કેમ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હાજી.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ ચેરના વૃક્ષો દરિયા કિનારે થાય છે, પણ અમારા મોરબી-માળિયામાં વધારેમાં વધારે વાવેતર થાય એમ છે અને એનાથી જમીનને પણ ઘણો બધો ફાયદો થાય એમ છે તો જે વાવેતર થાય છે એમાં હજુ પણ વધારે વાવેતર થાય એવું કોઈ ચોક્કસ પ્લાનિંગ કરવા માગે છે કે કેમ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, ચેરનું વાવેતર અમુક જિલ્લાઓમાં જ થતું હોય છે એ એટલા માટે જયાં દરિયા કિનારોનો કિચડ વિસ્તાર હોય એમાં જ થતું હોય છે. એટલે મેં પહેલા જવાબ આપ્યો એમાં જ આ પ્રશ્નનો જવાબ આવી જાય છે. એટલે જયાં શકય હશે ત્યાં ચોક્કસ આપણે વાવેતર વધારવા માટેના પ્રયત્નો કરીશું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચેરનું વાવેતર કરવામાં આવે છે એ વાત સાચી નથી પણ આ ચેર સામાન્ય રીતે જે નદીના મુખ પ્રદેશ હોય દરિયા કિનારે ત્યાં જ થતા હોય છે. અત્યાર સુધી આ

જે ચેરના ઝાડ છે એ કપાઈ જતા હતા પણ હવે કાપવાની વૃત્તિ લોકોમાં એકદમ ઓછી થઈ છે પણ એની સામે આ જે મુખ પ્રદેશ હોય એની આજુ બાજુ જે વસતિ હોય એના કારણે એ એન્ક્રોચમેન્ટ થઈને આ ચેરના વૃક્ષો એના કારણે કપાઈ છે અથવા તો મોટા ઉદ્યોગ ગૃહો છે એને જમીન આપવામાં આવે છે એ ચેરના વૃક્ષો છે એને કાપીને એ ઉદ્યોગ ગૃહો આ ચેરના જંગલનો નાશ કરે છે તો આ જે એન્ક્રોચમેન્ટને કારણે અને મોટા ઉદ્યોગ ગૃહો દ્વારા આ જે ચેરના વૃક્ષો કપાઈ છે તો એને રોકવા માગે છે કે કેમ, અને જે આ વૃક્ષો કપાતા હોય એની જગ્યાએ કોમ્પેન્સેટરી ફોરેસ્ટ ચેરના વૃક્ષોનું આ રાજય સરકારનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચેરનું વાવેતર દરિયા કિનારે જ લગભગ થતું હોય છે અને છેલ્લા પાંચ વર્ષમાં જોઈએ તો ૨૦૦૩-૦૪માં ૨૪૦૦ હેકટરમાં થયેલું છે, વર્ષ ૨૦૦૪-૦૫માં ૪૩૯૫ હેકટરમાં થયેલ છે, વર્ષ ૨૦૦૫-૦૬માં ૪૯૭૫ હેકટરમાં થયેલું છે, ૨૦૦૬-૦૭માં ૫૨૬૨ હેકટરમાં થયેલું છે અને ૨૦૦૭-૦૮માં ૬૯૯૧ હેકટરમાં ચેરનું વાવેતર થયેલું છે. આના જે કંઈ પાંદડા હોય છે એ ઘાસચારાના ઉપયોગમાં આવે છે અને લોકો એમાંથી રોજી પણ મેળવે છે.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી :** માનનીય અધ્યક્ષશ્રી, ચેરનું વાવેતર વન વિભાગ સિવાય કઈ કઈ એજન્સી દ્વારા કરવામાં આવે છે હું એ જાણવા માગું છું.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગ સિવાય રાજયમાં ગુજરાત ઈકોલોજી કમિશન નામની સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

### ડાંગ જિલ્લામાં માલિકીની જમીનમાં આવેલા વૃક્ષો કાપી આર્થિક લાભ આપવા બાબત

***૧૩૪૪ શ્રી વિજયભાઈ ર. પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ડાંગ જિલ્લામાં માલિકીની જમીનમાં આવેલા વૃક્ષો કાપી ઇસમોને આર્થિક લાભ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) આ યોજના માટે રીવોલ્વીંગ ફંડ ઊભું કરવામાં આવેલ છે કે કેમ?

**વન મંત્રીશ્રી**

(૧) હાજી.

(૨) હાજી.

**શ્રી વિજયભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ રીવોલ્વીંગ ફંડની કયા કયા જિલ્લા માટે કેટલી રકમ મંજૂર કરેલ છે અને છેલ્લાં બે વર્ષની અંદર આ રકમો કેટલી ચૂકવાઈ છે અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, આ રીવોલ્વીંગ ફંડના આયોજનથી માલિકી ખાતેદારોને શું ફાયદો થયો છે.

**શ્રી કિરીટસિંહ જી. રાણા :** માનનીય અધ્યક્ષશ્રી, રીવોલ્વીંગ ફંડ માત્ર ડાંગ જિલ્લા માટે ઊભું કરવામાં આવેલ છે. ડાંગ જિલ્લામાં કુલ ૧ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવેલ છે. છેલ્લાં બે વર્ષમાં જેમાં, ૨૦૦૬-૦૭માં ૭૨૪ ઇસમોને ૫.૯૬ કરોડ ચૂકવવામાં આવેલ છે તથા ૨૦૦૭-૦૮માં ૯૬૭ ઇસમોને મળી કુલ ૧૦ કરોડ રૂપિયા ચૂકવવામાં આવેલ છે. રીવોલ્વીંગ ફંડ ઊભું કરવામાં આવેલ હોવાથી માલિકી ખાતેદારોને સમયસર ચૂકવણું કરવામાં આવે છે જેથી અગાઉના વર્ષમાં વિલંબ થતો હતો તે નિવારી શકાયેલ છે અને આ ફંડથી માલિકી ખાતેદારોમાં આનંદની લાગણી અનુભવાયેલ છે.

### રાજયમાં નીલ ગાય, ઘુડખર અને ભૂંડ જેવા પ્રાણીઓ દ્વારા ખેતીના પાકને નુકસાન

***૧૬૭૩ શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજયમાં નીલ ગાય, ઘુડખર, વાંદરા અને ભૂંડ જેવાં પ્રાણીઓ ખેતીના પાકને નુકસાન કરે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ખેડૂતોને આ બાબતે સરકાર સહાય કરવા માગે છે કે કેમ?

**વન મંત્રીશ્રી :**

(૧) હાજી

**(૨) ખેડૂતોના ખેતીના ઊભા પાકના રક્ષણ માટે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યાં છે.**

- રોઝની વસતિના નિયંત્રણ માટે તેને પકડવા અને ખસીકરણ કરવામાં પૂરતી સફળતા ન મળતાં, રોઝના નિકાલ માટે ગુજરાત સરકાર દ્વારા જ્યાં રોઝથી પાકને વધુ નુકસાની જણાય છે અને જે વિસ્તારો અભયારણ્યને અડીને આવેલ નથી તેવા વિસ્તારોના ૧૫૪૫ ગામના સરપંચશ્રીઓને વન્ય પ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ નીલ ગાયનો નિકાલ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.
- રાજય સરકાર દ્વારા વન્ય પ્રાણીઓથી ખેતીના પાકને થતાં નુકસાનને અટકાવવા અરજીઓની અગ્રતાના ધોરણે ખેડૂતોને પોતાના ખેતરની ફરતે કાંટાળા તારની વાડ બનાવવા માટે બજેટની

મર્યાદામાં, તારની વાડના એસ્ટીમેટની ૫૦ ટકા રકમ સહાય તરીકે વન વિભાગ દ્વારા આપવામાં આવે છે.

- રોઝના ઉપદ્રવવાળા વિસ્તારોમાં હાંકો કરીને, ફટાકડા ફોડીને, અવાજો કરીને, હલન-ચલન વાળા ચાડિયા રાખી રોઝથી થતા નુકસાન સામે ખેતીના પાકને રક્ષણ આપવાની ખેડૂતો શિબિરો અને ગ્રામ સભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.

**શ્રી અંબાલાલ આ. રોહિત:** મારા પ્રશ્નનો જવાબ મને મળી ગયેલો છે પણ મારો પૂરક પ્રશ્ન એ છે કે, રાજયમાં કેટલા ગામોમાં માનદ્ વન પ્રાણી સંરક્ષકોની નિમણૂંક કરેલ છે અને આણંદ જિલ્લામાં કેટલા માનદ્ વન પ્રાણી સંરક્ષકોની નિમણૂંક કરેલ છે.

**શ્રી કિરીટસિંહ જી. રાણા:** રાજયમાં ૬-૭-૨૦૦૬ના જાહેરનામાથી ૧૩૧૯ ગામો તથા તારીખ ૧૫-૧-૨૦૦૭ના જાહેરનામાથી ૨૨૬ ગામોમાં માનદ્ વન્ય પ્રાણી સંરક્ષક તરીકે નિમણૂંક કરેલ છે આમ કુલ ૧૫૪૫ માનદ્ વન્ય પ્રાણી સંરક્ષકોની નિયુક્તિ કરેલ છે જેમાં માનનીય સભ્યશ્રીની જે લાગણી છે એ આણંદ જિલ્લામાં ૬-૭-૨૦૦૬ના જાહેરનામાથી ૪૨ ગામોમાં અને તારીખ ૧૫-૧-૨૦૦૭ના જાહેરનામાથી બે ગામોમાં વન્ય પ્રાણી સંરક્ષકોની નિયુક્તિ થયેલ છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, રોઝની વસતિના નિયંત્રણ માટે ખસીકરણ કરવામાં પૂરતી સફળતા મળતી નથી અને ગયા વખતે પણ માનનીય મંત્રીશ્રી તરફથી જવાબ આપવામાં આવ્યો હતો કે, આ નીલ ગાય એટલી બધી માથાભારે હોય છે કે એના વાડા પણ થતાં નથી અને નીલ ગાયનો ત્રાસ અટકાવવા માટે તારની વાડના એસ્ટીમેટની ૫૦ ટકા રકમ સહાય તરીકે વન વિભાગ ચૂકવે છે તો ૫૦ ટકાની જે સહાય ચૂકવાય છે એની બજેટમાં કેટલી જોગવાઈ કરી છે અને વર્ષ દરમિયાન કેટલા ખેડૂતોને આનો લાભ મળે એવો છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન વિધાનસભામાં અનેકવાર આવ્યો છે. નીલ ગાય રોઝ જેને આપણે કહીએ છીએ તે દિવસે દિવસે એની વસતિમાં વધારો થતો હોય છે સરકાર માટે પણ આ પ્રશ્ન મૂંઝવે એવો છે કારણકે જે જે ઇલાજ કર્યા છે કારણકે એને પકડીને ખસીકરણ કરવું એ પણ સહેલી વાત નથી કારણકે એની નજીક જાઓ પછી જ આપણે એને બેભાન કરી શકીએ નજીક પણ એની જઈ શકાય નહિ એટલી હદે એ દોટ મૂકે છે, આને માટે બધા ધારાસભ્યશ્રીઓ સાથે પણ મીટિંગ રાખીને કૃષિમંત્રી અગાઉ ભૂપેન્દ્રસિંહજી હતા તે વખતે -ત્રણ વખત મીટિંગ પણ કરી છે અને આના અનેક ઉપાય શોધવાના પણ પ્રયત્નો કર્યા છે. એક દવાની વાસથી તે દૂર ભાગે તેનો અખતરો પણ કરી ચૂક્યા છીએ. અઢી લાખ રૂપિયાની એક નેટ પણ આપણે કલકત્તાથી મંગાવી કે નેટમાં કોઈ રીતે નીલ ગાય આવે અને તે પકડાય તેને માટે પણ પ્રયત્ન આપણે કર્યા છે. અનેક પ્રયત્ન કર્યા પછી પણ સફળતા ન મળી તેને કારણે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચાર-પાંચ મંત્રીશ્રીઓને સાથે ભેગા થઈને આનો શું ઉકેલ કાઢવો જોઈએ અને પછી છેલ્લે વાત એવી આવી કે આપણે સરપંચને કોઈક રીતે આ જવાબદારી સોંપીએ તો જે તે ગામમાં નીલગાયનો જ્યાં ત્રાસ છે તે આપણે હટાવી શકીએ. અને ૧૫૪૨ જે સરપંચોને જવાબદારી આપી છે તેમાં માનનીય સભ્યશ્રી રોહીતભાઈનો પ્રશ્ન છે તો ત્યાં લગભગ આપણે ૩૩ રોઝનો નિકાલ કરી શકયા છીએ અને તેમણે કહયું કે કેટલાંની બજેટની વ્યવસ્થા કરી છે તો ૫૦ લાખની બજેટમાં વ્યવસ્થા આમાં કરવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી, માનનીય સભ્યશ્રીઓના હું જે હાથ ઉંચા જોઉં છું તે બધાને હું તક આપું તો (અંતરાય) જેટલા સભ્યશ્રીઓ અત્યારે હાથ ઉંચો કરે છે આ પ્રશ્ન ગંભીર છે અને ગંભીર પ્રશ્ન ઉપર અનેક પ્રશ્નો છે. મને એમ લાગે છે કે આ પ્રશ્ન ઉપર મંત્રીશ્રી પોતે આ જ સભાગૃહમાં હું તેમને જગ્યા આપીશ જે ધારાસભ્યશ્રીઓને આની ચર્ચા કરવી હોય તે અધિકારીશ્રીઓ સાથે બેસીને સંપૂર્ણપણે વિભાગ અને આપની સાથે ચર્ચા કરે. આ સત્ર દરમિયાન એક દિવસ રાખી લો. મને લાગે છે ૨૦ થી ૪૦ સભ્યો તો આના ઉપર પ્રશ્ન પૂછવા માગે જ છે.(અંતરાય) પ્રશ્નના ઉકેલ માટે પ્રશ્ન હોય છે અને હું બધાને તક આપવા માગું છું એટલા માટે હું મંત્રીશ્રીને અનુરોધ કરું છું કે આ વિષય ઉપર એક વિશેષ બેઠક બોલાવીને એટલે વિધાનસભાની બેઠક નહીં, વિધાનસભાના સભ્યોને અહીંયાં અલગ રીતે બોલાવીને અધિકારીઓ સાથે આપણું પાર્લામેન્ટરી બ્યુરોનું જે સ્થાન છે ત્યાં આપ જો આવતીકાલે રાખવા માંગતા હો તો હું આવતીકાલે વ્યવસ્થા કરું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી આપનું સૂચન જે છે તે પ્રમાણે ચોક્કસ ધારાસભ્યશ્રીઓ સાથે બેઠક રાખીશું પરંતુ ધારાસભ્યશ્રીઓને એક વિનંતી છે કે જો સરકારે જે નિર્ણય લીધો છે જે સરપંચોને જવાબદારી આપી છે તેમાં પણ તેમની સાથે રહીને આમાં પ્રશ્નનો ઉકેલ લાવીએ તો હું માનું છું કે વધારે સારી રીતે ઉકેલ લાવી શકાશે.

**અધ્યક્ષશ્રી** : જો હું બધાને તક આપીશ તો આખી પ્રશ્નોત્તરીનો બધોજ સમય નીકળી જશે (અંતરાય) જગદીશભાઈ,

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, સરપંચોને જે અધિકાર આપવાની વાત કરી છે તેમાં તમામ ધારાસભ્યશ્રીઓની તૈયારી છે પણ સરકારને બજેટમાં જોગવાઈ કરવી પડે. બીજા ત્રીજા રસ્તા કરીને એટલા માટે આ ઉપદ્રવને આજે જો આપણે નહીં રોકીએ તો ગુજરાતનો ખેડૂત ખતમ થઈ જશે એટલા માટે સાહેબે કહ્યું તેમ ધારાસભ્યો એકલા નહીં સાથે અધિકારીઓ કારણકે ચૂંટાયેલા પ્રતિનિધિઓ જે વાત કરે તે પછી અધિકારીઓ જુદી રીતે તેને મૂલવે છે. પ્રશ્નનું નિરાકરણ કરવા નથી માગતા એટલા માટે અધિકારીઓ અને ધારાસભ્યો સાથેની એક જોઈન્ટ મીટિંગ થાય અને તેમાંથી કોઈ યોગ્ય અને સારો ઉકેલ આવે એવી વ્યવસ્થા કરવાનું માનનીય અધ્યક્ષશ્રી આપને કહે છે.

**અધ્યક્ષશ્રી** : આવતીકાલે સભાગૃહ પૂરું થાય પછી(અંતરાય)

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યોની અનુકૂળતા જોઈને.

**અધ્યક્ષશ્રી** : સોમવારે સભાગૃહ પૂરું થાય પછી વન વિભાગ, કૃષિ વિભાગ બન્ને વિભાગના અધિકારીઓ અને ધારાસભ્યશ્રીઓ તથા બન્ને વિભાગના મંત્રીશ્રીઓ...

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આનો નિવેડો લાવવો હોય તો પહેલાં ધારાસભ્યશ્રીઓ મંત્રીશ્રીને સૂચન આપે પછી તેના ઉપર મંત્રીશ્રી વિચાર કરે અને પછી વિભાગ વિચાર કરે તો થાય. લખીને સૂચનો એક વખત મંત્રીશ્રીને પહોંચાડવા પડે. ચાલુ વિધાનસભાએ આ રીતની મીટિંગ કરવામાં મને લાગે છે કે(અંતરાય) હું મારી જગ્યા ઉપર ઉભો છું. બધા ધારાસભ્યો પોતાના સૂચનો મંત્રીશ્રીને આપે. ગયા વખતે પણ મંત્રીશ્રીએ બધા ધારાસભ્યો સાથે ચર્ચા કરેલી જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર પ્રશ્ન એટલો અગત્યનો અને તીવ્ર લાગતો હોય તો ભલે ચર્ચા થતી. એમાં શું વાંધો છે? ગૃહમાં જ ચર્ચા થઈ જાય. (અંતરાય) પ્રશ્નની અગત્યતામાં આટલી બધી તીવ્રતા હોય તો ભલે ચર્ચા થતી, આપણે કંઈ નિયમમાં એવી જોગવાઈ નથી કે ૫ મિનિટમાં જ પૂરું કરવું.

**અધ્યક્ષશ્રી** : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી કહે છે, ત્યારે હું કહું છું કે તો પછી આ પ્રશ્નની અરધા કલાકની ચર્ચા ગૃહમાં કરી લઈએ, તીવ્રતા જોઈને. સંસદીય બાબતોના મંત્રીશ્રીનું સૂચન છે એને અમે સ્વીકારીએ. એમનું સૂચન છે કે અહીંયાં જ ચર્ચા કરો. અહીંયાં અરધા કલાકની ચર્ચા કરી લઈએ. અરધા કલાકની ચર્ચાનો અવકાશ છે.

**અધ્યક્ષશ્રી** : આપ બન્ને બેસી જશો? એક મિનિટ. હું કહું પછી આપ કહેજો ને. (અંતરાય) એક મિનિટ, બેસી જાઓ. જૂઓ માનનીય શકિતસિંહજી જે કહે છે, અરધા કલાકની ચર્ચા આપવાની મારી તૈયારી છે, પણ નિયમોમાં અરધા કલાકની ચર્ચા છે, એમાં માત્ર એક જ સભ્ય, જેણે અરધા કલાકની ચર્ચા ઉભી કરી હશે એ કહેશે અને મંત્રીશ્રી એનો જવાબ આપશે. એટલે આ પ્રશ્નની અંદર અરધા કલાકની ચર્ચાથી બધા જ સભ્યોની વાતને કહી શકાશે નહીં. આજે પ્રશ્નની અંદર પણ જે હાથ ઉંચા થાય છે, એ જોતાં મને લાગ્યું કે લગભગ ત્રીસેક કરતાં વધારે ધારાસભ્યશ્રીઓ આ પ્રશ્ન ઉપર પૂરક પ્રશ્ન પૂછવા માગે છે. હું પાંચના બદલે ૧૦ મિનિટ આ પ્રશ્નની પાછળ આપું તો પણ હું બધાને તક આપી શકું તેમ નથી. આમ છતાં પણ જયારે પ્રશ્ન પૂછાય ત્યારે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈએ જે કહ્યું, એ પણ થતું નથી. એટલે એક મિટિંગ થાય અને એ મિટિંગની અંદર રજૂઆત થાય અને એ પછી મંત્રીશ્રીએ જે કહ્યું એ જ થશે કે રજૂઆતો આવશે મંત્રીશ્રી પાસે, અત્યાર સુધીના લીધેલા પગલાંઓની જાણ થશે અને એના ઉપરથી જે નીતિ છે, એ મિટિંગની અંદર નહીં એ નીતિ આ સભાગૃહની અંદર આવશે અથવા બાકીના નિર્ણય થશે. પણ, આ સભાગૃહના સભ્યશ્રીઓનો નીલ ગાય માટેનો જે અવાજ છે, જે વાત કહેવી છે, એને પૂરતી તક મળે એટલા માટે મેં મંત્રીશ્રીને વિનંતી કરી કે આવી એક બેઠક બોલાવે અને એ બેઠકમાં બધા સભ્યશ્રીઓને સાંભળે. સોમવારે કે મંગળવારે એ મિટિંગ અધિકારીઓ સાથે રાખીએ. મને લાગે છે કે પ્રશ્નોત્તરીમાં હું એને નેકસ્ટ કહું છું અને પ્રશ્નોત્તરીને આગળ લઈ જઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપે જે સૂચન કર્યુ એમાં મારું એક જ સૂચન છે. માનનીય અધ્યક્ષશ્રી, આમાં મુશ્કેલી પડે છે. કે દરેક સરપંચને, એણે ફોરેસ્ટ વોર્ડન બનાવ્યા છે. પણ એ (અંતરાય) ભાઈ સૂચન કરું છું, આ ફોરેસ્ટ વોર્ડન બનાવ્યા છે. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ એમાં હાજર રહેજો ને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું એક જ એમાં એડ કરું છું કે જે મિટિંગ બોલાવવામાં આવે એમાં મારી વાત એટલી છે સાહેબ, કે આનો નિકાલ કરવાનું કામ શિકારી, શિકાર સાથે સંકળાયેલા લોકો જ કરતા હોય છે. પણ એને હથિયારનું લાયસન્સ આપવામાં મુશ્કેલી પડે છે. એટલે મારી આપને વિનંતી એટલી છે કે આ મિટિંગની અંદર ગંભીરતાથી જો આપણે લેવું હોય તો ગૃહ વિભાગના અધિકારીઓ અને રેવન્યુ વિભાગના જે અધિકારીઓ જે આમાં નિર્ણય કરવા માટે મહત્વના લોકો છે એને પણ હાજર રાખવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : સાંભળ્યા પછી એમને લાગશે તો મંત્રીશ્રી બાકીના વિભાગો જોડે ચર્ચા કરશે. અર્જુનભાઈ, આ વિષયના કેટલાક પાસાં એવાં છે કે જે જાહેરમાં ચર્ચા પણ કરવા જેવા નથી. (અંતરાય) હું કહીશ, આપની સાથે ચર્ચા કરીશ ત્યારે. પ્રશ્ન ક્રમાંક:૪.

## સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, મેઘરજ, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં આર્થિક વિકાસ યોજના માટેની અરજીઓ

*** ૨૪૩૭ ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા અને મેઘરજ તાલુકાઓમાંથી તારીખ ૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રાયોજના વહીવટદારને આર્થિક વિકાસની યોજનાઓ માટે કુલ કેટલી અરજીઓ તાલુકાવાર મળી?

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી પ્રાયોજના વહીવટદાર દ્વારા લોન સહાય ચૂકવવામાં આવી, અને

(૩) બાકી અરજદારોને કયારે સહાય ચૂકવવા માગો છો?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી:**

(૧) નીચે દર્શાવ્યા મુજબ

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભિલોડા | ૪૫૩ |
| ૨ | વિજયનગર | ૩૬૧ |
| ૩ | ખેડબ્રહમા | ૪૩૪ |
| ૪ | મેઘરજ | ૩૮૧ |
| | **કુલ :** | **૧૬૨૯** |

(૧) નીચે દર્શાવ્યા મુજબ

| ક્રમ | તાલુકાનું નામ | સહાય ચૂકવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભિલોડા | ૪૧૪ |
| ૨ | વિજયનગર | ૩૧૩ |
| ૩ | ખેડબ્રહમા | ૪૦૬ |
| ૪ | મેઘરજ | ૩૩૧ |
| | **કુલ :** | **૧૪૬૪** |

(૨) બાકી ૧૬૫ અરજદારો પૈકી કૃષિ વિષયક એસેટના ૯૬ કેસોમાં તા. ૩૧-૩-૨૦૦૮ સુધીમાં, જયારે સ્વરોજગારી અંગેના ૬૯ કેસોમાં વર્ષ ૨૦૦૮-૦૯માં સહાય ચૂકવી શકાશે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ ૧૬૫ અરજીઓ કેટલા સમયથી પેન્ડિંગ છે અને બીજુ આર્થિક વિકાસની યોજનાઓ માટે સરકાર દૂધાળા પશુ આપવાની વાત કરે છે, પણ છેલ્લા ઘણા સમયથી દૂધાળા પશુ માટે તાલુકા મથકે એક પણ ફોર્મ મળતું નથી. નથી તો ફોર્મ મળતું કે નથી દૂધાળા પશુ મળતા. તો સરકાર તાલુકા મથકે ફોર્મ અને દૂધાળા પશુ મળે એવી સગવડ કરવા માગે છે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ આદિવાસી વિસ્તારનો પ્રશ્ન છે, સાબરકાંઠા જિલ્લાના ગરીબ વ્યકિતઓનો પ્રશ્ન છે. મારે સભ્યશ્રીને એટલી જ વાત કરવી છે કે ૨૦૦૫-૦૬માં એકપણ અરજી મંજૂર કરવાની બાકી નથી. ૨૦૦૬-૦૭માં બાકી નથી. ચાલુ વર્ષની ૨૦૦૭-૦૮ની ૧૬૫ અરજી પડતર છે, એ ૩૧/૩ સુધીમાં મંજૂર કરવામાં આવશે. ભેંસો માટે જે ચિંતા કરી છે, તો એમને વાત કરું કે મને મળ્યા પછી અમે બંને મળીને એમને જેટલી પણ ભેંસો જોઈતી હશે એટલી નાણાની જોગવાઈ પ્રમાણે મંજૂરપાત્ર તમામ અરજીઓ મંજૂર કરવામાં આવશે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધયક્ષશ્રી, આર્થિક વિકાસની સહાય માટેની જોગાવઈ કરેલ છે. તો એના માટેની કુલ કેટલી અરજીઓ મળી હતી?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે ૨૦૦૭-૦૮ ના વર્ષમાં ૭૦૮ અરજીઓ મળી હતી.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે ચાલુ વર્ષ દરમ્યાન આર્થિક વિકાસ માટેની સહાયની જે અરજીઓ મળી છે એમાં કેટલી સહાય ચૂકવવાની થાય છે.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૬૬ લાખ રૂપિયા ચૂકવવાના થાય છે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે આ કૃષિ વિષયક ૯૬ કેસોમાં તા. ૩૧-૩-૨૦૦૮ સુધીમાં ચૂકવવા માટેનું જણાવેલ છે. હવે આ ૩૧-૩-૨૦૦૮ ના ૧૫ દિવસ જ બાકી છે ત્યારે ૧૫ દિવસમાં આ રકમ ચૂકવવામાં આવશે કે કેમ અને ચૂકવાશે તો કેટલી રકમ ચૂકવાશે? મારો બીજો પ્રશ્ન એ છે કે જયારે સ્વરોજગારીના ૬૯ કેસોમાં કેટલા સમયમાં અને કેટલી રકમ ચૂકવવાનું આયોજન છે અને કેટલી રકમ હાલ ચૂકવાશે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, એ છાપેલું જ છે કે તા. ૩૧-૩-૦૮ માં ચૂકવાશે અને બાકીના ૬૯ કેસોને ૨૦૦૮-૦૯ માં ચૂકવણી કરવામાં આવશે.

## વન પરનું ભારણ ઘટાડવા માટેની યોજના

***૧૩૩૯ શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં વન પરનું ભારણ ઘટાડવાની કોઈ યોજના અમલમાં છે, અને

(૨) આ માટે કયા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે?

**વનમંત્રીશ્રી:**

(૧) આવી અલાયદી યોજના અમલમાં નથી, પરંતુ વન પરનું ભારણ ઘટાડવાના ઉપાયો કરવામાં આવે છે.

(૨) વન વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ ગામોમાં સ્મશાન સગડીઓ પૂરી પાડવામાં આવે છે. તેમજ વ્યકિતગત લાભાર્થીઓને સુધારેલા ચૂલા, સોલર કૂકર, બાયોગેસ જેવાં સાધનો પૂરાં પાડવામાં આવે છે.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળેલ છે, પરંતુ મારે જાણવું છે કે વન ઉપર ભારણ શા કારણથી આવે છે અને એ ઘટાડવા માટેનાં શું ભરવામાં આવ્યાં છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, વન વિસ્તાર નજીકમાં વસતા વનવાસીઓ પોતાની જરૂરિયાત માટે મુખ્યત્વે વન ઉપર આધાર રાખે છે. બળતણના આધુનિક સાધનોનો અભાવ તથા વન વિસ્તાર નજીક હોવાથી તેઓ દ્વારા વનમાંથી બળતણ, ઘાસચારો, અને ગૌણ વન પેદાશ મેળવવાનું સરળ બને છે. વન બહારના વિસ્તારોમાં પણ ઈમારતી લાકડાં, બળતણ અને ઘાસચારાની જરૂરિયાત વધતાં વન ઉપર ભારણ વધે છે. એ ઉપરાંત અન્ય વિસ્તારોમાં પણ આધુનિક ફરનીચર, ઘર વપરાશનાં સાધનો, લાકડાનાં બારીબારણાં વગેરે બનાવવા માટે લાકડાનો ઉપયોગ થાય છે, વસતિ વધતાં બળતણની જરૂરિયાત વધતી જાય છે અને કેટલાક લાકડાનો ઔદ્યોગિક ઉપયૌગ પણ થાય છે. જેથી વન ઉપર ભારણ વધે છે. તેમો બીજો પ્રશ્ન છે એમાં વન ઉપર ભારણ ઘટાડવા માટે છેલ્લી ૩ વર્ષમાં ૪૨૪ સ્મશાન સગડીઓ આપી છે, ૧૧૭૭૭ નિર્ધુમ ચૂલા આપ્યા છે, બાયોગેસ ૫૦૬૬ અને સોલર કૂકર આપ્યાં છે. એમ કરીને જેટલું ભારણ ઘટાડાય એટલું ઘટાડવાના પ્રયત્નો થાય છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વન મહોત્સવ દરમ્યાન લોકોના સહકાર વડે સાંસ્કૃત્તિક વનો કયા કયા સ્થળે ઉભાં કરવામાં આવ્યાં છે અને એમાં વનમાં કેટલા રોપાઓ રોપવામાં આવ્યા છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૦માં ગાંધીનગર ખાતે પુનિત વન, ૨૦૦૫ માં અંબાજી ખાતે માંગલિક વન, ૨૦૦૬ માં તારંગા ખાતે તીર્થકર વન અને ૨૦૦૭ મા સોમનાથ ખાતે હરિહર વન બનાવવામાં આવેલ છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વન ઉપરનું ભારણ છે એ ઘટાડવા માટે શું પગલાં ભરવામાં આવ્યાં છે એના જવાબમાં મંત્રીશ્રીએ જણાવેલ છે કે સ્મશાન સગડીઓ આપેલ છે. તો મારે જાણવું છે કે રાજયના તમામે તમામ ગામોમાં આ વન ઉપરનું ભારણ ઓછું થાય એ માટે સ્મશાન સગડીઓ આપવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જે વન વિસ્તાર છે એ વન વિસ્તારમાં આ ભારત ઓછું કરવાની વાત આવે છે. આના જે ૧૨ એ ૧૨ જિલ્લા છે ત્યાં આ રીતની સહાય કરવામાં આવે છે. બીજી તેમણે સગડીની વાત કરી છે તો સ્મશાન સગડી તો જયાં જરૂરિયાત હોય અને કોઈની માગણી આવી હોય અને અરજી આવે ત્યારપછી સ્મશાન સગડી ફાળવવામાં આવે છે.

## રાજયમાં ગીધ પક્ષીની ઘટતી સંખ્યા

***૧૯૩૪ શ્રી કાન્તિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં ગીધ પક્ષીની સંખ્યા ઘટતી જાય છે જે સરકારના ધ્યાનમાં છે,અને

(૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજયમાં ગીધ પક્ષીની કેટલી સંખ્યા છે?

**વન મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) મે-૨૦૦૭ની ગણતરી દરમ્યાન અંદાજીત કુલ ૧૪૩૧ ગીધ પક્ષીની સંખ્યા નોંધાયેલ છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એજાણવા માગું છું કે ગીધ વિષે લોકોને સંવેદનશીલ કરવા માટે વન વિભાગ અને અન્ય સંસ્થાઓ દ્વારા શું પગલાં ભરવામાં આવ્યા અને ગીધની વસતિ ઘટવાના મુખ્ય કારણો શું છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : મારી પાસે વધારે વિગતો છે, આપ કહેતા હો તો વાંચી સંભળાવું. ગીધ માટે ૨૦૦૫માં પ્રથમવાર ગણતરી કરવામાં આવેલી.

**અધ્યક્ષશ્રી** : ગીધની વસતિ કેટલી ઘટી તેની વિગતો હોય તે આપો. અને એ ઘટવાના એક કે બે જે અગત્યના કરણો હોય તે કારણો આપો. આખી વિગતો વાંચશો તો સમય ઘણો જશે.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : એમાં ઘટાડો તો થયો છે, ૨૧૫ ગીધના સંરક્ષણ માટે ચૂકવાય છે.

**અધ્યક્ષશ્રી** : ગીધની વસતિ ઘટવાના કારણો તમારી પાસે હોય તો કહી દો.

**શ્રી મંગુભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫ માં જયારે ગણતરી કરી ત્યારે ૨૬૪૭ જેટલા ગીધ હતાં અને ફરીથી જયારે વર્ષ ૨૦૦૭ માં ગણતરી થઈ ત્યારે ૧૪૩૧ જેટલા ગીધ રહ્યાં છે. ખાસ કરીને ગીધની વસતિ ઘટવાના જે કારણો છે એ આરોગ્ય વિભાગમાંથી એક દવાનો ઉપયોગ પશુઓ માટે થાય છે, ખાસ કરીને જે મરેલા પશુઓ હોય છે તે મરેલા પશુઓને ગીધ ખાય છે તે પશુઓને જો એ દવા આપેલી હોય અને એ પશુને ગીધ ખાય ત્યારે ઝેર ચડે છે અને તેના કારણે આ ગીધની વસતિ ઓછી થઈ છે, અને એને માટે આરોગ્ય ખાતાને પણ આ દવા પશુઓ માટે ન વપરાય તેના માટે વિનંતી કરવામાં આવી છે અને એ પ્રમાણે એમણે આ દવા નહીં વાપરવા માટેની સૂચના પણ આપી છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પર્યાવરણની અસમતુલાની ચિંતા કરી છે. અને પ્રશ્ન પૂછયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગીધ એ કુદરતી સફાઈ કામદાર હોય છે, આપણા ગુજરાતમાં આને લગતા એરીયલ બાયોલોજીના વડોદરા યુનિવર્સિટી અને રાજકોટ યુનિવર્સિટીમાં તેના ડિપાર્ટમેન્ટ ચાલે છે અને તેની વસતિ ન ઘટે અને વસતિ વધે તેવા સંશોધનો ત્યાં થતાં હોય છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે ગીધ પંખીની સંખ્યા ઘટતી જાય છે, હું એ પ્રશ્ન પૂછવા માગું છું કે આ ગીધ પક્ષીની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે અને ગીધની વસતિ ન ઘટે અને ગીધની વસતિ વધે તે માટે આવા જે બાયોલોજીકલ ડિપાર્ટમેન્ટ છે તેમની મદદ લેવા માગે છે કે નહીં?

**શ્રી મંગુભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આની ગણતરી જે થાય છે તે જે ગીધના માળા હોય છે તે માળા પર જઈને કરવામાં આવે છે. અને જુનાગઢમાં ગીધ ઉછેર કેન્દ્ર પણ શરૂ કરવાનું સરકારે વિચારેલું છે.

**શ્રી પ્રદિપસિંહ જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી,આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આજકાલ પર્યાવરણની સમસ્યાના કારણે જુદા જુદા પંખીઓની સંખ્યા ઘટતી જાય છે. તો એમાં ગઈ [•] (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી:** નોટ એલાઉડ, (અંતરાય) શ્રી પ્રદિપસિંહજી, આ પ્રકારની કટાક્ષિકા કરવી તે તમને પોતાને યોગ્ય લાગે છે? મેં તમને તક એટલા માટે આપી કે તમે ગીધ ઉપર કંઈક વિગતો હોય અને તેના અંગેનો પ્રશ્ન પૂછશો. આઈ એમ સોરી, શ્રી પ્રદિપસિંહજીએ કહેલી વાત હું રેકર્ડ ઉપરથી દૂર કરી નાખું છું. અને શ્રી પ્રદિપસિંહ, આ પ્રકારના પ્રશ્નની અંદર આ જાતની પ્રવૃત્તિ મહેરબાની કરીને ન કરો, જે રીતનું વાતાવરણ સર્જાતું જાય છે તેને તમે અનુરૂપ રહેશો તો સારું લાગશે.

**શ્રી કનુભાઈ વા. કળસરીયા** : અમારા દરિયા કિનારાના નાળિયેરી વિસ્તારમાં ઘણા બધા ગીધો રહે છે અને નાળિયેરીના વૃક્ષ ધરાવનાર ખેડૂતોને નાળિયેરીનો પાક લેવા દેતા નથી, લઈ શકતા નથી ત્યારે આ માટે ખેડૂતને કેટલું વળતર ચૂકવવામાં આવે છે. ભાવનગર જિલ્લામાં ગીધની વસતિ કેટલી છે એ હું જાણવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, તમારી પાસે જિલ્લાવાર વિગતો હોય તો ભાવનગર જિલ્લાની માહિતી આપો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : જિલ્લાવાર તો માહિતી નથી. પરંતુ ખાસ કરીને કચ્છ જિલ્લાના અબડાસાની વાત કરું તો...

**અધ્યક્ષશ્રી** : ભાવનગર જિલ્લાની વિગતો હોય તો આપો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : ભાવનગર અને અમરેલીમાં દરિયા કિનારો આવેલો છે. નાળિયેરીના વૃક્ષો આ જિલ્લાઓની અંદર આવેલા છે. નાળિયેરીના માલિક છે એ માલિકને પ્રતિ વૃક્ષ દીઠ ૨૧૫ રૂપિયા ગીધના રક્ષણ માટે ચૂકવવામાં આવે છે.

**શ્રી બાવકુભાઈ ના. ઊંઘાડ** : માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે આ ગીધની વસતિ ઘટી એમાં મુખ્ય કારણ બતાવ્યું કે પશુને બચાવવા માટે જે દવા વપરાય છે પરંતુ એ પશુ મૃત્યુ પામે અને એને ગીધ ખાય એટલે એને ઝેર ચડે છે અને અંતે એ મરી જાય છે. તો આ રાજયમાં પશુ માટે આ જે દવા વપરાય છે એના ઉપર સંપૂર્ણ બાન મૂકવા માગે છે કે નહિ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આરોગ્ય વિભાગે આની જાહેરાત કરેલ છે અને એ પ્રમાણે સૂચનાઓ અપાયેલી છે તથા એનું પાલન પણ થાય છે.

---

[•] **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

## અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર નવી બી.પી.એલ.યાદી

***૨૩૨૪ શ્રી રણછોડભાઈ ક. મેર (ધંધુકા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર નવી બી.પી.એલ. યાદીમાં કેટલા પરિવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે,

(૨) ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ.) યાદીમાં રહી જવા પામેલ અને અન્યાય થયો હોવા અંગેની કેટલી ફરિયાદો તાલુકાવાર મળી,

(૩) આ ફરિયાદો પૈકી કેટલા પરિવારોનો સમાવેશ બી.પી.એલ. યાદીમાં કરવામાં આવ્યો, અને

(૪) બાકી રહેતા પરિવારોનો સમાવેશ કેટલા સમયમાં કરવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧) અમદાવાદ જિલ્લામાં નવી બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ સ્કોરમાં કુલ ૮૫,૬૦૨ કુટુંબોનો અને ૧૭ થી ૨૦ સ્કોરમાં કુલ ૭૨,૪૬૩ કુટુંબોનો સમાવેશ થયેલ છે. આમ કુલ ૧,૫૮,૦૬૫ બી.પી.એલ. કુટુંબોનો સમાવેશ થયેલ છે.
(તાલુકાવાર માહિતી પત્રક-૧માં સામેલ છે.)

(૨) અમદાવાદ જિલ્લામાં ગરીબી રેખા હેઠળની બી.પી.એલ. યાદીમાં રહી જવા પામેલ અને અન્યાય થયો હોવા અંગેની કોઈ ફરિયાદો મળેલ નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન રહેતો નથી.

**પત્રક-૧**

**સામાજીક આર્થિક મોજણી ૨૦૦૨-૨૦૦૩ બી.પી.એલ. યાદી તેમજ પુરવણી યાદી મુજબ તાલુકાવાર સંખ્યા**

| ક્રમ | તાલુકા | પ્રથમ પ્રસિધ્ધ થયેલ યાદી મુજબ | | | વાંધા અરજી/અપીલ પરત્વે પુનઃ મોજણી ફોર્મની વિગતે પ્રપોઝ યાદી મુજબ | | | તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ બી.પી.એલ. કુટુંબો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સ્કોર | | | સ્કોર | | | સ્કોર | | |
| | | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ | કુલ ૦થી ૨૦ | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ | કુલ ૦ થી ૨૦ | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ | કુલ ૦ થી ૨૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | સીટી | ૨૯૪૮ | ૧૮૮૩ | ૪૮૩૧ | ૦ | ૦ | ૦ | ૨૯૪૮ | ૧૮૮૩ | ૪૮૩૧ |
| ૨ | દસક્રોઈ | ૧૧૫૦૩ | ૧૦૩૧૮ | ૨૧૮૨૧ | ૯૮૩ | ૧૫૭૯ | ૨૫૬૨ | ૧૨૪૮૬ | ૧૧૮૯૭ | ૨૪૩૮૩ |
| ૩ | સાણંદ | ૧૦૪૬૨ | ૮૩૫૧ | ૧૮૮૧૩ | ૧૦૦૫ | ૧૦૦૫ | ૨૦૧૦ | ૧૧૪૬૭ | ૯૩૫૬ | ૨૦૮૨૩ |
| ૪ | વિરમગામ | ૮૩૩૧ | ૬૮૧૩ | ૧૫૧૪૪ | ૪૩૪૪ | ૨૦૧૭ | ૬૩૬૧ | ૧૨૬૭૫ | ૮૮૩૦ | ૨૧૫૦૫ |
| ૫ | માંડલ | ૩૦૧૩ | ૨૯૧૩ | ૫૯૨૬ | ૧૨૧૫ | ૭૪૦ | ૧૯૫૫ | ૪૨૨૮ | ૩૬૫૩ | ૭૮૮૧ |
| ૬ | દેત્રોજ | ૬૭૭૦ | ૪૪૪૭ | ૧૧૨૧૭ | ૧૯૩૫ | ૧૩૯૬ | ૩૩૩૧ | ૮૭૦૫ | ૫૮૪૩ | ૧૪૫૪૮ |
| ૭ | બાવળા | ૫૭૫૦ | ૬૧૫૦ | ૧૧૯૦૦ | ૧૦૯૭ | ૧૫૭૯ | ૨૬૭૬ | ૬૮૪૭ | ૭૭૨૯ | ૧૪૫૭૬ |
| ૮ | ધોળકા | ૭૧૦૮ | ૭૪૫૮ | ૧૪૫૬૬ | ૧૯૦૩ | ૧૫૭૭ | ૩૪૮૦ | ૯૦૧૧ | ૯૦૩૫ | ૧૮૦૪૬ |
| ૯ | ધંધુકા | ૮૩૯૫ | ૪૧૩૫ | ૧૨૫૩૦ | ૨૦૦૦ | ૮૫૪ | ૨૮૫૪ | ૧૦૩૯૫ | ૪૯૮૯ | ૧૫૩૮૪ |
| ૧૦ | રાણપુર | ૩૩૧૫ | ૩૫૪૦ | ૬૮૫૫ | ૭૧૨ | ૬૦૦ | ૧૩૧૨ | ૪૦૨૭ | ૪૧૪૦ | ૮૧૬૭ |
| ૧૧ | બરવાળા | ૨૫૨૫ | ૪૬૦૩ | ૭૧૨૮ | ૨૮૮ | ૫૦૫ | ૭૯૩ | ૨૮૧૩ | ૫૧૦૮ | ૭૯૨૧ |
| તાલુકા સીટી સાથેનું કુલ | | ૭૦૧૨૦ | ૬૦૬૧૧ | ૧૩૦૭૩૧ | ૧૫૪૮૨ | ૧૧૮૫૨ | ૨૭૩૩૪ | ૮૫૬૦૨ | ૭૨૪૬૩ | ૧૫૮૦૬૫ |
| વિશેષ નોંધ | | | | | | | | | | |
| તાલુકા સીટીના અમદાવાદ મ્યુ. કોર્પો. માં સમાવેશ ૮ ગામો | | ૨૯૪૮ | ૧૮૮૩ | ૪૮૩૧ | ૦ | ૦ | ૦ | ૨૯૪૮ | ૧૮૮૩ | ૪૮૩૧ |
| તાલુકા દસક્રોઈના અમદાવાદ મ્યુ. કોર્પો. માં સમાવેશ ૨૫ ગામો | | ૨૫૭૭ | ૨૫૦૨ | ૫૦૭૯ | ૦ | ૦ | ૦ | ૨૫૭૭ | ૨૫૦૨ | ૫૦૭૯ |
| સીટી દસક્રોઈ પેટા-સરવાળો | | ૫૫૨૫ | ૪૩૮૫ | ૯૯૧૦ | ૦ | ૦ | ૦ | ૫૫૨૫ | ૪૩૮૫ | ૯૯૧૦ |
| અમદાવાદ મ્યુ. કોર્પો. માં સમાવેશ થયા બાદના કુલ બી.પી.એલ. | | ૬૪૫૯૫ | ૫૬૨૨૬ | ૧૨૦૮૨૧ | ૧૫૪૮૨ | ૧૧૮૫૨ | ૨૭૩૩૪ | ૮૦૦૭૭ | ૬૮૦૭૮ | ૧૪૮૧૫૫ |

**શ્રી રણછોડભાઈ ક. મેર** : મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવેલ છે કે અમદાવાદ જિલ્લામાં ગરીબી રેખા હેઠળની બી.પી.એલ. યાદીમાં રહી જવા પામેલ અને અન્યાય થયો હોવા અંગેની કોઈ ફરિયાદ મળેલ નથી. પરંતુ ગરીબ લોકો ફરિયાદ કરતા રહે છે અને ઑફિસરો કોઈ સાંભળતા નથી. તાલુકા અને જિલ્લા કક્ષાએ ફરિયાદો થયેલ છે. પરંતુ ગરીબનું કોઈ સાંભળનાર નથી ત્યારે મારે એ જાણવું છે કે માનવીય રીતે ફરીથી તપાસ કરીને રહી ગયેલ ગરીબ લોકોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા માગો છો કે કેમ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : આ પ્રશ્ન વારંવાર ગૃહમાં આવે છે. સભ્યશ્રીની લાગણી સાચી છે. ગરીબ માણસો, દુખી માણસો, બક્ષી પંચ, અનુસૂચિત જન જાતિ અને અનુસૂચિત જાતિના માણસો રહી જાય છે. મારી સભ્યશ્રીને એટલી જ વિનંતી કરવાની છે કે એપ્રિલ અને મે માસમાં નામો કમી કરવા માટે અને નામો ઉમેરવા માટેનો સંપૂર્ણ કાર્યક્રમ બહાર પાડવાના છીએ. જેથી માનનીય સભ્યશ્રી લેખિત આપશે તો એની સંપૂર્ણ તપાસ કરીને આ ગુજરાત સરકાર તથા માનનીય મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબ કોઈપણ બી.પી.એલ. લાભાર્થીને અન્યાય ન થાય એના માટે પ્રયત્નશીલ છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : કેન્દ્ર સરકારની મર્યાદાના કારણે અમદાવાદ જિલ્લાના અતિ ગરીબ એવા કેટલા કુટુંબોનો ઘટાડો થયો છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ૬૨૫૯ કુટુંબોનો કેન્દ્રની મર્યાદાને કારણે ઘટાડો થયેલ છે. ૪.૫૦ ટકા જેટલો ઘટાડો થયો છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : બી.પી.એલ.ની યાદીમાં જે લોકોને અન્યાય થયો છે એ લોકોએ અરજી કોને કરવી અને કયાં કરવી, એના વાંધા કોને રજૂ કરવા એ હું જાણવા માગું છું.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ટી.ડી.ઓ. શ્રીને રજૂઆત કરી શકે છે. જો ટી.ડી.ઓ. ન કરે તો ડી.આર.ડી. નિયામકને અપીલ કરવાની હોય છે. એ જો ના પાડે તો ડી.ડી.ઓ.શ્રીને અપીલ કરી શકો છો. તેમ છતાં માનનીય સભ્યશ્રીની લાગણી માટે કહું કે એમના ધ્યાને આવી કોઈ અરજી હશે તો સાથે બેસીને ચર્ચા કરીને બી.પી.એલ.ની યાદીમાં સમાવેશ થાય એના માટે પ્રયત્ન કરીશું.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે અમદાવાદ શહેરમાં બી.પી.એલ.ની સંખ્યા કેટલી છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ગ્રામ વિકાસનો પ્રશ્ન છે. શહેરના પ્રશ્ન માટે અલગ નોટિસ આપવી પડશે.

**ખેડા જિલ્લામાં રેશનીંગની દુકાનોને અનાજ અને કેરોસીનનો પૂરતો જથ્થો ફાળવવા બાબત**

***૧૬૬૮ શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર આવેલ રેશનીંગની દુકાનોમાં પૂરતો કેરોસીન અને અનાજનો જથ્થો ફાળવવામાં આવતો નથી અને જે જથ્થો ફાળવાય છે તે જથ્થો કાળાબજારમાં વેચાય છે તેવી ફરિયાદોથી સરકાર વાકેફ છે, અને

૨. જો હા, તો આ બાબતે સરકારે શાં પગલાં લીધાં?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

૧. કેન્દ્ર સરકાર દ્વારા રાજય સરકારને કેરોસીન અને અનાજનો જે જથ્થો ફાળવવામાં આવે છે તે જીલ્લાવાર સપ્રમાણમાં ખેડા જિલ્લાને પણ ફાળવવામાં આવે છે આમ ઓછો જથ્થો ફાળવવામાં આવતો નથી. રજૂઆતોથી તંત્ર વાકેફ છે.

૨. મળેલ રજૂઆતો અન્વયે તપાસણીઓ કરી કસૂરવાર દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

(૧) રૂા. ૫૬,૧૧૫/-ની કિંમતનો કેરોસીનનો અને રૂા. ૩૩,૫૫૨/-ની કિંમતનો અનાજનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

(૨) રૂા. ૨૩,૭૩૦/-ની કિંમતનો કેરોસીનનો અને રૂા. ૧૭,૩૬૬/-ની કિંમતનો અનાજનો જથ્થો રાજયસાત કરવામાં આવ્યો.

(૩) રૂા. ૪૦,૯૦૦/-ની પરવાના અનામતની રકમ રાજયસાત કરવામાં આવી.

(૪) ૧૧-પરવાના મોકૂફ કર્યા.

(૫) ૩-પરવાના રદ કર્યા.

(૬) ૧-કોર્ટ કેસ કરવામાં આવ્યો.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : ખેડા જિલ્લામાં, તાલુકામાં જે તાલુકાના અધિકારીઓ બારોબાર વેચી ખાય છે, જે દુકાનદારો કે અધિકારીઓ તાલુકામાં વેચી ખાય છે, તો મારે એ જાણવું છે કે તેના માટે શું પગલાં લીધા? તે અધિકારીઓને ફેરફાર કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ગેરરીતિ માટે એમણે જે પ્રશ્ન પૂછયો છે તેમાં ગેરરીતિનો પૂરેપૂરો કંટ્રોલ કરવામાં આવે છે અને અધિકારીઓ દ્વારા ગેરરીતિ થતી હોય તો અધિકારીઓ ઉપર પણ ચેકીંગ કરવામાં આવે છે. અમારું એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ છે એ એનું ચેકીંગ કરે છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રેશનીંગના દુકાનદારો મહિનાના છેલ્લા બે દિવસ અગાઉ ગોડાઉનમાંથી જથ્થો ઉપાડે છે. આ જથ્થો પૂરો બે દિવસમાં વેચાયો, ન વેચાયો અને લાભાર્થીઓને મળતો નથી. તેના માટે કોઈ ચોક્કસ તારીખ ફીકસ કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન પુરવઠા અને કેરોસીન એ બે કોમોડીટીનું જે વિતરણ કરવામાં આવે છે તેમાં કોઈ સારું સૂચન હશે તો ચોક્કસ અમે લઈશું પરંતુ તેનું ખૂબ સીસ્ટેમેટીકલી આયોજન કર્યું છે અને લોકોને સમયસર પહોંચે, પોતાના સ્થાન ઉપર પહોંચે તેની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે. પણ જ્યારે જ્યારે જિલ્લા પુરવઠા અથવા તાલુકા પુરવઠાની તપાસ કરીએ છીએ તો કેન્દ્ર સરકાર તરફથી ૧૦ ટકા માલ ઓછો આવ્યો છે તેમ કહે છે. ઓછો જથ્થો ફાળવે છે એ મંત્રીશ્રી જાણે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વખતે પણ મેં ગૃહનું ધ્યાન દોર્યું હતું કે કેન્દ્ર સરકારમાંથી જે કેરોસીનનો જથ્થો આવે છે ૭૯,૬૪૪ કિલોલીટર, તેનાથી વધારવાના ત્રણ વારથી પ્રયત્નો કરીએ છીએ અને છતાં પણ કોઈ પણ જથ્થો કેન્દ્ર સરકાર દ્વારા હજી વધારવામાં આવતો નથી. જે જથ્થો આવે છે તે ડબલ સિલિન્ડર અને સીંગલ સિલિન્ડરના ગેસ ધારકો સિવાયના લોકોને આપવામાં આવે છે અને તેનું સપ્રમાણ વિતરણ કરવામાં આવે છે. એ વિતરણ અમે કરીએ છીએ એ પણ ૧થી ૩ સભ્ય સંખ્યા હોય ત્યાં પાંચ લિટર અને તેથી વધારે સંખ્યા હોય તો ૧૦ લિટર કરીએ છીએ. એ પ્રમાણે કરીને આપણે આપીએ છીએ. તો ૧૦૦ ટકા આપવા પ્રયત્ન કરીએ છીએ પરંતુ જે જથ્થો ઓછો આવે છે તે ગુજરાતની પ્રજા માટે સપ્રમાણ એ.પી.એલ. અને બી.પી.એલ.ના લોકોને આપીએ છીએ.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં રેશનનો માલ કાળાબજારમાં વેચાતો હોવાની રજૂઆત થઈ તે અન્વયે તાલુકાવાર શું કાર્યવાહી કરવામાં આવી?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે જથ્થો અનાજ અને કેરોસીનનો મળે છે તેના માટે અમારી પાસે જે ડીપાર્ટમેન્ટલ એન્ફોર્સમેન્ટની સિસ્ટમ છે તેના દ્વારા અમે જે ફરિયાદો મળે છે, અમોને ખેડા જિલ્લામાં ૬૦ ફરિયાદો મળી હતી. અમે તેને કબજે લીધો હતો. ૧૦ તાલુકા છે તેમાં અમે અમારી કાર્યવાહી કરીએ છીએ. ૬૦ ફરિયાદો મળી હતી અને ફરિયાદો પછી ૮૯,૬૬૭ રૂપિયા જેટલો જથ્થો કબજે લીધો હતો અને ૪૧,૦૯૬ રૂપિયાનો જથ્થો રાજયસાત કર્યો હતો. પરવાનાની અનામત હોય છે એ પણ ૪૦,૯૦૦ રૂપિયા જપ્ત કરી છે. ફરિયાદ મળ્યા પછી તેમાં તથ્ય દેખાતા ૧૨ પરવાના મોકૂફ કર્યા છે અને ત્રણ જણાના પરવાના રદ કર્યા છે.અને એના આધારે એક કોર્ટ કેસ પણ કરવામાં આવ્યો છે. ખેડા જિલ્લાની અંદર જે કોઈ ફરિયાદો ગેરરીતિની છે એનો નિકાલ કરવા માટે પ્રયત્ન કરીશું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, કેરોસીન અને અનાજની અંદર ગેરરીતિ થાય છે એનું મુળ કારણ એ છે કે, જે ગામની અંદર સસ્તા અનાજની દુકાન નથી ત્યાં ફેરિયાઓ કેરોસીન વેચવા માટે જાય છે. એ કાયમ માટે વેચવા જતા નથી. એ કયા સમયે જાય છે એ ગ્રાહકને ખબર હોતી નથી. એટલે જે ગામથી બીજું ગામ વધારે દૂર હોય એવા ગામોમાં સસ્તા અનાજની દુકાનનો પરવાનો આપવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સસ્તા અનાજની દુકાનો માટે અમારી કાર્યવાહી છે અને એની નીતિ બનાવી છે એના આધારે દુકાનો ખોલવામાં આવે છે. સામાન્ય રીતે આ ગરીબો માટેની મોટી વ્યવસ્થા છે. એ.પી.એલ. કાર્ડ વાળા એનો લાભ લેતા નથી. પહેલાં રામસિંહભાઈ આપના વખતમાં પાંચ કિલોમીટરના અંતરે એક ગામથી બીજું ગામ હોય તો દુકાન ખોલતા હતા. અત્યારે અમે ત્રણ કિલોમીટર અંતરે ખોલીએ છીએ. પહેલાં ૫૦૦૦ની વસ્તી હોય ત્યાં સસ્તા અનાજની દુકાન ખોલતા હતા. અત્યારે ૨૦૦૦ની વસ્તીએ દુકાન ખોલીએ છીએ. જ્યાં ૪૦ ટકા લોકો બી.પી.એલ.ના હોય અને એમને લાભ મળતો ન હોય તો આપના ધ્યાન ઉપર આવે તો અમારું ધ્યાન દોરજો અમે તપાસ કરીને નવી દુકાન ખોલવા માટે ચોક્કસ કરીશું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ કિલોમીટર જવાનું અને ત્રણ કિલોમીટર આવવાનું. એ મહેનત મજૂરી કરવા જાય અને એણે કેરોસીન અને અનાજ લેવા માટે નાના બાળકોને મોકલવા પડે. તો આ અંતર ઓછું કરવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આપને જે કાંઈ તકલીફ હોય એની આપ જાણ કરજો.

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં તાલુકાવાર અંત્યોદય યોજના હેઠળ ઘઉં અને ચોખાનો માસિક જથ્થો જાન્યુઆરી ૨૦૦૮ની સ્થિતિએ કેટલો ફાળવવામાં આવ્યો છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં અંત્યોદય અન્ન યોજના હેઠળ ઘઉં અને ચોખાનો માસિક જથ્થો છે એ દરેક તાલુકામાં અમે જે ફાળવ્યો છે એનું આખું લિસ્ટ છે. એમાં ૮૪૨ ટન ઘઉં અને ૭૦૯ ટન ચોખા એમ કુલ ૧૫૫૨ ટન ગરીબ લોકો અને અંત્યોદય યોજના હેઠળ અનાજની ફાળવણી થઈ છે.

**સાબરકાંઠા જિલ્લામાં વન વિભાગ દ્વારા રસ્તા અંગે ના વાંધા પ્રમાણપત્ર**

***૧૨૭૨ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા (મેઘરજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ વન વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લાના નવા રસ્તા બનાવવા અંગે માંગવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી,

(૨) કયા કયા રસ્તાઓના કામો અટકાવવામાં આવ્યા છે, અને ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવ્યા નથી, અને

(૩) પ્રજાને પ્રાથમિક સુવિધા મળી રહે તે માટે રસ્તાઓના કામો ચાલુ કરવા દેવામાં આવશે કે કેમ?

**વન મંત્રીશ્રી :**

(૧) વન વિભાગ દ્વારા ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવતા નથી. પરંતુ વન વિસ્તારમાંથી પસાર થતા નવા રસ્તા બનાવવા માટે વન સંરક્ષણ ધારા, ૧૯૮૦માં કરેલ જોગવાઈઓ મુજબ ભારત સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની રહે છે.

(૨) અને (૩)

જંગલ વિસ્તારમાંથી પસાર થતા નવા રસ્તા બનાવવા માટે જંગલ જમીન રોડના કામ માટે ઉપયોગમાં લેવા માટે યુઝર એજન્સી તરફથી વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ હેઠળની જોગવાઈઓ મુજબ ભારત સરકારશ્રીની પૂર્વ મંજૂરી અર્થે કુલ ૨૨ રસ્તાઓ માટે વન વિભાગને દરખાસ્તો રજૂ કરેલ જે પૈકી ૧૬ દરખાસ્તો પૂર્તતા અર્થે માર્ગ અને મકાન વિભાગને પરત કરાયેલ છે. જ્યારે ૬ દરખાસ્તો ભારત સરકારશ્રીને મંજૂરી અર્થે સાદર કરાયેલ છે. ભારત સરકારમાંથી વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ હેઠળની આખરી મંજૂરી મળ્યા પછી જે તે યુઝર એજન્સી કામો કરી શકે છે.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, ભારત સરકારશ્રીની પૂર્વ મંજૂરી અર્થે કુલ ૨૨ રસ્તાઓ માટે વન વિભાગને દરખાસ્તો રજૂ કરેલ જે પૈકી ૧૬ દરખાસ્તો પૂર્તતા અર્થે પરત કરાયેલ છે. જ્યારે ૬ દરખાસ્તો ભારત સરકારશ્રીને મંજૂરી અર્થે સાદર કરાયેલ છે. મંજૂર કરેલ ૬ દરખાસ્તો મારા મત વિસ્તાર માલપુર તાલુકાના મગોડી પાટિયાથી કાટકોણ રોડ વાયા ભૂતિયા ફાંસવેલથી જાય છે. એ જંગલ ખાતાએ કેમ અટકાવેલ છે? અને આ દરખાસ્ત ૬ પૈકીની હોય તો ૧૧.૫ કિ.મી. રોડનું કામ મંજૂર કરવામાં આવ્યું છે? એના ઉપર માટી અને મોરમનું કામ થયેલ છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ફૉરેસ્ટ વિસ્તારમાંથી પસાર થતા રસ્તાઓની મંજૂરી ભારત સરકાર આપે છે. એ પહેલાં ભોપાલ જાય છે અને પછી એની મંજૂરી મળે છે. આ દરખાસ્તો ભોપાલ મોકલાવેલ છે એ આવી જાય પછી એની મંજૂરી આપીશું.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૨ રસ્તાઓ પૈકી ૧૬ દરખાસ્તો મંજૂર થઈ છે, ૬ દરખાસ્તો મંજૂર થવાની બાકી છે. એ મંજૂર નહીં થવાના કારણો શું છે? મારો બીજો પ્રશ્ન કયા હેતુ માટે ભારત સરકારની પૂર્વ મંજૂરી લેવાની રહેતી નથી?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ હેઠળ જે જે વન વિસ્તારના રસ્તાઓ છે એ રસ્તાઓની જ્યારે માગણી કરવામાં આવે છે તે વખતે એના ફૉર્મ ભરવાના હોય છે. એના બદલામાં જગ્યા આપવી પડતી હોય છે. એ જગ્યા આપવા માટેની પૂર્તતા નહીં કરી હોય. ૧૯૮૦ના કાયદા હેઠળ જે કોઈ જોગવાઈ છે એની પૂર્તતા ન થતી હોય તો એને મંજૂરી આપી શકાતી નથી. એ પૂર્તતા કરે તો આ રસ્તાની મંજૂરી અપાશે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે જંગલ વિસ્તારના રસ્તાઓની ખાસ મુશ્કેલી આદિવાસી વિસ્તારની અંદર જ હોય છે અને વર્ષોના વર્ષો ચાલ્યા કરે છે એની મંજૂરી મળતી નથી અને રસ્તાઓ થતા જ નથી. મારા જ એક વિસ્તારના રસ્તાની વાત કરું હું, પાદરડીના રસ્તાને ૭ વર્ષ થયા છે અમને મંજૂરી મળી નથી તો આવી રીતે જે રસ્તાઓ ન થવાને કારણે લોકોનો વાહન વહેવાર થઈ શકતો નથી તો સરકાર કંઈક ટાઈમલીમીટ નક્કી કરવા માગે છે કે કેમ કારણ કે એક હેકટર સુધીની જવાબદારી તો આ રાજય સરકાર પણ નક્કી કરી શકે છે અને મંજૂરી આપી શકે છે તો આવા જે રસ્તાઓ વગર જે હેરાન થવું પડે છે તો સરકાર કોઈ ટાઇમ લીમીટ નક્કી કરે કે એક વર્ષ કે બે વર્ષની અંદર મંજૂરી મળી જાય એવું કંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળ કહ્યું એમ ૧૯૮૦નો વન સંરક્ષણ ધારો છે એમાંથી પસાર થવું જ પડે છે અને તો જ આપણે એને એ કરીએ છીએ બીજું એમણે જે વાત કરી એ રસ્તાનો તો આમાં ઉલ્લેખ જ નથી. ૧૬ જે રસ્તા છે એ બધા જ રસ્તાની માર્ગ મકાન પાસે દરખાસ્ત પડેલી છે. ત્યાંથી પૂર્તતા કરીને અમારી પાસે આવશે તો અમે ભારત સરકારને મોકલીશું.

**અધ્યક્ષશ્રી** : આ સાબરકાંઠા જિલ્લાનો પ્રશ્ન છે એટલે એ જિલ્લાને મર્યાદિત રાખીને આપણે ચાલીએ.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે જે ૬ દરખાસ્તો મંજૂર થઈ છે એ કયા કયા રોડ છે અને કઈ કઈ જગ્યાએ કયા તાલુકામાં આવેલ છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ જે ૬ રસ્તા મોકલેલા છે એ ઈલોલ-દાવદ દેસોતર બગોલ વેડા નાદરી રોડ છે. પછી બેડા પાદર એપ્રોચ રોડ ટુ મેઈનીંગ ટુ દંતરાલ લીંબડીયાનો રસ્તો છે. નાના બાવળ મોટા બાવળ મીઠી બીલી ખેડકૂવાનો રસ્તો છે. પાદરડી એપ્રોચ રોડ તાલુકો ભીલોડાનો રસ્તો છે. ધામધરા લુણાવાડા મોડાસા શામળાજી રોડ છે અને ખેતાવાડા રંભોળા બુટીયા માલાપુર જિલ્લો સાબરાકાંઠાનો રોડ છે આ ૬ એ ૬ રોડ ભારત સરકારને મોકલેલ છે.

**લાઠી-લીલીયા તાલુકામાં નીલગાય દ્વારા ખેડૂતોના પાકને થતું નુકસાન**

*** ૧૮૩૩ શ્રી હનુભાઈ ધોરાજીયા (લાઠી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) લાઠી-લીલીયા તાલુકામાં રોઝ/નીલગાયોનો ખૂબ જ ત્રાસ છે હજારો ખેડૂતોના પાકનો નાશ કરી નાખે છે,અને

(૨) આ નીલ ગાયના ત્રાસથી ખેડૂતોનો ૭૫% પાક નાશ પામેલ છે તો આ નીલ ગાયના ત્રાસમાંથી ખેડૂતોને મુકત કરાવવા સરકારે શાં પગલાં લીધાં?

**વન મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) લાઠી-લીલીયા તાલુકામાં રોઝ જેવા પ્રાણીઓના ત્રાસથી ખેડૂતોના ખેતીના પાકને તથા નુકસાનના સંદર્ભમાં સરકારશ્રી દ્વારા નીચે જણાવ્યા પ્રમાણેના પગલાં લેવામાં આવેલ છે.

(૧) રોઝના નિયંત્રણ માટે તેને પકડવા, ખસીકરણ કરવામાં પૂરતી સફળતા ન મળતા, રોઝના નિકાલ માટે ગુજરાત સરકાર દ્વારા જ્યાં પાકને વધુ નુકસાની જણાય છે તેવા જુદા જુદા વિસ્તારોમાં ૧૫૪૫ ગામના સરપંચશ્રીઓને વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ રોઝનો નિકાલ કરવાની પરવાનગી આપવાની સત્તા આપવામાં આવેલ છે. જેમાં અમરેલી જિલ્લાના ૧૪૭ ગામના સરપંચશ્રીઓને સત્તા આપવામાં આવેલ છે તથા અમરેલી જિલ્લાના લીલીયા તાલુકામાં ૧૯ ગામોના સરપંચશ્રીઓને તથા લાઠી તાલુકાના ૧૮ ગામોના સરપંચશ્રીઓને આ સત્તા આપવામાં આવેલ છે.

(૨) રાજય સરકાર દ્વારા વન્ય પ્રાણીઓથી ખેતીના પાકને થતા નુકસાનને અટકાવવા અરજીઓની અગ્રતાના ધોરણે ખેડૂતોને ખેતરોની ફરતે કાંટાળા તારની વાડ માટે બજૅટની મર્યાદામાં તારની વાડના એસ્ટીમેટનીટ ૫૦% રકમ સહાય તરીકે વન વિભાગ દ્વારા આપવામાં આવે છે. જેનો રાજયમાં અત્યાર સુધીમાં ૨૧૨૯ લાભાર્થીઓએ લાભ લીધેલ છે. અત્યાર સુધીમાં ૪,૫૬,૩૯૧ રનીંગ મીટર કાંટાળા તારની વાડ બનાવવામાં આવેલ છે. જેની પાછળ રૂા. ૩૦૯.૪૭ લાખ જેટલો ખર્ચ અત્યાર સુધીમાં કરવામાં આવેલ છે. અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૭૮ લાભાર્થીઓએ લાભ લીધેલ છે. ૬૪૪૫૯ રનીંગ મીટર કાંટાળા તારની વાડ બનાવવામાં આવેલ છે. રૂા. ૫૫.૯૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) રોઝના ઉપદ્રવવાળા વિસ્તારોમાં હાંકો કરીને, ફટાકડા ફોડીને અવાજો કરીને, હલનચલનવાળા ચાડિયા રાખી નીલગાયને દૂર કરવામાં આવે છે.

(૪) રોઝથી થતા નુકસાન સામે ખેતીના પાકને રક્ષણ આપવાની બાબતે ખેડૂત શિબિરો અને ગ્રામ સભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન નીલગાય અંગેનો જ છે આપ એક જવાબ આપી દો. બાકીના પૂરક પ્રશ્નને બદલે આગળ વધીએ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના જવાબ મુજબ છે અને આપે જે આદેશ આપ્યો છે તે પ્રમાણે ધારાસભ્યોના સૂચનો આવી જશે પછી બેઠક રાખીશું.

**અધ્યક્ષશ્રી** : નહીં સૂચન નહીં, આપને એવું કહ્યું છે, ફરીથી હું આપને કહું કે આપ અને વિપક્ષ બંને આપ કૃષિ વિભાગ અને બંને આ સભાગૃહની બહાર બ્યુરોના ખંડમાં અથવા સમિતિ ખંડમાં ધારાસભ્યશ્રીઓ સાથે આપ કાલે મને સમય આપશો હું સરકયુલર આપી દઈશ, મીટિંગ લેજો અને મીટિંગની અંદર બધાને સાંભળી અને પછી એ અંગે નિર્ણય જે આખરી કરવાના હોય, એ નિર્ણય પછીથી કરજો પણ સાંભળજો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : હા, જી.

**અધ્યક્ષશ્રી** : સૂચન આવી જાય પછી નહીં, મીટિંગ તો રાખવાની જ છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : હા, જી.

**મહેસાણા જિલ્લામાં રૅશનિંગની દુકાનો માટેની મંજૂરી**

***૨૫૯૪ શ્રી ભરતસિંહજી શં. ડાભી (ખેરાલુ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા:૩૧/૧/૦૮ની સ્થિતિએ રૅશનિંગની દુકાન શરૂ કરવા કેટલા નવા પરવાના આપ્યા,

(૨) છેલ્લા એક વર્ષામાં નવા કુલ કેટલા પરવાના માટે દરખાસ્તો આવી હતી, અને

(૩) તે પૈકી કેટલી દરખાસ્તો રદ કરવામાં આવી?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) શૂન્ય

(૨) શૂન્ય

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત એ જાણવા માગું છું કે મહેસાણા જિલ્લામાં એ.પી.એસ.ની નવી દૂકાનો કેટલી ખોલવાની છે? જિલ્લામાં તાલુકાવાર કેરોસીનના કેટલા વિક્રતાઓ છે એ અને આ માસિક વિક્રતાઓને કેરોસીનનો કેટલો જથ્થો ફાળવવામાં આવે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ગઈ સાલે આપણે તપાસ કરી હતી એના પ્રમાણે સરવે કરાવ્યો છે. ગઈ સાલના જવાબમાં અમે આપ્યું છે, ગઈ સાલે મહેસાણા જિલ્લામાં દુકાનો ખોલી શકાઈ નથી, ખોલી નથી પરંતું જે સરવે કરાવ્યો એના પ્રમાણે મહેસાણા જિલ્લામાં ૩ ફેર પ્રાઈઝ એ.પી.એસ. ૩ દુકાનો ખોલી શકાય એવી મંજૂરી આપી છે. ૧ ઉંજા તાલુકામાં અને બેચરાજી તાલુકામાં ૨ એમ કુલ ૩ દુકાનો એ.પી.એસ. ખોલવાપાત્ર થઈ છે અને એના માટે તાત્કાલિક અમે કામ કરી રહ્યા છીએ. એમાં આ જિલ્લામાં તાલુકાવાર વિક્રેતાઓ કેટલા છે એ પ્રશ્ન એમણે પૂછયો છે બીજો પ્રશ્ન તો કુલ ૨૨ વિક્રેતાઓ છે મહેસાણા જિલ્લામાં કેરોસીનના ૨૨ વિક્રેતાઓ છે એમાંથી મહેસાણામાં ૩ છે એનો જે જથ્થો છે એ ૬૦૬ કિલોલીટર વિજાપુરમાં ૫ વિક્રેતાઓ છે, ૪૦૩ કિલોલીટર એનો જથ્થો છે ખેરાલુમાં ૩ વિક્રેતાઓ છે ૨૦૫ કિલોલીટર કેરોસીનનો જથ્થો છે. વિસનગરમાં ૪ છે અને એને ૨૮૪ કિલોલિટર જથ્થો આપવામાં આવે છે. કડીમાં બે વિક્રેતા છે એને ૪૪૨ કિલોલિટર જથ્થો આપણે મોકલીએ છીએ. ઉંઝામાં એક છે એને ૨૩૪ કિલોલિટર કેરોસીનનો જથ્થો આપવામાં આવે છે. બેચરાજીમાં બે વિક્રેતા છે એને ૧૭૦ કિલોલિટર જથ્થો, વડનગરમાં એક છે એને ૧૯૨ કિલોલિટર અને સતલાસણમાં એક છે એને ૧૫૪ કિલોલિટર એમ ૨૨ વિક્રેતાઓ દ્વારા કુલ ૨૬૯૦ કિલોલિટરનો જથ્થો ફાળવવામાં આવે છે.

**શ્રી કાંતિભાઈ રા. પટેલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહેસાણા જિલ્લામાં તાલુકાવાર પૂરૂંષ અને સ્ત્રી સંચાલિત સસ્તા અનાજની દુકાનો કેટલી છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : મહેસાણા જિલ્લામાં આમ કુલ ફેર પ્રાઈઝ શોપ ૬૩૪ છે એમાં પૂરૂંષ સંચાલિત એમણે માગણી છે. પૂરૂંષ સંચાલિત અને મહિલા સંચાલિત પણ શોપ્સ રાખવામાં આવી છે. ૯ તાલુકામાં ૩૯૭ શોપ એવી છે કે જે પૂરૂંષ સંચાલિત છે. ૩૧ મહિલા સંચાલિત છે. કુલ ૪૨૮ પૂરૂંષ અને મહિલા સંચાલિત છે. એ ઉપરાંત ૨૦૬ સહકારી મંડળીઓ દ્વારા સંચાલન કરવામાં આવે છે. આમ બધી મળીને ૬૩૪ ફેર પ્રાઈઝ શોપ્સ હોય છે.

## ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદની બેઠકો

***૧૯૨૪ શ્રીમતી જશોદાબેન ચ. પરમાર (જોટાણા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ સલાહકાર પરિષદની કેટલી બેઠકો મળી?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :**

એક બેઠક મળી છે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આદિજાતિ સલાહકાર પરિષદના અધ્યક્ષ કોણ છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય મુખ્યમંત્રીશ્રી આના અધ્યક્ષ હોય છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આદિજાતિ સલાહકાર પરિષદની મિટિંગ વર્ષમાં કેટલી વાર મળે છે અને આ પરિષદમાં કેટલા સભ્યો અપેક્ષિત હોય છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : વર્ષમાં બે વાર મળે છે અને ૨૦ સભ્યો સમિતિમાં હોય છે.

**ડૉ. અનિલ જોષીયારા :** હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ આદિજાતિ સલાહકાર પરિષદની મિટિંગ આદિજાતિ એટલે શિડ્યુલ એરિયાના નીતિ વિષયક નિર્ણયો લેવા માટે હોય છે. છેલ્લા બે વર્ષમાં એક જ વખત મળી છે. નિયમ પ્રમાણે દર છ મહિને મળવી જોઈએ. આ નહિ મળવાના કારણો શું છે અને આ એક બેઠક મળી એમાં કયા કયા નીતિ વિષયક નિર્ણયો લેવામાં આવ્યા?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય મુખ્યમંત્રીશ્રીનો આપણે આભાર માનીએ કે આઝાદીના ઈતિહાસમાં પહેલીવાર આ પરિષદના અધ્યક્ષ તરીકે માનનીય મુખ્યમંત્રી આવ્યા છે. આ બેઠકમાં (અંતરાય) કોઈવાર હતા નહીં, પહેલીવાર છે. તેઓશ્રી દરેક બેઠકમાં હાજર રહે છે અને પૂરેપૂરો સમય આપે છે.

**અધ્યક્ષશ્રી** : એમનો પ્રશ્ન છે એનો સીધો જવાબ આપો.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : તા. ૨૮-૧૨-૨૦૦૬ના રોજ મળી હતી. ત્યાર પછી ૨૦૦૭માં ચૂંટણી અને આચારસંહિતાના કારણે અને વિધાનસભા અત્યારે અસ્તિત્વમાં આવી એટલા પરિષદ થઈ નહીં. દર વર્ષે મળે છે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : હું જાણવા માગું છું કે આ પરિષદમાં શું કાર્યવાહી કરવામાં આવે છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : આદિવાસીઓના પ્રશ્નો માટે કાર્યવાહી કરવામાં આવે છે. એમનો આર્થિક વિકાસ, સામાજિક વિકાસ, શૈક્ષણિક વિકાસ, આરોગ્યની બાબતો, વનબંધુ પૅકેજ જે આવ્યું છે, વર્ષો પછી આદિજાતિ વિકાસ માટે ઐતિહાસિક પૅકૅજ આ સરકારે આપ્યું છે. આદિજાતિઓના પ્રશ્નો માટે આ પૅકૅજમાં એની સંપૂર્ણ ચર્ચા કરવામાં આવે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સવાલ બહુ ક્લીયર હોવા છતાં આ રીતેના જવાબો બરાબર નથી.

**અધ્યક્ષશ્રી** : મિટિંગ કેટલીવાર મળી એમાં એમણે કહ્યું છે કે એકવાર મળી છે. બન્ને બાજુથી જવાબ આપ્યા છે.

**શ્રી રમણલાલ ના. પાટકર** : હું જાણવા માગું છું કે આદિજાતિ પરિષદમાં આપણા વિભાગનું જે બજૅટ હોય છે,એ બજૅટની અંદર ૧૭ ટકા રકમ દરેક વિભાગની અંદરથી આદિવાસી વિસ્તાર માટે ફાળવવામાં આવે છે. એમાં નૉન પ્લાનના રસ્તા કે પ્લાનવાળા જો નૉન પ્લાનવાળા લે તો આદિવાસી વિસ્તારને ફાયદો થતો હોય તો..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી રમણભાઈ, આ પ્રશ્ન એમાંથી ઉપસ્થિત થતો નથી. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક : ૧૪

**પ્રિવેન્શન ઑફ બ્લૅક માર્કેટિંગ એકટ નીચે જિલ્લાવાર થયેલ કેસો**

***૧૫૮૯ શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ૨૦૦૭-૦૮ ના વર્ષમાં તા.૩૧/૧/૦૮ સુધીમાં જિલ્લાવાર પ્રિવેન્શન ઑફ બ્લૅક મોર્કટિંગ એકટ હેઠળ કેટલા કેસ કરવામાં આવ્યા,

(૨) તે પૈકી બોર્ડ દ્વારા કેટલા ઈસમોને છોડવામાં આવ્યા,

(૩) હાઈકોર્ટ દ્વારા કેટલા ઈસમોને છોડવામાં આવ્યા, અને

(૪) કેટલાને સજા થઈ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** :

(૧)

| જિલ્લો | કેસની સંખ્યા |
|---|---|
| ૧. પોરબંદર | ૨ |
| ૨. અમદાવાદ | ૨ |
| ૩. રાજકોટ | ૬ |
| ૪. વડોદરા | ૪ |
| ૫. ભાવનગર | ૨ |
| ૬. ગાંધીનગર | ૩ |
| ૭. જુનાગઢ | ૬ |
| ૮. પાટણ | ૩ |
| ૯. જામનગર | ૬ |
| ૧૦. સાબરકાંઠા | ૨ |
| ૧૧. સુરેન્દ્રનગર | ૩ |
| કુલ | ૩૯ |

(૨) ૨૨ (બાવીસ).

(૩) ૦૮ (આઠ).

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પીબીએમ એકટ, ૧૯૮૦ એ શિક્ષાનો નહીં પણ અટકાયતનો કાયદો છે..

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૨૨ ઈસમોને છોડવામાં આવેલ છે તો કોના તરફથી છોડવામાં આવ્યા? સરકાર તરફથી છોડવામાં આવ્યા હોય તો તેના કારણો? મારો બીજો પ્રશ્ન, પી.બી.એમ. એકટ શિક્ષાનો નહિ પણ અટકાયતનો કાયદો છે તો અટકાયત બાદ સજાની કોઈ જોગવાઈ કાયદામાં છે કે નહિ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ ભ્રષ્ટાચાર કરીને કોઈપણ કેસ છોડવામાં આવ્યો હોય એવો કોઈ કેસ નથી.

**અધ્યક્ષશ્રી** : નહિ, તમે છોડયા ૨૨, એ બોર્ડે છોડ્યા છે કે સરકારે છોડ્યા છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં કુલ ૩૯ જે કેસ બન્યા છે, એમાં ૨૨ કેસ છોડવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : એ બોર્ડ દ્વારા જવાબ આપેલો છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજ્ય સરકારે જે કેઈસીસ હતા ૩૯ કેસ થયા. એમાં સરકારે નામંજૂર કરેલ કેસ પાંચ છે અને પી.બી.એમ. સલાહકાર બોર્ડ છે એના દ્વારા નામંજૂર કરેલ કેસ ૨૨ છે. ઘ ણાં લોકોને વાંધો હોય છે અને કોઈ પોતાની હાઈકોર્ટમાં અપીલ કરે છે તો હાઈકોર્ટમાં પણ એ લોકો જાય છે અને એનાં આઠ કેસમાં હાઈકોર્ટે મુકત કર્યા છે. છ માસની અટકાયતની મુદત પૂરી થતાં ઓટોમેટિકલી એ છ મહિને

છૂટી જાય છે એવો એક કેસ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે ત્રણ કેસ અમારી જોડે પેન્ડિગ છે. બે હાલ અટકાયતમાં છે અને એક નાસતો ફરે છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે પી.બી.એમ. સલાહકાર બોર્ડની નિમણૂક કોણ કરે છે અને બોર્ડના સભ્યો કોણ હોય છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પી.બી.એમ. સલાહકાર બોર્ડ જે છે એની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે, એની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી, પુરવઠા મંત્રીશ્રી અને કાયદામંત્રીશ્રી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કોણ નિર્ણય કરે છે? સરકાર કરે છે એટલું જ, બસ.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, પી.બી.એમ. માં જે ત્રણ ન્યાયમૂર્તિ હોય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નામ આપી દો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : નામ નહિ, ત્રણેય રિટાયર હાઈકોર્ટના જજ હોય છે. એક અધ્યક્ષ હોય છે, બે સભ્યો હોય છે. એની અંદર સલાહકાર બોર્ડ જો કોઈ મુકત કરતું હોય છે તો એ મુકત કરી શકે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે રાજ્ય સરકારે પાંચ વ્યકિતઓને પકડ્યા હતા, એની દરખાસ્તને જે નામંજૂર કરી એના કારણો શું હતા? અને આ પાંચ જેને રાજ્ય સરકારે છોડી મૂક્યા એ કોણ કોણ હતા?

**અધ્યક્ષશ્રી** : રાજ્ય સરકારે છોડ્યા નથી.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કોઈપણ પી.બી.એમ. નીચે અહીંયાં મૂકવામાં આવે છે અને રાજ્ય સરકારને એમ લાગે કે આની અંદર કોઈ તથ્ય નથી તો એવા ઈસમોને રાજ્ય સરકાર છોડતી હોય છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારને જે અધિકાર છે એ પ્રમાણે પાંચ જણને છોડ્યા છે એમાં કાંઈ ખોટું થવાને કોઈ ચાન્સ નથી.

**અધ્યક્ષશ્રી** : નહિ, નામ બોલોને ( સતત અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પ્રશ્નના * (xxxxx) (xxxxx) આપે છે. (અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરતા કારણો ના હોય (સતત અંતરાય) હા, હું નામ આપું છું. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નામો આપી દો, નામો આપી દો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નામો આપું છું. (સતત અંતરાય) હરિશ..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર..(અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નામ આપવા માગું છું. (સતત અંતરાય) હરિશ નારણજી મંગેશ, જામનગરના છે. જશુભાઈ નટુભાઈ રાવલ, ઠક્કર દલસુખભાઈ કાલીદાસ, હર્ષદભાઈ સતિષચંદ્ર ભટ્ટ, જુનાગઢ અને સતિષકુમાર માધવલાલ પટેલ આ પાંચ જણા છે એને રાજ્ય સરકારે નામંજૂર કરેલા છે. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (xxxxx) (xxxxx) એ શબ્દ હું કાઢી નાંખું છું. પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**વલસાડ જિલ્લામાં આશ્રમશાળામાં શિક્ષકોની ભરતી ને બહાલી ન મળવા બાબત**

૧૯૧૭ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ચાલતી આદિવાસી આશ્રમશાળામાં શિક્ષકોની ભરતી કર્યા બાદ બહાલી ન મળી હોય તેવા કેટલા શિક્ષકો તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છે, અને | (૧) ૫ |
| (૨) સત્વરે બહાલી ન આપવાના કારણો શાં છે ? | (૨) ભરતી પ્રક્રિયા નિયમાનુસાર ન હોય બહાલી આપી શકાયેલ નથી. |

*(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**માંડવી તાલુકાના ગામોમાં ક્વોરીને લીધે પર્યાવરણને થતું નુક્સાન**

૨૫૮૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૮ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના કમળાપુર, પીપરીયા, અંજરોલી, અરેઠ, ઝાબ પાતળ અને ઉટેવા ગામોમાં ક્વોરીની પ્રવૃત્તિઓના કારણે પર્યાવરણ અને આ ગામડાઓમાં વસતા લોકોના આરોગ્યને નુક્સાન થાય છે તે સરકાર જાણે છે, અને | (૧) ઉટેવા ગામની એક રજૂઆત મળેલ છે. |
| (૨) જો હા, તો આ નુક્સાન થતું અટકાવવા સરકાર શા પગલાં લેવા માંગે છે અને ક્યારે ? | (૨) ક્વોરીના માલિકને તકેદારી રાખવા સૂચના આપેલ છે. |

----------

**આણંદ જિલ્લા પંચાયત હસ્તકની કચેરીનું મંજૂર મહેકમ**

૨૫૮૬ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૮ ની સ્થિતિએ આણંદ જિલ્લા પંચાયત હસ્તકની કચેરીનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૨૪૨૨. |
| (૨) તે અન્વયે કેટલી જગ્યાઓ ખાલી છે; અને | (૨) ૬૮૪. |
| (૩) આ ખાલી જગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

----------

**વિવિધ માર્ગો પર ઓષધિય રોપા ઉછેરવા બાબત**

૧૯૩૮ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર દ્વારા વિવિધ માર્ગો પર રસ્તાની બંને સાઈડે ઓષધિય રોપાઓના ઉછેરની યોજના શરૂ કરવામાં આવી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેમાં ક્યા ક્યા ઓષધિય રોપાઓનો સમાવેશ કરવામાં આવે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ગાંડા બાવળને દૂર કરવા બાબત**

૨૦૬૭ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગાંડા બાવળ ખુબ મોટા પ્રમાણમાં ઉગી નિકળવાને કારણે ગાંડા બાવળના ઝૂંડમાં ઉગી નિકળવાને કારણે તેની આડાશમાં નીલગાય રોઝનાં ટોળા આશ્રય લે છે, અને તે ખેડૂતોના પાકને પારાવાર નુક્સાન પહોંચાડે છે તે હકીક્ત સાચી છે, અને | (૧) રોઝ દ્વારા ખેડૂતોના પાકને નુકશાન પહોંચાડવાની ફરિયાદ વન ખાતાને મળેલ છે. |
| (૨) જો હા, તો ગાંડા બાવળને મૂળમાંથી ઉખાડી નાખવા માટે કોઈ યોજના અમલમાં મુકવા માગો છો કે, કેમ ? | (૨) ગાંડા બાવળને દૂર કરવાની આવી કોઈ યોજના વન વિભાગ દ્વારા અમલમાં નથી. રાજ્ય સરકાર દ્વારા તા. ૧૩-૧૨-૨૦૦૪ અને ૧-૪-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક : તરવ-૧૦૨૦૦૪-૨૦૩૩-ક થી ગાંડા બાવળની વ્યવસ્થા માટે હુકમો બહાર પાડ.વામાં આવેલ છે. જેના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગાંડા બાવળના લાકડા અને તેમાંથી બનેલ કોલસાને વાહતુક પાસમાંથી મુક્તિ આપવા ઠરાવેલ છે. |

----------

**અમદાવાદ શહેરમાં બી.પી.એલ. અને એ. પી. એલ. કાર્ડ**

૧૯૧૫ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ શહેરમાં પુરવઠા ખાતા તરફથી કેટલા બી.પી.એલ. તેમજ એ.પી.એલ. કાર્ડ વર્ષ-૨૦૦૭ દરમ્યાન નવા કાઢી આપવામાં આવ્યા,

**જવાબ**

અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૦૭ દરમ્યાન નીચે મુજબ રેશનકાર્ડ કાઢી આપવામાં આવેલ છે.
એ.પી.એલ.--૩૪,૩૪૧ કાર્ડ
બી.પી.એલ.-૫૭૨ કાર્ડ

----------

**સાવરકુંડલા તાલુકામાં નીલગાય અને ભૂંડ દ્વારા ખેતીના પાકમાં થતું નુક્સાન**

૨૧૬૭ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકામાં નીલગાય અને ભૂંડ દ્વારા ખેડૂતોને ખેતીમાં ખૂબજ મોટા પાયે નુક્સાન કરે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ વન્ય પ્રાણી અને ભૂંડ જેવા પ્રાણીને સરકાર આ પ્રાણીઓને ખેતીમાં નુક્સાની કરતા અટકાવવા માંગે છે કે કેમ; અને

(૩) આ પ્રાણીઓને નુક્સાની કરતા અટકાવવા માટે તા. ૩૧/૧૨/૨૦૦૭ સુધીમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે અને ન કરેલ હોય તો તેના શા કારણો છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**આદિજાતિ પેટા યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઈ અંગે**

૧૯૨૧**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

આદિજાતિ પેટા યોજના હેઠળ ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે ?

**જવાબ**

આદિજાતિ પેટા યોજના હેઠળ વર્ષવાર નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

(રૂા. કરોડમાં)

| વર્ષ | જોગવાઈ |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૩૮૭.૪૨ |
| ૨૦૦૬-૦૭ | ૧૮૫૦.૨૬ |
| ૨૦૦૭-૦૮ | ૨૩૩૫.૩૬ |

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં જંગલખાતા ધ્વારા આદિવાસીઓ ઉપર ગુના નોંધાવા બાબત**

**૨૩૩૯ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં જંગલ ખાતાના અધિકારીઓ ધ્વારા આદિવાસીઓ ઉપર તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં ત્રણ વર્ષમાં કેટલા ગુનાઓ નોંધવામાં આવેલ છે, અને

(૨) ક્યા ક્યા તાલુકાઓમાં કેટલા આદિવાસીઓને જંગલના કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવેલી છે ?

**જવાબ**

(૧) ૩૯૫૩

(૨)

| તાલુકાનું નામ | ધરપકડ કરેલ આદિવાસીઓની સંખ્યા |
|---|---|
| (૧) નાંદોદ | ૪૪ |
| (૨) ડેડીયાપાડા | ૩૨ |
| (૩) સાગબારા | ૦૧ |
| (૪) ભરૂચ | ૦૧ |

| | |
|---|---|
| (૫) વાલીયા | ૧૧ |
| (૬) ઝગડીયા | ૨૩ |
| **કુલ** | **૧૧૨** |

----------

**અમરેલી જિલ્લામાં ગાંડા બાવળને લીધે ત્રાસ**

૧૮૩૧ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમરેલી જિલ્લામાં ગાંડા બાવળ વધારે પ્રમાણમાં ઉગવાને કારણે ત્રાસ ખૂબજ વધી ગયેલ છે. આ ગાંડા બાવળ દૂર કરવા સરકાર શું પગલાં લેવા ધારે છે ?

**જવાબ**

રાજ્ય સરકારના તા. ૧૩-૧૨-૨૦૦૪ અને તા. ૧-૪-૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃતરવ-૧૦૨૦૦૪-૨૦૩૩-ક થી નડતરકર્તા ગાંડા બાવળ કાપવા તેમજ વાહતુક કરવા માટે હુકમો થયેલ છે, જે નડતરકર્તા ગાંડા બાવળ દૂર કરવા માટે પર્યાપ્ત છે.

----------

**દાહોદ જિલ્લામાં રોજગાર ગેરંટી યોજનામાં ગ્રાન્ટ ફાળવવા બાબત**

૨૪૮૭ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં રોજગાર ગેરંટી યોજના અંતર્ગત તા. ૩૧-૧-૨૦૦૮ની સ્તિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) કુલ કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી ; અને

(૩) કુલ કેટલી ગ્રાન્ટ પરત થઈ ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં રોજગાર ગેરંટી યોજના અંતર્ગત તા. ૩૧/૧/૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સામેલ પત્રકના કોલમ નં. ૩ મુજબ કુલ રૂા. ૩૫૯૦.૫૩ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) તે પૈકી રૂા. ૪૮૪૮.૧૨ લાખની ગ્રાન્ટ સામેલ પત્રકના કોલમ નં. ૪ મુજબ વાપરવામાં આવી.

(૩) કોઈ ગ્રાન્ટ પરત થયેલ નથી.

**પત્રક**

**વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તાલુકાવાર ફાળવેલ ગ્રાન્ટ અને કુલ ખર્ચની વિગત**

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં કુલ ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) | છેલ્લા બે વર્ષમાં થયેલ કુલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | દાહોદ | ૫.૧૩ | ૧૫૦.૫૩ |
| ૨ | ગરબાડા | ૫૪.૦૦ | ૧૦૮.૪૭ |
| ૩ | ઝાલોદ | ૨૬૫.૫૮ | ૫૦૪.૫૯ |
| ૪ | ફતેપુર | ૬૮૦.૪૭ | ૮૨૪.૨૩ |
| ૫ | લીમખેડા | ૧૨૩૦.૯૮ | ૧૫૮૩.૦૭ |
| ૬ | ધાનપુર | ૬૫૩.૫૨ | ૭૮૮.૩૩ |
| ૭ | દે. બારીયા | ૬૫૬.૨૮ | ૮૩૬.૮ |
| ૮ | જીલ્લા કક્ષા | ૪૪.૫૭ | ૫૨.૧ |
| | કુલ | ૩૫૯૦.૫૩ | ૪૮૪૮.૧૨ |

----------

**વન મહોત્સવ દરમ્યાન રોપાનું વાવેતર**

૧૯૪૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૨૦૦૭ના વર્ષમાં વન મહોત્સવ દરમ્યાન કેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી વન મહોત્સવ સ્થળે કેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) રાજ્યમાં ૨૦૦૭ના વર્ષમાં વન મહોત્સવ દરમ્યાન વાવેતર માટે ૯૮૨.૨૭ લાખ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) તે પૈકી વન મહોત્સવ સમારંભો દરમ્યાન રાજ્યમાં વિવિધ સ્થળોએ ૧૦.૨૩ લાખ રોપાઓનુ વાવેતર કરવામાં આવ્યું.

----------

**માંગરોળ તાલુકા પંચાયતનું મકાન નવું બનાવવા બાબત**

૧૭૫૮ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં માંગરોળ તાલુકાની તાલુકા પંચાયત જર્જરીત હાલતમાં હોઈ સરકાર નવું મકાન બનાવવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) જુના જિલ્લા-તાલુકા પંચાયતોની કચેરી બનાવવાની કોઈ જોગવાઈ વિભાગના બજેટમાં નથી. આમ આ બાબત નીતિ વિષયક પ્રકારની છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**ગુજરાત પેટર્નનો અમલ થવા બાબત**

૧૩૪૫ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત પેટર્ન શું છે અને તે ક્યારથી રાજ્યમાં અમલમાં આવી છે, અને

(૨) ગુજરાત પેટર્ન હેઠળના કામો કઈ રીતે મંજૂર કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) ગુજરાત પેટર્ન યોજના આદિજાતિ લોકોની સ્થાનિક અપેક્ષાઓ અને જરૂરિયાતો પરિપૂર્ણ કરવા અને આદિજાતિ વિકાસ માટેના કાર્યક્રમો હાથ ધરવા અંગેની યોજના છે. અને તે સને ૧૯૯૭-૯૮થી રાજ્યમાં અમલમાં આવી છે.

(૨) તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ સ્થાનિક જરૂરિયાતવાળા કામોની ભલામણ જે તે જિલ્લા આદિજાતિ મંડળને કરે છે. જિલ્લા આદિજાતિ મંડળ દ્વારા મંજૂર થયેલ તમામ કામોને જિલ્લા કક્ષાના અમલીકરણ અધિકારીશ્રીઓ તાંત્રિક મંજૂરી આપે છે.

----------

**ગુજરાત પેટર્ન નીચે સંખેડા તાલુકામાં થયેલ રસ્તાઓ**

૧૫૨૫ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ગુજરાત પેટર્ન હેઠળ સંખેડા તાલુકાના ટ્રાયબલ પોકેટમાં કેટલા અને ક્યા ક્યા રસ્તા મંજૂર કરવામાં આવ્યા,

(૨) જે રસ્તા નથી થયા તે રસ્તા સરકાર બનાવવા માંગે છે, અને

(૩) જો હા, તો ક્યારે ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

(૨) હા જી.

(૩) જેમ બને તેમ જલ્દી

**પત્રક-૧**

**તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ગુજરાત પેટર્ન હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮માં સંખેડા તાલુકાની ટ્રાયબલ પોકેટ માટે મંજૂર કરવામાં આવેલ રસ્તાના કામોની યાદી**

| અ.નં. | વર્ષ | મંજૂર કરવામાં આવેલ રસ્તા/પુલનું કામ |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ઈમ્પ્રુ ગેહરપુરા-વડદલા-ટીંબી રોડ સીલેક્ટેડ લેન્થ ૦/૦ ટુ ૫/૦ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ઈમ્પ્રુ બહાદુરપુરા-સંખેડા ભાટપુર રોડ ૧૨/૦ ટુ ૧૫/૦ |
| ૩ | ૨૦૦૭-૦૮ | ઈમ્પ્રુ ક્રાફ્ટ પીછુવાડા (ઢેબરકુવા રોડ) ૦/૦ ટુ ૧/૦ |
| ૪ | ૨૦૦૭-૦૮ | નાગરવાડા એપ્રોચરોડ ૦/૦ ટુ ૧/૦ |
| ૫ | ૨૦૦૭-૦૮ | ઈમ્પ્રુ કોસીન્દ્રા ચીખોદ્રા રોડ ૦/૦ ટુ ૦/૮ એપ્રોચ રોડ |
| ૬ | ૨૦૦૭-૦૮ | ઈમ્પ્રુ કાપડીયા એપ્રોચ રોડ ૦/૦ ટુ ૨/૦ |
| ૭ | ૨૦૦૭-૦૮ | ઈમ્પ્રુ ભગવાનપુરા એપ્રોચ રોડ ૦/૦ ટુ ૧/૦ |
| ૮ | ૨૦૦૭-૦૮ | ઈમ્પ્રુ ટુ પડવાન એપ્રોચ રોડ ૦/૦ ટુ ૧/૦ |

----------

**વડોદરા તાલુકામાંથી પસાર થતી સી.પી. કેનાલ ઉપર આવેલા ઓદ્યોગિકગૃહો ધ્વારા છોડાતું પ્રદૂષિત પ્રવાહી**

૧૦૮૩**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા તાલુકામાંથી પસાર થતી ઈ.સી.પી. કેનાલ ઉપર જ આવેલા ઓદ્યોગિક ગૃહો ધ્વારા તેઓનું પ્રદૂષિત પ્રવાહી ટ્રીટમેટ કર્યા વગરનું આ કેનાલમાં ઠાલવવામાં આવે છે તે વાત સાચી ?

**જવાબ**

ના, જી.

**જંગલોમાં આગ લાગવાના બનાવો**

૧૮૪૯ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના જંગલોમાં નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭માં આગ લાગવાના કેટલા બનાવો બન્યા,

(૨) આગ લાગવાના કારણો ક્યા ક્યા છે, અને

(૩) જંગલમાં આગ લાગે ત્યારે આગ બુઝાવવા માટે વિભાગ પાસે ક્યા ક્યા સાધનો વસાવેલા છે ?

**જવાબ**

(૧) ૯૦૨

(૨) આગ લાગવાના કારણો નીચે મુજબના હોય છે.

(૧) વટેમાર્ગુઓ દ્વારા ફેંકાયેલ સળગતી બીડી/સિગારેટ અથવા વાહનો માંથી નિકળતા ધુમાડાઓ, ગરમી અને સળગતા તણખાના કારણે દવ લાગે છે.
(૨) બિન અધિકૃત ખેડાણ કરવા તથા બિન અધિકૃત ખેડાણ છોડાવવા માટે
(૩) સુકાં વાંસના ઘર્ષણ થી
(૪) સ્થાનિક લોકો અંધ શ્રધ્ધાથી પ્રેરાઈને પણ દવ લગાડે છે.
(૫) લોકો ઈરાદાપૂર્વક દ્વેષ ભાવથી પણ દવ લગાડે છે.
(૬) ખેતરમાં ઘાસ, ક્ચરો બાળતા દવ લાગે છે.
(૭) શિકાર માટે પણ લોકો જંગલોમાં દવ લગાડે છે.
(૮) મહુડા ફુલ અને ડોળી એકત્ર કરવા વૃક્ષની નીચે સાફ સુફી કરવા દવ લગાડવામાં આવે છે.

(૩) વિભાગે નીચે મુજબના સાધનો વસાવેલ છે.

૧. આગની જાણકારી આપવા માટે સંદેશા વ્યવહારના સાધનો જેવા કે વોચટાવર, વાયરલેસ સેટ, વોકીટોકી વાયરલેસ અને સેલફોન વસાવેલ છે.

૨. આગના સ્થળે સાધનસામગ્રી અને માણસોને પહોંચાડવા માટે જીપ ટ્રક અને ટેન્કર વસાવેલ છે.

૩. આગને કાબુમાં લેવા માટે ઘાસ કાપવા માટે દાતરડા, કોદાળી, કુહાડી, ત્રીકમ, ખપાળી અને પાણી છાંટવા માટે પુલ્કીશ, ડબલવીન, ફાયરરેક, બ્રુશહુક્સ, મેક્લોડટુલ્સ, ફાયર એક્સટીન્ગ્વીશર, ફાયરગ્લાસ, હેલ્મેટ, ફાયરરેસીડન્ટ ક્લગ, ફાયર સાયેલ, વુડનહેન્ડલ, કેન, ડ્રમ, ડોલ, મેડીકલ કીટ્સ વસાવેલ છે.

----------

**દાહોદ જિલ્લામાં વન તળાવો મંજૂર કરવા બાબત**

૨૪૯૦ **શ્રી દિતભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર, વર્ષવાર કુલ કેટલાં વન તળાવો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલાં વન તળાવો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) આ તળાવો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૩૧-૩-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ વન તળાવો મંજૂર કરવામાં આવ્યા છે.

| વર્ષ | તાલુકાનું નામ | મંજૂર કરેલ તળાવોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | -- | -- |
| ૨૦૦૫-૦૬ | દાહોદ | ૧ |
| ૨૦૦૬-૦૭ | ધાનપુર | ૧ |
| | ઝાલોદ | ૧ |
| | **કુલ** | **૩** |

(૨) મંજૂર થયેલ તમામ ત્રણ વન તળાવો પુર્ણ કરવામાં આવ્યા છે.

(૩) આ તળાવો પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો છે.

| વર્ષ | તાલુકાનું નામ | મંજૂર કરેલ તળાવોની સંખ્યા | કરવામાં આવેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | -- | -- | -- |
| ૨૦૦૫-૦૬ | દાહોદ | ૧ | ૭.૫૩ |
| ૨૦૦૬-૦૭ | ધાનપુર | ૧ | ૦.૭૯ |
| | ઝાલોદ | ૧ | ૧.૪૪ |
| | **કુલ** | **૩** | **૯.૭૬** |

----------

**ગામોમાં બ્રોન્ડ બેન્ડ દ્વારા ઇન્ટરનેટની સેવા આપવા બાબત**

૮૬૦ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર ડીસેમ્બર-૨૦૦૮ સુધીમાં કેટલાં ગામોને બ્રોન્ડ બેન્ડ દ્વારા ઇન્ટરનેટ દ્વારા જોડવામાં આવશે,

(૨) આ સુવિધા ઉપલબ્ધ થવાથી ગામોમાં કઇ કઇ સુવિધા ઉપલબ્ધ થશે, અને

(૩) તેના માટેની ફી કેટલી થશે ?

**જવાબ**

(૧) તમામ ગ્રામ પંચાયતને જોડવામાં આવશે.

(૨) G૨C (ગર્વમેન્ટ ટુ સીટીઝન)અને B૨C (બીઝનેશ ટુ કન્ઝયુમર) સેવાઓ ઉપલબ્ધ થશે.

(૩) મીનીમમ રેટથી ફી નું ધોરણ રહેશે.

----------

**ગાંડા બાવળના કોલસા અને લાકડાને વાહતુક પાસ મેળવવાના નિયંત્રણ દૂર કરવા બાબત**

૨૦૧૬ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગાંડા બાવળના કોલસા અને લાકડાના વાહતુક પાસ મેળવવાના નિયંત્રણો દૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો નિયંત્રણો ક્યારથી દૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કેટલીક શરતોને આધીન આ નિયંત્રણો મુક્ત કરેલ છે.

(૨) સરકારશ્રીના તા. ૧૩-૧૨-૨૦૦૪ના ઠરાવથી આ નિયંત્રણો દૂર કરેલ છે.

----------

**ગુજરાતમાં રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભ્યારણો**

૨૦૧૪ **શ્રી મહેન્દ્રસિંહ પ.સરવૈયા(પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કેટલા રાષ્ટ્રીય ઉદ્યાનો આવેલા છે,

(૨) રાજ્યમાં કેટલા અભ્યારણો આવેલા છે, અને

(૩) તેનો વિસ્તાર કેટલા ચોરસ કિલોમીટર છે ?

**જવાબ**

(૧) ગુજરાત રાજ્યમાં ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો આવેલા છે.

(૨) ગુજરાત રાજ્યમાં ૨૨ અભ્યારણો આવેલા છે.

(૩) રાષ્ટ્રીય ઉદ્યાનનો ૪૮૦.૧૨ ચો. કિ. મી. અને અભ્યારણોનો ૧૬૪૪૦.૯૪ ચો. કિ. મી. બંન્ને મળી કુલ ૧૬૯૨૧.૦૬ ચો. કિ. મી. વિસ્તાર છે

**સાબરકાંઠા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૨૬૨૨ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૧-૧-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૨૦૦૭ દરમ્યાન કેટલા ગામોમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ થવા પામી,

(૨) તાલુકાવાર કેટલા ગામો સમરસ ગામ બન્યા, અને

**જવાબ**

(૧) ૫૨૮

(૨)

| તાલુકાનું નામ | સમરસ થયેલ ગામોની સંખ્યા |
|---|---|
| **૧** | **૨** |
| તલોદ | ૦૬ |
| પ્રાંતિજ | ૧૦ |
| બાયડ | ૧૨ |
| ધનસુરા | ૦૪ |

| | |
|---|---|
| ધનસુરા | ૦૪ |
| મોડાસા | ૦૬ |
| મેઘરજ | ૦૨ |
| **તાલુકાનું નામ** | **સમરસ થયેલ ગામોની સંખ્યા** |
| **૧** | **૨** |
| ભિલોડા | ૦૯ |
| વિજયનગર | ૦૨ |
| ખેડબ્રહ્મા | ૦૨ |
| વડાલી | ૧૭ |
| ઈડર | ૩૨ |
| હિંમતનગર | ૧૪ |

(૩) પ્રોત્સાહન પેટે ગ્રાંટ કેટલી ચૂકવવામાં આવી ? (૩) રૂા. ૧૨૬.૧૦ લાખ

**કચ્છ જિલ્લામાં પાવન ગામ જાહેર કરવા બાબત**

૨૬૧૭ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામ પાવન ગામ તરીકે જાહેર થયા, અને

(૨) આ ગામના નામ શું છે ?

**જવાબ**

(૧) શુન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં સમરસ ગ્રામ પંચાયતો**

૨૬૦૫ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૦૭ના વર્ષમાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાઇ, અને

(૨) તે પૈકી કેટલી સમરસ થઇ ?

**જવાબ**

(૧) અને (૨)

| **જિલ્લાનું** | **યોજવામાં આવેલ** | **સમરસ થયેલ** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| અમદાવાદ | ૨૨ | ૭ |
| અમરેલી | ૫૩ | ૨૦ |
| આણંદ | ૩૨ | ૨ |
| બનાસકાંઠા | ૯૧ | ૨૦ |
| ભરૂચ | ૨૬ | ૭ |
| ભાવનગર | ૧૯૧ | ૮૯ |
| દાહોદ | ૨૨ | ૧ |
| ૧ | ૨ | ૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ડાંગ | ૦૦ | ૦૦ |
| ગાંધીનગર | ૮૯ | ૩૧ |
| જામનગર | ૩૨૭ | ૧૫૦ |
| જુનાગઢ | ૭૭ | ૨૩ |
| ખેડા | ૫૬ | ૯ |
| કચ્છ | ૫૯ | ૧૭ |
| મહેસાણા | ૩૯૮ | ૧૬૫ |
| નર્મદા | ૨૧ | ૧ |
| નવસારી | ૪૦ | ૧૦ |
| પંચમહાલ | ૪૨ | ૪ |
| પાટણ | ૨૫૫ | ૧૦૮ |
| પોરબંદર | ૮ | ૦૦ |
| રાજકોટ | ૨૫ | ૮ |
| સાબરકાંઠા | ૩૪ | ૧૨ |
| સુરત | ૧૩ | ૫ |
| સુરેન્દ્રનગર | ૧૯ | ૬ |
| વડોદરા | ૮૭ | ૧૪ |
| વલસાડ | ૧૭ | ૫ |

----------

**ટંકારા-પડધરી અને મોરબી તાલુકામાં ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર**

૨૪૦૬ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના ટંકારા-પડધરી અને મોરબી તાલુકામાં પંચાયત ઘરથી વંચિત ગ્રામપંચાયતો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલી છે,

(૨) બાકી રહેતી ગ્રામપંચાયતોના પંચાયત ઘર બનાવવા માંગો છો કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) કોઈપણ નહિ

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**ગ્રામ વન હેઠળ થયેલ વાવેતર**

૧૯૪૬ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્રામ વન હેઠળ કઇ કઇ જમીનમાં વાવેતર કરવામાં આવે છે, અને

(૨) ગ્રામ પંચાયતને એનાથી કેટલો લાભ મળે છે ?

**જવાબ**

(૧) ગ્રામ વન હેઠળ ગ્રામ પંચાયત હસ્તકની ગોચર જમીનમાં વાવેતર કરવામાં આવે છે.

(૨) પરિપક્વ ગ્રામ વનના આખરી કપાણ પછી તેમાંથી નીકળેલ માલની ઉપજેલ રકમમાંથી વાવેતર પાછળ થયેલ ખર્ચની રકમ બાદ કરી ચોખ્ખી ઉપજની રકમના ૭૫

ટકા રકમ સબંધિત ગ્રામ પંચાયતને વિકાસના કામો માટે ચૂકવવામાં આવે છે.

----------

**રાજ્યમાં વન ઓષધિય ઉદ્યાનો**

૨૦૧૯ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કેટલા વન ઓષધિય ઉદ્યાનો આવેલા છે,

(૨) તેના વિકાસ માટે સરકારે કોઇ વિચારણા કરેલી છે, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં હાલ ૧૩ વન ઓષધિય ઉદ્યાનો આવેલા છે.

(૨) હા, જી.

(૩) વન ઓષધિય ઉદ્યાનોમાં રોપાઓના નિભાવ, જાળવણી અને વિકાસની કામગીરી કરવામાં આવે છે.

----------

**આંણદ જિલ્લામાં તલાટી કમ મંત્રી અને ગ્રામસેવકોનું મંજૂર મહેકમ**

૨૬૦૯ **શ્રી પંકજકુમાર દેસાઈ (નડિયાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તલાટી કમ મંત્રી અને ગ્રામ સેવકોનું મંજૂર મહેકમ કેટલું છે, અને

(૨) તા.૩૧/૧/૦૮ની સ્થિતિએ તલાટી કમ મંત્રી અને ગ્રામ સેવકોની કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

(૧)

| સંવર્ગ | | મંજૂર મહેકમ |
|---|---|---|
| તલાટી કમ મંત્રી | - | ૩૮૫ |
| ગ્રામ સેવક | - | ૨૧૩ |

(૨)

| સંવર્ગ | | ખાલી જ્ગ્યા |
|---|---|---|
| તલાટી કમ મંત્રી | - | ૭૩ |
| ગ્રામ સેવક | - | ૬૭ |

આ જ્ગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

----------

**રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની જ્ગ્યાઓ ખાલી હોવા બાબત**

૧૪૬૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧/૧૨/૦૭ની સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારીની કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જ્ગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

**જવાબ**

(૧) ૪૬ જ્ગ્યાઓ ખાલી છે.

(૨) જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

----------

**ભરૂચ જિલ્લામાં રોપા ઉછેરવા થયેલ ખર્ચ**

૧૫૮૭**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** (જંબુસર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન વિભાગ દ્વારા કેટલા રોપા ઉછેરવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન વિભાગ દ્વારા ઉછેરવામાં આવેલા રોપા અને તેની પાછળ કરવામાં આવેલા ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું | ઉછેરવામાં | રોપા ઉછેર પાછળ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ભરૂચ | ૧૯.૫૭ | ૩૦.૩૬ |
| ૨ | જંબુસર | ૧૬.૭૪ | ૨૪.૪૧ |
| ૩ | વાગરા | ૧૮.૩૨ | ૨૨.૮૮ |
| ૪ | આમોદ | ૧૪.૫૮ | ૨૧.૨૯ |
| ૫ | અંકલેશ્વર | ૨૫.૫૮ | ૩૯.૭૨ |
| ૬ | હાંસોટ | ૮.૮૭ | ૧૧.૪૧ |
| ૭ | વાલીયા | ૨૭.૮૭ | ૩૭.૪૩ |

| | | | |
|---|---|---|---|
| ૭ | વાલીયા | ૨૭.૮૭ | ૩૭.૪૩ |
| ૮ | ઝગડીયા | ૩૧.૧૫ | ૫૫.૨૩ |
| | **કુલ...** | **૧૬૨.૬૮** | **૨૪૨.૭૩** |

----------

**રાજકોટ જિલ્લામાં બી.પી.એલ. યાદીને ગ્રામસભાની બહાલી આપવા બાબત**

૨૫૦૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર છેલ્લે બી.પી.એલ.યાદી તેયાર થયા પછી કેટલા ગામોમાં ડીસે. ૨૦૦૭ સુધી ગ્રામસભામાં તે યાદીને બહાલી આપી નથી તેવા કિસ્સા રાજ્ય સરકારના ધ્યાને છે,

(૨) ખાસ ગ્રામસભા બોલાવી બી.પી.એલ.યાદી મંજૂર કરાવવા માંગે છે કે કેમ, અને

(૩) આવી યાદીઓ સમયસર મંજૂર ન થવા બદલ જે તે ગ્રામ પંચાયત પર સરકાર પગલાં ભરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

રાજકોટ જિલ્લામાં ૧૪ તાલુકાની ૮૪૪ ગ્રામ પંચાયતો પેકી નીચેની વિગતે જસદણ તાલુકાની પાંચ ગ્રામ પંચાયતોમાં ડીસે.-૦૭ સુધી બી.પી.એલ. યાદીને બહાલી આપવામાં આવેલ નથી.

(૧) વીંછીયા (૨) વિરનગર (૩) ભાડલા (૪) મેઘપર (૫) વેરાવળ (ભા)

(૨) હા, જી.

(૩) હા, જી.

----------

**દાંતીવાડા તાલુકાના હરિયાવાડા ડેરી વાવધરા વિસ્તારની જમીનમાંથી વન વિભાગનો રસ્તો**

૧૦૮૮ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના હરિયાવાડા ડેરી વાવધરાના વિસ્તારમાંથી વન વિભાગ હસ્તકની જમીનમાંથી રસ્તો પસાર થાય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વનવિભાગની આ જમીન રીઝર્વ ફોરેસ્ટમાંથી મુક્ત કરવા કોઈ કાર્યવાહી સરકાર ધ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા તો તેની પ્રગતિ શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) સવાલવાળી દરખાસ્તનો વિસ્તાર વન્યપ્રાણી અભ્યારણ્ય હેઠળ આવતો હોઇ, વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ સુપ્રિમ કોર્ટની પરવાનગી મેળવવાની રહે છે. જે મુજબ ૩.૦૦ હેક્ટર વન વિસ્તાર માટે વાઇલ્ડ લાઇફ ક્લીયરન્સ આપવાનું રહે છે. જેને માટે જે ઝાડો દૂર કરવાના રહે છે તેના માર્કીંગ ખરડાની કામગીરી ચાલુ છે.

----------

**મહુવા તાલુકામાં હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ આવરી લીધેલ ગામ**

૨૦૦૦ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હરીયાળી ક્રાંતિ યોજના હેઠળ તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનાં ક્યા ક્યા ગામોને આવરી લીધેલ છે,

(૨) તે પેકી દરેક ગામે મંજૂર કરેલ કામો પૂર્ણ કરેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો બાકી કામો ક્યારે પૂર્ણ કરાશે ?

**જવાબ**

(૧) હરીયાળી ક્રાંતિ યોજના હેઠળ તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાનાં કોઇ ગામોને આવરી લીધેલ નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

----------

**સાગટાળા ગામના સર્વે નંબર ૯૮ની જમીન મહેસૂલ વિભાગને ડીલેટ કરવા બાબત**

૨૪૩૬ **શ્રી તુષારસિંહ ક.મહારાઉલ (દેવગઢ બારિયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દેવગઢ બારીયા વન વિભાગના સાગટાળા ગામના સર્વે નં.૯૮ પેકીની જમીન મહેસૂલ વિભાગને ડીલેટ કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી જમીન ડીલેટ થઈ અને તે જમીન કોને અને ક્યારે સુપ્રત કરવામાં આવી ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**વલસાડ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર**

૧૯૪૪ **શ્રી દોલતભાઈ દેસાઈ(વલસાડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૦૮ની સ્થિતિએ વન વિભાગ દ્વારા ૨૦૦૭-૦૮ દરમ્યાન વલસાડ જિલ્લામાં કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ વન વિભાગ દ્વારા ૨૦૦૭-૦૮ દરમ્યાન વલસાડ જિલ્લામાં ૪૩.૭૬ લાખ રોપાનું વાવેતર કરવામાં આવ્યું.

(૨) તેની પાછળ રૂ. ૨૮૬.૪૮ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

----------

**કેન્દ્ર સરકાર દ્વારા અંત્યોદય અન્ન યોજના હેઠળ ફાળવેલ અનાજનો જથ્થો**

૨૧૬૩ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા અંત્યોદય અન્ન યોજના હેઠળ ફાળવવામાં આવતાં અનાજના જથ્થામાંથી સન ૨૦૦૫થી ૨૦૦૭ના વર્ષમાં કેન્દ્ર સરકારે વર્ષવાર કેટલો અનાજનો જથ્થો ફાળવ્યો,

(૨) ફાળવેલ અનાજના જથ્થામાંથી રાજ્ય સરકારે વર્ષવાર કેટલો જથ્થો ક્યારે ઉપાડયો અને ક્યારે પંચમહાલ જિલ્લાને ફાળવ્યો, અને

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા અંત્યોદય યોજના હેઠળ સન ૨૦૦૫ થી ૨૦૦૭ના વર્ષ દરમ્યાન નીચેની વિગતે અનાજના જથ્થાની ફાળવણી કરવામાં આવેલ છે.

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | વર્ષ | કેન્દ્ર સરકાર દ્વારા અનાજની ફાળવણી |
|---|---|---|
| ૧ | ૨૦૦૫ (જાન્યુ. થી ડીસે.) | ૨,૫૪,૦૩૭ |
| ૨ | ૨૦૦૬ (જાન્યુ. થી ડીસે.) | ૩,૨૨,૬૩૮ |
| ૩ | ૨૦૦૭ (જાન્યુ. થી ડીસે.) | ૩,૪૦,૦૮૦ |

(૨) સન ૨૦૦૫ થી ૨૦૦૭ના વર્ષ દરમ્યાન રાજ્ય સરકારે ઉપાડેલ જથ્થાની વિગત નીચે મુજબ છે.

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | વર્ષ | રાજ્ય સરકાર દ્વારા અનાજનો ઉપાડેલ જથ્થો |
|---|---|---|
| ૧ | ૨૦૦૫ (જાન્યુ. થી ડીસે.) | ૨,૧૯,૬૭૫ |
| ૨ | ૨૦૦૬ (જાન્યુ. થી ડીસે.) | ૨,૫૦,૦૪૧ |
| ૩ | ૨૦૦૭ (જાન્યુ. થી ડીસે.) | ૨,૮૬,૪૨૭ |

કેન્દ્ર સરકાર દ્વારા ફાળવણી કરવામાં આવેલ જથ્થો રાજ્ય સરકારે ૬૦ દિવસની મુદ્દતની મર્યાદામાં ઉપાડેલ છે. જે નીચેની વિગતે પંચમહાલ જિલ્લાને ફાળવણી કરવામાં આવેલ છે.

| ક્રમ | સમયગાળો | ફાળવણીની તારીખ |
|---|---|---|
| ૧ | જાન્યુ.-૦૫ થી માર્ચ-૦૫ | ૪-૧૨-૦૪ |
| ૨ | એપ્રિલ-૦૫ થી જુલાઇ-૦૫ | ૩૦-૩-૦૫ |
| ૩ | ઓગષ્ટ-૦૫ થી માર્ચ-૦૬ | ૧૧-૭-૦૫ |
| ૪ | એપ્રિલ-૦૬ થી મે-૦૬ | ૧૭-૫-૦૬ |
| ૫ | જૂન-૦૬ થી ઓગષ્ટ-૦૬ | ૨૯-૫-૦૬ |
| ૬ | સપ્ટે-૦૬ થી માર્ચ-૦૭ | ૨૨-૮-૦૬ |
| ૭ | એપ્રિલ-૦૭ થી માર્ચ-૦૮ | ૨૬-૩-૦૭ |

(૩) રાજ્ય સરકાર દ્વારા આ ફાળવેલ અનાજના જથ્થામાંથી પંચમહાલ જિલ્લામાં જે જથ્થો ઉપાડવામાં આવે છે તે જથ્થો લાભાર્થીઓ નિયત મુદતમાં પૂરતા પ્રમાણમાં મળેલ છે કે કેમ ? | (૩) હા, જી.

----------

**ગઢડા અને ઉમરાળા તાલુકામાં રેશનીંગની નવી દુકાન ખોલવાની અરજીઓ**

૨૩૨૩ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૭ના વર્ષમાં રેશનીંગની દુકાન મેળવવા ગઢડા અને ઉમરાળા તાલુકામાંથી કેટલી અરજીઓ મળી, અને | (૧) શૂન્ય |
| (૨) ગઢડા અને ઉમરાળામાં કોઈ નવી રેશનીંગની દુકાન શરૂ થયેલ છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**દિનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારોમાં બરછટ અનાજને બદલે લોટ આપવા બાબત**

૨૪૩૧**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દિનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારોના ઘઉં તેમજ બરછટ અનાજ આપવાના બદલે સરકારે લોટ આપવાનું નક્કી કર્યાની હકીક્ત સાચી છે, | (૧) હા, અંત્યોદય અન્ન યોજના (AAY) અંતર્ગત જ હાલ માત્ર ઘઉંનો ફોર્ટીફાઇડ લોટ આપવામાં આવે છે. |
| (૨) જો, હા, તો આવો લોટ ખરીદવા સરકારે શું નીતિ અખત્યાર કરી છે, અને | (૨) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને ફાળવવામાં આવતાં ઘઉંમાંથી જ જાહેર ખાનગી ભાગીદારી P-P-P યોજના હેઠળ લોટ બનાવડાવી ફોર્ટીફાઇડ લોટ આપવામાં આવે છે. |
| (૩) આવા લોટમાં ફોલીક એસીડ નામક પદાર્થ ભેળવવા એવી આટા મીલોને સરકાર તરફથી શું સવલતો આપનાર છે? | (૩) આવી કોઇ બાબત વિચારણા હેઠળ નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**જૂનાગઢ જિલ્લામાં પાવન ગામ જાહેર કરવા બાબત**

૨૬૧૮ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામ પાવનગામ તરીકે જાહેર કરવામાં આવ્યા, અને | (૧) શુન્ય. |
| (૨) આ ગામના નામ શું છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**જૂનાગઢ જિલ્લામાં તલાટી કમ મંત્રીની ખાલી જ્યાઓ**

૨૬૧૫ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓની કેટલી જ્યાઓ તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ ખાલી છે, અને | (૧) ૧૦૦. |
| (૨) આ ખાલી પડેલ જ્યાઓ ભરવાનું શું આયોજન છે? | (૨) બદલીથી રહેમરાહે નિમણૂંક દ્વારા અને પંચાયત સહાયક્ની ભરતી દ્વારા ખાલી જ્યાઓ ભરવાનું આયોજન છે. |

----------

## વિરાંજલી વન અભિયાન હેઠળ વૃક્ષોનું વાવેતર

૨૪૩૩ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જિલ્લાવાર વિરાંજલી વન અભિયાન હેઠળ કેટલા વૃક્ષોનું વાવેતર તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કરવામાં આવ્યુ,

**જવાબ**

(૧) રાજ્યમાં જિલ્લાવાર વિરાંજલી વન અભિયાન હેઠળ ૧,૮૫,૭૦,૦૦૦ લક્ષ્યાંક સામે રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૨,૧૪,૨૬,૩૪૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, જિલ્લાવાર વિગત "પરિશિષ્ટ-અ" મુજબ.

**પરિશિષ્ટ-અ**

| ક્રમ | જિલ્લાનું નામ | વીરાંજલિ અભિયાન હેઠળ આપેલ લક્ષ્યાંક | વાવેતર કરેલ કુલ વૃક્ષોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૮૭૦૦૦ | ૭૩૮૦૦૦ |
| ૨ | અમરેલી | ૭૦૬૮૦૦ | ૮૨૬૩૩૨ |
| ૩ | ભરૂચ | ૭૧૩૬૦૦ | ૭૯૫૬૦૨ |
| ૪ | નર્મદા | ૫૩૪૪૦૦ | ૫૫૦૯૦૦ |
| ૫ | ભાવનગર | ૮૮૧૦૦૦ | ૧૧૮૦૩૫૦ |
| ૬ | જૂનાગઢ | ૭૯૩૩૦૦ | ૬૭૭૧૮૦ |
| ૭ | પોરબંદર | ૧૬૨૩૦૦ | ૬૫૨૧૦ |
| ૮ | પંચમહાલ | ૧૦૨૦૯૦૦ | ૧૫૩૬૯૦૦ |
| ૯ | દાહોદ | ૭૩૩૦૦૦ | ૯૭૬૧૭૭ |
| ૧૦ | સાબરકાંઠા | ૧૧૩૪૧૦૦ | ૧૧૮૫૦૦૫ |
| ૧૧ | વડોદરા | ૧૦૭૨૦૦૦ | ૧૪૦૪૭૯૩ |
| ૧૨ | ડાંગ | ૨૭૭૪૦૦ | ૩૦૧૦૦૦ |
| ૧૩ | વલસાડ | ૪૮૩૬૦૦ | ૮૩૯૯૦૦ |
| ૧૪ | નવસારી | ૩૩૮૨૦૦ | ૭૬૨૩૫૮ |
| ૧૫ | બનાસકાંઠા | ૧૨૪૧૭૦૦ | ૧૫૭૨૯૧૦ |
| ૧૬ | પાટણ | ૬૭૪૦૦૦ | ૭૦૫૬૯૪ |
| ૧૭ | કચ્છ | ૧૨૪૩૪૦૦ | ૧૧૦૪૦૩૫ |
| ૧૮ | રાજકોટ | ૧૩૧૭૮૦૦ | ૮૦૬૨૨૨ |
| ૧૯ | સુરેન્દ્રનગર | ૧૦૩૬૪૦૦ | ૮૨૫૩૬૬ |
| ૨૦ | જામનગર | ૧૦૩૫૭૦૦ | ૭૯૯૪૭૭ |
| ૨૧ | આણંદ | ૨૯૬૦૦૦ | ૩૩૬૦૦૩ |
| ૨૨ | સુરત | ૯૯૫૪૦૦ | ૧૪૯૨૭૩૩ |
| ૨૩ | ગાંધીનગર | ૨૫૧૧૦૦ | ૪૧૧૮૭૦ |
| ૨૪ | મહેસાણા | ૪૨૯૫૦૦ | ૬૧૮૭૨૭ |
| ૨૫ | ખેડા | ૫૧૧૪૦૦ | ૯૧૩૫૯૬ |
| | કુલ : | ૧૮૫૭૦૦૦૦ | ૨૧૪૨૬૩૪૦ |

**પ્રશ્ન**

(૨) આ અભિયાન પાછળ જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૨) આ અભિયાન પાછળ જિલ્લાવાર રાજ્યમાં કુલ ખર્ચ રૂા. ૬,૮૦,૦૬,૪૦૬.૫૦ કરવામાં આવ્યો. જિલ્લાવાર વિગત "પરિશિષ્ટ-બ" મુજબ.

**પરિશિષ્ટ-બ**

| ક્રમ | જિલ્લાનું નામ | થયેલ ખર્ચ રૂા. |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૧૬૯૦૦૦.૦૦ |
| ૨ | અમરેલી | ૨૯૨૯૦૦૦.૦૦ |
| ૩ | ભરૂચ | ૨૩૬૫૧૦૭.૦૦ |
| ૪ | નર્મદા | ૧૦૯૧૮૨૧.૦૦ |
| ૫ | ભાવનગર | ૩૦૩૫૮૧૧.૦૦ |
| ૬ | જૂનાગઢ | ૭૩૯૦૦૦.૦૦ |
| ૭ | પોરબંદર | ૮૮૧૪૫૦.૦૦ |
| ૮ | પંચમહાલ | ૨૫૦૨૧૪૦.૦૦ |
| ૯ | દાહોદ | ૨૫૯૧૦૦૦.૦૦ |
| ૧૦ | સાબરકાંઠા | ૨૯૭૮૦૦૦.૦૦ |
| ૧૧ | વડોદરા | ૪૩૪૯૩૬૫.૦૦ |
| ૧૨ | ડાંગ | ૩૭૭૦૭૬૬.૦૦ |
| ૧૩ | વલસાડ | ૫૫૭૯૦૦૦.૦૦ |
| ૧૪ | નવસારી | ૧૯૮૦૫૫૪.૦૦ |
| ૧૫ | બનાસકાંઠા | ૪૪૧૪૦૦૦.૦૦ |
| ૧૬ | પાટણ | ૩૯૭૫૦૦૦.૦૦ |
| ૧૭ | કચ્છ | ૩૮૬૪૧૨૨.૫૦ |
| ૧૮ | રાજકોટ | ૨૮૨૨૦૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૧૯ | સુરેન્દ્રનગર | ૨૪૮૧૯૦૧.૦૦ |
| ૨૦ | જામનગર | ૨૮૭૧૦૦૦.૦૦ |
| ૨૧ | આણંદ | ૪૨૩૬૮૫.૦૦ |
| ૨૨ | સુરત | ૨૭૩૬૦૦૦.૦૦ |
| ૨૩ | ગાંધીનગર | ૧૫૭૦૨૯૭.૦૦ |
| ૨૪ | મહેસાણા | ૯૬૨૮૮૦.૦૦ |
| ૨૫ | ખેડા | ૨૯૨૩૫૦૭.૦૦ |
| | કુલ : | ૬૮૦૦૬૪૦૬.૫૦ |

(૩) વિરાંજલી વન જાળવણી માટે સરકારે ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે?

(૩) રાજ્ય સરકારે આ વૃક્ષો સંભાળવાની જવાબદારી જે તે ગ્રામ સમિતિની દેખરેખ હેઠળ સખી મંડળને સોંપેલ છે. સખી મંડળ ન હોય તે ગામોમાં ગ્રામ પંચાયત, ગ્રામ વોટરશેડ સમિતિ, સહભાગી વન વ્યવસ્થાની સમિતિ, જિલ્લા વન વિકાસ એજન્સીની સમિતિ, ઇકો ક્લબ, ઇકો ડેવલપમેન્ટ કમિટિ, શાળા, દવાખાનું, દુધ મંડળી અને સેવા સહકારી મંડળી જેવી સંસ્થાઓને સોંપેલ છે.

----------

**નિર્મળગામ માટે એવોર્ડની દરખાસ્ત**

૨૬૦૪ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ""નિર્મળ ગામ"" એવોર્ડ માટે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો, હા, તો ક્યારે કેટલા ગામો માટે?

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ૫૬૦૪ ગ્રામ પંચાયતો માટે દરખાસ્ત ભારત સરકારને મોકલવામાં આવેલ છે.

----------

**રાજ્યમાં સિંહોની વસ્તી**

૨૦૦૩ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં સિંહોની વસ્તી તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કેટલી છે,

(૧) સને એપ્રિલ-૨૦૦૫માં થયેલ સિંહોની વસ્તી ગણતરીના અંદાજ મુજબ સિંહોની વસ્તી ૩૫૯+૧૦ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં કેટલા સિંહોની હત્યા થઈ અને મૃત્યુ થયા, અને

(૨) છેલ્લા બે વર્ષમાં કુલ-૧૫ સિંહોની હત્યા થઇ અને ૬૪-સિંહોના મૃત્યુ થયા છે.

(૩) કેટલા ગુન્હેગારો પકડાયા છે?

(૩) ૪૯-ગુન્હેગારો પકડાયા છે.

----------

**રાજ્યમાં સિંહોની વસ્તી**

૧૯૪૦ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં સિંહોની વસ્તી ગણતરી છેલ્લે ક્યારે કરવામાં આવી,

(૧) એપ્રિલ-૨૦૦૫માં.

(૨) કેટલા સિંહોની સંખ્યા વધી છે, અને

(૨) અગાઉ સને ૨૦૦૧માં થયેલ સિંહોની વસ્તી ગણતરી બાદ, સને ૨૦૦૫માં થયેલ ગણતરી અનુસાર અંદાજે ૩૨-સિંહોની સંખ્યા વધી છે.

(૩) સિંહોની સંખ્યા પ્રમાણે અભ્યારણ્યનો વિસ્તાર પૂરતો છે?

(૩) સિંહોના સંરક્ષણ અને સંવર્ધન થતાં ગીર અને તેનો સંલગ્ન વિસ્તાર, ગિરનાર અને ગીરની પૂર્વમાં આવેલ અમરેલી અને ભાવનગર જિલ્લાના ઘાસીયા મેદાનોમાં સિંહનો વ્યાપ કુદરતી રીતે વધ્યો છે.

----------

## ગીરના જંગલમાં વસતા સિંહ અને અન્ય પ્રાણીઓની હત્યાના બનાવો

૧૨૬૮ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગિરના જંગલમાં વસતા સિંહ સહિતના કેટલા અન્ય પ્રાણીઓની ૨૦૦૭ ના વર્ષ દરમ્યાન હત્યા થઈ, | (૧) ૧૮. |
| (૨) હત્યાના બનાવો બનતા અટકાવવા માટે શા પ્રયાસો કરાયા, અને | (૨)<br>(૧) નવું વધારાનું મહેકમ મંજુર કરવામાં આવેલ છે.<br>(૨) વન્ય પ્રાણી મિત્રની ભરતી કરવામાં આવેલ છે.<br>(૩) જંગલ ફેરણાને અસરકારક કરવા માટે મોટર સાયકલની ફાળવણી કરવામાં આવેલ છે.<br>(૪) નવા વોકીટોકી સેટ તથા રીવોલ્વર મંજુર કરવામાં આવેલ છે.<br>(૫) અદ્યતન સાધનો જેવા કે રીમોટ કેમેરા, અદ્યતન સંદેશા વ્યવહાર વિગેરેનું આયોજન કરવામાં આવેલ છે.<br>(૬) જંગલમાં આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની નોંધ રાખવામાં આવે છે.<br>(૭) સરપંચશ્રી સાથે તથા ગ્રામલોકો સાથે વન્યપ્રાણીની હત્યા અટકાવવામાં મદદરૂપ થવા બેઠકો યોજવામાં આવે છે.<br>(૮) બાતમીદારોને ઇનામ આપવાની જાહેરાત કરવામાં આવે છે.<br>(૯) ગીર જંગલ વિસ્તારમાં આવેલ બસ સ્ટેશન તથા રેલવે સ્ટેશને શંકાસ્પદ જણાતી વ્યક્તિઓની પુછપરછ કરી જાણકારી મેળવવામાં આવે છે. |
| (૩) ભવિષ્યમાં કાયમી ધોરણે સિંહ સહિતના વન્ય પ્રાણીઓની હત્યા ન થાય તે માટે સરકાર લોકભાગીદારી ધ્વારા આગળ વધવા માંગે છે કે કેમ? | (૩) હા, જી. |

----------

## કચ્છના રણમાં જંગલી ગધેડાની વસ્તી વધારવા બાબત

૧૮૪૮ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છના નાના મોટા રણમાં વન વિભાગ જંગલી ગધેડાની વસ્તી વધારવા પ્રજનન કાર્યક્રમ હાથ ધરવાનો ઈરાદો ધરાવે છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમલ કરેલ જંગલી ગધેડા પ્રજનન યોજનાની વિગત શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો હયાત જંગલી ગધેડાની સંખ્યા સામે કેટલી જમીનની જરૂરીયાત સામે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રક્ષીત પ્રાણી જંગલી ગધેડાની જાળવણી માટે કેટલા ચોરસ માઈલ જમીન નીમ કરવા દરખાસ્ત કરેલ છે ? | (૩) કચ્છના નાના રણને તેના સંલગ વિસ્તાર ૪૯૫૩.૭૦ ચો.કિ.મી. રાજ્ય સરકારે ઘુડખર અભ્યારણ્ય તરીકે જાહેર કરેલ છે. તેનાથી વધારે કોઇ વિસ્તાર ઘુડખર માટે અભ્યારણ્ય તરીકે જાહેર કરવાની દરખાસ્ત હાલના તબક્કે નથી. |

----------

## વન પરનું ભારણ ઘટાડવાની યોજના

૨૦૧૭ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વન પરનું ભારણ ઘટાડવાની કોઈ યોજના | (૧) આવી અલાયદી યોજના અમલમાં નથી. પરંતુ |

અમલમાં છે, અને

વન પરનું ભારણ ઘટાડવાના ઉપાયો કરવામાં આવે છે.

(૨) આ માટે ક્યાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે?

(૨) વન વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ ગામોમાં સ્મશાન સગડીઓ પુરી પાડવામાં આવે છે. તેમજ વ્યક્તિગત લાભાર્થીઓને સુધારેલા ચુલા, સોલરકુકર, બાયોગેસ, જેવા સાધનો પૂરા પાડવામાં આવે છે.

**તહેવારોમાં રાહતદરે ગરીબી હેઠળ જીવતા પરિવારોને ખાદ્યતેલ આપવા બાબત**

૧૦૮૭ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૦૭-૦૮ના વર્ષમાં તહેવારોમાં રાહતદરે ખાદ્યતેલ ગરીબી રેખા હેઠળ જીવતા અને અંત્યોદય પરિવારોને રાહતભાવે ખાદ્યતેલ મળી રહે તે માટે ૧૨ હજાર મેટ્રીક ટન ખાદ્યતેલનો જથ્થો ખરીદેલ તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ તેલ પામોલીન હતું કે સીંગતેલ, | (૨) આર.બી.ડી. પામોલીન તેલ |
| (૩) તેની ખરીદી કઇ કિંમતે કરી હતી, અને | (૩) માહે-જુલાઈ-૦૭ તથા ઓગ-૦૭ માંટેના પામોલીન ૧૫ કીલો ટીનની પડતર કિંમત ૮૧૧.૧૧ પેસા હતી અને ૧ ક્લિોની પડતર કિંમત ૫૪/-થાય, માહે સપ્ટે.-૦૭ તથા ઓકટો-૦૭ માટેના પામોલીન તેલ ૧૫ ક્લિો પડતર કિંમત રૂા. ૮૮૪-૦૦ હતી અને ૧ ક્લિોની પડતર કિંમત ૫૯/- થાય |
| (૪) કઇ કિંમતે આ તેલ પ્રજાને વિતરણ કરવામાં આવેલ ? | (૪) આ તેલ પ્રતિ ક્લિો રૂા. ૪૨/-ના ભાવે વિતરણ કરવામાં આવેલ હતું. |

----------

**રાજ્યમાં અનામત પ્રકારના વૃક્ષો**

૧૯૪૮ **શ્રી અનિલકુમાર પટેલ(મહેસાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં અનામત પ્રકારના ક્યા ક્યા વૃક્ષો છે, અને | (૧) રાજ્યમાં સાગ, શીશમ, ચંદન, મહુડો અને ખેર અનામત પ્રકારનાં વૃક્ષો છે. |
| (૨) અનામત વૃક્ષોની કેટેગરીમાં સરકાર વધારો કે ઘટાડો કરવા માંગે છે કે કેમ ? | (૨) ના, જી. |

----------

**ભરૂચ જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા**

૧૦૮૪ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા કેટલી છે, | (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ભરૂચ જીલ્લામાં તાલુકાવાર બીપીએલ અને એપીએલ કાર્ડ ધારકોની સંખ્યા નીચે મુજબ છે. |

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **બીપીએલ કાર્ડ ધારકોની સંખ્યા** | **એપીએલ કાર્ડ ધારકોની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૨૫૩૬૬ | ૭૦૭૨૨ |
| ૨ | અંકલેશ્વર | ૧૪૭૯૬ | ૪૧૫૪૨ |
| ૩ | હાંસોટ | ૬૦૨૦ | ૭૧૩૩ |
| ૪ | વાગરા | ૬૭૯૬ | ૧૦૫૬૩ |
| ૫ | આમોદ | ૯૭૬૫ | ૯૩૦૮ |
| ૬ | જંબુસર | ૧૮૦૭૬ | ૧૮૮૮૬ |
| ૭ | વાલીયા | ૧૩૧૯૦ | ૭૮૦૨ |
| ૮ | ઝઘડીયા | ૧૬૭૨૪ | ૧૨૭૬૩ |
| | **કુલ :-** | **૧૧૦૭૩૩** | **૧૭૮૭૧૯** |

(૨) કાર્ડ ધારકો તેમના કુટુંબથી અલગ રહેવા જતા રહેલ ઇસમોને કાર્ડ વિભાજન કરવા કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, અને

(૨) કાર્ડધારકો તેમના કુટુંબથી અલગ રહેવા જતા રહેલ ઈસમોને કાર્ડ વિભાજન કરવા ૩૦૩૫ અરજીઓ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ છે.

(૩) તે અન્વયે કેટલી અરજીઓનો નિકાલ થયેલ નથી ?

(૩) તે અન્વયે ૨૨૨ અરજીઓનો નિકાલ થયેલ નથી.

----------

**રહેમરાહે આશ્રિતોને નોકરી આપવાની દરખાસ્તો**

૧૪૬૪ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ પંચાયત હસ્તક આશ્રિતોને રહેમરાહે જિલ્લાવાર નોકરી આપવાની દરખાસ્તો કેટલા સમયથી પડતરમાં છે, અને

(૨) આ દરખાસ્તો લાંબા સમયથી પડતરમાં હોય તેનો ઉકેલ લાવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) જુદા-જુદા સમયથી (પત્રક મુજબ)

(૨) રહેમરાહે નિમણૂંકની પ્રવર્તમાન નીતિને ધ્યાનમાં લઈને કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક**

**તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રહેમરાહે નોકરીના પડતર કેસોનું પત્રક.**

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **૧૯૯૬** | **૧૯૯૭** | **૧૯૯૮** | **૧૯૯૯** | **૨૦૦૦** | **૨૦૦૧** | **૨૦૦૨** | **૨૦૦૩** | **૨૦૦૪** | **૨૦૦૫** | **૨૦૦૬** | **૨૦૦૭** | **કુલ** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | - | - | - | - | - | - | ૧ | ૧ | ૨ | ૧ | ૧૨ | ૬ | ૨૩ |
| ૨ | અમરેલી | - | - | - | - | - | - | ૧ | - | ૧ | ૨ | ૫ | ૫ | ૧૪ |
| ૩ | આહવા | - | - | - | - | - | - | ૧ | ૧ | ૨ | ૩ | ૧ | ૭ | ૧૫ |
| ૪ | આણંદ | - | - | - | - | - | ૦૧ | ૧ | - | ૧ | ૭ | ૪ | ૧૦ | ૨૪ |
| ૫ | વડોદરા | - | - | - | - | - | ૦૨ | ૨ | - | ૨ | ૮ | ૮ | ૨૫ | ૪૭ |
| ૬ | ભરૂચ | - | - | - | - | - | - | - | ૧ | ૨ | ૧ | ૯ | ૮ | ૨૦ |
| ૭ | ભાવનગર | - | - | - | - | - | - | - | - | - | ૩ | ૭ | ૧૨ | ૨૨ |
| ૮ | કચ્છ-ભુજ | - | - | - | - | - | - | - | - | - | ૩ | ૬ | ૨ | ૧૧ |
| ૯ | દાહોદ | ૧ | - | - | - | - | ૧ | ૧ | ૧ | ૧ | ૧૪ | ૬ | ૭ | ૩૨ |
| ૧૦ | પંચમહાલ | - | - | - | - | ૧ | ૧ | ૨ | ૩ | ૩ | ૫ | ૭ | ૧૯ | ૪૧ |
| ૧૧ | ગાંધીનગર | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ | ૧ | ૬ | ૯ |

| અ.નં. | જિલ્લાનું નામ | ૧૯૯૬ | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | સાંબરકાંઠા | - | - | - | ૧ | - | - | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૯ | ૧૮ |
| ૧૩ | જામનગર | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૮ | ૩ | ૧૨ |
| ૧૪ | જુનાગઢ | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ | ૯ | ૮ | ૧૯ |
| ૧૫ | મહેસાણા | - | - | - | - | - | - | - | ૧ | ૧ | ૯ | ૧૧ | ૨ | ૨૪ |
| ૧૬ | નડિયાદ | - | - | - | - | - | - | ૨ | - | ૧ | ૪ | ૧૦ | ૧૧ | ૨૮ |
| ૧૭ | નર્મદા | - | - | - | - | - | - | - | | - | - | ૨ | ૪ | ૬ |
| ૧૮ | નવસારી | - | - | - | - | - | - | ૧ | - | - | ૧ | ૫ | ૨ | ૯ |
| ૧૯ | બનાસકાંઠા | - | - | - | - | - | - | - | ૩ | ૩ | ૯ | ૧૦ | ૯ | ૩૪ |
| ૨૦ | પાટણ | - | - | - | - | ૧ | - | - | ૧ | ૧ | ૪ | ૧ | ૬ | ૧૨ |
| ૨૧ | પોરબંદર | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ | - | ૩ |
| ૨૨ | રાજકોટ | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૫ | ૮ | ૧૪ |
| ૨૩ | સુરત | - | - | - | - | - | - | ૧ | ૧ | - | ૨ | ૧૦ | ૧૧ | ૨૫ |
| ૨૪ | સુરેન્દ્રનગર | - | - | - | - | - | - | - | ૧ | ૨ | ૨ | ૧ | ૮ | ૧૪ |
| ૨૫ | વલસાડ | - | - | - | - | - | - | - | - | - | ૨ | ૧ | ૨ | ૫ |
| | | | | | | | | | | | | | કુલ :- | ૪૮૧ |

----------

**જામનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર ન હોવા બાબત**

૧૫૦૫ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતો પંચાયત ઘરની સુવિધાથી વંચિત છે, અને

(૨) જે ગ્રામ પંચાયત, પંચાયત ઘરની સુવિધાથી વંચિત છે તેમને સરકાર પંચાયત ઘરની સુવિધા આપવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) કોઈપણ નહિ

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**ગીરના જંગલમાં સિંહોની હત્યા**

૨૩૨૮**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં આવેલ ગીરના જંગલોમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલા સિંહોની હત્યા કરવામાં આવી, અને કેટલા સિંહો કુદરતી રીતે મૃત્યુ પામ્યા, અને

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં આવેલ ગીરના જંગલોમાં તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ કુલ ૬ સિંહોની હત્યા થઈ અને ૨૭ સિંહો કુદરતી રીતે મૃત્યુ પામ્યા.

(૨) સિંહોની હત્યા અટકાવવા સરકારે ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

(૨) આવા બનાવો બનતા અટકે તે માટે નીચેની વિગતે પગલાઓ લેવામાં આવેલ છે.

(૧) જંગલ ફેરણાને સુદ્રઢ બનાવવા માટે મોટર સાયકલની ફાળવણી કરવામાં આવેલ છે.
(૨) બાતમી આપનાર બાતમીદારોને ઈનામ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.
(૩) દંગાઓની ચકાસણી કરવામાં આવે છે.
(૪) બૃહદ ગીરવિસ્તારમાં આવેલ બસ સ્ટેશન તથા રેલ્વે સ્ટેશને શંકાસ્પદ જણાતી વ્યક્તિઓની પુછપરછ કરી જણકારી મેળવવામાં આવે છે.
(૫) સરપંચશ્રી સાથે તથા ગ્રામલોકો સાથે વન્યપ્રાણીની હત્યા અટકાવવામાં મદદરૂપ થવા બેઠકો યોજવામાં આવે છે.
(૬) વન ખાતા તથા પોલીસ ખાતાના સ્ટાફ દ્વારા અરસ પરસ જણકારી મેળવવામાં આવે છે.
(૭) જુનાગઢ પોલીસ મહાનિરીક્ષક, જૂનાગઢ વિભાગના અધ્યક્ષ સ્થાન હેઠળ મંથલી મોનીટરીંગ કમીટીની રચના કરવામાં આવેલ છે.
(૮) વન્ય પ્રાણી મિત્રની નિમણૂંક કરવામાં આવેલ છે.
(૯) ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટીની સ્થાપના કરવામાં આવેલ છે.
(૧૦) સરકારશ્રી દ્વારા બૃહદ ગીરની યોજના અમલમાં મુકી નવું મહેકમ તથા સાધન સામગ્રી મંજુર કરેલ છે.
(૧૧) ખુલ્લા કુવાઓને પેરાપેટવોલ બાંધી સુરક્ષિત કરવામાં આવે છે.

----------

## આણંદ જિલ્લામાં આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ તાલુકાવાર પાડેલ દરોડા

**૧૨૭૦ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલી રેડ પાડી, અને

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ છેલ્લા બે વર્ષમાં તારીખ. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ રેડ પાડવામાં આવેલ છે.

| **તાલુકાનું નામ** | **૨૦૦૬** | **૨૦૦૭** | **કુલ** |
|---|---|---|---|
| આણંદ (શહેર) | ૯ | ૭ | ૧૬ |
| આણંદ (ગ્રામ્ય) | ૧૬ | ૨૦ | ૩૬ |
| પેટલાદ | ૧૦ | ૨૫ | ૩૫ |
| બોરસદ | ૧૬ | ૯ | ૨૫ |
| ખંભાત | ૧૩ | ૧૧ | ૨૪ |
| આંકલાવ | ૮ | ૧૩ | ૨૧ |
| તારાપુર | ૫ | ૧૩ | ૧૮ |
| સોજીત્રા | - | ૧૧ | ૧૧ |
| ઉમરેઠ | ૧૧ | ૧૩ | ૨૪ |
| **કુલ :-** | **૮૮** | **૧૨૨** | **૨૧૦** |

(૨) કેટલા ઇસમો સામે પગલાં લેવામાં આવ્યા ?

(૨) ૬૧ ઈસમો સામે પગલાં લેવામાં આવ્યા.

----------

### આદિજાતિ વિસ્તારમાં ચેકડેમ બનાવવાની યોજના

૧૩૪૯ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ વિસ્તારમાં ગુજરાત પેટર્ન હેઠળ ચેકડેમ બનાવવાની યોજના અમલમાં છે, અને | (૧) હા, જી. |
| (૨) આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭માં કુલ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા ? | (૨) ૩૬૭. |

----------

### આદિવાસી વિસ્તારમાં કુંવરબાઇ મામેરાની યોજના

૧૯૨૭ **શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં કુંવરબાઇનું મામેરૂ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સન ૨૦૦૬-૦૭માં કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) ૪૦૮૭. |

----------

### વડોદરા જિલ્લામાં વૃક્ષોનું વાવેતર

૧૯૫૬ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ દરમ્યાન વડોદરા જિલ્લામાં કેટલા અને ક્યા ક્યા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) નીચે જણાવ્યા મુજબ જુદી જુદી જાતના રોપાનું વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | રોપાની સંખ્યા (લાખમાં) | રોપાના પ્રકાર |
|---|---|---|
| ૨૦૦૪-૦૫<br>૨૦૦૫-૦૬<br>૨૦૦૬-૦૭ | ૧૬.૭૯<br>૧૨.૬૩<br>૧૯.૪૨ | બોર, ખેર, બહેડા, સેવન, વાંસ, ખાટી-આમલી, સીરસ, ગોરાડ, સાગ, આમળા, સાદડ, કડાયો, મહુડા, ખાખર, લીમડા, કણજ, કુસુમ, સીતાફળ, અરડુસો, બાવળ, રીજડો, નીલગીરી, શરૂ, ગુલમહોર, બંગાળી બાવળ, પેલ્ટોફોર્મ કાશીદ વગેરે. |
| **કુલ :-** | **૪૮.૮૪** | |

(૨) તે પેકી તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલા વૃક્ષો જીવિત છે ?

(૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ નીચે જણાવ્યા મુજબના રોપા જીવીત છે.

| વર્ષ | જીવીત રોપા (લાખમાં) |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૦.૪૩ |
| ૨૦૦૫-૦૬ | ૯.૩૦ |
| ૨૦૦૬-૦૭ | ૧૬.૪૮ |
| **કુલ:-** | **૩૬.૨૧** |

----------

**આદિજાતિ વિકાસ કમિશનર હસ્તકની એકલવ્ય મૉડેલ રેસીડેન્સીયલ સ્કૂલો**

૧૬૨૮ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કમિશનર આદિજાતિ વિકાસ હસ્તક કેટલી એકલવ્ય મૉડેલ રેસીડેન્સીયલ સ્કૂલ ચલાવવામાં આવે છે, તેની પાછળ વાર્ષિક ખર્ચ કેટલો થાય છે,

(૨) તે પૈકી કેટલી નિવાસી શાળાઓનો વહીવટ ક્યારથી કઈ ખાનગી સંસ્થાને કેટલા રૂપિયામાં સોંપવામાં આવેલ છે,

(૩) ખાનગી સંસ્થાને સોંપાયેલ નિવાસી શાળામાં ગાડી, કોમ્પ્યુટર, ઝેરોક્ષ, ફેક્સ અને પાગરણ અને કોના ધ્વારા ખરીદ કરવામાં આવેલ છે, અને

(૪) તેમનો કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) ૧૧ (અગીયાર)
રૂા. ૧,૬૧,૯૧,૯૮૪/-

(૨) (રકમ રૂા. લાખમાં)

| નામ | તારીખ | સંસ્થા | રકમ |
|---|---|---|---|
| તિલકવાડા | ૧-૧૦-૦૭ | ગ્લોબલ ઈન્ડીયન ફાઉન્ડેશન, સિંગાપુર | ૭૦.૦૦ |
| વેજલપુર | ૨-૭-૦૭ | નવરચના એજ્યુકેશન સોસાયટી, વડોદરા | ૭૦.૦૦ |

(૩)

| નામ | ગાડી | કોમ્પ્યુટર્સ | ઝેરોક્ષ મશીન | ફર્નિચર, પાગરણ |
|---|---|---|---|---|
| તિલકવાડા | એ.મો.રે. સોસાયટી મારફત | જી.આઈ.એફ. સંસ્થા દ્વારા | એ.મો.રે. સોસાયટી મારફત | એ.મો.રે. સોસાયટી અને જી.આઈ.એફ. મારફત |
| વેજલપુર | એ.મો.રે. સોસાયટી મારફત | ખરીદેલ નથી. | એ.મો.રે. સોસાયટી મારફત | એ.મો.રે. સોસાયટી મારફત |

(૪) તેમનો કુલ ખર્ચ રૂા. ૭૦,૦૩,૦૧૨/- થયેલ છે.

----------

**કચ્છ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ**

૨૬૨૩ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી(માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રીની કચ્છ જિલ્લાની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી પડેલ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ૧૦૩

(૨) બનતી ત્વરાએ

----------

**સહભાગી વન વ્યવસ્થા**

૨૦૧૧ **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સહભાગી વન વ્યવસ્થા એટલે શું, અને

(૨) ડાંગ જિલ્લામાં આ યોજનાઓ અમલ કરવા માંગો છો કે કેમ?

**જવાબ**

(૧) ગ્રામ સમુદાય અને સ્વૈચ્છિક સંગઠનોને વન જમીનના સંરક્ષણ, વિકાસ અને વહીવટમાં સહભાગી બનાવવાની યોજના.

(૨) ડાંગ જિલ્લામાં આ યોજના અમલમાં છે.

----------

**વન વિભાગમાં કામ કરતાં રોજમદારોને કાયમી કરવા બાબત**

૨૪૩૮ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ જિલ્લાવાર વન વિભાગમાં કામ કરતા રોજમદારોની સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ વન વિભાગમાં કામ માટે રોકેલ રોજમદારોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | રોજમદારોની સંખ્યા |
|---|---|---|
| (૧) | મહેસાણા | ૨૧૦ |
| (૨) | બનાસકાંઠા | ૧૮૬૦ |
| (૩) | સાબરકાંઠા | ૮૫૦ |
| (૪) | જૂનાગઢ | ૩૭૭ |
| (૫) | જામનગર | ૪૩૫ |
| (૬) | ભાવનગર | ૧૬૬૦ |
| (૭) | સુરેન્દ્રનગર | ૧૭૧ |
| (૮) | પોરબંદર | ૧૭ |
| (૯) | રાજકોટ | ૫૪૮ |
| (૧૦) | ડાંગ | ૬૪૫ |
| (૧૧) | વલસાડ | ૩૯૨ |
| (૧૨) | નવસારી | ૯૧ |
| (૧૩) | ભરૂચ | ૧૨૧ |
| (૧૪) | વડોદરા | ૩૦૧ |
| (૧૫) | સુરત | ૨૬૮ |
| (૧૬) | નર્મદા | ૫૩૫ |
| (૧૭) | કચ્છ | ૨૧૦ |
| (૧૮) | પાટણ | ૭૦ |
| (૧૯) | અમરેલી | ૮૨ |
| (૨૦) | ગાંધીનગર | ૨૯૮ |
| (૨૧) | પંચમહાલ | ૫૧૮ |
| (૨૨) | દાહોદ | ૫૨૮ |
| (૨૩) | અમદાવાદ | ૧૬૩ |
| (૨૪) | ખેડા | ૧૯૬ |
| (૨૫) | આણંદ | ૧૧૭ |
| (૨૬) | તાપી | ૪૦૧ |
| | **કુલ** | **૧૧૦૬૪** |

૮૪૩

આ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૩) બનતી ત્વરાએ

----------

**કરજણ અને શીનોર તાલુકામાં સરદાર પટેલ આવાસ યોજનામાં આવાસો**

૨૪૩૫ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના કરજણ અને શીનોર તાલુકામાં સરદાર પટેલ આવાસ યોજનાનો લક્ષ્યાંક કેટલો હતો,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જીલ્લાના કરજણ અને શિનોર તાલુકામાં સરદાર પટેલ આવાસ યોજનાનો લક્ષ્યાંક નીચે મુજબ હતો.

| | તાલુકો | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | કરજણ | ૧૦૯ | ૯૮ |
| ૨ | શિનોર | ૫૧ | ૫૧ |
| | **કુલ** | **૧૬૦** | **૧૪૯** |

(૨) આ યોજનામાં આ વારસો દરમ્યાન કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ યોજનામાં આ વરસો દરમ્યાન નીચે મુજબ આવાસો મંજુર કરવામાં આવ્યા.

| | તાલુકો | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | કરજણ | ૧૦૯ | ૯૮ |
| ૨ | શિનોર | ૫૧ | ૫૧ |
| | **કુલ** | **૧૬૦** | **૧૪૯** |

(૩) આવાસો મંજૂર ન થવાના કારણો શા છે ?

(૩) લક્ષ્યાંક્ના પ્રમાણમાં આવાસો મંજુર કરેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**ભરૂચ જિલ્લામાં રેશનકાર્ડ ધારકોને કેરોસીન ફાળવવા બાબત**

૧૦૮૬ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ ધારકોને દર માસે કેટલું કેરોસીન છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ફાળવવામાં આવ્યું,

(૧) આ સાથે સામેલ પત્રક-૧ માં દર્શાવ્યા મુજબ.

**પત્રક-૧**

**ભરૂચ જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ ધારકોને છેલ્લા એક વર્ષમાં દર માસે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ફાળવવામાં આવેલ કેરોસીન વિગેરેની માહીતી દર્શાવતું પત્રક**

| અ.નં. | માસનું નામ | ભરૂચ | અંકલેશ્વર | હાંસોટ | ઝઘડીયા | વાલીયા | જંબુસર | આમોદ | વાગરા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ફાળવણી | ફાળવણી | ફાળવણી | ફાળવણી | ફાળવણી | ફાળવણી | ફાળવણી | ફાળવણી | ફાળવણી |
| ૧ | જાન્યુ.૦૭ | ૫૧૬ | ૨૮૨ | ૧૦૮ | ૨૭૮ | ૨૦૭ | ૨૬૪ | ૧૬૧ | ૧૪૭ | ૧૯૬૩ |
| ૨ | ફેબ્રુ-૦૭ | ૫૦૦ | ૨૮૫ | ૧૧૨ | ૨૮૧ | ૨૧૨ | ૨૬૩ | ૧૬૨ | ૧૪૮ | ૧૯૬૩ |
| ૩ | માર્ચ-૦૭ | ૫૦૨ | ૨૮૦ | ૧૦૯ | ૨૯૬ | ૨૦૧ | ૨૬૫ | ૧૬૨ | ૧૪૮ | ૧૯૬૩ |
| ૪ | એપ્રિલ-૦૭ | ૫૦૭ | ૨૭૯ | ૧૦૮ | ૨૮૮ | ૨૦૩ | ૨૬૩ | ૧૬૩ | ૧૪૭ | ૧૯૬૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૫ | મે-૦૭ | ૫૦૨ | ૨૭૭ | ૧૦૭ | ૨૮૫ | ૨૦૧ | ૨૬૮ | ૧૬૧ | ૧૪૯ | ૧૯૫૦ |
| ૬ | જુન-૦૭ | ૫૦૩ | ૨૭૮ | ૧૦૮ | ૨૮૬ | ૨૦૨ | ૨૬૭ | ૧૬૨ | ૧૫૦ | ૧૯૫૬ |
| ૭ | જુલાઈ-૦૭ | ૫૦૬ | ૨૮૧ | ૧૦૮ | ૨૮૩ | ૨૦૩ | ૨૬૯ | ૧૬૪ | ૧૪૮ | ૧૯૬૨ |
| ૮ | ઓગષ્ટ-૦૭ | ૫૦૧ | ૨૭૯ | ૧૦૭ | ૨૮૦ | ૨૦૧ | ૨૬૮ | ૧૬૩ | ૧૪૬ | ૧૯૪૫ |
| ૯ | સપ્ટે.-૦૭ | ૫૦૨ | ૨૭૭ | ૧૦૭ | ૨૮૦ | ૨૦૧ | ૨૬૬ | ૧૬૩ | ૧૪૬ | ૧૯૪૨ |
| ૧૦ | ઓક્ટો-૦૭ | ૪૯૭ | ૨૭૫ | ૧૦૬ | ૨૭૭ | ૧૯૮ | ૨૬૪ | ૧૬૧ | ૧૪૪ | ૧૯૨૨ |
| ૧૧ | નવે.-૦૭ | ૪૯૯ | ૨૭૨ | ૧૦૬ | ૨૭૫ | ૧૯૮ | ૨૬૨ | ૧૬૦ | ૧૪૫ | ૧૯૧૭ |
| ૧૨ | ડીસે-૦૭ | ૪૯૬ | ૨૭૨ | ૧૦૮ | ૨૭૪ | ૧૯૭ | ૨૬૨ | ૧૬૦ | ૧૪૭ | ૧૯૧૬ |
| ૧૩ | જાન્યુ.૦૮ | ૪૯૭ | ૨૭૩ | ૧૦૮ | ૨૭૫ | ૧૯૭ | ૨૬૨ | ૧૬૦ | ૧૪૭ | ૧૯૧૯ |

(૨) તે અન્વયે જરૂરીયાત સામે કાર્ડધારકોને કેટલું કેરોસીન આપવામાં આવ્યું, અને

(૨) આ સાથે સામેલ પત્રક-૨માં દર્શાવ્યા મુજબ.

**પત્રક-૨**

**ભરૂચ જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ ધારકોને છેલ્લા એક વર્ષમાં દર માસે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ફાળવવામાં આવેલ કેરોસીન વિગેરેની માહીતી દર્શાવતું પત્રક**

| અ. નં. | માસનું નામ | ભરૂચ | અંકલેશ્વર | હાંસોટ | ઝઘડીયા | વાલીયા | જંબુસર | આમોદ | વાગરા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વિતરણ | વિતરણ | વિતરણ | વિતરણ | વિતરણ | વિતરણ | વિતરણ | વિતરણ | વિતરણ |
| ૧ | જાન્યુ.૦૭ | ૫૨૪ | ૨૮૨ | ૧૦૫ | ૨૭૭ | ૨૦૭ | ૨૬૮ | ૧૬૧ | ૧૪૮ | ૧૯૬૧ |
| ૨ | ફેબ્રુ-૦૭ | ૪૯૭ | ૨૮૦ | ૧૦૩ | ૨૭૮ | ૨૧૨ | ૨૬૩ | ૧૬૨ | ૧૫૧ | ૧૯૪૮ |
| ૩ | માર્ચ-૦૭ | ૫૦૫ | ૨૭૬ | ૧૧૧ | ૨૭૦ | ૨૦૧ | ૨૬૯ | ૧૬૨ | ૧૫૧ | ૧૯૬૮ |
| ૪ | એપ્રિલ-૦૭ | ૫૧૫ | ૨૮૦ | ૧૧૨ | ૨૮૪ | ૨૦૭ | ૨૬૫ | ૧૬૩ | ૧૪૯ | ૧૯૭૫ |
| ૫ | મે-૦૭ | ૫૦૫ | ૨૮૭ | ૧૦૮ | ૨૯૪ | ૨૦૨ | ૨૫૯ | ૧૬૧ | ૧૪૭ | ૧૯૬૧ |
| ૬ | જુન-૦૭ | ૫૦૯ | ૨૮૦ | ૧૦૬ | ૩૦૬ | ૨૦૩ | ૨૬૬ | ૧૬૨ | ૧૪૭ | ૧૯૬૯ |
| ૭ | જુલાઈ-૦૭ | ૫૦૦ | ૨૮૨ | ૧૦૯ | ૨૮૩ | ૨૦૩ | ૨૭૫ | ૧૬૪ | ૧૪૯ | ૧૯૬૫ |
| ૮ | ઓગષ્ટ-૦૭ | ૫૦૫ | ૨૭૮ | ૧૦૭ | ૨૮૦ | ૨૦૧ | ૨૬૮ | ૧૬૩ | ૧૪૬ | ૧૯૪૮ |
| ૯ | સપ્ટે.-૦૭ | ૫૦૫ | ૨૭૭ | ૧૦૮ | ૨૮૦ | ૨૦૨ | ૨૬૮ | ૧૬૩ | ૧૪૬ | ૧૯૪૯ |
| ૧૦ | ઓક્ટો-૦૭ | ૪૯૬ | ૨૭૬ | ૧૦૧ | ૨૭૬ | ૧૯૮ | ૨૬૬ | ૧૬૦ | ૧૪૫ | ૧૯૧૮ |
| ૧૧ | નવે.-૦૭ | ૪૯૯ | ૨૭૨ | ૧૦૫ | ૨૭૩ | ૧૯૭ | ૨૬૨ | ૧૫૭ | ૧૪૬ | ૧૯૧૧ |
| ૧૨ | ડીસે-૦૭ | ૪૯૭ | ૨૬૯ | ૧૦૭ | ૨૭૫ | ૧૯૬ | ૨૬૧ | ૧૫૯ | ૧૪૩ | ૧૯૦૭ |
| ૧૩ | જાન્યુ.૦૮ | ૪૯૮ | ૨૭૩ | ૧૧૧ | ૨૭૫ | ૧૯૭ | ૨૬૦ | ૧૬૨ | ૧૪૮ | ૧૯૨૪ |

(૩) નિયત કરેલ કેરોસીન કરતા ઓછું કેરોસીન ફાળવવાના કારણો શા છે ?

(૩) કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને જરુરીયાત કરતાં ઓછું કેરોસીન ફાળવવામાં આવે છે અને જેટલું

કેરોસીન ફાળવવામાં આવે છે તે રાજ્યના તમામ જિલ્લાઓને સમાન ધોરણે ફાળવવામાં આવે છે.

----------

**જામનગર જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસો બનાવવા બાબત**

૧૫૦૬ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જામનગર જિલ્લામાં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા આવાસો શરૂ કરી પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા આવાસ પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા પૂર્ણ કરવાના બાકી છે, અને

(૩) તે ક્યાં સુધી પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ જામનગર જીલ્લામાં કુલ-૧૦૦૮ આવાસો શરૂ કરી કુલ-૩૧૨ આવાસોના કામો પૂર્ણ કરેલ છે.

(૨) તે પૈકી ૩૧૨ આવાસો પૂર્ણ થયા, ૧૦૦ આવાસો રદ થયા અને ૫૯૬ કામો પ્રગતિમાં છે.

| | તાલુકો | પૂર્ણ આવાસ | બાકી આવાસ |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૩૫ | ૭૫ |
| ૨ | ધ્રોલ | ૪ | ૩૯ |
| ૩ | જોડીયા | ૩૧ | ૭૯ |
| ૪ | કાલાવડ | ૨૨ | ૪૪ |
| ૫ | લાલપુર | ૫૨ | ૩૨ |
| ૬ | ભાણવડ | ૨૪ | ૮૨ |
| ૭ | જામજોધપુર | ૧૭ | ૮ |
| ૮ | ખંભાળીયા | ૬૭ | ૭૯ |
| ૯ | કલ્યાણપુર | ૩૨ | ૮૮ |
| ૧૦ | દ્વારકા | ૨૮ | ૭૦ |
| | **કુલ** | **૩૧૨** | **૫૯૬** |

(૩) ચાલુ નાણાંકીય વર્ષમાં કુલ-૫૯૬ આવાસો પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

(અંતરાય).

**અધ્યક્ષશ્રી :** ઓર્ડર..ઓર્ડર..નીતિનભાઈ, આપ એકબીજા સામે.(અંતરાય)ન કરો.(અંતરાય)

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : એમણે ગૃહ ચલાવવાનું છે? (અંતરાય)સાહેબ, મંત્રીશ્રી એમ કહે છે કે ગૃહ મારે ચલાવવાનું છે(અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : કોઈએ એમ નથી કહ્યું સાહેબ, સાવ ખોટી બાબત છે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર..ઓર્ડર..ગૃહ મારે ચલાવવાનું છે, ગૃહ આપણે ચલાવવાનું છે...ઓર્ડર..ઓર્ડર..માનનીય મંત્રીશ્રી પોતાની માગણીઓ રજૂ કરે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

## માર્ગ અને મકાન વિભાગ

### માગણી ક્રમાંક-૮૬

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગો અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસલી ખર્ચ માટેની રૂ.૧૨,૨૭,૬૦,૮૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૮,૨૮,૮૮,૬૦,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૮૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૮૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરું છું.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશ ભે. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૮૭**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાટનગર બાંધકામ યોજના સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૮,૫૧,૬૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૮૮,૭૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૮૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૮૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૮૮**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાનમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને મકાન વિભાગને લગતી અન્ય ખર્ચ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧૨,૨૦,૨૧,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂ. ૬,૦૫,૦૦,૦૦૦/- ની મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક: ૮૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૮૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

**મહિલા અને બાળવિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક - ૧૦૫**

**ડૉ. માયાબેન સુ.કોડનાની (રાજય કક્ષાના મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા બાળ કલ્યાણ વિભાગની સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂપિયા ૯૯,૧૫,૦૦૦/- ની માગણી ક્રમાંક- ૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૧૦૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ અને ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ અને ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા ૧૪/૩/૨૦૦૮ (પાંચમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **માર્ગ અને મકાન વિભાગ**<br>**માગણી નં. ૮૬** | |
| ૧. | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૦૪-જિલ્લા અને અન્ય માર્ગો<br>૩૩૭-માર્ગ કામો<br>રૂા. ૪,૦૮,૭૦,૦૦,૦૦૦<br>પા.નં. ૬૮ (ભાગ-૧)<br>પા.નં. ૨૩ થી ૬૫ (ભાગ-૨) | ૧૦૦ | માર્ગોના કામ માટે પંચાયતોને સહાયક અનુદાન સમયસર ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૨. | --"-- | ૧૦૦ | માર્ગોના મરામતની કામગીરી માટે સમયસર અને પૂરતા સાધનો ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર |
| ૩. | --"-- | ૧૦૦ | માર્ગોની મરામત ઝડપથી કરવા અને તેની ગુણવતા જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદીન શેખ |
| ૪. | --"-- | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોની મરામત કામગીરી સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| ૫. | --"-- | ૧૦૦ | ગ્રામીણ માર્ગોને ડામર સપાટી સુધી પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહંમદ ફારુખ શેખ |
| ૬. | --"-- | ૧૦૦ | માર્ગોની કામગીરીમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૭. | --"-- | ૧૦૦ | અગાઉ બનાવવામાં આવેલા ગ્રામીણ માર્ગોને રીકારપેટ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૮. | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૦૫-નિર્દેશ અમદાવાદ ...માર્ગ<br>રૂા.૧૯,૫૫,૦૦૦<br>પા.નં. ૭૭-૭૮(ભાગ-૧) | ૧૦૦ | અમદાવાદ-વડોદરા એકસપ્રેસ માર્ગની સમયસર મરામતની કામગીરીના અભાવે વાહનચાલકોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર |
| ૯. | ૫૦૫૪-માર્ગ...જોગવાઈ<br>૦૩-રાજયધોરી માર્ગ<br>૧૦૧-પુલ<br>રૂા. ૪૧,૫૪,૮૧,૦૦૦ | ૧૦૦ | પુલોના અધુરા કામો સમયસર પૂરા કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાનજીભાઈ તળપદા |

| | | | | |
|---|---|---|---|---|
| | પા.નં. ૩૮૦ થી ૪૦૭ (ભાગ-૧) | | | |
| ૧૦. | --"-- | ૧૦૦ | નબળા પુલો ફરીથી બનાવવા માટેનું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૧૧. | ૫૦૫૪-માર્ગ....જોગવાઈ<br>૦૩-રાજય ધોરી માર્ગ<br>૧૯૦-જાહેર...રોકાણ<br>રૂા. ૨૮,૬૮,૧૦,૦૦૦<br>પા.નં. ૪૦૮-૪૧૦(ભાગ-૧) | ૧૦૦ | ધોરી માર્ગો ઉપર ટોલટેક્ષ ઉઘરાવામાં ચાલતી ઉઘાડી લૂંટ રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મુકેશ ભૈ. ગઢવી |
| *૧૨. | --"-- | ૧૦૦ | ધોરી માર્ગ ઉપર લેવાતા ટોલટેક્ષ અંગે લોકોને માહિતગાર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩. | --"-- | ૧૦૦ | રાજયના ધોરી માર્ગોની મરામતમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બચુભાઈ કિશોરી |
| ૧૪. | ૫૦૫૪-માર્ગ પુલ<br>૦૪-જિલ્લા અને અન્ય માર્ગો<br>૮૦૦-અન્ય ખર્ચ<br>રૂા. ૧,૯૬,૨૦,૦૦૦<br>પા.નં. ૪૯૬ (ભાગ-૧) | ૧૦૦ | જિલ્લાના મુખ્ય માર્ગને રાષ્ટ્રિય ધોરી માર્ગ સાથે જોડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લાલસિંહ વડોદિયા |
| | | **માગણી નં. ૮૭** | | |
| ૧૫. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૧-રાજય પાટનગર વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૮,૫૧,૬૦,૦૦૦<br>પા.નં. ૫૬ થી ૬૧ (ભાગ-૧) | ૧૦૦ | ગાંધીનગરના આંતરીક માર્ગોની મરામત કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૧૬. | --"-- | ૧૦૦ | પાટનગરમાં પૂરતા પ્રમાણમાં પાણીનો ફોર્સ ન મળવાથી રહેવાસીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૭. | --"-- | ૧૦૦ | ઘેર ઘેર કચરો ઉપાડવાની અને સફાઈની કામગીરીની નબળી વ્યવસ્થા સુધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જગદીશ ઠાકોર |
| ૧૮. | --"-- | ૧૦૦ | ગાંધીનગરના આંતરીક રસ્તાઓની બંધ હાલતની સ્ટ્રીટ લાઈટો મરામત કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| | | **માગણી નં. ૮૮** | | |
| ૧૯. | ૨૦૭૦-અન્ય વહીવટ સેવાઓ<br>૧૧૫-અતિથી ગૃહ...વગેરે<br>૧૧-રાજય.... ખર્ચ<br>રૂા. ૧૨,૨૦,૨૧,૦૦૦<br>પા.નં. ૩૦-૩૧ (ભાગ-૧) | ૧૦૦ | સરકીટ હાઉસોમાં રુમો ફાળવવા અંગેનાં ધોરણો જાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નિરંજન પટેલ |
| ૨૦. | --"-- | ૧૦૦ | સરકીટ હાઉસના લાંબા સમયથી બાકી બીલોની રકમ સમયસર વસૂલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૨૧. | --"-- | ૧૦૦ | સરકીટ હાઉસોમાં ધારાસભ્યો-મંત્રીશ્રીઓએ ચૂકવેલાં બીલોની ફરીથી થતી ઉઘરાણીઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી (હીરાભાઈ પટેલ) |
| | | **મહિલા અને બાળ વિકાસ વિભાગ**<br>**માગણી નં.૧૦૫** | | |
| ૨૨. | ૨૨૫૧-સચિવાલય<br>૦૯૦-સચિવાલય<br>૦૧-મહિલા....વિભાગ<br>રૂા. ૮૯,૧૫,૦૦૦<br>પા.નં. ૨૮-૨૯ | ૧૦૦ | ગરીબ, નિરાધાર મહિલાઓને કાનૂની સહાય પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ (ભગવાનભાઈ બારડ) |
| ૨૩. | ૨૨૫૧-સચિવાલય<br>૦૯૦-સચિવાલય<br>૦૧-મહિલા....વિભાગ<br>રૂા. ૮૯,૧૫,૦૦૦<br>પા.નં. ૨૮-૨૯ | ૧૦૦ | સગર્ભા ધાત્રી બહેનોને મળતા પોષક આહાર અંગેની જાહેરાતને વ્યાપક પ્રસિધ્ધિ આપી વધુ મહિલાઓ લાભ મેળવે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા (શંકરભાઈ વાઘેલા) |
| ૨૪. | --"-- | ૧૦૦ | દહેજ પ્રતિબંધ ધારાનો સખતાઈથી અમલ કરવામાં | શ્રીમતી ચંદ્રિકાબેન |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા | બારીયા |
| ૨૫. | --"-- | ૧૦૦ | મહિલાઓ અને બાળકો સાથે થતો અનૈતિક વ્યવહાર અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| *૨૬. | --"-- | ૧૦૦ | વિધવા/ત્યકતા મહિલાઓને સમયસર પેન્શન મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૭. | --"-- | ૧૦૦ | મહિલા બાળ વિકાસની કામગીરીનું યોગ્ય મોનીટરીંગ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હરીલાલ પટેલ |
| ૨૮. | --'-- | ૧૦૦ | મહિલા વિકાસના ક્ષેત્રમાં ઉત્કર્ષ ફાળા માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને મહિલા સામાજિક કાર્યકરોને એવોર્ડ આપવામાં દાખવાતો ભેદભાવ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરૂભાઈ ભીલ |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે. શ્રી શક્તિસિંહજી ગોહિલ

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ 'મા' અને 'મ' આજે સરકારમાં પરિસ્થિતિ એવી છે કે 'મા' અને 'મ' એટલે માર્ગ મકાન નહિ, માખણ અને મલાઈ. એક સમય હતો. માનનીય દિનશા પટેલ મંત્રીશ્રી હતા. આ ગૃહના કોઈ સભ્ય જઈને કહેતો આ પક્ષનો હોય કે તે પક્ષનો હોય કે મારા ગામડામાં રસ્તા જોઈએ છીએ અને એને જોબનંબર મળતો હતો. 'મા' અને 'મ' એટલે માગો અને મળશે. એ પ્રકારનો વહીવટ આ વિભાગમાં ચાલતો હતો. આજે આ માખણ અને મલાઈ વિભાગ જે રીતે વહીવટ ચાલે છે. એકતરફ પ્રશ્નોત્તરીમાં આપણે જોઈએ છીએ કે કેટલા બધા બેરોજગાર યુવાનો ગુજરાતમાં છે. આ બેરોજગારોને રોજગારી આપવાનું સૂઝતું નથી, કારણ કે એમાં માખણ અને મલાઈ ન મળે. એના બદલે કોન્ટ્રાક્ટ આપો, જોબવર્ક કરાવો, એજન્સીઓને આપો. ગુજરાત ભવનની અંદર ઓપરેટર બેસે ત્યાં આપણા બેરોજગાર યુવાનને રોજગારી ન મળે, ત્યાં બહારથી લાવેલા કોન્ટ્રાક્ટ બેઈઝ ઉપરના માણસો નૉન ગુજરાતી કામ કરે છે અને આપણે ગુજરાતીની વાત કરીએ છીએ. છેક છેવાડે બેઠેલા માણસથી લઈને મંત્રીશ્રીઓના બંગલાઓ સુધી તપાસો. પહેલા એક માળી આવતો હતો, કામ કરતો અને રોજગારને રોજગારી મળતી. આજે એનું આખું જોબવર્ક અપાય છે. બંગલાની પાછળ કઈ પરિસ્થિતિ હોય છે. માનીતા બે-ચાર મંત્રીશ્રી સિવાયના બંગલાના કમ્પાઉન્ડ જુઓ તો આપણને ખ્યાલ આવે જ્યાં આ પરિસ્થિતિ અહીયા છે તો છેવાડે શું હશે? તે માત્ર મા અને મ જાણે. ધારાસભ્યશ્રીઓના ક્વાર્ટર છે ને કદાચ વર્ગ-૪ ના કર્મચારીઓને રહેવાની જગ્યા આવી ન હોય તે પ્રકારની પરિસ્થિતિ છે. પરિસ્થિતિ કઈ છે. હું કહું છું તેમ નહિ. હું તો કદાચ વિરોધપક્ષનો છું. ટીકા કરી લઉ. ખોટું બોલતો હોય તેમ કહેશો. ૧ કરોડ ૪૫ લાખ રૂપિયા Wasteful avoidable expenditure due to usage of sand as filler material and execution of surface dressing between two road crusts. ૧ કરોડ ૪૫ લાખ રૂપિયા એ માખણ અને મલાઈ તરીકે ચવાઈ ગયા. કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલ એમ કહે છે કે આ ખોટું થયું છે. Take action give me reply. આ તંત્રને પડી નથી. કૉન્સ્ટિટ્યૂશનલ એજન્સી કેગ એમ કહે કે અહીયા ૧ કરોડ ૪૫ લાખ ખવાઈ ગયા છે. જવાબ આપો. જવાબ આપવાની ચિંતા ન કરે અને બીજા રિપૉર્ટમાં કેગે નોંધવું પડે. The matter was reported to government in June ૨૦૦૬, reply was not received (october ૨૦૦૬).

માનનીય અધ્યક્ષશ્રી, આટલી બધી બેદરકારી વિભાગમાં કયાંય જોઈ નથી. સરકીટ હાઉસમાં માણસ જતો અને ભોજન લેતો, આ પૈસા કમાવવા માટેના સરકીટ હાઉસ નથી. મંત્રીશ્રીઓ જાય એને તો એના વિભાગો વૈભવી સેવાઓ આપે પણ નાનો કર્મચારી કે અધિકારી રોકાયો હોય એના ભોજનના ખર્ચા કોઈ રાખે તો એની વ્યવસ્થા જો આઇસ્ક્રીમ સહિતનું રાખવાનું હશે તો કહેશે ૧૫૦ રૂપિયા થશે એક થાળીના. અમદાવાદની કોઈ વૈભવી હોટલમાં આ ચાર્જીસ ન હોય એટલા સરકીટ હાઉસમાં કયાંથી આવે છે તે મને સમજાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જે વિલેજ રોડ છે, બીજા નાના નાના રસ્તાઓ છે તેની મરામત થતી નથી. અહીં માનનીય સભ્યશ્રીઓ પ્રશ્નો પૂછે કે અમારો રસ્તો તૂટી ગયો છે. તબક્કાવાર એનું રીપેરીંગ થશે. આ તબક્કાઓ તો પૂરા જ થતા નથી. ગામડાનો માણસ એક ઠીક રસ્તાની તો અપેક્ષા રાખે. જે ખર્ચાઓ થાય છે. એ-૧ના કામો અપાય છે, હેન્ડ રીસીપ્ટ પરના કામો અપાય છે અને ત્યાં ચાલે છે ૬૦:૪૦. ૬૦ ટકા છે ઑફિસોમાં ભાગ પડાય છે. તેના ફીકસ હોય છે. સુપરવાઈઝરના આટલા, ડેપ્યુટી એન્જિનિયરના આટલા, એકઝીકયુટીવ એન્જિનિયરના આટલા અને ઉપર સુધી મોકલવાના આટલા. આ માખણ અને મલાઈ જો વિભાગમાં ચાલે ત્યાં પરિસ્થિતિ શું થાય છે? ભૂતકાળના એક મંત્રી હતા અને દાખલો આપ્યો. આ ગૃહના ઘણા સભ્યશ્રીઓ છે. પૂછજો એમને. હું વિનંતી કરું છું જે બેઠા બેઠા બોલે છે એમને કે માર્ગ અને મકાન કઈ રીતે ચાલતો હતો? મારા ભાગે આજે પ્રાઈવેટ મેમ્બર બીલ છે એટલે વધારે આ વિભાગની વાત નથી કરતો. મારા અન્ય સભ્યશ્રીઓ આ ચર્ચામાં ભાગ લેવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ માટેની વાતો થાય છે. મહિલા અને બાળ વિકાસના કલ્યાણના ખર્ચના પૈસા ફળવાયેલા કયાં વપરાય? મારે ભાષણ કરવું છે એના માટે મેદની જોઈએ છે. મહિલાઓને લઈ આવો. હું મારી ભાષણની પ્રૅક્ટિસ કરું તેના માટે પૈસા વપરાય. હું ભાઈ છું, તમારો રખેવાળ છું, તમારો નંબર-૧ છું પણ તમારી જ સરકારની શાળાની એક વિદ્યાર્થીની લાજ લૂંટાય ત્યારે એને છાવરવા માટેના કામ પણ આ જ તંત્ર દ્વારા થાય. આનાથી વધારે શરમ કઈ ના હોઈ શકે? વાત કરીએ છીએ આપણે મહિલા વિકાસની. લેટેસ્ટ સોશીયો ઈકોનૉમિક રીવ્યુ ૨૦૦૭-૦૮ આ આંકડા આપે છે. This is not my figure. ૨૦૦૧-૦૨માં હાયર એજ્યુકેશનમાં ૨,૧૬,૦૦૦ દીકરીઓ અભ્યાસ કરતી હતી. આપણે આગળ વધવાની વાત કરીએ છીએ જે ૨૦૦૬-૦૭ માં ૧,૯૧,૦૦૦ થઈ ગઈ. આ નંબર ડાઉન થયા. ડાઉન અહીંયાં નંબર થયા એટલું નહીં કેવા રાજયો આ ક્ષેત્રમાં આપણાથી આગળ નીકળ્યા, આંધ્રપ્રદેશ, હરિયાણા, હિમાચલપ્રદેશ, કર્ણાટક, કેરલ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પંજાબ, તામિલનાડુ, ઉત્તરપ્રદેશ અને છત્તીસગઢ આપણા કરતાં આગળ નીકળી ગયા અને છતાં આપણે કલબો પાસે પાટિયા લગાવીએ છીએ. હું કરું હું કરું એ જ અજ્ઞાનતા મોટી, સકટનો ભાર જેમ શ્વાન તાણે. આ ફીગર વાસ્તવિકતા છે. આપણે કલ્યાણ કોનું કરવું પડશે? તાજુ જન્મેલું બાળક છે તેની ચિંતા છે આપણને? આપણને ગરીબ મહિલાની ચિંતા છે ખરી? આપણી મહિલાઓમાં આપણી દીકરીઓમાં જે સંસ્કૃતિથી ઉતરી આવેલા સંસ્કારો છે તેનું જતન કરવામાં તંત્ર ઉણું ઉતર્યુ છે અને એટલા માટે હું માંગણીઓને સમર્થન આપી શકું તેમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી વર્કર તરીકે કામ કરતી આપણી બહેનોને અભિનંદન આપવાં જોઈએ. સહેજ પણ આપણામાં સારી વાતને બિરદાવવાની તાકાત હોય તો કેન્દ્ર સરકારે તેના પગાર વધારી આપ્યા છે. આપે વધારેલા પગાર હવે તેમાં ભેળવી નહીં દેતા. તેમાં ઉમેરો કરજો અને આંગણવાડી વર્કર બહેનોને જે સાચા અર્થમાં કામ કરે છે તેને તેનું કામ કરવા દેજો. હું તે કહેવા માગું છું. આંગણવાડી વર્કર બહેનો બસ ભરીને જો મેદની ન લઈ આવે તો તેની સામે પગલાં લેવાની ધમકી આપવાને બદલે એ ઝૂંપડામાં બેઠેલી બહેનની ચિંતા કરે એ રીતે કામ કરવા દેવામાં આવે એ જ વાત કરીને હું આ વિભાગો જે પ્રજા માટેના કામ કરવામાં નિષ્ફળ ગયા છે એની માગણીઓને સમર્થન નથી આપી શકતો.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ માનનીય સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી વાત કરી રહ્યા હતા, અને એમની વાતમાં રાજકીય રંગ વધારે હોય એ સ્વાભાવિક છે અને મને રાજકીય રંગ અથવા તો રાજકીય વાતમાં પડવામાં રસ નથી, પણ જે હકીકત છે, અને મેં જે અનુભવ્યું છે એની વાત કરવા માગું છું.

માર્ગ અને મકાનની વાત કરું તો માનનીય અધ્યક્ષશ્રી, આપણે આપણી વાતને આવકારીએ, પ્રશંસા કરીએ કે કદર કરીએ એના કરતાં અન્ય રાજયના લોકો અને અન્ય દેશના લોકો જ્યારે આપણા રાજયમાં આવે છે અને ત્યારે આપણા રસ્તાઓની સ્થિતિ જુએ છે ત્યારે એ આપણા રસ્તાઓની પ્રશંસા કરે છે એને દાદ આપ્યા વગર આપણે રહી શકતા નથી અને એ લોકો તો તટસ્થ રીતે અને પક્ષાપક્ષથી પર રહીને મૂલ્યાંકન કરતા હોય છે. આમ તો રાષ્ટ્રના વિકાસ માટે માળખાકીય સુવિધાઓ એ બહુ મહત્ત્વની છે અને માળખાકીય સુવિધાઓમાં માર્ગ અને મકાનનો ફાળો એ ખૂબ જ મહત્ત્વનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરમાત્માએ જ્યારે માણસનું સર્જન કર્યું ત્યારે એણે એક શરીર આપ્યું, આ શરીર છે એ એક ઉત્તમ માળખા તરીકે માણસને શરીર આપ્યું અને એ શરીરનું સંચાલન કરવા માટે માણસને એક મગજ આપ્યું, મન અને ચેતના દ્વારા એને કાર્યશીલ કરવા માટે એને સ્વતંત્રતા આપી અને શરીર અને મનનો સદ્ ઉપયોગ અથવા દુરુપયોગ કરવા માટે પ્રજ્ઞાશકિત અથવા વિવેકબુદ્ધિ આપ્યાં, પ્રજ્ઞા દ્વારા મનનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને આ માણસ સૃષ્ટિનું કલ્યાણ કરશે એવી ધારણા રાખવામાં આવી. પોતાના મન અને બુદ્ધિને શ્રેષ્ઠ ઉપયોગ કરનારા પ્રજ્ઞાશીલ સદસ્યશ્રીઓ આ સભાગૃહમાં ઉપસ્થિત છે ત્યારે મને એક કહેવત યાદ આવે છે કે " મન હોય તો માળવે જવાય " માર્ગ હોય તો માળવે જવાય એવું નથી, માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં મન અને એની શકિત અને પછી માર્ગો બને છે. "વી વીલ ફાઈન્ડ ધ વે. "એટલે ઇચ્છા શકિત હશે તો રસ્તો મળશે, રસ્તો હશે તો કંઈ મળી જશે એવું નહીં પણ ઇચ્છા હશે તો રસ્તો મળી જશે તો પછી ૧૬૫૦ કરોડ રૂપિયાના બજેટમાં રસ્તાઓ માટે એમાંથી જે ફાળવ્યા છે એ ૧૫૦૧ કરોડ રૂપિયા, તો એનો અર્થ શું? ખૂબ જાણીતી વાત છે કે તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન રહે છે, જો આ માળખું કે રસ્તા, માર્ગ અને મકાન એ માળખું જો એ બરાબર નહીં હોય તો એની અંદર આપણું મન પણ એટલું સાત્ત્વિક અને ક્રિયાશીલ નહીં રહે અને એટલા માટે શરીર જેમ તંદુરસ્ત હોય તો જ મન તંદુરસ્ત હોય, એવી જ રીતે જો આપણે શ્રેષ્ઠ રાજયનું નિર્માણ કરવું હોય તો એની માળખાગત સુવિધાઓને પણ આપણે શ્રેષ્ઠ કરવી પડે, સંસ્કૃતમાં બીજી એક સુભાષિત છે કે, " મનં એવં મનુષ્યાતાં કારણં બંધ-મોક્ષયો:" એટલે મન એ જ માણસને બંધન અને મોક્ષને માટે કારણભૂત છે અને સાથે સાથે બીજી એક એ પણ કહેવત છે કે, " શરીરં માધ્યં ખલુ ધર્મસાધનમ્ " એટલે શરીર એ ધર્મનું શ્રેષ્ઠ સાધન છે તો એ માગળખાગત સુવિધાઓ માર્ગ અને મકાનો એ એક શરીરના જેવું કાર્ય કરે છે અને એને જો શ્રેષ્ઠ રીતે સુધારીએ નહી તો આપણે ખરેખર વિકાસની પાછળ રહી જઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ વિભાગ ઉપર માર્ગ અને મકાન વિભાગની વાત છોડીને એટલા માટે આવું છું કે, આખરે મનનું ઘડતર એ મહિલાઓ દ્વારા, બાળકોનું ઘડતર એની અંદર સમાયેલું છે અને એટલા માટે જ મહિલા અને બાળ કલ્યાણની ચિંતા આ રાજય સરકાર કરી રહી છે અને માનનીય મુખ્ય મંત્રીશ્રી એ દિશામાં જે સતત સજાગતા સાથે કામ કરી રહ્યા છે એ માટે માનનીય અધ્યક્ષશ્રી, સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ( સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, અને એ દિશામાં જે મારાં સૂચનો છે, (અંતરાય) મારાં એક બે સૂચનો છે એ કહીને મારું વક્તવ્ય પૂરું કરીશ.

**અધ્યક્ષશ્રી** : આપનો તત્વજ્ઞાનનો સમય પૂરો થાય છે. આપની પાસે પાંચ મિનિટનો જ સમય હતો આપની પાંચ મિનિટ પૂરી થાય છે. મારી પાસે પાંચ પાંચ મિનિટ છે એટલે હું કોઈને વધારાનો સમય આપી શકું તેમ નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ ખાતાનું નામ મા મ.વિભાગ છે પણ અમે જ્યારે કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે આ ખાતાનું નામ હતું જાહેર બાંધકામ ખાતું. જા. બા. ખા. બહાર જઈને ખા અંદરથી ન ખવાય તો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એ કરવી છે કે ગુજરાતના ઈતિહાસમાં જ નહીં પણ દેશના ઈતિહાસમાં પહેલી વાર એવા કાર્યક્રમો થયા ઉત્કર્ષના અને મહિલા કલ્યાણના કે લાખ લાખ, દોઢ દોઢ લાખ બહેનો એક જ જગ્યાએ એકત્રિત થઈ હોય એવો ઈતિહાસ જો નોંધાયો હોય તો એ ગુજરાતમાં નોંધાયો છે અને માત્રને માત્ર માનનીય મુખ્યમંત્રીશ્રીની મહિલા ઉત્કર્ષ કલ્યાણની વાતો, મહિલા ઉત્કર્ષ કલ્યાણની યોજનાઓ અને મહિલાઓના વિકાસની વાતોને લીધે ગુજરાતના તમામ જિલ્લાઓમાં મહિલા સંમેલનો :સફળ થયા હતા અને અમારી સફળતાથી કેટલાક લોકોને •(પેટમાં તેલ રેડાયું). માનનીય અધ્યક્ષશ્રી, આપ ઉભા થાવ છો એ પહેલા જ આ શબ્દો મારા હું પાછા ખેંચી લઉં છું. (અંતરાય) કેટલાક લોકોને આ ન ગમ્યું.

**અધ્યક્ષશ્રી** : માનનીય અત્મારામભાઈ, આપના આ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : હા, સાહેબ, આ મારા શબ્દો હું પાછા ખેંચી લઉં છું અને માફી માગીને કહું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય અત્મારામભાઈ, માફી નથી માગવી. આપ આવા શબ્દો વાપરો નહીં એમ કહું છું. આ રીતે મારી વાત હળવાશથી લઈને આ સભાગૃહને હળવાશથી ન લો.

**શ્રી આત્મારામ મ. પરમાર** :ના, ના, સર. મારે જે વાત કરવી છે એ એવી છે કે તેઓ અમારા મહિલા સંમેલનોની સફળતાથી અકળાઈ ઉઠયા છે, અને દિલ્હીથી લઈ આવ્યા મેડમને કે આ જો નરેન્દ્રભાઈ આજ રીતે ગુજરાતમાં ચાલશે તો આપણો સાવ સફાયો થઈ જશે. ત્યાંથી લાવવા છતાં તેઓ એમના સફાયાને રોકી શક્યા નથી. ગુજરાતમાં મહિલા સંમેલનો અને મહિલા જાગૃતિનું પરિણામ સામેની પાટલીએ દેખાય છે. મારે આ વાત એટલા માટે કરવી છે કે આજે જે ગુજરાતના રસ્તાઓ છે એ રસ્તાઓ એવા સીધી સપાટીના છે કે, હમણાં મારા મિત્રે કહ્યું એમ ટોપ ગિયર સિવાય બીજી કોઈ સ્પીડમાં ગાડી ચાલતી જ નથી. ગુજરાતમાં. ટોપ ગિયરમાં જ ગાડી ચાલે છે. 'લાલુ' આ શબ્દ સંસદીય છે કે નહીં એ મને ખબર નથી એટલે મારે વાત નથી કરવી. પણ મારે એ વાત કરવી છે કે, જ્યારે હું પહેલી વાર ચૂંટાયો ત્યારે સુરતથી ભાવનગર જતો ત્યારે ૧૨ કલાક થતા આજે ૭ કલાકમાં અમે પહોંચી શકીએ છીએ અને એનો યશ કોઈને જતો હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે. કોંગ્રેસના શાસનમાં જે રસ્તાઓ હતા એ તૂટેલા-ફૂટેલા-ભંગાર હાલતમાં હતા. કેટલાક રોડ ચોપડા પણ બન્યા હોય પણ સ્થળ પર કશું હોય જ નહીં. રોડ પણ ચોપડા પર બને એના પેમેન્ટ ચૂકવાય જાય એ પ્રકારની પરિસ્થિતિ કમસેકમ ગુજરાતના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં નથી એટલું અમે ગર્વથી કહી શકીએ એમ છીએ. મારે જે વાત કરવી છે એ એવી છે કે જે રોડની પરિસ્થિતિ હતી એમાં એક મારા મિત્ર દસેક વર્ષ પછી લંડનથી આવ્યા હતા, અહીંયાં એમણે એમની દીકરીના લગ્ન ગોઠવ્યા હવે લગ્નનું મુહૂર્ત હતું અગિયાર સાડા અગિયારની આસપાસ પણ જાનૈયા પહોંચી ગયા સાડા દસ પોણા અગિયારે અને જે ગોઠવણ કરવા વાળા હતા એમણે કહ્યું કે જાન આવી ગઈ છે.અને તમારે ત્યાં કંઈ તૈયારી નથી. તો કહે આટલી બધી વહેલી જાન આવે? અમે દસ પંદર વર્ષ પહેલા લગ્ન કરતા હતા તો દસ-બાર કલાક જાન મોડી આવતી હતી. મેં કહ્યું કેમ ભાઈ, તો કહે માર્ગમાં ટ્રાફિક જામ થઈ જતો હતો, રસ્તા સિંગલ હતા. અમે કહ્યું ભાઈ એ કોંગ્રેસનું શાસન હતું આ ભારતીય જનતા પાર્ટીનું શાસન છે અને એના પરિણામે મારે એ વાત કરવી છે કે, ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ગુજરાતના ગામડાઓને ધ્યાનમાં રાખીને અનેક પ્રકારની યોજનાઓ બનાવવામાં આવી છે. વિકાસ પથ, પ્રવાસી પથ, ગ્રામ્ય માર્ગ, વડા પ્રધાન સડક યોજના નીચેના માર્ગો અને વર્લ્ડ બેન્ક યોજનાના માર્ગો એમ અનેક યોજના દ્વારા સમગ્ર ગુજરાતને સારી જાતની આધુનિક સુવિધા આપવાના પ્રયત્નો કર્યા છે ત્યારે મારે આટલું કહીને ખાસ કરીને ગુજરાતની સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવાં પડે છે.

---

•(   ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે બેટી બચાવો આંદોલન માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે એમાં વધારે એટલા માટે હું ઘણી વાર લાગણી ભીનો થઈ જાવ છું કે, હું તો એવા કમનસીબ બાપમાંનો એક બાપ છું કે જેને કોઈ દીકરી નથી અને આ દીકરીઓની જ્યારે વાત એમણે કરી છે ત્યારે એનું જે પરિણામ આવ્યું છે એમાં એટલું હું ધ્યાન પર મૂકી દઉં કે અત્યારે દીકરીઓનો જન્મદર વધ્યો છે અને ૮૭૦નો થયો છે અને એનો યશ માનનીય મુખ્યમંત્રીશ્રીને જાય છે.

**શ્રી સી.કે. રાઉલજી (ગોધરા)** : માનનીય મંત્રી માર્ગ અને મકાન વિભાગ અને મહિલા બાળ વિકાસ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના માટે મારા સૂચનો રજૂ કરવા ઉભો થયો છું. જયારે આત્મારામભાઈ વાત કરતા હતા ત્યારે જા.બા.ખા.ની વાત કરે છે એનો જવાબ હું એટલા માટે આપવા માગું છું કે, જા.બા.ખા. નહિ પણ ખા. જા. બા. એટલે કે પાંચ વર્ષની અંદર જે લોકોએ ખાધું છે એ લોકો ઘરભેગા થઈ ગયા એ ફરીથી અહીયાં દેખાય પણ નહિ. ખા.બા.જા. અમારી દૃષ્ટિએ આનો અર્થ એવો છે કે ગયા પાંચ વર્ષ દરમિયાન આ ખાતાની અંદર જેટલો ભ્રષ્ટાચાર થયો છે એટલો ભ્રષ્ટાચાર ભૂતકાળની અંદર કોઈપણ વિભાગમાં પણ થયો નથી અને એનો પ્રજાએ જવાબ આપી દીધો છે. એ • (ધ્રાંગંધ્રાના માજી મંત્રીની )વાત કરવા માગતો નથી.

**અધ્યક્ષશ્રી:** શ્રી સી.કે. રાઉલજી આપના શબ્દો આપ જ પાછા ખેંચો.

**શ્રી સી.કે.રાઉલજી :** હું નથી કહેતો એમ કહુ છું.

**અધ્યક્ષશ્રી:** નહિ નહિ, એ વ્યંગને આપણે સમજી શકીએ છીએ. સી.કે. રાઉલજી આપ શબ્દો પાછા ખેંચો.

**શ્રી સી.કે. રાઉલજી :** હું નથી કહેતો માનનીય અધ્યક્ષશ્રી. હું વાત કરવા માગતો નથી એમ.

**અધ્યક્ષશ્રી:** એ શબ્દો પણ આપ પાછા ખેંચો. આ સભાગૃહની અંદર વ્યંગોક્તિ કરવાની પણ મર્યાદાઓ છે આપ એ મર્યાદામાં રહીને વાત કરો (અંતરાય) મેં ના પાડી છે.

**શ્રી સી.કે. રાઉલજી :** મારા એ શબ્દો પાછા ખેંચી લઉં છું. જયારે સાચી વાત અમે કરતા હોઈએ.. (અંતરાય) એનો જવાબ મેં એટલા માટે આપ્યો છે. આ માર્ગ અને મકાન વિભાગના અમે મંત્રી હતા ત્યારની વાત કરું તો અમે કોઈપણ દિવસ ભા.જ.પ. કે કોંગ્રેસ જોતા નહોતા. અમે સમતુલિત વિકાસની વાતો કરતા હતા. આજે પાટનગર યોજનાની વાત કરીશ. તો આજે પાટનગર બાંધકામ યોજના માટે મહેસૂલી અને મૂડી મળીને કુલ ૯૭,૨૧,૬૦,૦૦૦, માગણી નંબર-૮૮માં જૂઓ તો એમાં ૧૮ કરોડ ૨૫ લાખ ૨૧ હજાર. આ વિસંગતતા જૂઓ, ગાંધીનગરમાં વી.આઈ.પી.ઓ રહે છે. ગ્રામ્ય વિસ્તારના છેવાડાના લોકોની પરિસ્થિતિ જૂઓ આજે ૬૦ વર્ષથી. એપ્રોચ રસ્તા નથી બે તાલુકાને જોડતા રસ્તા નથી, નાળા અને પુલના અભાવે આજે મારે કહેવું પડશે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અહીયાં જાહેરાત કરી હતી કે ગાંધીનગરની આજુબાજુના જે કંઈ ગામો છે જે પુલ બનવાથી વિખૂટાં પડે છે ત્યાં અમે ઉંચા રસ્તા બનાવીશું આજ દિવસ સુધી એ થયાં નથી. ૧૯૯૮માં રાજકોટની અંદર કેબિનેટની મીટિંગ હતી અમારી એમાં મેં બગોદરા-રાજકોટ ફોરલેનની જે વાત કરી હતી એ પણ થઈ ગયો. એમણે છ લેનની વાત કરી, હજી એની કામગીરી શરૂ થઈ નથી. ગાંધીનગરને સોલાર સીટી બનાવવાની જાહેરાત કરી હતી એની પણ કામગીરી થઈ નથી. દુઃખની વાત તો એ છે કે, આ ગુજરાત નહિ પણ આખું હિંદુસ્તાન, ગાંધીજીએ જે આઝાદ કર્યુ, આ દેશને આઝાદી અપાવી અને દાંડીયાત્રા કરી હતી અને વડાપ્રધાનશ્રીએ આ દાંડીયાત્રાના માર્ગને રાષ્ટ્રીય દરજ્જો આપ્યો આજે એનું પણ કામ આ સરકાર કરી શકી નથી આઠ વર્ષથી મને એ વાતનું દુઃખ છે. જેમણે આપણા દેશને આઝાદી અપાવી છે અને જેને આ રાષ્ટ્રીય લેવલનો દરજ્જો આપ્યો છે ત્યારે આ કામ પણ શરૂ થયું નથી ત્યારે એ દુઃખની વાત છે. મોટી મોટી વાતો કારણકે લોકોને ભરમાવવા સિવાય એમણે કશું કર્યુ જ નથી. આજે ગાંધીનગરથી અમદાવાદ ૩૦ કિલોમીટર, ગોધરા મત વિસ્તારથી ૧૨૫ કિલોમીટર અને ગામડાંના ૧૦ કિલોમીટર એમ ૧૬૫ કિલોમીટર દૂરથી અમે આ ગૃહમાં આવતા હોઈએ ત્યારે લોકોની જે વેદના છે, ભલે ગાંધીનગરમાં ફોર લેન થાય, સીકસ લેન થાય આજે પણ હું આપને કહીશ કે,ગાંધીનગરમાં ટ્રાફિક નથી એમાં પણ સીકસ લેનની વાતો છે જયારે ગામડાની અંદર અમારા છેવાડાના ગામોની અંદર જે ગ્રામ્ય વિસ્તારના રસ્તા છે એની અંદર બાવળિયા જે ઉભાં છે, ગાંડા બાવળ જેને આપણે કહીએ છીએ એ જો કાપ્યા હોત તો અમને આનંદ થયો હોત.

ભા.જ.પ. હિંદુત્વની વાત કરે છે ત્યારે હમણાં બે વર્ષ પહેલાં આ કોઠ ગામ જયાં ગણપતિનું મોટામાં મોટું મંદિર કે જે હિંદુ ધર્મની આસ્થાવાળું મંદિર છે ત્યાંના ગ્રામ પંચાયતના સરપંચે નછૂટકે કહયું કે આ સરકારને કંઈક કહો મેં તે વખતે જે તે વિભાગના અધિકારીને કહયું કે આખું ગુજરાત, આખું અમદાવાદ દર ચોથે ત્યાં દર્શન કરવા જાય છે ત્યારે એ લોકોને ટ્રાફિકની અંદર મુશ્કેલી પડે છે. આ વાતનું પણ નિરાકરણ પણ મંત્રીશ્રી ન કરતા હોય ત્યારે દુઃખ થાય છે. મોટી મોટી વાતો, મોટી મોટી યોજના, પણ ગામડાની પરિસ્થિતિ આજે પણ.. આજે પણ મારા ગોધરા શહેરનો મોટામાં મોટો પ્રશ્ન છે કે આજે ૧૦ વર્ષ અને આઠ વર્ષથી અમારી સરકાર, અમારી સરકારની વાતો છે પણ બાયપાસ નહિ થવાના કારણે આજે એક મહિનાની અંદર બે થી ત્રણ અપમૃત્યુ થાય છે. શાળાએ બાળકો જતાં પણ ગભરાય છે આજે સાત કે આઠ કિલોમીટરનો બાયપાસ રસ્તો ન થતો હોય અને મોટી મોટી વાતો જાહેર કરતા હોય અને ગુજરાતને નંદનવન બનાવીશું, અમારું ગુજરાત નિર્મળ બનાવીશું, અમને એ

---

• (    ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

વાતનું દુ:ખ છે કે, આજે સાત કિલોમીટરનો રસ્તો, આઠ કિલોમીટરનો રસ્તો, બાય પાસ કે ગોધરા શહેરની આજે બે લાખની વસતિ અને આજે બાળકો સ્કૂલે જતાં પણ ગભરાય, વાલીઓ એમ કહે છે કે, અમારું બાળક સ્કૂલે તો જશે પણ પાછું આવશે કે કેમ? આ વાત એટલા માટે હું કહુ છું. આપના મારફતે એ કહેવા માગું છું કે, છેવાડાના લોકોની, ગ્રામ્ય વિસ્તારના લોકોની જેમને ઘણી મોટી તકલીફ છે એમની મુશ્કેલીઓ દૂર કરવાના પ્રયત્ન કરો, વિસંગતતાની વાતો આ તમારા બજેટની માગણીઓ પરથી મને દેખાય છે મેં ગઈકાલે આ બધું જોયુ તો મને દુ:ખ છે કે ૬૦ વર્ષની આઝાદી પછી આજે ગાંધીનગરમાં જ વી.આઈ.પી.ઓ રહે છે. ગામડાના ખેડૂતો માટે આજે એપ્રોચ રસ્તા નથી, ખેડૂતોને ખેતી કરવા માટે જવાના રસ્તા નથી, હું દુ:ખ સાથે કહીશ કે, જયારે હું મંત્રી હતો ત્યારે ૬૦૦ કરોડ રૂપિયાના જોબ નંબરો આપ્યા હતા અને ઈરાદાપૂર્વક એ જોબ નંબરો કેન્સલ કર્યા હતા, મને એ પણ દુ:ખ થાય છે કે, આવી કિન્નાખોરી રાખવામાં આવે છે, દસમી વિધાનસભાની અંદર બાપ અને બેટો હોય, બેટો જુદો થઈ ગયો હોય અને ધંધો કરતો હોય. આજે પણ રાહત દરના પ્લોટ દસમી વિધાનસભાના ત્રણ ધારાસભ્યોને મળ્યા નથી. તો આપના મારફતે વિનંતી કરવા માગું છું કે, આજે કળિયુગની અંદર, ઘણી વખત બાપ અને બેટાને બનતું નથી. ભૂતકાળમાં માજી મંત્રીઓ પણ પોતાના દીકરા માટે એમ કહે કે મારો દીકરો મારા કહયામાં નથી રહયો. આજે પોતે અલગ ધંધો કરતો હોય આજે માબાપ હયાત નથી પણ પિતા-પુત્રની વ્યાખ્યાની દૃષ્ટિએ શૈલેષભાઈ પરમાર, મુકેશભાઈ ગઢવી અને ગુણવંતભાઈ મકવાણા અને આ કોંગ્રેસ પક્ષના છે એના કારણે આજે એ લોકો ૧૦મી વિધાનસભાના છે અને આજે ૧૨મી વિધાનસભા છે છતાંય એમને આ રાહત દરના પ્લોટ મળતા નથી આ દુ:ખની વાત છે. અમે તો એટલું જ કહીશું કે બાળ વિકાસ, આજે મહિલાઓની સુરક્ષાની જયારે વાત કરીએ છીએ ત્યારે મારે વધારે નથી કહેવું ગઈકાલનો બનાવ, પણ હું એટલું જ કહીશ સરકારને કે મહિલાઓના રક્ષણ માટે શિક્ષણ વિભાગ મારફતે કરાટેના કલાસ ચાલુ કરાવવામાં એટલી જ મારી વિનંતી છે.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા (ભાણવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગ અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગની માગણી પર મારા વિચારો રજૂ કરવા અને એ માગણીઓને સમર્થન આપવા માટે મારે વાત કરવી છે.

કોઈપણ રાજયનો સર્વાંગી વિકાસ કરવો હોય તો ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ખૂબ જ જરૂરી છે, જેમ હથેળી પરની રેખાઓ વ્યકિતનું ભવિષ્ય નકકી કરે છે તેમ માર્ગ છે એ કોઈપણ રાજયનું ભવિષ્ય નકકી કરે છે. હમણાં મારી પહેલાં માર્ગ અને મકાન વિભાગ માટે માખણ અને મલાઈ અને ઘણી બધી વાતો થઈ છે. આ માર્ગ અને મકાન વિભાગનો હવાલો સંભાળતા હોય એવા મંત્રીશ્રી ચૂંટણી હારી ગયા એવી વાત પણ થઈ.

**અધ્યક્ષશ્રી:** એ નથી કહેવા દીધી એટલે એ વાત આપ નહિ બોલો.

**શ્રી મુળુભાઈ હ. આયરબેરા:** હું પહેલી વખત જયારે ચૂંટણી જીત્યો ૧૯૯૫માં ત્યારે.. હમણાં જ મારી પહેલાં બોલતા હતા ભાઈ શ્રી સી.કે. રાઉલજી એ મારી સાથે અમે ભેગા ધારાસભ્ય તરીકે ચૂંટાઈને આવ્યા હતા ફરી વખત હું ૧૯૯૮માં ચૂંટાઈને આવ્યો પણ માર્ગ અને મકાન વિભાગનો હવાલો તમારી પાસે હતો એટલે તમે પણ ચૂંટણી હારી ગયા હતા. એટલે મારે તમને બીજું કંઈ કહેવું નથી. પણ ચૂંટણી જીતવાની વાત જુદી છે, વિકાસની વાત જુદી છે. માર્ગ અને મકાન વિભાગ માટે માખણ અને મલાઈની જે વાત કહેવામાં આવે છે એ ભૂતકાળની વાત છે. ૧૯૯૫માં હું જયારે પહેલીવાર ચૂંટાયો ત્યારે સરકારે એક કાર્યક્રમ રાખ્યો હતો, ' સરકાર પ્રજાને દ્વાર' અમે તાલુકામાં જતા હતા. ઘણા સરપંચશ્રીઓ રજૂઆત કરવા આવે અને કહે કે અમારો રસ્તો, ૨૦ વર્ષથી અમારા ગામને, ડામર તો નહિ પણ મેટલ સપાટીવાળો રસ્તો પણ મળ્યો નથી એટલે ત્યાં થોડું ઘણું માટીકામ કરાવો તો ત્યાં બસ જે છે એ ચાલી શકે. અમે અધિકારીને પુછતા હતા કે આ રસ્તામાં ૨૦ વર્ષથી માટીકામ પણ નથી થયું ત્યારે અધિકારીઓ ફાઈલ લઈને ઉભાં થઈને જવાબ આપતા હતા કે ના, ના હમણાં જ ત્રણ વર્ષ પહેલાં આમાં માટી કામ થયું છે. પાંચ વર્ષ પહેલાં જ થયું છે. ત્યારે અમે પૂછીએ કે આ સરપંચ આમ કહે છે કે, તો સરપંચ અને બાકીના બીજા બધા માણસો કહેતા કે વાત સાચી છે પણ આ કામો જે થયાં છે એ કાગળ પર થયાં છે. એ જમીન ઉપર કામ નથી થયું. આ સ્થિતિ હતી.કાગળ ઉપર કામ થતું હતું, જમીન ઉપર કામ થયું નહોતું. આ સ્થિતિ હતી. હમણા જોબ નંબરની વાત કરતા હતા. જોબ નંબર આ માનનીય મંત્રીશ્રી પોતે આપતા હતા. આજે જોબ નંબર અપાય છે, પણ એ સિવાય હું ગૃહના સભ્યશ્રીઓને કહું કે હમણા પહેલી જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૦૮ સુધીના એક વર્ષના પોતાના વિસ્તારના વિકાસના કામોનું, પોતે ધારાસભ્ય બન્યા પછી કેટલા કામો એમના વિસ્તારમાં કર્યા છે, એનો હિસાબ કરશે અને એની બૂક બનાવશે તો માર્ગ અને મકાન વિભાગમાં પોતે રજૂઆત કરી હોય તોય ભલે, પોતે રજૂઆત ન કરી હોય તો પણ ભલે. અનેક સ્ટેટ હાઈવેના કામો, બિલ્ડીંગના કામો, ગ્રામ્ય રસ્તાઓના કામો, નાળા અને પૂલના કામો, અનેક કામો એવા થયા હશે કે બધા વિભાગ કરતા વધારે હિસાબ પોતાના વિસ્તારમાં માર્ગ અને મકાન વિભાગનો મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નિર્માણ માટે અને સમૃદ્ધિ માટે માર્ગ અને મકાન વિભાગ છે અને એમાં માર્ગ વિકાસ છે એનો વિકાસ અત્યંત આવશ્યક છે. આ વર્ષના બજેટમાં ૧૬ ટકાના વધારા સાથે રસ્તાઓ બનાવવા માટે ૧૫૦૧ કરોડની જે બજેટ ફાળવણી કરી છે એ બદલ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓ એકસ્પ્રેસ હાઈવે હોય, નેશનલ હાઈવે હોય, કોસ્ટલ હાઈવે હોય કે ગ્રામ્ય વિસ્તારના રસ્તા હોય, એના કરતા એની જે કવોલિટી, એની ગુણવત્તા જે રીતે સુધરી છે, કોન્ટ્રાકટર પાસે એ

રસ્તાના રીપેરીંગ કામની જવાબદારી પણ એમને જ જે રીતે આપી છે. થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન થાય છે, એના કારણે આજે રસ્તા બન્યા પછી એના મજબૂતીકરણ, તેમજ એનું કામ આપણે જોઈ શકીએ છીએ.

અહીં સરકીટ હાઉસની વાત કરી હતી. એટલા માટે કહેવું છે કે માંડ એટલો આક્ષેપ કરી શકયા કે ૧૫૦ રૂપિયા થાળીના ભોજનનો ખર્ચ લે છે. અમે તો કયાંય જોયું નથી, પણ કદાચ આ વાત સાચી હોય તો પણ પહેલા સરકીટ હાઉસમાં શું થતું હતું એની જો વાત કરીએ. ૧૯૯૫ પહેલા સરકીટ હાઉસમાં શું થતું હતું? ૧૯૯૫માં સ્વર્ગસ્થ સવજીભાઈ કોરાટ માર્ગ અને મકાન મંત્રી હતા અને એમણે સરકીટ હાઉસોની સુધારણા માટે જે મહેનત કરી હતી. મેં પોતે અનુભવ કર્યો છે. કચ્છમાં એક તાલુકાના સરકીટ હાઉસમાં હું ગયો હતો. ૧૯૯૫ પછી. હજુ નવી સરકાર આવી અને ત્રણ ચાર મહિના જ થયા હતા એટલે તેઓ જૂનું ભૂલ્યા નહોતા. એટલે કેવા ધંધા કરતા હતા અને કેવા ભાગ્યા એ મેં પોતે નજરે જોયું હતું.

**અધ્યક્ષશ્રી** : માનનીય કિરણભાઈ મકવાણા.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા (જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર રાજય સરકારની ખૂબ પ્રશંસા થતી હતી. મને આનંદ પણ થતો હતો કે આ વાત ઘણી સાચી છે, પણ નોન પ્લાન અને પ્લાનના જે રસ્તાઓ છે, મારા મત વિસ્તાર જંબુસર તાલુકામાં એવા એવા રસ્તા છે કે અત્યારે મારે એમને બહાલી આપવી હતી, મારે મંજૂરી માગવી હતી, ત્યારે મને એકઝીકયુટીવ એન્જીનીયર અને ડેપ્યુટી એન્જીનીયર આવીને મિટિંગ કરી અને મને કહે કે સાહેબ આ રસ્તા એવા છે કે જે નોન પ્લાનમાં પણ નથી અને પ્લાનમાં પણ નથી. મારે આપશ્રીને વિનંતી કરવી છે કે માનનીય મંત્રીશ્રી, આવા જે રસ્તા છે કે જેને આપ જોબ નંબર અપાવી શકો છો. એક રસ્તો એ છે. કુબેર વાયા ડાભા અને ત્યાંથી સીધો વાવલી મૂકામે જાય છે. એકદમ શોર્ટ રસ્તો છે. માત્ર ૭ જ કિલોમીટરનો એ રસ્તો છે. અત્યારે મુસાફરી કરીને માણસે ૨૧ કિલોમીટરનો ચકરાવો ફરવો પડે છે. એક એવો જ બીજો દાખલો આપને આપું એ રામપુર અને ભોદરનો છે. એ એક જ કિલોમીટરનો રસ્તો એવો છે કે નોન પ્લાનમાં પણ આવતો નથી અને પ્લાનમાં પણ આવતો નથી. આપશ્રીને એક વિનંતી છે કે આવા જે રસ્તા છે એને માનનીય મંત્રીશ્રી જોબ નંબર આપીને એ સેવા પૂરી કરે.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈ વિધાનસભા હું આ લોબીની અંદર બેસીને નિહાળતો હતો કે માનનીય મંત્રીશ્રીએ અહીયાંથી એક વચન આપેલું કે ૭ વર્ષે રી-કારપેટ કરી આપીશું, પરંતુ મારા તાલુકાની અંદર એવા રસ્તા છે કે જે અત્યારે કલઘ વાયા મદાફર થઈને ભડકોદ્રા નીકળે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૬-૯૭ માં એનું કારપેટ થયું હતું અને આજની તારીખમાં એ જ હાલતમાં છે. એની ઉપર મોટર ગાડી તો ઠીક, પરંતુ બળદગાડું પણ ચાલી શકે તેમ નથી. વિકાસની વાતો તો ઘણી બધી થાય છે, પરંતુ મારે જણાવવું જોઈએ કે રેલ્વે ફાટક જયાં જયાં આવે છે ત્યાં ઓવરબ્રિજ માટેનું કોઈ પ્લાનિંગ કર્યુ છે ખરું?

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય આમોદ તાલુકાના જૂના વાડીયા અને નવા વાડીયા ગામ છે ત્યાં ૨ થી ૨ાા કિલોમિટરનો રસ્તો એવો છે કે અત્યારસુધી એની ઉપર ડામર થયેલ નથી. તો એવા કામોની બહાલી આપવી જરૂરી છે કારણ કે ચોમાસાની પરિસ્થિતિમાં આ જે ગામો છે એમાં પાણી ભરાઈ જાય છે અને ત્યાં વાહનવ્યવહારથી માંડીને બધા જ વ્યવહાર બંધ થઈ જાય છે. આજના સમયમાં મોંઘવારીએ માજા મૂકી છે.

**અધ્યક્ષશ્રી:** શ્રી છનાભાઈ ચૌધરી.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી (ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી એમની માગણી ક્રમાંક ૮૬, ૮૭ અને ૮૮ લઈને આવ્યા છે એની ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક રાજયના વિકાસની પારાશીશી એના રસ્તાઓ, પાણી અને વીજળી હોય છે અને ખાસ કરીને રસ્તાઓના પ્રશ્નો છે એમાં આજે આપણે જોઈએ તો રસ્તાઓ તો અનેક બને છે, એમાં આપણા જે રાજય ધોરી માર્ગ છે કે જે મોટા રસ્તાઓ છે એ ખરેખર સારા થાય છે, પરંતુ વલસાડ, ડાંગ કે નવસારી જિલ્લા એ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ છે ત્યાં મુખ્ય રસ્તાઓ તો થયા છે, પરંતુ એના તાલુકાઓની અંદરના રસ્તાઓ છે એની ઉપર આજે ૧૦-૧૦ વર્ષ થયાં એકાદ વખત એ ડામરના બન્યા હોય અને આજે આપણે જોઈએ તો એની ઉપર ખાડા પડી ગયા છે તો એને રિકારપેટ કરવાની કે એને સુધારવાની પણ કોઈ દરકાર કરી નથી એની ઉપર ડામર થયો નથી અને આ વિસ્તારમાં વરસાદ પણ વધુ પડતો હોઈ દરવર્ષે આ રસ્તા તૂટી જાય છે અને નાળા પણ તૂટી જાય છે અને જયારે જયારે એના માટેની રજૂઆત થાય છે કે આ સુધારવા જોઈએ, પરંતુ એવાં કેટલાંયે ગામડાં છે કે આ સુધારણાના કામને અભાવે એ ગામડાંઓ હજુપણ રસ્તાથી વંચિત છે. ઘણી વખત આ રસ્તાઓ બને છે અને જે કોન્ટ્રાકટરોને એનું કામ આપવામાં આવે છે અને એ કોન્ટ્રાકટરોને અમારા જેવા પદાધિકારીઓ જયારે રજૂઆત કરે છે કે કામ હલકી કક્ષાનું થાય છે, છતાં પણ એ કાંઈ પણ ધ્યાન ઉપર લેવામાં આવતું નથી અને આવા બનેલા રસ્તાઓ એકાદ બે વર્ષમાં તૂટી જાય છે અને અમે કહીએ કે આ રસ્તો તૂટી ગયો છે એ સુધારવો જોઈએ તો અધિકારી એમ કહે છે કે એને બને તો હજુ પાંચ વર્ષ પણ થયાં નથી અને હજુ એને રિપેર કરવાની વાર છે અને આ રીતે આવા રસ્તાઓ ખરાબ થાય છે એના કારણે લોકોને ઘણી જ હાલાકી ભોગવવી પડે છે. આજે પણ અમે જે વિસ્તારમાંથી આવીએ છીએ એ ધરમપુર અને વાંસદા તાલુકો એમાં આપણાં

જે સરકારી મકાનો છે એમાં ધરમપુરની મામલતદાર કચેરી છે એ આજે વર્ષોથી સ્ટેટ વખતનું મકાન છે એમાં બેસે છે અને મામલતદાર પહેલા માળે બેસે છે અને ત્યાં આગળ ૨૫ માણસ જો એકસામટા ભેગા થાય તો એ મકાન ધ્રુજે છે ત્યારે મારે કહેવું છે કે ધરમપુર તાલુકાની આ જે મામલતદાર કચેરી છે એનું મકાન તાત્કાલિક બનાવવામાં આવે કારણ કે આ ધરમપુર તાલુકો મોટામાં મોટો અને આદિવાસી તાલુકો છે અને વારેઘડીએ આ વિસ્તારના ગામના લોકો આ મામલતદર કચેરીએ આવતા હોય છે. તો જો આ મકાન તાત્કાલિક નવું બનાવવામાં આવે તો લોકોને ભવિષ્યમાં કોઈ પરેશાની ના થાય. વલસાડ ખાતે નારીગૃહ આવેલ છે અને એ આજે ખૂબ જ નાના મકાનમાં ચાલે છે અને એના માટે પોતાના મકાનની વ્યવસ્થા નથી તો એ મકાનની વ્યવસ્થા પણ તાત્કાલિક કરવામાં આવે એવી મારી વિનંતી છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા (ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની માગણીઓના અનુસંધાનમાં મારા વિચારો રજૂ કરું છું.

આપણા ગુજરાતમાં બીજા રાજયો કરતાં રસ્તા સારા બન્યા છે તે હકીકત સ્વીકારીને વાત કરું છું કે, માનનીય આત્મારામભાઈએ જે વાત કરી કે ગાંધીનગરથી સુરત ખૂબ ઓછા સમયમાં જાઉં છું, પણ આત્મારામભાઈ, રાષ્ટ્રીય ધોરી માર્ગની અંદર આપને ત્યાં જવા માટે એક હજાર કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે આપ્યા છે, એટલે ભલે આપની સરકારના વખાણ કરો, પણ સાથે કેન્દ્ર સરકારનો પણ આભાર માનજો. સાથે સાથે જે કામો કરવાનાં બાકી છે, તેના ઉપર પણ સરકારશ્રીના મંત્રાલય દ્વારા ધ્યાન આપવામાં આવે તે પણ એટલું જ જરૂરી છે. ઉમરેઠ તાલુકા પંચાયત ૧૮-૫-૨૦૦૦ થી શરૂ થઈ છે, આજે આઠ વર્ષ થયા, હજુ પણ તાલુકા પંચાયતનું મકાન બન્યું નથી, જો આઠ વર્ષની અંદર મકાન ન બન્યું હોય પછી વાયબ્રન્ટ ગુજરાતની વાત કરીએ છીએ, ત્યારે થોડું સ્વીકારતાં દુઃખ થાય છે. એ જ રીતે ઉમરેઠથી ઓડ જવાના રસ્તા વચ્ચે રેલવે ટ્રેક આવે છે. એનો ઓવર બ્રીજ બને છે, ૨૦૦૫ના મેં મહિનાની અંદર એનો વર્ક ઓર્ડર આપ્યો છે, એક વર્ષની અંદર પુલ પુરો કરવાની સમય મર્યાદા હતી. ઘણી બધી વખત સરકારના મંત્રીશ્રીઓ દ્વારા કહેવામાં આવે છે કે અમે જે વર્ષમાં ખાત મૂહુર્ત કરીએ છીએ તે જ વર્ષની અંદર એ કામ પ્રજાની સેવામાં પણ મૂકી દઈએ છીએ. પણ એ વાતને આજે સમય મર્યાદા પૂરી થયા પછી પણ પોણા બે વર્ષ થયા છે. પણ હજુ જે એપ્રોચીસ બનાવવાના છે એ બન્ને સાઈડના એપ્રોચીસ આપણી સરકાર દ્વારા બનાવવાના છે તે નથી બન્યા, રેલવેનું કામ લગભગ પૂરું થઈ જવા આવ્યું છે. તો આ પણ બહુ જરૂરી કામ છે. મારા ખોરવાર અને સુંડલપુરા મહીકાંઠાના ગામો છે. તેની અંદર નદી ઉપરના સ્મશાનના રસ્તાતો હજુ પણ કાચા છે. માટીમાં પેવર પણ નથી થયા, અને પછી જો કહીએ કે બીજા કરતાં આપણા રસ્તાઓ સારા છે તો એ માન્યામાં નથી આવતું માટે એ રસ્તા પણ સારી સ્થિતિમાં ફરીથી બનાવવાનો સરકાર વિચાર કરે એવી વિનંતી છે.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત (વ્યારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, માર્ગ અને મકાન વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. માર્ગ અને મકાન વિભાગનું કામ એ હંમેશા દરેક માણસોની સાથે જોડાયેલું કામ હોય છે, અને રાજય સરકાર ખૂબ ચિંતિત બની છે, એવું પણ સામેના વ્યકિતઓ અને મંત્રીશ્રીઓ કહે છે. ત્યારે મારી પણ એક લાગણી અને માગણી છે કે જયારે સરકાર એટલી બધી ચિંતિત હોય, અને માર્ગ અને મકાન વિભાગમાં, માર્ગ માટે અને મકાન માટેની ચિંતા કરતા હોય ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું કહેવા માગું છું કે હું પણ એક ગુજરાત રાજયમાં રહું છું. અત્યારે જયારે બજેટ તૈયાર કરવામાં આવ્યું છે એ બજેટમાં તાપી જિલ્લાનો કોઈ ઉલ્લેખ છે નહીં, સુંરત જિલ્લામાં કદાચ મારું આયોજન હશે, મારા રસ્તા હશે, મારા સરકારી બિલ્ડીંગો હશે, તેવું હું ઈચ્છતો હતો, પણ તેમાં પણ કોઈ પાનામાં કોઈ પણ જોબ વર્ક નંબર આપવામાં આવ્યો નથી. એટલે રાજય સરકાર વિકાસની જે વાતો કરે છે, ચિંતાની જે વાતો કરે છે એ હું કદાચ અહીં સાવ ખોટું છે એમ કહીશ તો મારે શબ્દો પાછા ખેંચવા પડે, એટલા માટે હું નથી બોલતો, પરંતુ વ્યારામાં ૨૬મી જાનયુઆરી જયારે ઉજવાઈ રહી છે ત્યારે આ રાજયના મુખ્ય મંત્રી અને આદરણીય રાજયપાલશ્રીની હાજરીમાં ૪૦ કરોડ રૂપિયા જાહેર કરવામાં આવ્યા મુખ્ય મંત્રીશ્રી દ્વારા, પણ બજેટમાં તે પણ એક પૈસો નથી. કયા આશયથી નથી? પણ આ બજૅટમાં એના માટે એક પણ પૈસો નથી. તેથી હું માર્ગ અને મકાન મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે જ્યારે જિલ્લો જાહેર થયો છે ત્યારે વડી કચેરીઓ પણ ત્યાં આવેલી છે. કલેક્ટર કચેરી, ડી.એસ.પી. કચેરી, શિક્ષણાધિકારીની કચેરી, માર્ગ અને મકાન વિભાગના ઈજનેરો માટેની કચેરીઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે. આ બધી કચેરીઓને બેસવા માટે મકાનો નથી તો એ કયાં બેસશે, કેટલા વરસ બેસશે આનો મારે જવાબ જોઈએ છે. માનનીય આત્મારામભાઈ કહેતા હતા તેઓ મારા મિત્ર છે. તેઓ કહેતા હતા કે અમારા રસ્તાઓ બન્યા છે. હું વ્યારા જિલ્લામાંથી આવું છું ત્યાં દામણદેવી કરીને ગામ આવેલ છે ત્યાં કોંગ્રેસના શાસનમાં બસ ચાલતી હતી, મેટલનો રસ્તો હતો એને આજે ૧૨ વર્ષ થયા ત્યાં બસ પણ બંધ છે રસ્તો પણ ડામરનો કરવામાં આવેલ નથી. રસ્તો ન હોવાને કારણે બસ બંધ થઈ ગઈ છે. માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીને આપના દ્વારા કહેવા માગું છું કે બસ ચાલુ રહે તેવો રસ્તો તો બનાવો? વ્યારા તાલુકાનું સેવડી ગામ છે એ પણ રસ્તાથી વંચિત છે. મારા વ્યારા તાલુકાના ૧૪૮ ગામો આવેલા છે આ ગામોના તમામ રસ્તાઓ પાકા છે. પરંતુ દામણદેવીનો રસ્તો કાચો છે. એ જ રીતે સેવડી ગામ પણ રસ્તાથી વંચિત છે. (સમય સૂચન ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : માનનીય લક્ષ્મણભાઈ પટેલ.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ (ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માર્ગ અને મકાન વિભાગની માગણી લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે એને સમર્થન આપવા માટે ઊભો થયો છું ત્યારે સૌ પ્રથમ વંદનીય બાજપાઈજીને એક પંકિત દ્વારા યાદ કરી લઈએ.

"પથ કે આવર્તકો સે થક કર જો બૈઠ ગયે આધે,
પથ પર વો નરકો રાહ દિખાના હૈ.
વોહી મેરા સદૈવ કા દૃઢ નિશ્ચય."

આવા દૃઢ નિશ્ચય સાથે આ વિભાગ જ્યારે આ રાજયના માર્ગોના વિકાસ માટે આવ્યો છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે આ રાજયની પ્રગતિનો આધાર આ રાજયના માર્ગોના આંતરમાળખાકીય સવલતો ઉપર રહેલો છે, અને એની સાથે સાથે સંલગ્ન વેપાર ઉદ્યોગ અને વહીવટ અને કૃષિ છે, ત્યારે આ રાજયના સુનિશ્ચિત વિકાસ માટે જ્યારે એક પરિપાટી અંકિત કરી છે ત્યારે મારે એમ કહેવું છે કે રાજયમાં ૭૩ હજાર અંદાજીત કિલોમીટરનું રોડનું નૅટવર્ક છે એમાં ૯૮ ટકાથી વધારે માર્ગો ગ્રામ્ય માર્ગોને આવરી લીધેલ છે અને ૮૫ ટકાથી વધારે રસ્તાઓ આજે ડામરના છે ત્યારે એના સંદર્ભમાં આ રાજય વિકાસની પરિકલ્પના સાકાર કરી છે. પછી એ પ્રગતિ પથ હેઠળની ખૂટતી કડીઓ હોય કે વિકાસ પથ હેઠળના શહેરના જોડાણનું નવીનતમ અને આધુનિક કામ હોય કે કિસાન પથનું કામ હોય એવી અનેક યોજનાઓ લઈને સરકાર આવી છે ત્યારે મારે એમ કહેવું છે કે આ ગુજરાતમાં રસ્તાનું જે ધોરણ છે એ દેશની પ્રથમ કક્ષાનું ગણાય છે. તમે બીજી પણ યોજનાઓ જૂઓ વિશ્વબૅંક સહાયક યોજનાનો પ્રોજૅક્ટ લઈએ તો અન્ય રાજયોની સરખામણીમાં અગ્રતાક્રમે આપણે છીએ. વિશ્વબૅંક સહાયક યોજના હોય, કે નાબાર્ડ યોજના હોય, હુડકોની યોજના હોય, સરહદી વિસ્તાર વિકાસની યોજના હોય કે પછી નાણા પંચની યોજના હોય આવી અનેક યોજનાઓ છે. ત્યારબાદ ટ્રાયબલ સબ પ્લાન હોય, નૉર્મલ બજૅટ હોય કે ટ્રાયબલ બજૅટ હોય કે આવા અનેક કાર્યક્રમો છે એ રાષ્ટ્રીય માર્ગો હોય કે સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ હોય આવી અનેક યોજનાઓ દ્વારા જ્યારે આટલું લાંબુ રોડનું નૅટવર્ક મૂક્યું છે ત્યારે એના દ્વારા ઔદ્યોગિક વિકાસને લગતું, આપણા બંદરોના વિકાસને લગતું સુંદર માળખું પૂરું પાડ્યું છે. પ્રવાસ ધામ હોય કે યાત્રાધામ હોય, મંદિરો હોય કે બંદરો હોય તમામને જોડીને આવરી લેવામાં આવ્યા છે ત્યારે અને સરકારે આવી યોજનાઓ દ્વારા સાંકળ રૂપે સાંકળી લીધું છે. નરી આખે જોઈ શકાય એવો વિકાસ છે તેને અવગણી ન શકીએ.

**અધ્યક્ષશ્રી** : આપ બન્ને મંત્રીઓ પાસે થઈને ૩૦ મિનિટ છે. એટલે તે મર્યાદામાં બન્ને જણાએ પૂરું કરવાનું રહેશે.

**ડૉ. માયાબેન સુ.કોડનાની (રાજય કક્ષાના મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળકલ્યાણની માગણીઓ પર ચર્ચા કરતાં ખૂબ ખૂબ આનંદની લાગણી અનુભવું છું. સમાજનો ૭૫ ટકા વર્ગ એટલે મહિલા અને બાળકો. "જીતેગા ગુજરાત"ના મંત્ર સાથે આ ગુજરાતની શાણી પ્રજાએ અમને સત્તાના સૂત્રો સોંપ્યા અને સત્તા એ માત્ર સેવા કરવાનું સાધન સમજીને કાર્યરત થયા અને એટલા જ માટે માત્ર રોડ-રસ્તા એ વિકાસનો માપદંડ નહીં પણ હુમન ડૅવલપમેન્ટ ઈન્ડેકસને વિકાસનો માપદંડ ગણીને ભારતીય જનતા પાર્ટીની માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વવાળી સરકાર કાર્યરત બની. ૨૦૧૦માં ગુજરાત સુવર્ણજયંતિ ઉજવવા જઈ રહ્યું છે ત્યારે એક સોનેરી યુગ તરીકે આ યુગ ઓળખાય. ઈતિહાસમાં આપણે વાંચ્યું છે. રાજાઓનો યુગ સુવર્ણયુગ તરીકે ઓળખાતો હતો. એવી રીતે આ યુગ એક સુવર્ણયુગ તરીકે ઓળખાશે એવો અમને પૂરેપૂરો વિશ્વાસ છે.

"હમ નવયુગકે હૈ નિર્માતા, રોક સકે કબ બંધન હમકો,
વિશ્વ વિજેતા હમ, યહ જગત હૈ ગાતા.
અસૂર માંગકા કરતે ભંજન, ગૌરવસે વૈભવસે મંડિત,
અખિલ વિશ્વમેં હોકર પૂજિત, એક હી ધ્યેય ઔર સાધના,
યહી હમારા હૈ જીવન પ્રદર્શન."

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આખા વિશ્વમાં પૂજાવાના સ્વપ્ન લઈને ચાલીએ છીએ ત્યારે અને વિશ્વમાં પૂજાવું હોય તો મહિલાઓ અને બાળકોના વિકાસ સિવાય વિશ્વમાં પૂજાઈ ન શકાય. આ સ્પષ્ટતા સાથે આ વિભાગ કાર્યરત છે. ગુજરાતમાં બહેનો રાત્રે ગરબા તો ગાય છે પણ એ પ્લેન ઉડાડવાની પણ ક્ષમતા ધરાવે છે. ગુજરાતમાં ફૂટપાથ પર બેસનારી અમારી બેન દાતણ વેચતી હોય એ પણ પોતાના બાળકના શિક્ષણની ચિંતા કરનારી બની છે. રસોડામાં રસોઈ કરતી, વાસણ ઘસતી અમારી બેન આજે માઈકો ધ્રુજાવે છે અને વિધાનસભામાં આવીને પોતાનો વિષય મૂકી શકે એટલી ક્ષમતા ધરાવતી થઈ ગઈ છે. સંસ્કારનું સિંચન કરનારી માતા જ્યારે કોઈ કંપનીની સી.ઈ.ઓ. બને છે ત્યારે એ કંપનીનું વર્ક કલ્ચર બદલી નાખે છે એ જાતનું વાતાવરણ ગુજરાતમાં બન્યું છે. ૨૧મી સદી એ મહિલાઓની સદી છે. વિકાસની સદી છે અને ભારતની સદી છે. ત્યારે આંગણવાડીથી લઈને અંતરિક્ષમાં મહિલાઓ કામ કરતી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાળકો તો આ દેશનું ભવિષ્ય છે. રાષ્ટ્રનું અમૂલ્ય ધન છે. કદાચ કોઈ કવિની કલ્પનામાં પ્રેરણા મહિલા હશે તો ફિલૉસૉફરની ફિલૉસૉફીમાં કોઈ બાળક હશે. એટલી ક્ષમતા બાળકમાં હોય છે. એટલી નિર્દોષતા બાળકમાં હોય છે. આવા મહિલા અને બાળકલ્યાણ વિભાગની વાત કરું છું ત્યારે આ ગૃહમાં ૧૫ મહિલાઓ આજે બેઠી છે. મને એ વાતનું ગૌરવ છે કે ૨૨ મહિલાઓને અમે ટિકિટ આપી. જીતવાની સીટો ઉપર

ટિકિટ આપી અને ૧૪ મહિલાઓ અમારી ભારતીય જનતા પાર્ટીની બેઠી છે. સાથી પક્ષોએ માત્ર ૧૩ બહેનોને ટિકિટ આપી. એક બહેન ચૂંટાઈ. ન જીતાય એવી સીટો ઉપર બહેનોને ટિકિટ આપી તેનું મને દુ:ખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં અને લોકસભામાં ૩૩ ટકા અનામતની માગણી અમે કરીએ છીએ. તેના માટે દિલ્હીમાં જઈને પણ રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કર્યું. હું આ ગૃહના સભ્યોને વિનંતી કરું છું કે સર્વાનુમતે ઠરાવ કરીને આ ઠરાવ કેન્દ્રમાં કેમ ન મોકલીએ અને ૩૩ ટકા અનામત વિધાનસભામાં અને લોકસભામાં મળે. "યત્ર નાર્યસ્તૂ પૂજયતે, રમન્તે તત્ર દેવતા"માં માનનારી આ સંસ્કૃતિ છે. "નારી તું નારાયણી"માં માનનારી આ સંસ્કૃતિ છે. આ દેશમાં કયારેય મત માટે મહિલાએ સંઘર્ષ કરવો પડ્યો નથી. જે પશ્ચિમના દેશોમાં પણ કરવો પડતો હતો. અમે રાજનીતિમાં નિર્ણાયક પ્રક્રિયામાં પણ બહેનોનો ભાગ થાય તે માટે સંગઠનમાં ૩૩ ટકા બહેનોને આપીને સુંદર મજાની પહેલ કરી છે.

**અધ્યક્ષશ્રી** : વિભાગની વાત રહી ન જાય એ જો જો.એકપણ મિનિટ વધશે નહીં..

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૨૦૦૮માં ૨૩૪.૬૪ કરોડની જોગવાઈ સામે આ વર્ષે ૩૪૦ કરોડની જોગવાઈ કરી અને એમાં ૪૪.૯૨ ટકાનો વધારો મારા વિભાગમાં કરવામાં આવ્યો છે. હું આઈ.સી.ડી.એસ.ની વાત કરવા માગું છું. માતાનું આરોગ્ય અને બાળકોના આરોગ્ય ઉપર આખા દેશનું આરોગ્ય અવલંબે છે. આ વર્ષ " નીરોગી બાળ વર્ષ" જાહેર કરવામાં આવ્યું છે. માનવ વિકાસમાં ખૂબ આગળ પગલું ભરવા માટે થઈને અહીંયાં વાતો થઈ છે. મહિલા શિક્ષણની અને બાળકોના આરોગ્યની ત્યારે હું કહું છું કે, તમે જે આંકડાઓ આપ્યા છે એ ૨૦૦૧ની વસ્તી ગણતરીના આધારે આપ્યા છે. ૨૦૧૧માં જ્યારે વસ્તી ગણતરી થવાની છે ત્યારે સાચા અર્થમાં ભારતીય જનતા પાર્ટીના શાસનનો સાચો માપદંડ આપી શકશો. ૨૦૦૧ની વસ્તી ગણતરીમાં અડધા કરતાં વધારે ભાગ તમે સત્તા પર હતા. એટલે મહિલાઓના શિક્ષણ અને મહિલાઓના આરોગ્યની તથા બાળકોના આરોગ્યનો માપદંડ ન ગણી શકો. અમે જાણીએ છીએ કે જ્યારે ૪૫થી ૪૭ ટકા બાળકો કુપોષિત હોય એ આપણને પોષાય નહીં એટલા માટે જ આંગણવાડીઓ સઘન કરવાનો પ્રયત્ન કર્યો છે. કુલ ૨૬૦ ઘટકો, ૪૪૧૮૯ આંગણવાડી કેન્દ્રો જેટલું વિશાળ નૅટવર્ક ધરાવતો આ વિભાગ છે. જેમાં બાલભોગની યોજના દ્વારા બાળકોને પોષણ મળે તેવું આયોજન કર્યું અને બાળભોગનું માનનીય મુખ્યમંત્રીશ્રીએ લોંચિંગ કર્યું છે, માસથી ત્રણ વર્ષના બાળકને ફોર્ટી ફાઈડ, રેડી ટુ ઈટ પાવડર આપવામાં આવે છે અને ૧૦,૨૭,૨૫૪ જેટલા બાળકોને આમાં આવરી લેવામાં આવ્યા છે. ૩ વર્ષથી ૬ વર્ષના બાળકોને ઘઉં, ચણા અને ફોર્ટીફાઈડ તેલ આપવામાં આવતું હતું. ફોર્ટી ફાઈડ આટામાંથી બનાવેલ વાનગીઓ એમાં નવ સૂક્ષ્મ તત્ત્વો ઉમેરી ૩૮૦થી ૪૦૦ કૅલરી એમને મળે અને દસથી બાર ગ્રામ પ્રોટિન પણ મળે તેવું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રેડ-૩ અને ૪ ના બાળકોને આમાંથી આગળ વધીને ૫૬૦થી ૬૦૦ ગ્રામ કૅલરી અને અઢારથી ૨૦ ગ્રામ પ્રોટિન અપાય છે. આંગણવાડીમાં આવતા બાળકો વધુમાં વધુ પ્રોત્સાહિત થાય એટલા માટે એમને ન્યૂટ્રી કેન્ડી ૩ ગ્રામની આપવામાં આવે છે. આયર્ન, કૅલ્શિયમ, વિટામિન - એ, ફોલિક એસિડ અને વિટામિન સી મળે છે. એના કારણે પહેલાં આંગણવાડીઓમાં બાળકો ઓછા આવતા હતા આજે એના પ્રવેશનું પ્રમાણ વધ્યું છે અને એમને ખૂબ જ સુંદર પ્રોત્સાહન મળ્યું છે. સગર્ભા માતા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણક્ષમ આહાર આપવામાં આવે છે. ૩૦ કિલોગ્રામથી ઓછું વજન ધરાવતી યુવતીઓને ૬ કિલો અનાજ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીઓનું ગ્રેડેશન કરવામાં આવ્યું છે અને ગ્રેડ-૧માં ૧૧૦૧, ગ્રેડ-૨માં ૧૮૧૯૯ અને ગ્રેડ-૩માં ૪૨૦૬ આંગણવાડીઓ છે. બાળકોને પ્રી-સ્કૂલ કિટસ્ અને રમકડાં આપવામાં આવે છે. કુલ ૪૪૧૮૯ આંગણવાડીઓ કાર્યરત છે. હજુ બીજી ૪૦૦૦ આંગણવાડીઓની માગણી કેન્દ્ર સરકાર સમક્ષ મૂકવામાં આવી છે. કુલ ૪૦ લાખ લાભાર્થીઓને આવરી લેવાનું આયોજન છે. એના કારણે ઈન્ફો મોર્ટાલીટી રેટ અને મેટરનલ મોર્ટાલીટી રેટ ઓછો થવાની પૂરેપૂરી શક્યતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહજી વાત કરતા હતા, આંગણવાડી બહેનોની ચિંતા કરતા હતા. આ સંપૂર્ણ કેન્દ્ર સરકાર પ્રસ્તુત યોજના છે. ૫૦૦ રૂપિયાનો એમણે વધારો કર્યો છે. ગુજરાત સરકારે પહેલાં જ બીજી ઑક્ટોબરે ૫૦૦ રૂપિયાનો વધારો આંગણવાડી વર્કરોનો જાહેર કર્યો અને તેડાગર બહેનો માટે ૨૫૦ રૂપિયાનો વધારો જાહેર કર્યો છે. ઉપરાંત દરેક આંગણવાડી બહેનો માટે બે સાડી, બે બ્લાઉઝ આપવાની જાહેરાત કરી. એમને વીમા કવચ આપવામાં આવે છે. એમને ઈ.પી.એસ.નો લાભ આપવામાં આવે છે. ઉપરાંત આ આંગણવાડી વર્કર બહેનો જે યશોદા બનીને નાના નાના બાળકોની દેખરેખ રાખે છે, જન્મ આપતી નથી પણ દેખરેખ રાખે છે. આવી બહેનોને પ્રોત્સાહિત કરવા માટે રાજય કક્ષાએથી લઈને તાલુકા કક્ષા, મહાનગરપાલિકાથી લઈ નગરપાલિકા સુધી જુદી જુદી માતા યશોદા એવોર્ડની જાહેરાત કરી છે. ગત વર્ષે ૬૪૬ બહેનોને એવોર્ડ આપ્યા એમાં દસ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો. ઉપરાંત આવી આંગણવાડી વર્કર બહેન જો દસ વર્ષ કામ કરી ચૂકી હોય અને એસ.એસ.સી. પાસ હોય તો એમને મુખ્ય સેવિકામાં નોમીનેટ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત કરવા માગું છું કે, આંગણવાડી એ કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના હોવા છતાં એકપણ રૂપિયો આંગણવાડીના મકાન માટે કેન્દ્ર સરકાર ફાળવતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૪૪હજાર (અંતરાય) હું કહુ છું એ વિશે, ૪૪હજાર આંગણવાડીઓ છે એ પૈકી ૨૦૭૦૦ આંગણવાડીઓને પાકા મકાનો છે અને દર વર્ષે ૫ કરોડ સરકાર ફાળવી અને મકાનો બનાવતી હતી એના બદલે

આ વખતે પહેલી વખત ૪૦ કરોડ જેવી માતબર રકમ આંગણવાડીઓ માટે ફાળવી છે અને ૧૦ કરોડની રકમ મરામત માટે ફાળવી છે. યુનિટ કોસ્ટ પણ જે ૨ લાખ હતી એનાથી વધારીને અઢી લાખ કરી છે. એન.જી.ઓ. ઔદ્યોગિક ગૃહો અને જે સામાજિક સંસ્થાઓને પણ અપીલ કરી અને એ લોકો પણ આંગણવાડીના મકાનો બનાવે એના માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. એમ.એલ.એ. એમ.પી. ફંડમાંથી પણ આંગણવાડીના મકાનો બનાવી શકાય છે. હું ગૃહના સૌ સદસ્યોને નમ્ર અપીલ કરું છું કે આપ પણ પોતાનું ફંડ આંગણવાડી માટે ફાળવો જેથી આ ગરીબ નાના નાના ભૂલકાઓ આ આંગણવાડીમાં બેસી શકે. એક એક ધારાસભ્યો જો દત્તક લેશેને પાંચ પાંચ આંગણવાડીઓ તો પણ આંગણવાડી કેન્દ્રોનો ખૂબ ઉદ્ધાર થઈ જશે. સ્ત્રીની ઉન્નતિ અને અવનતિ એના ઉપર જ રાષ્ટ્રની ઉન્નતિ અને અવનતિ છે. સ્ત્રી વીના ઘર નહીં, ઘર વીના પ્રજા નહીં અને પ્રજા વિના રાજા નહીં.

**અધ્યક્ષશ્રી** : આપ જેટલી યોજનાઓ છે બાકી ન રહી જાય એટલું ધ્યાન રાખજો. ચાર મિનિટમાં પૂરું કરી દઈશ.

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : સાહેબ ખાલી સ્પષ્ટ કરીશ હું. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં સંમેલનોની બહુ ચર્ચા થઈ, બેટી બચાવો આંદોલનમાં સંમેલનો થયા અને ખૂબ ખર્ચ થયો, ખૂબ ખર્ચ થયો , ભાષણો થયા એની બહુ ચર્ચા થઈ. ૨૫ લાખ પરિવારોનો સીધો સંપર્ક કરી અને બેટી બચાવોની અપીલ કરવી એ એક ઐતિહાસિક ઘ ટનાઓ હતી અને બેટી બચાવો માટે એમાં પરિણામ કેટલું સુંદર મળ્યું, એમાં માત્ર બેટી બચાવો આંદોલન તો થયું જ પણ એમાંથી મહિલાઓ પોતે ખૂબ આત્મવિશ્વાસ સભર મહિલા બની. અહીંયાં એક નાનકડી બીજી વાત થઈ. ખૂબ મહિલાઓની સુરક્ષાની વાત થઈ. એકની એક ઘટનાની વારંવાર ચર્ચા કરવી મને લાગે છે આપણે કોઈપણ ઘ ટના બને એ આ ગૃહ માટે, આપણા સૌ માટે ચિંતાનો વિષય હોવો જોઈએ, એ ફરીથી ના બને એના માટે આપણે સૌએ સજાગ રહેવું જોઈએ, જેણે પણ કોઈએ આ કર્યુ હોય એના સામે કડકમાં કડક પગલાં ભરાવાં જોઈએ પણ વારંવાર એને એક વિષય બનાવી કોઈને ટાર્ગેટ બનાવી અને આ વિષયની ચર્ચા કરી, હું એક જ વાતની વિનંતી કરું છું કે જે પીડિત બાળા હશે એના હૃદય પર શું વીતતું હશે જ્યારે રોજ પોતાની ઘટના એ છાપામાં વાંચતી હશે એટલે બધાએ સમજીને આ વિષયોને રાજકારણમાં ન લાવીને આ વિષયોમાં ચર્ચા નહીં ચિંતા કરવી જોઈએ.

વિવિધલક્ષી મહિલા માર્ગદર્શન કેન્દ્રો ચલાવવામાં આવે છે. સ્વયંસેવી સંસ્થાઓ દ્વારા અત્યાર સુધી જે મહિલા માર્ગદર્શન કેન્દ્રો ચાલતા હતા એમાં વધારો કરી અને ૨૧૨ મહિલા માર્ગદર્શન કેન્દ્રો ચલાવવામાં આવે છે. એમને જિલ્લા કક્ષામાં કેન્દ્રોને અઢી લાખ અને તાલુકા કક્ષાના કેન્દ્રોને સવા લાખની સહાય આપવામાં આવે છે. એમને બાયસેફથી જોડવામાં આવે છે, સેટેલાઈટ કોમ્યુનીકેશનથી જોડવામાં આવે છે. એમને ટી.વી., ડી.વી.ડી., ડીશ એન્ટેના આપી અને એમને મહિલા માર્ગદર્શન કેન્દ્રોને બાયસેફથી જોડીને માર્ગદર્શન આપી અને કુલ ૧૬,૫૩૫ મહિલાઓને કાનૂની માર્ગદર્શન આપ્યું છે અને ૩૦હજાર કરતા વધુ બહેનોને સમાજકલ્યાણ લક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. નારી ગૌરવ નીતિ જાહેર કરવામાં આવી છે. મહિલાઓના નામે મિલકત, મિલકતમાં રજીસ્ટ્રેશન ફીમાંથી મુકિત આપી છે. સરકારને ૧૦૫ કરોડ રૂપિયાનો લોસ થયો છે છતાં પણ મહિલાઓના નામે ૪ લાખ અને ૪૦ હજાર બહેનોના નામે સંપત્તિ લખવામાં આવી છે. જેન્ડર રીસ્પોન્સીવ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. ૧૦ વિભાગોમાં જેન્ડર રીસ્પોન્સીવ બજૅટ છે અને બીજા વિભાગોને પણ આવરી લેવામાં આવશે. વિધવા સહાય અંતર્ગત ૧ લાખ કરતા પણ વધારે બહેનોને વિધવા સહાય આપવામાં આવે છે અને ૧૫ રુપિયા જેમણે વીમામાં ભરવા પડતા હતા પર્સનલ પૉલિસી માટે એ પણ હવે સરકાર ભરશે એટલે એમને એકસીડન્ટ પૉલિસીની જે ચિંતા હતી એ સરકારે કરી છે. આ વિધવા બહેનોને તાલીમ આપવા માટેની પણ ચિંતા કરી છે. (સમય સૂચક ઘંટડી )થોડુંક એક જ મિનિટમાં સાહેબ પૂરું કરું છું. સાહેબ ૨-૧૦ સુધીમાં પૂરું કરું છું.

**અધ્યક્ષશ્રી** : આનંદીબેનનો સમય કપાશે.

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : એક જ મિનિટ, માનનીય અધ્યક્ષશ્રી, આ વિધવા બહેનોને તાલીમ પણ આપવામાં આવે છે. ગયા વર્ષે ૬હજાર બહેનોને તાલીમ આપી આ વર્ષે ૧૦ હજાર બહેનોને તાલીમ આપવાનું આયોજન છે. હમણાં છનાભાઈએ વાંસદામાં નારી સંરક્ષણ ગૃહની ચિંતા કરી, આ વખતના જ બજૅટમાં ૭૬ લાખ રૂપિયાના ખર્ચે વાંસદામાં નવું નારી સંરક્ષણ ગૃહ બનાવવાની જાહેરાત કરી છે. કુલ ૧૯ નારી સંરક્ષણ ગૃહો ચલાવવામાં આવે છે. સમાજ સુરક્ષાના ભાગરૂપે. (સમય સૂચક ઘંટડી )

**અધ્યક્ષશ્રી** : આનંદીબેન.

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરું છું કે જે મિત્રોએ કાપ દરખાસ્તો મૂકી છે એ પોતાની કાપ દરખાસ્તો પાછી લઈ લે એવી વિનંતી કરું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન ઉપર ૧૦-૧૧ જેટલા ધારાસભ્યશ્રીઓએ પોતાની વાત અહીં રજૂ કરી છે. શ્રી સી.કે.રાઉલજીભાઈએ દાંડી યાત્રાનો મુદ્દો ઉઠાવ્યો. એમનો હું આભાર માનું છું કે એમણે દાંડી માર્ગ બનાવવા માટેનો મુદ્દો ઉઠાવ્યો છે અને કહ્યું કે સરકાર હજુ સુધી કરી શકી નથી. પણ મારે આ સભાગૃહ સમક્ષ સત્ય હકીકતો મૂકવી છે. કોંગ્રેસ દ્વારા દાંડી યાત્રાનું આયોજન ૨૦૦૫માં થયું. ૧૨મી માર્ચના દિવસે નીકળી દાંડી પહોંચ્યા પછી સમાપન કાર્યક્રમમાં અથવા અન્ય કોઈ કાર્યક્રમમાં દેશના વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહજી આવ્યા અને એમણે જાહેરાત કરી કે કેન્દ્ર સરકાર દ્વારા આ

દાંડીનો હેરિટેઝ માર્ગ અમે બનાવીશું. તા. ૧-૬-૨૦૦૫ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા દાંડી માર્ગને રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૨૨૮ તરીકે જાહેર કરવામાં આવ્યો. તા. ૩૦-૧૦-૨૦૦૬ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય ધોરી માર્ગ તરીકે જાહેર કરાયેલ દાંડી માર્ગને એન.એચ.એ.આઈ.ને સોંપતું જાહેરનામું સેકશન-૫ જાહેર કરવામાં આવ્યું. જુલાઈ ૨૦૦૭માં આ માર્ગમાં કાંઈ થયું નહીં એટલા માટે ગુજરાત સરકારના માનનીય મંત્રીશ્રીએ અને સચિવશ્રીએ જુલાઈ ૨૦૦૭ માં દાંડી માર્ગના મરામત અને વિકાસના કામો એન.એચ.એ.આઈ. દ્વારા તાત્કાલિક શરૂ કરવા કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી. પરંતુ એમાં કાંઈ થયું નહીં. પણ એક પત્ર તાત્કાલિક આવ્યો કે તા. ૪-૧-૨૦૦૮ના રોજ કેન્દ્ર સરકારે દાંડી રૂટના વિકાસ માટેના ફેઝ-૧ની કામગીરી ગુજરાત સરકારને સોંપવાનો હુકમ કર્યો. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા દાંડી માર્ગના વિકાસ માટે માત્ર ૪૬ દિવસની અંદર તા. ૨૦-૨-૨૦૦૮ના પત્રથી ૧૭૦ કરોડના નકશા અંદાજની વિગતો કેન્દ્ર સરકારમાં મંજૂરી માટે મોકલી આપી. રોડ કરવાનો હતો. એમણે ગાઈ વગાડીને કહ્યું હતું પણ રોડ ન કરી શક્યા. આખરે રાજ્ય સરકારને આ કામ સોંપવામાં આવ્યું અને રાજ્ય સરકારે જ્યારે માત્ર ૪૬ દિવસમાં ૧૭૦ કરોડના નકશા અંદાજો કેન્દ્ર સરકારને મોકલી આપ્યા છે ત્યારે જો આપને દાંડી માર્ગ માટેની ખરી લાગણી હોય તો તાત્કાલિક મંજૂરી અપાવો. રાજ્ય સરકારનું માર્ગ અને મકાન વિભાગ એ રોડ કરવા તૈયાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને મકાન વિભાગ અને પાટનગર યોજનાની ૨૦૦૮-૦૯ના વર્ષની માગણીઓ લઈને ગૃહમાં ઉપસ્થિત થઈ છું. રાજ્ય સરકારે માર્ગ વિકાસના આયોજનમાં સતત પ્રાધાન્ય આપ્યું છે અને ૧૬.૩૧ ટકાના વધારા સાથે રૂપિયા ૧૫૦૧ કરોડનું આયોજન મૂક્યું છે. એના માટે હું માનનીય નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મને જણાવતાં આનંદ થાય છે કે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સ્પેશિયલ ઈકોનોમિક ઝોન, ઔદ્યોગિક એકમો, બંદરો, અગત્યના પર્યટક સ્થળો, શહેરી વિસ્તારોને જોડતા આવશ્યક ક્ષમતાવાળા રસ્તાઓથી જોડાણ આપવા રાજ્ય સરકારે ૫૫૦૦ કિલોમિટરની આવશ્યક લંબાઈના રાજ્ય ધોરી માર્ગોને અપગ્રેડ કરવાનું આયોજન કર્યું છે. આ યોજના અંતર્ગત ૨૮૦૦ કિલોમિટરની લંબાઈના રસ્તાઓ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપથી ૧૦ મિટર પહોળા કરવાનું આયોજન કર્યું છે. એ જ રીતે ૧૦૦૦ કિલોમિટરના રસ્તાને બી.ઓ.ટી.ના ધોરણે પહોળા અને મજબૂત કરવા માટે આયોજન કર્યું છે. આમાં ૬૦૦૦ કરોડનું મૂડી રોકાણ થવાનું છે. બી.ઓ.ટી.ના ધોરણે વાએબિલિટી ગેપ ફન્ડીંગ યોજના અંતર્ગત મંજૂર થયેલ રાજકોટ-જામનગર-વાડીનાર, હાલોલ-ગોધરા-શામળાજી, અમદાવાદ-વિરમગામ-માળિયાને ચાર લેન પહોળા કરવાના ટેન્ડરો મગાવવામાં આવ્યા છે. જેની ચકાસણી પૂરી થયેથી રોકાણકારો સાથે કરાર કરી એનું બાંધકામ શરૂ થશે અને અંદાજે ૪૩૦૮ કરોડ રૂપિયા જેટલું ખાનગી મૂડી રોકાણ આમાં થવાનું છે. સહ ભાગીદારી યોજના હેઠળ રાજ્યના વિવિધ ૮૦ કિલોમિટરના રસ્તાઓને ૪૦ કરોડના ખર્ચે સુધારણા કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. રેલવે સાથે ભાગીદારી યોજના હેઠળ ૬ રેલવે ઓવર બ્રિજની કામગીરી રૂપિયા ૫૧ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. આપણા અગત્યના ધોરી માર્ગો ઉપર વાહન-વ્યવહારને અવરોધરૂપ એક લાખ ટ્રેઈન વ્હીકલ યુનિટથી વધારે ટ્રાફિક સાથેના રેલવે ક્રોસિંગોને તબક્કાવાર દૂર કરવા ૧૯ જેટલા નવા રેલવે ઓવર બ્રિજનું પ્રાથમિક સર્વેક્ષણ કરી રેલવેની સહભાગિતા મેળવવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ભૂજ એન્જિનિયરિંગ કૉલેજ, પૉલિટૅક્નિક તથા કલેક્ટર ઑફિસના કામો માટે ૪૩ કરોડના અંદાજિત ખર્ચે એને પૂર્ણ કરવામાં આવ્યાં છે. કચ્છ યુનિવર્સિટીના મકાનોનું બાંધકામ અંદાજિત ૩૫ કરોડના ખર્ચે પૂર્ણતાના આરે છે. આદિજાતિ નિવાસી શાળાઓના કવાટર નવ કરોડના ખર્ચે પૂર્ણ અથવા તો પ્રગતિની અંદર છે. ગુજરાત રાજ્યની સ્થાપનાના ૫૦માં વર્ષે, એટલે કે ૨૦૧૦માં સ્વર્ણજયંતિ વર્ષે વિકાસના ઉચ્ચત્તમ સ્તરો પ્રાપ્ત કરવાના ધ્યેયને પરિપૂર્ણ કરવાનું લક્ષ ધ્યાનમાં રાખી, ૨૦૦૮-૦૯માં વિશેષ આયોજન રાજ્ય સરકાર તરફથી કરવામાં આવ્યું છે. પ્રગતિપથ યોજના હેઠળ ૮૬.૯૦ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ ૧૫૮ કિલોમીટર અને ૨૦૦ કિલોમીટરના અનુભાગો જેને રૂા.૨૮૫ કરોડના ખર્ચે મંજૂરી આપેલી છે. તે કામો માટે ૧૨૫ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. વિકાસ પથ યોજના દ્વારા નગરપાલિકાઓના વિસ્તારમાંથી પસાર થતા રાજ્ય રસ્તાની સુધારણાથી શહેરી વિકાસની જરૂરિયાત મોટા પ્રમાણમાં સંતોષાયેલ છે. પ્રગતિ હેઠળના ૧૯૪ કિલોમિટરની લંબાઈની કામગીરી માટે ૬૧ કરોડની જોગવાઈ સૂચવી છે. તે જ પ્રમાણે પ્રવાસીપથ યોજનાના કામો પૂર્ણ કરવા ૨૩ કરોડની જોગવાઈ પણ સૂચવવામાં આવી છે. વિભાગ દ્વારા આંતર જિલ્લાના જોડાણો અને આંતર માળખાકીય સુધારણા કરવા પુલોના કામોને અગ્રતા આપી છે. વિભાગના આયોજન હેઠળ ચાલુ વર્ષના ૧૧૭ કરોડની અંદાજી કિંમતના ૩૧ પુલોના કામો માટે જોગવાઈ સૂચવી છે. ઉપરાંત ૯૬ કરોડના અંદાજી ખર્ચ સાથે ૨૯ નવા પૂલો હાથ ધરવા ૨૦૦૮-૦૯માં જરૂરી જોગવાઈ કરવામાં આવી છે. તદુપરાંત ૨૬૨ કરોડની અંદાજિત રકમના અન્ય ૫૪ પુલોના વિગતવાર આલેખન-અંદાજો તૈયાર કરવાની કામગીરી તજજ્ઞોને સોંપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ પ્રસિદ્ધ પુરાતત્ત્વ ચાંપાનેર માટે આવશ્યક બાયપાસ, હજીરાના ઔદ્યોગિક વિકાસને ધ્યાને લઈ એકસપ્રેસ રૂટની આવશ્યક કામગીરી માટે જમીન સંપાદન, યુટીલીટી સિસ્ટીમ વૃક્ષ દૂર કરવા જોગવાઈ કરવામાં આવી છે. શહેરી વિસ્તારમાં થઈ રહેલ વિકાસ અને ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં લઈ એક

લાખથી વધુ વસ્તીવાળી નગરપાલિકાઓના બાયપાસના આયોજન માટે જરૂરી જમીન સંપાદન કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષોમાં ભારે વરસાદ દરમિયાન વિખૂટા પડેલા ગામો અને અગત્યના રાજ્ય ધોરીમાર્ગો ઓવર ડ્રોપિંગ થવાના કારણે બંધ થયા. વાહનવ્યવહારને લક્ષમાં રાખી બારમાસી વાહનવ્યવહાર યોગ્ય કરવા તજજ્ઞો મારફત શક્યતાદર્શી અભ્યાસ હાથ ધર્યો છે. વિખૂટા પડેલા ગામો માટે ના-બાર્ડ સહાયિત ૨૦૬ કરોડની યોજના માટે રૂા.૪૧ કરોડ અને રાજ્ય ધોરીમાર્ગોની તબક્કાવાર યોજના હાથ ધરવા ૩૩ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. કિસાનપથ યોજના અંર્તગત બીજા તબકકામાં ૫૪૦ રસ્તાઓની ૨૪૦૪ કિલોમીટર લંબાઈની સુધારણા કરવા ૨૧૧ કરોડના ખર્ચે આયોજન કર્યુ છે, જે માટે ૪૮.૭૯ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે અને આ યોજના પૂર્ણ થયે ૧૦૮૨ ગામો લાભાન્વિત થવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામીણ માર્ગોની અહીંયાં ચિંતા થતી હતી અને એટલા માટે રાજ્ય સરકારે ગ્રામીણ માર્ગોની પણ એટલી ચિંતા કરીને યોગ્ય જોગવાઈ આ બજૅટની અંદર કરવામાં આવી છે. ગ્રામીણ માર્ગોની સુધારણા અંર્તગત મેટલ સપાટીવાળા રસ્તાથી જોડાયેલ મહેસૂલી ગામોને ડામર સપાટીનું જોડાણ આપવા ના-બાર્ડ સહાયિત ૫૦૩ કરોડ યોજનાઓ મંજૂરી અર્થે રજૂ કરી છે. જે અંર્તગત ૨૫૬૮ કિલોમિટરની લંબાઈના માર્ગો ડામરના કરી, ૧૨૫૫ ગામોને લાભ આપવામાં આવશે. ઉપરાંત લાંબા સમયથી સપાટી સુધારણા ના થયેલ ગ્રામીણ માર્ગોની ૩૮૯૦ કિલોમીટરની લંબાઈને ૫૭૫ કરોડના ખર્ચે મજબુતીકરણ અથવા નવીનીકરણ કરવા ૫૩૬ કિલોમીટર લંબાઈના મુખ્ય જિલ્લા માર્ગને બે લેઈન પહોળા કરવા ૨૦૮ કરોડની યોજના ના-બાર્ડ સહાયિત માટે મંજૂરી હેઠળ છે. ગ્રામીણ વિસ્તારના ના-બાર્ડ સહાયિત યોજનાઓ માટે ૩૨૯ કરોડની જોગવાઈ સૂચવી છે. આમ એકંદર ગ્રામ્ય માર્ગો માટે ના-બાર્ડ સહાયિત ૧૬૯૫ કરોડની અંદાજિત રકમની વિવિધ યોજનાઓ વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન હાથ ધરાવવાનું આયોજન છે. ગ્રામ્ય વિસ્તારના માર્ગોની સુધારણા માટે આ એક ઐતિહાસિક ઘટના છે. ૩૦૦૦થી વધુ વસ્તી ધરાવતા ડામર સપાટીથી જોડાયેલ બે ગામોને એકબીજા સાથે જોડાણ કરવા માટે ૩૪ કરોડની જોગવાઈ પણ સૂચવવામાં આવી છે અને આ યોજના અંર્તગત ૫૪ રસ્તાની ૨૧૪ કિલોમિટર લંબાઈના માર્ગોની કામગીરી હાથ ધરવામાં આવશે. આદિજાતિ વિસ્તાર સહિતના રાજ્ય ધોરીમાગી જે ટ્રાફિકની જરૂરિયાત મુજબ બે લાઈન પહોળા કરવા પાત્ર છે તેવા માર્ગો તબકકાવાર ધોરણોસરની પહોળાઈના કરવા ૪૦.૩૯ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. આદિજાતિ વિસ્તારમાંથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગો ઉપર સાંકડા અને નબળા પુલોના પૂન:બાંધકામ અને હયાત ડીપના સ્થળેપુલ, નાળા બાંધવા અગ્રતા પ્રદાન થાય તે માટે ૧૦કરોડની અલાયદી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સુરત અને જામનગર ખાતે ૧૭.૨૩કરોડના અંદાજી ખર્ચે વધારાના જીલ્લા સેવા સદનોનું બાંધકામ કરવાનું આયોજન થયું છે. રાજયના ૧૦ તાલુકા મથકોએ તાલુકા સેવા સદનના અંદાજી રૂ.૬૫કરોડના ખર્ચનું આયોજન છે. જે ધારાસભ્યશ્રી વાત કરતા હતા કે તાલુકાની ઓફિસો નથી થઈ જે આમાં આવરી લેવામાં આવશે. શિક્ષણ વિભાગની કુલ ૧૫૫કરોડની કુલ આઠ નવી ઈજનેરી કોલેજોનું બાંધકામ પણ પ્રગતિમાં છે. આદિજાતિ નિવાસી શાળાના કવાર્ટર્સ અને શાળાના મકાન બાંધવા માટે ૩૦ કરોડના કામનું આયોજન છે. ૧૩કરોડના ખર્ચે ગોધરા તેમજ વઘઈ ખાતે પોલિટેકનીકનું કામ પ્રગતિ હેઠળ છે અને જુનાગઢનું કામ આપણે આયોજનમાં લીધું છે. ઉપરાંત નવરચિત તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા ખાતે જિલ્લા કક્ષા કચેરીનું સંકુલ, સરકીટ હાઉસ, ટ્રાન્સફરી હોસ્ટેલ તથા કર્મચારી આવાસો માટે ટાઉનશીપનું બાંધકામ આધુનિક ગ્રીન બિલ્ડીંગ પરિકલ્પના પ્રમાણે કરવા માટેનું આયોજન કરી જોગવાઈ કરવામાં આવી છે તેમજ જુનાગઢ કલેકટર, ડી.એસ.પી. તથા જિલ્લા પંચાયત કચેરી સંકુલના બાંધકામનું ૨૯કરોડના ખર્ચે આયોજન કરવામાં આવ્યું છે. રાજયના પાટનગર ગાંધીનગરને અદ્યતન સુવિધાઓ સાથે વિકસાવવાનો અભિગમ આ સરકારનો રહેલો છે. વર્ષ ૨૦૦૮-૦૯ ના આયોજનમાં ૫૦કરોડ અને શહેરી વિકાસ વિભાગ હેઠળ ૩૮.૭૦કરોડની જોગવાઈઓ પણ સૂચવવામાં આવી છે. ૨૦૦૮ની સરખામણીએ આ વધારો ૭૫ ટકા જેટલો છે. ગાંધીનગર નજીકના સ્થપાઈ રહેલ ઉદ્યોગો તથા આઈ.ટી. શૈક્ષણિક સંસ્થાને ધ્યાને લઈ 'ગ' માર્ગને ચાર માર્ગીય કરી રાષ્ટ્રીય ધોરી માર્ગ ૮-સી સાથે જોડાણ આપવાનું કામ રૂ.૧૦કરોડના અંદાજી ખર્ચે હાથ ધર્યું છે. ઉપરાંત ' ખ' માર્ગને ૧૦કરોડના ખર્ચે ચાર માર્ગીય કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. 'ખ' માર્ગથી રાષ્ટ્રીય ધોરી માર્ગની ખૂટતી કડીને ૧.૦૯કરોડના ખર્ચે પૂર્ણ કરી છે. ગાંધીનગર અને અમદાવાદ શહેર વચ્ચેના વિસ્તારના વિકાસ અને વધતા જતા ટ્રાફિકને ધ્યાને લેતાં ગાંધીનગર-કોબા એરોડ્રામ રસ્તાનું ૮.૯૧કરોડના અંદાજી ખર્ચે આ કોબા- સાબરમતી રસ્તાનું ૨.૯૯ કરોડના અંદાજી ખર્ચે કામગીરી પ્રગતિ હેઠળ છે. ગાંધીનગર અને તેની આજુબાજુનો આઈ.ટી.શેષ વિભિન્ન ઈન્સ્ટીટયૂટોની સ્થાપના થઈ રહી છે તે બાબત ધ્યાને લઈને પાટનગર યોજના વિભાગ દ્વારા તેનું આગોતરું આયોજન શહેરની જરૂરી માળખાકીય સુવિધાઓ જેવી કે રસ્તાઓ પહોળા કરવા, ગટરના પાણીનું શુદિધકરણ, સ્ટ્રોંગ વોટર લાઈન, પાણીના સપ્લાયનું કામ તેમજ સ્ટ્રીટ લાઈટ વગેરે કામો મોટા પાયે હાથ ધરી એક વર્ષમાં ઘણી સારી પ્રગતિ આ રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગે કરી છે. જેને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગાંધીનગરમાં ઘ-૫ પાસે અદ્યતન ફુડ કોર્ટનું એક કરોડના ખર્ચે કામ પૂર્ણતાના આરે છે. ગાંધીનગરમાં પથિકાશ્રમનું માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રથમ વખત ખાનગીકરણ કરીને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે. સેકટર-૨૧ ખાતે માનનીય

ધારાસભ્યશ્રીઓની હોસ્ટેલમાં સુધારા વધારા માટે રૂ.૧કરોડની સૂચિત જોગવાઈ કરવામાં આવી છે. વિધાનસભાના મકાનમાં સુધારા વધારાના કામ માટે રૂ. ૧કરોડની સૂચિત જોગવાઈ છે. સચિવાલય કોમ્પ્લેક્ષના મકાનોનું આધુનિકરણ અને મજબૂતીકરણ કરવા રૂ.૪કરોડની સૂચિત જોગવાઈ છે. સચિવાલય સંકુલની લિફ્ટને બદલવા માટે રૂ. ૪કરોડની જોગવાઈ છે. પાટનગર યોજના ભવનમાં સુધારા વધારા માટે રૂ.૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં સરગાસણ ખાતેના ઓસીડેશન તળાવની વૈકલ્પિક વ્યવસ્થા માટે રૂ. ૩કરોડની સૂચિત જોગવાઈ રાજય સરકારે કરી છે. ગાંધીનગર શહેરના ડ્રેનેજના ગંદા પાણીનું શુદ્ધિકરણ કરીને બગીચાને પૂરું પાડવા માટે કન્સલ્ટીંગ સર્વીસ માટે રૂ.૨૫ લાખની જોગવાઈ છે. આ ડ્રેનેજનું પાણી એ દસક્રોઈ તાલુકાના અનેક ગામો એની અંદરથી પસાર થાય છે અને પીવાના પાણીને ગંદુ બનાવી રહયું છે એટલા માટે આ વિચાર પણ આ વખતે કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેરની અંદર જે રીતે નદીના કિનારાને વિકાસ કરવાનું આપણે આયોજન કર્યું છે રીવર ફ્રન્ટ તરીકે એમ સાબરમતી નદી જે ગાંધીનગર પાસેથી પસાર થાય છે એના માટે પણ આયોજન કર્યું છે. સાબરમતી નદી કાંઠાને વિકસાવવા કન્સલ્ટન્સી સર્વીસ માટે રૂ. ૫૦ લાખની સૂચિત જોગવાઈ કરવામાં આવી છે. ગાંધીનગરમાં સેકટરોમાં આંતરિક વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા માટે બે કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં ડ્રેનેજની લાઈનો નવી નાખવા અને બદલવા માટે દોઢકરોડની સૂચિત જોગવાઈ કરવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં ચરેડી પમ્પીંગ સ્ટેશન ખાતે મશીનરી બદલવા માટે એક કરોડની સૂચિત જોગવાઈ કરવામાં આવી છે. એકંદરે માર્ગ વિકાસના આયોજનમાં ઉદ્યોગો, બંદરો, સેજ, પ્રવાસન સ્થળો ઉપરાંત રાજયના ગામડાંના રસ્તાઓનો પણ પ્રમાણસર અને સમતુલિત વિકાસનો દ્રષ્ટિકોણ રાખીને સમગ્ર ગુજરાત નિર્મળ ગુજરાત બને તેવા માનનીય મુખ્યમંત્રીશ્રીના સ્વપ્નને સાકાર કરવા માર્ગ અને મકાન વિભાગે સક્રિય ભુમિકા ભજવી છે. મકાનો અને માર્ગોમાં આ સતત ચાલતી પ્રક્રિયામાં નિયત કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.તો કોઈ જગ્યાએ પ્રગતિમાં છે અને આ રીતે આવતા વર્ષે પણ ૨૦૦૮-૦૯ નું બજેટ રજૂ થયું છે, તેની પણ એ જ રીતે પ્રગતિ થાય એના માટેના રાજ્ય સરકાર પ્રયાસ કરશે. અહીં વિરોધપક્ષના નેતાશ્રીએ શરૂઆતમાં જ માર્ગ અને મકાન માટે એમણે વાત કરી. એમણે શબ્દનો ઉલ્લેખ કર્યો એ હું કહેવા નથી માગતી. અમારા મન માર્ગ અને મકાન એટલે 'માગો' અને 'મળશે'. માર્ગનો 'મા' અને મળશે નો 'મ'. તમારા માટે અમે જે રસ્તાઓ બનાવ્યા છે. ભારતીય જનતા પાર્ટીના સમયમાં રસ્તા બન્યા છે. એ રસ્તાઓ માખણ જેવા છે. તમારી ગાડી સડસડાટ નીકળીને સડસડાટ પહોંચી જાય છે, છેક મુંબઈ સુધી. અમે માખણ જેવા રસ્તાઓ આપ્યા છે. મલાઈ ખાધી નથી. મલાઈ કોણે ખાધી એ આપ બધા જાણો છો, કારણ કે આપના જ સ્વ. વડાપ્રધાને દિલ્હીમાં બેઠા બેઠા કહ્યું હતું કે હું એક રૂપિયો મોકલું છું, ત્યારે રાજ્યની અંદર માત્ર ૧૫ પૈસા પહોંચે છે. આ તમારા વડાપ્રધાનના શબ્દો છે. આ ૧૫ પૈસા અહીયા પહોંચતા હતા અને ૮૫ પૈસાની મલાઈ કોણે ખાધી એ શક્તિસિંહજી પુરવાર કરે. આ રાજ્યની સાડા પાંચ કરોડની જનતાએ મલાઈ જેમણે ખાધી એમને જ ઘરભેગા કર્યા છે. બાકી ૧૦ વર્ષથી આ રાજ્ય સરકાર ભારતીય જનતા પાર્ટીની સરકાર અહી ચાલી રહી છે. માનનીય ધારાસભ્યશ્રીઓએ જે વાત અહીયા કરી છે, એટલા માટે વાત કરવા માગું છું. (સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : આપનું વક્તવ્ય પૂરું થાય છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : હું એક મિનિટમાં પૂરું કરીશ. ૨-૩૦ મિનિટે પૂરું થશે. ગુજરાત છોડીને બીજા રાજ્યની અંદર આપણે જ્યારે જઈએ છીએ, ત્યારે જે ગુજરાતના રસ્તાઓ ખબર પડે છે કે ગુજરાતના રસ્તાઓ કેવા અને અન્ય રાજ્યોના રસ્તા કેવા છે? આખા દેશની અંદર સારામાં સારા રસ્તાઓ હોય તો તે ગુજરાતની અંદર છે. એની અનુભૂતિ આપણે સૌ કરતા રહીએ છીએ. છેલ્લે જે ધારાસભ્યશ્રીઓએ પોતાની વિગતો રજૂ કરી છે, તેને હું જોઈશ અને આ ૨૦૦૮-૦૯ ના અંદાજોની અંદર જેટલી પણ સમાવેશ કરવાની આવશ્યકતા હશે એટલી સમાવેશ કરીને આ કામ અમે પૂર્ણ કરીશું. મિત્રો, આપ મને મળી શકો છો. એની અંદર ભ્રષ્ટાચારની વાત કરી છે. આપ બધાને કહેવા માગું છું કે આ ફ્લોર ઉપર કહેવા માગું છું કે ભ્રષ્ટાચાર કરનાર લોકો જો હોય તો, તમારા ધ્યાને હોય તો મારા ધ્યાને લાવજો. (સમય સૂચક ઘંટડી) તેમના ઉપર કડકમાં કડક પગલાં લેવાં માટે અમે તૈયાર છીએ. (સમય સૂચક ઘંટડી) બાકી ભ્રષ્ટાચાર લાગશે તો..(અંતરાય)

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫,૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૮૬, ૮૭, ૮૮ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# બિન સરકારી વિધેયકો

**દાખલ કરવાનાં બિન સરકારી વિધેયકો**

**સન ૨૦૦૮ નું ગુજરાત વિધેયક**

**ગુજરાત અશ્લીલ જાહેર ખબરો, ફોટોગ્રાફ, અને પોસ્ટર્સ પ્રતિબંધ વિધેયક ૨૦૦૮**

**ગુજરાત રાજયમાં અશ્લીલ જાહેરખબરો, ફોટોગ્રાફ અને પોસ્ટરો ઉપરના પ્રતિબંધ માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું ગુજરાત અશ્લીલ જાહેર ખબરો, ફોટોગ્રાફ, પોસ્ટર્સ પ્રતિબંધ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૮નું ગુજરાત અશ્લીલ જાહેર ખબરો, ફોટોગ્રાફ અને પોસ્ટર્સ પ્રતિબંધ વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક**

**ગુજરાત ભૂંડ સંરક્ષણ ઓ વસ્તી નિયંત્રણ વિધેયક, ૨૦૦૮**

**ગુજરાત રાજયમાં ભૂંડોનું સંરક્ષણ અને તેમની વસ્તીનું નિયંત્રણ કરવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ (પાલનપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું ગુજરાત ભૂંડ સંરક્ષણ અને વસ્તી નિયંત્રણ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૮નું ગુજરાત ભૂંડ સંરક્ષણ અને વસ્તી નિયંત્રણ વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સચિવશ્રી** : સન ૨૦૦૮નું ગુજરાત બિન નાશવંત કચરો(નિયંત્રણ) વિધેયક સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળિયા (થોડી વાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર

**સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક**

**ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક**

**માતાપિતા, પત્ની અને બાળકો માટે અને તે સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા**

**શ્રી મફતલાલ મો. પુરોહિત (ધાનેરા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી મફતલાલ મો.પુરોહિત :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૮નું ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક**

**ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક**

**ધોરીમાર્ગો ઉપર થતા અકસ્માતોના નિવારણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઈઓ કરતું વિધેયક**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૮નું ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

# બિન સરકારી સંકલ્પો

## વીજ મીટર ભાડામાંથી મુકિત,વીજ ડયુટી અને વીજ દરમાં ઘટાડો કરવા અંગે

**શ્રી ચંદુભાઈ ડાભી (કરજણ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે,

"ઈલેકટ્રીસિટી એકટમાં વીજ ગ્રાહક પોતાનું વીજ મીટર નાખી શકે તેવી જોગવાઈ હોવા છતાં વીજ કંપનીઓ પોતાના જ મીટરો મૂકવાનો આગ્રહ રાખી રહી છે. વીજ મીટરની કિંમત કરતાં તેના ભાડા પેટે અબજો રૂપિયા વીજ કંપનીઓ ગ્રાહકો પાસેથી વસૂલ કરી રહી છે. આવા વીજ મીટરોમાં ખામી સર્જાય તો વીજ કંપનીઓ વીજ ગ્રાહકોને ભારે દંડ કરી રકમ વસૂલ કરે છે. વીજ ગ્રાહકો પોતાના વીજ મીટરો નાખી શકે તેવી જોગવાઈ છે પરંતુ વીજ ગ્રાહકો તે બાબતથી અજાણ છે. આ બાબતે ગ્રાહકોને જાગૃત કરવા વીજ કંપનીઓ જાહેરાત કરતી નથી, ત્યારે વીજ વપરાશના લાખો ગ્રાહકો પોતાના વીજ મીટરો મૂકી વીજ મીટરના ભાડામાંથી મુકત થાય તે માટેની જરૂરી કાર્યવાહી કરવી. હજારો ખેડૂતોએ હોર્સ પાવર દીઠના કૃષિ વીજ જોડાણ માંગેલ છે તે મળતા નથી. વીજ ડયુટીના દરોમાં અનેકગણો વધારો કરવામાં આવેલ છે ત્યારે, વીજ મીટરના ભાડામાંથી મુકત કરવાની જાહેરાત કરવા, ખેડૂતોને તાત્કાલિક હોર્સ પાવર દીઠના વીજ કનેકશન અને વીજ લોડ વધારો આપવા તથા વીજ ડયુટી, વીજ દરમાં ઘટાડો કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતના બધા જ વર્ગને સ્પર્શતો અને તેમના હિત માટેનો સંકલ્પ હું લઈને આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, તવંગર હોય, મધ્યમ વર્ગ કે ગરીબ વર્ગના બધા જ લોકો વીજળી વાપરે છે અને વીજ કંપનીઓ દ્વારા આ વીજ ગ્રાહકો છે એ વીજ ગ્રાહકો ઉપર કમ્મરતોડ બોજો આવે છે. માનનીય મંત્રીશ્રી પણ વીજ ગ્રાહક છે એટલે તેઓશ્રી પણ વીજ ગ્રાહકોની સમસ્યાનો અનુભવ ધરાવે છે. માનનીય વીજ મંત્રીશ્રી તરીકે ગુજરાતના વીજ ગ્રાહકોની પ્રત્યે હિત ચિંતક રહેલા છે, ગુજરાતમાં ચાર ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓ છે, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, પશ્ચિમ ગુજરાત વીજ કંપનીઓ છે અને આ ચારેય વીજકંપનીઓમાં લગભગ ૮૦ લાખ ઉપરાંત તેમના વીજ ગ્રાહકો છે. ઈલૅક્ટ્રીસીટી એકટમાં સ્પષ્ટ જોગવાઈ છે કે, વીજ ગ્રાહક પોતાનું મીટર નાખી શકે છે પણ આ વીજ કંપનીઓ તેનું પાલન કરતી નથી અને કંપનીનું જ મીટર નાખવું એવો આગ્રહ રાખે છે, વીજ કંપની જ્યારે મીટર નાખવા માટે જે વીજ મીટરો ખરીદે છે ત્યારે તે જથ્થાબંધના ભાવે લગભગ ૪૦૦ થી ૫૦૦ રૂપિયાની કિંમતે જ ખરીદતી હોય છે આ કંપનીઓ દર બે માસના બિલમાં વીજ મીટરના ભાડા પેટે રૂપિયા વીસ નો ચાર્જ કરે છે. ઘણી જગ્યાએ તો વીસ રૂપિયા કરતાં પણ વધારે મીટરનું ભાડું લેવામાં આવે છે એ હિસાબે જો ૮૦ લાખ વીજગ્રાહકો હોય એને આપણે ૮૦ ગુણ્યા ૨૦ કરીએ તો કરોડો રૂપિયામાં આ રકમ થાય છે, અને વીજ ગ્રાહક કયારેય પોતાનું વીજ કનૅક્શન રદ કરતો નથી. અને આજીવન એ ભાડું ભર્યા જ કરે છે અને જે મીટરની કિંમત છે એના કરતાં અનેક ઘણું હોય છે, જ્યારે વીજ કંપની પાસે વીજકનેકશન માટે અરજી કરવામાં આવે છે ત્યારે વીજ કંપની એસ્ટીમેટ આપે છે અને આ એસ્ટીમેટમાં જે મીટર હોય છે એ મીટરની રકમ પણ તેમાં આકારવામાં આવે છે, ગ્રાહકનું જ્યારે વીજ મીટર બગડે અથવા મીટરમાં કોઈ યાંત્રિક ખામી જો સર્જાય તો એનો ભારે દંડ એ વીજ ગ્રાહક પર આવે છે, અને આ દંડ એટલો બધો ભારે હોય છે કે સામાન્ય માનવી તો એને ન ભરી શકે અને કેટલાક જે વીજ ગ્રાહકો છે એ વીજગ્રાહકો પોતાના દાગીના પણ ગીરવે મૂકે છે એટલું જ નહીં પણ ઘણાએ આત્મહત્યા પણ કરેલી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારને મારી વિનંતી છે કે તમામ વીજ કંપનીઓને આદેશ આપે અને જેનાથી લોકો અજાણ છે એની જાહેરાતો કરે અને સરકાર દ્વારા માન્ય સંસ્થાઓ હોય એ સંસ્થાઓ ચકાસણી કરે એવા મીટર બજારમાં વીજ ગ્રાહકોને ઉપલબ્ધ થાય અને એટલું જ નહીં પણ આ રીતે ઉપલબ્ધ થશે તો જેને કારણે જે અબજો રૂપિયા છે એ વીજ ભાડાના બચી જશે.

બીજું માનનીય અધ્યક્ષશ્રી, વીજ કંપની દ્વારા ગ્રાહક અનેક રીતે છેતરાય છે. જે ખાનગી વીજ કંપનીઓ છે એનું ઓડિટ કરવામાં આવે છે તો કયારેય ઓડિટમાં એ કંપનીઓ ખોટ બતાવતી નથી ત્યારે આપણે જાણીએ છીએ કે આ કંપનીઓ કરોડો રૂપિયાનો નફો કરતી હોય છે. જે જૂના મીટરો હતા એ જૂના મીટરનું ૨૪ ચક્ર ફરે ત્યારે ૧ યુનિટનું રિડિંગ આવતું હતું પણ અત્યારે જે વીજ કંપનીઓ દ્વારા નવા મીટરો મૂકવામાં આવ્યા છે એ સાડા સાત ચક્ર ફરે ત્યારે ૧ યુનિટનું રિડિંગ આવે છે એને લીધે પહેલા જે વીજ બિલ આવતું હતું એના કરતાં અત્યારે અનેકગણું વીજ બિલ આવે છે. ભૂતકાળની કોંગ્રેસ સરકાર હતી એ હંમેશા ખેડૂતોની હિત ચિંતક હતી. ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ તો એ ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે જુદા જુદા વિસ્તારોમાં પાણીના તળ ભિન્ન-ભિન્ન ઉંડાઈ ધરાવે છે. આપણે જો મધ્ય ગુજરાતમાં જઈએ તો ત્યાં પાણીના તળ ૧૫૦ થી ૨૫૦ ફૂટ ઊંડા હોય છે જ્યારે ઉત્તર ગુજરાતમાં જઈએ તો ૧૫૦૦ થી ૪૦૦૦ ફૂટ પાણીના તળ ઊંડા હોય છે અને એના ઉપર જો વીજ જોડાણ લેવામાં આવે તો આપણને ખ્યાલ છે કે જેમ પાણીના તળ ઊંડા તેમ વીજ બિલ પણ વધારે આવે છે. એટલે કે મધ્ય

ગુજરાતમાં જે બિલ આવતું હોય એના કરતા ઉત્તર ગુજરાતમાં પાણીના તળ ઊંડા હોવાના કારણે દસ ગણું વીજ બિલ ત્યાં આવતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, જે તે વખતે અમારા કોંગ્રેસના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલની સરકાર હતી અને એ સરકારે જે તે વખતે બધા ખેડૂતોને સમાન રાખવા માટે, એ તમામ ખેડૂતોના સમાન વીજળી બિલ આવે એટલા માટે એમણે હોર્સ પાવર દીઠ કનેકશન આપવાનું આયોજન કર્યું. એટલું જ નહીં, પણ એ વખતે ગુજરાતમાં જેટલા પણ ખેડૂતોએ આ રીતે  કનેકશન માગ્યા એ કનેકશન એમણે તાત્કાલિક આપી દીધા હતા, ખેડૂતોને બચાવવા માટે એમણે અનેક રાહતો પણ આપી હતી. હાલ પરિસ્થિતિ જુદી છે. ખેડૂત પોતાના ખેતરમાં દોઢથી બે લાખ રૂપિયાનો ખર્ચ કરીને બોર બનાવે છે અને વીજ કનેકશન માગે છે ત્યારે વીજ કનેકશન પણ મળતા નથી અને છેલ્લા બે-ત્રણ વર્ષથી જે તત્કાળ વીજ જોડાણની યોજના હતી એ યોજના પણ અત્યારે બંધ કરી દીધી છે ત્યારે મારી આ સરકારને વિનંતી છે કે હોર્સ પાવર દીઠ જે વીજ કનેકશન આપવામાં આવતા હતા એ રીતે જે પણ ખેડૂત કનેકશન માગે એને આપવામાં આવે. હાલ વીજળીના યુનિટના જે ભાવ છે એ લઘુતમ ૨.૭૦ રૂપિયા છે અને મહત્તમ ૪.૭૦ રૂપિયા છે અને તેનો જે સ્લેબ આવે છે તે પ્રમાણે એમાં વધ-ઘટ થતી હોય છે. પહેલા ફ્યુઅલ ચાર્જ ૧ યુનિટ દીઠ જે ૧૨ પૈસા હતો એ વધારીને અત્યારે ૩૦ પૈસા કર્યો છે. એ ઉપરાંત અત્યારે  એનર્જી ચાર્જ, ફિકસ ચાર્જે, ફ્યુઅલ એડજટમેન્ટ ચાર્જ એવા અનેક ચાર્જ બિલમાં આવતા હોય છે આને કારણે વીજ ગ્રાહકને આનો કમર તોડ બોજ ઉઠાવવો પડે છે તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, મારો આ સંકલ્પ છે એના હાર્દમાં એટલું કહેવા માગું છું કે, વીજ ગ્રાહકને પોતાનું વીજ મીટર મૂકવાની છૂટ આપવામાં આવે, ખેડૂતોને હોર્સ પાવર દીઠ વીજ કનેકશન આપે અને વીજ ડ્યૂટી કે વીજ દર હોય એમાં ઘટાડો કરે. આટલી વિનંતી સાથે આ સન્માનીય સભાગૃહના અન્ય માનનીય સભ્યશ્રીઓને પણ મારા આ સંકલ્પમાં સમર્થન આપવા અનુરોધ કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી ચંદુભાઈ ડાભી જે બિન સરકારી સંકલ્પ લઈને આ ગૃહની સમક્ષ આવ્યા છે એના સંદર્ભમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયનું ઊર્જા વિભાગ અને ઊર્જા વિભાગની કામગીરીનું છેલ્લાં કેટલાય વર્ષોથી જો મૂલ્યાંકન કરીએ તો ઊર્જા વિભાગના કારણે ગુજરાતના ગ્રામીણજનોને, ગુજરાતના શહેરીજનોને અનેકગણી સુવિધાઓ પુરી પાડવામાં આ વિભાગ એ સફળ રહ્યું છે.  એમના સંકલ્પમાં પોતાનું વીજ મીટર નાંખી શકે એવી જે વાત છે, હું જ્યાં સુધી જાણું છું ત્યાંસુધી જે ગ્રાહક પોતાનું મીટર લગાવવા ઇચ્છતા હોય એણે વીજ કંપનીઓએ ધારાધોરણ પ્રમાણે નિશ્ચિત કરેલા અને જેનું વીજ કંપનીઓની લૅબૉરેટરીની અંદર ટેસ્ટીંગ થયું હોય આ પ્રમાણેનું મીટર જો કોઈ વીજ ગ્રાહક પોતે જાતે ખરીદે તો એ લગાવી શકે છે.  આ સિંગલ ફેઝ મીટરની અંદાજીત કિંમત એ ૯૦૦ રૂપિયા હોય છે અને થ્રીફેઈસ ઇલેક્ટ્રિક મીટરની અંદાજીત કિંમત ૪,૦૦૦ રૂપિયા હોય છે.  જો આ વીજ મીટર આપણે કંપની પાસેથી ખરીદીએ તો આ કિંમત આપણે ચૂકવવી પડે છે પરંતુ એનું માસિક ભાડુ સિંગલ ફેઝ માટે માત્ર ૧૦ રૂપિયા અને થ્રી ફેઈસ માટે ૩૦ રૂપિયા જેટલું નજીવું ભાડુ, એટલે એવું કહી શકાય કે કુલ એની મીટરની કિંમત છે એના એક ટકા જેટલું જ માસિક ભાડુ આ ઈલૅક્ટ્રીસીટી કંપની દ્વારા લેવામાં આવે છે.  ઉપરાંતમાં જ્યારે કુદરતી આફત પુર, વાવાઝોડુ કે ધરતીકંપ જેવું હોય, આવી કોઈ નુકસાની થઈ હોય ત્યારે કોઈપણ જાતના નુકસાનીના ચાર્જ વગર કંપની દ્વારા એને મીટર બદલી આપવામાં આવે છે.  આ રાજય સરકારે સામાન્યજનને વીજ કરની અંદર રાહત માટે આજદિવસ સુધીમાં જો આપણે જોઈએ તો છેલ્લાં છ વર્ષની અંદર વીજકરની અંદર ૧૦૦૦ કરોડ રૂપિયાની રાહતો આ સરકાર દ્વારા આપવામાં આવી છે.  માનનીય સભ્યશ્રીના કહેવા પ્રમાણે હોર્સપાવર દીઠ કૃષિ વીજ જોડાણ માગેલ છે.  આપણે ૨૦૦૩નું કેન્દ્ર સરકારનું ઈલૅક્ટ્રીસીટી અંગેનું જે બિલ છે અને એ બિલની અંદર જે જોગવાઈઓ કરી છે એ જોગવાઈઓના આધારે આ જોડાણ એ મીટરથી જ આપી શકીએ છીએ, જેના કારણે હોર્સ પાવર દીઠ આપણે કૃષિ વીજ જોડાણની જગ્યાએ મીટરના માધ્યમથી આનો સમાવેશ કર્યો છે.  જે વીજ કર રાહતોના સંદર્ભમાં હું એટલું કહેવા માગું છું કે, ગુજરાતની અંદર ૧૬૦૦ કિલોમીટર દૂરથી આપણે કોલસો લાવવો પડે છે અને જ્યારે છેક પૂર્વના ક્ષેત્રમાંથી કોલસો અહીંયાં આવે તો સ્વાભાવિક છે કે એનું ટ્રાન્સપોર્ટેશન વધે અને ટ્રાન્સપોર્ટેશન વધવાના કારણે એનું જે વીજ ઉત્પાદનનું ૫૨ યુનિટ ખર્ચ છે એ ખર્ચની અંદર વધારો થાય. આટલો પૂર્વમાંથી કોલસો આપણે લાવીએ અને છતાં પણ એમાં જે ખર્ચમાં વધારો થાય એના કારણે એની કોઈ કોસ્ટ આપણે સામાન્ય જન ઉપર નાંખવા માગતા નથી. આજે ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંઓની અંદર જ્યોતિગ્રામના માધ્યમથી ગામડે  ગામડે વીજળી પૂરી પાડવાનું ભગીરથ કામ આખા દેશની અંદર સૌપ્રથમ કોઈએ કર્યુ હોય તો આ ગુજરાતની સરકારે કર્યુ છે. માત્ર જ્યોતિગ્રામનું કામ કરીને આ સરકાર અટકી નથી, જ્યોતિગ્રામનો ગામડાની અંદર લાભ લેવા માટે જે ઝુંપડપટ્ટીઓ  હતી એની અંદર ગ્રામીણ કક્ષાએ ૫૦ રૂપિયા ભરો અને શહેરી કક્ષાએ  ૧૦૦ રૂપિયા ભરો આની બજૅટની અંદર જોગવાઈ કરીને આ જ્યોતિગ્રામનો લાભ સામાન્યમાં સામાન્ય ગરીબ માણસની ઝૂંપડી સુધી પહોંચાડવાનું કામ આ સરકારે કર્યુ છે.  આ એ ગુજરાત ઈલૅક્ટ્રીસીટી કંપની હતી કે વર્ષો પહેલાં જ્યારે ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું, ૨૫૦૦ કરોડ રૂપિયા જેટલી ખોટ હતી આ ખોટ શેના કારણે હતી, પ્રબળ ઈચ્છાશકિતથી પ્રબળ રાજકીયશકિતથી કોઈપણ ચમરબંધીને નહિ છોડીને વહિવટી સુધારણા કરીને આ સરકારે ૨૫૦૦ કરોડ રૂપિયાની ખોટમાંથી આજે ઈલૅક્ટ્રીસીટી કંપની ૨૨૦ કરોડ રૂપિયાના પ્રોફીટ સુધી પહોંચી છે. આટલી ખોટ અને આટલો નફો આ વહીવટને

લંડનની સ્કૂલ ઑફ ઇકોનોમિક્સ દ્વારા સ્ટડી કેસ તરીકે આજે ગુજરાત ઈલૅક્ટ્રીસીટી બોર્ડની કંપનીનો એ લોકો અભ્યાસ કરે છે.

એક કંપનીના સાત કંપનીમાં વિભાજન કરીને વહીવટનું સરળીકરણ કર્યુ છે. ડેટા બેઈઝ અને ઈ-ગવર્નન્સની સાથે સાથે જે ટી એન્ડ ડી લોસ ચાલીસ ટકા હતો તે આજે ઘટાડીને વીસ ટકા કર્યો છે. પહેલાં ખબર છે કે ખેડૂતના ખેતરમાં જો ટ્રાન્સ્ફૉર્મર બળી જાય તો પંદર વીસ દિવસ સુધી શકય નહોતું. આજે તે ૪૮ કલાકમાં ટ્રાન્સ્ફૉર્મરની આપણે તેને સુવિધા પૂરી પાડીએ છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લગભગ તમામ લોકોને અસર કરે એવો સંકલ્પ આપણા સિનિયર સાથી ચંદુભાઈ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. માનનીય પ્રદિપસિંહજીભાઈ પણ તે જે મત વિસ્તારમાંથી આવે છે તે સામાન્ય મત વિસ્તારના લોકો છે એટલે મને એમ હતું કે તેમની લાગણીનો પડઘો પડશે. પરંતુ તેમના બદલે સરકારની બચાવની કામગીરી તેમણે બજાવવી પડી છે. તેમણે કહ્યું કે એક હજાર કરોડ રૂપિયાની રાહત આપી. એક રૂપિયો આપીને દોઢ રૂપિયો લઈ લેવો એ આ રાજય સરકાર હંમેશા કરતી આવી છે. હું બીજી વાત નહીં કરું પરંતુ સો ટકા વીજળીકરણ થયું. ઘરે ઘરે કનેકશનો અપાયા. પાંચ લાખ ખેડૂતોને કનેકશનો અપાયા. માત્ર સર્વિસ ચાર્જ લઈ અને તેને કનેકશનો આપ્યા. હવે તો આ કનેકશનો આપવાના બંધ કર્યા પણ તત્કાલ યોજના જે છે જેમાં સોએ સો ટકા ટ્રાન્સફોર્મર ચાર્જ સાથેનો ચાર્જ લેવાય છે તે પણ કનેકશનો મળતાં નથી અને ૯૦૦ રૂપિયે મીટરની વાત કરો છો કે બજારની અંદર ૯૦૦ રૂપિયે મીટર મળે છે અને આપણે દશ રૂપિયા ભાડું રાખીએ છીએ. પણ આ તો એ વખતના મીટરો છે કે ૧૦૦ રૂપિયામાં મીટરો લીધા હોય અને તેના પણ દશ રૂપિયા જિંદગીભર ભરતાં રહેવાના કાયમી. આ રાહતો બહુ જોતી નથી અને એમ કહેવું કે ચમરબંધીને અમે છોડ્યાં નથી. હું તો એમ કહું છું જેવી ચૂંટણીઓ પૂરી થઈ અને જ્યાં બાર કલાક વીજળીઓ મળતી હતી ત્યાં છ કલાક થઈ ગઈ. પછી ખેડૂતો મને પૂછવા લાગ્યા ક્યારે વીજળી મળશે? મેં કહ્યું ફરી પાછી ચૂંટણી આવશે ત્યારે તે સિવાય નહીં. (અંતરાય).જેઠાભાઈ, તમે વીજળી દો કે ના દો તમને મત આપવાના છે. આ તો જેને વીજળીના બદલામાં મત જોઈએ છીએ તેની વાત છે. મારે વાત એટલી કરવાની હતી કે આ ચમરબંધીઓ નથી. ખેડૂતો તો બિચારા ચોમાસાની અંદર જરૂર પડી હોય અને ક્યાંક કોઈ..

**અધ્યક્ષશ્રી** : જેઠાભાઈ, સમય-મર્યાદામાં ચાલવાનું છે. આપ શાંત રહેશો તો સારું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ચમરબંધીની વાત કરી છે પણ ગરીબ માણસો ચમરબંધીઓ નથી. ચમરબંધીઓ બે છે તેને જો પકડી આવે તો હું એમ કહું કે બરાબર કર્યુ. સુરતની અંદર એસ્સાર કંપની છે અને તેણે વીજળીના અધિકારીઓએ ૩૮ કરોડ રૂપિયાનું બિલ આપ્યું અને ટોટલ ગણતરી કેટલાંની કરી ત્રણ હજાર કરોડની. પણ ત્યાં નોટિસ આપવા જવાની પણ કોઈ હિંમત કરતું નથી. નોટિસ આપવા પણ જતું નથી. તે ત્રણ હજાર કરોડ રૂપિયા વસૂલી લો તો આ મીટર તો મફત આપી શકાય. બીજા એવા એક ચમરબંધીની વાત કરું છું ભારતીય જનતા પાર્ટીના એક માજી સાંસદે માનનીય મુખ્યમંત્રીશ્રીને પત્ર લખ્યો અને એમ કહ્યું કે જે કોલસો ઉપયોગમાં નથી આવતો અને જે ગ્રેડીંગ કરીને બહાર કાઢી નાંખવામાં આવે છે. તે જે એજન્સીઓ. લે છે તેના કરતાં ચાર ગણાં ભાવે આ કોલસો લેવા માટે બીજી કંપનીઓ તૈયાર છે. રેકર્ડ ઉપર, ગુજરાત સરકારના રેકર્ડ ઉપર છે અને જો તે માગણી બીજી પાર્ટીને આપવામાં આવે તો સાડા સાતસો કરોડ રૂપિયા વીજ કંપનીઓને ફાયદો થાય તેમ છે. આ બે ચમરબંધીઓને પકડી અને તેની પાસેથી પૈસા વસૂલ કરી લો. આ જે ગરીબ ખેડૂતો છે તેને વ્યાપારી ધોરણે મીટરો આપવાના બદલે તેમાંથી મફત મીટરો આપી શકાશે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના એજન્ડાની અંદર ગરીબ લોકો એટલે ડી.એલ.એફ. રાહેજા, એસ્સાર એવા લોકો એમના ગરીબ લોકોના એજન્ડામાં છે અને એટલા માટે આ લોકોના હિતાર્થે નીતિઓ નકકી થાય છે. એટલે આ સંકલ્પની અંદર મારો સૂર પૂરાવું છું અને અપેક્ષા રાખું છું કે આ સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ચંદુભાઈ ડાભી જે સંકલ્પ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય સભ્યશ્રીએ સંકલ્પમાં વીજ ડયૂટી અને વીજ દરમાં ઘટાડો કરવાની વાત કરી છે. મારે આપના મારફતે એમને કહેવું છે કે આ વીજ ડયૂટી ૧૯૮૩માં ખેડૂતોના ઉપર અમલમાં હતી અને અમારી સરકારે ૨૦૦૪માં ખેડૂતોની વીજ ડયૂટી સંપૂર્ણ માફ કરી છે. એટલે હવે એમાં ઘટાડો કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ૬ લાખ ખેડૂતોએ આ માફીનો લાભ લીધો છે અને ૧૬ કરોડ રૂપિયા જેટલી આ વીજ ડયૂટીમાં રાહત આપી છે. આ ખેડૂતોની સરકાર છે. ૧૯૮૩માં એમની સરકારમાં આ વીજ ડયૂટી દાખલ થઈ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે ગુજરાત એ દેશભરમાં એકમાત્ર એવું રાજય છે કે જે સળંગ વીજળી આપે છે. ૪ કંપનીઓ મારફતે એની વીજ વિતરણ વ્યવસ્થા ગોઠવીને છેલ્લા ગ્રાહકના છેલ્લા કનેકશન સુધી વીજળી આપવામાં આવે છે. એમને પૂરતા વોલ્ટેજ મળે છે. પહેલાના શાસનમાં મને યાદ છે કે ઓછા વોલ્ટેજ મળે, ખેડૂતોની મોટર બળી જાય અને તેમનો ઉભો પાક સુકાઈ જતો હતો. ખેડૂત રાતા પાણીએ રોતો હતો. પંદર પંદર દિવસ સુધી એને ટી.સી. મળતું નહોતું. આજે ૪૮ કલાકમાં કોઈપણ ખેડૂતને ટી.સી. બદલી આપવાનો આ સરકારનો સંકલ્પ છે અને એ મુજબ ૪૮ કલાકમાં ટી.સી બદલી આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં શીડયુઅલ પ્રમાણે ખેડૂતોને વીજળી આપવામાંઆવે છે. દર શનિવારે રાત્રે શીડયુઅલ બદલાય છે અને અચાનક મેન્ટેનન્સ માટે વીજ પુરવઠો બંધ કરવાની પરિસ્થિતિ ઉભી થાય તો જાહેર પેપરોમાં નોટિસ આપીને ખેડૂતોને અગાઉથી જાણ પણ કરવામાં આવે છે.

એમણે વાત કરી કે મીટરો બળી જાય છે. મીટર સાથે કોઈ ચેડાં થાય તો સરકાર માન્ય લેબોરેટરીમાં ટેસ્ટ કરવામાં આવે છે. દરેક ગ્રાહકને, દરેક અરજદારને ૩ વખત લેખિત નોટિસ આપવામાં આવે છે અને અરજદારની હાજરીમાં લેબોરેટરી ટેસ્ટીંગ કરવામાં આવે છે. એમની હાજરીમાં એમને સંપૂર્ણ ન્યાય મળે એ રીતે લેબોરેટરીમાં મીટરનું ટેસ્ટીંગ થાય છે. ૩ વખત સુધી અજરદાર ન આવે તો એકતરફી લેબોરેટરી કરવામાં આવે છે. આવી રાજયની વીજ વ્યવસ્થા છે.

પી.ડી.સી.ની વાત કરી, ત્યારે કાયમી ધોરણે ખેતીવાડીના વીજ જોડાણના કનેકશન બંધ કર્યા હતા. આ બાબતમાં સરકારે વખતોવખત સુધારા કર્યા છે. અગાઉ એક નિયમમાં એવો સુધારો છે કે ૫ વર્ષ પહેલાના પી. ડી. સી.નું પુનઃ જોડાણ થઈ શકતું ન હતું. તારીખ ૩/૮/૨૦૦૭ના રોજ એક પરિપત્ર બહાર પાડીને ૫ વર્ષથી જૂનું પી. ડી. સી. કનેકશન હોય એને પણ પુનઃ જોડાણ આપવાની રાજય સરકારે વ્યવસ્થા કરી છે.

રજીસ્ટર થયેલ ખેત મંડળીને અગ્રતાના ધોરણે વીજ જોડાણ આપવાનુ, ડાર્ક ઝોન સિવાયની હોય તો એની વ્યવસ્થા કરી છે. માઈક્રો ઈરિગેશન સીસ્ટમ માટે આ સીસ્ટમનો લાભ વધોરે લોકો લે. ટપક પદ્ધતિમાં ઓછા ખર્ચે વધુ પાક મળે એના માટે અગ્રતાના ધોરણે વીજ કનેકશન આપવાનું નકકી કરી ૫૦૦૦ જોડાણનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ ૫૬૩૨ અરજી અત્યાર સુધી નોંધાઈ છે, એમાંથી ૨૦૬૩ જેટલા કનેકશન જાન્યુઆરી ૨૦૦૮ સુધીમાં આપ્યા છે અને બાકીનાની કામગીરી પ્રગતિમાં છે.

લોડ વધારાની વાત કરવામાં આવી. ખેત વિષયકમાં સૌથી વધારે ચિંતા જયારે જયારે એના લોડ વધારાની હોય, પાણી ઉંડા જાય ત્યારે મુશ્કેલી હતી તે આ સરકારે દૂર કરી છે. સરકારે સ્વૈચ્છિક જાહેરાત યોજના હેઠળ જાહેરાત કરી છે, જેના કારણે કોઈપણ જાતનો ખર્ચ કે દંડ વસૂલ કર્યા સિવાય લોડ વધારો મંજૂર કરવામાં આવે છે. બંધ હોય કે ખામી હોય કે ઘરગથ્થું મીટર હોય તો એ મીટર બદલી આપવા માટેની વ્યવસ્થા રાજય સરકારે ગોઠવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે કે બેટ દ્વારકા જે જામનગર જિલ્લામાં દરિયામાં આવેલું છે ત્યાં ભગવાન શ્રીકૃષ્ણનું મંદિર છે ત્યાં ૭૦૦ જેટલાં કનેકશન હતાં અને અત્યારસુધી એ ડીઝલ એન્જિન કે જનરેટરથી ચાલતાં હતાં ત્યારે આખા દેશમાં આ પહેલું એવું એક રાજય છે કે આ બેટ દ્વારકામાં દરિયામાં કેબલ નાંખીને આ વીજ કંપનીએ વીજળી પૂરી પાડી છે અને ૩૬૬ ઘરોમાં આ વીજળી પહોંચાડી છે અને એ રીતે રાજય સરકારનું આ એક ભગીરથ કામ છે એમ કહી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ગામડાંમાં ૨૪ કલાક વીજળી અપાય છે. ગઈકાલે હું ૧૦ વાગ્યા પછીના સમાચાર ૨૪ ન્યુઝ ચેનલ ઉપર જોતો હતો તો એમાં રાજધાની દિલ્હીના સમાચાર ચાલતા હતા અને તેમાં લાઈવ બતાવતા હતા કે જનરેટરથી અને ઈમરજન્સી લાઈટથી લોકો વીજળી મેળવતા હતા. એટલે દિલ્હીમાં પણ ૨૪ કલાક વીજળી મળતી નથી એ દેખીતું છે. જયારે આપણા રાજયમાં ૨૪ કલાક ગામડાંમાં પણ વીજળી મળી રહે છે, ખેડૂતોને પૂરતી વીજળી મળે છે એ માટે રાજય સરકારને અભિનંદન આપું છું અને એટલા માટે હું આ સંકલ્પ સાથે સંમત થઈ શકતો નથી.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે` સંકલ્પ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ ઘણીબધી વાત કરી. મારે કહેવું છે કે મિટર છે એ જો ખાનગી હોય તો લોકોને ખોટો મિટરનો ચાર્જ ના ભરવો પડે, એનું ભાડું ના ભરવું પડે, પરંતુ એના માટે લોકોની મેન્ટાલિટી એવી છે કે સરકાર મિટર જ વાપરવું અને સરકાર જ મિટર આપે છે. હકીકતમાં આનો પ્રસાર અને પ્રચાર થતો નથી એટલે ખાનગી મિટરનો ઉપયોગ કરી શકતા નથી. એટલે માનનીય મંત્રીશ્રી આ બાબતમાં ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા સક્રિય કાર્યવાહી કરાવે જેથી લોકોને ખબર પડે કે ખાનગી મિટર પણ મૂકી શકાય છે જેના કારણે મિટરનું ભાડું ના ભવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, હોર્સ પાવર દીઠ વીજ કનેકશન આપવા માટે અગાઉ આ યોજના ચાલુ હતી અને હજુપણ ઘણા જૂના વીજ કનેકશન હોર્સ પાવર દીઠ ચાલે છે અને આપણા રાજયની સ્થિતિ જ એવી છે કે ઉત્તર ગુજરાતમાં બહુ ઉંડેથી પાણી ખેંચવું પડે છે, મધ્ય ગુજરાતમાં સાવ ઉપરથી પાણી મળે છે અને સૌરાષ્ટ્રમાં મધ્યમ રેન્જથી પાણી મળે છે. તો જયારે આવી પરિસ્થિતિ હોય ત્યારે તમામ ખેડૂતોને સમાન દરે વીજ ચાર્જ થાય અને એ ઉત્પાદન કરી શકે એના માટે ખેડૂતોને હોર્સ પાવર દી વીજ પાવર અને વીજ કનેકશન આપવાં જોઈએ. અત્યારે તો વીજ કનેકશન મારા વિસ્તારમાં ૧૯૯૧ ની સાલનાં આપવા માટેની કાર્યવાહી ચાલે છે અને તત્કાલ વીજ કનેકશનમાં જેણે ૨૦૦૪ માં પૈસા ભર્યા હોય એને વીજ કનેકશન આપવાની વિચારણા ચાલે છે.

માનનીય સભ્યશ્રીઓએ ઘણીબધી વાતો કરી છે, સમયના અભાવે હું મારી પૂરી વાત કરી શકતો નથી, પરંતુ ટ્રાન્સફોર્મર ૪૮ કલાકમાં બદલી દે છે અને ૨૪ કલાક વીજળી મળે છે એવી વાત કરી. તો એ અનુસંધાનમાં મારે કહેવું છે કે મારી તેમને ચેલેન્જ છે કે ધ્રોલ તાલુકામાં આવીને જુઓ કે ગામડાંમાં ૨૪ કલાક વીજળી મળે છે ખરી? ટ્રાન્સફોર્મર ૪૮ કલાકમાં બદલવામાં આવે છે એવી વાત કરે છે તો અમારે ત્યાં તો ૮-૧૦ દિવસ જાય છે,

લોકો ધકકા ખાઈને કંટાળી જાય છે છતાં પણ ટ્રાન્સફોર્મર બદલાતાં નથી અને કયાંક કયાંક તો હેલ્પરોને પૈસા આપવામાં આવે છે અને પછી બદલી આપવામાં આવે છે. આવી પરિસ્થિતિ છે ત્યારે માનનીય સભ્યશ્રી જે હેતુ માટે સંકલ્પ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આખા રાજયના લોકોના હિત માટે આપણે બધા આ સંકલ્પને પસાર કરીએ અને માનનીય મંત્રીશ્રી એમના ખાતા મારફતે આ વિચારનો અમલ કરાવે જેથી રાજયના વીજ ગ્રાહકોને ફાયદો થાય એવી મારી વિનંતી છે.

**શ્રી કાળુભાઈ વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં ધારાસભ્ય શ્રી ચંદુભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જી.ઈ.બી. મારફત જે કામાગીરી થઈ રહી છે, અને જે ગુણવત્તા વાળી લાઈટો આપવામાં આવે છે, આ વિચારો દસ બાર વર્ષ પહેલાં હશે એ બહુ સાચી વાત છે, ત્યારે આ પરિસ્થિતિ હતી, ઘણી મુશ્કેલી હતી. આજે ખેડૂતોને ટ્રાન્સફોર્મર બળી ગયું હોય તો ૨૪ કલાકમાં જી. ઈ. બી. આપવા માટે બંધાયેલી છે અને આપે પણ છે. એમની વાત સાચી પહેલા ૨૪ દિવસે મળતું હતું, એમની વાત પણ ખોટી નથી, અને ગુણવત્તા વાળી લાઈટ, મને કહેતાં આનંદ થાય છે કે ગામડાંમાં ખેતીવાડીમાં, ખેતરમાં રહેતો ખેડૂત છે ત્યાં પણ એવા ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવ્યા છે કે એમને પણ ૨૪ કલાક જયોતિ ગ્રામ યોજનામાં લાભ મળે છે, ખેડૂતોના ભાગીયા, રાત્રે તેમના ખેતરમાં રહેતા હોય ત્યાં સુધી ટ્રાન્સફોર્મર કરીને ૨૪ કલાક એ ભાગીયાના ઘરમાં પણ લાઈટ મળે તેવી વ્યવસ્થા જી. ઈ. બી. તરફથી કરવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષમાં સરકારશ્રી તરફથી અનેક યોજનાઓમાં ખેતી વિષયક સબસિડીઓ આપી અને રાજય સરકારે વીજ નિયમન પંચે જાહેર કરેલા ખેતી વિષયક વીજ જોડાણોના વીજ દરોના બદલામાં રાહત વાળા ઓછા વીજ દર ખેડૂતો પાસેથી વસૂલ કરવામાં આવે છે. અગાઉ ૧૯૯૪-૯૫ માં જે સબસિડી આપવામાં આવતી હતી તે કરતાં ઘણી વધારે સબસિડી આ સરકાર દ્વારા ખેડૂતોને આપવામાં આવે છે. વીજ ગ્રાહકોને સતત વીજળીનો લાભ આપવા રાજય સરકાર કટિબદ્ધ છે. રાજયમાં છૂટા છવાયા રહેતા ખેડૂતોના કુટુંબોને ૨૪ કલાક વીજ પુરવઠો મળે છે. ખાસ ટ્રાન્સફોર્મરો એવા તૈયાર કરવામાં આવે છે કે પહેલાં જે બળી જતાં હતાં ત્યાં આજે એવા ટ્રાન્સફોર્મર મુકવામાં આવે છે કે કદાચ ગુજરાત દેશનું પ્રથમ એવું રાજય હશે કે જયાં ટ્રાન્સફોર્મર બળતાં નથી અને તેના કારણે ખેડૂતો પોતાનો સમય બચાવી શકે છે અને પોતાનું ઉત્પાદન ધાર્યુ લઈ શકે છે. પહેલાં જે લાઈટ આપવામાં આવતી તેના કારણે ખેડૂતોને મહિનામાં બે મહિનામાં ટ્રાનસફોર્મર બળી જતાં અને એક મોટર બંધાવવા માટે ૩ હજાર કે ૪ હજાર રૂપિયાનો ખર્ચ કરવો પડતો હતો. અત્યારે છ મહિના કે આઠ મહિને પણ મોટર બળતી નથી, અને જયોતિ ગ્રામ યોજનાની વાત કરું તો જયારે અમે ૧૯૯૮માં ચૂંટાઈને ગયા ત્યારે ગામડાંમાં જયારે પ્રવાસ કરીએ તો ખેડૂતો એમ કહેતાં હતાં કે તમને અમે મત આપીને ત્યાં મોકલ્યા છે. પણ વાળું ટાણે લાઈટ જતી રહે છે તે લાઈટ વાળું ટાણે આપતાં હો તો નિરાંતે જમીએ તો ખરા, ત્યારે આવી વાત થતી હોય ત્યારે રુમમાંથી બહેન બહાર નીકળીને તરત જ કહેતાં કે વાળુ ટાણે લાઈટ આપો તો સારું પણ સવારે ઉઠીને જયાં છાસ રેડીએ છીએ ત્યાં લાઈટ જતી રહે છે ત્યારે જો લાઈટ આપો તો સારું, અને ધોમ ધખતા તડકામાં ખેડૂતનો દીકરો જયારે સાંતી હાકીને આવતો હોય, ગાડું લઈને નીકળે તો કહે કે ઉભી રાખો ગાડી, તમને મત આપ્યા છે. બપોર વચ્ચે માખીઓ નિરાંત નથી લે.વા દેતી લાઈટ આપતા હો તો, આવા પ્રશ્નો હતા, આજે જી.ઈ.બી. તરફથી જે કામગીરી કરવામાં આવે છે મને એમ લાગે છે કે સમગ્ર ભારત દેશમાં ઉર્જા વિભાગની કામગીરી લગભગ ગુજરાતમાં નબર વન છે અને ઉત્પાદન વધારવા માટે જી.ઈ.બી.એ જે પગલાં લીધાં છે અને રાજયમાં વીજ ઉત્પાદનમાં વધારો કરવા માટે આગામી વર્ષમાં વધુ વીજ ઉત્પાદન કરી શકાય તે માટે રાજય સરકારે આગોતરું આયોજન કર્યુ છે, આવતા વર્ષમાં સ્થાપિત વીજ ક્ષમતામાં ૧૩૧૫ મેગાવોટનો વધારો કરવાનું આયોજન કરાયેલ છે. ૧૧મી પંચવર્ષીય યોજના દરમિયાન રાજયની સ્થાપિત વીજ ક્ષમતા ૧૧૧૬૪ મેગાવોટ જેટલી વધારવા માટે અસરકારક કામગીરી શરૂ કરી દેવામાં આવેલ છે. બીન પરંપરાગત ઉર્જા, પવન ઉર્જા દ્વારા ચાલુ વર્ષ દરમિયાન ૬૨૫ મેગાવોટ વીજ ઉત્પાદનનો લક્ષ્યાંક છે જે પૈકી ૩૨૫ મેગાવોટ વીજ ઉત્પાદન થયું છે. આવું સરસ કામ કરતાં હોઈએ ત્યારે આ સંકલ્પ સાથે અમારો સૂર પૂરાવી ન શકાય.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ડિયન ઈલેકિટ્રસિટી એકટ ૨૦૦૩ની અમલવારી આખા દેશમાં થઈ રહી છે, જેમાં જમ્મુ એન્ડ કાશ્મીર સિવાય જે એકટની જોગવાઈ કરી છે એ બધા જ રાજયો એ પ્રમાણે એમના વિસ્તારની અંદર કામગીરી કરતા આવ્યા છે. આ એકટની અંદર Electricity Regulatory Commission formation કરવાની સૂચના આપવામાં આવી હતી અને એના આધારે રાજયની અંદર આપણે ત્યાં ગુજરાત સ્ટેટ Electricity Regulatory Commission ની રચના કરવામાં આવી. આ સ્ટેટ કમિશન પાસે ઘણી બધી સત્તાઓ It is empowered to determine the tariff, power generation, supply, transmission and wheeling of electricity ,wholesale, bulk and retail એટલે એમાંથી આ બધી કામગીરી આ રેગ્યુલેટરી કમિશને કરવાની આવે છે. જે કંઈ નિયમો બનાવે છે એ રેગ્યુલેટરી કમિશન બનાવે છે અને એના આધારે State utilities અને પ્રાઇવેટ કંપનીઓ આ રાજયની અંદર વીજળી સપ્લાય કરે છે એ આ રેગ્યુલેટરી કમિશનના ધોરણના પ્રમાણમાં આજની તારીખમાં ગ્રાહકને પોતાનું વીજ મીટર નાખવું હોય તો એને સંપૂર્ણપણે સત્તા છે. અગર યુટિલિટી પોતે નાખે તો દરેક જુદા જુદા મીટરના ભાડા નક્કી કરનાર રેગ્યુલેટરી કમિશન છે એની રાજય સરકાર પાસે કોઈ સત્તા નથી. સીંગલ ફેઈઝનું

મીટર ભાડું રેગ્યુલેટરી કમિશને  દસ રૂપિયા માસિક નક્કી કરેલ છે  એવી રીતે એચ.ટી., એલ.ટી.ના બધાના ભાડા જુદા જુદા નક્કી કરવામાં આવ્યા છે.  અગર કોઈ ગ્રાહક પોતાનું મીટર નાખવા ઇચ્છતો હોય તો એણે ડિસ્કોમને ટેસ્ટીંગ ચાર્જ સો રૂપિયા આપવો પડે છે અને આ સો રૂપિયા  આપે એનું મીટર લગાડે ટેસ્ટીંગ કરવા આવે, ટેસ્ટીંગ કરી as per specification લાગે એટલે ઓ.કે.નું સિગ્નલ આપે છે.  આજની તારીખે ગુજરાતની અંદર ૩ લાખ ૨૦ હજાર કનેકશનો પોતાના મીટર ઉપર ચાલે છે. આટલા મીટરો ચાલે છે કોઈને રોકતા નથી એટલું જ સભ્યશ્રીને મારે કહેવું હતું કે રેગ્યુલેટરી કમિશનના નિયમ પ્રમાણે રાજય સરકાર કામ કરી રહી છે અને આવતા દિવસોમાં કરશે.

બીજી પણ વાત કરવામાં આવી કે જી.આર.સી.ના નોટિફિકેશન પ્રમાણે વધારે પડતો વીજળીનો ભાવ લેવામાં આવે છે એવું એક સભ્યશ્રીએ કહ્યું.  મારે આ અંગે એટલું જ  ધ્યાન દોરવું છે કે આખા દેશની અંદર છેલ્લા સાત વર્ષમાં કોઈ  ટૅરિફ ઈન્ક્રીઝ   ન કર્યુ હોય તો તે એક માત્રને માત્ર ગુજરાત જ છે.  ગુજરાતમાં છેલ્લા સાત વર્ષમાં કોઈ ટૅરિફ ઈન્ક્રીઝ નથી અને ગુજરાત રેગ્યુલેટરી કમિશનની વેબસાઈડ ઉપર જોઈ આવો તો ઑર્ડરમાં લખ્યું છે કે સાત વર્ષથી અમે ટૅરિફ ઈન્ક્રીઝ અમે કર્યો નથી.

ફયુઅલ ચાર્જ ઈન્ક્રીઝ  ૧૨ પૈસાના ૩૦ પૈસા થયા  હું  સંમત છું. થવાનું કારણ શું? અમે આ ફયુઅલ ચાર્જીસ કાલને કાલ પાછો ખેંચીએ પરંતુ કોલસાના ભાવમાં કેન્દ્રએ વધારો કર્યો, રેલવે બજૅટની અંદર નૂર ભાડામાં વધારો ન કર્યો પરંતુ  વજનમાં ફેરફાર કરવાથી ભાડા વધારો થયો, કેન્દ્રની ગેસની  પ્રાઈઝીંગની ફોર્મ્યુલાના કારણે ભારણ વધ્યું, એના કારણે ફયુઅલ પ્રાઈઝ વધી  એના લીધે ૧૨ પૈસાના ૩૦ પૈસા થયા, એમાં ૧૮ પૈસાનો વધારો થયો  એમાં ગુજરાત સરકારનો એક પણ રોલ નથી. કેન્દ્ર સરકારે વધારો કર્યો છે એ પાછો ખેંચી લે તો આ ૧૨ પૈસા  અમે લઈશું.

હમણાં આ જ હાઉસની અંદર વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું કે  અમારા કેન્દ્રના નેતાએ માગે એને આપે એક પ્રવચનમાં કહ્યું. હું માગું છું આ હાઉસની અંદર કે  ગેસના ભાવમાં જે વધારો કર્યો છે એ વિનંતી સાથે પાછો ખેંચે. તેમનો જ વિભાગ છે. બીજાં કોઈનો વિભાગ નથી. એ જો પાછો ખેંચી લેશે તો થોડો ફરક પડશે. તેમનું ક્યાંક બીજે ચાલતું હોય તો કોલસામાં ઓછો કરે. ફ્રેઈટમાં ઓછો કરે તો આ ૩૦ પૈસાના ૧૨ પૈસા વધશે અને ૧૨ પૈસાના ૧૮ પૈસાનો ઘર આંગણે ફાયદો આપી શકીશું. એટલે કેટલું થાય, વિચારજો.

માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ બીજી વાત કરી. અર્જુનભાઈએ ખૂબ સારી વાત કરી. મને આનંદ થયો. ઈલૅક્શન પહેલાં પ્રજામાં એમ જ કહેતા હતા કે છ કલાક વીજળી આપે છે. આજે હાઉસમાં કહ્યું કે ઈલૅક્શન પહેલાં ૧૨ કલાક  વીજળી આપતા હતા. આજે સ્વીકાર્યું કે અમે ૧૨ કલાક આપતા હતા. એટલે છ મહિના પછી આ જ હાઉસમાં કહેશે કે ના, વીજળી તો બરાબર જ મળતી હતી. એટલે આ જ પ્રમાણે એમના ચેઈન્જીંગ the face થાય છે. હાઉસમાં ૧૨ કલાક તેમણે સ્વીકાર્યું. તે બદલ હું આભાર વ્યક્ત કરું છું કે અર્જુનભાઈના મોઢે નીકળ્યું કે અમે ૧૨ કલાક આપતા હતા. બીજી એક વાત કરી, એક મોટા ઉદ્યોગગૃહની વાત કરી. એસ્સારની. મારે કહેવું છે કે આ ખાનગી કંપનીઓ પાસેથી વીજળીના કરાર થયા એ કરારમાં આ સરકારનો કોઈ રોલ નહોતો. એક પણ કરાર ઉપર સહી નથી કરી. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવ્યા અને આ સરકારમાં આ ખાનગી કંપનીઓના જે ૨૦-૨૦ વર્ષના કરાર હતા તેમાં સુધારો કર્યો અને રાજયને વાર્ષિક ૪૯૫ કરોડનો લાભ થયો. તેમાં એસ્સાર કંપનીનો પણ સમાવેશ થાય છે. એટલે અમે એસ્સાર જેવી મોટી કંપનીઓને પણ છોડ્યા નથી. જ્યારે એમણે કર્યું ને, ત્યારે કહ્યું કે ભાવ ઘટાડો અને બીજું, કે અત્યારે જેટલા એસ્સાર સાથે ડીસ્પ્યુટ ચાલે છે એ આ સરકારે કાઢ્યા છે. વર્ષોથી કામગીરી ચાલે છે. પણ કોઈ પહેલાં સુધારા ન કર્યા. અમે કહ્યું કે તમે અહીં ખોટું કરો છો. આ રોકો. પૈસા આપો. પૈસા ન આપ્યા. એટલે કોર્ટમાં ગયા છે. અમે  જતું કર્યું નથી. આ તો અમારી કમનસીબી છે કે અમે વહેલા ન આવ્યા નહીં તો ૧૦ વર્ષ પહેલાં સુધારી દીધું હોત. તમે કોઈ પણ ડીસ્પ્યુટ જૂઓ. આજે એસ્સાર સાથે જેટલા વીજળીના ડીસ્પ્યુટ છે એ અમારી સરકારે શોધ્યા છે અને back dated લગાવેલ છે. એટલે આ ૫૦૦ને ૧૦૦૦ કરોડના આંકડા જાય છે એટલે ટેમ્પરરી નથી લાગતા. બીજી એક વાત કરું, એમણે એક વાત કરી કે એક માનનીય સંસદસભ્યશ્રી ચારગણા ભાવ આપે છે અને ફાઈલ ઉપર રૅકૉર્ડ છે અને આપણે ખરીદતા નથી અને ૫૦૦થી ૭૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ થાય છે. હું આજે ખાતરી આપું છું, આ ચાર ગણા ભાવ આજે આપતાં હોય, આ જે વ્યકિત કહે છે, હું તેનો કોન્ટ્રાકટ કૅન્સલ કરી દઉં? લઈ આવો. માનનીય અધ્યક્ષશ્રી, જે સંસદસભ્યની વાત કરે છે એ બે જણ હરીફ છે. બે જણાને એક બીજાનું જોવાતું નથી એટલે એ સંસદસભ્યશ્રી પોતાનો રોલ નહીં અને કાગળો લખે છે. હું આજે કહું છું. ચારગણા ભાવ આપતા હોય તો હું આજની તારીખમાં કોન્ટ્રાકટ કૅન્સલ કરીને  તેમને આપી દેવા તૈયાર છું. આ ખેડૂતોની વાત કરે છે. છેલ્લા છ મહિનામાં આપણાં ખેડૂતોને ટ્રીપીંગ કેટલું થયું છે? ખેડૂતોની મોટરો બળી છે. આ ટ્રીપીંગ થવાનું કારણ શું? મારે સભ્યશ્રીઓને થોડી માહિતી આપવી છે. નોર્ધન ગ્રીડમાં આપણે જોડાણ કર્યું. ત્યારે નોર્ધન ગ્રીડમાં દિલ્હીમાં જ્યારે મિટિંગ થઈ ત્યારે એ મિટિંગમાં મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રીશ્રીને કહ્યું અને કાગળ પણ લખ્યો કે આ જે નોર્ધન ગ્રીડ અને વેસ્ટર્ન ગ્રીડનું જોડાણ કરો છો ત્યારે એ વહેલું છે. થોડા સમય પછી કરો. શીંદેજીને અનેક પત્રો મેં લખ્યા છે કે ઉતાવળ ન કરો. હજુ જલ્દી છે. પણ કર્યું. થયું એવું કે આપણી વીજળી, જે કેન્દ્રએ આપણને વીજળી આપી હોય, દા.ત. ૨૦૦૦ મેગાવોટનો આપણી વીજળીનો શેર હોય તો આપણી વીજળીનો શેર નોર્ધનગ્રીડવાળા ખેંચી જાય એટલે આપણને ૧૮૦૦ થાય.

એટલે આપણે થોડું ખેંચવા જઈએ એટલે ફ્રીકવન્સી લો થઈ જાય. ફ્રીકવન્સી લો થઈ જાય એટલે આપણે ત્યાં meter static મૂક્યા છે એટલે ટ્રીપીંગ થાય અને ટ્રીપીંગ થાય એટલે સબ સ્ટેશન ઉપર ટ્રીપીંગ થાય. એટલે ખેડૂતોના કનેકશનો બંધ થઈ જાય. પાંચ મિનિટ ચાલે, પંદર મિનિટ બંધ થાય. અડધો કલાક ચાલે, અડધો કલાક બંધ થાય. દિવસના ૧૫-૧૫ ટ્રીપીંગ આવતા હતા. આ ૧૫-૧૫ ટ્રીપીંગ આવવાનું મુખ્ય કારણ કેન્દ્ર સરકાર નોર્ધન ગ્રીડમાં જવાબદાર છે. આ બધા કાગળ ફાઈલ ઉપર મૂક્યા છે અને શીંદેજીને મેં અનેક વખત કહ્યું છે અને છેલ્લે કહ્યું કે તમે કરો, તો એ લોકોએ ડીસીપ્લીનરી એકશન લીધા અને યુ.પી.ને પૅનલ્ટી આપવાનું નક્કી કર્યું કે UP and Delhi આ બધા જે સાંભળતા નથી એ બધાને આવતા દિવસે પેનલાઈઝ કરે. આવી ઓફિશિયલ અડધો ડઝન મિટિંગ થઈ અને ત્યારે હમણાં છેલ્લે એક-દોઢ મહિનાથી સુધર્યું છે. એટલે આપણે બધા જે વીજળીની વાતો કરીએ છીએ. હું તો ઇચ્છું છું કે ૧૫૫ મેગાવોટ પાછી આપો, કેટલીય વાર માગી છે, રેકર્ડ ઉપર છે. જવાબ શું આપ્યો છે? ખબર છે. દરેક કાગળમાં, હું ઓફિશિયલ આ હાઉસમાં રેકર્ડ ઉપર મૂકવા માગું છું. બીજા રાજયોની જરૂરિયાત વધારે છે, તમારા રાજયને જરૂરિયાત નથી એટલે બીજા રાજયોને આપી છે અને એનાથી કેટલું નુકસાન? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાભાઈ આપે કહેવાનો સમય હતો તે વખતે કહેવું હતું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત છેને, ગુજરાત જે પ્રમાણે જાય છે તેનાથી તે સરપ્લસ સ્ટેટ થવાનું છે અને આખા દેશને વીજળી આપીશું ત્યારે તમે હાઉસમાં શું કહેવાના છો? અને માનનીય સભ્યશ્રીએ જે વાત કરીને કે જયોતિગ્રામ જેવું કશું છે જ નહીં. હું એમને પણ કહું છું કે, આપ મને ગામડાનું નામ આપો કે આ ગામ જયોતિગ્રામ નથી. કદાચ એવું બન્યું હોય, તમે ગામડામાં નહીં હોવ, એગ્રીકલ્ચર ફીડરમાં બેઠા હશો.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી મને સંબોધીને કહો ત્યાં નહીં.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ એગ્રીકલ્ચર ફીડરમાં બેઠા હોય અને સમય પૂરો થયો હોય અને લાઈટ બંધ થઈ હોય તો આવું બને. એમાં આ ગેરસમજના કારણે પણ આવું થતું હોય. ગામડામાં જઈને કહેશો તો પ્રજા ચોક્કસ કહેશે કે ૨૪ કલાક મળે છે. કોઈ સભ્યશ્રીએ ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીની વાત કરી. આ ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી જો કોઈએ ઘટાડી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે ઘટાડી અને વજુભાઈ વાળા સાહેબને અભિનંદન આપવા પડે. ખેડૂતોની ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી ૫ ટકા હતી એ કાઢી નાખી અને એના ઉપરાંત ૧૦૦૦ કરોડની ડ્યૂટી કાઢી છે અને એના કારણે ખેડૂતોને ખૂબ મોટો ફાયદો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોડ એકસ્ટેન્શનની વાત કરીએ તો એક લાખ એક હજાર અરજી આવી હતી એમાંથી ૮૩,૦૦૦ મંજૂર કરી છે. ૬ લાખ ૮૩ હજારનો હોર્સ પાવરનો લોડ વધારી આપ્યો હતો. કોઈ એમ કહેતું હોય કે લોડ વધારો થયો નથી તો એ વાત સાચી નથી. ૧૯૯૪-૯૫માં ૭૦૦ કરોડ રૂપિયાની સબસીડિ અપાતી હતી. ગયા વર્ષે ૨૦૦૬-૨૦૦૭માં ૧૬૯૦ કરોડ રૂપિયાની સબસીડિ આપી છે. કનૅક્શન આપવાનું પ્રમાણ વધ્યું છે. આ દરેક જગ્યાની સરખામણી કરીએ તો ખૂબ સારી કામગીરી થઈ છે અને એના કારણે ગુજરાતની યુટીલીટી કંપનીઑને સારામાં સારા એવોર્ડ મળતા હોય છે. હું યુનિયન મિનિસ્ટર સીંદેજી જ્યારે બરોડા આવ્યા હતા ત્યારની ઑન રૅકૉર્ડ વાત કરું છું. બરોડા આવ્યા હતા ત્યારે તેઓ બોલ્યા હતા કે પાવરની અંદર સારામાં સારું પરફોમન્સ ગુજરાતમાં છે. એની વિડિયો કલીપીંગ્સ મારી પાસે છે એ જોઈતી હોય તો હું મોકલાવીશ.

**શ્રી ચંદુભાઈ ડાભી (કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પ ઉપર માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી જાડેજા, માનનીય અર્જુનભાઈ મોઢવાડીયા, માનનીય પ્રાગજીભાઈ, માનનીય રાઘવજીભાઈ પટેલ, માનનીય કાળુભાઈ વિરાણીએ પોતાના મંતવ્યો રજૂ કર્યા અને મને અનુમોદન આપ્યું છે એ માટે હું તેમનો આભાર માનું છું. મારો આ જે સંકલ્પ છે એ તમામ વર્ગને સ્પર્શતો પક્ષાપક્ષીથી પર રહી વીજ ગ્રાહકોની વ્યથાનો સંકલ્પ હતો. કેટલાય સભ્યોએ પોતાના વિસ્તારની સાચી વ્યથા કહેવાના બદલે સરકારનો બચાવ કર્યો છે અને સાચી વ્યથા દર્શાવી હોત તો મને આનંદ થાત. ફયુઅલ ચાર્જ એડજસ્ટમેન્ટ અંગે કોઈ સ્પષ્ટતા નથી. તેમજ છુપા ચાર્જીસના નિયમન કે ઘટાડાની માનનીય મંત્રીશ્રીએ કોઈ વાત કરી નથી અને ખેડૂતોની વ્યથા, હોર્સ પાવર દીઠ કનૅક્શનની સ્પષ્ટતા કરી નથી. એટલે આ સંકલ્પ સભાગૃહ સ્વીકારે, હું મારો સંકલ્પ પાછો ખેંચતો નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

## સહકારી પ્રવૃત્તિઓમાં રાજકીય હસ્તક્ષેપો કરવા અંગે

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા (જામજોધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે,

" ગુજરાત રાજય સહકારી પ્રવૃત્તિઓમાં વર્ષોથી અગ્રેસર રહ્યું છે અને દેશ તથા દુનિયાની સહકારી પ્રવૃત્તિઓને રાહ ગુજરાતે ચીંધ્યો છે. સહકારી પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા માટે અત્યંત આવશ્યક એવી બાબતો રાજય સરકાર ગંભીરતાથી વિચારે અને તે દિશામાં કાર્યવાહી કરે તે જરૂરી છે. સહકારી પ્રવૃત્તિઓને જીવંત રાખવા માટે જરૂરી છે કે, સહકારી પ્રવૃત્તિઓ રાજકીય હસ્તક્ષેપોથી પર રહે અને સહકારી મંડળીઓ, માર્કેટીંગ યાર્ડો તથા સહકારી બેન્કોની ચૂંટણીઓમાં જે રાજકીય હસ્તક્ષેપો રજીસ્ટ્રાર મારફતે થઈ રહ્યા છે તેને બંધ કરવા જોઈએ. રાજય સરકારે સહકારી મંડળીઓ મારફતે ખેડૂતોને જે ધિરાણ મળે છે તેમાં ૨ ટકાની રાહત આપવા માટે સબસીડી આપવાનું મૌખિક રીતે સ્વીકારેલ છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા સહકારી પ્રવૃત્તિઓને બચાવવા માટે

ખેડૂતોને ૭ ટકાના દરે ધિરાણ કરી શકાય તે માટે તે મુજબની સબસીડી જાહેર કરવા અને કોઈપણ સહકારી મંડળી, માર્કેટીંગયાર્ડ કે બેંકની ચૂંટણીઓ એક વખત જાહેર થયા પછી તેમાં રજીસ્ટ્રારનો કોઈ હસ્તક્ષેપ ન થાય તે માટેની સુદ્રઢ વ્યવસ્થા કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે. "

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સહકારી પ્રવૃત્તિ દેશ અને દુનિયામાં એક દાખલારુપ છે એમાં ખાસ કરીને અમૂલ ડેરીએ દુનિયામાં જ્યારે આપણું નામ રોશન કર્યુ છે ત્યારે આ ગુજરાતમાં નાની મોટી આશરે ૬૦હજાર સહકારી મંડળીઓ છે ૭હજાર જેટલી શરાફી મંડળી છે એમાંથી ૩૦-૩૫ રેગ્યુલર સહકારી મંડળી ધિરાણ કરે છે અને વધુમાં વધુ આ મંડળીનો લાભ ખેડૂતો લે છે ત્યારે સહકારી તંત્રનું જે માળખું છે એમાં અત્યારે જે રાજકીય હસ્તક્ષેપ થઈ રહ્યો છે અને એમાં જે મર્યાદાઓ છે એ ચિંતાનો વિષય છે. સહકારી પ્રવૃત્તિઓને વેગ આપવા કોઈપણ પક્ષાપક્ષીથી પર રહી, ક્યાંક આ પાર્ટીએ ક્યાંક અન્યાય કર્યો હશે, કયાંક આ પક્ષે નિયમોનો દુરુપયોગ કરાવ્યો હશે, કયાંક સત્તાધારીપક્ષે કર્યો હશે પણ રાજકીય પ્રવૃત્તિ એવી પ્રવૃત્તિ છે કે આજે સરકાર વિચારી રહી છે કે ખેડૂતોને જો મજબૂત બનાવવો હશે તો એ માત્ર અને માત્ર સહકારી ક્ષેત્રે ખેડૂત મજબૂત બનવાનો છે. હજારો ગરીબ ખેડૂતો સહકારી મંડળીની પ્રવૃત્તિઓથી પોતે સદ્ધર થયા છે. આજે ખેડૂતોને બિયારણ લેવું હોય ખેડૂતોને પાઈપલાઈન નાખવી હોય, ખેડૂતોને જી.ઈ.બી.ની મોટર લેવી હોય, કંઈપણ પ્રસંગ લેવો હોય કોઈપણ સહકારી મંડળીના માધ્યમથી એ ધિરાણ કરતો હોય ત્યારે આજે જે સહકારી પ્રવૃત્તિઓની અંદર જે રાજકીય હસ્તક્ષેપ થઈ રહ્યો છે. એ દૂર કરવા આપના દ્વારા હું સરકારશ્રીનું ધ્યાન દોરવા માગું છું. ભલે શરૂઆત કયાંક અમારાથી પણ થઈ હશે પણ એ શરૂઆતને લંબાવે રાખીને અને જો આ રાજકીય પ્રવૃત્તિ નહીં રોકવામાં આવે તો અહીંનું રાજકીયતંત્ર છે એ તૂટી જશે. એટલે આ રજીસ્ટારશ્રીની ચૂંટણીની અંદર ભયંકર એની સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો છે એના માટે આપણે વ્યવસ્થિત રીતે ચૂંટણીની અંદર સ્પષ્ટ અધિનિયમોમાં ગાઈડલાઈન આપી છે કે ચૂંટણી ડીકલેર થયા પછી આપણે કોઈપણ હસ્તક્ષેપ કરી અને ફેરફાર ના કરી શકીએ, કોઈપણ સરકારી ચૂંટણી આજે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા સિવાય રેગ્યુલર થઈ શકતી નથી જેથી કરીને આ બધું જે લીટીગેશન ઉભા થાય છે અને વકીલોના ખર્ચા થાય છે એ અંતે તો સંસ્થા ઉપર જ આવવાના છે. જેથી આ અંગે ખરેખર ગંભીરતાથી સરકારે નક્કી કરવું જોઈએ. કેન્દ્ર સરકાર તરફથી અને ખાસ કરીને જે વૈજનાથન કમિશને જે ભલામણ કરી છે એમાં જે ડૂબેલી અને આર્થિક રીતે નબળી મંડળીઓ છે એને ઉભી કરવા માટે જેનું એન.પી.એ. વધી ગયું છે, જે ખેડૂતો દેવામાં ડૂબી ગયો છે, એને ઉભો કરવા માટે જે ફંડ મળવાનું છે એમાં ૧૨૦૦ કરોડ જેવી રકમ ગુજરાત સરકારને મળવાની છે ત્યારે રાજય સરકારે ૮૮ કરોડ રુપિયા જ માત્ર ભરવાના છે. જે સંસ્થાઓ અને જે બેંકોમાંથી, આજે ઘણીબધી બેંકો વસુલાતના હિસાબે અથવા તો ગેરવહીવટના હિસાબે આજે ફડચામાં ગઈ છે એ બેંકો બધી ઉભી થવાની છે. મંડળીઓ આખી સદ્ધર થવાની છે. જ્યારે રાજય સરકારને જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા ૭ ટકાએ ધિરાણ આપવાનું જ્યારે સૂચન છે ત્યારે જે વખતે વૈદ્યનાથન કમિટિનું એમ.ઓ.યુ. થયું ત્યારે સરકાર તરફથી મૌખિક નક્કી કરવામાં આવ્યું હતું કે બે ટકા કેન્દ્ર સરકાર અને બે ટકા રાજ્ય સરકાર સબસિડી આપે તો આ રાજ્ય સહકારી બેંકો ખેડૂતોને ધિરાણ આપી શકે. કારણ કે નાબાર્ડનું વધતું જતું વ્યાજ અને ઘણા બધા સહકારી બેંકના ચેરમેન અહીંયાં હશે, માનનીય મંત્રીશ્રી મારાથી સિનિયર છે અને સહકારી ક્ષેત્રના અનુભવી છે. એને પણ આનો અનુભવ છે. જો ખેડૂતને બચાવવો હશે અને ૭ ટકાએ ધિરાણ કરવું હશે તો વહેલામાં વહેલી તકે પગલાં લેવાં પડશે. બાકી ૩ હજાર કરોડ જેટલા ખેડૂતોના ધિરાણ છે. એમાં માત્ર બે ટકા સબસિડી આપીએ તો ૬૦-૭૦ કરોડ જેટલા થાય છે. કેન્દ્રનો પણ એટલો લાભ ખેડૂતોને થવાનો છે. હું મારી જ બેંકની વાત કરું તો જમીન વિકાસ બેંકમાં વધુમાં વધુ લાંબાગાળાનું ધિરાણ ખેડૂતોને થાય છે. દરેક હેતુ માટે ધિરાણ થાય છે. હાલના સમયમાં એને ટૂંકાગાળાનું ધિરાણ કરવાની મંજૂરી આપવી જોઈએ. ૧૧૬ની કલમ એવી છે કે જેથી કરીને અમારા નિયમો છે એના હિસાબે ટૂંકા ગાળાનું ધિરાણ કરી શકતા નથી. ૬૦ હજાર કરોડનું યુ.પી.એ. સરકારે ખેડૂતો માટેનું પૅકેજ જાહેર કર્યું છે ત્યારે ખેડૂતોને ઘણો લાભ થવાનો છે. બધી મંડળીઓ સદ્ધર થવાની છે. બેંકો એન.પી.એ.માં ડૂબી ગઈ છે એ ઊભી થવાની છે ત્યારે સૌ સાથે મળીને વધુમાં વધુ લાભ લઈ ખેડૂતો સુધી સેવા પહોંચાડીએ. હું કહીશ કે બધા પક્ષોએ સાથે મળીને નવી કમિટિ બનાવી રાજકીય હસ્તક્ષેપ સિવાય બેંક રેગ્યુલર ચાલતી હોય એને નાબાર્ડ માટે બેંક ગેરંટી આપતા હોય એમાં હસ્તક્ષેપ દૂર કરીએ. જમીન વિકાસ બેંકો વધુમાં વધુ નફો કરે છે. વર્ષે ૨૦ હજાર કરોડનો નફો કરતી હોય એને ગુજરાત એપેક બેંકમાં મર્જ કરવાની વાત કરીએ એ વાજબી નથી. મારે સંકલ્પમાં એ કહેવાનું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચૂંટણી વખતે જે કૃષિ મહોત્સવો ઉજવ્યા, કૃષિ રથો લઈને નીકળ્યા ત્યારે ખેડૂતોને આશા અને આકાંક્ષા છે અને ગૃહમાં ૮૦ ટકા સભ્યો ખેડૂતોના મતોથી ચૂંટાયા છે ત્યારે અને ખેડૂતોનો પ્રશ્ન છે ત્યારે પક્ષાપક્ષીથી પર રહીને મારા સંકલ્પને અનુમોદન કરે. માનનીય મંત્રીશ્રીને કહીશ કે એમના જવાબમાં આ અંગેની તમામ જાહેરાતો કરી ખેડૂતોને મદદ કરે એવી વિનંતી છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બ્રિજરાજસિંહ જાડેજા સંકલ્પ લઈને આ ગૃહમાં આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આપણા ગુજરાત રાજ્યે ખાસ કરીને સહકારના ક્ષેત્રમાં એક આગવો ચીલો ચીતર્યો છે. દેશની સહકારી પ્રવૃત્તિમાં ગુજરાતનું મોખરાનું સ્થાન છે. દેશની અંદર સૌથી પહેલાં સહકારિતાની શરૂઆત થઈ, ખાસ કરીને સહકારી પ્રવૃત્તિને કાયદાનું સ્વરૂપ ૧૯૦૪માં આપ્યું ત્યારે ૧૯૧૨માં આપણું રાજ્ય પણ આની અંદર સામેલ થયું. ૧૯૦૫માં સૌથી પહેલી આ દેશની સહકારી મંડળીની શરૂઆત મદ્રાસમાં થઈ. ૧૯૪૦માં સુરતમાં ચોર્યાસીમાં સહકારી મંડળીની શરૂઆત થઈ. ત્યારે હાથ વણાટ માટેની મંડળીની શરૂઆત થઈ. કેટલાક કહે છે કે ઈંગ્લેન્ડમાં સૌથી પહેલી સહકારી મંડળીની શરૂઆત થઈ. ત્યાંથી હિન્દુસ્તાનમાં આવ્યું હોય. મહાત્મા ગાંધીજી આવી વાત કરતા કે લોકો માટે, લોકો દ્વારા લોકોનું ભલું થાય એના માટે લોકશાહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારની અંદર પણ સભ્યોનું, સભ્યો માટે અને સભ્યો દ્વારા ચાલતું સંગઠન એટલે સહકારી પ્રવૃત્તિ. સહકારી પ્રવૃત્તિ એટલે મૂડીવાદ અને સમાજવાદ વચ્ચેનું સ્તર. એમાંય આપણાં રાજ્યની અંદર તો ૧૮ જેટલી મધ્યસ્થ સહકારી બેંકો, ૧૩ જેટલા દૂધ ઉત્પાદક સંઘો રાજ્યની અંદર આવેલા છે. ૧૧,૫૦૭ જેટલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને ૧૮ જેટલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોના માધ્યમથી ૭,૭૬૮ કૃષિ સહકારી પ્રાથમિક કક્ષાની મંડળીઓ આવેલી છે. ૩૩૭ જેટલી નાગરિક સહકારી બેંકો, ૧૯૮ જેટલા માર્કેટ યાર્ડ, ૨૦૩ જેટલા સબમાર્કેટ યાર્ડ, સુગર મિલો, જિલ્લા સહકારી સંઘ, રાજ્ય સહકારી સંઘ, જિલ્લા-તાલુકા ખરીદ વેચાણ સંઘ આમ જોઈએ તો પેરલલ ગવર્નમેન્ટ જેવડું એક આખું કો-ઓપરેટીવ મૂવમેન્ટનું માળખું છે. માનનીય સભ્યશ્રીની જે વાત છે, એમનું જે હાર્દ છે એની અંદર રાજકીય હસ્તક્ષેપ ના હોવો જોઈએ, એ બાબતની અંદર હું પણ સંમત થાઉં. પરંતુ આ રાજકીય બાબતને માત્ર કોઈ સરકારના પરિપેક્ષમાં ના લઈ જઈએ. રાજકીય પક્ષે પણ આ બાબતની અંદરથી બાજુએ ખસીને સહકારી પ્રવૃત્તિને એ પ્રમાણે ચાલવા દેવી જોઈએ અને જો અનાયાસે પણ કોઈ રાજકીય પક્ષ કોઈ જિલ્લા સંઘ, જિલ્લા બેંક, કોઈ સહકારી સંસ્થા માટે કરીને મેન્ડેન્ટ જો પાર્ટીના કાર્યાલયમાંથી અપાતો હોય તો આ તે કેવી સહકારીતા? એના માટે આ મારું, આ તારું નહિ, કયાંથી શરૂઆત થઈ, કયાં સુધી ચાલી રહ્યું છે આ બાબતમાં પણ રાજકીય પક્ષોએ પણ વિચારવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાબત નથી કહેતો અગાઉનો આખો ઇતિહાસ જોઈએ તો આ સરકાર આવી અને અમારાં પક્ષની સંસ્થાને લઈ રહ્યાં છે. સહકારી સંસ્થા કોઈ પક્ષની નથી હોતી. સહકારી પ્રવૃત્તિએ તો અલગ વ્યકિતગત રીતે, પોતાની રીતે ચાલવાવાળી હોવી પ્રવૃત્તિ હોવી જોઈએ અને એના આધાર ઉપર હું માનું છું કે વધારે મજબૂતીકરણ થઈ શકે. અત્યારે જે સભ્યશ્રીની ચિંતાનો વિષય એ હતો કે આવનારા સમયમાં આ માળખાને વધારે મજબૂત કરવા માટે કાંઈક કરવું જોઈએ. હવે એક બાબતે મારા મૌલિક વિચારો મૂકવા જોઈએ. આ વિચાર કોઈ રાજકીય પાર્ટી સાથે ના જોડે, આજે નહિ તો આવતીકાલે ગ્રાહક એ રાજા બનવાનો છે. એક સમય હશે જ્યારે સહકારી પ્રવૃત્તિની ત્યારે ત્યાં આગળ જે રીતે એ વખતના સમયની જરૂરિયાત હશે. પરંતુ હવે જ્યારે મોનોપોલીનો સમય નથી રહ્યો ત્યારે ગ્રાહકને કેન્દ્ર સ્થાને રાખીને ચાલવું પડશે. પહેલા ત્રીસ્તરીય માળખું બનેલું. ધિરાણના માળખામાં રાજ્ય સહકારી બેંક, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને ત્યાંથી નીચે ગ્રામ્ય કક્ષાની બેંક. આ ત્રણેયના ત્રીસ્તરીય માળખાની અંદર કયાંક ગ્રાહક તો કચડાતો નથીને? ઉપરથી પૈસા આપે. ના-બાર્ડમાંથી પૈસાનું પુનઃધિરાણ કરવામાં આવે ત્યારે એક ટકો રાજ્ય સહકારી બેંક લેશે, એક ટકો જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનો હોય અને એક મંડળી લે એટલે ગ્રાહક સુધી પહોંચા ત્રણ ટકા એમને એમ ચડી જતા હોય તો ગ્રાહકનું શું? વર્ષોથી ચાલી આવતી આ પરંપરાની અંદર આ ત્રીસ્તરીય માળખામાં આજે નહિ તો આવતી કાલે પણ કોઈને સુધારો કરવો પડશે. તમામ રાજકીય પક્ષોના મિત્રોએ પણ આ દિશાની અંદર આગળ આવવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ બાબતનો આનંદ છે કે ગુજરાતની અંદર હમણાં છેલ્લા એક-બે વર્ષમાં, ૨૦૦૩ના વર્ષમાં ધિરાણ જે હતું ૮,૧૮૫ કરોડનું હતું એ વધીને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં ૧૭,૦૦૦ કરોડ જેટલું થયું છે. મને એ બાબતનો આનંદ છે કે હવે આ દિશાની અંદર આઠ જેટલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સાત ટકાના દરે ધિરાણ આપતી થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે હમણાં જે સુધારો કર્યો છે. જે સંકલ્પ આવ્યો છે એની સાથે એટલા માટે મારો મત અલગ પડે છે કે છેલ્લે જે સુધારો એક મહિના પહેલા કર્યો સહકારી માળખમાં જેમાં એમ.ડી.ની સુધારો કર્યો. (સમય સૂચક ઘંટડી) આ સંકલ્પ સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બ્રિજરાજસિંહજી જાડેજા જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું અને એના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું. વારંવાર કહેવામાં આવે છે કે સહકારી પ્રવૃત્તિએ બીન રાજકીય પ્રવૃત્તિ છે. ગુજરાત સહકારીક્ષેત્રે સમગ્ર દેશમાં અગ્રેસર છે. હું ગુજરાત અગ્રેસર છે એ વાત સ્વીકારું છું પણ બીન રાજકીય છે એ વાતને વારંવાર સરકારી હસ્તક્ષેપથી છેદ ઉડાડવામાં આવે છે. મહેસાણા દુધ સાગર સંઘ હોય અને એમાં જો અમારા પક્ષના ચેરમેન હોય તો એને ગમે તે કારણોસર ગમે તેવી નોટિસ આપીને ઘેર બેસાડી દેવામાં આવે. એ જ વ્યકિત સત્તાધારી પક્ષમાં જાય એટલે નોટિસ વીડ્રો થઈ જાય અને પૂનઃસ્થાપન કરવામાં આવે..રાજકોટ માર્કેટીંગ યાર્ડનો દાખલો આપું. જે સભ્યએ યાર્ડનું વિભાજન કરવા માટે અરજી કરી સત્તા અમારા પક્ષના લોકો પાસે હતી એટલે એનું વિસર્જન કરી અને એના બે ભાગ કરવામાં આવ્યા પછી સત્તા ભા.જ.પ.પાસે આવી ત્યારે જોડવાની પ્રવૃત્તિ કરી છે એટલે આ પ્રવૃત્તિને જો આ પક્ષ કે પેલા પક્ષ એ દ્રષ્ટિથી જોયા વગર માનનીય સભ્યશ્રીનો જે સંકલ્પ છે એ દ્રષ્ટિથી જોઈએ અને સરકાર

હસ્તક્ષેપ ન કરે તો પ્રવૃત્તિનો ગુજરાતમાં સારી રીતે વિકાસ થાય. અમૂલ, ગુજકોમાસોલ, રાજય જમીન વિકાસ બેંક, રાજય સહકારી બેંક આ બધી ટોચની સંસ્થાઓ દેશ અને દુનિયામાં સહકારી પ્રવૃત્તિની કામગીરીમાં નામના મેળવેલ સંસ્થા છે ત્યારે આપણે બધાએ સ્વીકારવું જોઈએ કે ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિ બીન રાજકીય રીતે કોઈપણ જાતના હસ્તક્ષેપ વગર ફુલેફાલે અને એના માધ્યમથી ગુજરાતનો વિકાસ થાય એવો જે સભ્યશ્રીનો સંકલ્પ લાવવા પાછળનો હાર્દ છે એને સમર્થન આપું છું. એમણે જે વાત કરી કે રાજય સરકારે સાત ટકાના દરે ધિરાણ આપવા માટે સહકારી સંસ્થાઓને  બે ટકા રાહત માટે  સબસીડી આપવી જોઈએ. મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ સરકાર પણ સબસીડી આપે છે અને જયારે સમગ્ર દેશમાં ખેડૂતોને સાત ટકા જેવા નોર્મલ વ્યાજના દરે ધિરાણ આપવાની વાત છે ત્યારે આ ધિરાણ તો જ સાત ટકાના દરે આપણે આપી શકીએ કે જયારે એમાં રાજય સરકાર સહાયભૂત બને. ખેડૂતોનું હિત રાજય સરકારના હૈયે હોય તો તાત્કાલિક અસરથી  બે ટકાની રાહત આપવાની મૌખિક સંમતિ આપી છે એ રાહત આપવી જોઈએ અને સંમત થવું જોઈએ. સહકારી મંડળી હોય, માર્કેટીંગ યાર્ડ હોય, બેંક હોય કે બીજી કોઈપણ સહકારી સંસ્થા હોય એની ચૂંટણીમાં કાયમ રાજકીય હસ્તક્ષેપ કરવામાં આવે છે. ચૂંટણી નકકી થાય પછી છેલ્લા દિવસે કહેવામાં આવે કે રજીસ્ટ્રારનો આદેશ છે આજે ચૂંટણી નથી. આવી પ્રવૃત્તિને કારણે આ સહકારી સંસ્થા સારી રીતે કામ કરી શકતી નથી અને આના પરિણામે સહકારી સંસ્થાઓનો વિકાસ રૂંધાય છે. ત્યારે મારી આપને વિનંતી છે કે માનનીય સભ્ય બ્રિજરાજસિંહજી જે સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પને સમર્થન આપે. માનનીય સહકાર મંત્રીશ્રી પોતે પણ સહકારીક્ષેત્રના અનુભવી, ઘડાયેલા અને નિષ્ઠાવાન આગેવાન છે.તેઓ પોતે વર્ષોથી  અમરેલી સહકારી બેંકના અધ્યક્ષ તરીકે કામગીરી કરી રહ્યા છે તેઓ પણ જાણે છે. બોલવામાં મર્યાદા હશે પણ એ જાણે છે કે કેટલો રાજકીય હસ્તક્ષેપ આ પ્રવૃત્તિમાં થઈ રહ્યો છે. આપણે બધાએ પરસ્પર સહકારથી અને આ પ્રવૃત્તિમાં રાજકારણ દાખલ ન થાય, સહકારના નિયમ પ્રમાણે વહીવટ ચાલે અને લોકશાહી ઢબે સંચાલન થાય એ માટે બ્રિજરાજસિંહ જે સંકલ્પ લાવ્યા છે.  આ સંકલ્પને આ સભાગૃહના સૌ માનનીય સભ્યશ્રીઓ સર્વાનુમતે પસાર કરે તેવી મારી પણ બ્રિજરાજસિંહ સાથે વિનંતી છે. હું આશા રાખું કે આ ગૃહ આ સંકલ્પને સર્વાનુમતે પસાર કરશે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સહકારી જે પ્રવૃત્તિ છે તે દેશમાં એક રાહબર છે.  સમગ્ર દેશની અંદર ગુજરાત રાજ્યની સહકારી પ્રવૃત્તિ ખૂબ સારી અને સુદૃઢ રીતે ચાલી રહી છે. રાજ્યમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ થાય.  સહકારી માળખા દ્વારા પ્રજાજનોને વ્યાજબી ભાવે સેવા મળી રહે, એ આશયથી ગુજરાતની અંદર સહકારી પ્રવૃત્તિ ખૂબ વેગવંતી ચાલી રહી છે.  રાજ્ય સરકારે ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ માં વખતો વખત સુધારા કરીને આ કાયદાનો અમલ રાજ્યના રજિસ્ટ્રાર અને એમના હસ્તકના સંયુકત રજિસ્ટ્રારો તેમજ જિલ્લાના રજિસ્ટ્રારો દ્વારા અમલ થઈ રહ્યો છે. રાજ્યમાં ૬૦,૦૦૦ થી પણ વધારે સહકારી સંસ્થાઓ કાર્યરત છે. એમાં ૧ કરોડ ઉપરાંત એના સભ્યશ્રીઓ પણ છે. આવા જુદા જુદા ક્ષેત્રો જેવા કે કૃષિ ધિરાણ, દૂધ મંડળીઓ, ખરીદ વેચાણ સંઘો, હાઉસિંગ સોસાયટીઓ, સિંચાઈ મંડળીઓ, મજૂર મંડળીઓ જેવી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ રાજ્યમાં થઈ રહી છે.  રાજ્યમાં કૃષિ ક્ષેત્રે ટૂંકાગાળામાં અને લાંબાગાળાનું ધિરાણ કરવા માટે રાજ્ય સહકારી બૅન્ક, ૧૮ મધ્યસ્થ સહકારી બૅન્ક અને ૮,૦૦૦ ઉપરાંત પ્રાથમિક સહકારી મંડળીઓ દ્વારા દરેક ગામડાઓને મંડળીઓના ધિરાણ દ્વારા ગામડાની વ્યકિતઓ આર્થિક રીતે ઉપર આવી રહ્યા છે, ત્યારે એના માટે રાજ્ય કૃષિ ગ્રામીણ વિકાસ બૅન્કની ૧૮૧ શાખા દ્વારા તમામ વ્યકિતઓને લોન પણ મળી રહે છે.  સહકારી ધિરાણ માળખાને સુદૃઢ કરવા માટે પ્રો. વૈધનાથન સમિતિના અહેવાલનો રાજ્ય સરકારે પણ સ્વીકાર કર્યો છે, ત્યારે નાબાર્ડ અને કેન્દ્ર સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.  સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ માં તાજેતરમાં સુધારો કરવામાં આવેલ છે, તેના પરિણામે રાજ્ય સહકારી બૅન્ક અને જિલ્લા મધ્યસ્થ બૅન્ક તેમજ પ્રાથમિક ધિરાણ મંડળીને રૂપિયા ૧૧૦૦ કરોડ ઉપરાંતની નાણાકીય સહાય મળવાપાત્ર થશે.  આની સાથે સ્વસહાય જુથને પણ સમયસર સુદૃઢ બનાવવા માટે રાજ્ય સરકારની જુદી જુદી પ્રવૃત્તિને સઘન બનાવવા માટે આવા સહકારી મંડળીના સભ્ય રહી શકે તે માટે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ- ૨૨ માં સુધારો કરેલ છે.  સ્વસહાય જુથને સભ્ય બનવાની તક આપતા, મંડળીઓ મારફત ધિરાણ મેળવવા અને ડિપોઝિટ રાખવા માટેની પ્રવૃત્તિમાં પણ સામેલ કરી શકેલ છે. આવી અનેકવિધ પ્રવૃત્તિઓ વખતો વખત સુધારા વધારા કરીને રાજ્ય સરકાર દ્વારા સહકારી ક્ષેત્રને સુદૃઢ બનાવવા માટેના પ્રયત્નો થઈ રહેલ છે.  માનનીય સભ્યશ્રી જે સંકલ્પ લઈને આવ્યા છે, તેમાં ઉપરોક્ત હકીકતે સહકારી પ્રવૃત્તિને રાજકીય હસ્તક્ષેપ હોવાની વાતમાં તથ્ય ન હોય અને રાજ્ય સહકારી માળખાનો સુવ્યવસ્થિત વિકાસ થાય તે માટે સરકાર સંકલ્પબદ્ધ હોય રજૂ થયેલ સંકલ્પમાં સંમત થઈ શકતો નથી.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, જે બ્રિજરાજસિંહ જાડેજા સંકલ્પ લઈને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપું છું.  ગુજરાતમાં જે સહકારી પ્રવૃત્તિ છે, એ નાના અને સીમાંત ખેડૂતોને લાભકર્તા છે, પણ આ જે અમારા મંત્રીશ્રી દિલીપભાઈ છે એમનાથી વાણિયા ન થવાય.  આ જે સહકારી મંડળી ભાંગી પડી છે, તેને ઊભી કરો. આખા ગુજરાતમાં તમારું રાજ આવ્યા પછી આ મંડળીઓ ભાંગી પડી છે, એને ઊભી કરો અને નાના અને સીમાંત ખેડૂતોને લાભકર્તા છે, એવી આ દૂધ ડેરી, અમૂલ ડેરી એ કેટલાય નાના નાના કુટુંબોને એમાંથી રોજીરોટી મળે છે.એવી રીતે નાની નાની મંડળીઓને જીવતી કરવી જોઈએ. આ કામ કરીએ તો કઈક સારું થયું કહેવાશે.પછી એ પાટલી બેસો કે આ પાટલી બેસો એમાં કશો અર્થ નહીં. નાની નાની મંડળીઓને જીવંત કરવી

જોઈએ અને ચાલુ કરવી જોઈએ. ઘણા દેવા છે તે માફ કરો. બીજું કે જે ધિરાણ સાત ટકાએ આપવામાં આવે તો નાના અને સીમાંત ખેડૂતોને ફાયદો થશે અને તેમનું ભલું થશે. ઘણી મંડળીઓ એવી હોય છે કે નાના અને સીમાંત ખેડૂતોને ધક્કા ખવડાવે છે, આ લાવો, તે લાવો એવું કહીને નવી નવી કવેરીઓ કાઢે છે અને ધક્કા ખવડાવે છે. જલદી લોન આપતા નથી. આમ કરવાથી સાહેબ ખેડૂતોને જલદી લોન મળતી નથી. આ ભાજપનો અને આ કૉન્ગ્રેસનો એવું નહીં રાખવું જોઈએ. અહીં તો સબ સરખા રાખવા જોઈએ. સાહેબ આપણા રાજયમાં જે ડેરીઓ છે તે કેટલા લોકોને રોજીરોટી આપે છે અને તેના પર કેટલા લોકો જીવે છે. આ રીતે આ જે ડેરીની મંડળીઓ છે તેમાં રાજકીય રીતે ન જોવું જોઈએ. ગમે તે સભ્ય હોય, કૉન્ગ્રેસના હોય કે ભાજપના હોય તેને તે રીતે કરવા દેવું જોઈએ. આ તો કોંગ્રેસનો હોય તો તેને ખોટું કરી હેરાન કરે છે. બધા સરખા છે. પ્રજાએ ચૂંટયા છે. લોકોનું કામ કરવા માટે ચૂંટયા છે. માટે ભેદભાવ નહીં રાખવો જોઈએ. ભેદભાવ રાખ્યા સિવાય કામ કરવું જોઈએ. એટલે આપ વિચારો એટલે આ સંકલ્પને હું અનુમોદન આપું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ (દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બ્રિજરાજસિંહ જાડેજા જે બિનસરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સહકાર એ ગુજરાતની અંદર કોઈ રાજકારણ નથી. આ સહકાર આખું ક્ષેત્ર જુદું છે. પણ આ સરકારના સહકારથી આ સહકાર ખૂબ સારો ચાલે છે તેની મને ખબર છે. સરકાર સિવાય સહકાર આગળ જઈ શકતો નથી. ગુજરાતની અંદર ૬૦ હજાર સહકારી મંડળીઓ છે. સેવા સહકારી મંડળીઓ તે ખેડૂતોને બેઠા કરે છે. આ સહકારી મંડળીઓ જે ગામડાની વિધવા બેન હોય, કોઈપણ આધાર સિવાયની બેન હોય અને તે બે ભેંસો રાખતી હોય, બે ગાયો રાખતી હોય ત્યારે આ સેવા સહકારી મંડળીઓ આવી બહેનોની વ્હારે જાય છે. કયાંય કોઈ સહકારી મંડળીઓ સાહેબ તૂટતી નથી. તૂટી જાય તો તેના માટે આ સરકાર અડીખમ ઉભી છે. સરકાર તેના શેર ખરીદે છે અને તે મંડળી જ્યારે પગભર થાય ત્યારે સરકાર તેના શેર પાછા આપે છે. એટલે ગુજરાત રાજયમાં સહકારી મંડળી પડી ભાંગવાનો કોઈ સવાલ જ નથી. હું સાહેબ પાંચ વર્ષના ગાળાની વાત કરું તો સહકારી ક્ષેત્રે પાંચ વર્ષની અંદર કેટલું ધિરાણ કર્યુ તો ૨૦૦૨-૦૩માં ૩૪૨૨ કરોડ ધિરાણ કર્યુ, ૨૦૦૩-૦૪માં ૩૪૯૩ કરોડનું ધિરાણ કર્યુ, ૨૦૦૪-૦૫ની અંદર ૪૧૧૬ કરોડનું ધિરાણ કર્યુ, ૨૦૦૫-૦૬ની અંદર ૪૩૧૦ કરોડનું ધિરાણ કર્યુ અને ૨૦૦૬-૦૭ની અંદર ૪૪૬૫ કરોડનું ધિરાણ કર્યુ. આ ધિરાણ છે તે સીધુ ખેડૂતો માટેનું ધિરાણ છે. આનાથી જે લાભ થશે તે સીધો ખેડૂતોને થશે. ખેડૂતો માટે સહકાર કરોડરજ્જુ સમાન છે. હું સાહેબ વાત કરું શ્વેત ક્રાંતિ, શ્વેત ટેસ્ટ ઓફ ઈન્ડિયામાં સમગ્ર વિશ્વમાં ગુજરાત નામના ધરાવે છે. ગુજરાતની શ્વેત ક્રાંતિની દેશમાં આગવી ઓળખ છે. સમગ્ર વિશ્વમાં આ દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. કોટન હોય, દૂધ હોય અને અત્યારે દૂધના ઉત્પાદનની અંદર ૨૦ ટકાનો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનમાં દૂધનો પાવડર પણ વિદેશની લાવવો પડતો હતો, કોંગ્રેસના શાસનમાં ઘઉં પણ વિદેશથી લાવવા પડતા હતા, મને એમ લાગે છે કે, એમને વિદેશી કોઠે પડી ગયું છે. મારે એ પણ વાત કરવી છે કે, આ સ્વતંત્રતાની વાત કરનારા પૂજ્ય મહાત્મા ગાંધીજી, આજે એ જ કોંગ્રેસ વિદેશની વાત કરે છે. એમાં એમનો વાંક નથી, એ પોરબંદરની કોંગ્રેસ હતી ત્યારે વિદેશની વાત હતી, અલ્હાબાદની કોંગ્રેસ આવી ત્યારે એ સ્વદેશની વાત કરે છે. મિત્રો, આ તો સ્વદેશ અને વિદેશની વાત છે પણ મારે માનનીય અધ્યક્ષશ્રી, સહકારની વાત કરવી છે તો સહકારી સંસ્થાઓનો સહકાર હોય તો સહકારની અંદર ખુલ્લુ અને સ્વૈચ્છિક સભાસદ હોય અને કોઈ રાજકીય રોકટોક ન હોય, સભાસદોનો લોકશાહી અંકુશ હોય, સભાસદોની આર્થિક સહ ભાગીદારી હોય, સ્વાયત્તતા અને સ્વતંત્રતા હોય, શિક્ષણ હોય, તાલીમ અને માહિતી હોય. સહકારી સંસ્થાઓ સાથે સહકાર રાખીને ચાલતી હોય, સમાજ પરત્વે ઉત્તરદાયિત્ય ધરાવતી હોય, આ વિચારધારાને વળેલી સહકારી સંસ્થાઓ કયારેય દુ:ખી થતી નથી. આ વિચારધારાવાળી સંસ્થાઓ ખેડૂતોને ખૂબ મદદરૂપ થાય છે અને સરકારના સહકારથી સુખી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ વાત કરવી છે કે, હમણાં માનનીય અર્જુનભાઈ ગરીબ ખેડૂતોની વાત કરતા હતા, હું અમદાવાદ એપીએમસીનો ચેરમેન છું, હું જ્યારે બોલવા માટે ઊભો થાઉં છું ત્યારે તેઓ ગૃહમાં દેખાતા નથી. (અંતરાય) મારે એ વાત કરવી છે કે ત્રણ વર્ષ પહેલાં, મને ચેરમેન બને સાડા ત્રણ વર્ષ થયાં, અમદાવાદ એપીએમસીનો ૪૩૦ કરોડનું ટર્નઓવર હતું જ્યારે મેં વહીવટ લીધો ત્યારે હતું ૨૩ થી ૨૪ રાજયો આ એપીએમસી સાથે વ્યવહાર કરે છે મને કહેતાં આનંદ થાય છે કે અમે બે માર્કેટ વધાર્યા અને વાર્ષિક એક હજાર કરોડના ટર્નઓવર કર્યા.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, સંકલ્પને અનુરૂપ બોલો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અનુરૂપ બોલું છું.

**અધ્યક્ષશ્રી** : આપ એપીએમસી સંભાળો છો એના વખાણ ના કરો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે, હું કોંગ્રેસની વાત કરી રહ્યો હતો કે અર્જુનભાઈ ગરીબ ખેડૂતોની વાત કરતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, જે સેસ એપીએમસીની અંદર લેવાય છે એ ૧૯૯૫ની સાલની અંદર ૬ થી ૭ ટકા ખેડૂતો પાસેથી કાપી લેવામાં આવતો હતો, ત્યારે સરકાર એમની હતી, સાત ટકા સેસ કપાય ખેડૂતના સો રૂપિયે સાથ રૂપિયા કપાય પણ આ ભાજપાની સરકાર આવ્યા પછી આ

સેસ નાબૂદ કરી દીધો, ખેડૂતો ખુશ થયા અને આજે ખેડૂતો લીલાલહેર કરે છે, એપીએમસીના લીધે યોગ્ય માપ થાય, યોગ્ય તોલ થાય અને યોગ્ય ભાવ મળે અને એપીએમસીની અંદર રોકડાં નાણાં ખેડૂતોને મળે છે, આ એપીએમસી આવ્યા પછી દરેક વેપારી, એ પછી અનાજ બજાર હોય કે ફ્રુટ બજાર હોય, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લે એક વાત કરવી છે કે, કાશ્મીરથી ફ્રૂટ આવ્યાં હતાં પણ આ સરકારમાં બૉમ્બ ફૂટ્યો નહીં, ફ્રુટમાં બૉમ્બ આવ્યો હતો જે કાશ્મીરથી ફ્રુટ આવ્યાં હતાં એમાં માર્કેટની અંદર એ બૉમ્બ ફૂટ્યો નહીં એ બધાએ પેપરમાં વાંચ્યું હશે , ના ફૂટ્યો, ભાજપાની સરકાર છે, કોઈ કશું જ ના થાય, જેની નીતિરીતિ સારી હોય એને કશું જ ના થાય, (સમયસૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, હું એમના સંકલ્પ સાથે બિલકુલ સહમત નથી.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મારે બોલવું ન હતું પણ સહકારી પ્રવૃત્તિ એ માનવ કલ્યાણકારી પ્રવૃત્તિ છે. આપણે બળવંતરાય મહેતાને ભૂલી ગયા છીએ, સરદાર વલ્લભભાઈ પટેલને ભૂલી ગયા છીએ. જ્યારે સ્વરાજ મળ્યું ત્યારે ચાર પાયાની વાત જો કોઈએ કરી હોય તો એ આપણા દેશના નેતાઓએ કરી હતી. ન્યાય મંદિર, લક્ષ્મી મંદિર, ભગવાનનું મંદિર અને સરસ્વતી મંદિર. લક્ષ્મી મંદિર એ આ સહકારી પ્રવૃત્તિ કોઈની દેન હોય તો આપણા આગેવાનો બળવંતરાય મહેતા અને સરદાર વલ્લભભાઈ પટેલની દેન છે એ આપ કેમ ભૂલી જાવ છો? સહકારી પ્રવૃત્તિ છે એ માનવ કલ્યાણકારી પ્રવૃત્તિ છે. અમૂલ ડેરી આખા વિશ્વમાં જો જાણીતી જઈ હોય તો એ આ સહકારી પ્રવૃત્તિને કારણે થઈ છે બીજા કોઈ કારણે નથી થઈ. બીજા રાજયો સાથે આપણા રાજયની તુલના તો કરો. કર્ણાટક, મહારાષ્ટ્ર, તામિલનાડું, કેરાલા ત્યાં સહકારી પ્રવૃત્તિ છે ખરી પણ ત્યાં મેનેજિંગ ડિરેકટરમાં સરકારી માણસ મૂકાઈ છે જ્યારે ગુજરાતમાં નથી મુકાતો. ગુજરાતની શાન, આબરૂ અને ગૌરવ ઊંચા પ્રકારના છે પણ આપણે નથી યાદ કરી શકતા. સહકારી પ્રવૃત્તિમાં ખેડૂતને ધિરાણ કોણે આપ્યું? શા માટે આપ્યું? કેમ આપ્યું? ૭૫ ટકા જ્યારે ગુજરાતમાં ખેડૂતો રહેતા હોય ત્યારે એની આન, શાન અને એનું ગૌરવ વધે એટલા માટે ધિરાણ કર્યું. એને ટ્રેક્ટર લાવવું હોય, એન્જિન લાવવું હોય, મોટર લાવવી હોય, બિયારણ લાવવું હોય કે ખાતર લાવવું હોય એના માટે આ ધિરાણ આપીને ખેડૂતને ઉંચ્ચો લાવવાની વાત હતી.. જ્યાં સુધી આ દેશનો ખેડૂત સુખી નહીં થાય ત્યાં સુધી આ દેશથી સ્વરાજ દૂર રહેવાનું છે. સરદાર પટેલને કેમ ભૂલી જાવ છો? ખેડૂતને ખેડૂત તરીકે કોઈએ ઓળખાવ્યા હોય તો સરદાર પટેલે ઓળખાવ્યા હતા અને આણંદમાં અમૂલ ડેરી સ્થાપવામાં જો કોઈએ રસ દાખવ્યો હોય તો એ સરદાર પટેલે રસ દાખવ્યો હતો અને ત્યાર પછી આ સહકારી પ્રવૃત્તિ આગળ વધી છે. સમગ્ર ભારત દેશમાં સારામાં સારી સહકારી પ્રવૃત્તિ જો કયાંય ચાલતી હોય તો એ ગુજરાતમાં ચાલે છે. કોઈ પણ જાતના પક્ષાપક્ષી સિવાય આ સહકારી પ્રવૃત્તિ આગળ વધે એના માટેનો આ સંકલ્પ છે. આજે ખેડૂત પાઈમાલ થઈ ગયો છે, એની ઊપજના એને ભાવ મળતા નથી, અતિવૃષ્ટિ અને દુષ્કાળને કારણે એને નુકસાન થાય છે આમ આજે ખેડૂત બિલકુલ પાઈમાલ થઈ ગયો છે મારે ત્યાં ચકલાસી વિસ્તારમાં બટાકાની ખેતીમાં માત્ર એક ચકલાસી વિસ્તારમાં જ ૧૦ કરોડનું નુકસાન ખેડૂતોને ગયું છે અને આખાય ગુજરાતની વાત કરું તો ૧૦૦ કરોડ રૂપિયાનું ખેડૂતોને આ બટાકાની ખેતીમાં નુકસાન થયું છે ત્યારે જો આ સહકારી પ્રવૃત્તિ ન હોત, સહકારી મંડળી ન હોત, ધિરાણ મંડળી ન હોત તો આ ખેડૂતની દશા બિલકુલ મરણતોલ થઈ ગઈ હોત અને ખેડૂતોને આપઘાત કરવાનો વારો આવ્યો હોત. જો આજે ખેડૂત જીવ્યો હોય તો એ સહકરી પ્રવૃત્તિને કારણે જીવ્યો છે. એટલા માટે હું આ સંકલ્પને અનુમોદન આપું છું અને સરકાર આ સંકલ્પને સહર્ષ સ્વીકારે એવી અપેક્ષા સાથે વિરમું છું.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્ય અને સહકારી આગેવાન માનનીય શ્રી બ્રિજરાજસિંહ જાડેજા સહકારી ક્ષેત્ર અંગેનો જે સંકલ્પ લઈને આવ્યા છે અને જે હાર્દ રાજકીય હસ્તક્ષેપ સહકારી પ્રવૃત્તિમાં ન થાય એના હાર્દને માટે હું નથી માનતો કે આ સભગૃહમાંથી કોઈ અલગ વિચારે. આ હાર્દ સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી આ સરકાર પૂર્ણ રીતે સ્વીકૃત કરીને ચાલે છે. એનો દાખલો એ છે કે, ભૂતકાળમાં ગુજરાતમાં જ્યારે કોઈ પણ સહકારી પ્રવૃત્તિ સાથે હસ્તક્ષેપ થયો હોય તો પક્ષપાત વિના જે કોઈને નોટિસ કે કાર્યવાહી કરવાની જરૂરત હોય એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કાર્યવાહી કરી છે. ભૂતકાળમાં એવા કિસ્સાઓ નથી. મારે દાખલાઓ કે નામ આપીને વાત નથી કરવી આટલી વાત માત્રથી ખ્યાલ આવી જશે. પણ રાજકીય હસ્તક્ષેપ ન થાય એટલા માટે આ એક સરકાર એવી છે કે પારદર્શકતા આવે એ માત્ર વાતોથી નહીં પણ જરૂર પડે ત્યાં કાયદામાં સુધારા કરીને પણ વ્યવસ્થા કરી છે.

સહકારી સંસ્થાઓની ચૂંટણી નિષ્પક્ષ થાય તેને માટેની જે ચિંતા કરી તેમાં પછી તાલુકા સંઘ હોય, જિલ્લા સંઘ હોય, પ્રોસેસીંગ મંડળીઓ હોય તેમાં કાયદાની કલમ-૭૪સી અન્વયે ગુજરાત ડિસ્બર્સ મંડળીઓના નિયમો પ્રમાણે ચૂંટણી કલેકટરશ્રી દ્વારા થાય. પહેલાં ચૂંટણી બોર્ડ પોતે ચૂંટણી અધિકારી નીમતા અને ત્યાર પછી ચૂંટણી થતી. હવે ચૂંટણી કલેકટર કરે છે એટલે રજિસ્ટ્રાર કે રાજકીય પક્ષાપક્ષીનો હસ્તક્ષેપ હોવો તે શકય જ નથી અને તાજેતરમાં હાઈકોર્ટે જે નિર્દેશ આપ્યો છે એક વખત ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ જાય પછી આધારભૂત રીતે પણ એક સભ્યની ઉમેદવારી થવા લાયકાત ધરાવતા નથી એવા પુરાવા હોય તો પણ ચૂંટણી પૂર્ણ ના થાય ત્યાં સુધી તેમાં કોઈ હસ્તક્ષેપ ના કરી શકે આ રીતના સ્પષ્ટ નિર્દેશ સાથે ચૂંટણીની કામગીરી થાય છે ત્યારે મને લાગે છે કે આ અવલોકન જે રીતે ગુજરાત બહારના લોકો આ ગુજરાતની સરકારને, ગુજરાતની જનતાને બદનામ કરવા માટે વિવિધ પાસાંઓ ફેંકે છે તે પૈકી કોઈ અસર નીચે રાજકીય હસ્તક્ષેપ થાય છે તે વાત અહીંયાં લાવવામાં આવી છે.

હું બ્રિજરાજસિંહજીને અભિનંદન દેવા માંગુ છું કે તેમણે એક વાત સ્વીકારી કે અમારી પણ કોઈ ભૂલ હશે. એટલે આટલી વાતમાં ઘણું મોટું કહી જાય કે તેમના વારસામાં કેટલીક પ્રવૃત્તિઓમાં કેટલીક વાતો આવી હોય, વણાણી હોય. જો રાજકીય જ હસ્તક્ષેપ થતો હોય તો મારે એ કહેવું છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કેટલાય વર્ષોથી અહીંયાં ચાલે છે. આજે ગુજરાતની ટોચ કક્ષાની બધીજ સરકારી સંસ્થાઓના અધ્યક્ષ કોંગ્રેસ સાથે સંકળાયેલા લોકો છે. જો રાજકીય હસ્તક્ષેપ હોત તો આ આટલા વર્ષોમાં કોઈને કોઈ જગ્યાએ હસ્તક્ષેપના કારણે સત્તા પરિવર્તન ચોક્કસ આવી શક્યું હોત. પરંતુ ભારતીય જનતા પાર્ટી કોઈ રાજકીય હસ્તક્ષેપ કરવા માગતી નથી. પણ મારે આ સભાગૃહ પાસે કેટલીક હકીકતો, આ સહકારી પ્રવૃત્તિ માનનીય શંકરભાઈએ બહુ સારી વાત કરી છે ગુજરાતના ઉત્કર્ષ માટે, બાકીના સભાસદોએ પણ વાત કરી પ્રવૃત્તિ લોકોના ઉત્થાન માટે છે. પદાધિકારીઓ, અધિકારીઓની તો મર્યાદા હોય. તેના પગાર ધોરણ તેના નિયમો તે પણ હોય. ગુજરાતમાં ટોપ કક્ષાના અધિકારીઓના પગાર કરતાં આપ સૌ જાણો છો કે ગુજરાતની એક બેન્કના સંચાલનમાં કોંગ્રેસ હું માનનીય આપના દ્વારા વિરોધપક્ષના નેતાનો સહકાર માંગુ છું કે આમાં જ્યારે કંઈ કાર્યવાહી થાય તો મદદ કરે, હું પણ મદદ કરીશ. કારણકે તેને વારસામાં આવ્યું છે, તેણે બહુ ચિંતા વ્યક્ત કરી છે. અમારી પણ ભૂલ હોય એટલે હું માનું છું, હું જાણું છું કે તેમની ભૂલ નથી પણ વારસામાં આવ્યું છે. તેમના એમ.ડી.નો પગાર પર મન્થ ૯૭ હજાર રૂપિયા છે અને મારા તંત્ર તરફથી હવે પગલાં લેવામાં આવે તો કહે રાજકીય હસ્તક્ષેપ કર્યો છે. આ કેટલું ઉચિત કહેવાય? હજુ અમે કર્યા નથી પણ આ સાથે સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માંગુ છું કે આવી પ્રવૃત્તિ જો કરીએ કે આટલો પગાર? કોઈ તો મર્યાદા હોવી જોઈએ? નટવરસિંહજી પણ કહેશે કે આવું ચલાવાય ખરું? ૯૭ હજાર એમ.ડી.નો પગાર અને આપને જાણીને આશ્ચર્ય થશે હું માનનીય બ્રિજરાજસિંહજીનો તેમાં લેશ માત્ર દોષ જોતો નથી. આપના માધ્યમથી હું તેમને વિનંતી કરું છું આપ ચકાસી જાવ કે આપ ધારાસભ્ય થયા પછી માત્ર છ મહિનામાં ૩ લાખ ૩૮ હજારનું ટી.એ.ડી.એ.નું બિલ ના જ મૂક્યું હોય. આપના અધિકારીએ ચોક્કસ ક્યાંક ભૂલ કરી હશે એટલે આપ ચકાસી જાવ કારણકે આપના નામે, આપની બેન્કમાં ૩ લાખ ૩૮ હજાર માત્ર છ મહિનાનું ટી.એ.,ડી.એ.અધ્યક્ષશ્રીના નામે. એક ધારાસભ્ય આટલું બધું ટી.એ.,ડી.એ.લે અને કોંગ્રેસના હોય, બેંકના ચેરમેન હોય તો આપની પાર્ટી ચોક્કસ બદનામ થાય. આપ તેની ચિંતા કરતા હશો પણ આટલું મોટું ટી.એ.બિલ જ્યારે આપના નામે ઉધારેલું હોય અને આપને કદાચ વારસામાં હોય અને આ પ્રણાલિકાઓ ચાલતી હોય તો અમે તમને મદદ કરીશું. આની સામે કાર્યવાહી કરવામાં પણ ખચકાવમાં. વારસામાં નબળી વસ્તુ આવી હોય તો ખંખેરીને તેની સામે હિંમતપૂર્વક તમે આગળ વધો. આપણે સૌએ સાથે મળીને આવા દૂષણો ગુજરાતમાંથી સહકારી પ્રવૃત્તિમાંથી દૂર કરવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેવી પરિસ્થિતિ આવી. હમણાં ચૂંટણીઓ ગઈ તે પહેલાં ચૂંટણીઓના પ્રચાર પૂર્વે બ્રિજરાજસિંહજીએ કહ્યું અમારી ભૂલો થાય છે એટલે હું તેમની ભૂલો ગણતો નથી. સ્વીકાર્યુ એટલે ગણતો નથી. હમણાં ચૂંટણીઓ પહેલાં ૧૭ ગાડી એ.સી.ની ૧ કરોડ ૧૯ લાખની લઈને દરેક જિલ્લામાં, બ્રાન્ચમાં આપી દેવામાં આવી. ચૂંટણી પ્રચારમાં કામ કરે, પ્રચાર થાય આ હેતુ. જેમની વસૂલાત લગભગ પચાસ ટકા, બાવન ટકા જેટલી હોય અને તે બેન્કને પોસાય કેમ ? અહીંયાં ઉલ્લેખ કરવામાં આવ્યો કે સરકારે મૌખિક રીતે સાત ટકા ધિરાણ આપવાનું સ્વીકાર્યુ છે. બે ટકા રાહત આપવાનું. આ સરકારમાંથી કયારેય મૌખિક, લેખિત કે કોઈ રીતે કયારેય સ્વીકાર્યુ નથી. કેન્દ્ર સરકાર નિર્ણય કરે ચૂંટણીઓમાં જશ લેવા માટેની પ્રવૃત્તિઓમાં જાહેરાતો કરે અને અમલીકરણ રાજય સરકાર કરે? તેની જવાબદારી રાજય સરકાર ભોગવે આ તે કઈ રીત ? નિર્ણય કરનારના કાંડામા બળ હોવું જોઈએ કે જે નિર્ણય કરે તેની વ્યવસ્થા કરે. નિર્ણય કેન્દ્રમાંથી કરવાનો, જશ પોતાને લેવાનો અને રાજય સરકાર ઉપર જવાબદારી સોંપવાની. આ રાજય સરકારે કયારેય આ વાત કોઈ જગ્યાએ સ્વીકારી નથી. તેમની વાત અમારા મોઢે મૂકવાનો જે પ્રયત્ન થયો છે તે મને લાગે છે વાજબી નથી. વૈદનાથ કમિટીની ભલામણો બેંકે સ્વીકારી, રાજય સરકારે સ્વીકારી છે તેના કારણે રાજયના ખેડૂતોને જે ફાયદો મળવાનો છે તે મળતો થઈ જવાનો છે તેના માટે હું સભાગૃહના તમામ સભાસદોને અભિનંદન આપીશ કે સર્વાનુમતે આ વાતમાં સૂર પુરાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રાજયોમાં સહકારી પ્રવૃત્તિ ચાલે છે તેમાં કેન્દ્ર સરકાર તરફથી અન્ય રાષ્ટ્રીય કૃત બેન્ક કે બેન્કોને જે રીતે ધિરાણ આપવામાં આવે છે તે આપણી સહકારી પ્રવૃત્તિને આપવામાં આવે છે. માત્ર ૪૦ ટકા રિફાઈનાન્સ આપવામાં આવે અને ૬૦ ટકા જે તે બેન્કે પોતાનું ભંડોળ આપણે સૌ જાણીએ છીએ કે તેમને ડિપોઝિટની પડતર કિંમત સાથે ૧૧ ટકા કરતાં વધારે તેમને પડતર જ્યારે થાય છે ત્યારે તે સહકારી બેન્ક પાસેથી સસ્તામાં આપણે લેવું, અપેક્ષા રાખવી તે કેટલું ઉચિત ? અને એટલા માટે રાજય સરકારે વારંવાર કેન્દ્ર સરકાર પાસે રજૂઆત કરી છે કે ઓછામાં ઓછું અન્ય ૧૦૦ ટકા રાષ્ટ્રીયકૃત બેન્કોને આપતાં હો તો ભલે આપો પણ સહકારી બેન્કોને ૮૦ થી ૮૫ ટકા રિફાઈનાન્સ આપવું જોઈએ. જે અત્યાર સુધી આપણી વાત સ્વીકારવામાં આવી નથી. અહીંયાં જે ઉલ્લેખ કર્યો છે માર્કેટ યાર્ડ સહિત ચૂંટણીઓ નિયામકના માધ્યમથી થાય છે. રજિસ્ટ્રાર કરતા નથી એટલે તેમાં પણ હસ્તક્ષેપ થવાનો કોઈ સવાલ નથી. બાકી અન્યાય જેવું લાગે તો પણ તેના ઉપર અધિકૃત રીતે એપેલેટ ઓથોરીટી છે તેની પાસેથી પણ જો અન્યાય થયો હોય તો પોતાની વાત ત્યાં સુધી પહોંચાડીને ન્યાય મેળવી શકાય તેની સંપૂર્ણ કાયદામાં વ્યવસ્થા છે. આ એક માત્ર ગુજરાતમાં એક જૂથને સેલ્ફહેલ્પ ગ્રુપને સભ્ય બનાવવાની જોગવાઈ જો કરવામાં આવી હોય તો આપણી રાજય સરકારે કાયદો સુધારો કરીને આ પ્રવૃત્તિને સુદ્રઢ બનાવવા

માટે અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૨માં સુધારો કરીને સ્વ સહાય જૂથને સભ્ય બનાવવાની તક અહીંયાં પૂરી પાડવામાં આવી છે એટલે સહકારી પ્રવૃત્તિની સાથે નાના અને સામાન્ય લોકો વધુમાં વધુ આ પ્રવૃત્તિ સાથે સંકળાય તેનો પણ પૂરતો પ્રયત્ન કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં બે હેતુ માનનીય બ્રિજરાજસિંહજીએ સંકલ્પ લાવીને પ્રયત્ન કર્યો હતો કે એક તો બિન રાજકીય રીતે કામ થાય અને રાજકીય હસ્તક્ષેપ ન થાય. મેં વિશ્વાસ આપ્યો છે. કાયદામાં સુધારા કરીને રજીસ્ટ્રારથી માંડીને કોઈ રાજકીય પ્રવૃત્તિમાં હસ્તક્ષેપ થતો નથી. આ સંકલ્પમાં માનનીય શંકરભાઈ ચૌધરીએ ખૂબ જ સારા સૂચનો કર્યા છે. રાઘવજીભાઈએ સીમીત માત્રથી, પૂરતી માહિતી ન હોવાને કારણે એમના વિસ્તારની વાત કરી છે. એ જ પ્રમાણે સરકારે જે નિર્ણય કર્યો એ નિર્ણય બાબતમાં હાઈકોર્ટમાં આપના લોકો ગયા હતા અને એમાં સરકારના નિર્ણયને સમર્થન આપ્યું છે એ આપની જાણ માટે. વિશેષ કહેતો નથી.

માનનીય ઈશ્વરભાઈ પટેલે ખૂબ સૂચન કર્યા. નટવરસિંહભાઈએ કહ્યું. સહકારી પ્રવૃત્તિની માહિતીનો અભાવ એટલે નેતા બાજુમાં હસતા હતા કે એમની વાતનો ખ્યાલ ન આવ્યો. ટકોર પણ થઈ, પણ એમણે પ્રયાસ કર્યો છે, ચિંતા કરી છે. આ ચિંતા સાથે હું પણ જોડાઉ છું. માનનીય બાબુભાઈ અને શંકરભાઈએ બટાટા માટે ચિંતા કરી. રાજય સરકારે આ બટાટાના ભાવની સ્થિતિ ધ્યાનમાં રાખીને...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપના વિષય ઉપર બોલો. (અંતરાય) એના ઉપર વાત કરવાના છીએ. ૧૧૬ દાખલ થઈ છે એટલે હું ના પાડું છું.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : અચ્છા. આપે ૧૧૬ ની વાત કરી એટલે કહેતો નથી. નહીં તો એમ લાગે કે સિનિયર નેતાએ વાત કરી અને જવાબ ન આપ્યો. માનનીય અધ્યક્ષશ્રી, એની ચિંતા કરીને પોઝિટિવ નિર્ણય લીધો છે, પણ ૧૧૬ ની નોટિસમાં કહીશું. આથી વિશેષ ઘણા અવલોકનો થઈ શકે તેમ છે, પણ એ બધા અવલોકનોમાં હું પડતો નથી. એટલો વિશ્વાસ આપીને કે કોઈ જગ્યાએ ખોટી રીતે કાનૂન વિરૂદ્ધ કોઈ રાજકીય હસ્તક્ષેપ સહકારી પ્રવૃત્તિમાં નહીં થાય. કાનૂનમાં કોઈ ભૂલ કરશે તો એની સામે કાર્યવાહી કરવામાં આવે, એને રાજકીય દૃષ્ટિથી જોવામાં ન આવે એટલો સહકાર માગીને માનનીય બ્રિજરાજસિંહજી આ સંકલ્પ પાછો ખેંચે એવી વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર એક પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે રીતે કેન્દ્ર સરકારમાંથી ૨ ટકાનો લાભ ખેડૂતોને મળી શકે તેમ છે. મહારાષ્ટ્ર સરકારે ૨ ટકા રીબેટ આપ્યું છે. આપણે જો એ રીબેટ આપીએ તો એમાં ફાયદો મળે તેમ છે. ૨ ટકા કેન્દ્રના અને ૨ ટકા રાજયના. રાજય સરકાર વિચારણા કરીને ખેડૂતોના હિતમાં ૨ ટકા ફાયદો સહકારી સંસ્થાઓને આપવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : ગુજરાતમાં આજે પણ ૭ ટકાના દરથી ૧૮ સહકારી બેંકો પૈકી ૮ બેંકોના માધ્યમથી આપવામાં આવે છે. બાકીની રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી, અન્ય બેંકોમાંથી ગુજરાતના ખેડૂતોને આ લાભ મળી રહ્યો છે. એટલે ગુજરાતના મોટા ભાગના ખેડૂતોને જયારે ૭ ટકાના દરથી રકમ મળી રહી છે ત્યારે આ તબકકે આ અંગેનો કોઈ વિચાર કરવામાં આવ્યો નથી.

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પમાં માનનીય શંકરભાઈ ચૌધરી, માનનીય રાઘવજીભાઈ, માનનીય ઈશ્વરભાઈ પટેલ, માનનીય નટવરસિંહ, માનનીય બાબુભાઈ પટેલ, માનનીય શંકરભાઈ વાઘેલાએ ભાગ લીધો અને માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ જવાબ આપ્યો. માનનીય મંત્રીશ્રી પાસે મને આશા હતી કે ખેડૂત પૂત્ર તરીકે પણ ખેડૂતોની વાત સ્વીકારશે, પણ અફસોસની વાત છે. એમની કંઈક મજબૂરી હશે.

એમણે વાત કરી એ બાબતમાં ચોકકસ મારી બેંકમાં ગેરરીતિ થતી હશે એમાં કહીશ, પણ આપના માધ્યમથી એમને કહીશ કે આપ એક ઓડિટરના રીપોર્ટ ઉપર આપે વાત કરી છે એ ઓડિટર કેટલું ખોટું, હાઈકોર્ટમાં પણ જે માણસે ખોટી એફિડેવિટ કરી હોય અને એ માણસને સજા થઈ હોય અને એ માણસ અમારા ૩ હજારના વહીવટમાં ઓડિટર હોય એ અમારી એક મજબૂરી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, ભાઈ સેવક, તમે આ રીતે મહેરબાની કરીને ન આવો. જલદી બહાર જાઓ.

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ ખેડૂતોનો પ્રશ્ન છે અને આમાં સારી વાતને સમર્થન આપે એવી હું આપસૌને વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર , શનિવાર ,તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૮ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શનિવાર, તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૨૫, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**કન્યા કેળવણી રથયાત્રા અંગે**

***૨૨૬૫ શ્રીમતી વંદનાબેન મ. મકવાણા (કેશોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં કન્યા કેળવણી રથયાત્રાનું આયોજન ક્યારથી થાય છે,
(૨) આ કાર્યક્રમમાં રાજયનો કેટલો વિસ્તાર આવરી લેવાયો હતો, અને
(૩) આ કાર્યક્રમ દરમિયાન છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો?

**શિક્ષણમંત્રીશ્રી**

(૧) રાજયમાં કન્યા કેળવણી રથયાત્રાનું આયોજન વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી દર વર્ષે કરવામાં આવે છે.
(૨) આ કાર્યક્રમમાં રાજયની તમામ જિલ્લા શિક્ષણ સમિતિ તથા નગર શિક્ષણ સમિતિની શાળાઓ આવરી લેવાયેલ હતી.
(૩) કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશોત્સવ દરમિયાન ધોરણ-૧ માં દાખલ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા

| વર્ષ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૧૮૭૨૮ | ૧૧૬૩૫૭ | ૨૩૫૦૮૫ |
| ૨૦૦૬-૦૭ | ૩૩૮૫૬૭ | ૩૦૭૨૮૦ | ૬૪૫૮૪૭ |
| ૨૦૦૭-૦૮ | ૩૨૩૨૯૫ | ૨૯૭૮૫૯ | ૬૨૧૧૫૪ |

જિલ્લા શિક્ષણ સમિતિ તથા નગર શિક્ષણ સમિતિની શાળાઓમાં ધોરણ-૧ માં તારીખ ૩૧-૮-૨૦૦૭ની સ્થિતિએ એકંદર કુલ દાખલ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા

| | | | |
|---|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૬૦૯૮૦૭ | ૫૫૭૪૫૬ | ૧૧૬૭૨૬૩ |
| ૨૦૦૬-૦૭ | ૫૫૫૭૧૧ | ૫૦૩૪૬૮ | ૧૦૫૯૧૭૯ |
| ૨૦૦૭-૦૮ | ૫૩૦૧૦૩ | ૪૮૩૨૧૨ | ૧૦૧૩૩૧૫ |

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કન્યા કેળવણી રથ યાત્રા અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને કારણે ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૫ થી ૭ નો ડ્રોપ આઉટ રેટ કેટલા ટકા ઘટયો છે?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી કન્યા કેળવણી રથ યાત્રા અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને કારણે ધોરણ ૧ થી ૫ નો કન્યાઓનો ડ્રોપ આઉટ રેટ ૩.૬૮ ટકા થી ઘટીને ૩.૨૫ ટકા અને ધોરણ ૧ થી ૭ નો ડ્રોપ આઉટ રેટ ૧૧.૬૪ થી ઘટીને ૧૧.૦૮ થયેલ છે. છેલ્લા ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના આંકડા છે. કન્યા અને કુમારનો જો સંયુકત ડ્રોપ આઉટ રેટ જોવા જઈએ તો ધોરણ ૧ થી ૫ માં જે પહેલાં ૩.૨૪ હતો તે ઘટીને ૨.૯૮ અને ધોરણ ૧ થી ૭ નો ડ્રોપ આઉટ ૧૦.૨૯ થી ઘટીને ૯.૮૭ થયો છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં પાંચ વર્ષમાં કેટલી કન્યાઓને કુલ કેટલી રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાયા?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** :કન્યા કેળવણી રથયાત્રા દરમિયાન છેલ્લાં ૫ વર્ષમાં ૭ લાખ કન્યાઓને ૭૦ કરોડ રૂપિયાના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલા છે.

**ડૉ. અનિલ જોષીયારા** :માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં આ કન્યા કેળવણી રથ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને એના પહેલાં કેટલી કન્યાઓ દાખલ થતી હતી અને કન્યા કેળવણી રથ પછી કેટલી કન્યાઓ દાખલ થઈ એમાં કેટલો વધારો થયો?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** :માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ૨૦૦૩ થી ૨૦૦૪ સુધીમાં કન્યાઓ ૩,૧૩,૬૯૩, ૨૦૦૪-૦૫માં ૧,૦૪,૪૯૮ થી જોવા જઈએ તો ૨૦૦૭-૦૮માં ૨,૭૦,૮૨૧ કન્યાઓ છે અને એ પ્રમાણે જોવા જઈએ તો ૨૦૦૬-૦૭ની અંદર એમાં જે ખર્ચ થયેલ છે એ ૧૧૩.૪૨ લાખ અને ૨૦૦૭-૦૮ ની અંદર ૨૩૦.૦૦ લાખ એટલે કે, ૪૦૬.૭૬ લાખનો ખર્ચ એમાં થયેલ છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** :માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયેલ છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** :માનનીય અધ્યક્ષશ્રી, અધવચ્ચેથી કેટલા આદિવાસી બાળકો અભ્યાસ છોડીને ચાલ્યા ગયા?

**અધ્યક્ષશ્રી** :આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી આપની પાસે માહિતી હોય તો આપો મંત્રીશ્રી,

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** :એ તો ડ્રોપ આઉટમાં આવી ગયું જનરલમાં આવી ગયું એ.

**અધ્યક્ષશ્રી** :એમણે જે પૂછયું એની વિગત હોય તો આપો મંત્રીશ્રી,

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** :એ ડ્રોપ આઉટમાં જ આવી જાય છે સાહેબ,

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** :મારો પ્રશ્ન એ છે કે, આદિવાસી બાળકોએ અધવચ્ચેથી કેટલાએ શિક્ષણ છોડયું?

**અધ્યક્ષશ્રી** : જુદી વિગતો અત્યારે મળી શકશે નહિ.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ જે કન્યા કેળવણી રથ યાત્રાનો કાર્યક્રમ છે એ સરકાર ચાલુ રાખવા માગે છે કે બંધ કરવા માગે છે?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : આ કાર્યક્રમ કન્યાઓ માટેનો છે અને સરકાર ચાલુ રાખવા માગે છે.

**રાજયમાં આવેલ ભારે પૂરમાં રાહત પેકેજ**

***૨૨૦૨ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૭ના વર્ષ દરમિયાન રાજયમાં આવેલ ભારે પૂરની પરિસ્થિતિથી કૃષિ ક્ષેત્રે થયેલ નુકસાન અન્વયે રાજય સરકારે કઈ કઈ રાહતો જાહેર કરેલ છે અને

(૨) તે પૈકી અમદાવાદ જિલ્લામાં આ પેકેજનો કેટલા ખેડૂતોને લાભ મળેલ છે?

**કૃષિમંત્રીશ્રી**

(૧) કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૭-૮-૨૦૦૭ તથા તારીખ ૧૦-૯-૨૦૦૭ના ઠરાવોથી જુન, જુલાઈ, ઓગષ્ટ, ૨૦૦૭ના અતિવૃષ્ટિગ્રસ્ત ખેડૂતો માટે નીચે મુજબની રાહતો જાહેર કરેલ છે:-

(૧) પેકેજ-૧ ખેડૂતોના પાકને થયેલ નુકસાન

(૨) પેકેજ-૨ ખેતીની જમીનોનું ધોવાણ કે અન્ય રીતે થયેલ નુકશાન અંગેની સહાય

(૩) પેકેજ-૩ પુનઃ વાવેતર માટે બિયારણ સહાય, પેકેજવાર સહાયના ધોરણોની વિગત આ સાથે સામેલ છે.

(૨) અમદાવાદ જિલ્લાના ખેડૂતોને નીચે દર્શાવેલ વિગતે લાભ મળેલ છે.

પેકેજ- ૧- ૧૧૨
પેકેજ- ૨ ---
પેકેજ- ૩ ૨૩૯૦

**પેકેજ-૧**

**ખેડૂતોના પાકને થયેલ નુક્શાન અંગે ઈનપુટ સહાય**

**કેલેમીટી રીલીફ ફંડની યોજના હેઠળ કૃષિ અને બાગાયતી પાકોમાં જે ખેડૂતોને ૫૦ ટકા કે તેથી વધારે નુક્સાન થયેલ હોય તેવા રાજ્યના અસરગ્રસ્ત ખેડૂતોને નીચે જણાવ્યા મુજબ ઈનપુટ સહાય મળવાપાત્ર થશે.**

| અ. નં | ખેડૂતનો પ્રકાર | પાકની વિગત | સહાયન ધોરણ (પ્રતિ હેકટર) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | નાના અને સિમાંત ખેડૂતો | (૧) બિન પિયત ખેતી/બાગાયતી પાકો | રૂા. ૨૦૦૦/- (પ્રતિ હેકટર) | ૧. બિન પિયત ખેતી/બાગાયતી પાકો માટે સદર સહાય નુક્સાનીના વિસ્તારના પ્રમાણમાં આપવાની રહેશે પરંતુ આ સહાય રૂા. ૨૫૦/- થી ઓછી ન હોવી જોઈએ. |
| | | (૨) પિયત ખેતી /બાગાયતી પાકો | રૂા. ૪૦૦૦/- (પ્રતિ હેકટર) | ૧. પિયત ખેતી/બાગાયતી પાકો માટે સદર સહાય નુક્સાનીના વિસ્તારના પ્રમાણમાં આપવાની રહેશે પરંતુ આ સહાય રૂા. ૨૫૦/- થી ઓછી ન હોવી જોઈએ. |
| | | (૩) બહુવર્ષાયુ પાકો | રૂા. ૬૦૦૦/- (પ્રતિ હેકટર) | ૧. જ્યારે બહુવર્ષાયુ પાકોમાં નુક્સાનીના વિસ્તારના પ્રમાણમાં સહાય આપવાની રહેશે પરંતુ આ સહાય રૂા. ૫૦૦/- થી ઓછી ન હોવી જોઈએ. |

| અ. નં | ખેડૂતનો પ્રકાર | પાકની વિગત | સહાયન ધોરણ (પ્રતિ હેક્ટર) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | નાના અને સિમાંત સિવાયના અન્ય ખેડૂતો | (૧) બિન પિયત ખેતી/બાગાયતી પાકો | રૂા. ૨૦૦૦/- (પ્રતિ હેક્ટર) | અ. સદર સહાય પ્રથમ વખત થતા નુક્સાન સામે ખેડૂત દીઠ મહત્તમ એક હેક્ટર માટે નુક્સાનીના વિસ્તારના પ્રમાણમાં ચુકવવાની રહેશે.<br>બ. સતત બીજી વાર તેજ વિસ્તારમાં ખેડૂતને ૫૦ ટકા કરતાં વધુ નુક્સાન થયેલ હોય તો ખેડૂત દીઠ મહત્તમ બે હેકટર માટે નુક્સાનીના વિસ્તારના પ્રમાણમાં ચૂકવવાની રહેશે. |
| | | (૨) પિયત ખેતી /બાગાયતી પાકો | રૂા. ૪૦૦૦/- (પ્રતિ હેક્ટર) | |
| | | (૩) બહુવર્ષાયુ પાકો | રૂા. ૬૦૦૦/- (પ્રતિ હેક્ટર) | |
| | | - રાજ્ય ભંડોળ હેઠળ સી. આર. એફ. ના ધોરણો મુજબ મળવાપાત્ર સહાય | | ક. નાના અને સિમાંત સિવાયના અન્ય ખેડૂતોને સદર ઈનપુટ સહાય પ્રથમ વખત થતા નુક્સાન સામે સી.આર.એફ. હેઠળ મહત્તમ એક હેક્ટર તથા રાજ્યભંડોળ હેઠળ મહત્તમ બે હેક્ટર મળી કુલ ૩ હેક્ટરની મર્યાદામાં નુક્સાનીના પ્રકાર પ્રમાણે સહાય મળવાપાત્ર થશે.<br>જ્યારે સતત બીજી વાર તેજ વિસ્તારમાં જે ખેડૂતોને ૫૦ ટકા કરતાં વધુ નુક્સાન થયેલ હોય તો સી.આર.એફ. હેઠળ મહત્તમ ૨ હેક્ટર તથા રાજ્યભંડોળ હેઠળ મહત્તમ ૧ હેક્ટર મળી કુલ ૩ હેક્ટરની મર્યાદામાં નુક્સાનીના પ્રકાર પ્રમાણે સહાય મળવાપાત્ર રહેશે. |

## પેકેજ-૨
## પેકેજ-૨ હેઠળ સહાયના ધોરણો

| અ. નં | ખેડૂતનો પ્રકાર | નુક્સાનીનો પ્રકાર | સહાયનું ધોરણ (પ્રતિ હેક્ટર) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | નાના અને સિમાંત ખેડૂતો | (૧) ખેતીલાયક જમીનમાંથી ૩ ઈંચથી વધારે પથરાયેલ કાદવ / કાંપ/રેતી દૂર કરવા (DESILTING) | રૂા. ૬૦૦૦/- (પ્રતિ હેક્ટર) | ક્રમ નં. ૧ની સહાય માટે ૩ ઈંચથી વધારે રેતી /કાંપ પથરાયા અંગે ગુ. રા.જ.વિ.નિ. ના મદદનીશ નિયામક (જ.સં.)/ખેતીવાડી અધિકારી(જ.સં.) એ પ્રમાણિત કરવાનું રહેશે. |
| | | (૨) પહાડી વિસ્તારની ખેતી લાયક જમીનમાંથી કાટમાળ /વેરાયેલો ભંગાર (DEBRIS) દૂર કરવા | રૂા. ૬૦૦૦/- (પ્રતિ હેક્ટર) | - |
| | | (૩) ડુંગરની ભેખડો ધસી પડવાથી (LANDSLIDE), હિમ પ્રપાત (AVALANCHE), નદીઓના વહેણ બદલાવાથી (CHANGE OF COURSE OF RIVERS), જમીનને મોટા પ્રમાણમાં થયેલ નુક્સાન. | રૂા. ૧૫૦૦૦/- (પ્રતિ હેક્ટર) | ક્રમ નં. ૩ની સહાય એવા નાના અને સિમાંત ખેડૂતો કે જેમનું નુક્સાન રેવન્યુ રેકર્ડ પ્રમાણે પ્રસ્થાપિત થતું હોય તેવા ખેડૂતોને મળવાપાત્ર થશે. |

| અ. નં | ખેડૂતનો પ્રકાર | નુકસાનીનો પ્રકાર | સહાયનું ધોરણ (પ્રતિ હેક્ટર) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | નાના અને સિમાંત સિવાયના અન્ય ખેડૂતો | (૧) ખેતીલાયક જમીનમાંથી ૩ ઈંચથી વધારે પથરાયેલ કાદવ / કાંપ/રેતી દૂર કરવા (DESILTING) | રૂા. ૫૦૦૦/- (પ્રતિ હેક્ટર) પરંતુ વધુમાં વધુ ૩ હેક્ટરની મર્યાદામાં. | ક્રમ નં. ૧ની સહાય માટે ૩ ઈંચથી વધારે રેતી /કાંપ પથરાયા અંગે ગુ. રા.જ.વિ.નિ. ના મદદનીશ નિયામક (જ. સં.)/ ખેતીવાડી અધિકારી (જ. સં.) એ પ્રમાણિત કરવાનું રહેશે. |
| | | (૨) પહાડી વિસ્તારની ખેતી લાયક જમીનમાંથી કાટમાળ / વેરાયેલો ભંગાર (DEBRIS) દૂર કરવા | રૂા. ૫૦૦૦/- (પ્રતિ હેક્ટર) પરંતુ વધુમાં વધુ ૩ હેક્ટરની મર્યાદામાં. | - |
| | | (૩) ડુંગરની ભેખડો ધસી પડવાથી (LANDSLIDE), હિમ પ્રપાત (AVALANCHE), નદીઓના વહેણ બદલાવાથી (CHANGE OF COURSE OF RIVERS), જમીનને મોટા પ્રમાણમાં થયેલ નુક્સાન. | રૂા. ૫૦૦૦/- (પ્રતિ હેક્ટર) પરંતુ વધુમાં વધુ ૩ હેક્ટરની મર્યાદામાં. | ક્રમ નં. ૩ની સહાય એવા નાના અને સિમાંત સિવાયના અન્ય ખેડૂતો કે જેમનું નુક્સાન રેવન્યુ રેકર્ડ પ્રસ્થાપિત થતું હોય તેવા ખેડૂતોને મળવાપાત્ર થશે. |

**પેકેજ-૩**

**પેકેજ-૩ હેઠળ સહાયના ધોરણો**

| અ. નં | ખેડૂતનો પ્રકાર | પુનઃવાવેતર માટે પાકની વિગત | સહાયનું ધોરણ | રિમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | નાના અને સિમાંત ખેડૂતો | (૧) હાઈબ્રીડ કપાસ, મગફળી અને બી.ટી. કપાસ | બિયારણની વેચાણ કિંમતના ૭૫ %પરંતુ હેક્ટર દીઠ વધુમાં વધુ રૂા. ૧૦૦૦ બિયારણની ખરીદીમાં સહાય તરીકે | હોલ્ડીંગની મર્યાદામાં |
| | | (૨) અન્ય પાકો | બિયારણની વેચાણ કિંમતના ૭૫ %પરંતુ હેક્ટર દીઠ વધુમાં વધુ રૂા. ૭૫૦ બિયારણની ખરીદીમાં સહાય તરીકે | હોલ્ડીંગની મર્યાદામાં |
| ૨ | નાના અને સિમાંત ખેડૂતો સિવાયના અન્ય ખેડૂતો | (૧) હાઈબ્રીડ કપાસ, મગફળી અને બી.ટી. કપાસ | બિયારણની વેચાણ કિંમતના ૫૦ %પરંતુ હેક્ટર દીઠ વધુમાં વધુ રૂા. ૧૦૦૦ બિયારણની ખરીદીમાં સહાય તરીકે | વધુમાં વધુ ૩ હેક્ટરની મર્યાદામાં |
| | | (૨) અન્ય પાકો | બિયારણની વેચાણ કિંમતના ૫૦ % પરંતુ હેક્ટર દીઠ વધુમાં વધુ રૂા. ૭૫૦ બિયારણની ખરીદીમાં સહાય તરીકે | વધુમાં વધુ ૩ હેક્ટરની મર્યાદામાં |

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી મારે આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, રાજયની અંદર અતિ ભારે વરસાદથી રાજયના ખેડૂતોને ઘણું બધું એના પાકમાં અને જમીનના ધોવાણમાં નુકશાન થયું છે. રાજય સરકારે કરોડો રૂપિયાની ઉદાર સહાય આપી છે ત્યારે પહેલાં તો હું આ રાજય સરકારનો આભાર માનું છું. અમદાવાદ જિલ્લાને લાગેવળગે છે ત્યાંસુધી મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, અમદાવાદ જિલ્લાની અંદર આ પેકેજ અંતર્ગત કેટલી અરજીઓ મળી અને એની ચૂકવણાની સ્થિતિ શું છે?

**શ્રી દિલીપ સંઘાણી** : આ કુદરતી આપત્તિના સમયે રાજય સરકારે ઉદારતાથી પેકેજો જાહેર કરેલ છે. **આ પેકેજ તળે કુલ લાભાર્થીઓની અરજીઓ મળેલી છે ૮૫,૧૯૪ અને તે પૈકી ચૂકવણું ચાલુ છે ૩૫૨ને ચૂકવાઈ ગઈ છે. બાકીની રકમો ફળવાઈ છે ચૂકવણીની કામગીરી ચાલુ છે. ૨૩ કરોડ ૪૦ લાખ રૂપિયા અત્યારે ફળવાયા છે. બાકીની રકમ પ્રક્રિયામાં છે.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ સહાય ચૂકવાઈ તેમાં ઓછામાં ઓછા એક લાભાર્થીને જે રૂપિયા ચૂકવાયા અને વધારેમાં વધારે કેટલાં રૂપિયા ચૂકવાયા અને મારો બીજો પ્રશ્ન એ છે કે, ૨૦૦૭-૦૮માં આ સહાય આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી એન.સી.સી.એફ. અને સી.આર.એફ.માં કુલ કેટલાં રૂપિયા આપણને મળ્યાં અને તેમાંથી કુલ કેટલો ખર્ચ થયો ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સી.આર.એફ.માં ૧૪૨.૮૬ની યોજના મુજબ અને ૧૦.૪૭ ટોટલ ૧૫૩.૩૩ યોજનાઓના ત્રણ ભાગમાં પેકેજ છે. જમીન ધોવાણ, પાક ધોવાણ અને પાકને નુકસાન તે રીતે અલગ અલગ ત્રણ પેકેજમાં આ રીતની રકમ મંજૂર થયેલી છે. ચૂકવવાની કામગીરી અત્યારે પ્રક્રિયામાં છે એટલે આપે માગ્યુ છે કે વધુમાં વધુ કેટલી ચૂકવાઈ અને ઓછામાં ઓછી કેટલી ચૂકવાઈ તો તે અત્યારના તબક્કે કહી શકાય તેમ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સી.આર.એફ. અને એન.સી.સી.એફ છે તેમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલાં પૈસા મળ્યા અને તેમાંથી રાજય સરકારે કેટલો ખર્ચ કર્યો ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ચૂકવવાની પ્રક્રિયા અત્યારે ચાલુ છે. હું અત્યારે આપને આંકડા આપું અને ચૂકવવાની કામગીરી ચાલુ છે એટલે સાંજે રકમ ફરી જાય એટલે જ્યાં સુધી ફાઈનલ ચૂકવાઈ ના જાય ત્યાં સુધી અંતિમ આંકડો આપવો શકય નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭ જે છે તેમાં આપણને અત્યાર સુધીમાં કેટલાં મળ્યાં તેનો આંકડો હશેજ.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪૨.૮૬

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અને તેમાંથી કેટલાં ચૂકવાયા ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કેલેમીટી ફંડ છે તે કેન્દ્ર સરકાર દર વખતે આપણને નિયત પ્રમાણમાં આપે છે. ધારો કે ૧૫૦ કરોડ આપ્યાં તો તેને ૭૫ ટકા ગણવાનાં ૫૦ ટકા આપણાં ઉમેરવાના દર વખતે તેનો આંકડો જુદો જુદો હોય છે અને કેલેમીટી ફંડ છે તે જુદું રિઝર્વ જ રાખવું પડે છે આપણાં કોમન ફંડની અંદર નાખી અને બીજા વર્ષે તે લેફ્સ ના થાય. આ દર વર્ષે કેન્દ્ર સરકાર જુદો જુદો આંકડો નક્કી કરીને આપે છે અને નેશનલ કેલેમીટી ફંડ તો જ્યારે મોટા પ્રમાણની અંદર જો નુકસાન થયું હોય તો જ નેશનલ કેલેમીટી ફંડની અંદરથી રકમ આપવામાં આવે છે અને દર વર્ષના બજૅટની અંદર આપણે કેલેમીટી ફંડના કેટલા પૈસા રિઝર્વ રાખ્યાં તેનો આંકડો આમાં નક્કી જ થયેલો હોય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે, હું આંકડા માગું છું નાણામંત્રીશ્રી પાસે આંકડા હોય તો આપે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઈ આંકડા ના હોય તેનો એકાઉન્ટ જુદો હોય છે. દર વર્ષે તેની અંદર જુદો જુદો ખર્ચ અને તે રીતે થતું હોય છે તે અત્યારે અવેલેબલ ના હોય.

**અધ્યક્ષશ્રી** : આ વર્ષ દરમિયાન રૂપિયા મળ્યાં તેનો આંકડો હોય તો આપો (અંતરાય) અર્જુનભાઈ આપે છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪૩.૮૬ પૈકી ટોટલ ૧૫૩.૩૩ પૈકી અત્યાર સુધીમાં સી.આર.એફ.માં ૬૦ કરોડ મળેલ છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૦૭ની અંદર પૂર જે આવ્યું તેની અંદર જે લોકોને રાહત અને મદદ આપી તે કેટલા જિલ્લાને આ મદદ મળવાપાત્ર છે, આ રાહતમાં કેટલા જિલ્લાનો સમાવેશ થાય છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે કુદરતી આપત્તિના કારણે વરસાદથી નુકસાન થયેલ છે તેમાં રાજયના કુલ ૧૫ જિલ્લાઓનો સમાવેશ થયો છે એમાં અમદાવાદ, ખેડા, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, જામનગર, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, પંચમહાલ, દાહોદ, આણંદ, સાબરકાંઠા અને નર્મદા વગેરે જિલ્લાઓનો સમાવેશ થાય છે.

## રાજયમાં મત્સ્ય ઉત્પાદન અંગે

***૨૭૪૨ શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજયમાં છેલ્લા બે વર્ષમાં વર્ષાવર કેટલું મત્સ્ય ઉત્પાદન થયું, અને

(૨) મત્સ્ય ઉદ્યોગને પ્રોત્સાહન આપવા સરકારે કોઈ યોજના નકકી કરી છે?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી:**

| | | |
|---|---|---|
| (૧) | વર્ષ | મત્સ્ય ઉત્પાદન |
| | ૨૦૦૫-૦૬ | ૭૩૩૮૨૦ મે.ટન |
| | ૨૦૦૬-૦૭ | ૭૫૩૫૮૩ મે.ટન |

(૨) હા, જી.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે ૨૦૦૫-૦૬ માં ૭૩૩૮૨૦ મે.ટન અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં ૮૫૩૫૮૩ મે.ટન મત્સ્યનું ઉત્પાદન થયું છે. તો સરકારે આને મત્સ્યિ ઉદ્યોગ તરીકે જયારે સ્વીકાર કર્યો છે ત્યારે આ મત્સ્યોદ્યોગ પ્રોત્સાહક યોજનાઓ કઈ કઈ છે અને એના દરવર્ષે મત્સ્યોદ્યોગમાં ફાયદો થાય છે કે કે કેમ એ જાણવું છે.

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એનો મેં જવાબ આપ્યો છે, પરંતુ તેમને જણાવું કે ૧૯૬૦ થી હમણાં સુધીમાં ઉત્તરોત્તર મત્સ્યોદ્યોગમાં કન્ટયુનિટી પ્રોગ્રામ કરી રહયા છીએ અને અમૂક ધાર્મિક લાગણીઓ ના દૂભાય એના માટે અમૂક જગ્યાએ આપણે બાન રાખેલ છે એના હિસાબે આપણે અમૂક પ્રગતિ કરી શકયા નથી, પરંતુ છતાં આ બધું ધર્મનું અને એ બધું ધ્યાનમાં રાખ્યા છતાં આગળ વધી રહ્યા છીએ એ મારે તેમનું ધ્યાન દોરવું છે.

**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે મત્સ્ય ઉદ્યોગ બંદરો ઉપર તેમજ ઉતરાણ કેન્દ્રો ઉપર સરકારશ્રીએ શું શું આયોજન કરેલ છે? બીજું કે આ માછીમારો બંદર ઉપરથી માછીમારી કરવા જાય છે તેમાં માછીમારો બચ્ચાંને મારીને આવે છે એના લીધે માછીમારોને ફાયદો થવો જોઈએ એ થતો નથી. તો આ માછલીઓનાં બચ્ચંને બચાવવા માટેનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બહુ જ સરસ વાત કરી છે. હકીકતમાં સમુદ્રમાં જે માછીમારો માછીમારી કરવા જાય છે અને એના માટે આપણે ટાઈટ એંગલ વિસ્તાર જે નકકી કરેલ છે કે માછીમારી માટેનું બિયારણ હોય એ સમુદ્ર કાંઠાથી અંદર ઈનસાઈડ બિયારણ પેદા કરતા હોઈએ છીએ અને એના હિસાબે નાની માછલીઓ માટેની એકદમ નાની સાઈઝની જાળ બનાવવાને કારણે એ લોકો સમુદ્રમાં માછીમારી કરવા જાય છે ત્યારે એના નજીકના ગાળામાં જાળ નાખવાથી આ બિયારણ હોય છે એ બિયારણ જાળમાં આવી જાય છે અને એ કોઈ કામમાં આવતું નથી અને એના કારણે એ સમુદ્ર કાંઠેથી દરિયા કાંઠે લાવે અને એ ઉપયોગ નહીં કરવાને કારણે સૂકવવામાં આવે છે અને એ સૂકવ્યા પછી જે એના માટેનો ડી.આઈ ડ્રેસિંગ પ્લાન્ટ હોય છે એને કુટો કહે છે એ કૂટો કરીને ઘરમાં માછલીઓ શો પીસમાં રાખીએ છીએ એ શો પીસની માછલીઓ માટેનો એ ખોરાક બને છે અને મોટી નુકસાની આ બિયારણની ખોટી પડે છે. તો એના માટેનો અમે લોકોએ એક જી.આર. બહાર પાડયો છે અને તેનો તાત્કાલિક અમલ કરવાના છીએ.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, મધુવન સિંચાઈ યોજનામાં અને જે તે આદિવાસી વિસ્તારમાં મત્સ્યોદ્યોગ માટે સામાન્ય રીતે રોયલ્ટી ભરવી પડે છે, આદિવાસી વિતારોમાં રોયલ્ટી ન ભરવાના કારણે મત્સ્યોદ્યોગ બહારના લોકોને આપી દેવામાં આવે છે. તો સામાન્ય રીતે એ વિસતારના વિસ્થાપિત લોકોને માટે એ રોજીરોટીનું સાધન છે, અને જયારે ઈન્ડસ્ટ્રીઝમાં હજારો કરોડ આપણે માફ કરી દઈએ છીએ તો આવા નાના મત્સ્યોદ્યોગના પૈસા માફ કરવા માગો છો કે કેમ?

**શ્રી દિલીપભાઈ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ધ્યાન દોર્યુ છે તે ધ્યાન ઉપર લીધું છે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં મોટા પાંચ બંદરો મત્સ્યોદ્યોગના આવેલા છે, એમાં આગામી વર્ષે સરકાર દ્વારા મત્સ્યોદ્યોગના વિકાસ માટે કોઈ યોજના કરવામાં આવેલ છે કે નહી?

**શ્રી પરસોતમભાઈ સોલંકી** : ૨૦૦૮-૦૯માં હાર્બન અને સ્પેશીયલ ઈકોનોમીક ઝોન વિકાસવવા માટે નિષ્ણાંત કન્સલ્ટન્ટની નિમણૂક કરવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે. માછીમારોની સલામતી, પર્યાવરણનું જતન, ઉર્જા શકિત, કાર્યક્ષમતા વધારવા માટે નિષ્ણાંત કન્સલ્ટન્ટની નિમણૂક માટે જોગવાઈ કરવામાં આવેલી છે. માછીમારોને બાયોમેટ્રીક આઈડેન્ટી કાર્ડ આપવા માટે ૧૨૫ લાખની જોગવાઈ અને રાજયના માછીમારો ભૂલથી પાકિસ્તાનની દરિયાઈ સીમામાં જતા રહેતા હોવાના કારણે તેઓની પાકિસ્તાન દ્વારા ધરપકડ નિવારવાના હેતુથી સેટેલાઈટ આધારિત વેસ્ટર્ન ટ્રેડીંગ એન્ડ વોટરનીંગ સીસ્ટમ માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

**શ્રી જગદીશભાઈ ઠાકોર** : આપના દ્વારા માનનીયમંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ધાર્મિક લાગણીઓ જયાં હોય ત્યાં એમને આપણે ખૂબ માન સન્માન આપવું પડે તે વાત સાથે હું પણ સંમત છું. આદિવાસી વિસ્તારોમાં ડેમ કે તળાવોમાં આદિવાસી સિવાયના લોકોને મત્સ્યોદ્યોગ માટે પરમીશન આપવામાં આવે છે કે કેમ

**શ્રી પરસોતમભાઈસોલંકી** : સૌથી પહેલા તો આદિવાસીઓને ફર્સ્ટ પ્રાયોરીટી આપવામાં આવે છે. પણ જે હમણાં ભાઈશ્રીએ ઓબ્જેકશન લીધું કે આ લોકોને કેમ ઈજારો નથી આપવામાં આવતો, એના કારણો છે કે જે લોકો ડિફોલ્ટર છે, અને ડિફોલ્ટર હોવાના કારણે એ લોકોને વારંવાર ડેમો ભાડે આપવામાં આવ્યા હતા ઈજારો આપવામાં આવ્યો હતો, અપસેટ કિંમતે આપવામાં આવ્યો હતો છતાં એ લોકો કોઈ દિવસ કોઈ રીતે પ્રીપેર્ડ થયા નથી, આજની તારીખે અમે એ લોકોને બોલાવી અને વારંવાર સમજાવ્યા કે તમે લોકો એકાદી મંડળી એવી કરો કે જેથી તમને પાછી પ્રાયોરીટી મળે, હજુ સુધી અમે લોકોએ એમને એમ પેન્ડિંગ રાખ્યું છે, જો તમને એ લોકો પ્રત્યે લાગણી હોય તો તમે એમને, અંગત રસ લઈ અને કોઈ પણ મંડળી એક કલીયર કરીને આપો કે જેથી એમને ઉકાઈ ડેમ અને મધુવન ડેમની બધી જે માગણીઓ છે તે અમે પૂરી કરવા માગીએ છીએ.

**શ્રી આર. સી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ફીશરીંગ, મત્સ્ય ખેડૂતોએ ખૂબ લાંબા સમયથી માછીમારીની ટ્રેઈનિંગ કરી છે અને જમીનની માગણી કરી છે, પણ

લોકલ લેવલ પર માસ્ટર મેપીંગ ન થવાને કારણે એ લોકોને જમીન ફાળવી શકાતી નથી. તો હું એ પૂછવા માગું છું કે જેમ બને તેમ જલદીથી માસ્ટર મેપીંગ કરી અને માછીમારોને આ જમીન આપવા માગો છો કે કેમ?

**શ્રી પરસોતમભાઈ સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, એમની વાત બહુ સાચી છે, હમણાં માસ્ટર મેપીંગ ચાલુ છે. અમુક જગ્યાએ માસ્ટર મેપીંગ થઈ ગયા છે અને અમુક જગ્યાએ બાકી છે, તાત્કાલિક જે પાંચ એકર કોમન મેનને, પછી મંડળીઓને અને પછી જાહેરમાંથી જે જે માંગણીઓ કલેકટર પાસે પડતર છે તેના માટે અમે સતત ચિંતિત છીએ અને એમનું સૂચન બહુ સારું છે કે જે નોર્મલ માણસોને અને મામુલી ગરીબ માણસોને તેમની રોજીરોટી મળી રહે તેમનું સૂચન અમારા ધ્યાને છે અને એની અંદર અમે પ્રગતિમાં છીએ.

## રાજયમાં બર્ડ ફ્લુનો ફેલાવો

*** ૨૦૪૫ શ્રી લવજીભાઈ ઠા. રાજાણી (માળીયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાજેતરમાં બર્ડ ફ્લુ રોગનો ફેલાવો રાજયના કેટલા ભાગોમાં થયો છે, અને

(૨) તેને અટકાવવા માટે રાજય સરકાર કોઈ વિશેષ પગલાં લેવા માગે છે કે કેમ?

**પશુપાલન મંત્રીશ્રી:**

(૧) તાજેતરમાં ગુજરાત રાજયમાં કોઈપણ ભાગમાં બર્ડ ફ્લુ રોગનો ફેલાવો થયો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી લવજીભાઈ ઠા. રાજાણી** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બર્ડ ફ્લુ રોગના નિયંત્રણ માટે રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર અને પશ્ચિમ બંગાળને કોઈ મદદ કરવામાં આવી હતી, જો હા, તો શું મદદ કરવામાં આવી હતી?

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : બર્ડ ફ્લુ રોગના નિયંત્રણ માટે ભારત સરકાર દ્વારા રાજય સરકારને લેખિત વિનંતી મળતા રાજય સરકાર દ્વારા તરત જ જે પ્રકારની મદદ જોઈતી હતી એ પૂરી પાડવાની તત્પરતા દાખવવામાં આવી હતી. કેન્દ્ર સરકાર તરફથી પશ્ચિમ બંગાળ રાજયમાં નિષ્ણાંત ડોકટરોની સેવા માગવામાં આવતા જરૂરિયાત મુજબ અત્રેથી ૧૧ ડોકટરોની ટીમ હવાઈ માર્ગે રવાના કરવામાં આવેલ હતી. એ ડોકટરો પશ્ચિમ બંગાળ જતાં પહેલાં અને ત્યાંથી નીકળીને અહીંયાં આવ્યા બાદ જરૂરી તબીબી ચકાસણી કરવામાં આવતાં તેમાં એક ડોકટરને પરત આવ્યા બાદ ઝાડા ઊલટી જણાતાં તાત્કાલિક સારવાર પૂરી પાડવામાં આવી હતી.

**શ્રી બાવકુભાઈ ના. ઊંઘાડ** : બર્ડ ફ્લુનો રોગ અટકાવવા માટે એનો ફેલાવો ન થાય એના માટે રાજય સરકાર દ્વારા કેટલી કીટો આપવામાં આવેલ હતી અને રાજયની અંદર કુલ કેટલા મરઘા ઉછેર કેન્દ્રો આવેલા છે અને કેટલાને કીટો આપવામાં આવેલ છે?

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : ૨૦૦૬માં બર્ડ ફ્લુ આવ્યો ત્યારથી અગમચેતીના પગલાં ભરીએ છીએ. આ વરસની વાત કરી એ પ્રમાણે પશ્ચિમ બંગાળમાં બર્ડ ફ્લુ આવ્યો ત્યારે કેન્દ્ર સરકાર તરફથી ગાઈડ લાઈન આપી હતી એ પ્રમાણે અગમચેતીના પગલાં ભરી આજની તારીખે ૧૧૨૮૦ સેમ્પલો ચૅકીંગ માટે મોકલ્યા હતા એમાંથી એકમાં પણ પૉઝિટીવ આઇટમ મળી નથી, ટોટલ નેગેટીવ આઇટમ મળી છે. આપણા રાજયમાં કોઈ બર્ડ ફ્લુ છે નહિ અને એના માટે ભારત સરકારમાં સૌ પ્રથમ નંબર ગુજરાતનો આવે છે જે આપણા બધા માટે ગૌરવ લેવા જેવી વાત છે.

**શ્રી બાવકુભાઈ ના. ઊંઘાડ** : મારા પ્રશ્નનો જવાબ આવ્યો નથી. કેટલા મરઘાં ઉછેર કેન્દ્રો આવેલાં છે અને આ બર્ડ ફ્લુ આખા દેશમાં આવેલો ત્યારે એ અટકાવવા આપણા ગુજરાત રાજયમાં કેટલી કીટસ આપવામાં આવી?

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : માનનીય સભ્યશ્રીએ વાત કરી એ પ્રશ્ન અલગ છે. છતાં એની માહિતી મારી પાસે છે. મરઘા ઉછેર કેન્દ્રની વાત કરી એમાં રાજય સરકાર દ્વારા ૨૧૪ અને ખાનગી ૪૩૫૩ પોટરી ફાર્મ આવેલા છે.

**અધ્યક્ષશ્રી** : કેટલી કીટો આપવામાં આવેલી છે?

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : આમાં સાહેબ કીટો આપવાનો સવાલ જ નથી. આપણી પાસે ૩૫૦૦ કીટો રેડી છે. બર્ડ ફ્લુ આવે તો આપીએ ને?

## સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કામગીરીની નોંધ

***૨૪૯૨ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સર્વ શિક્ષા અભિયાન હેઠળ હાથ ધરવામાં આવતાં કામો અંગે ભારત સરકાર તરફથી સારી કામગીરીની કોઈ નોંધ લેવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) (૧) સમગ્ર ભારતમાં ગુજરાતનો શાળામાં વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં પ્રથમ નંબર આવેલ છે.

(૨) ગુજરાત રાજયે સિવિલ કામોનું થર્ડ પાર્ટી દ્વારા મૂલ્યાંકન કરવાની પદ્ધતિ અપનાવેલ છે. ગુજરાત મોડેલ અન્ય રાજયો અપનાવે તેવી ભારત સરકારશ્રીના માનવ સંશોધન વિકાસ મંત્રાલયે ભલામણ કરેલ છે.

(૩)ભારત સરકારે તમામ રાજયોને લેખિત પત્ર પાઠવી ગુજરાત રાજયની મુલાકાત લેવાનું જણાવેલ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : મારા પ્રશ્નના જવાબમાં લખ્યું છે કે ભારત સરકારે પણ નોંધ લીધી છે. આ સર્વ શિક્ષા અભિયાન વરસોથી ચાલતું હતું. ૧૫ વર્ષ પહેલા કેવી પદ્ધતિથી આ અભિયાન ચાલતું હતું અને અત્યારે કેવી પદ્ધતિથી ચાલે છે જેના કારણે ભારત સરકારને નોંધ લેવી પડી કે બીજા રાજયોએ આની મુલાકાત લેવી. તો ૧૫ વર્ષ પહેલા શું ગ્રાફ હતો અને અત્યારે શું ગ્રાફ છે?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : ગુજરાતની અંદર સર્વ શિક્ષા અભિયાન ૨૦૦૧ થી શરૂ થયું છે. ગુજરાત સરકારે આની અંદર સુંદર કામગીરી કરેલી છે જેથી કરીને ભારત સરકારને એની નોંધ લેવી પડી છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું કે ગુજરાત સરકારે એવું શું કર્યું છે જેથી કરીને ભારત સરકારે તેની નોંધ લેવી પડી છે, તેના અનુસંધાને જણાવું કે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયે તા. ૮-૨-૦૫નો પત્ર ગુજરાત સરકારમાં લખ્યો અને તેને એક તો સમગ્ર ભારતમાં સર્વ શિક્ષા અભિયાન એ સિવિલ કામોનું થર્ડ પાર્ટીનું મૂલ્યાંકન કરવાનું કામ ભારતમાં ગુજરાત એ પહેલું રાજય છે. તેની નોંધ લીધી. આ ઉપરાંત જોવા જઈએ તો ગુજરાતે તૈયાર કરેલું બાંધકામ ગ્રામ્ય બાંધકામ સમિતિના સભ્યો તેમની ઉચ્ચ કક્ષાની તાલીમ, ગુજરાતે જે અપનાવેલી કામગીરીનો રૅકૉર્ડ, લોકભાગીદારીનું રાજય સ્તરે, જિલ્લા સ્તરે, તાલુકા સ્તરે ઈજનેરોની કરેલી નિમણૂંકો અને જૂની ડિઝાઇન બદલીને નવી ચાઈલ્ડ સેન્ટ્રીંગ અને પેરાફીટની નવી ડિઝાઇન બનાવી છે. આ ઉપરાંત સિવિલ કામો માટે પણ ઘણી-ઘણી ડિઝાઇન બનાવી છે. માનનીય સભ્યશ્રીએ બીજું પણ કહ્યું છે કે બીજાં રાજયોમાંથી પણ ભારત સરકારે તેમને પણ કહ્યું છે કે તમે ગુજરાતની મુલાકાત લો. તો ભારત સરકારે ૨૯-૮-૦૬ અને ૧૧-૧૨-૦૬ના પત્રોથી તમામ રાજયોને ગુજરાતની મુલાકાત લેવાનું જણાવેલું છે. અત્યાર સુધીમાં ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, દિલ્હી, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક અને આ ઉપરાંત દીવ-દમણ કેન્દ્ર શાસિત પ્રદેશના પ્રતિનિધિઓએ ગુજરાતની મુલાકાત લીધી છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે આ સર્વ શિક્ષા અભિયાન પાછળનો હેતુ શું છે?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : સર્વ શિક્ષા અભિયાનના હેતુમાં તેના કેટલાક ધ્યેય રહેલા છે. ૨૦૦૭માં દરેક બાળક પાંચ વર્ષનું શિક્ષણ પૂરું કરે, ૨૦૧૦ સુધીમાં દરેક બાળક ૮ વર્ષનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરે, સંતોષકારક, ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણને મહત્ત્વ આપીને જીવન માટેના શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવે છે. વર્ષ ૨૦૦૭ સુધીમાં પ્રારંભિક શિક્ષણ સ્તર અને ૨૦૧૦ સુધીમાં પ્રારંભિક શિક્ષણ છે તે તમામ લૈંગિક અને સામાજિક વર્ગો વચ્ચેની અસમાનતા દૂર કરવી અને વર્ષ ૨૦૧૦ સુધીમાં સાર્વત્રિક સ્થાયીકરણ સિદ્ધ કરવું. આવા તેના ઉચ્ચ ધ્યેયો તેના કાર્યક્રમમાં રહેલા છે.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ભારતમાં ગુજરાતમાં શાળામાં વિવિધ સુવિધા કરવામાં પ્રથમ નંબર ગુજરાતનો આવ્યો છે. એટલે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને ખૂબખૂબ અભિનંદન. પરંતુ કયા વર્ષે આ પ્રથમ નંબર આવ્યો અને તેમાં સરકારનો કેટલો હિસ્સો છે?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મારે જણાવવું છે, તેમણે પૂછયું છે કે ગુજરાતનો પ્રથમ નંબર ક્યારે આવ્યો? તો ૨૦૦૫-૦૬માં આવ્યો છે. ગુજરાતમાં આ જ સરકારના અસ્તિત્વમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ આપણને આ પ્રથમ નંબર મળ્યો છે.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સર્વ શિક્ષા અભિયાન નીચે વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં પ્રથમ નંબર આપવામાં આવ્યો છે તેવું મંત્રીશ્રીએ જણાવેલું છે. મારો પ્રશ્ન છે કે તેમાં ખૂટતા રૂમો બનાવવાનું આયોજન હોય છે કે કેમ? ઘણી વખત પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જૂની સ્કૂલ અને જૂનું ગામ હોવાથી આજુ-બાજુ વિકાસ થયો હોય છે અને પછી જગ્યા નીમ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તેમાં સરકાર શું વિચારે છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ શિક્ષા અભિયાનમાં કેન્દ્રનો કેટલો ફાળો છે? જે ઓરડા બને છે તેની ડિઝાઇન બદલવા માગો છો કે કેમ? કારણ કે જે ડિઝાઇન છે તેના ઉપર સ્કૂલના બીજા ઓરડા બની શકતાં નથી. જગ્યાનો ખૂબ જ અભાવ હોવાથી તેની ડિઝાઇન બદલવાની ખાસ જરૂર છે તો એ બદલવા માગો છો કે કેમ?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને હું જણાવવા માગું છું કે આ યોજનાના આર્થિક ધોરણો નક્કી કરેલા છે. આ યોજના કેન્દ્ર અને રાજય સરકાર વચ્ચે ૯મી પંચવર્ષીય યોજનામાં ૮૫-૧૫ની ભાગીદારી હતી. ૧૦મી પંચવર્ષીય યોજનામાં ૭૫-૨૫ની ભાગીદારી હતી, ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં ૬૫-૩૫ની ભાગીદારી, વર્ષ ૨૦૦૯-૧૦માં ૬૦-૪૦ આ રીતે તેનું આયોજન છે.

વર્ષ ૨૦૧૦-૧૧માં ૫૫-૪૫ અને ૨૦૧૧-૧૨માં ૫૦-૫૦ ટકાની ભાગીદારી ગુજરાત અને ભારતની રહેશે. માનનીય સભ્યશ્રીને એ પણ જણાવવા માગું છું કે રૂમો બનાવ્યા છે તેનું બાંધકામનું નવું આયોજન કરેલું છે. બે માળનું બનાવેલું છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પૂછ્યું હતું કે, ૧૫ વર્ષ પહેલાં સર્વ શિક્ષા અભિયાન ચાલતું હતું તે વખતે ભણતરનો શું ગ્રાફ હતો અને અત્યારે એવી કઈ કામગીરી કરી એના કારણે આપણો નંબર આવ્યો એ હું જાણવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : ૧૫ વર્ષ પહેલાંની વિગતો છે? એની એ સરખામણી કરવા માગે છે.

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો નંબર આવેલો છે. ગુજરાત સરકારે જે કામગીરી કરી છે એના કારણે ભારત સરકારમાં નંબર આવેલ છે. એ મારા જવાબમાં આવી ગયું છે.

## રાજયમાં મામલતદાર અને નાયબ મામલતદાર સંવર્ગની ખાલી જગ્યાઓ

***૨૧૯૬ શ્રી ભરતસિંહજી શં. ડાભી (ખેરાલુ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૦૭ અંતિત રાજયમાં મામલતદાર તથા નાયબ મામલતદાર સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ સરકાર કયાં સુધીમાં ભરવા માગે છે?

**મહેસૂલ મંત્રીશ્રી** :

(૧) મામલતદાર સંવર્ગની ૬૭ અને નાયબ મામલતદાર સંવર્ગની ૩૪૫.

(૨) સત્વરે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સીધી ભરતીથી મામલતદારની જગ્યાઓ ભરવાનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સીધી ભરતીથી જગ્યાઓ ભરવાનું આયોજન છે જ. મામલતદાર સંવર્ગની ૧૦૦ ખાલી જગ્યાઓ ભરવા માટેનું માગણી પત્રક સામાન્ય વહીવટ વિભાગે તા.૭-૧૨-૨૦૦૫ના રોજ અને બીજી ૧૫ જગ્યાઓ માટે તા.૧૦-૮-૨૦૦૬ના રોજ મોકલી આપ્યું છે. એમણે કાર્યવાહી શરૂ કરી દીધી છે. પરીક્ષા વગેરે થઈ ગઈ છે. એટલે ટૂંક સમયમાં જી.પી.એસ.સી. આ જગ્યાઓ માટે ઉમેદવારોની ફાળવણી કરશે એટલે ભરીશું.

## કચ્છ જિલ્લામાં મીઠાના અગરોને અપાયેલ જમીન

***૧૮૫૨ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં મુન્દ્રા, ગાંધીધામ, અંજાર, ભચાઉ અને રાપર તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મીઠાના અગરોના હેતુસર અપાયેલ જમીનોના હેતુફેર કે ટ્રાન્સફર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કયા કયા તાલુકામાં કોની કોની કેટલી જમીનો કોને ટ્રાન્સફર કરવામાં આવી કે મીઠા ઉત્પાદન સિવાય અન્ય ઉત્પાદન માટે હેતુફેર કરવામાં આવ્યો?

**મહેસૂલ મંત્રીશ્રી** :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા જવાબમાં મીઠાના અગરોના હેતુસર અપાયેલ જમીનોના હેતુફેર કે ટ્રાન્સફર કરવામાં આવ્યા છે એના અંગે જવાબ આપ્યો છે તો મુન્દ્રાના દરિયાકિનારે ભારત સોલ્ટ વર્કસને મીઠાના ઉત્પાદન માટે લીઝ ઉપર અપાયેલ ૨૦૦૦ એકર કરતાં વધારે જમીન હાલમાં એ કોના તાબામાં છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પ્રશ્ન પૂછ્યો છે એ આ પ્રશ્નમાં આવતું નથી.

**અધ્યક્ષશ્રી** : એમણે પેટા પ્રશ્નમાં પૂછ્યું છે. ભારત સોલ્ટની જમીનની વાત કરે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ એમણે પૂછ્યું છે. એમણે છેલ્લા ત્રણ વર્ષની લીઝની માહિતી પૂછી છે. એમણે ભારત સોલ્ટની લીઝનું પૂછ્યું નથી. એ આ ત્રણ વર્ષમાં નથી. છેલ્લા ૩ વર્ષની માહિતી મારી પાસે છે. સોલ્ટ લીઝ હોલ્ડરના નામ ચંદન મીઠા ઉત્પાદન સહકારી મંડળી, સર્વે નં.૧૫૫ અને એને ૬૦ એકર, ૭૦ આરે અને ૫૦ ચો.મી. જગ્યા આપી છે. રીપલ બ્રાઈન કેમને ૭૭ હેકટર, ૨૦ આરે અને ૭૭ આપેલ છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી ભારત સોલ્ટને છેલ્લા ત્રણ વર્ષમાં અપાયેલ લીઝની વાત માહિતી યાદીમાં છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ના નથી. એની મેં ના પાડી છે. એના પહેલાં અપાઈ હશે. એના માટે અલગ પ્રશ્ન પૂછવો જોઈશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩ વર્ષ કરતાં આગળનું પૂછી શકતા નથી. એટલે તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ભારત સોલ્ટ વર્કસની જમીન હાલમાં એ કોના તાબામાં છે? એ પૂછ્યું છે.એ ન હોય તો મેળવીને આપે.

**અધ્યક્ષશ્રી** : કોના તાબામાં છે એની વિગત ન હોય તો મેળવીને આપજો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ મેળવીને આપીશ. ત્રણ વર્ષનું પૂછ્યું છે એટલે ત્રણ વર્ષનો જવાબ હું આપી શકું.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મીઠા ઉત્પાદન માટે અપાયેલ લીઝ પટા છેલ્લા ૩ વર્ષમાં કેટલા લીઝ ધારકોએ સ્વેચ્છાએ હક્ક જતો કરતાં સરકાર હસ્તક જમીન પરત લેવાયેલ છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચંદન મીઠા ઉત્પાદન સહકારી મંડળીની જમીન હતી એ લીઝ તા.૩૧-૭-૨૦૧૫ના રોજ પૂરી થાય એ પહેલાં પરત કરી છે. રીયલ બ્રાઈન કેમે એનો પટો સરકારને જમા કરાવ્યો છે. સૂર્યા સોલ્ટ એનો મુદ્રાની અંદર હતો ૧૬૦ હેકટર એ પણ રાજય સરકારને તા:૬-૧૧-૦૫ના દિવસે એમણે સ્વેચ્છાએ પરત કર્યો. બીજો સૂર્યા સોલ્ટનો દ્રબ મુંદ્રાની અંદર હતો એ પણ એમણે ૧૪-૧૧-૦૭ના રોજ રાજય સરકારને પરત કર્યો. અદાણી કૅમિકલ્સનો પણ પટ્ટો હતો ટુંડા શિરાચા એની અંદર અને એ પણ ૬-૧૨-૨૦૦૬ના રોજ એમણે સ્વેચ્છાએ રાજય સરકારને પરત કર્યો. પ્રેમગર દયાગર ગુસાઈ એમણે પણ ૨૧-૧૦-૨૦૦૫ના રોજ પટ્ટો રાજય સરકારને પરત કર્યો. જશુભા હકુભા વાઘેલા, એમણે ૨૧-૧૦-૨૦૦૫ના દિવસે પટ્ટો પરત કર્યો. ભીમા પંચાલ એમણે પણ ૨૧-૧૦-૨૦૦૫ના રોજ એમનો પટ્ટો રાજય સરકારને પરત કર્યો. પથુભા દાદુભા જાડેજા, એમણે ૨૧-૧૦-૨૦૦૫ના રોજ એમનો પટ્ટો રાજય સરકારને પરત કર્યો. મનુભા કેશુભા જાડેજા એમણે ૨૧-૧૦-૨૦૦૫ ચંદુસિંહ નાથુભા જાડેજા એમણે ૨૧-૧૦-૨૦૦૫ .. ..

**અધ્યક્ષશ્રી** : કેટલું લાંબુ લિસ્ટ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ૧૫ જણ છે સાહેબ. એમણે બધાએ સ્વેચ્છાએ રાજય સરકારને લીઝ પાછી કરી છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે મંત્રીશ્રીને પૂછવું છે કે મીઠાના ઉત્પાદન માટે જે જમીન ફાળવવામાં આવે છે તેની કિંમત તેમજ તેના ઉપર કોઈ વેરો વસૂલ કરવામાં આવે છે કે નહીં? બીજો પ્રશ્ન છે કે કચ્છ જિલ્લામાં મીઠા ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા માટે સરકાર તરફથી કોઈ યોજના છે અને અબડાસા તાલુકામાં મીઠા ઉદ્યોગ માટે છેલ્લા ૫ વર્ષમાં કેટલી જમીનની માંગણી આવી? અને કેટલી ફાળવી?

**અધ્યક્ષશ્રી** :આ ૫ તાલુકા પૂરતો જ પ્રશ્ન મર્યાદિત છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં જે મીઠાના અગરો માટે અપાયેલી જમીન સરકારને પરત સુપરત કરેલી છે એ જમીનોમાંથી કેટલી જમીનો નવા માગણીદારોને આપવામાં આવી અને હાલ આ જમીનો કોના તાબામાં છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે મીઠાની લીઝની એ જે જમીનો હતી જે રાજય સરકારને પરત થઈ એ રાજય સરકારને જે પરત થઈ એમાંથી રાજય સરકારે મુદ્રા જરપરા અને દ્રબ એની જે જમીનો હતી ૪૭૯ હેકટર અને ૯૫ આર.એ. ૫૯ ચોરસ મીટર અને એનો પ્રતિ ચોરસ મીટરનો ભાવ ૨૫ રુપિયા નક્કી કરી અને એ સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન મુદ્રાને સોપવામાં આવી અને ૨૫ રુપિયા પ્રમાણે ૧૭,૮૩,૭૧,૫૨૫ રુપિયા એમની પાસેથી વસૂલાત કરવામાં આવી. ટુંડા શીરાછા, નવીનાળ જળપરા દ્રબ એની જે મીઠાની જમીન પરત આવી, ૧૦૯૬ હેકટર, ૨૨ આર.એ. અને ૦૯ ચોરસ મીટર એની જે જમીન હતી એમાં ટુંડાની જમીનની કિંમત ૬.૫૦ પૈસા શીરાછાની જમીનના ૬.૫૦ પૈસા નવીનાળના ૧૦.૫૦ પૈસા જરપરાના ૧૦.૫૦ પૈસા અને દ્રબના ૩૪ રુપિયા એમ કરીને કુલ ૯,૫૫,૧૫,૯૩૦ રુપિયા રાજય સરકારે વસૂલ કરી અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનને આ જમીન ફાળવવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ એક વ્યવસ્થિત •(xxxxx) (xxxxx) ચાલે છે. જેમને.. (અંતરાય )

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ એક મિનિટ

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (xxxxx) તંત્રમાં ચાલે છે એમ ના કહી શકું? (અંતરાય) (xxxxx) તંત્રમાં ચાલે છે એમ ના કહી શકું? (અંતરાય ) It is my right. It is my right to say. આ એલીગેશન કરવાનો મારો અધિકાર છે હું તંત્ર પર કરું છું. મેં મંત્રીશ્રી પર નથી કહ્યું. તંત્રમાં ચાલે છે This is my right to say. માનનીય અધ્યક્ષશ્રી, તંત્ર વિશે (xxxxx) શબ્દો વપરાયા છે એકવાર નહીં અનેક વાર વપરાયા છે અને હું કહું છું માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એ જ છે કે પૉઈન્ટ ઑફ ઑર્ડર પણ પ્રશ્નોત્તરી પછી ઉઠાવાય આ મુદ્દો

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

મંત્રીશ્રી ઉઠાવી શકે, રદ થઈ શકે મારા શબ્દો, જો અસંસદીય હોય તો, પ્રશ્નોત્તરીના કાળમાં આ રીતે મંત્રીશ્રીઓ ખલેલના પહોંચાડી શકે.

**અધ્યક્ષશ્રી** : શ્રી શકિતસિંહજી પ્રશ્ન ઉપર આપ આવો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે આ જે જમીનો આપવામાં આવી હતી , ગરીબ માણસોને અગર માટે મોટા ઉદ્યોગપતિ એને દબાવી એ જમા કરાવે છે જમીન અને એ જ જમીન ચોક્કસ ઉદ્યોગપતિને નજીવા ભાવે આપી દેવામાં આવે છે અને એના પર કન્ટેનરો રાખવા માટે ભાડાથી નહીં પણ વેચાણથી પણ આ જ જમીનો સરકારની અદાણી એકસપોર્ટસ એસીઝેડના નામે બીજાને આપે છે એની તપાસ કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે આક્ષેપો કરવા એ બરાબર નથી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન એટલો છે કે તમે તપાસ કરવા માગો છો કે કેમ? (અંતરાય) ઓર્ડર...ઓર્ડર...(અંતરાય) પ્રશ્નોત્તરી પછી હું વાત કરીશ. (અંતરાય) પ્રશ્ન ક્રમાંકઃ ૮.(અંતરાય) બેન, તપાસ કરવા માગો છો કે કેમ એ કહી દોને પ્રશ્ન એટલો જ છે કે એમના.....(અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : કોઈ તપાસ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જો કોઈ ફરિયાદ કરવામાં આવશે તો...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંકઃ ૮.

### વિજ્ઞાનપ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી

***૨૨૨૨ શ્રીમતી વસુબેન ત્રિવેદી (જામનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વિજ્ઞાનપ્રવાહની કેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે.

(૨) આદિજાતિ વિસ્તારમાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં વિજ્ઞાનપ્રવાહનો વ્યાપ વધારવા ગ્રાન્ટેબલ મંજૂરી આપવા વિચારેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો તેના કારણો શું છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧)

| વર્ષ | મંજૂરી આપેલ શાળાઓ | | કુલ |
|---|---|---|---|
| | બિન સરકારી વિજ્ઞાન પ્રવાહની ઉ.મા. શાળાઓ | સરકારી વિજ્ઞાન પ્રવાહની ઉ.મા. શાળાઓ. | |
| ૨૦૦૫ | ૫૧ | -- | ૫૧ |
| ૨૦૦૬ | ૬૭ | -- | ૬૭ |
| ૨૦૦૭ | ૧૨૪ | ૧૫ | ૧૩૯ |
| કુલ | ૨૪૨ | ૧૫ | ૨૫૭ |

(૨) હા, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ જોઈએ છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજ્યમાં અનુદાન પાત્ર ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે એ મંજૂર કરવાના ધોરણો શું છે? એમાં કોઈ સુધારો કરવામાં આવ્યો છે કે કેમ? બીજો પ્રશ્ન છે કે આદિજાતિ વિસ્તારમાં વિજ્ઞાન પ્રવાહની વધારાની ગ્રાન્ટેબલની મંજૂરી આપવાનું વિચારો છો કે કેમ? બીજું મારે જાણવું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં વિજ્ઞાન પ્રવાહની કેટલી ગ્રાન્ટેડ અને કેટલી સરકારી શાળાઓ મંજૂર કરવામાં આવી છે?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, રાજ્યમાં આદિજાતિ વિસ્તારમાં ૧૦ કિલોમિટરની ત્રિજ્યામાં અને બીન આદિજાતિ વિસ્તારમાં ૧૫ કિલોમિટરની ત્રિજ્યામાં ઉચ્ચતર માધ્યમિક શાળા ન હોય તો અનુદાન પાત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા મંજૂર કરવાની જોગવાઈ હતી એમાં સુધારો કરવામાં આવ્યો છે. આદિજાતિ વિસ્તારમાં ૧૦ કિલોમિટરના બદલે ૫ કિલોમિટર અને બીન આદિજાતિ વિસ્તારમાં ૧૫ કિલોમિટરના બદલે ૭ કિલોમિટર અંતર રાખવાનું વિચારેલ છે. બીજો પ્રશ્ન હતો કે છેલ્લા ત્રણ વર્ષમાં વિજ્ઞાનપ્રવાહની કેટલી ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓ શરૂ કરવામાં આવી છે. આ બાબતે હું જણાવીશ કે ૨૪ ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને ૧૫ સરકારી, આમ જોવા જઈએ તો કુલ ૨૮.૦૮ લાખ એની અંદર ખર્ચ પણ આપેલ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : છેલ્લા ત્રણ વર્ષમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ મંજૂર આપવામાં વિશેષ ધ્યાન અપાયું છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ગુજરાતમાં વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં છેલ્લા ત્રણ વર્ષમાં વધારો થયો છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : છેલ્લા ત્રણ વર્ષમાં જોઈએ તો વર્ષ ૨૦૦૬માં ૫૧ હજાર, ત્યારપછીના વર્ષમાં ૮૧ હજાર અને હમણાં જે વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં બેઠા છે એની સંખ્યા ૧.૬ લાખની થાય છે.

**શ્રી કનુભાઈ વા. કળસરીયા** : છેલ્લા ત્રણ વર્ષમાં ૧૫ સરકારી વિજ્ઞાન પ્રવાહની શાળાઓ મંજૂર કરવામાં આવી એમાં સાગરખેડૂ એટલે કે સાગરકાંઠામાં કેટલી મંજૂર કરવામાં આવી?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : આગામી વર્ષ ૨૦૦૮-૦૯ના બજેટમાં સાગરખેડૂ વિસ્તારમાં ૯ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને બીજી ગ્રાન્ટેબલ ૨૦ એમ કરીને આ વર્ષે ૨૯ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવનાર છે. **શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, ઉંમરપાડા જિલ્લો સુરત ખાતે વિજ્ઞાન પ્રવાહની જે શાળાઓ શરૂ કરવામાં આવી છે એમાં લાયકાતના ધોરણે કેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવી અને કેટલી ખાલી છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ શિક્ષકોની ભરતીની માહિતી અત્યારે ઉપલબ્ધ નથી. પરંતુ સભાગૃહને એટલું ચોક્કસ કહું કે આદિવાસી વિસ્તારના ૪૩ તાલુકાઓ છે આ તમામે તમામ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરવામાં આવી છે.

**શ્રી વિજયભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે રાજ્યના ૨૨૫ તાલુકાઓ પૈકી આદિજાતિ તાલુકામાં કેટલી વિજ્ઞાન પ્રવાહની શાળાઓ આવેલી છે અને બિનઆદિજાતિ તાલુકાઓમાં કેટલી શાળાઓ છે? બીજો પ્રશ્ન, બાકી રહેતા તાલુકાઓમાં સરકારશ્રી શું કરવા માગે છે?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને હું જણાવવા માગું છું કે રાજ્યના ૨૨૫ તાલુકાઓ પૈકી ૪૩ આદિજાતિ તાલુકાઓ છે અને એ તમામ ૪૩ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ છે. આ ૪૩ આદિજાતિ તાલુકાઓમાં ૪૮ ગ્રાન્ટેબલ અને ૧૬ સરકારી એમ મળીને કુલ ૬૪ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ છે. બીજો પ્રશ્ન પૂછ્યો કે બિનઆદિજાતિ તાલુકાઓમાં કેટલી શાળાઓ? તો બિનઆદિજાતિ વિસ્તારના તાલુકાઓમાં નીચે મુજબની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે. ૨૧ સરકારી, ૩૫૯ ગ્રાન્ટેડ, ૩૫૮ નોન-ગ્રાનટેડ એમ કુલ ૭૩૮ ઉચ્ચત્તર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની શાળાઓ છે. વર્ષ ૨૦૦૮-૦૯ ના બજેટની અંદર ૨૯ તાલુકામાં સરકારી ૯ અને ગ્રાન્ટેડ ૨૦ એમ કુલ મળીને ૨૯ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ માટે જોગવાઈ કરવામાં આવી છે અને બાકી તાલુકાઓમાં તબકકાવાર આયોજન કરવામાં આવશે. વિજ્ઞાન પ્રવાહ માટે કોઈ કોઈ પરિસ્થિતિ જ નથી. તમારી સંખ્યા એ જાતની તમારી ભૌતિક સુવિધાઓ હશે તો વિજ્ઞાન પ્રવાહ માટે કોઈ મંજૂરીનો પ્રશ્ન નથી.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ જે રીતે થઈ રહ્યો છે તે જોતાં ટૅક્નીકલ માણસો તૈયાર કરવા માટે વિજ્ઞાન પ્રવાહની શાળા હોવી જરૂરી છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફત એ જાણવા માગું છું કે એવા કેટલાક તાલુકા છે જે તાલુકાઓમાં એક પણ વિજ્ઞાન પ્રવાહની શાળા નથી. જ્યાં એસ.ઈ.ઝેડ.માં ઉદ્યોગો આવવાના છે, છતાં પણ તે તાલુકામાં એકપણ વિજ્ઞાન પ્રવાહની શાળા નથી એવા કેટલા તાલુકાઓ છે? અને આવા તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની ગ્રાન્ટેડ શાળા પૉલિસીના ધોરણે સરકાર આપવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તે પ્રમાણે બિનઆદિજાતિ વિસ્તારની ૧૮૨ તાલુકાઓ પૈકી ૪૫ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ નથી. એટલા માટે આ વર્ષે બીજી ૨૯ સરકારી ગ્રાન્ટેડ શાળાઓ આ રાજ્ય સરકારે ૨૦૦૮-૦૯ ના બજૅટમાં જોગવાઈ કરી છે. અગાઉ માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો તે પ્રમાણે જે પણ તાલુકાઓની ભૌતિક સુવિધાની પોતે પૂર્તતા કરી માગણી કરશે એ તમામને વિજ્ઞાન પ્રવાહની શાળાઓ મંજૂર કરવામાં આવશે.

## વડોદરા જિલ્લામાં કિસાનપથ યોજના

***૨૬૫૩ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) કિસાનપથ યોજના હેઠળ ૨૦૦૭-૦૮ ના આયોજનમાં વડોદરા જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા, અને

(૨) તે ક્યારે પૂર્ણ થશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) કિસાન પથ યોજના હેઠળ ૨૦૦૭-૦૮ ના આયોજનમાં વડોદરા જિલ્લા માટે ૩૮ રસ્તા રૂા.૧૨૧૯.૬૫ લાખની અંદાજી કિંમતના મંજૂર કર્યા.

(૨) ૯ રસ્તાના કામ પૂર્ણ થયેલ છે. બાકીના ૨૯ રસ્તાના કામો જેમ બને તેમ ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૯ રસ્તાના કામો બાકી છે તે પૈકી કેટલા કામો ચાલુ છે અને ક્યારે પૂર્ણ થશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, જે કામો બાકી છે એ બધા જ કામો આમ તો દરેકને લગભગ કેટલાક કામો જૂન મહિના સુધીમાં પૂર્ણ થશે. કેટલાક કામો સપ્ટેમ્બરમાં પૂર્ણ થશે. કેટલાક કામો ઑગસ્ટ મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. મતલબ કે લગભગ ઑગસ્ટ સુધીમાં બાકીનાં જેટલાં કામો છે એ બધા જ કામો પૂર્ણ કરવામાં આવશે, અત્યારે હાલ બધા જ કામો પ્રગતિમાં છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, કિસાન પથ યોજના હેઠળ ૨૦૦૭-૦૮ માં વડોદરા જિલ્લામાં કેટલા કિલોમિટરના રસ્તાઓ થયા અને કયા તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે? બીજો પ્રશ્ન, ૯ રસ્તાઓના કામો પૂર્ણ થયેલ છે, બાકીના ૨૯ રસ્તાઓના કામોનો કેટલો અંદાજિત ખર્ચ થનાર છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કિસાન પથ યોજના હેઠળ ૨૯ કામો પ્રગતિમાં છે અને એની લંબાઈ છે ૧૧૦.૮૫ કિલોમીટર. અંદાજીત ખર્ચ ૧૦કરોડ રૂપિયા છે. જે કામો પૂર્ણ થયા છે એમાં ૨૪.૪૦ લાખનો ખર્ચ થયો છે અને બાકી જે કામો છે એમાં ૧૪૫.૮૭લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ૨૯ રસ્તા છે એમાં કામ પૂર્ણ કરવાની છેલ્લી તારીખ કઈ છે અને કામ પ્રગતિમાં છે તો એ કેટલા ટકા પ્રગતિમાં છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બધા જ કામોની તારીખ બોલી જઉં? જુદાજુદા સ્ટેજે કામો પૂર્ણ થવાના છે. આપ કહેતા હો તો બોલી જઉં.

**અધ્યક્ષશ્રી** : લિસ્ટ લાંબુ હોય તો (અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળ કહ્યું બધા કામો ઓગષ્ટ, સપ્ટેંબર સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે. કોઈ ડામર સપાટીમાં છે, કોઈ કામ મેટલ સપાટીમાં છે. પણ બધા કામો એ સમયમાં પૂર્ણ કરીશું.

## ઈજનેરી કોલેજોની બેઠકો વધારવા અંગે

**<#M*૨૨૭૧ શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજયમાં છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં વર્ષવાર એન્જીનીયરીંગ કોલેજોની બેઠકોમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૨) છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં નવા કયા કયા કોર્ષ ચાલુ કરવામાં આવ્યા?

**શિક્ષણ મંત્રીશ્રીઃ**

(૧) રાજયમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર એન્જીનીયરીંગ કોલેજોની બેઠકોમાં નીચે મુજબ વધારો કરવામાં આવ્યો.

| વર્ષ | બેઠકો |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૩૦૦ |
| ૨૦૦૬-૦૭ | ૧૪૬૯ |
| ૨૦૦૭-૦૮ | ૧૧૭૦ |
| કુલ | ૨૯૩૯ |

(૨) છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં ડિગ્રી ઈજનેરીમાં ૧ અભ્યાસક્રમ તથા ડિપ્લોમામાં ૪ એમ કુલ ૫ અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવ્યા.

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ડિપ્લોમામાં કયા કયા કોર્ષ ચાલુ કરવામાં આવ્યા છે? નવા અભ્યાસક્રમોમાં અલગ અલગ કેટલી બેઠકો આવેલી છે? સુરત જિલ્લામાં નવા કયા અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવ્યા છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ડિગ્રી ઈજનેરી કોલેજમાં મરીન એન્જીનીયરીંગ માટેની ૬૦ બેઠકો, ડિપ્લોમા એન્જીનીયરીંગ એન્વાયર મેન્ટલ ઈજનેરી, ટ્રાન્સપોર્ટ ઈજનેરી, બાયોમેડિકલ ઈજનેરી અને હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરીંગ ટેકનોલોજીના અભયાસક્રમો એમાં દાખલ કરવામાં આવ્યા છે. માત્ર સુરત જિલ્લાની વાત કરું તો છેલ્લા ત્રણ વર્ષના સમયાગાળામાં જે નવી નવી સંસ્થા ઉભી કરી છે આમાં સુરત જિલ્લા ખાતે (અંતરાય) ચિઠ્ઠી પણ આવશે, મારી પાસે પણ હશે. સાહેબ, જે નવા અભ્યાસક્રમોમાં ડિગ્રી એન્જીનીયરીંગ કોલેજ કરવાની છે એમાં સુરતનો સમાવેશ થયો નથી.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બેઠકોમાં વધારો કરવામાં આવ્યો છે, એમાં સ્વનિર્ભર કોલેજો દ્વારા જે બેઠકો વધારવામાં આવી છે એનો આ જવાબમાં સમાવેશ છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વનિર્ભર કોલેજોમાં પણ બેઠકોમાં વધારો કરવામાં આવે છે. રાજય સરકાર પોતે જે વધારો કરે છે એ હયાત સંસ્થાઓની અંદર પણ બેઠકોમાં વધારો કરવામાં આવે છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : અધ્યક્ષ મહોદયશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં કેટલી ટેકનિકલ યુનિવર્સિટી શરૂ કરવામાં આવી છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં રાજય સરકારે ગુજરાત ટેકનેકોલોજી યુનિવર્સિટી અમદાવાદ, પંડિત દિનદયાળ પેટ્રોયુનિવર્સિટી ગાંધીનગર, કડી યુનિવર્સિટીને યુનિવર્સિટીનો દરજજો, ડીડીઆઈટી નડિયાદ, સેપ્ટ યુનિવર્સિટી અમદાવાદ ગણપત વિદ્યાનગર યુનિવર્સિટી ખેરવા અને ડીએઆઈઆઈટીટી ગાંધીનગર આટલી યુનિવર્સિટીને મંજૂરી આપવામાં આવી છે.

**રાજયમાં સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ**

***૨૦૭૬ શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયના ખેડૂતોને તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી ખેડા જિલ્લાના તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા?

**કૃષિ મંત્રીશ્રી:**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજયના ખેડૂતોને કુલ ૧૬,૫૨૫૮૭૯ સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી ખેડા જિલ્લાના તાલુકાવાર નીચે જણાવેલ વિગતે ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે.

| **તાલુકાનું નામ** | **સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ ખેડૂતોની સંખ્યા.** |
|---|---|
| નડીયાદ | ૮૯૧૩ |
| મહુધા | ૫૩૩૬ |
| ખેડા | ૪૭૦૩ |
| મહેમદાવાદ | ૮૦૩૦ |
| માતર | ૭૬૧૫ |
| કપડવંજ | ૧૦૬૬૫ |
| કઠલાલ | ૬૯૭૮ |
| બાલાસિનોર | ૩૫૩૨ |
| વિરપુર | ૫૫૩૦ |
| ઠાસરા | ૧૦૩૭૩ |
| **કુલ** | **૭૧૬૭૫** |

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, સોઈલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ રાજયના કેટલા ગામડાં આવરી લેવામાં આવ્યા છે અને આ યોજનામાં વિતરણ અંગેની શી પદ્ધતિ છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ૧૮૨૧૮ ગામડાંઓને આવરી લેવામાં આવ્યા છે. આ સોઈલ હેલ્થ કાર્ડ બનાવવા માટે ગામદીઠ ૭૦ અલગ અલગ સરવે નંબરોમાંથી એના નમૂના લેવામાં આવે છે અને રાજ્યની આ લૅબૉરેટરીમાં ચકાસીને તમામ માહિતી સોઈલ હેલ્થ કાર્ડમાં આપવામાં આવે છે. રાજ્યના તમામે તમામ ગામોમાં આ સોઈલ હેલ્થ કાર્ડ આ રાજ્ય સરકાર દ્વારા પહોંચાડવામાં આવે છે.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યમાં સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ થવાના કારણે શા ફાયદાઓ અને આ કાર્ડનું વિતરણ કેટલી કિંમતે ખેડૂતોને કરવામાં આવે છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સોઈલ હેલ્થ કાર્ડની કોઈ કિંમત રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી લેતી નથી. સોઈલ હેલ્થ કાર્ડના કારણે આપના દ્વારા સભ્યશ્રીને જણાવવા માગું છું કે જમીનની ફળદ્રુપતાની વિગતો આ સોઈલ હેલ્થ કાર્ડમાં પ્રથમ આપવામાં આવે છે. જમીનમાં કયા પ્રકારનું ખાતર કેટલા પ્રમાણમાં વાપરવા અંગેની જાણકારી આ સોઈલ હેલ્થ કાર્ડમાં આપવામાં આવે છે અને એના કારણે ખાતરનો સમતોલ ઉપયોગ કરી શકાય, પાકનું આયોજન કરી શકાય, એના માટેની વ્યવસ્થા માટે સોઈલ હેલ્થ કાર્ડ ઉપયોગી થાય છે. ખાતરની જરૂરિયાતને અંદાજી શકાય છે. ગામવાર, તાલુકાવાર, જિલ્લાવાર ફળદ્રુપતાના નકશાઓ તૈયાર કરી શકાય છે. ખેતીવાડી, બાગાયાત, પશુપાલક હસ્તકની સહાયક યોજનાઓની જાણકારી આ સોઈલ હેલ્થ કાર્ડમાં આપવામાં આવે છે. જમીન ખારી, બાષ્પિક, અસ્લીમ જાણી શકાય છે. તેને આધારિત જમીનની સુધારાના ઉપાયો કરી શકાય છે. ખાતરનો સમતોલ ઉપયોગ થઈ શકે, પાક ઉત્પાદનમાં વધારો થઈ શકે છે, છેવટે ખેડૂતોને ઓછી પડતર કિંમતે વધુ સારી ગુણવત્તા વધુ જથ્થામાં ઉત્પાદન મેળવી શકાય તેવી તમામ વિગતો આ સોઈલ હેલ્થ કાર્ડમાં આપવામાં આવે છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યની અંદર જે સોઈલ હેલ્થ કાર્ડ આપવાની યોજના ૩ વર્ષ પહેલા અમલમાં આવી, ત્યારથી અત્યાર સુધીમાં ૧૬,૫૨,૮૭૯ સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા. તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યની અંદર કુલ કેટલા ખેડૂત ખાતેદારો છે અને આ ૧૬,૫૨,૮૭૯ સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે, તો બાકીના ખેડૂતોને કેટલા સમયની અંદર સોઈલ હેલ્થ કાર્ડ આપવા માગો છો?

**શ્રી દિલીપ સંઘાણી** : રાજ્યમાં રેવન્યુ રેકર્ડ પ્રમાણે ૪૨ લાખ જેટલા ખાતેદારો છે. આપણી આ પ્રમાણેની રાજ્યની જે લૅબૉરૅટરીની ક્ષમતા છે એ મુજબ દર વર્ષે ૨.૫ લાખ જેટલા સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર થઈ શકે એમ છે અને દર વર્ષે આમાં ૨.૫ લાખનો ઉંમેરો થાય છે અને એ પ્રમાણે આવતા દિવસોમાં પૂર્ણ રીતે તમામ ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ મળી શકે એ રીતનું રાજ્ય સરકારનું આયોજન છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે. હું જ આ પ્રશ્ન પૂછવાનો હતો.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત સરકારની આ યોજના ખૂબ સારી છે, પણ આ સોઈલ હેલ્થ કાર્ડ માટે જે જમીન ચકાસણી કરવામાં આવે છે તેની પ્રયોગશાળા ક્યાં આવેલી છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ ૨૦ ફર્ટિલાઈઝરની અલગ અલગ કંપનીઓ છે, તે રીતે તેમને હસ્તક કામગીરી કરવામાં આવે છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : એક કે બે પાક લીધા પછી જમીનની ફળદ્રુપતામાં ફરક પડતો હોય છે. તો આ સોઈલ હેલ્થ કાર્ડનું નવીનીકરણ ક્યારે કરવામાં આવે છે?

**શ્રી દિલીપ સંઘાણી** : સભ્યશ્રીની વાત સાચી છે. આ સોઈલ હેલ્થ કાર્ડની ૩ વર્ષે સામાન્ય રીતે પ્રક્રિયા થતી હોય છે. આયોજન એવું છે કે દર ૩ વર્ષ પછી પુનઃ ચકાસણી થાય. રાજ્ય સરકારે આના માટેનું આયોજન કર્યુ છે.

**શ્રી જગદીશ ઠાકોર** : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એમણે કહ્યું કે ગામડામાં સીત્તેરેક નમૂના છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### દૂરવર્તી શિક્ષણમાં નવા અભ્યાસક્રમો

૨૫૬૪ **શ્રી બાબુભાઈ જે.દેસાઈ(કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દૂરવર્તી શિક્ષણના ક્ષેત્રમાં છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં રાજ્ય સરકારે રાજયમાં કોઇ નવા અભ્યાસક્રમ દાખલ કર્યા છે કે કેમ, | (૧) હા જી. ૧૮-અભ્યાસક્રમ. |
| (૨) જો હા, તો આ અભ્યાસક્રમો રાજ્યના | (૨) હા જી. |

વિદ્યાર્થીઓને રોજગારલક્ષી અભિગમમાં મદદરૂપ થઈ શકશે કે કેમ, અને

(૩) જો હા, તો કઈ રીતે મદદરૂપ થઈ શકશે ?

(૩) સરકારશ્રીએ કુલ ૧૮ રોજગારલક્ષી અભ્યાસક્રમો દાખલ કરેલ છે.

------------

**વડોદરા જિલ્લામાં કિસાન પથ યોજના**

૨૬૪૫ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કિસાન પથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ના આયોજનમાં વડોદરા જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા, અને | (૧) કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ના આયોજનમાં વડોદરા જિલ્લા માટે ૩૮ રસ્તા રૂા. ૧૨૧૯.૬૫ લાખની અંદાજી કિંમતના મંજૂર કર્યા. |
| (૨) તે ક્યારે પૂર્ણ થશે? | (૨) ૯ રસ્તાના કામ પૂર્ણ થયેલ છે. બાકીના ૨૯ રસ્તાના કામો જેમ બને તેમ ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**રાજ્યમાં મહિલા સાક્ષરતા દર અંગે**

૧૯૭૦ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ઓછી મહિલા સાક્ષરતા દરવાળા ગામોનો સાક્ષરતા દર વધારવા સરકાર તરફથી કોઈ પ્રયત્ન કરવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) રાજ્યમાં ઓછી સાક્ષરતા દરવાળા કેટલા ગામો છે, અને | (૨) ૨૦૮૨ |
| (૩) મહિલા સાક્ષરતા દર ઊંચો લાવવા સરકાર તરફથી શું પ્રયત્નો કરવામાં આવેલ છે? | (૩)<br>(૧) નિરંતર શિક્ષણ કાર્યક્રમ હેઠળ નિરંતર શિક્ષણ કેન્દ્રો દ્વારા મહિલા નિરક્ષરોને સાક્ષર કરવાના પ્રયત્નો.<br>(૨) શેષ નિરક્ષરતા નિવારણ કાર્યક્રમ હેઠળ મહિલા નિરક્ષરોને સાક્ષર કરવી.<br>(૩) સાક્ષરદીપ કાર્યક્રમ દ્વારા નિરક્ષરોને ખાસ કરીને મહિલા નિરક્ષરોને અક્ષરજ્ઞાન માટે જાગૃત કરવામાં આવે છે. |

------------

**મહિલાઓને કાયદાકીય અને સામાજિક માર્ગદર્શન આપવા અંગે**

૨૨૨૬ **શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા રાજ્યમાં તાલુકા કક્ષાએ કેન્દ્રો શરૂ કરવા વિચારેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) આ કેન્દ્રો ચલાવતી સંસ્થાઓને કોઈ આર્થિક સહાય આપવામાં આવનાર છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે? | (૩) તાલુકા કક્ષાએ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર ચલાવતી સંસ્થાઓને રાજ્ય સરકાર દ્વારા મહત્તમ વાર્ષિક રૂા. ૧,૨૫,૦૦૦/-નું અનુદાન આપવામાં આવે છે. |

------------

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શાળાઓનું બાંધકામ**

૨૫૬૮ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૦૬-૨૦૦૭ દરમ્યાન બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કેટલી શાળાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) વર્ષ ૨૦૦૬-૦૭માં બનાસકાંઠા જિલ્લામાં ૨૫ તેમજ કચ્છ જિલ્લામાં ૩૫ શાળાઓનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧-૦૮ સુધીમાં કેટલી શાળાઓના કામ પૂર્ણ કરવામાં આવ્યા? | (૨) તે પૈકી તા. ૩૧-૧-૦૮ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં ૨૩ શાળા તેમજ કચ્છ જિલ્લામાં ૩૪ શાળાઓનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. |

------------

**દક્ષિણ ગુજરાતના માછીમારો માટે માળખાકીય સુવિધાઓ**

૧૯૬૩ **શ્રીમતી ઉષાબેન ગી.પટેલ (પારડી) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દક્ષિણ ગુજરાતના માછીમારો માટે સરકાર ધ્વારા ક્યા પ્રકારની માળખાકીય સુવિધાઓ આપવામાં આવે છે? | દક્ષિણ ગુજરાતમાં મત્સ્ય બંદરો અને મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે ઉતરાણ અને લાંગરવાની માળખાકીય સુવિધાઓ આપવામાં આવે છે. |

------------

**રાજકોટ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય**

૨૨૧૬ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં નિરાધાર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧૧૪૩ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર થઈ અને કેટલી મંજૂર થવામાં બાકી છે? | (૨) ૪૧૭ અરજીઓ મંજૂર થઇ.<br>૪૪૧ અરજીઓ મંજૂર થવામાં બાકી છે. |

------------

**રાજ્યમાં બાયોફર્ટીલાઈઝરના ઉપયોગ બાબત**

૧૫૯૪ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ વધારે થાય એવું સરકારનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો હાલ કેટલા વિસ્તારમાં ઉપયોગ થાય છે. | (૨) અંદાજે ૬.૫૦ લાખ હેક્ટર વિસ્તારમાં ઉપયોગ થાય છે. |
| (૩) ક્યા ક્યા પાકોમાં ઉપયોગ થાય છે, અને | (૩) રાજ્યમાં થતા મોટા ભાગના પાકોમાં ઉપયોગ થાય છે. |
| (૪) આવા પાકો માટે બજાર મળી રહે તે માટે શું આયોજન છે? | (૪) હાલમાં આવી કોઇ બાબત વિચારણા હેઠળ નથી. |

------------

**જામનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

૧૫૧૦ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કુલ કેટલા પ્રાથમિક શિક્ષકોની તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૭ની સ્થિતિએ ઘ ટ છે, | (૧) ૬૧૫ |

(૨) ક્યા ક્યા તાલુકામાં કેટલા શિક્ષકોની ઘટ છે,

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | કુલ મંજૂર મહેકમ | કામ કરતા શિક્ષકો | ખાલી જ્ગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ભાણવડ | ૫૪૨ | ૪૭૪ | ૬૮ |
| ૨ | ધ્રોલ | ૨૯૦ | ૨૭૮ | ૧૨ |
| ૩ | દ્વારકા | ૪૮૦ | ૩૯૪ | ૮૬ |
| ૪ | જામજોધપુર | ૫૦૭ | ૪૭૦ | ૩૭ |
| ૫ | જામકલ્યાણપુર | ૯૨૧ | ૭૬૪ | ૧૫૭ |
| ૬ | જામ ખંભાળીયા | ૯૯૭ | ૮૬૦ | ૧૩૭ |
| ૭ | જામનગર | ૧૧૪૯ | ૧૧૧૦ | ૩૯ |
| ૮ | જોડિયા | ૩૫૬ | ૩૩૯ | ૧૭ |
| ૯ | કાલાવાડ | ૪૬૧ | ૪૪૯ | ૧૨ |
| ૧૦ | લાલપુર | ૫૪૩ | ૪૯૩ | ૫૦ |
| | કુલ... | ૬૨૪૬ | ૫૬૩૧ | ૬૧૫ |

(૩) આ ઘટ રહેવાના શા કારણો છે, અને

(૩) પ્રાથમિક શિક્ષકોની ફેર બદલી, નિવૃત્તિ, રાજીનામાં અને અવસાનને કારણે આ ઘટ રહેવા પામેલ છે.

(૪) સરકાર આ ઘટ કેટલા સમયમાં ભરવા માંગે છે?

(૪) શિક્ષકોની ઘટ વિદ્યા સહાયકોની નવી ભરતીથી પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે.

### પ્રાથમિક શાળાઓમાં વિજ્ઞાન પ્રત્યે અભિરુચિ વધારવા અંગે

૨૫૧૯ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં પ્રાથમિક શાળાઓના બાળકોની વિજ્ઞાન પ્રત્યે રુચિ વધે તે સારૂ રાજ્ય સરકાર દ્વારા કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

હા, જી.

બાળકોની વિજ્ઞાન પ્રત્યે રુચિ વધે તે સારૂં નીચે પ્રમાણેનું આયોજન કરવામાં આવેલ છે.

- પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૦૨-૦૩ થી પ્રયોગશાળાની સુવિધા પુરી પાડવામાં આવે છે.
- વર્ષ-૨૦૦૭-૦૮ થી પ્રયોગશાળા માટે શાળાદીઠ રૂા. ૨૫૦૦૦ આપવામાં આવે છે.
- વિજ્ઞાન-ગણિત પ્રદર્શનોનું આયોજન કરવામાં આવે છે.
- દરેક જિલ્લામાં ગણિત-વિજ્ઞાન મંડળની રચના કરવામાં આવી છે.
- સાયન્સપાર્ક, ટેલિકોન્ફરન્સ તથા વિડીયોકોન્ફરન્સ, સી.ડી. નિર્માણ, ઈકોક્લબ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.
- શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવામાં આવે છે.

### દાહોદ જિલ્લામાં મહિલા અધ્યાપન મંદિરો અંગે

૨૫૧૧ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કુલ કેટલા મહિલા અધ્યાપન મંદિરો કાર્યરત છે,

(૨) આ અધ્યાપન મંદિરોમાં મહિલા સ્ટાફ કેટલો છે, અને

(૩) કુલ મંજૂર મહેકમ કેટલું છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ
ગ્રાન્ટેડ અધ્યાપન મંદિર- ૧
અને સ્વનિર્ભર અધ્યાપન મંદિર- ૨
કુલ-૩

(૨) આ અધ્યાપન મંદિરોમાં ૧૩ મહિલા સ્ટાફ છે.

(૩) ૩૮.

------------

### રાજ્યમાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ

૧૯૭૧ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) આ ઘટ દૂર કરવા સરકારે શું પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ૧૦૯૬૨ ઓરડાઓની ઘટ છે.

(૨) તબક્કાવાર આયોજન કરી ઓરડાની ઘટ પૂરી કરવામાં આવનાર છે.

------------

## રાજ્યમાં માછીમારો માટે સુવિધાઓ

૧૯૬૦ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતના માછીમારો માટે સરકાર દ્વારા કોઇ સુવિધા આપવાનું આયોજન છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) ગુજરાતના માછીમારોને સરકાર દ્વારા નીચે મુજબની સુવિધાઓ આપવામાં આવે છે.<br>(૧) માછીમારોની બોટોને મત્સ્યબંદરો/મત્સ્યકેન્દ્રો ઉપર ઉતરાણ અને લાંગરવાની સુવિધા તથા અન્ય આનુસાંગિક સુવિધાઓ<br>(૨) પગડીયા માછીમારોને સહાય<br>(૩) આધુનિક સાધનો ખરીદવા ઉપર સહાય<br>(૪) ફાઈબર ગ્લાસ બોટની ખરીદી ઉપર સહાય<br>(૫) લાકડાની બિનયાંત્રિક બોટોની ખરીદી ઉપર સહાય<br>(૬) માછીમારોની હોડીઓ ઉપર બહારના યંત્રો બેસાડવા માટે સહાય<br>(૭) મોબાઈલ માર્કેટ યુનિટ ઉપર સહાય<br>(૮) મોટર સાઈક્લ વીથ બોક્ષ ઉપર સહાય<br>(૯) ફિશ માર્કેટ બનાવવા માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સહાય<br>(૧૦) ડિઝલની ખરીદી ઉપર સેલ્સટેક્ષ તથા આબકારી જકાત ઉપર સહાય<br>(૧૧) મત્સ્યબીજ ઉછેર માટે સહાય<br>(૧૨) જળાશયમાં માછીમારી માટે બોટ-જાળ રાહત<br>(૧૩) મત્સ્યબીજ સંગ્રહ ઉપર સહાય<br>(૧૪) મત્સ્યવેચાણ માટે મહિલાઓને સહાય.<br>(૧૫) કેજ-પેન યુનિટ ઉપર સહાય<br>(૧૬) વર્કીંગ શેડ માટે સહાય<br>(૧૭) મત્સ્યબીજની હેરફેર માટે પ્લાસ્ટીક કેરેટ ઉપર સહાય<br>(૧૮) તળાવ બાંધકામ તથા તળાવ સુધારણા સહાય<br>(૧૯) ભાંભરાપાણી ક્ષેત્રે ઈનપુટ સહાય<br>(૨૦) શ્રીમ્પ ફાર્મીંગ માટે સહાય<br>(૨૧) વોટર લોગ્ડ વિસ્તારના વિકાસ માટે સહાય<br>(૨૨) માછીમારો માટે આવાસ બાંધકામ માટે સહાય<br>(૨૩) માછીમારો માટે જુથ અક્સ્માત વિમા પ્રિમીયમ સહાય<br>(૨૪) પાકિસ્તાન દ્વારા પકડવામાં આવેલ માછીમાર કુટુંબને સહાય<br>(૨૫) મત્સ્યોદ્યોગની તાલીમ માટે સ્ટાઈપેન્ડ |

------------

## અમદાવાદની આબાદ ડેરીની જમીન અંગે

૧૬૭૨ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ કાંકરીયા ખાતે આવેલ આબાદ દૂધની ડેરી છેલ્લા ઘણા વર્ષોથી બંધ પડેલ છે તે જગ્યા સરકાર ભવિષ્યમાં શું ઉપયોગમાં લેવાની છે, તે જગ્યાનો કેમ ઉપયોગ કરવામાં આવતો નથી, અને<br>(૨) સરકાર એ જગ્યા ભાડે પટ્ટે આપવાની છે કે કેમ ? | (૧) અને (૨)<br>અમદાવાદ ખાતે આવેલ આબાદ ડેરીની જમીનના ઉપયોગ અંગે હજુસુધી કોઈ નિર્ણય લેવાયેલ નથી. |

------------

**પ્રાથમિક શાળાઓમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ વધારવા અંગે**

૨૫૩૦ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં બાળકોની વિજ્ઞાન પ્રત્યે રુચિ વધે તે સારુ કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો તેની વિગતો શી છે? | (૨) બાળકોની વિજ્ઞાન પ્રત્યે રુચિ વધે તે સારૂં નીચે પ્રમાણેનું આયોજન કરવામાં આવેલ છે.<br>● પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૦૨-૦૩ થી પ્રયોગશાળાની સુવિધા પુરી પાડવામાં આવે છે.<br>● વર્ષ-૨૦૦૭-૦૮ થી પ્રયોગશાળા માટે શાળાદીઠ રૂા. ૨૫૦૦૦ આપવામાં આવે છે.<br>● વિજ્ઞાન-ગણિત પ્રદર્શનોનું આયોજન કરવામાં આવે છે.<br>● દરેક જિલ્લામાં ગણિત-વિજ્ઞાન મંડળની રચના કરવામાં આવી છે.<br>● સાયન્સપાર્ક, ટેલિકોન્ફરન્સ તથા વિડીયોકોન્ફરન્સ, સી.ડી. નિર્માણ, ઈકોક્લબ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.<br>● શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવામાં આવે છે. |

------------

**રાજ્યમાં ગો સંવર્ધન યોજનાઓ**

૨૭૪૭ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય ગો સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં રાજ્ય સરકારે ગો સંવર્ધન માટે કઈ કઈ યોજનાઓ અમલમાં મૂકી છે, | (૧) રાજ્યમાં રાજ્ય સરકારે ગો સંવર્ધન માટે નીચે મુજબની યોજનાઓ અમલમાં મૂકી છે :-<br>(૧) સર્વાંગી ગો શાળા વિકાસ યોજના.<br>(૨) પશુપાલન ખાતા દ્વારા નજીવી કિંમતે સાંઢ પુરા પાડવાની યોજના<br>(૩) ગો શાળા/પાંજરાપોળ ખાતે શુધ્ધ સંવર્ધન કેન્દ્રોની સ્થાપના.<br>(૪) ઉત્તમ આનુવાંશિક સાંઢ/વાછરડીનું ઉત્પાદન કરી ઉત્તમ ધણ પેદા કરવાની યોજના<br>(૫) ગો સેવા આયોગ દ્વારા શુધ્ધ ઓલાદના ગીર/કાંકરેજ સાંઢ પુરાં પાડવાની યોજના.<br>(૬) એકીકૃત પશુધન વિકાસ કેન્દ્રો દ્વારા કૃત્રિમ બીજદાનની કામગીરી.<br>(૭) ઘનિષ્ઠ પશુસુધારણા યોજનાના કેન્દ્રો દ્વારા કૃત્રિમ બીજદાન, પશુવંધત્વ કેમ્પોની કામગીરી. |
| (૨) રાજ્યમાં ગો સંવર્ધન માટેના મુખ્ય કેન્દ્રો ક્યા ક્યા છે, અને | (૨)<br>(૧) પશુ ઉછેર કેન્દ્ર થરા, તાલુકો કાંકરેજ, જીલ્લો બનાસકાંઠા,<br>(૨) પશુ ઉછેર કેન્દ્ર ભૂજ, જીલ્લો કચ્છ<br>(૩) પશુ ઉછેર કેન્દ્ર માંડવી, જીલ્લો સુરત<br>(૪) પશુ ઉછેર કેન્દ્ર ભૂતવડ, તાલુકો ધોરાજી, |

જીલ્લો રાજકોટ.

(૩) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ આ કેન્દ્રો ઉપર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) કુલ રૂપિયા ૫૬૦૨.૪૨ લાખ.

------------

**મહિલા સશક્તિકરણ અંગે**

૨૨૬૯ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આર્થિક તથા સામાજિક ક્ષેત્રે મહિલાઓ વધુ સશક્ત થાય તે માટે કોઈ શિબિર / સંમેલન કરવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર આવા કેટલા સંમેલનો કરવામાં આવ્યા ?

(૨) કુલ ૭૬ સંમેલનો

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭ | ૧ | ૨ | ૧૦ |
| ૨ | વડોદરા | ૧ | ૨ | ૧ | ૪ |
| ૩ | સુરત | ૧ | ૧ | ૧ | ૩ |
| ૪ | બનાસકાંઠા | ૩ | ૨ | ૧ | ૬ |
| ૫ | કચ્છ | ૧ | ૧ | ૧ | ૩ |
| ૬ | અમરેલી | ૧ | ૦ | ૧ | ૨ |
| ૭ | આણંદ | ૧ | ૦ | ૪ | ૫ |
| ૮ | ભરૂચ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૯ | ભાવનગર | ૫ | ૦ | ૧ | ૬ |
| ૧૦ | ડાંગ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૧ | ગાંધીનગર | ૨ | ૦ | ૧ | ૩ |
| ૧૨ | જામનગર | ૧ | ૦ | ૧ | ૨ |
| ૧૩ | ખેડા | ૧ | ૦ | ૧ | ૨ |
| ૧૪ | મહેસાણા | ૩ | ૦ | ૧ | ૪ |
| ૧૫ | નવસારી | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૬ | પંચમહાલ | ૧ | ૦ | ૧ | ૨ |
| ૧૭ | પાટણ | ૨ | ૦ | ૧ | ૩ |
| ૧૮ | પોરબંદર | ૧ | ૦ | ૧ | ૨ |
| ૧૯ | રાજકોટ | ૩ | ૧ | ૧ | ૫ |
| ૨૦ | સાંબરકાંઠા | ૨ | ૦ | ૧ | ૩ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૧ | ૨ |
| ૨૨ | વલસાડ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૨૩ | જુનાગઢ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૨૪ | નર્મદા | ૧ | ૦ | ૧ | ૨ |
| ૨૫ | દાહોદ | ૧ | ૦ | ૧ | ૨ |
| | કુલ | ૩૯ | ૮ | ૨૯ | ૭૬ |

------------

**ધોરણ - ૧૦ માં અંગ્રેજી વિષયમાં પાસિંગ માર્ક અંગે**

૨૭૪૮ **શ્રી માનસિંહ કો.ચૌહાણ (બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં ધોરણ-૧૦ ની પરીક્ષા માટે ૨૦૦૬-૦૭ ના વર્ષમાં અંગ્રેજી વિષય ફરજિયાત તરીકે દાખલ કરેલ અને વર્ષ ૨૦૦૬-૦૭ માં ૨૦ માર્કે પાસ કરવાનું નકકી કરેલ તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો હવે માર્ચ-૨૦૦૮, ધોરણ-૧૦ ની પરીક્ષામાં પાસ થવા અંગ્રેજી વિષયમાં ૨૫-માર્કે પાસ કરવાનો નિર્ણય કરવાના કારણો શું છે, અને

(૨) માર્ચ-૨૦૦૮ માટે રાજ્ય સરકારે તો પાસનું ધોરણ ૩૫ રાખેલ છે પરંતુ વિધ-વિધ ક્ષાએ ગ્રામ્ય વિસ્તારની શાળાઓની રજૂઆતના સંદર્ભે બોર્ડની કારોબારી સમિતિ અને સામાન્ય સભાએ ૨૫ ગુણે પાસનું ધોરણ રાખવા રાજ્ય સરકારને ભલામણ કરેલ છે.

(૩) આ નિર્ણય રદ કરવા સરકાર વિચારે છે ખરી ?

(૩) ના.

------------

## વરસાદને કારણે વિખૂટા પડી જતાં ગામડાઓના સંપર્ક અંગે

૨૨૦૭ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વરસાદમાં વિખૂટા પડી જતાં ગામડાઓનો સંપર્ક જળવાઈ રહે તે માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે, અને<br>(૨) જો હા, તો તેની વિગતો અને તેની પાછળ થનાર ખર્ચની વિગતો શું છે ? | (૧) અને (૨)<br>ભારે વરસાદના સમયે વિખૂટા પડી જતા ગામોને બારમાસી રસ્તાનું જોડાણ આપવા માટે જુદા જુદા પાસાઓનો અભ્યાસ કરી નકશા અંદાજો સાથે દરખાસ્ત તૈયાર કરવા માટે કન્સલટન્ટની નિમણૂંક કરવામાં આવેલ છે. કન્સલટન્ટ દ્વારા આખરી અહેવાલનો મુસદ્દો રજુ કરેલ છે. પ્રાથમિક અંદાજ મુજબ કુલ રૂા. ૨૭૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. |

-----------

## ગાંધીનગરમાં સરકારી રહેણાંકોની જર્જરીત હાલત

૨૭૬૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગરના વર્ગ-૨,૩ અને ૪ ના સરકારી કર્મચારીઓને ફાળવેલ સરકારી રહેણાંકો સમયસરની મરામતના અભાવે જર્જરીત હાલતમાં ઉભાં છે તે હકીક્ત સરકાર જાણે છે, અને | (૧) ગાંધીનગરમાં નાની સાઈઝના મકાનો કર્મચારીઓની માગણી ન હોઈ ખાલી રહેતા હોઈ તે મકાનોની મરામતની કામગીરી હાથ ધરવામાં આવતી નથી પરંતુ વપરાશ હેઠળના રહેણાંક્ના મકાનોની મરામતને અગ્રતા આપી ગ્રાન્ટની ઉપલબ્ધતા અને કામની જરૂરિયાતને ધ્યાને લઈ મરામતની કામગીરી કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો એવા મકાનો ઉતારી પાડીને સરકાર નવા મકાનો બનાવવા માગે છે કે કેમ ? | (૨) ખાલી મકાનો ઉતારી પાડી નવા મકાનો બનાવવાનું કોઈ આયોજન નથી. |

------------

## રાજકોટ જિલ્લામાં સ્ટેટ હાઈવેના કામો અંગે

૧૮૫૪ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સને ૨૦૦૬-૨૦૦૭ માં સ્ટેટ હાઈવેના કેટલા કામો મંજૂર થયેલ, | (૧) ૫૯ કામો |
| (૨) કેટલા કામો પૂરા કરવામાં આવ્યા છે, અને | (૨) ૩૦ કામો |
| (૩) બાકી રહેતા રસ્તાઓના મુખ્ય કારણો ક્યા ક્યા છે ? | (૩) બાકી કામો પૈકી ૨૩ કામો પ્રગતિ હેઠળ છે. જ્યારે ૫ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ અને ૧ કામ રદ થયેલ છે. આ ૨૮ કામો તબક્કાવાર પૂર્ણ થનાર છે. |

------------

## રાજ્યમાં કૃષિ મહોત્સવ દરમ્યાન માર્ગદર્શન

૨૦૭૯ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કૃષિ મહોત્સવ દ્વારા કઈ કઈ માહિતી અને માર્ગદર્શન તથા સહાય ખેડૂતોને પૂરી પાડવામાં આવે છે, | (૧) <u>**કૃષિ :**</u><br>કૃષિ મહોત્સવ દરમ્યાન કૃષિ સંબંધીત માહિતી જેવી કે વિવિધ પાકોની ખેતી પધ્ધતિ, જળસંગ્રહ અને જળસંચય, ટપક અને ફુવારા પધ્ધતિ, ખેડૂતલક્ષી સહાયની યોજનાઓ, જમીનની તંદુરસ્તી, સોઈલ હેલ્થ કાર્ડ વિગેરે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે. કૃષિ મહોત્સવ દરમ્યાન બી.પી.એલ, નાના અને સીમાંત ખેડૂતોને કૃષિ |

ખાતા હસ્તકની કૃષિ કીટસ સહાય યોજના હેઠળ ગામદીઠ પાંચ ખેડૂતો અને ટ્રાયબલ વિસ્તારમાં ગામદીઠ પંદર ખેડૂતોને રૂા. ૧૫૦૦/-ની મર્યાદામાં કૃષિ કીટસ વિનામૂલ્યે આપવામાં આવે છે.

**બાગાયત :**

બાગાયત ખાતા દ્વારા રાજ્યના ખેડૂતો બાગાયતી ખેતી અપનાવે અને તેની આવકમાં વધારો થાય તે માટે નવા ફળપાકો અંગેની તાંત્રિક માહિતી ફુલ, ઓષધીય તથા સુગંધિત પાકોની માહિતી, માર્ગદર્શન આપવામાં આવેલ છે. ફુડ પ્રોસેસીંગ, મૂલ્યવર્ધન, ગ્રીન હાઉસ, નેટહાઉસ વિગેરેની જાણકારી આપવામાં આવી. બાગાયત ખાતાની સહાય યોજનાઓ જેવી કે પાવરટીલર, ગ્રેડીંગ શોર્ટીંગ સાધનો, પ્રોસેસીંગ મશીનરી નવા બાગાયતી પાકો દાખલ કરવા વિગેરે ખેડૂતોને પ્રોત્સાહિત કરતી યોજનાઓની માહિતી, માર્ગદર્શન આપવામાં આવેલ છે. સુક્ષ્મ પિયત (ડ્રીપ ઈરીગેશન)ના ફાયદા અને તેમાં મળતી સહાય અંગેની માહિતી તથા બાગાયત ખાતા દ્વારા મહિલાઓને કેનીંગના વર્ગોનું આયોજન કરી વિવિધ ફળ-શાકભાજી બનાવટોની તાલીમ/માર્ગદર્શન આપવામાં આવ્યું. હાઈટેક બાગાયત ખેતી વિષે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ તથા સેન્દ્રીય ખેતીનો વ્યાપ વધે તે માટે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવેલ છે. બાગાયત ખાતા દ્વારા ચાલતી યોજનાકીય માહિતી તેમજ તેને લગતુ સાહિત્ય પુરુ પાડવામાં આવેલ છે. ખેડૂતો નવા શાકભાજી તથા મસાલાપાકોની ખેતી અપનાવે તે માટે નિદર્શન રૂપે બાગાયત ઈનપુટ કીટસ વિનામુલ્યે પૂરાં પાડવામાં આવ્યા.

**પશુપાલન :**

રાજ્યમાં કૃષિ મહોત્સવ દરમ્યાન નીચે જણાવેલ માહિતી, માર્ગદર્શન તથા સહાય ખેડૂતોને પુરી પાડવામાં આવી.

(૧) ખેડૂતમાર્ગદર્શિકા ભાગ-૩ ની પશુપાલન વિષયક માહિતીની ૩૦,૦૦૦ પુસ્તિકાઓ તેયાર કરી રાજ્યના તમામ ગામો, પશુસારવાર સંસ્થાઓ, તાલુકા-જીલ્લા કક્ષાની કચેરીઓ ખાતે વિતરણ કરવામાં આવેલ છે.

(૨) પશુઓમાં ઘટતા જતા ખનીજ તત્વો માટે મીનરલ મીક્ષચર, પાચક શક્તિ વધારવા લીવર કરેરટર ગ્રેન્યુલ્સ તથા કૃમિ ઉપદ્રવ ઘટાડવા, ઉત્પાદન ટકાવવા ડી વર્મર બોલસ પશુ આરોગ્ય કીટ તરીકે આપી તેનુ પશુ આરોગ્ય તથા રોગ પ્રતિકારક શક્તિ જળવાય અને તે માટે તેનું મહત્વ સમજાવવામાં આવે છે.

(૩) પશુઓ અને પક્ષીઓમાં ચેપી રોગો સામે રસીકરણ કરી જે તે રોગ સામે રક્ષણ માટે રસીકરણના મહત્વની જાણકારી આપવામાં આવે છે.

(૪) પશુઓની ઉત્પાદક્તા વધે તે માટે ઉચ્ચ ગુણવત્તા ધરાવતી ઓલાદ મેળવવા કૃત્રિમ બીજદાન કરી તેની જાણકારી આપવામાં આવે છે.

(૫) પશુ સારવાર કેમ્પો યોજી પશુ આરોગ્ય, પશુ માવજત, પશુ આહાર વગેરેની સમજ આપવામાં આવે છે.

(૬) ""પ્લાસ્ટીક પશુઓનો દુશ્મન"" ઘાસચારા વિશે જાણો ""અને બર્ડ ફ્લ્યુ એક ઉભરતો રોગ"" વિશેની ખૂબ જ જરૂરી માહિતી સાથે માર્ગદર્શન પુરુ પાડી પશુપાલકોને જાણકારી આપવામાં આવે છે તથા ખોટા ભય સામે સાચી

હકીકતોથી વાકેફ કરવામાં આવે છે.
(૭) પેમ્ફલેટ વિતરણ દ્વારા બર્ડ ફ્લુ, પશુધન વીમા સહાય, કૃત્રિમ બીજદાન, ગોપાલમિત્ર, ગાય અને ભેંસોની ઓલાદો, પશુપાલન ખાતાની સહાયની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી.

(૨) તેને કારણે ખેડૂતોને મુખ્યત્વે શું ફાયદા થાય છે, અને

(૨) **કૃષિ :**
કૃષિ મહોત્સવ દરમ્યાન આપવામાં આવેલ માહિતી/માર્ગદર્શનને કારણે ખેડૂતો કૃષિ વિષયક નવા સંશોધનો અને છેલ્લી ભલામણોથી માહિતીગાર થાય છે જેના ઉપયોગથી પાક ઉત્પાદનમાં વધારો થાય છે. ખાતાની યોજનાઓ વિષે જાણકારી મળવાથી વિવિધ યોજના હેઠળ સહાયથી ખેત સાધન સામગ્રી મેળવી શકે છે.

**બાગાયત :**
કૃષિ મહોત્સવ ૨૦૦૫, ૨૦૦૬ તથા ૨૦૦૭ થી કૃષિ વૈજ્ઞાનિકો, તજજ્ઞો, કૃષિ અધિકારીઓ દ્વારા ખેડૂતોને આપવામાં આવેલ માહિતી/માર્ગદર્શનથી ખેડૂતોમાં બાગાયતી પાકો અંગેની આધુનિક જાણકારી મળેલ છે. નવા બાગાયતી પાકો દ્રાક્ષ, કાજુ,સ્ટોબેરી, ઓષધિય પાકો તથા સુગંધિત પાકોના વાવેતર અંગેની જાણકારી મળેલ છે. ફુડ પ્રોસેસીંગ, મૂલ્યવર્ધન અંગે જાણકારી મળેલ છે. જેના કારણે વધુને વધુ ખેડૂતો બાગાયતી ખેતી અપનાવતા થયા છે.

**પશુપાલન :**
રાજ્યમાં કૃષિ મહોત્સવના દ્વારા માહિતી માર્ગદર્શન તથા સહાય ખેડૂતોને પૂરી પાડતાં તેના મુખ્યત્વે નીચે મુજબના ફાયદા થાય છે.

- પશુઓમાં થતા રોગચાળાના પ્રમાણ અને તીવ્રતામાં નોંધપાત્ર ઘટાડો જણાયો છે.
- પશુઓની કાર્યક્ષમતા તથા પાચનશક્તિમાં સુધારો થતા રોગ પ્રતિકારક શક્તિ જાળવવાથી ઉત્પાદક્તા જળવાય છે.
- પશુ પેદાશોના ઉત્પાદનમાં વધારો નોધાયો છે.
- માદા જાનવરોની પ્રજનન શક્તિમાં વધારો થતા ઉત્પાદન વધ્યુ છે.
- ઘનિષ્ટ રસીકરણ થતા સાર્વત્રિક રોગપ્રતિકારક શક્તિમાં વધારો જોવા મળ્યો છે.
- પશુપેદાશ, દૂધ ઈંડા, માંસ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થતાં પશુપાલકોને આર્થિક ફાયદો થયેલ છે. પ્રાણીસંસર્ગજન્ય રોગોની જાણકારીથી ફાયદો થયો છે.
- પશુઓમાં તાણમાં ઘટાડો થાય છે.

(૩) તેને કારણે કૃષિ ઉત્પાદનોમાં શું ફાયદો થયો ?

(૩) **કૃષિ :**
કૃષિ મહોત્સવ દરમ્યાન આપવામાં આવેલ માહિતી/માર્ગદર્શનને કારણે ખેડૂતોના કૃષિ વિષયક જ્ઞાન અને માહિતીમાં વધારો થવાથી અને તેના ઉપયોગથી પાક ઉત્પાદનમાં વધારો થયેલ છે.

**બાગાયત :**
કૃષિ મહોત્સવના કારણે ખેડૂતો બાગાયતી પાકો વધુને વધુ અપનાવતા થયા જેના કારણે વિસ્તારમાં વધારો થતા બાગાયતી પાકોના ઉત્પાદનમાં વધારો થયેલ છે.

**પશુપાલન :**
વાર્ષિક ઘરગથ્થુ ઉત્પાદક્તા વૃધ્ધિમાં પશુપાલન દ્વારા વધારો થાય છે.

------------

**પાકિસ્તાનની જેલોમાં રાજ્યના માછીમારો**

૨૦૪૦ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના કેટલા માછીમારો તા. ૩૧/૧/૦૮ ની સ્થિતિએ પાકિસ્તાનની જેલોમાં છે અને માછીમારોની કેટલી બોટો પાકિસ્તાનના કબજામાં છે, અને | (૧) ૨૧૮ માછીમારો અને ૩૪૪ બોટો |
| (૨) માછીમારોને મુક્ત કરાવવા માટે રાજ્ય સરકાર ગંભીર છે ? | (૨) હા. જી. |

------------

**પાટણમાં પી.ટી.સી. કોલેજની વિદ્યાર્થીની પર થયેલ અત્યાચાર સંબંધમાં ગુનેગારો સામે લેવાયેલ પગલાં**

૧૮૮૩ **શ્રી લાલસિંહ ઉ.વડોદીયા (ઉમરેઠ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણમાં પી.ટી.સી. કોલેજની અનુસૂચિત જાતિની વિદ્યાર્થીની ઉપર થયેલ અત્યાચાર સામે ગુનેગારો સામે શું પગલાં ભરવામાં આવ્યા, | (૧) તા. ૪/૨/૦૮ના રોજ ગૃહ વિભાગે ત્વરીત કામગીરી કરી તમામ છ આરોપીઓ સામે નોંધાયેલ પોલીસ ફરિયાદના આધારે ધરપકડ કરી અને કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે. નામ. કોર્ટે પ્રથમ ૭ દિવસના અને ત્યારબાદ છ દિવસના પોલીસ રિમાન્ડ આપ્યા.<br>-- તા. ૪/૨/૦૮ના રોજ તમામ આરોપીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા.<br>-- તા. ૫/૨/૦૮ ના રોજ અન્ય એક વધારાના આરોપી અધ્યાપકને સસ્પેન્ડ કરવામાં આવ્યા અને ડાયેટના કારકુનની બદલી કરવામાં આવી.<br>-- માન. મુખ્યમંત્રીશ્રીએ બળાત્કારની ઘટનાને અત્યંત કડક શબ્દોમાં વખોડી કાઢી તેની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ અને સર્વગ્રાહી તપાસ માટે મેજીસ્ટેરીયલ ઈન્કવાયરીના આદેશ કર્યા.<br>-- તા. ૧૫/૨/૦૮ ના રોજ કેસમાં સંડોવાયેલ આરોપીઓ સામે ખાતાકીય તપાસ શરૂ કરવા માટે નિર્ણય કરવામાં આવ્યો.<br>-- ગૃહ વિભાગ દ્વારા તા. ૨૧/૨/૦૮ના પત્રથી આ સમગ્ર બનાવની સી.આઈ.ડી.ક્રાઈમને તપાસ સોંપવામાં આવી. |
| (૨) ભવિષ્યમાં આ પ્રકારના મહિલાઓ ઉપર થતા અત્યાચારો ડામવા સરકાર શું પગલાં ભરવા માગે છે, અને | (૨) આ બાબતે તજજ્ઞોની સમિતિ બનાવવામાં આવેલ છે. તેના અહેવાલ પછી બાકીની કાર્યવાહી કરવામાં આવશે. |
| (૩) પીડીત વિદ્યાર્થીનીના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવી પુનઃ સન્માનનીય જીવન જીવી શકે તે માટે સરકાર શું કરવા માગે છે ? | (૩) સરકારે પીડિત વિદ્યાર્થીની અને તેના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી પૂરેપૂરો ન્યાય મળે અને આ બનાવમાં સંડોવાયેલ તથા જવાબદાર એવા તમામ નરાધમોને સમાજમાં દાખલા રૂપ સજા થાય તેવો નિર્ધાર વ્યક્ત કરેલ છે. અને નરાધમોને સમાજમાં ખુલ્લા પાડવાની નૈતિક હિંમત દાખવાનારી દીકરીને રૂા. ૧ લાખની સહાય આપવામાં આવેલ છે. રાજ્ય સરકાર આ વિદ્યાર્થીનીના શિક્ષણ, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય તેમજ સામાજીક સુરક્ષાની સંપૂર્ણ કાળજી લેશે, તેવો નિર્ધાર વ્યક્ત કરેલ છે. આ બનાવ અન્વયે એટ્રોસીટી એક્ટ હેઠળ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પણ રૂા. ૨૫૦૦૦/-ની સહાય આ વિદ્યાર્થીનીને આપવામાં આવેલ છે. પાટણ પીટીસી કોલેજની તાલીમાર્થી બહેનોને પાટણ કોલેજને બદલે પોતાની અનૂકુળતા મુજબની શાળામાં પાઠ આપવા તથા વાર્ષિક લેખિત પરિક્ષા માટે પોતાની પસંદગીનું પરીક્ષાકેન્દ્ર રાખવાની વ્યવસ્થા કરેલ છે. |

**આદિજાતિ વિસ્તારોમાં આવેલ કોલેજોમાં ગુણવત્તા સુધારણા**

૨૫૪૭ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિસ્તારમાં આવેલ સરકારી કોલેજોમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે

-- ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુર્નિવર્સીટી દ્વારા ઈન્ટરફેસ

પ્રોજેક્ટ મોબાઈલ વાનની સવલતો ઉપલબ્ધ કરી છે.

-- આદિજાતી વિસ્તારની ૯ (નવ)

સરકારી કોલેજોમાં ઈંગ્લીશ લેંગ્વેઝ

લેબોરેટરીની સ્થાપના કરવામાં આવેલ છે.

-- કોમ્પ્યુટર તેમજ મલ્ટી મીડીયા પ્રોજેક્ટરસ જેવા સાધનોની વ્યવસ્થા, સંદર્ભ ગ્રંથો માટે લાયબ્રેરીની સુવિધા માટે પુસ્તકો ખરીદવામાં આવનાર છે.

-- ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા આદિજાતિ વિસ્તારની સરકારી કોલેજોના આચાર્ય/ અધ્યાપકોને સાપુતારા, અંબાજી મુકામે તાલીમ શીબીરનું આયોજન કરવામાં આવેલ છે.

-- ટેક્નીકલ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સંસ્થાઓ ખાતે અદ્યતન સાધન સામગ્રી સંપાદિત કરવી, ડીજીટલ લાયબ્રેરી, નેટવર્કીંગ સીસ્ટમ, માંગ આધારીત અભ્યાસક્રમો નિરંતર સુધારણા, અભ્યાસ દરમ્યાન તાલીમની જોગવાઈ અને ઓદ્યોગિક ગૃહોની મુલાકાત, તજજ્ઞોના વ્યાખ્યાનોનું આયોજન, શિક્ષકોને તાલીમ વિગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

------------

**અમરેલી જિલ્લામાં મત્સ્યબંદર અંગે**

૨૦૪૧ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં મત્સ્ય બંદરનો વિકાસ કરવાનું આયોજન છે, અને

(૨) જો હા, તો તેની વિગત શી છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) જાફરાબાદ ખાતે રૂા. ૧૬.૬૭ કરોડના ખર્ચે મત્સ્ય બંદર વિક્સાવવાનું આયોજન છે.

------------

**ચોટીલા અને સાયલા તાલુકામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

૧૪૬૯ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૭ની સ્થિતિએ ચોટીલા અને સાયલા તાલુકામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોની સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ ચોટીલા અને સાયલા તાલુકામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોની સંખ્યા ૫૮૬૬૨ છે. જે નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચોટીલા | ૩૫૩૨૬ |
| ૨ | સાયલા | ૨૩૩૩૬ |
| | **કુલ** | **૫૮૬૬૨** |

(૨) પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની કેટલા છે,

(૨) કુલ ૨૮૧ શાળાઓમાં ૧૪૯૯ ઓરડાઓ ઉપલબ્ધ છે.

(૩) કેટલા શિક્ષકો અને ઓરડાની ઘટ છે, અને

(૩) પ્રાથમિક શિક્ષકોની ઘટ નથી પરંતુ ૧૩૬ જગ્યાઓ ખાલી છે. અને ઓરડાની ઘટ ૨૯૫ છે.

(૪) પ્રાથમિક શિક્ષણ સઘન બનાવવા પૂરતા શિક્ષકોની નિમણૂંક કરવાનું કોઈ આયોજન છે કે કેમ ?

(૪) હા, જી. આગામી વર્ષોમાં નવી ભરતી કરી ખાલી જગ્યાઓ ભરવામાં આવનાર છે.

------------

**કન્યા કેળવણી રથયાત્રા**

૨૮૫૬ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં સન ૨૦૦૭ના વર્ષમાં કન્યા કેળવણી રથયાત્રામાં કુલ કેટલા ગામોને આવરી લેવાયેલ હતા, અને

(૧) સન ૨૦૦૭ના વર્ષમાં તા. ૧૫ થી ૧૭ જૂન દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં યોજેલ કન્યા કેળવણી રથયાત્રામાં તમામ ગામો આવરી લેવાયેલ હતા. તથા ૭ કોર્પોરેશન વિસ્તારમાં તા. ૨૨, ૨૩, અને ૨૪ જુન, ૨૦૦૭ ના રોજ યોજવામાં આવેલ હતો.

(૨) કન્યા કેળવણી રથયાત્રાના કારણે બાળકોના ડ્રોપ આઉટ રેટમાં કેટલો ઘટાડો થયો ?

(૨) ગત વર્ષની સરખામણીએ ડ્રોપઆઉટ રેટમાં નીચે મુજબ ઘટાડો થયો છે.

(આંકડા ટકામાં)

| | ધો. ૧ થી ૫ | | | ધો. ૧ થી ૭ | | |
|---|---|---|---|---|---|---|
| વર્ષ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૨૦૦૬-૦૭ | ૨.૮૪ | ૩.૬૮ | ૩.૨૪ | ૯.૧૩ | ૧૧.૬૪ | ૧૦.૨૯ |
| ૨૦૦૭-૦૮ | ૨.૭૭ | ૩.૨૫ | ૨.૯૮ | ૮.૮૧ | ૧૧.૦૮ | ૯.૮૭ |
| થયેલ ઘટાડો | | | ૦.૨૬ | | | ૦.૪૨ |

------------

**રાજ્યમાં ટુકડા ધારા ના પ્રશ્નનો નિકાલ કરવા બાબત**

૨૨૧૧ **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં ટુકડાધારાના પ્રશ્નનો નિકાલ કરવા અધિકારીઓની સમિતિ રચવામાં આવેલ હતી તે હકીકત સાચી છે,

(૧) હા જી.

(૨) આ સમિતિએ તેનો અહેવાલ સરકારને ક્યારે આપેલ છે,

(૨) તા. ૧૯/૭/૨૦૦૬

(૩) અહેવાલ અંગે સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ, અને

(૩) આ બાબત વિચારણા હેઠળ છે.

(૪) જો ના, તો ક્યાં સુધીમાં પગલા લેવા માંગે છે ?

(૪) બાબત વિચારણા હેઠળ છે.

------------

## ભિલોડા તાલુકામાં રસ્તાઓના ડામર કામ

૨૪૪૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં (૧) સરકીલીમડીથી વાંકાટીબા અને (૨) ખેરાડીથી ખિલોડા રસ્તો છેલ્લે ક્યારે ડામર કરવામાં આવ્યો હતો,

(૨) સાવ તૂટી ગયેલ રસ્તાઓને ડામર ન કરવાનાં કારણો શા છે, અને

(૩) હવે સરકાર ક્યાં સુધી રસ્તો ડામર કરવા માંગે છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | કામનું નામ | છેલ્લે ડામર કર્યાનું વર્ષ |
|---|---|---|
| ૧ | સરકી લીમડી વાંકાટીબા રસ્તો | ૧૯૯૩ |
| ૨ | ખેરાડીથી ખીલોડા રસ્તો | ૧૯૯૦ |

(૨) આ બંને રસ્તાઓ નોનપ્લાન ડામર સપાટીવાળા રસ્તા છે. રસ્તાઓને મરામત કરી વાહન વ્યવહાર લાયક રાખેલ છે. નોનપ્લાન રસ્તાઓનું ડામરકામ કરવા અંગે ગ્રાંટ ઉપલબ્ધિ પ્રમાણે આયોજન હાથ ધરવામાં આવે છે.

(૩) ગ્રાંટની ઉપલબ્ધિ અનુસાર આયોજન કરવામાં આવશે.

----------

## ટેકનિકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારણા

૨૨૪૪ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ટેકનિકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે રાજ્ય સરકાર શું પ્રયત્નો કરી રહી છે ?

**જવાબ**

ટેકનિકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે રાજ્ય સરકાર નીચે મુજબ પ્રયત્ન કરી રહી છે

૧. લેંગ્વેજ લેબોરેટરીની સ્થાપના
૨. અધ્યાપકોને ઉચ્ચ અભ્યાસ
૩. સંસ્થાઓનું એક્રેડીટેશન
૪. સંસ્થાઓ ખાતે લાયબ્રેરી તથા પ્રયોગ શાળાઓનું આધુનીકરણ
૫. ટેક્નોલોજીકલ યુનિવર્સિટી
૬. ગુજરાત નોલેજ કોર્પોરેશન
૭. આઈ.આઈ.ટી. બોમ્બેનું રાજ્યમાં એકમ
૮. કોલેજ ટુ કેરીયર પ્રોગ્રામ
૯. મહિલાઓની સ્વરોજગારીના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલ છે.

----------

## ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને ""નેક"" પ્રમાણપત્ર

૨૫૪૦ **શ્રી અનિલકુમાર પટેલ(મહેસાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા ""નેક"" ના પ્રમાણપત્રો રાજ્યની કેટલી સંસ્થાઓએ મેળવેલ હતા, અને

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ""નેક"" પ્રમાણપત્ર અંગે શિક્ષણ વિભાગે ક્યા પગલાં લીધા છે અને તેના પરિણામો શું છે ?

**જવાબ**

(૧) ૧૩ સંસ્થાઓએ ""નેક""ના પ્રમાણપત્રો મેળવેલ હતા.

(૨) (૧) ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા અને વૈશ્વિક માપદંડ સ્થાપવા અર્થે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર દ્વારા સમગ્ર અનુદાનિત સંસ્થાઓને ""નેક""નું પ્રમાણપત્ર મેળવવાનું ફરજિયાત કરવામાં આવેલ છે.

(૨) ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા ખાસ ઝુંબેશ ચલાવીને વિવિધ અનુદાનિત સંસ્થાઓના ટ્રસ્ટીશ્રીઓનો સેમિનાર/વર્કશોપ યોજીને આ બાબતની વિસ્તૃત સમજણ પુરી પાડવામાં આવેલ છે.

(૩) વિવિધ યુનિવર્સીટીઓના કુલપતિશ્રીઓ દ્વારા તેમના અધિકાર ક્ષેત્રમાં આવતી કોલેજોના આચાર્યશ્રીઓનો ખાસ વર્કશોપ યોજી, ""નેક""ના વરિષ્ટ અધિકારીઓની

હાજરીમાં સેલ્ફ સ્ટડી રીપોર્ટ (એસ.એસ.આર) લખવાની ખાસ તાલીમ પૂરી પાડવામાં આવેલ છે.
(૪) માનનીય શિક્ષણ મંત્રીશ્રીના સ્તરેથી તથા આચાર્યોનો ખાસ સેમિનાર યોજીને વહેલામાં વહેલી તકે ""નેક""ની કામગીરી પૂર્ણ કરવાની સૂચના આપેલ છે.
(૫) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીમાં ""નેક""ની કામગીરી માટે ખાસ નોડલ સેન્ટર ઉભુ કરવામાં આવેલ છે.
(૬) ઉચ્ચ શિક્ષણ વિભાગની ઝુંબેશના પરિણામે ગુજરાતમાં ""નેક"" પ્રમાણપત્ર મેળવેલ સંસ્થાઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થતાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં સુધારો થયેલ છે તથા વિદ્યાર્થીઓને રોજગારલક્ષી ફાયદો પણ થવા પામેલ છે.

----------

## રાજ્યમાં નિરાધાર વિધવા મહિલાઓને આર્થિક સ્વનિર્ભરતા

૨૧૯૪ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિરાધાર વિધવા મહિલાઓ આર્થિક રીતે સ્વનિર્ભર બને તે માટે રાજ્ય સરકાર ધ્વારા કોઈ પ્રયાસ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) ૧૮ થી ૪૦ વર્ષની વયજુથની નિરાધાર વિધવાઓને સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત તેઓની સ્વરૂચિ અનુસાર વિવિધ ટ્રેડની તાલીમ આપવામાં આવે છે. તાલીમ બાદ માનવ ગરિમા યોજનાના ધોરણે રૂા. ૩૦૦૦/- ની મર્યાદામાં સાધન સહાય ચુકવવામાં આવે છે અથવા સ્વરોજગારલક્ષી લોન માટે રૂા. ૩૦૦૦/-ની મર્યાદામાં માર્જીન મની આપવામાં આવે છે. |

----------

## રાજ્યના યુવાનોને અંગ્રેજી બોલચાલની તાલીમ

૨૫૪૧ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના યુવાનો અંગ્રેજીમાં બોલચાલની ભાષાનું જ્ઞાન મેળવે તે સારુ રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) ૧૫ થી ૩૫ વર્ષના યુવાનો અંગ્રેજીમાં બોલચાલની ભાષાનું જ્ઞાન મેળવે તે સારૂ સ્કોપ SCOPE (સોસાયટી ફોર ક્રીએશન ઓફ ઓપોર્ચ્યુનીટી થ્રુ પ્રોફીસીયન્સી ઈન ઈંગ્લીશ)ની રચના કરવામાં આવેલ છે.<br>અંગ્રેજીમાં બોલચાલની ભાષાનું પ્રભુત્વ કેળવવા કોમન યુરોપિયન ફ્રેમવર્કના આધાર પર શિક્ષણની રુપરેખા તેયાર કરવામાં આવી છે જેમાં A૧, A૨, B૧, B૨, C૧ અને C૨ સુધીના લેવલ છે જેની પરીક્ષા કેમ્બ્રીજ ઈસોલ (ESOL) ધ્વારા લેવામાં આવે છે અને તેનું પ્રમાણપત્ર આંતરરાષ્ટ્રીય માન્યતા ધરાવે છે જેનાથી યુવાનોને રોજગારીની તકમાં વધારો થશે. |

----------

## ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ

૧૬૭૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓના ઓરડાઓની | (૧) |

કેટલી ઘટ છે, અને

| ક્રમ | તાલુકો | કુલ શાળાઓ | ઓરડાઓની ઘટવાળી શાળાઓની સંખ્યા | ઓરડાઓની ઘટવાળી શાળાઓમાં હાલ ઉપલબ્ધ ઓરડાઓની સંખ્યા | ઓરડાઓની ઘટવાળી શાળાઓમાં બનાવવાના બાકી ઓરડાઓની સંખ્યા (ખુટતા ઓરડાઓ) |
|---|---|---|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૧૩૪ | ૧૦ | ૪૮ | ૧૪ |
| ૨ | કપડવંજ | ૨૭૬ | ૧૦ | ૪૫ | ૨૨ |
| ૩ | કઠલાલ | ૧૭૮ | ૬ | ૩૦ | ૧૨ |
| ૪ | ખેડા | ૮૩ | ૨ | ૩૬ | ૮ |
| ૫ | મહુધા | ૮૫ | ૩ | ૧૮ | ૧૦ |
| ૬ | માતર | ૧૦૪ | ૧૮ | ૩૭ | ૨૬ |
| ૭ | મહેમદાવાદ | ૧૭૨ | ૨૫ | ૭૧ | ૨૯ |
| ૮ | નડિયાદ | ૨૨૫ | ૫ | ૪૦ | ૨૦ |
| ૯ | ઠાસરા | ૨૫૫ | ૧૨ | ૧૫ | ૧૫ |
| ૧૦ | વિરપુર | ૧૪૩ | ૧૨ | ૨૪ | ૧૨ |
| **કુલ** | | **૧૬૫૫** | **૧૦૩** | **૩૬૪** | **૧૬૮** |

(૨) આ ઘટ પૂરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) આ ઘટ પૂરી કરવા ચાલુ વર્ષે ૨૦૦૭-૦૮માં ૧૩૧ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. અને બાકી રહેતા ૩૭ ઓરડાઓનું આગામી વર્ષમાં તબક્કાવાર આયોજન કરી બનાવવામાં આવનાર છે.

## પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને મફત પુસ્તકો

૨૨૧૪ **શ્રી લક્ષ્મણભાઈ પ.પટેલ(ગણદેવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર મફત પાઠયપુસ્તકો પૂરા પાડે છે કે કેમ, અને

(૨) જો હા, તો રાજ્ય સરકાર કોને કોને આવા પાઠયપુસ્તકો મફત પૂરા પાડે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જીલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળા તથા ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતાં બાળકોને મફત પાઠ્ય પુસ્તકો સરકાર ધ્વારા પૂરા પાડવામાં આવે છે.

## રાજ્યના માછીમારોની પાકિસ્તાન ધ્વારા ધરપકડ

૨૦૪૪ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના માછીમારોની પાકિસ્તાન દેશ ધ્વારા ધરપકડ બાદ તેઓની મુક્તિ સમયે તેઓની બોટ પાકિસ્તાન દ્વારા મુક્ત કરવામાં આવતી ન હોઈ તેઓની રોજી રોટી ઉપર અસર થતી હોઈ રાજ્ય સરકાર આવા માછીમારોને નવી બોટ ખરીદવા માટે સહાય આપવા માંગે છે કે કેમ ?

**જવાબ**

હાલમાં આ બાબતે કોઈ યોજના અમલમાં નથી.

----------

## અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના બાળકોનો અકસ્માત વિમો

૧૧૮૦ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લાની તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ધોરણ ૭ માં અભ્યાસ કરતા કેટલા બાળકો અકસ્માતે મૃત્યુ પામ્યા છે,

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લાની તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ધોરણ ૭ માં અભ્યાસ કરતા કુલ ૧૦૪ બાળકો અકસ્માતે મૃત્યુ પામ્યા છે જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં | તાલુકો | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | દશક્રોઈ | ૮ | ૯ | ૪ | ૨૧ |
| ૨ | સીટી | ૫ | ૨ | ૬ | ૧૩ |
| ૩ | બાવળા | ૫ | ૧ | ૦ | ૬ |
| ૪ | સાણંદ | ૬ | ૫ | ૨ | ૧૩ |
| ૫ | ધોળકા | ૩ | ૨ | ૨ | ૭ |
| ૬ | ધંધુકા | ૩ | ૧ | ૧ | ૫ |
| ૭ | વિરમગામ | ૧૩ | ૪ | ૩ | ૨૦ |
| ૮ | રાણપુર | ૨ | ૨ | ૧ | ૫ |
| ૯ | દેત્રોજ | ૨ | ૨ | ૨ | ૬ |
| ૧૦ | માંડલ | ૪ | ૧ | ૧ | ૬ |
| ૧૧ | બરવાળા | ૦ | ૦ | ૨ | ૨ |
| કુલ | | ૫૧ | ૨૯ | ૨૪ | ૧૦૪ |

(૨) તેમાંથી કેટલા બાળકોનો વિમો ક્લેઈમ કંપનીમાં મોકલેલ છે, કેટલા બાળકોનો વિમો પાસ થયો અને તેના પરિવારને કેટલું વળતર મળ્યું,

(૨) કુલ ૧૦૪ બાળકોના વિમા ક્લેઈમ કંપનીમાં મોકલેલ હતા.
-જેમાંથી ૧૮ બાળકોનો વિમો પાસ થયેલ છે. જેઓના પરિવારને કેસ દીઠ રૂા. ૨૫,૦૦૦ લેખે કુલ રૂા. ૪,૫૦,૦૦૦નું વળતર મળેલ છે.

(૩) કેટલા બાળકો બાકી છે ?

(૩) ૮૬

(૪) કેટલા બાળકોનો વિમા ક્લેઈમ નામંજૂર થયો, અને

(૪) ૮૬ પૈકી ૧૮ બાળકોનો વિમા ક્લેઈમ ના મંજૂર થયેલ છે.

(૫) બાકી બાળકોને ક્યારે નાણા મળશે ?

(૫) ૬૮ અરજીઓ સંબંધિત વિમા કંપનીઓ ખાતે પેન્ડિંગ હોઈ કંપની દ્વારા ચુકવણું કરવામાં આવશે.

----------

## એન્યુઈટી ધોરણે રસ્તાઓ વિકસાવવાની કામગીરી બાબત

૨૬૩૩ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા એન્યુઈટી ધોરણે રસ્તાઓ વિકસાવવા નિર્ણય કરેલ છે તે હકિક્ત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ પ્રોજેક્ટમાં કેટલા કિ.મી.ના રસ્તાનો સમાવેશ થાય છે,

(૨) અંદાજે ૨૬૨૧ કી.મી.

(૩) આમાં રસ્તા મુખ્યત્વે કેટલા મીટર પહોળા થશે,

એચબી-૧૦૭૭-૮

(૩) ૧૦ મીટર ડામર સપાટી

(૪) આમાં ક્યા ક્યા રસ્તાઓનો સમાવેશ થાય છે, અને

(૪) આમાં પરિશિષ્ટ-૧માં જણાવ્યા મુજબના રસ્તાઓનો સમાવેશ થાય છે.

(૫) પ્રોજેક્ટ પૂર્ણ થયે રસ્તાની મરામત અને જાળવણી કોણ કરશે ?

(૫) ૧૦ મીટર પહોળાઈનું કામ પુર્ણ થયા બાદ ૧૨ વર્ષ સુધી મરામત અને જાળવણી ખાનગી રોકાણકાર કરશે.

## પરિશિષ્ટ-૧

## બી.ઓ.ટી. (એન્યુઈટી) ધોરણે રાજ્ય ધોરીમાર્ગની સુધારણા ૨૬૨૧.૨૬ કિ.મી. પૈકી

| અનુ. નં | રસ્તાનું નામ | કી. મી. | | લંબાઈ કી.મી.માં |
|---|---|---|---|---|
| | | થી. | સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | રાધનપુર-સમી-હારીજ-ચાણસ્મા-મહેસાણા | ૦/૦૦૦ | ૯૧/૪૫૦ | ૯૧.૪૫૦ |
| ૨ | ચાણસ્મા-પાટણ | ૬૦/૦૦૦ | ૭૮/૦૦૦ | ૧૮.૦૦૦ |
| ૩ | હારીજ-પાટણ | ૦/૦૦૦ | ૨૮/૫૦૦ | ૨૭.૫૦૦ |
| ૪ | પાટણ-ઉંઝા-વિસનગર | ૦/૦૦૦ | ૮૭/૫૦૦ | ૮૭.૫૦૦ |
| ૫ | સાણંદ-ચેખલા-કડી | -- | -- | ૩૭.૬૦૦ |
| ૬ | કડી-કલ્યાણપુરા (સચાણા) વીરમગામ | ૦/૦૦૦ | ૩૧/૦૦૦ | ૩૧.૦૦૦ |
| ૭ | ગાંધીનગર-બાલવા ચોકડી-ગોઝારીયા-ખેરવા-મહેસાણા | ૫/૨૦૦ | ૫૭/૮૦૦ | ૫૨.૬૦૦ |
| ૮ | દાંતા-અંબાજી | ૯૧/૦૦૦ | ૧૧૦/૦૦૦ | ૨૦.૦૦૦ |
| ૯ | અંબાજી-રાજ્યની હદ સુધી | ૧૦૩/૬૦૦ | ૧૦૯/૨૨૫ | ૫.૬૨૫ |
| ૧૦ | મહેસાણાથી-હિંમતનગર | ૯૮/૦૦૦ | ૧૬૫/૬૫૦ | ૬૭.૬૫૦ |
| ૧૧ | હિંમતનગર-ઈડર-અંબાજી | ૦/૦૦૦ | ૧૦૯/૨૨૫ | ૧૦૦.૭૨૫ |
| ૧૨ | દાંતા-પાલનપુર | ૦/૦૦૦ | ૩૬/૦૦૦ | ૩૬.૦૦૦ |
| ૧૩ | ભીલોડા-વિજયનગર | ૦/૦૦૦ | ૩૬/૦૦૦ | ૩૬.૦૦૦ |
| ૧૪ | નેત્રંગ-રાજપીપળા-તીલકવાડા-નસવાડી-બોડેલી-જાંબુઘોડા-હાલોલ | ૧૮૭/૬૦૦ | ૩૩૫/૨૦૦ | ૧૪૭.૬૦૦ |
| ૧૫ | વાપી-ધરમપુર-વાંસદા-ગડત-વાલોદ-માડવી-નેત્રંગ | ૩/૫૦૦ | ૧૭૯/૯૦૦ | ૧૭૬.૪૦૦ |

| અનુ. નં | રસ્તાનું નામ | કી. મી. | | લંબાઈ કી.મી.માં |
|---|---|---|---|---|
| | | થી. | સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૬ | દહેજ-આમોદ-કરજણ<br>(૧) આમોદ-રોઝા-ટંકારીયા-મુલ્લેર-દહેજ | ૦/૦૦૦ | ૪૫/૮૦૦ | ૪૫.૮૦૦ |
| ૧૭ | દહેજ-આમોદ-કરજણ<br>(૨) આમોદ-સરભાણ-માતર-કરજણ રોડ. | ૦/૦૦૦ | ૧૬/૦૦૦ | ૧૬.૦૦૦ |
| ૧૮ | આમોદ-વાગરા-ભરૂચ | ૬૩/૦૦૦ | ૯૭/૦૦૦ | ૩૪.૦૦૦ |
| ૧૯ | આમોદ-જુબંસર | ૬૩/૦૦૦ | ૫૩/૦૦૦ | ૧૦.૦૦૦ |
| ૨૦ | ઝઘડીયા-વાલીયા | ૧૯/૨૦૦ | ૦/૦૦૦ | ૧૯.૨૦૦ |
| ૨૧ | જખૌ-નલીયા | ૯૨/૦૦૦ | ૧૦૬/૦૦૦ | ૧૪.૦૦૦ |
| ૨૨ | માંડવી-મુંદ્રા | ૩૯/૦૦૦ | ૫૨/૦૦૦ | ૪૭.૬૦૦ |
| ૨૩ | મુંદ્રા-ગાંધીધામ | ૪૪/૨૦૦ | ૫૨/૨૦૦ | ૮.૦૦૦ |
| ૨૪ | માંડવી બંદરથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ | ૫૭/૦૦૦ | ૫૮/૨૦૦ | ૧.૨૦૦ |
| ૨૫ | પીપાવાવથી ક્હીયાલ  રાષ્ટ્રીય ધોરીમાર્ગ જંક્શન | ૧/૦૦૦ | ૯/૯૨૫ | ૮.૯૨૫ |
| ૨૬ | હીડોરણા એન.એચ. જંક્શન થી રાજુલા બાયપાસ | ૦/૦૦૦ | ૩/૦૦૦ | ૧.૪૦૦ |
| ૨૭ | રાજુલા-બાયપાસ | ૦/૦૦૦ | ૨/૬૦૦ | ૨.૬૦૦ |
| ૨૮ | રાજુલા-બાયપાસ-સાવરકુંડલા | ૩૧/૦૦૦ | ૬૯/૦૦૦ | ૩૮.૦૦૦ |
| ૨૯ | વિરમગામ-પંચાસર-સમીરોડ | ૧૦૬/૪૦૦ | ૧૪૧/૨૦૦ | ૩૩.૮૦૦ |
| ૩૦ | રાજકોટ બાયપાસ | ૦/૦૦૦ | ૫/૩૦૦ | ૫.૩૦૦ |
| ૩૧ | ઈટાળવા-સીસોદ્રા રોડ | ૩/૮૦૦ | ૭/૬૦૦ | ૩.૮૦૦ |
| ૩૨ | ધોલપીપલા-અમરી-કાસ્બા રોડ (જુનો એન.એચ.) | ૦/૦૦૦ | ૩/૮૦૦ | ૩.૮૦૦ |
| ૩૩ | ચીખલી-વાંસદા-વઘઈ-આહવા | ૧૧/૦૦૦ | ૯૩/૦૦૦ | ૮૦.૮૦૦ |
| ૩૪ | ભરૂચથી અંક્લેશ્વર | ૧૯૨/૪૦૦ | ૨૦૦/૨૦૦ | ૬.૩૫૦ |
| ૩૫ | વાલીયા નેત્રંગ | ૨૦/૦૦૦ | ૪૩/૦૦૦ | ૨૩.૦૦૦ |
| ૩૬ | ડભોઈ-બોડેલી | ૩૦/૦૦૦ | ૬૭/૦૦૦ | ૩૭.૦૦૦ |
| ૩૭ | ડભોઈ-રાજપીપળા-વાયા સેગવા | ૦/૦૦૦ | ૪૧/૦૦૦ | ૪૧.૦૦૦ |
| ૩૮ | સુઈગામ-સીંઘાડા | ૦/૦૦૦ | ૩૯/૭૫૦ | ૩૯.૭૫૦ |
| ૩૯ | ઉમરેઠ-ઓડ-સારસા રોડ | ૩/૦૦૦ | ૧૯/૪૦૦ | ૧૬.૪૦૦ |
| ૪૦ | સારસા-વાસદ રોડ. | ૦/૦૦૦ | ૯/૩૦૦ | ૯.૩૦૦ |
| ૪૧ | સુરેન્દ્રનગર-વણા-માલવણ-બજાણા-પાલડી-ઝેનાબાદ-દસાડા (૫૬ થી ૫૯/૫) કી.મી. | ૦/૦૦૦ | ૭૭/૨૦૦ | ૭૩.૭૦૦ |
| ૪૨ | ચાવંડ-ઢસા | ૮૯/૦૦૦ | ૧૦૨/૨૦૦ | ૧૩.૨૦૦ |
| ૪૩ | દસાડા-શંખેશ્વર | ૯૪/૫૪૦ | ૧૧૫/૫૦૦ | ૨૦.૯૬૦ |
| ૪૪ | રાજકોટ-આટકોટ-ઢસા-શિહોર-ભાવનગર | ૭/૨૦૦ | ૧૬૪/૧૫૦ | ૧૫૬.૯૫૦ |
| ૪૫ | મુંદ્રા-પ્રાગપર-એન.એચ.મુંદ્રાથી પ્રાગપર જંક્શન | ૪૪/૮૦૦ | ૫૩/૦૦૦ | ૮.૨૦૦ |
| ૪૬ | નવલખી-મોરબી | ૬૫/૭૦૦ | ૧૦૮/૦૦૦ | ૪૨.૩૦૦ |
| ૪૭ | નવલખી-માળિયા | ૩/૫૦૦ | ૨૪/૦૦૦ | ૨૦.૫૦૦ |
| ૪૮ | પેડીયા-ધ્રોલ- (૧) ધ્રોળ-ભાદર પાટીયા રોડ<br>(૨) ભાદર પાટીયા થી જોડીયા રોડ. | ૦/૦૦૦<br>૦/૦૦૦ | ૧૩/૬૦૦<br>૭/૦૦૦ | ૧૩.૬૦૦<br>૭.૦૦૦ |
| ૪૯ | બેડેશ્વર (જામનગર ઓક્ટ્રોય)-વાલસુરા રોડ | ૦/૦૦૦ | ૪/૨૦૦ | ૪.૨૦૦ |
| ૫૦ | પોરબંદર થી એન.એચ. | -- | -- | ૩.૭૦૦ |
| ૫૧ | સીમર બંદરથી એન.એચ. સીમર | ૦/૦૦૦ | ૧૮/૦૦૦ | ૧૮.૦૦૦ |
| ૫૨ | રાજુલા-ચાર-નાલા-જાફરાબાદ | ૬/૪૦૦ | ૨૨/૦૦૦ | ૧૫.૬૦૦ |
| ૫૩ | કડિયાલી-ભેરાઈ-પીપાવાવ બંદર | ૦/૦૦૦ | ૯/૩૨૫ | ૯.૩૨૫ |
| ૫૪ | નવા બંદર એસ.એચ. જંક્શન | ૦/૦૦૦ | ૧૪/૦૦૦ | ૧૪.૦૦૦ |
| ૫૫ | નવા બંદર થી ભાવનગર | ૦/૦૦૦ | ૮/૦૦૦ | ૮.૦૦૦ |
| ૫૬ | ઘોઘા-વરતેજ રોડ. | ૦/૦૦૦<br>૨૦૨/૦૦૦ | ૧૪/૦૦૦<br>૧૯૨/૨૦૦ | ૧૪.૦૦૦<br>૯.૮૦૦ |
| ૫૭ | ઓલપાડ-મગદલ્લા | -- | -- | ૧૭.૪૦૦ |
| ૫૮ | પલસાણા-બારડોલી | ૦/૦૦૦ | ૧૫/૮૦૦ | ૧૫.૮૦૦ |
| ૫૯ | ઉમરગામ-ભિલાડ. | ૦/૦૦૦ | ૫/૨૦૦ | ૨૦.૦૦૦ |
| ૬૦ | ભિલાડ-ફણસા | ૦/૦૦૦ | ૧૩/૨૦૦ | ૧૩.૨૦૦ |
| ૬૧ | ધ્રોલ બંદરથી કોસ્ટલ હાઈવે બીલીમોરા નગરપાલિકા અને ધરાસણા-ડુંગરી-એન.એચ. | -- | -- | ૨૦.૯૫૦ |
| ૬૨ | વાંસી-બોરસી બંદરથી ઉભરાટ | ૦/૦૦૦ | ૧૦/૪૦૦ | ૧૦.૪૦૦ |
| ૬૩ | ઉભરાટ-મરોલી-વેસ્મા-એન.એચ. ૦૮ | ૩/૦૦૦ | ૨૭/૦૦૦ | ૨૪.૦૦૦ |
| ૬૪ | એસ.એચ. થી ધોલેરા બંદર | -- | -- | ૮.૦૦૦ |
| ૬૫ | એન.એચ. જક્શન થી ભાટિયા ખંભાળિયા | ૧૪૫/૦૦૦ | ૨૦૨/૪૦૦ | ૫૭.૪૦૦ |
| ૬૬ | ધ્વારકા-મીઠાપુર-ઓખા બંદર | ૨૩૨/૦૦૦ | ૨૬૨/૨૦૦ | ૨૨.૦૦૦ |
| ૬૭ | ખંભાળીયા-સલાયા | ૩/૨૦૦ | ૧૪/૫૦૦ | ૧૧.૭૦૦ |
| ૬૮ | માળીયા-આમરણ-જાંબડા-જોડીયા | -- | -- | ૧૦૫.૦૦૦ |
| ૬૯ | સિક્કા બંદરથી એસ.એચ. જંક્શન | ૦/૦૦૦ | ૮/૯૦૦ | ૮.૯૦૦ |
| ૭૦ | બેડી બંદર થી એસ.એચ. જંક્શન (હાપા) | -- | -- | ૧૬.૦૦૦ |
| ૭૧ | ગોઝારીયા-વિસનગર | ૩૨/૦૦૦ | ૫૬/૦૦૦ | ૨૪.૦૦૦ |
| ૭૨ | પ્રાંતિજ-લાકરોડા-માણસા-કલોલ | ૦/૦૦૦ | ૩૧/૦૦૦ | ૨૯.૦૦૦ |
| ૭૩ | પાટણ-ડીસા | ૭૮/૦૦૦ | ૧૪૨/૦૦૦ | ૬૪.૦૦૦ |

| અનુ. નં | રસ્તાનું નામ | કી. મી. | | લંબાઈ કી.મી.માં |
|---|---|---|---|---|
| | | થી. | સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૭૪ | થરાદ-ડીસા | ૩૩/૨૯૦ | ૮૮/૩૯૦ | ૫૫.૧૦૦ |
| ૭૫ | દેશલપર-મોથાલા-નલીયા. | ૨૫/૪૦૦ | ૯૦/૮૦૦ | ૬૫.૦૦૦ |
| ૭૬ | લુણાવાડા-સંતરામપુર-ઝાલોદ બોર્ડર સુધી | ૧૩૩/૦૦૦ | ૨૧૧/૦૦૦ | ૭૮.૦૦૦ |
| | | | કુલ | ૨૬૨૧.૨૬ |

------------

**રાજ્યમાં સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ**

૨૦૭૭ **શ્રીમતી જશોદાબેન ચ.પરમાર(જોટાણા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ખેડૂતોને તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી મહેસાણા જિલ્લાના તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના ખેડૂતોને કુલ ૧૬,૫૨,૮૭૯ સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે.

(૨) તે પૈકી મહેસાણા જિલ્લાના તાલુકાવાર કુલ ૬૭,૬૮૦ ખેડૂતોને નીચે જણાવેલ વિગતે સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| મહેસાણા | ૮૦૭૭ |
| કડી | ૯૩૦૭ |
| બેચરાજી | ૬૮૩૮ |
| વિજાપુર | ૭૭૯૩ |
| ખેરાલુ | ૮૨૮૫ |
| વડનગર | ૫૦૬૧ |
| સતલાસણા | ૮૮૫૭ |
| વિસનગર | ૬૮૫૩ |
| ઉંઝા | ૬૬૦૯ |
| **કુલ :** | **૬૭૬૮૦** |

-------------

**અમદાવાદ જિલ્લામાં કિસાન પથ યોજના**

૨૬૪૬ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કિસાન પથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ ના આયોજનમાં અમદાવાદ જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા ?

**જવાબ**

કિસાન પથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ના આયોજનમાં અમદાવાદ જિલ્લા માટે ૨૨ રસ્તા રૂા. ૭૫૫.૮૬ લાખના મંજૂર કરેલ છે.

------------

**કન્યાઓમાં શિક્ષણનો વ્યાપ વધારવા બાબત**

૨૨૦૯ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કન્યાઓમાં શિક્ષણનો વ્યાપ વધારવા છેલ્લા ત્રણ વર્ષમાં સરકારે શું પગલા લીધેલ છે,

**જવાબ**

(૧) કન્યાઓમાં શિક્ષણનો વ્યાપ વધારવા પ્રાથમિક શાળાઓમાં ભણતી કન્યાઓ માટે રાજ્ય સરકાર દ્વારા.

- કન્યા કેળવણી રથયાત્રા-શાળા પ્રવેશ મહોત્સવ કાર્યક્રમ.
- માન. મુખ્ય મંત્રીશ્રી કન્યા કેળવણી નિધિની રચના
- વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના
- કન્યાઓ માટે અલગથી સેનીટેશન સુવિધા જેવી યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે.

માધ્યમિક શાળાઓમાં ભણતી કન્યાઓ માટે.

- વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના
- કન્યાઓ માટે ૩૯ માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૨) ઓછી સ્ત્રી સાક્ષરતાવાળા તાલુકામાં કન્યા શિક્ષણનો દર વધારવા કોઈ યોજના બનાવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૩) **પ્રાથમિક શાળા**<br>રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારમાં ૩૫ ટકા કરતાં ઓછી સ્ત્રી સાક્ષરતા ધરાવતાં ગામોમાં ધો-૧માં પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવનાર કન્યાને રૂા. ૧૦૦૦/- ના નર્મદા શ્રીનિધિ બોન્ડ આપવાની વિદ્યાલક્ષ્મી યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અન્વયે શહેરી વિસ્તારમાં બીપીએલ કુટુંબની કન્યાને પણ વર્ષ ૨૦૦૫-૦૬થી આવરી લેવામાં આવેલ છે.<br>**માધ્યમિક શાળા**<br>માધ્યમિક શાળા ધો. ૮માં પ્રવેશ મેળવતી કન્યાઓને રૂા. ૨૦૦૦ના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે. જે ગામડાઓમાં ૩૫ ટકા કરતાં ઓછો મહિલા સાક્ષરતા દર હોય તેવા વિસ્તારમાં આવેલી કન્યા શાળાઓને ખાસ કિસ્સા તરીકે અનુદાનપાત્રતા આપવામાં આવેલ છે. |

------------

## ઘેડ વિસ્તાર માટે રસ્તાઓ

૨૩૫૦ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માંગરોળ તાલુકાના ઘેડ વિસ્તાર માટેના રસ્તાઓ માટે સરકારે કોઈ પેકેજ જાહેર કરેલ છે કે કેમ, | (૧) હા, જી. માંગરોળ તાલુકાના ઘેડ વિસ્તારના માર્ગોની સુધારણા માટે બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આમાં ક્યા ક્યા રસ્તાઓનો સમાવેશ થયેલ છે, અને | (૨) હાલમાં નીચેના બે રસ્તાઓના અનુભાગનો સમાવેશ થયેલ છે.<br>(૧) બગસરા ફુલરામ ઓસા બાલાગામ રોડ.<br>(૨) સાંઢા-સામરડા રોડ. |
| (૩) આ કામો ક્યારે શરૂ કરવા માંગો છો ? | (૩) આ કામો પૈકી ક્રમ (૧)નું કામ પ્રગતિમાં છે. જ્યારે ક્રમ (૨)નું કામ પૂર્ણ થયેલ છે. |

------------

## મહેસૂલી કાયદાઓ અંગે

૨૨૨૦ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વહીવટીના સરળીકરણ અને એક વાક્યતા માટે મહેસૂલ વિભાગ તેના હસ્તકના કાયદાઓ હેઠળ ચેકલીસ્ટ તૈયાર કરવા માંગે છે કે કેમ ? | હા, જી. |

------------

## મોરબી તાલુકાના બગથરા ગામે માઈનોર બ્રીજ બનાવવા અંગે

૧૧૮૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના મોરબી તાલુકાના બગથરા (માણેકવાડા રોડ) ગામે આવેલ વાંકડા ઉપર માઈનોર બ્રીજ બાંધવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો ના, તો કેટલા સમયમાં કામ શરૂ કરવામાં આવશે, અને<br>(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) અને (૩)<br>જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે કામ હાથ ધરી, પૂર્ણ કરવાનું આયોજન બનતી ત્વરાએ. |

------------

## સર્વ શિક્ષા અભિયાનના અમલીકરણ અંગે

૨૫૧૫ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સર્વ શિક્ષા અભિયાનના અમલીકરણ બાદ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૭ માં છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષ દરમ્યાન વર્ષવાર ડ્રોપ આઉટ રેટ શું હતો ?

**જવાબ**

**ધોરણ ૧ થી ૭**

| વર્ષ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૫.૩૩ | ૨૨.૮૦ | ૧૮.૭૯ |
| ૨૦૦૫-૦૬ | ૯.૯૭ | ૧૪.૦૨ | ૧૧.૮૨ |
| ૨૦૦૬-૦૭ | ૯.૧૩ | ૧૧.૬૪ | ૧૦.૨૯ |

------------

## ગુજરાતમાં બી.ટી.કપાસના બિયારણ અંગે

૨૧૧૪ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારની સ્પષ્ટ સૂચનાઓ છતાં રાસી વિક્રમ, નાથ અને જે.કે.સીડ કંપનીઓએ રાજ્યમાં રૂા. ૭૫૦/- કરતા વધુ ભાવો લઈ ખેડૂતોને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં બી.ટી. કપાસના બિયારણનું વેચાણ કરેલું એ ખરુ છે, અને

(૨) રાજ્યમાં ખેડૂતોને જે તે પાક માટે વ્યાજબી ભાવે બીયારણો મળી રહે તે માટે સરકાર શા પગલાં લઈ રહી છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) રાજ્યના ખેડૂતોને શુદ્ધ, ઉચ્ચ ગુણવત્તાવાળા, વાજબી ભાવે, પુરતા પ્રમાણમાં અને સમયસર બિયારણ મળી રહે તે માટે ગુજરાત રાજ્ય બીજ નિગમ લી., ગુજકોમાસોલ જેવી સહકારી સંસ્થાઓ તેમજ બિયારણ વૃદ્ધિ કેન્દ્રો દ્વારા બિયારણ ઉત્પાદન કાર્યક્રમો લઇ જિલ્લા ખરીદ વેચાણ સંઘ/સહકારી મંડળીઓ, એગ્રો સર્વીસ સેન્ટરો મારફતે વિતરણ કરવાની વ્યવસ્થા ગોઠવેલ છે.

------------

## પંચમહાલ જિલ્લામાં નિરાધાર વિધવાઓને સહાય

૨૨૫૦ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૧-૪-૦૪ થી ૩૧-૧-૦૭ સુધીમાં કેટલી નિરાધાર વિધવા મહિલાઓ માસિક વિધવા સહાય મેળવતી હતી,

(૨) તે પૈકી શહેરા અને લુણાવાડા તાલુકાઓમાં કેટલી,

(૩) કેટલી નિરાધાર વિધવા મહિલાઓને વિધવા સહાય બંધ કરેલ છે, અને

(૪) બંધ કરવાનાં કારણો શું છે ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૧-૪-૦૪ થી તા. ૩૧-૧-૦૭ સુધીમાં ૭૪૦૧ નિરાધાર વિધવા મહિલાઓ માસિક વિધવા સહાય મેળવતી હતી.

(૨) તે પૈકી શહેરા તાલુકામાં ૬૭૭ અને લુણાવાડા તાલુકામાં ૧૧૫૧ વિધવા બહેનો વિધવા સહાય મેળવતી હતી.

(૩) તે પૈકી શહેરા તાલુકામાં ૫૫ અને લુણાવાડા તાલુકામાં ૫૫ નિરાધાર વિધવા મહિલાઓને વિધવા સહાય બંધ કરેલ છે.

(૪) બંધ કરવાના કારણો નીચે મુજબ છે.

(૧) લાભાર્થીની ઉંમર ૬૦ વર્ષ થતા.

(૨) લાભાર્થીનું અવસાન થતા.

(૩) લાભાર્થીનો પુત્ર પુખ્તવયનો થતા.

(૪) બોગસ રીતે સહાય મેળવતા હોવાનું માલુમ પડતા.

(૫) લાભાર્થીએ પુનઃ લગ્ન કરતા.

------------

**માંડવી તાલુકા ક્વોરી પ્રવૃત્તિને કારણે ખેતીના પાકને નુકસાન**

૨૭૩૬ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં માંડવી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ક્વોરીની પ્રવૃત્તિને કારણે આજુબાજુના આદિવાસી ખેડૂતોના ઊભા પાકોને નુકસાન થઈ રહયું છે તે સરકાર જાણે છે, અને | (૧) સુરત જિલ્લામાં માંડવી તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં ક્વોરી પ્રવૃત્તિને કારણે આજુબાજુના આદિવાસી ખેડૂતોના કોઇ ઉભા પાકોને નુકસાન થયેલ નથી. |
| (૨) જો હા, તો આ નુકસાન અટકાવવા માટે સરકાર શા પગલાં લેવા માગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ઇજનેરી કોલેજોની બેઠકોમાં વધારો**

૨૨૩૨ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં વર્ષવાર એન્જીનીયરીંગ કોલેજોની બેઠકોમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને | (૧) છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં વર્ષવાર એન્જીનીયરીંગ કોલેજોની બેઠકોમાં નીચે મુજબ વધારો કરવામાં આવ્યો. |

| વર્ષ | બેઠકો |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૩૦૦ |
| ૨૦૦૬-૦૭ | ૧૪૬૯ |
| ૨૦૦૭-૦૮ | ૧૧૭૦ |
| **કુલ :-** | **૨૯૩૯** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) છેલ્લા ત્રણ વર્ષમાં નવા ક્યા ક્યા કોર્ષો ચાલુ કરવામાં આવ્યા ? | (૨) છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં ડિગ્રી ઈજનેરીમાં ૧ અભ્યાસક્રમ તથા ડિપ્લામામાં ૪ એમ કુલ ૫ અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવ્યા. |

**દરિયા કિનારે વ્હેલ માછલી**

૧૯૩૭ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના દરિયા કિનારે વ્હેલ માછલી જોવા મળે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) વ્હેલ માછલી માછીમારોની જાળને નુકસાન કરે, તો સરકાર શું સહાય આપે છે ? | (૨) વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રૂા. ૨૫,૦૦૦/- ની મર્યાદામાં વળતર ચૂકવવામાં આવે છે. |

**જૂનાગઢ જિલ્લામાં હોડીઓ ફાળવવા અંગે**

૨૩૪૬ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના ઘેડ વિસ્તારમાં દર વર્ષે જિલ્લાની પાંચ નદીઓમાં આવતા પુરના કારણે પાણી ભરાય છે ત્યારે લોકોના જાનમાલની રક્ષા માટે જિલ્લા/તાલુકા કક્ષાએ હોડીઓ કાયમી ધોરણે રાખવા માટે કે ફાળવવા માટેની દરખાસ્તો રાજ્ય સરકાર પાસે તા. ૩૧-૧-૦૮ સુધીમાં કેટલી થયેલ છે, અને | (૧) ઘેડ વિસ્તાર સહિત જિલ્લાના અમૂક વિસ્તારો માટે કુલ : ૩ દરખાસ્તો થયેલ છે. |
| (૨) આ દરખાસ્તો પછી કાયમી નિર્ણય નહીં કરવાના કારણો શાં છે ? | (૨) રાજ્ય સરકારે પ્રથમ તબક્કે રાજ્યના મહાનગરપાલિકા વિસ્તારો માટે હોડીઓ ફાળવેલ છે. થયેલ સર્વેક્ષણ મુજબ જુનાગઢ જિલ્લામાં ૧૩૮૮ હોડીઓ ઉપલબ્ધ છે, જેથી હવે પછી જરૂરિયાત મુજબ જિલ્લા કક્ષાએ હોડીઓ ફાળવવાનું આયોજન છે. |

**રાજ્ય મંત્રીમંડળના આવાસોના રીપેરીંગ અંગે**

૨૫૮૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ઓકટોબર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્યના મંત્રીમંડળના સભ્યોના બંગલાઓના રીપેરીંગ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | રૂા. ૨૭.૫૪ લાખ ખર્ચ થયેલ છે. |

## સાવલી તાલુકામાં મેસુરી નદી પર પુલ બાંધવાની કાર્યવાહી

૧૧૪૧ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવલી તાલુકામાં કડાછલા અને વાંકાનેડા ગામ વચ્ચે મેસુરી નદી ઉપર પુલ બાંધવા માટે બજેટમાં ક્યારે જોગવાઇ કરવામાં આવી, અને

(૨) આ જોગવાઇ પછી તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કાર્યવાહી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) સને ૧૯૯૧-૯૨માં સો પ્રથમવાર બજેટમાં જોગવાઈ કરવામાં આવી.

(૨) નકશા અંદાજ બનાવવાની કાર્યવાહીમાં.

------------

## રાજ્યમાં સોઇલ હેલ્થ કાર્ડના વિતરણ અંગે

૨૦૮૪ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ખેડૂતોને તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી અમદાવાદ જિલ્લાના તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, રાજ્યના ખેડૂતોને કુલ ૧૬,૫૨,૮૭૯ સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવેલુ છે.

(૨) તે પૈકી અમદાવાદ જિલ્લાના તાલુકાવાર નીચે જણાવેલ વિગતે ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે.

| | |
|---|---|
| સીટી-૫૭૩ | ધોળકા-૧૨૯૧૮ |
| દશક્રોઈ-૮૮૦૪ | બાવળા-૫૧૭૮ |
| સાણંદ-૮૦૮૭ | ધંધુકા-૬૬૨૨ |
| વિરમગામ-૭૦૫૯ | બરવાળા-૨૮૯૭ |
| માંડલ-૪૧૦૫ | રાણપુર-૨૪૩૦ |
| દેત્રોજ-૬૭૨૦ | |
| | કુલ : ૬૫૩૯૩ |

------------

## રાજ્યમાં પ્રાથમિક શાળાઓના ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો

* ૨૫૪૮ **શ્રી ભાવનાબેન મકવાણા** (તળાજા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૭ માં ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો થયો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ડ્રોપ આઉટ ઘટાડવા માટે રાજ્ય સરકારે નીચે મુજબના પગલાં લીધેલ છે.

૧. દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.
૨. વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના દાખલ કરેલ છે.
૩. વિદ્યાદીપ યોજના દાખલ કરવામાં આવેલ છે.
૪. માન.મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણીનિધિની રચના કરવામાં આવેલ છે.
૫. રાજ્ય સરકારે એક શિક્ષક દીઠ એક ઓરડાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ છે.
૬. મહિલા શૌચાલયનું બાંધકામ કરવામાં આવેલ છે.
૭. વિદ્યાસહાયક ભરતી યોજના અને વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠ્ય પુસ્તકો પૂરા પાડવામાં આવે છે.
૮. સર્વ શિક્ષા અભિયાન.
૯. બાળકોને તરંગ અને ઉલ્લાસમય શિક્ષણ.
૧૦ આંગણવાડી ન હોય તેવા ગામોમાં ઇસીસીઇ કેન્દ્રો ખોલવામાં આવે છે.

**ગાંધીનગરના માર્ગો છ માર્ગીય કરવા અંગે**

૨૩૮૨ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગરમાં "ગ" માર્ગ તેમજ રોડ નં. ૧, ૨, ૩ અને ૪ એ ના ચાર / છ માર્ગીય બનાવવાનાં છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે શું આયોજન છે, અને | (૨) વર્ષ ૨૦૦૮-૦૯ના બજેટમાં આ રસ્તાના પહોળા/ચાર માર્ગીય કરવાના કામોનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૩) આ આયોજન પાછળ થનાર ખર્ચની વિગતો શું છે ? | (૩) આ રસ્તાના કામોની પાછળ રૂા. ૧૭.૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. |

------------

**કેન્દ્ર સરકાર દ્વારા સહકારી માળખાની યોજનાઓ**

૨૬૨૫ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા સહકારી માળખાને સંગીન બનાવવા કઇ કઇ યોજનાઓ રાજ્યમાં મંજૂર કરેલ છે, અને કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે, અને | (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા સહકારી માળખાને સંગીન બનાવવા વૈદ્યનાથન સમિતિની ભલામણોના સ્વીકાર સંબંધે રીવાઇવલ પેકેજ મંજૂર કરવામાં આવેલ છે.<br>તા. ૩૧-૦૧-૨૦૦૮ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા કોઇ ગ્રાન્ટ ફાળવેલ નથી. |
| (૨) તે પૈકી આણંદ જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને તે અંતર્ગત કેટલી સંસ્થા/વ્યક્તિઓને લાભ મળશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં એલ.આઇ. અને વી.ઓ. ની ખાલી જ્યાઓ**

૨૭૬૨ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં લાઇવ સ્ટોક ઇન્સપેક્ટર અને વેટરનરી ઓફીસરનું કુલ કેટલું મહેકમ છે, | (૧) લાઇવ સ્ટોક ઇન્સ્પેક્ટર - ૧૬૫૨ જ્યાઓ<br>વેટરનરી ઓફીસર - ૬૭૪ જ્યાઓ. |
| (૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ મહેકમ પ્રમાણે કેટલી જ્યા ખાલી છે, અને | (૨) લાઇવ સ્ટોક ઇન્સ્પેક્ટર - ૫૬૦ જ્યાઓ<br>વેટરનરી ઓફીસર - ૨૨૫ જ્યાઓ. |
| (૩) ખાલી જ્યાઓ કેટલા સમયમાં ભરવા માગો છો ? | (૩) જેમ બને તેમ જલ્દી. |

------------

**રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેટ**

૨૫૪૫ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૭ માં ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો થયો છે તે હકીક્ત સાચી છે; અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શું છે ? | (૨) ડ્રોપ આઉટ ઘટાડવા માટે રાજ્ય સરકારે નીચે મુજબના પગલાં લીધેલ છે.<br>૧. દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.<br>૨. વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના દાખલ કરેલ છે.<br>૩. વિદ્યાદીપ યોજના દાખલ કરવામાં આવેલ છે. |

૪. માન.મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણીનિધિની રચના કરવામાં આવેલ છે.
૫. રાજ્ય સરકારે એક શિક્ષક દીઠ એક ઓરડાનો સેધ્ધાંતિક સ્વીકાર કરેલ છે.
૬. મહિલા શોચાલયનું બાંધકામ કરવામાં આવેલ છે.
૭. વિદ્યાસહાયક ભરતી યોજના અને વિદ્યાર્થીઓને વિના મુલ્યે પાઠ્ય પુસ્તકો પૂરા પાડવામાં આવે છે.
૮. સર્વ શિક્ષા અભિયાન.
૯. બાળકોને તરંગ અને ઉલ્લાસમય શિક્ષણ.
૧૦ આંગણવાડી ન હોય તેવા ગામોમાં ઇસીસીઇ કેન્દ્રો ખોલવામાં આવે છે.

------------

**વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં સરકારી બી. એડ. કોલેજ શરૂ કરવા અંગે**

૧૨૮૨ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં નસવાડી તાલુકામાં સરકારી બી. એડ. કોલેજ ક્યારથી શરૂ કરવામાં આવી, અને | (૧) સન ૨૦૦૪-૨૦૦૫. |
| (૨) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ આ કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો કરી દેવાયો છે તે માટે સરકાર સંખ્યા વધે તેવા ક્યા ક્યા પ્રયાસો કરેલા છે ? | (૨) N.C.T.E. તરફથી મંજૂર થયેલ ઇન્ટેક (સંખ્યા) મુજબ જરૂરી ખૂટતા વ્યાખ્યાતાઓની જ્ગ્યા ભરવા માટે કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |

**આણંદ જિલ્લામાં નાળીયા પહોળા કરવા કાર્યવાહી**

૧૧૫૧**શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રસ્તાઓ મોટા થતા કેનાલો માટેના નાળીયા નાના અને સાંકડા છે તેને પહોળા કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | આણંદ જિલ્લામાં પ્રશ્ન હેઠળના સમય ગાળામાં પહોળા થયેલ રસ્તા ઉપર કેનાલ ક્રોસીંગ કરતું એક નાળું સાંકડું છે જેને પહોળું કરવા માટે વર્ષ ૨૦૦૮-૦૯માં આયોજન કરી કામગીરી હાથ ધરવામાં આવનાર છે. |

**મોરબી તાલુકાની ગ્રામ પંચાયતોને મહેસૂલી ગામો તરીકે જાહેર કરવા અંગે**

૧૦૬૫ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં સન ૧૯૬૩ બાદ નવી રચાયેલી ગ્રામ પંચાયતોને અલગ મહેસૂલી ગામો જાહેર કરવાની કાર્યવાહી હાલ ક્યા તબક્કે પહોંચી છે; | (૧)૧૯૬૩ બાદ નવી રચાયેલી છ ગ્રામ પંચાયતો પેકી ભરતનગર ગ્રામ પંચાયત એ મહેસૂલી ગામ જાહેર કરવાની માંગણી કરેલ છે જે જિલ્લા કક્ષાએ ચકાસણી હેઠળ છે. |
| (૨) આ કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ થશે; અને | (૨) દરખાસ્ત મળ્યેથી |
| (૩) કેટલા સમયની અંદર આવા ગામોને અલગ મહેસૂલી ગામો જાહેર કરવામાં આવશે ? | (૩) સંબંધિત ગ્રામ પંચાયતો પાસેથી માગણી આવ્યેથી વિચારણા હાથ ધરી શકાય. |

**સુરત જિલ્લામાં મામલતદાર કચેરીના મકાન અંગે**

૧૮૩૫ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં માંગરોળ તાલુકાની મામલતદાર કચેરી જર્જરીત હાલતમાં છે તો નવી કચેરીના મકાનનું બાંધકામ કરવા માગો છો, કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં ? | (૨) બનતી ત્વરાએ. |

------------

## રાજ્યમાં મામલતદાર અને નાયબ મામલતદારની ખાલી જગ્યાઓ

૨૨૮૯ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં મામલતદાર સંવર્ગની તથા નાયબ મામલતદાર સંવર્ગની જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે; અને

(૨) આ જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં મામલતદાર અને નાયબ મામલતદાર સંવર્ગની મહેસૂલ વિભાગ હેઠળની જિલ્લાવાર ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | મામલતદારની ખાલી જગ્યાની સંખ્યા | નાયબ મામલતદારની ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ | ૭ | ૧૦ |
| અમરેલી | ૦ | ૧૦ |
| આણંદ | ૨ | ૧૬ |
| ૧ | ૨ | ૩ |
| ભરૂચ | ૧ | ૯ |
| ભાવનગર | ૩ | ૧ |
| બનાસકાંઠા | ૬ | ૧૦ |
| દાહોદ | ૨ | ૨૪ |
| ડાંગ | ૦ | ૯ |
| ગાંધીનગર | ૧૦ | ૫ |
| જામનગર | ૪ | ૧૨ |
| જૂનાગઢ | ૨ | ૫૩ |
| ખેડા | ૧ | ૫૧ |
| કચ્છ | ૪ | ૧૯ |
| મહેસાણા | ૧ | ૨ |
| નર્મદા | ૧ | ૩ |
| નવસારી | ૨ | ૫ |
| પંચમહાલ | ૨ | - |
| પાટણ | ૨ | ૧૦ |
| પોરબંદર | ૦ | ૨૦ |
| રાજકોટ | ૩ | ૩૯ |
| સાબરકાંઠા | ૧ | |
| સુરત | ૬ | ૨૧ |
| સુરેન્દ્રનગર | ૧ | ૦ |
| વડોદરા | ૩ | ૧૨ |
| વલસાડ | ૩ | ૪ |
| **કુલ...** | **૬૭** | **૩૪૫** |

(૨) સત્વરે.

------------

## આઇ. સી. ડી. એસ. અંતર્ગત પ્રોગ્રામ અધિકારીની ખાલી જગા અંગે

૨૭૫૮ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ આઇ. સી. ડી. એસ. પ્રોગ્રામ અંતર્ગત કેટલા જિલ્લામાં પ્રોગ્રામ અધિકારીઓની જગ્યાઓ છે; અને

(૨) કેટલા પ્રોગ્રામ અધિકારીઓની જગ્યા ભરાયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ આઇ.સી.ડી.એસ. પ્રોગ્રામ અંતર્ગત ૨૧ જિલ્લામાં પ્રોગ્રામ અધિકારીઓની જગ્યાઓ છે.

(૨) ૧૯ જિલ્લામાં પ્રોગ્રામ અધિકારીની જગ્યા ભરાયેલ છે.

------------

## પાટણ જિલ્લામાં નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની જમીનો અંગે

૧૧૮૬ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની કેટલી દરખાસ્તો છેલ્લા બે વર્ષથી પડતરમાં છે; અને

(૨) આ પડતર દરખાસ્તોનો નિકાલ કરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧) ૨૨૦૧

(૨) પડતર દરખાસ્તોનો સત્વરે નિકાલ કરવા અંગે કાર્યવાહી હાથ ધરવા કલેક્ટરશ્રીએ સંબંધિતોને સુચના આપેલ છે.

**સોમનાથ - દ્વારકા રાષ્ટ્રીય ધોરી માર્ગ પર ટ્રાફીક**

૨૬૪૨ **શ્રી પબુભા માણેક(ધ્વારકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સોમનાથથી દ્વારકા જતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ટ્રાફીક ઝડપથી ચાલી શકે તે માટે સરકાર તરફથી શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

સોમનાથ થી દ્વારકા જતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગની સપાટી વાહન વ્યવહાર માટે સાનુકુળ છે. ટ્રાફીકની જરૂરિયાત અનુસાર સપાટી સુધારણા/મજબુતીકરણ, પડખા પહોળા કરવાના તથા પુલો/નાળાના કામો ભારત સરકારની મંજૂરી મળ્યેથી હાથ ધરવામાં આવે છે. છેલ્લા ચાર વર્ષમાં આ રસ્તાની ૧૯૬.૬૩ કી.મી. લંબાઇમાં ૪૩.૦૧૪૧ કરોડના ખર્ચે વિવિધ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તથા ૪૬.૦૦ કી.મી.ની લંબાઇમાં રૂા. ૧૦.૮૧ કરોડની કિંમતના કામો પ્રગતિમાં છે તથા ૧૨ કી.મી.ની લંબાઇના રૂા. ૩.૬૨ કરોડના કામો ટેન્ડર સ્ટેજે છે.

------------

**ઉપલેટા તાલુકામાં પશુરોગ નિદાન કેમ્પ**

૧૨૭૬ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ઉપલેટા તાલુકામાં વર્ષ ૨૦૦૭ દરમ્યાન કેટલા અને ક્યા ક્યા ગામોમાં પશુરોગ નિદાન કેમ્પો કરવામાં આવ્યા; અને

(૨) આ કેમ્પોમાં કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) ઉપલેટા તાલુકામાં ૨૦૦૭ દરમ્યાન પ્રાસલા, મોટી પાનેલી, નાગવદર, સમઢીયાળા, ઝાર, ભાયાવદર, ઢાંક અને અરણી એ આઠ ગામોમાં પશુ સારવાર કેમ્પ યોજવામાં આવ્યા.

(૨) ૬,૧૨૯

------------

**હારીજ-કાઠી કાતરા માર્ગને બારમાસી બનાવવા અંગે**

૧૪૬૬ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હારિજ-કાઠી-કાતરા રોડને બારમાસી વાહન વ્યવહાર યોગ્ય બનાવવા સ્લેબ કલવડ બનાવવા અંગેની દરખાસ્ત સરકારમાં ક્યારે આવી; અને

(૨) સરકારે આ બાબતે શું નિર્ણય લીધો અને સ્લેબ કલવડ બનાવવા કેટલી રકમનો ખર્ચ થવા સંભવ છે ?

**જવાબ**

(૧) સ્લેબ કલવર્ટ બનાવવાની માંગણી અંગેની દરખાસ્ત તા. ૨૬-૨-૦૮થી સરકારશ્રીમાં રજુ કરેલ છે.

(૨) માંગણી મુજબનું સ્લેબ કલવર્ટ નવું બનાવવાની આવશ્યક્તા અને નાણાકિય ઉપલબ્ધતા અનુસાર આયોજન કરવામાં આવશે.

------------

**અમરેલી જિલ્લામાં રસ્તાઓનું ધોવાણ**

૧૮૨૯ **શ્રી હનુભાઈ ધોરાજીયા (લાઠી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગત ચોમાસામાં અમરેલી જિલ્લામાં ભારે વરસાદ અને પુરને કારણે પાંચ રસ્તાઓનું ધોવાણ થયેલ છે, આ રસ્તાઓને રીપેરીંગ કરવાનું શું આયોજન છે ?

**જવાબ**

તાત્કાલિક મરામત કરી રસ્તાઓ વાહન વ્યવહાર લાયક બનાવવામાં આવેલ છે.

------------

**વેદ્યનાથન સમિતિના અહેવાલ અંગે**

૨૦૮૩ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વેદ્યનાથન કમિટીના અહેવાલનો રાજ્ય સરકારે સ્વીકાર કર્યો છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ અહેવાલની ભલામણો સ્વીકારવાને કારણે રાજ્યના ખેડૂતોને કેટલી આર્થિક સહાય મળવાપાત્ર થશે; અને

(૨) આ અહેવાલના સ્વીકારવાના કારણે રાજ્યના ખેડૂતોને સીધી આર્થિક સહાય મળવાપાત્ર થશે નહિ.

(૩) ક્યારે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યમાં જમીન રેકર્ડનું કોમ્પ્યુટરાઇઝેશન**

૧૫૯૩ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગામ નમૂના નં. ૮/અ તથા ૭/૧૨નું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો ના, તો ક્યા જિલ્લાનું બાકી છે; અને

(૩) ક્યાં સુધીમાં સરકાર આ કામગીરી પૂરી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી. તમામ તાલુકાઓમાં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**મેઘરજ,માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાના ડામર કરેલ રસ્તાઓ અંગે**

૧૨૮૭ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાના રાજ્ય-પંચાયત હસ્તકના કઇ કઇ યોજનામાંથી ક્યા ક્યા નવા રસ્તા ડામર કરવામાં આવ્યા, કેટલો ખર્ચ રસ્તાવાર કરવામાં આવ્યો,

(૨) આ સમય દરમ્યાન ક્યા ક્યા રસ્તાના કામો મંજૂર થયા છતાં કામ શરૂ કરવામાં આવ્યા નથી, તેના કારણો શા છે; અને

(૩) આ રસ્તાના કામો ક્યારે શરૂ કરી ક્યારે પૂરા કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પંચાયત વિભાગ હસ્તકના નીચેની વિગતે રૂા. ૨૭૩.૪૧ લાખના ખર્ચે ૯ નવા રસ્તા ડામર કરવામાં આવ્યા (સામેલ પત્રક મુજબ)

(૨) સામેલ પત્રકમાં જણાવ્યા મુજબ શરૂ ન કરેલ ૨-કામોમાં ત્રણ વખત ટેન્ડર માંગવા છતાં ભરાઇને આવેલ ન હોવાથી.

(૩) વર્કઓર્ડર આપ્યા બાદ સમય મર્યાદામાં પુર્ણ કરવામાં આવશે.

**પત્રક**

**તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચાયત હસ્તક નવા તૈયાર કરેલ રસ્તા તથા ખર્ચની વિગત**

| ક્રમ | યોજનાનું નામ | તાલુકો | કામનું નામ | લંબાઇ કિ.મી. માં | | | થયેલ ખર્ચ (રૂા.લાખમાં) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પૂર્ણ | પ્રગતિ | શરૂ ન થયેલ | | |
| (અ) | **પુર્ણ થયેલ કામો** | | | | | | | |
| ૧ | પી.એમ.જી. એસ.વાય. | મેઘરજ | માનપુર એપ્રોચ રોડ | ૦.૬૦ | -- | -- | ૨૩.૦૦ | |
| | | | કુલ : ૧ કામ | ૦.૬૦ | -- | -- | ૨૩.૦૦ | |
| ૨ | | માલપુર | પટેલીયાના મુવાડા એ. રોડ | ૨.૦૦ | -- | -- | ૨૩.૧૦ | |
| | | | કુલ : ૧ કામ | ૨.૦૦ | -- | -- | ૨૩.૧૦ | |
| ૩ | | બાયડ | ગાબટ પુંસરી રોડ | ૩.૨૦ | -- | -- | ૬૨.૭૦ | |
| ૪ | | બાયડ | મોકમજીના મુવાડા એ. રોડ | ૨.૮૦ | -- | -- | ૫૬.૯૨ | |
| ૫ | | બાયડ | ગો મહુડી એ. રોડ | ૧.૧૦ | -- | -- | ૧૮.૮૮ | |
| ૬ | | બાયડ | જાલમપુરા વજાવત એ. રોડ | ૧.૩૦ | -- | -- | ૨૧.૭૩ | |
| ૭ | | બાયડ | બહેડીયા એ. રોડ | ૦.૯૦ | -- | -- | ૨૪.૦૦ | |
| | | | કુલ : ૫ કામ | ૯.૩૦ | -- | -- | ૧૮૪.૨૩ | |
| ૮ | | ધનસુરા | ધનસુરા માલપુર રા.ધો.મા. થી નવા વાસ રોડ. | ૧.૧૭ | -- | -- | ૧૭.૧૦ | |
| ૯ | | ધનસુરા | રડોદરા રણેચી ખડોલથી જુના બીલવાણીયા રોડ | ૨.૦૧ | -- | -- | ૨૫.૯૮ | |
| | | | કુલ : ૨ કામ | ૩.૧૮ | -- | -- | ૪૩.૦૮ | |
| | | | એકંદરે કુલ : ૯ કામ | ૧૫.૦૮ | -- | -- | ૨૭૩.૪૧ | |
| (બ) | **શરૂ ન કરેલ કામો** | | | | | | | |
| ૧ | પી.એમ.જી. એસ.વાય. | બાયડ | રેલકંપા બારીયાના મુવાડા મોતીપુરા રોડ | -- | -- | ૩.૫૦ | -- | ત્રીજીવાર ટેન્ડર |

| ક્રમ | યોજનાનું નામ | તાલુકો | કામનું નામ | લંબાઇ કિ.મી. માં | | | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પૂર્ણ | પ્રગતિ | શરૂ ન થયેલ | | |
| ૨ | | બાયડ | રમોસ અલાણા રોડ | -- | -- | ૧.૯૨ | -- | માંગવા છતાં ભરાઇ આવેલ ન હોવાથી. |
| | | | કુલ : ૨ કામ | -- | -- | ૫.૪૨ | -- | |

------------

## અમરેલી જિલ્લામાં સહકાર વિભાગની કામગીરી

૧૬૧૬ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકો સન ૧૯૯૭માં ભાવનગર જિલ્લામાંથી અમરેલી જિલ્લામાં વિભાજન કરવામાં આવેલ છે અને દરેક વિભાગનો વહીવટ અમરેલી જિલ્લામાં થઇ રહેલ છે, પરંતુ સહકાર વિભાગ અને સે.સ. મંડળીઓ, ભાવનગર જિલ્લા ડિસ્ટ્રીકટ કો. ઓપ. બેંકમાં તેમનો વહીવટ શરૂ છે તે હકીકત સાચી છે; અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સહકારી બેંકનો વહીવટ અને સહકારી વિભાગનો વહીવટ અમરેલી જિલ્લામાં જોડવામાં આવે તો ખેડૂતોને ખેતીનું ધિરાણ અને અન્ય કામગીરી માટે નજીકમાં અનુકૂળતા રહે તો તે માટે સરકાર સહકાર વિભાગનો વહીવટ અમરેલી જિલ્લામાં જોડવા માંગે છે કે કેમ ? | (૨) વિચારણા હેઠળ છે. |

------------

## રાજ્યમાં નાયબ કલેકટર સંવર્ગની ખાલી જગ્યાઓ

૨૨૯૪ **શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ અંતિત રાજ્યમાં નાયબ કલેકટર સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે; અને | (૧) ૮ (આઠ). |
| (૨) આ જગ્યાઓ ક્યાં સુધીમાં સરકાર ભરવા માંગે છે ? | (૨) શક્ય તેટલી ઝડપથી. |

------------

## અતિવૃષ્ટિમાં અમદાવાદ જિલ્લામાં નુકસાન

૨૩૪૨ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં ગત ચોમાસા દરમ્યાન ભારે વરસાદ અને અતિવૃષ્ટિનાં કારણે અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપર તાલુકામાં કેટલું નુકસાન થયું, | (૧) રૂા. ૧૯૦.૦૨ લાખ. |
| (૨) તાલુકાવાર શી શી નુકસાની સામે કેટલા અસરગ્રસ્તોને સહાય ચૂકવવામાં આવી, | (૨) પત્રક સામેલ છે. |
| (૩) કેટલા અસરગ્રસ્તોને સહાય ચૂકવવાની બાકી છે; અને | (૩) ૧૬ કુટુંબોને. |
| (૪) વિલંબના કારણો શા છે ? | (૪) લાભાર્થીઓને સહાયની રકમ ઓછી જણાતી હોઇ લાભાર્થીઓએ સહાયની રકમ સ્વિકારેલ નથી. |

**પત્રક**

| અ.નં. | સહાયનો પ્રકાર | ધંધુકા તાલુકો | | બરવાળા તાલુકો | | રાણપુર તાલુકો | | કુલ લાભાર્થીની સંખ્યા | કુલ સહાયની રકમ (રૂા. લાખમાં) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થીની સંખ્યા | સહાયની રકમ (રૂા. લાખમાં) | લાભાર્થીની સંખ્યા | સહાયની રકમ (રૂા. લાખમાં) | લાભાર્થીની સંખ્યા | સહાયની રકમ (રૂા. લાખમાં) | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧. | માનવમૃત્યુ | ૨ | ૨.૦૦ | ૧ | ૧.૦૦ | ૫ | ૫.૦૦ | ૮ | ૮.૦૦ | |
| ૨. | પશુ મૃત્યુ | -- | -- | -- | -- | ૮૬ | ૧.૦૩ | ૮૬ | ૧.૦૩ | |
| ૩. | મકાન સહાય | ૧૬૫૦ | ૨૨.૮૯ | ૧૧૪૮ | ૪૧.૯૫ | ૧૮૦૪ | ૫૩.૩૩ | ૪૬૦૨ | ૧૧૮.૧૭ | |
| ૪. | કેશડોલ્સ | ૧૬૨૮૦ | ૭.૯૦ | ૪૫૦૨ | ૨.૭૦ | ૧૨૮૭૫ | ૯.૬૫ | ૩૩૬૫૭ | ૨૦.૨૫ | |
| ૫. | ઘરવખરી સહાય | -- | -- | ૧૨૦૯ (કુટુંબ) | ૧૫.૧૦ | ૨૧૭૬ (કુટુંબ) | ૨૭.૧૪ | ૩૩૮૫ | ૪૨.૨૪ | |
| ૬. | ઘાસ વહેંચણી | -- | ૦.૨૮ | -- | -- | -- | -- | -- | ૦.૨૮ | |
| ૭. | ફુડ પેકેટસ | -- | ૦.૦૫ | -- | -- | -- | -- | -- | ૦.૦૫ | |
| | કુલ : | ૧૭૯૩૨ | ૩૩.૧૨ | ૬૮૬૦ | ૬૦.૭૫ | ૧૬૯૪૬ | ૯૬.૧૫ | ૪૧૭૩૮ | ૧૯૦.૦૨ | |

------------

## પ્રથામિક શિક્ષણ ક્ષેત્રે યોગનું શિક્ષણ આપવા અંગે

૨૫૨૭ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે યોગનું શિક્ષણ આપવા માટે શું આયોજન કરેલ છે; અને

(૨) માધ્યમિક શાળાઓમાં પણ યોગનું શિક્ષણ આપવા વિચારેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક સત્ર-૨૦૦૬થી યોગનું શિક્ષણ અમલી બનાવવામાં આવેલ છે.

(૨) માધ્યમિક શાળાઓમાં પણ યોગનું શિક્ષણ આપવા સરકારે નિર્ણય કરેલ છે. અને સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણના વિષયને ધોરણ ૮ અને ૯માં ફરજીયાત કરેલ છે. ધોરણ-૮માં જૂન-૨૦૦૭ થી અમલ કરેલ છે. ધોરણ-૯માં શૈક્ષણિક સત્ર ૨૦૦૮-૦૯થી અમલી બનશે.

------------

## આણંદ જિલ્લામાં ભારે વરસાદથી ખેડૂતોને થયેલ નુકસાન

૧૨૭૯ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં ખેતીની જમીન અને પાકને ભારે વરસાદને કારણે નુકસાન અન્વયે તાલુવાર કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ મળેલ અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| (૧) | આણંદ | ૬૯૩૩ |
| (૨) | ઉમરેઠ | ૪૩૬૧ |
| (૩) | બોરસદ | ૬૩૪૬ |
| (૪) | આંકલાવ | ૪૬૭૧ |
| (૫) | પેટલાદ | ૭૦૧૦ |
| (૬) | સોજીત્રા | ૪૩૪૭ |
| (૭) | ખંભાત | ૧૨૮૧૨ |
| (૮) | તારાપુર | ૧૭૯૮૨ |
| | કુલ : | ૬૪૪૬૨ |

**પ્રશ્ન**

(૨) મળેલ અરજીઓ પેકી કેટલી અરજીઓ મંજૂર કરી, સહાય ચૂકવાઈ, અને

(૩) બાકી રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થશે ?

**જવાબ**

(૨) મળેલ અરજીઓ પેકી ૫૬૫૬૧ અરજીઓ મંજુર કરી સહાય ચૂકવાઇ.

(૩) સત્વરે.

------------

## લાર્શન એન્ડ ટુબ્રોના આમળાપુરાના પ્લાન્ટની જમીન અંગે

૧૨૩૯ **શ્રી યોગેશભાઈ ના. પટેલ(રાવપુરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લાર્શન એન્ડ ટુબ્રો કંપનીએ ગામ આમળાપુરા, જિ. વડોદરા મુકામે પથ્થર ફોડવા માટે હોટ-મિક્સ પ્લાન્ટો (બે) નાંખેલ છે જે જમીન નવી શરતની છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો આ જમીન નવી શરતની હોય તો પ્લાન્ટ નાખતા પહેલા સક્ષમ સત્તા અધિકારીની મંજૂરી લીધી છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો મંજૂરી લીધા વગર પ્લાન્ટ નાખેલો હોય તો સરકાર શી કાર્યવાહી કરવા માંગો છો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેઇટ

૨૨૮૭ **શ્રી પંકજકુમાર દેસાઈ (નડિયાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં ડ્રોપ આઉટ રેટમાં કોઇ સુધારો થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) ડ્રોપ આઉટ રેટનું પ્રમાણ ઓછું કરવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૨) ડ્રોપ આઉટ ઘટાડવા માટે રાજ્ય સરકારે નીચે મુજબના પગલાં લીધેલ છે.<br>૧. દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશ મહોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.<br>૨. વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના દાખલ કરેલ છે.<br>૩. વિદ્યાદીપ યોજના દાખલ કરવામાં આવેલ છે.<br>૪. માન.મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિની રચના કરવામાં આવેલ છે.<br>૫. રાજ્ય સરકારે એક શિક્ષક દીઠ એક ઓરડાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ છે.<br>૬. મહિલા શૌચાલયનું બાંધકામ કરવામાં આવેલ છે.<br>૭. વિદ્યા સહાયક ભરતી યોજના અને વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠ્ય પુસ્તકો પૂરા પાડવામાં આવે છે.<br>૮. સર્વ શિક્ષા અભિયાન.<br>૯. બાળકોને તરંગ અને ઉલ્લાસમય શિક્ષણ.<br>૧૦. આંગણવાડી ન હોય તેવા ગામોમાં ઇસીસીઇ કેન્દ્રો ખોલવામાં આવે છે. |

------------

## ભાવનગર જિલ્લામાં શિક્ષકોની ખાલી જ્ગ્યા અંગે

૨૦૦૬ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓ/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર થયેલ શિક્ષકોના મહેકમ સામે કેટલા શિક્ષકોની જ્ગ્યા ખાલી છે,

(૧)

| વિભાગ | મંજૂર મહેકમ | કામ કરતા શિક્ષકો | ખાલી જ્ગ્યા |
|---|---|---|---|
| માધ્યમિક | ૧૨૮ | ૧૧૮ | ૧૦ |
| ઉચ્ચત્તર માધ્યમિક | ૪૭ | ૩૨ | ૧૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે, અને | (૨) ભરતીની પ્રક્રિયા ચાલુ છે. |
| (૩) કેટલા સમયમાં કાર્યવાહી પૂર્ણ થશે ? | (૩) જેમ બને તેમ જલ્દી. |

**રાજ્યમાં ડિજીટલ ઇંગ્લિશ લેબની સ્થાપના અંગે**

૨૭૫૩ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ડિજીટલ ઇંગ્લિશ લેબની સ્થાપના ક્યારે કરવામાં આવી, | (૧) રાજ્યમાં ડિજીટલ ઇંગ્લિશ લેબની સ્થાપના વર્ષ ૨૦૦૭-૦૮થી કરવામાં આવેલ છે. |
| (૨) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ કેટલી સરકારી, બિનસરકારી કોલેજોમાં તેમજ યુનિવર્સીટીઓમાં આ લેબ કાર્યરત છે, અને | (૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ નીચે પ્રમાણેની સંસ્થાઓમાં લેબ કાર્યરત છે.<br>સરકારી કોલેજો ૧૨<br>બિન સરકારી અનુદાનીત કોલેજો ૩૯<br>યુનિવર્સિટીઓ ૦૩ |
| (૩) ડિજીટલ ઇંગ્લિશ લેબથી કોલેજોને શાં લાભ થાય છે ? | (૩)<br>--દરેક કોલેજોએ ""નેક""નું પ્રમાણપત્ર મેળવવું જરૂરી હોઇ તે મેળવવા ડીજીટલ ઇંગ્લિશ લેબ કોલેજમાં હોવી જરૂરી છે.<br>--કોલેજના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં સારી રીતે બોલચાલ કરી શકશે તેમજ વેશ્વિક સ્તરે હરિફાઇમાં આગળ આવી શકશે. ઉપરાંત કોમ્પ્યુટરનું જ્ઞાન સહેલાઇથી પ્રાપ્ત કરી શકશે.<br>--રાજ્યના યુવાનોને વ્યવસાયિક ક્ષેત્રે કારકીર્દી ઘડવામાં આવી લેબ સહાયભૂત થશે.<br>--વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અને રોજગાર મેળવવામાં સહાયભૂત થશે. |

------------

**ગ્રામીણ મહિલાઓના આર્થિક ઉત્થાન અંગે**

૨૨૬૬ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રામીણ બહેનોના આર્થિક ઉત્થાન માટે તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા કેટલા સ્વસહાય જૂથો બનાવવામાં આવ્યા, અને | (૧) ગ્રામીણ બહેનોના આર્થિક ઉત્થાન માટે તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા સ્વયંસિધ્ધા યોજના હેઠળ વર્ષ ૨૦૦૫-૦૬માં ૨૦૭૧ સ્વસહાય જૂથો, વર્ષ ૨૦૦૬-૦૭માં ૭૦૧ સ્વસહાય જૂથો બનાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૭-૦૮માં કોઇ સ્વસહાય જૂથો બનાવવામાં આવ્યા નથી. |
| (૨) આ જૂથોને બેંક ધિરાણની કોઇ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ ? | (૨) હા જી,<br>વર્ષ ૨૦૦૫-૦૬માં ૨૪૯ સ્વસહાય જૂથોને, વર્ષ ૨૦૦૬-૦૭માં ૫૧૯ સ્વસહાય જૂથોને બેંકો દ્વારા ધીરાણની વ્યવસ્થા કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૭-૦૮માં કોઇ સ્વસહાય જૂથોને બેંકો દ્વારા ધીરાણની વ્યવસ્થા કરવામાં આવેલ નથી. |

------------

**રાજ્યમાં કૃષિ મહોત્સવ કાર્યક્રમ**

૨૨૦૩ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ મહોત્સવ કાર્યક્રમના કારણે કૃષિ ઉત્પાદન વધેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો વાર્ષિક કેટલું ઉત્પાદન વધ્યું ? | (૨) વર્ષ ૨૦૦૪-૦૫ના ૨૧૬.૬૫ લાખ મેટ્રિક ટનના ઉત્પાદન સામે વર્ષ ૨૦૦૫-૦૬માં ૨૭૭.૬૭ લાખ મેટ્રિક ટન અને વર્ષ ૨૦૦૬-૦૭માં ૨૭૨.૨૦ લાખ મેટ્રિક |

ટન ઉત્પાદન થતાં અનુક્રમે ૬૧.૦૪ લાખ મેટ્રિક ટન અને ૩૩.૫૯ લાખ મેટ્રિક ટન ઉત્પાદન વધ્યું છે.

------------

**કૃષિ અને બાગાયત ક્ષેત્રે એવોર્ડ અંગે**

૨૭૪૩ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) કૃષિ સંશોધનકારો અને બાગાયત ખેતીમાં સારૂ કામ કરવાવાળાને રાજ્ય સરકાર તરફથી એવોર્ડ આપવામાં આવે છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) કેટલી રકમનો એવોર્ડ આપવામાં આવે છે, અને | (૨) રૂપિયા એકાવન હજાર. |
| (૩) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લોકોને એવોર્ડ આપવામાં આવ્યો ? | (૩) સત્તર. |

------------

**રેઇન વોટર હાર્વેસ્ટીંગના કામો**

૨૫૪૨ **શ્રી લવજીભાઈ ઠા.રાજાણી (માળીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ માં તા. ૩૧-૧-૦૮ સુધીમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રેઇન વોટર હાર્વેસ્ટીંગના કેટલા કામો હાથ ધરવામાં આવ્યા હતા, | (૧) સર્વે શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૦૬-૦૭માં કુલ ૧૯૮ અને વર્ષ ૨૦૦૭-૦૮માં કુલ ૨૨૧ રેઇન વોટર હાર્વેસ્ટીંગના કામો હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) તે પેકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા કામો બાકી છે, અને | (૨) વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૯૮ પેકી તમામ કામો તેમજ વર્ષ ૨૦૦૭-૦૮માં ૨૨૧ પેકી ૧૩૫ રેઇન વોટર હાર્વેસ્ટીંગના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૮૬ રેઇન વોટર હાર્વેસ્ટીંગના કામો પ્રગતિમાં છે. |
| (૩) બાકી કામો પૂર્ણ કરવાનું શું આયોજન છે ? | (૩) પ્રગતિમાં રહેલ ૮૬ કામો પેકી ૮૧ કામો ૩૧-૩-૨૦૦૮ સુધીમાં તેમજ ૫ કામો ૩૦-૪-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**વિદ્યાર્થીના આકસ્મિક મૃત્યુ પ્રસંગે સહાય અંગે**

૨૫૪૯ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યની જિલ્લા પંચાયત અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીના આકસ્મિક મૃત્યુ પ્રસંગે તેમના વાલીને કોઇ સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) રાજ્યની જિલ્લા પંચાયત અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું અક્સ્માતે મૃત્યુ થાય તો તે માટે વિદ્યાર્થીના વાલીને સહાય પેટે રૂા. ૨૫,૦૦૦ આપવામાં આવે છે. |

------------

**રાપર અને ભચાઉ તાલુકામાં ટેકનિકલ શિક્ષણની વ્યવસ્થા અંગે**

૧૮૫૩ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ ક્ચ્છ જિલ્લાનાં રાપર અને ભચાઉ તાલુકાઓમાં ટેકનિકલ | (૧)<br>૧. ટેક્નીકલ શિક્ષણ આપતી કોલેજોમાં પ્રવેશ કેન્દ્રિય |

શિક્ષણ આપવાની કોઇ વ્યવસ્થા સરકાર તરફથી ઉભી થઇ નથી તે હકીકત સાચી છે, અને

સમિતિ દ્વારા આપવામાં આવે છે. આ પ્રવેશમાં સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓને ગુણવત્તાના આધારે પસંદગી કરેલ કોલેજોમાં પ્રવેશ મળે છે. તેથી રાપર અને ભચાઉ તાલુકાના વિદ્યાર્થીઓને પણ આ લાભ મળે છે.

૨. કચ્છ જિલ્લામાં ભૂજ ઇજનેરી કોલેજ ખાતે ""ટૂંકા ગાળા""ના ટેકનિકલ શિક્ષણના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમોમાં પણ સમગ્ર જિલ્લાના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે છે. ટૂંકા ગાળાના અભ્યાસક્રમોની પ્રથમ બેચની શૈક્ષણિક કામગીરી પૂરી થયેલ છે અને બીજી બેચ ટૂંક સમયમાં જ શરૂ થનાર છે.

૩. રાજ્ય સરકાર તરફથી એવો નિર્ણય કરવામાં આવેલ છે કે જ્યાં જ્યાં કાર્યરત છે ત્યાં ત્યાં તે ઉદ્યોગોને અનુરૂપ અભ્યાસક્રમો શરૂ કરવા માટે નિર્ણય કરવામાં આવેલ છે તે મુજબનો લાભ પણ વિદ્યાર્થીઓ મેળવી શકશે.

(૨) જો હા, તો ભચાઉ અને રાપર તાલુકામાં સરકાર તરફથી સરકારી ટેકનિકલ શિક્ષણ આપવા સ્કૂલો/કોલેજની શરૂઆત ક્યારે કરાશે ?

(૨) ઉપર ખંડ-૧માં જણાવ્યા મુજબ ડીગ્રી અને ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમોમાં કેન્દ્રિય પ્રવેશ મળતો હોઇ ઉક્ત બંને તાલુકાના વિદ્યાર્થીઓને તેનો લાભ મળેલ છે તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## શિક્ષણની ગુણવત્તા અંગે "નેક" પ્રમાણપત્ર

૨૫૨૫ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા "નેક" ના પ્રમાણપત્રો રાજ્યની કેટલી સંસ્થાઓએ મેળવેલ હતા, અને

**જવાબ**

(૧) કુલ-૧૨૬ સંસ્થાઓએ ""નેક"" ના પ્રમાણપત્રો મેળવેલ હતા.

(૨) ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં "નેક" ના પ્રમાણપત્ર અંગે શિક્ષણ વિભાગે કોઇ પગલાં લીધા છે અને તેના પરિણામો શું છે ?

(૨) (૧) ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા અને વૈશ્વિક માપદંડ સ્થાપવા અર્થે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર દ્વારા સમગ્ર અનુદાનિત સંસ્થાઓને ""નેક"" નું પ્રમાણપત્ર મેળવવાનું ફરજિયાત કરવામાં આવેલ છે.

(૨) ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા ખાસ ઝુંબેશ ચલાવીને વિવિધ અનુદાનિત સંસ્થાઓના ટ્રસ્ટીશ્રીઓનો સેમિનાર/વર્કશોપ યોજીને આ બાબતની વિસ્તૃત સમજણ પૂરી પાડવામાં આવેલ છે.

(૩) વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ દ્વારા તેમના અધિકાર ક્ષેત્રમાં આવતી કોલેજોના આચાર્યશ્રીઓનો ખાસ વર્કશોપ યોજી, ""નેક"" ના વરિષ્ટ અધિકારીઓની હાજરીમાં સેલ્ફ સ્ટડી રીપોર્ટ (એસ.એસ.આર.) લખવાની ખાસ તાલીમ પૂરી પાડવામાં આવેલ છે.

(૪) માનનીય શિક્ષણ મંત્રીશ્રીના સ્તરેથી તથા આચાર્યોનો ખાસ સેમિનાર યોજીને વહેલામાં વહેલી તકે ""નેક"" ની કામગીરી પૂર્ણ કરવાની સૂચના આપેલ છે.

(૫) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમા ""નેક"" ની કામગીરી માટે ખાસ નોડલ સેન્ટર ઉભુ કરવામાં આવેલ છે.

(૬) ઉચ્ચ શિક્ષણ વિભાગની ઝુંબેશના પરિણામે ગુજરાતમાં ""નેક"" પ્રમાણપત્ર મેળવેલ સંસ્થાઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થતાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં સુધારો થયેલ છે. તથા વિદ્યાર્થીઓને રોજગારલક્ષી ફાયદો પણ થવા પામેલ છે.

------------

## પ્રાથમિક શાળામાં ડ્રોપ આઉટ રેટ ઘટાડવા અંગે

૨૨૬૦ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પ્રાથમિક શાળામાં છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં ડ્રોપ આઉટ રેટમાં કોઇ સુધારો થયેલ છે કે કેમ, અને

(૨) ડ્રોપ આઉટ રેટનું પ્રમાણ ઓછું કરવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ડ્રોપ આઉટ ઘટાડવા માટે રાજ્ય સરકારે નીચે મુજબના પગલાં લીધેલ છે.

૧. દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.
૨. વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના દાખલ કરેલ છે.
૩. વિદ્યાદીપ યોજના દાખલ કરવામાં આવેલ છે.
૪. માન.મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધીની રચના કરવામાં આવેલ છે.
૫. રાજ્ય સરકારે એક શિક્ષક દીઠ એક ઓરડાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ છે.
૬. મહિલા શૌચાલયોનું બાંધકામ કરવામાં આવેલ છે.
૭. વિદ્યા સહાયક ભરતી યોજના અને વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠ્ય પુસ્તકો પૂરા પાડવામાં આવે છે.
૮. સર્વ શિક્ષા અભિયાન.
૯. બાળકોને તરંગ અને ઉલ્લાસમય શિક્ષણ.
૧૦ આંગણવાડી ન હોય તેવા ગામોમાં ઇસીસીઇ કેન્દ્રો ખોલવામાં આવે છે.

------------

## પ્રાથમિક શાળાઓના નબળા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા અંગે

૨૨૪૫ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રાથમિક શાળાઓમાં વાંચન-લેખન અને ગણિતમાં નબળા વિદ્યાર્થીઓને વધુ સારૂં શિક્ષણ આપવા કોઇ યોજના કરવામાં આવેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) ના, જી. પરંતુ

-પ્રાથમિક શાળાઓમાં વાંચન-લેખન અને ગણિતમાં નબળા વિર્દ્યાર્થીઓને સારૂ શિક્ષણ આપવા નીચે મુજબના કાર્યક્રમો યોજવામાં આવેલ છે.

- વિવિધ સ્તરે એકશન રીસર્ચ અને શૈક્ષણિક સંશોધનો હાથ ધરવામાં આવેલ.
- સંશોધનમાં મળેલ તારણોના આધારે કઠીન બિંદુઓને સરળ બનાવવાની યુક્તિ-પ્રયુક્તિઓ, શૈક્ષણિક સાધનો અને ટેક્નોલોજીના ઉપયોગ અંગે, શિક્ષકોને દર વર્ષે ૨૦ દિવસની તાલીમ આપવામાં આવેલ.
- શિક્ષકોને આપેલ તાલીમ વર્ગખંડમાં અમલીકૃત થઈ કે કેમ? તે અંગે વર્ગખંડ નિરીક્ષણ સી.આર.સી. કોઓર્ડિનેટરો દ્વારા કરી તેની વિગતોને આધારે જરૂરી માર્ગદર્શન પૂરાં પાડવામાં આવેલ.
- શિક્ષકોને વર્ગખંડમાં શૈક્ષણિક મુદ્દાઓ અંગે પડતી મુશ્કેલીઓના નિવારણ શિક્ષકો જાતે જ ક્રિયાત્મક સંશોધન કરી વર્ગખંડમાં પડતી મુશ્કેલીઓ જાણે તે

માટે જરૂરી આર્થિક સહાય અને માર્ગદર્શન આપવામાં આવેલ.

- ગણિત-વિજ્ઞાન પ્રદર્શનો સી.આર.સી.-બી.આર.સી. જિલ્લા-રાજ્ય કક્ષા સુધી આયોજન કરવામાં આવેલ.
- વાચન-લેખન અને ગણનમાં નબળા બાળકો માટે વર્ષ ૨૦૦૩ માં ૫ સપ્ટેમ્બર થી ૧૫ સપ્ટેમ્બર દરમ્યાન પ્રથમ તબક્કાનું અભિયાન યોજવામાં આવેલ. વર્ષ ૨૦૦૫ માં ૧ જુલાઈ થી ૧૫ જુલાઈ દરમ્યાન બીજા તબક્કાનું અભિયાન યોજવામાં આવેલ.
- વાચન-લેખન અને ગણન અભિયાન અન્વયે **જીવન શિક્ષણના** બે વિશેષાંકો બહાર પાડવામાં આવ્યા.
- ગુજરાતની તમામ શાળાઓમાં શાળા લાયબ્રેરીના પુસ્તકોનું વાંચન થાય તે માટે શાળાઓમાં અડધા કલાકની વાચન પ્રવૃત્તિને સઘન બનાવવામાં આવી.
- લોક ભાગીદારી મેળવવા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા લોકજાગૃત્તિ અંતગર્ત મહાનુભાવોના સંદેશની સી.ડી. તમામ સી.આર.સી. કક્ષાએ વિના મુલ્યે પૂરી પાડવામાં આવી.

(૨) જો હા, તો તેનું શું પરિણામ આવ્યું ?

(૨) ઉપરોક્ત પ્રવૃત્તિઓને કારણે નીચે મુજબનાં પરિણામો પ્રાપ્ત થયા.

- શિક્ષકોને આપેલ તાલીમોને કારણે બાળકોની શૈક્ષણિક ગુણવત્તાના સ્તરમાં ૭ ટકા જેટલો વધારો થવા પામેલ છે. આ બાબત દર બે વર્ષે હાથ ધરવામાં આવેલ ગેપ (Gujarat Achievement Profile) સંશોધનના આધારે જાણી શકાયેલ.
- વાચન-લેખન અને ગણનના પ્રથમ તબક્કામાં ૭૭ % અને બીજા તબક્કમાં ૭૯ ટકા સફળતા મળેલ.
- લોકભાગીદારીથી પ્રિય બાળકોને સ્લેટ, પેન, કંપાસ જેવાં પ્રોત્સાહન સાધનો મળ્યાં.

------------

## વિજ્ઞાનપ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી

૨૨૨૮ **શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વિજ્ઞાનપ્રવાહની કેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી,

(૧)

| વર્ષ | મંજુર આપેલ શાળાઓ | | કુલ |
|---|---|---|---|
| | બીન સરકારી વિજ્ઞાન પ્રવાહની ઉ.મા. શાળાઓ | સરકારી વિજ્ઞાન પ્રવાહની ઉ.મા. શાળાઓ | |
| ૨૦૦૫ | ૫૧ | -- | ૫૧ |
| ૨૦૦૬ | ૬૭ | -- | ૬૭ |
| ૨૦૦૭ | ૧૨૪ | ૧૫ | ૧૩૯ |
| કુલ | ૨૪૨ | ૧૫ | ૨૫૭ |

(૨) આદિજાતિ વિસ્તારમાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં વિજ્ઞાનપ્રવાહનો વ્યાપ વધારવા ગ્રાંટેબલ મંજૂરી આપવા વિચારેલ છે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો ના, તો તેના કારણો શું છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## નાયબ કલેક્ટર સંવર્ગની ખાલી જગ્યાઓ

૨૨૩૧ **શ્રીમતી ઉષાબેન ગી.પટેલ (પારડી) -: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ અંતિત રાજ્યમાં નાયબ કલેક્ટર સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૮ (આઠ). |
| (૨) આ જગ્યાઓ ક્યાં સુધીમાં સરકાર ભરવા માંગે છે ? | (૨) શક્ય તેટલી ઝડપથી. |

## રાજ્યમાં વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા અંગે

૨૨૧૭ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રામ્ય વિસ્તારની તેમજ શહેરી વિસ્તારની કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યાં અને જેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**પ્રાથમિક**

| વર્ષ | વિસ્તારવાર કન્યાઓને આપેલ બોન્ડની સંખ્યા | | | વિસ્તારવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|---|---|---|
| | ગ્રામ્ય | શહેરી | કુલ | ગ્રામ્ય | શહેરી | કુલ |
| ૨૦૦૫-૦૬ | ૧૪૫૪૯૭ | ૫૫૩૭ | ૧૫૧૦૩૪ | ૧૪૫૪.૯૭ | ૫૫.૩૭ | ૧૫૧૦.૩૪ |
| ૨૦૦૬-૦૭ | ૧૧૨૭૯૭ | ૧૪૨૫૫ | ૧૨૭૦૫૨ | ૧૧૨૭.૯૭ | ૧૪૨.૫૫ | ૧૨૭૦.૫૨ |
| ૨૦૦૭-૦૮ | ૧૩૨૦૦૩ | ૧૦૬૯૪ | ૧૪૨૬૯૭ | ૧૩૨૦.૦૩ | ૧૦૬.૯૪ | ૧૪૨૬.૯૭ |

**માધ્યમિક**

| વર્ષ | વિસ્તારવાર કન્યાઓને આપેલ બોન્ડની સંખ્યા | | | વિસ્તારવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|---|---|---|
| | ગ્રામ્ય | શહેરી | કુલ | ગ્રામ્ય | શહેરી | કુલ |
| ૨૦૦૫-૦૬ | માધ્યમિક શાળાઓમાં આ યોજના અમલમાં ન હતી. | | | | | |
| ૨૦૦૬-૦૭ | ૨૨૩૩૦ | ૪૮૪ | ૨૨૮૧૪ | ૨૨૩.૩૦ | ૪.૮૪ | ૨૨૮.૧૪ |
| ૨૦૦૭-૦૮ | ૧૩૩૪૮ | ૨૧૩ | ૧૩૫૬૧ | ૨૬૬.૯૬ | ૪.૨૬ | ૨૭૧.૨૨ |

------------

## કચ્છ જિલ્લામાં માપણી વધારાનો પ્રશ્ન

૨૫૭૯ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાની વિશિષ્ટ પરિસ્થિતિ ધ્યાને લેતા ત્યાં જમીન માપણી વધારાનો પ્રશ્ન વર્ષોથી પડતર છે તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) આ પ્રશ્નના ઉકેલ માટે સરકારે શું શું પગલાં લીધા છે, અને | (૨) તા. ૭-૫-૭૭ તથા તા. ૧૨-૪-૯૧ના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ માપણી વધારાના કેસોનો નિકાલ કરવામાં આવે છે. |
| (૩) આ પ્રશ્નના ઉકેલ માટે કોઇ ખાસ અધિકારી અને ટીમની નિમણૂંક કરી ચોક્કસ સમય મર્યાદામાં સરકાર આ પ્રશ્નનો ઉકેલ કરવા માગે છે કે કેમ? | (૩) સૂચન છે. |

------------

## ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળઓ અંગે

૨૭૫૦ **શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલ છે, | (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ ૧૬૫૫ પ્રાથમિક શાળાઓ આવેલી છે. |

(૨) આ પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડા તાલુકા પ્રમાણે બનાવવાના બાકી છે, અને

(૨) ખેડા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ઓરડાઓ બનાવવાના બાકી છે.

| ક્રમ | તાલુકો | કુલ શાળાઓ | ખુટતા ઓરડા વાળી શાળાઓ | ખુટતા ઓરડાવાળી શાળાઓમાં હાલ ઉપલબ્ધ ઓરડાઓ | બનાવવાના બાકી ઓરડાઓની સંખ્યા (ખુટતા ઓરડાઓ) |
|---|---|---|---|---|---|
| ૧ | બાલાશિનોર | ૧૩૪ | ૧૦ | ૪૮ | ૧૪ |
| ૨ | કપડવંજ | ૨૭૬ | ૧૦ | ૪૫ | ૨૨ |
| ૩ | કઠલાલ | ૧૭૮ | ૬ | ૩૦ | ૧૨ |
| ૪ | ખેડા | ૮૩ | ૨ | ૩૬ | ૮ |
| ૫ | મહુધા | ૮૫ | ૩ | ૧૮ | ૧૦ |
| ૬ | માતર | ૧૦૪ | ૧૮ | ૩૭ | ૨૬ |
| ૭ | મહેમદાવાદ | ૧૭૨ | ૨૫ | ૭૧ | ૨૯ |
| ૮ | નડિયાદ | ૨૨૫ | ૫ | ૪૦ | ૨૦ |
| ૯ | ઠાસરા | ૨૫૫ | ૧૨ | ૧૫ | ૧૫ |
| ૧૦ | વિરપુર | ૧૪૩ | ૧૨ | ૨૪ | ૧૨ |
| | કુલ | ૧૬૫૫ | ૧૦૩ | ૩૬૪ | ૧૬૮ |

(૩) તે કેટલા સમયમાં બનાવવામાં આવશે ?

(૩) બનાવવાના બાકી ઓરડા પેકી ૧૩૧ ઓરડાઓ ચાલુ વર્ષ ૨૦૦૭-૦૮માં બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે અને બાકી રહેતા ૩૭ ઓરડાઓનું આગામી વર્ષમાં આયોજન કરી બનાવવામાં આવશે.

------------

## પછાત અને આદિવાસી વિસ્તારોમાં ટેકનિકલ શિક્ષણ

૨૫૨૧ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના પછાત અને આદિવાસી વિસ્તારોમાં ટેકનિકલ શિક્ષણનો વ્યાપ વધે તે માટે સરકાર કોઇ વ્યવસ્થા કરેલ છે કે કેમ ?

**જવાબ**

હા, જી.

------------

## રાજકોટ જિલ્લામાં મંજૂર થયેલ રસ્તાઓ

૧૮૫૫ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં સન ૨૦૦૬-૨૦૦૭ માં પંચાયત હસ્તકના રસ્તાઓ કેટલા મંજૂર થયેલા,

(૨) કેટલા રસ્તાઓના કામો પૂર્ણ કરેલ છે, અને

(૩) બાકી રહેતા રસ્તાઓનું કામ નહીં ચાલુ કરવાનું કારણ શું છે ?

**જવાબ**

(૧) ૮૮ રસ્તા.

(૨) ૨૧ રસ્તા.

(૩) ૫૧ રસ્તાના કામો પ્રગતિમાં, બાકીના ૧૬ રસ્તાના કામો ટેન્ડર પ્રક્રિયાના કારણે શરૂ થઈ શકેલ નથી.

------------

## વડાપ્રધાનશ્રીના રાહત ફંડમાથી ભંડોળની ફાળવણી

૨૧૯૯ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડાપ્રધાનશ્રીના રાષ્ટ્રીય રાહત ફંડમાંથી કેટલી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના પુનઃ નિર્માણની કામગીરી હાથ ધરાઇ છે,

(૨) આ માટે કેટલું ભંડોળ ફાળવવામાં આવ્યું હતું, અને

(૩) તે પેકી કેટલી શાળાઓનું બાંધકામ પૂર્ણ થયું ?

**જવાબ**

(૧) એક પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાજકોટ જિલ્લામાં પાક વીમાના દાવાઓ અંગે

૨૦૮૫**શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખરીફ ૨૦૦૬ ના પાક વીમાના દાવાઓની રાજકોટ જિલ્લાની ચૂકવણી બાકી છે, તે હકીક્ત સરકાર જાણે છે, | (૧) હા, જી. અંશતઃ ચૂકવણી બાકી છે. |
| (૨) આ દાવાઓની રકમ કેટલી છે ? | (૨) આ દાવાઓની રકમ રૂા. ૭૮૧૩.૬૪ લાખ છે. |
| (૩) તેની ચૂકવણી નહી થવાના કારણો શું છે, અને | (૩) કેન્દ્ર સરકારશ્રીના નાણાંકીય હિસ્સાની રકમ રૂા. ૯૭૮૦.૮૯ લાખ ભારતીય કૃષિ વીમા કંપનીને ન મળવાના કારણે |
| (૪) રાજ્ય સરકાર ક્યાં સુધીમાં આ દાવાઓનું ચૂકવણું કરવા માગે છે ? | (૪) રાજ્ય સરકારે પોતાના હિસ્સે આવતી રકમ વીમા કંપનીને ચુકવી આપેલ છે. કેન્દ્ર સરકારશ્રીએ ચુકવવાની થતી રકમ ભારતીય કૃષિ વીમા કંપનીને મળેથી દાવાઓની ચુકવણી ભારતીય કૃષિ વીમા કંપનીએ કરવાની રહે છે. |

------------

## રાજ્યમાં પશુ આરોગ્ય મેળાના આયોજન અંગે

૨૦૪૬ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કેટલા પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું. | (૧) ૪૭૪૧ |
| (૨) આ મેળાઓમાં કેટલા પશુઓને મુખ્યત્વે ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી, અને | (૨) કુલ ૨૦,૨૮,૩૧૮ પશુઓને તબીબી, સર્જીક્લ અને જાતીય આરોગ્ય પ્રકારની સારવાર આપવામાં આવી. |
| (૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૮,૯૧,૩૨૩ |

------------

## અંગ્રેજી ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધારવા અંગે

૨૫૬૧ **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંગ્રેજીમાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ અને પ્રસાર વધારવા અર્થે શિક્ષણ વિભાગે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કોઇ પગલાં લીધા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨)<br>(૧) ૩(ત્રણ) યુનિવર્સિટી ખાતે અને ૫૬ (છપ્પન) કોલેજો ખાતે ડીજીટલ ઈંગ્લિશ લેંગ્વેજ લેબોરેટરીની સ્થાપેલ છે.<br>(૨) આ લેબ. ના સંચાલન અર્થે અંગ્રેજી વિષયના અધ્યાપકોને સોફટવેરની તાલીમ આપેલ છે. આ લેબ. માં ત્રણ કક્ષાના અભ્યાસક્રમ છે.<br>(૩) બ્રિટીશ કાઉન્સીલ દ્વારા મટીરીયલ પ્રોડક્શન પૂરું પડાય છે.<br>(૪) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આ અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ પરીક્ષા લઈને પ્રમાણ પત્ર એનાયત કરાય છે.<br>(૫) આ લેબ. માં ૨૫ વિદ્યાર્થીઓની એમ કુલ ચાર બેચ અઠવાડિયાના ત્રણ દિવસ ચલાવવામાં આવતી હોઈ અઠવાડિક ૨૦૦(બસો) |

વિદ્યાર્થીઓને આ લેબ. નો લાભ મળી શકે. આમ વાર્ષિક ૪૫,૦૦૦/- (પિસ્તાળીસ હજાર) જેટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને લાભ મળી રહેશે.

------------

**ભિલોડા તાલુકામાં માછીમારી**

૨૪૪૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકા ખાતે આવેલ હાથમતી-ઇન્દ્રાસી ડેમ ખાતે ફીશીંગનું કામ લોકલ મંડળીઓના નામે રાજ્યબહારના ઉત્તરપ્રદેશના ૨૦૦ જેટલા માણસો દ્વારા કરવામાં આવી રહ્યું છે, તે સરકારના ધ્યાન પર છે, અને | (૧) રજુઆત મળેલ છે. |
| (૨) સરકાર યોગ્ય તપાસ કરી વિસ્થાપિત થયેલ લોકલ મંડળીઓને રોજીરોટી માટે ફીશીંગનું કામ આપવા માગે છે કે કેમ ? | (૨) તપાસ કરીને નીતિ ધોરણ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. |

------------

**આદિજાતિ વિસ્તારમાં આવેલ કોલેજોમાં ગુણવત્તા સુધારણા**

૨૫૩૮ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આદિજાતિ વિસ્તારમાં આવેલ કોલેજોમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારનું કોઇ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) **ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે**<br>(૧) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ઈન્ટરફેશ પ્રોજેકટ મોબાઈલ વાનની સવલતો ઉપલબ્ધ કરી છે.<br>(૨) આદિજાતિ વિસ્તારની ૯ સરકારી અને ૨૮ બિનસરકારી કોલેજોમાં ઈંગ્લિશ લેંગ્વેજ લોબોરેટરીની સ્થાપના કરવામાં આવેલ છે.<br>(૩) કોમ્પ્યુટર તેમજ મલ્ટીમીડીયા પ્રોજેક્ટર્સ જેવા સાધનોની વ્યવસ્થા, સંદર્ભ ગ્રંથો માટે લાયબ્રેરીની સુવિધા માટે પુસ્તકો ખરીદવામાં આવનાર છે.<br>(૪) ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા આદિજાતિ વિસ્તારની કોલેજોના આચાર્ય/અધ્યાપકોને સાપુતારા, અંબાજી મુકામે તાલિમ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.<br>ટેકનીકલ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સંસ્થાઓ ખાતે અદ્યતન સાધનસામગ્રી, સંપાદીત કરવી, ડીઝીટલ લાયબ્રેરી, નેટવર્કીંગ સીસ્ટમ, માંગ આધારિત અભ્યાસક્રમમાં નિરંતર સુધારણા, અભ્યાસ દરમ્યાન તાલીમની જોગવાઈ અને ઓધોગિક ગૃહોની મુલાકાત, તજજ્ઞોના વ્યાખ્યાનોનું આયોજન, શિક્ષકોને તાલીમ વિગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. |

------------

**મહેસાણા જિલ્લામાં કિસાનપથ યોજના**

૨૬૫૧ **શ્રી અનિલકુમાર પટેલ(મહેસાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ ના આયોજનમાં મહેસાણા જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા, અને

(૨) તે ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ના આયોજનમાં મહેસાણા જિલ્લા માટે ૩૬ રસ્તા, રૂા. ૧૩૧૭.૬૯ લાખ કિંમતના મંજૂર કર્યા.

(૨) કરારખત મુજબ સમય મર્યાદામાં પુર્ણ કરવાનું આયોજન છે.

------------

**દાંતીવાડા ખાતે નદી પર નવો પૂલ બાંધવા અંગે**

૨૬૨૭ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા ડેમની સેફ્ટી માટે નદી ઉપર નવા પૂલની જરૂરીયાત છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ બાબતે થયેલ કાર્યવાહી શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નવા પૂલની કામગીરી પ્રગતિમાં છે.

------------

**ખેડા જિલ્લામાં નિરાધાર વિધવાઓને સહાય**

૨૧૦૫ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ખેડા જિલ્લામાં નિરાધાર વિધવા બહેનોને તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી સહાયતા, કેટલી બહેનોને ચૂકવવામાં આવી ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રૂા. ૫૯૬.૭૧ લાખની સહાયતા ૪૪૪૧ બહેનોને ચુકવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | ચૂકવેલ સહાય (રૂા. લાખમા) | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | નડિયાદ | ૧૬૩.૬૫ | ૧૨૩૭ |
| ૨ | બાલાસિનોર | ૭૭.૩૩ | ૫૬ |
| ૩ | કઠલાલ | ૫૦.૭૯ | ૩૮૪ |
| ૪ | કપડવંજ | ૫૨.૩૮ | ૩૯૬ |
| ૫ | ઠાસરા | ૧૦૦.૭૬ | ૭૨૭ |
| ૬ | વિરપુર | ૧૯.૨૬ | ૧૩૯ |
| ૭ | ખેડા | ૧૭.૫૯ | ૧૩૩ |
| ૮ | માતર | ૨૦.૬૩ | ૧૫૬ |
| ૯ | મહેમદાવાદ | ૬૩.૧૧ | ૪૭૭ |
| ૧૦ | મહુધા | ૩૧.૨૧ | ૨૩૬ |
| | **કુલ :** | **૫૯૬.૭૧** | **૪૪૪૧** |

------------

**નિરાધાર વિધવા સહાય અંગે**

૨૨૧૫ **શ્રી લક્ષ્મણભાઈ પ.પટેલ(ગણદેવી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નિરાધાર વિધવા સહાય લાભાર્થી બહેનોને પ્રતિમાસ કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને

(૨) આ બહેનો સ્વનિર્ભર બની શકે તે માટે શું યોજના બનાવેલ છે ?

**જવાબ**

(૧) નિરાધાર વિધવા સહાય લાભાર્થી બહેનોને માસિક રૂા. ૫૦૦/- લેખે તથા તેઓના આધારિત બાળકોને (બે બાળકોની મર્યાદામાં) બાળક દીઠ માસિક રૂા. ૮૦/- લેખે સહાય ચુકવવામાં આવે છે.

(૨) ૧૮ થી ૪૦ વર્ષની વયજુથની નિરાધાર વિધવાઓને સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત તેઓની સ્વરૂચિ અનુસાર વિવિધ ટ્રેડની તાલીમ આપવામાં આવે છે. તાલીમ

બાદ માનવ ગરિમા યોજનાના ધોરણે રૂા. ૩૦૦૦/- ની મર્યાદામાં સાધન સહાય ચુકવવામાં આવે છે અથવા સ્વરોજગારલક્ષી લોન માટે રૂા. ૩૦૦૦/- ની મર્યાદામાં માર્જીનમની આપવામાં આવે છે.

------------

**પાક વિમાના દાવાઓ અંગે**

૨૦૭૦ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખરીફ ૨૦૦૬ ના પાક વીમાના દાવાઓ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલી રકમની જિલ્લાવાર ચૂકવણી કરવામાં આવી,

(૩) કેટલા જિલ્લામાં ચૂકવણી કરવાની બાકી છે, અને

(૪) આ અંગે રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ખરીફ ૨૦૦૬ના પાક વીમાના દાવાઓ માટે રૂા. ૫૮૩૧૨.૧૨ લાખની રકમ મંજૂર કરવામાં આવી.

(૨) પાક વીમાની મંજૂર થયેલી રકમ પૈકી જીલ્લાવાર ચૂકવણીની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | જીલ્લાનું નામ | ચુકવાયેલ રકમ રૂપિયા લાખમાં |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭૯૪.૩૧ |
| ૨ | અમરેલી | ૧૩૦૧૩.૨૫ |
| ૩ | બનાસકાંઠા | ૩૭૦૭.૦૯ |
| ૪ | વડોદરા | ૧૧.૮૦ |
| ૫ | ભરૂચ | ૧.૮૮ |
| ૬ | ભાવનગર | ૦.૨૪ |
| ૭ | દાહોદ | ૩૫૭.૫૪ |
| ૮ | ગાંધીનગર | ૦.૫૬ |
| ૯ | જામનગર | ૩૫૧૬.૦૪ |
| ૧૦ | જુનાગઢ | ૬૦૪૩.૮૬ |
| ૧૧ | ખેડા | ૦.૦૨ |
| ૧૨ | મહેસાણા | ૧૨૮.૩૧ |
| ૧૩ | પાટણ | ૮૨૯.૦૪ |
| ૧૪ | પંચમહાલ | ૫૪૫.૫૧ |
| ૧૫ | રાજકોટ | ૧૭૬૧૫.૨૧ |
| ૧૬ | સાબરકાંઠા | ૧૯૬૫.૪૭ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૧.૧૦ |
| | કુલ સરવાળો | ૪૮૫૩૧.૨૩ |

(૩) ચાર જિલ્લાઓમાં અંશતઃ ચૂકવણી બાકી છે.

(૪) રાજ્ય સરકારે પોતાના હિસ્સાની પૂરેપૂરી રકમ ભારતીય કૃષિ વીમા કંપનીને ચુકવી આપેલ છે. આથી રાજ્ય સરકારે હવે કોઈ ખર્ચ કરવાનો રહેતો નથી.

------------

**પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મફત પુસ્તકો**

૨૨૩૬ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર મફત પાઠ્યપુસ્તકો પૂરા પાડે છે કે કેમ, અને

(૨) જો હા, તો રાજ્ય સરકાર કોને કોને આવા પાઠયપુસ્તકો મફત પૂરા પાડે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જીલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ તથા ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતાં બાળકોને મફત પાઠ્ય પુસ્તકો સરકાર ધ્વારા પુરા પાડવામાં આવે છે.

------------

**બાલભોગ યોજના અંગે**

૨૨૫૧ **શ્રીમતી જશોદાબેન ચ.પરમાર(જોટાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આંગણવાડીના લાભાર્થીઓને અપાતું પૂરક પોષણ "બાલભોગ" શું છે, અને

**જવાબ**

(૧) ૬ માસથી ૩ વર્ષના બાળકોને અપાતુ ફોર્ટીફાઈડ બ્લેન્ડેડ ફુડ, ૩ વર્ષથી ૬ વર્ષના બાળકો તેમજ સગર્ભા

| | |
|---|---|
| | ધાત્રી માતાઓ તથા કિશોરીઓને અપાતો ફોર્ટીફાઈડ આટા તથા ૩ વર્ષથી ૬ વર્ષના બાળકોને પોષણયુક્ત કેન્ડી (ચોક્લેટ) આપવામાં આવે છે. તે કાર્યક્રમને **"બાલભોગ"** કહેવામાં આવે છે. |
| (૨) તેનાથી લાભાર્થીઓના આરોગ્યમાં કેવા પ્રકારના ફાયદા થનાર છે ? | (૨) ઉપર મુજબના કાર્યક્રમથી પોષક તત્વો મળે છે. રોગ પ્રતિકારક શક્તિ તથા શારિરીક તંદુરસ્તી વધે છે. પાંડુરોગ, આંખના તથા ચામડીના રોગ દુર થઈ, લાભાર્થીનો માનસિક વિકાસ વધે છે. |

------------

**માધ્યમિક શાળાઓમાં યોગનું શિક્ષણ**

૨૨૨૧ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને યોગ/પ્રાણયામ કરાવવા સારૂ સરકારે કોઈ યોજના કરેલ છે કે કેમ, અને | (૧) આયોજન કરેલ છે. |
| (૨) આ માટે શિક્ષકોને તાલીમ આપવાનું આયોજન કરેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

------------

**રાજકોટ જિલ્લામાં વારસાઈ એન્ટ્રી**

૨૫૭૦ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ કેટલી વારસાઈની એન્ટ્રીની અરજીઓ આવી, | (૧) ૮૧૪૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ પડતર છે, | (૨) ૭૦૭૭ અરજીઓ મંજૂર<br>૧૦૩૩ અરજીઓ પડતર છે. |
| (૩) પડતર અરજીઓના વિલંબ થવાને કારણે સંબંધિત અધિકારી સામે કોઈ પગલાં લીધેલ છે કે નહી, અને | (૩) ના, જી. |
| (૪) પડતર અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૪) સત્વરે નિકાલ કરવામાં આવશે. |

------------

**એન્યુઈટી ધોરણે રસ્તાઓ વિકસાવવાની કામગીરી બાબત**

૨૬૩૪ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા એન્યુઈટી ધોરણે રસ્તાઓ વિકસાવવા નિર્ણય કરેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ પ્રોજેકટમાં કેટલા કિ.મીના રસ્તાનો સમાવેશ થાય છે, | (૨) અંદાજે ૨૬૨૧ કી. મી. |
| (૩) આમાં રસ્તા મુખ્યત્વે કેટલા મીટર પહોળા થશે, | (૩) ૧૦ મીટર ડામર સપાટી |
| (૪) આમાં ક્યા ક્યા રસ્તાઓનો સમાવેશ થાય છે, અને | (૪) આમાં પરિશિષ્ટ-૧ માં જણાવ્યા મુજબના રસ્તાઓનો સમાવેશ થાય છે. |
| (૫) પ્રોજેકટ પૂર્ણ થયે રસ્તાની મરામત અને જાળવણી કોણ કરશે ? | (૫) ૧૦ મીટર પહોળાઈનું કામ પુર્ણ થયા બાદ ૧૨ વર્ષ સુધી મરામત અને જાળવણી ખાનગી રોકાણકાર કરશે. |

**પરિશિષ્ટ-૧**

**બી.ઓ.ટી. (એન્યુઈટી) ધોરણે રાજ્ય ધોરીમાર્ગની સુધારણા ૨૬૨૧.૨૬ કિ.મી. પૈકી**

| અનુ. નં. | રસ્તાનું નામ | કી. મી. | | લંબાઈ કી.મી. માં |
|---|---|---|---|---|
| | | થી. | સુધી | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | રાધનપુર-સમી-હારીજ-ચાણસ્મા-મહેસાણા | ૦/૦૦૦ | ૯૧/૪૫૦ | ૯૧.૪૫૦ |
| ૨ | ચાણસ્મા-પાટણ | ૬૦/૦૦૦ | ૭૮/૦૦૦ | ૧૮.૦૦૦ |
| ૩ | હારીજ-પાટણ | ૦/૦૦૦ | ૨૮/૫૦૦ | ૨૭.૫૦૦ |
| ૪ | પાટણ-ઉંઝા-વિસનગર | ૦/૦૦૦ | ૮૭/૫૦૦ | ૮૭.૫૦૦ |
| ૫ | સાણંદ-ચેખલા-કડી | - | - | ૩૭.૬૦૦ |
| ૬ | કડી-કલ્યાણપુરા (સચાણા) વીરમગામ | ૦/૦૦૦ | ૩૧/૦૦૦ | ૩૧.૦૦૦ |
| ૭ | ગાંધીનગર-બાલવાચોકડી-ગોઝારીયા-ખેરવા-મહેસાણા | ૫/૨૦૦ | ૫૭/૮૦૦ | ૫૨.૬૦૦ |
| ૮ | દાંતા-અંબાજી | ૯૧/૦૦૦ | ૧૧૦/૦૦૦ | ૨૦.૦૦૦ |
| ૯ | અંબાજી-રાજ્યની હદ સુધી | ૧૦૩/૬૦૦ | ૧૦૯/૨૨૫ | ૫.૬૨૫ |
| ૧૦ | મહેસાણાથી-હિંમતનગર | ૯૮/૦૦૦ | ૧૬૫/૬૫૦ | ૬૭.૬૫૦ |
| ૧૧ | હિંમતનગર-ઈડર-અંબાજી | ૦/૦૦૦ | ૧૦૯/૨૨૫ | ૧૦૦.૭૨૫ |
| ૧૨ | દાંતા-પાલનપુર | ૦/૦૦૦ | ૩૬/૦૦૦ | ૩૬.૦૦૦ |
| ૧૩ | ભીલોડા-વિજયનગર | ૦/૦૦૦ | ૩૬/૦૦૦ | ૩૬.૦૦૦ |
| ૧૪ | નેત્રંગ-રાજપીપળા-તીલકવાડા-નસવાડી-બોડેલી-જાંબુઘોડા-હાલોલ | ૧૮૭/૬૦૦ | ૩૩૫/૨૦૦ | ૧૪૭.૬૦૦ |
| ૧૫ | વાપી-ધરમપુર-વાંસદા-ગડત-વાલોદ-માડવી-નેત્રંગ | ૩/૫૦૦ | ૧૭૯/૯૦૦ | ૧૭૬.૪૦૦ |
| ૧૬ | દહેજ-આમોદ-કરજણ<br>(૧) આમોદ-રોઝા-ટંકારીયા-મુલ્લેર-દહેજ | ૦/૦૦૦ | ૪૫/૮૦૦ | ૪૫.૮૦૦ |
| ૧૭ | દહેજ-આમોદ-કરજણ<br>(૨) આમોદ-સરભાણ-માતર-કરજણ રોડ | ૦/૦૦૦ | ૧૬/૦૦૦ | ૧૬.૦૦૦ |
| ૧૮ | આમોદ-વાગરા-ભરૂચ | ૬૩/૦૦૦ | ૯૭/૦૦૦ | ૩૪.૦૦૦ |
| ૧૯ | આમોદ-જંબુસર | ૬૩/૦૦૦ | ૫૩/૦૦૦ | ૧૦.૦૦૦ |
| ૨૦ | ઝઘડીયા-વાલીયા | ૧૯/૨૦૦ | ૦/૦૦૦ | ૧૯.૨૦૦ |
| ૨૧ | જખો-નલીયા | ૯૨/૦૦૦ | ૧૦૬/૦૦૦ | ૧૪.૦૦૦ |
| ૨૨ | માંડવી-મુન્દ્રા | ૩૯/૦૦૦ | ૫૨/૦૦૦ | ૪૭.૬૦૦ |
| ૨૩ | મુન્દ્રા-ગાંધીધામ | ૪૪/૨૦૦ | ૫૨/૨૦૦ | ૮.૦૦૦ |
| ૨૪ | માંડવી બંદરથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ. | ૫૭/૦૦૦ | ૫૮/૨૦૦ | ૧.૨૦૦ |
| ૨૫ | પીપાવાવથી કહીયાલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ જંક્શન. | ૧/૦૦૦ | ૯/૯૨૫ | ૮.૯૨૫ |
| ૨૬ | હીડોરણા એન. એચ. જંક્શન થી રાજુલા બાયપાસ | ૦/૦૦૦ | ૩/૦૦૦ | ૧.૪૦૦ |
| ૨૭ | રાજુલા-બાયપાસ | ૦/૦૦૦ | ૨/૬૦૦ | ૨.૬૦૦ |
| ૨૮ | રાજુલા-બાયપાસ-સાવરકુંડલા | ૩૧/૦૦૦ | ૬૯/૦૦૦ | ૩૮.૦૦૦ |
| ૨૯ | વિરમગામ-પંચાસર-સમીરોડ | ૧૦૬/૪૦૦ | ૧૪૧/૨૦૦ | ૩૩.૮૦૦ |
| ૩૦ | રાજકોટ બાયપાસ | ૦/૦૦૦ | ૫/૩૦૦ | ૫.૩૦૦ |
| ૩૧ | ઈટાળવા-સીસોદ્રા રોડ | ૩/૮૦૦ | ૭/૬૦૦ | ૩.૮૦૦ |
| ૩૨ | ધોલપીપલા-અમરી-કાસ્બા રોડ (જુનો એન.એચ.) | ૦/૦૦૦ | ૩/૮૦૦ | ૩.૮૦૦ |
| ૩૩ | ચીખલી-વાંસદા-વઘઈ-આહવા | ૧૧/૦૦૦ | ૯૩/૦૦૦ | ૮૦.૮૦૦ |
| ૩૪ | ભરૂચ-થી અંક્લેશ્વર | ૧૯૨/૪૦૦ | ૨૦૦/૨૦૦ | ૬.૩૫૦ |
| ૩૫ | વાલીયા નેત્રંગ | ૨૦/૦૦૦ | ૪૩/૦૦૦ | ૨૩.૦૦૦ |
| ૩૬ | ડભોઈ-બોડેલી | ૩૦/૦૦૦ | ૬૭/૦૦૦ | ૩૭.૦૦૦ |
| ૩૭ | ડભોઈ-રાજપીપળા-વાયા સેગવા | ૦/૦૦૦ | ૪૧/૦૦૦ | ૪૧.૦૦૦ |
| ૩૮ | સુઈ ગામ- સીંઘાડા | ૦/૦૦૦ | ૩૯/૭૫૦ | ૩૯.૭૫૦ |
| ૩૯ | ઉમરેઠ-ઓડ-સારસા રોડ | ૩/૦૦૦ | ૧૯/૪૦૦ | ૧૬.૪૦૦ |
| ૪૦ | સારસા- વાસદ રોડ | ૦/૦૦૦ | ૯/૩૦૦ | ૯.૩૦૦ |
| ૪૧ | સુરેન્દ્રનગર-વણા-માલવણ-બજાણા-પાલડી- ઝેનાબાદ- દસાડા (૫૬ થી ૫૯/૫) કી.મી. | ૦/૦૦૦ | ૭૭/૨૦૦ | ૭૩.૭૦૦ |
| ૪૨ | ચાવંડ-ઢસા | ૮૯/૦૦૦ | ૧૦૨/૨૦૦ | ૧૩.૨૦૦ |
| ૪૩ | દસાડા-શંખેશ્વર | ૯૪/૫૪૦ | ૧૧૫/૫૦૦ | ૨૦.૯૬૦ |
| ૪૪ | રાજકોટ-આટકોટ-ઢસા-શિહોર-ભાવનગર | ૭/૨૦૦ | ૧૬૪/૧૫૦ | ૧૫૬.૯૫૦ |
| ૪૫ | મુન્દ્રા-પ્રાગપર-એન.એચ. મુન્દ્રા થી પ્રાગપર જંક્શન | ૪૪/૮૦૦ | ૫૩/૦૦૦ | ૮.૨૦૦ |
| ૪૬ | નવલખી-મોરબી | ૬૫/૭૦૦ | ૧૦૮/૦૦૦ | ૪૨.૩૦૦ |
| ૪૭ | નવલખી-માળીયા | ૩/૫૦૦ | ૨૪/૦૦૦ | ૨૦.૫૦૦ |
| ૪૮ | પેડીયા-ધ્રોલ (૧) ધ્રોળ-ભાદર પાટીયા રોડ | ૦/૦૦૦ | ૧૩/૬૦૦ | ૧૩.૬૦૦ |
| | (૨) ભાદર પાટીયા થી જોડીયા રોડ | ૦/૦૦૦ | ૭/૦૦૦ | ૭.૦૦૦ |
| ૪૯ | બેડેશ્વર (જામનગર ઓક્ટ્રોય)-વાલસુરારોડ | ૦/૦૦૦ | ૪/૨૦૦ | ૪.૨૦૦ |
| ૫૦ | પોરબંદરથી એન. એચ. | - | - | ૩.૭૦૦ |
| ૫૧ | સીમર બંદરથી એન. એચ. સીમર | ૦/૦૦૦ | ૧૮/૦૦૦ | ૧૮.૦૦૦ |
| ૫૨ | રાજુલા-ચાર-નાલા-જાફરાબાદ | ૬/૪૦૦ | ૨૨/૦૦૦ | ૧૫.૬૦૦ |
| ૫૩ | કડિયાલી-ભેરાઈ-પીપાવાવ બંદર | ૦/૦૦૦ | ૯/૩૨૫ | ૯.૩૨૫ |
| ૫૪ | નવા બંદર એસ. એચ. જંક્શન | ૦/૦૦૦ | ૧૪/૦૦૦ | ૧૪.૦૦૦ |
| ૫૫ | નવા બંદરથી ભાવનગર | ૦/૦૦૦ | ૮/૦૦૦ | ૮.૦૦૦ |

| અનુ. નં. | રસ્તાનું નામ | કી. મી. થી. | સુધી | લંબાઈ કી.મી. માં |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૫૬ | ઘોઘા-વરતેજ રોડ | ૦/૦૦૦ | ૧૪/૦૦૦ | ૧૪.૦૦૦ |
| | | ૨૦૨/૦૦૦ | ૧૯૨/૨૦૦ | ૯.૮૦૦ |
| ૫૭ | ઓલપાડ-મગદલ્લા | - | - | ૧૭.૪૦૦ |
| ૫૮ | પલસાણા-બારડોલી | ૦/૦૦૦ | ૧૫/૮૦૦ | ૧૫.૮૦૦ |
| ૫૯ | ઉમરગામ-ભિલાડ | ૦/૦૦૦ | ૫/૨૦૦ | ૨૦.૦૦૦ |
| ૬૦ | ભિલાડ-ફણસા | ૦/૦૦૦ | ૧૩/૨૦૦ | ૧૩.૨૦૦ |
| એચબી૧૧૦૭ | ઓ[illegible]બંદરથી કોસ્ટલ હાઈવે બીલીમોરા નગરપાલિકા અને ધરાસણા-ડુંગરી-એન. એચ. | - | - | ૨૦.૯૫૦ |
| ૬૨ | વાંસી-બોરસી બંદરથી ઉભરાટ | ૦/૦૦૦ | ૧૦/૪૦૦ | ૧૦.૪૦૦ |
| ૬૩ | ઉભરાટ-મરોલી-વેસ્મા-એન. એચ. ૦૮ | ૩/૦૦૦ | ૨૭/૦૦૦ | ૨૪.૦૦૦ |
| ૬૪ | એસ. એચ. થી ધોલેરા બંદર | - | - | ૮.૦૦૦ |
| ૬૫ | એન.એચ. જંક્શનથી ભાટિયા ખંભાળીયા | ૧૪૫/૦૦૦ | ૨૦૨/૪૦૦ | ૫૭.૪૦૦ |
| ૬૬ | ધ્વારકા-મીઠાપુર-ઓખા બંદર | ૨૩૨/૦૦૦ | ૨૬૨/૨૦૦ | ૨૨.૦૦૦ |
| ૬૭ | ખંભાળીયા-સલાયા | ૩/૨૦૦ | ૧૪/૫૦૦ | ૧૧.૭૦૦ |
| ૬૮ | માળીયા-આમરણ-જાંબડા-જોડીયા | - | - | ૧૦૫.૦૦૦ |
| ૬૯ | સિક્કા બંદરથી એસ.એચ. જંક્શન | ૦/૦૦૦ | ૮/૯૦૦ | ૮.૯૦૦ |
| ૭૦ | બેડી બંદરથી એસ.એચ. જંક્શન (હાપા) | - | - | ૧૬.૦૦૦ |
| ૭૧ | ગોઝારીયા-વિસનગર | ૩૨/૦૦૦ | ૫૬/૦૦૦ | ૨૪.૦૦૦ |
| ૭૨ | પ્રાંતિજ-લાક્રોડા-માણસા-કલોલ | ૦/૦૦૦ | ૩૧/૦૦૦ | ૨૯.૦૦૦ |
| ૭૩ | પાટણ-ડીસા | ૭૮/૦૦૦ | ૧૪૨/૦૦૦ | ૬૪.૦૦૦ |
| ૭૪ | થરાદ-ડીસા | ૩૩/૨૯૦ | ૮૮/૩૯૦ | ૫૫.૧૦૦ |
| ૭૫ | દેશલપર-મોથાલા-નલીયા | ૨૫/૪૦૦ | ૯૦/૮૦૦ | ૬૫.૦૦૦ |
| ૭૬ | લુણાવાડા-સંતરામપુર-ઝાલોદ-બોર્ડર સુધી | ૧૩૩/૦૦૦ | ૨૧૧/૦૦૦ | ૭૮.૦૦૦ |
| | | | **કુલ** | **૨૬૨૧.૨૬** |

------------

**વાંકાનેર તાલુકાના માર્ગો**

૨૧૧૫ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાંકાનેર તાલુકાના ૧૦૦ ગામડાઓ તાલુકા મથક વાંકાનેર સાથે પાકા રસ્તાથી જોડાયેલા નથી એ હકીક્ત સાચી છે, અને

(૨) વાંકાનેરના ગ્રામ્ય માર્ગો ડામરના બને તે માટે સરકારનું ૨૦૦૮-૦૯ માં શું આયોજન છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) ૯ ગામો મેટલ સપાટીવાળા માર્ગોથી જોડાયેલ છે. તે પૈકી ૨ ગામોના માર્ગોને ડામર સપાટીવાળા બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. જ્યારે ૭ ગામોના માર્ગોને ડામર સપાટીવાળા બનાવવા માટેનું આયોજન થયેલ છે જે તબક્કાવાર હાથ ધરવામાં આવશે.

------------

**પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના**

૨૬૩૬ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે સન ૨૦૦૭-૦૮ હેઠળ કેટલા કામો કેટલી રકમના મંજૂર કર્યા ?

**જવાબ**

પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સન ૨૦૦૭-૦૮ માં ૧૦૯ કામો રૂા. ૪૭૮૪.૮૨ લાખની રકમના મંજૂર કર્યા.

------------

**માંડવી તાલુકાના ખેડૂતોને સહેલાઈથી બિયારણ અને ખાતર મળવા અંગે**

૨૭૩૮ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આદિવાસી ખેડૂતોને

**જવાબ**

(૧) સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકામાં બિયારણ અને ખાતરની વિતરણ વ્યવસ્થા નીચેની વિગતે

જરૂરી વિવિધ પાકોમાં બિયારણો અને ખાતરો સહેલાઈથી ઉપલબ્ધ બને તે અંગે કોઈ વ્યવસ્થા નથી તે બાબત સરકારના ધ્યાન પર છે, અને

પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

| ક્રમ | તાલુકો | બિયારણ વિતરણ કેન્દ્ર | ખાતર વિતરણ કેન્દ્ર |
|---|---|---|---|
| ૧ | બારડોલી | ૩૪ | ૮૭ |
| ૨ | માંડવી | ૩૭ | ૪૭ |

(૨) જો હા, તો આ બાબતે સરકાર કોઈ આયોજન કરવા માંગે છે કે કેમ ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## વિધવા બહેનોને વિમા સુરક્ષા કવચ

૨૨૩૩ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નિરાધાર વિધવા બહેનોને વિમા સુરક્ષા આપવાનું કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો ના, તો તેના કારણો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## પ્રાથમિક શાળાઓમાં ભણવામાં નબળા વિદ્યાર્થીઓ અંગે

૨૨૯૧ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં વાંચન, લેખન અને ગણિતમાં નબળા વિદ્યાર્થીઓને વધુ સારૂ શિક્ષણ આપવા કોઈ યોજના કરવામાં આવેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) ના જી, પરંતુ

--પ્રાથમિક શાળાઓમાં વાચન-લેખન અને ગણિતમાં નબળા વિદ્યાર્થીઓને સારૂ શિક્ષણ આપવા નીચે મુજબના કાર્યક્રમો યોજવામાં આવેલ છે.

-- વિવિધ સ્થળે એક્શન રીસર્ચ અને શૈક્ષણિક સંશોધનો હાથ ધરવામાં આવેલ.

-- સંશોધનમાં મળેલ તારણોના આધારે કઠીન બિંદુઓને સરળ બનાવવાની યુક્તિ-પ્રયુક્તિઓ, શૈક્ષણિક સાધનો અને ટેક્નોલોજીના ઉપયોગ અંગે, શિક્ષકોને દર વર્ષે ૨૦ દિવસ તાલીમ આપવામાં આવેલ.

-- શિક્ષકોને આપેલ તાલીમ વર્ગખંડમાં અમલીકૃત થઇ કે કેમ ? તે અંગે વર્ગખંડ નિરીક્ષણ સી.આર.સી. કોઓર્ડિનેટરો દ્વારા કરી તેની વિગતોને આધારે જરૂરી માર્ગદર્શન પૂરા પાડવામાં આવેલ.

-- શિક્ષકોને વર્ગખંડમાં શૈક્ષણિક મુદ્દાઓ અંગે પડતી મુશ્કેલીઓના નિવારણ શિક્ષકો જાતે જ ક્રિયાત્મક સંશોધન કરી વર્ગખંડમાં પડતી મુશ્કેલીઓ જાણે તે માટે જરૂરી આર્થિક સહાય અને માર્ગદર્શન આપવામાં આવેલ.

-- ગણિત-વિજ્ઞાન પ્રદર્શનો સી.આર.સી.-બી.આર.સી. જિલ્લા-રાજ્ય કક્ષા સુધી આયોજન કરવામાં આવેલ.

-- વાચન-લેખન અને ગણનમાં નબળા બાળકો માટે વર્ષ ૨૦૦૩માં ૫ સપ્ટેમ્બર થી ૧૫ સપ્ટેમ્બર દરમ્યાન પ્રથમ તબક્કાનું અભિયાન યોજવામાં આવેલ. વર્ષ ૨૦૦૫માં ૧ જુલાઇ થી ૧૫ જુલાઇ દરમ્યાન બીજા તબક્કાનું અભિયાન યોજવામાં આવેલ.

-- વાચન-લેખન અને ગણન અભિયાન અન્વયે

**<u>જીવન શિક્ષણના</u>** બે વિશેષાંકો બહાર પાડવામાં આવ્યા.

-- ગુજરાતની તમામ શાળાઓમાં શાળા લાયબ્રેરીના પુસ્તકોનું વાંચન થાય તે માટે શાળાઓમાં અડધા કલાકની વાંચન પ્રવૃત્તિને સઘન બનાવવામાં આવી.

-- લોક ભાગીદારી મેળવવા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા લોકજાગૃતિ અંતર્ગત મહાનુભાવોના સંદેશની સી.ડી. તમામ સી.આર.સી. કક્ષાએ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવી.

(૨) જો હા, તો તેનું શું પરિણામ આવ્યું ?

(૨) ઉપરોક્ત પ્રવૃત્તિઓને કારણે નીચે મુજબના પરિણામો પ્રાપ્ત થયા.

-- શિક્ષકોને આપેલ તાલીમોને કારણે બાળકોની શૈક્ષણિક ગુણવત્તાના સ્તરમાં ૭ ટકા જેટલો વધારો થવા પામેલ છે. આ બાબત દર બે વર્ષે હાથ ધરવામાં આવેલ ગેપ **(Gujarat Achievement profile)** સંશોધનના આધારે જાણી શકાયેલ.

-- વાચન-લેખન અને ગણનના પ્રથમ તબક્કામાં ૭૭ ટકા અને બીજા તબક્કામાં ૭૯ ટકા સફળતા મળેલ.

-- લોકભાગીદારીથી પ્રિય બાળકોને સ્લેટ, પેન, કંપાસ જેવાં પ્રોત્સાહક સાધનો મળ્યાં.

------------

## ઉના તાલુકામાં પુલની મરામત

૨૩૪૮ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના ઉના તાલુકાના જામવાળા (ગીર) ખાતે આવેલ શીંગવડા નદી ઉપરનો મોટો બ્રિજ ભારે પૂરના કારણે ક્ષતિગ્રસ્ત થયેલ છે તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો આ પુલની મરામત કામગીરી કરવા તા. ૩૧/૧/૦૮ સુધીમાં સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ પુલના પુનઃ સ્થાપન અંગે નિષ્ણાંત અભિપ્રાય મેળવવાની બાબત પરામર્શમાં છે.

------------

## યુરીયા ખાતરના જથ્થા અંગે

૧૧૮૮ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ કેન્દ્ર સરકાર ધ્વારા યુરીયા ખાતરનો કેટલો જથ્થો છેલ્લા બે વર્ષમાં રાજ્યને ફાળવવામાં આવ્યો, અને

(૨) આ ફાળવેલ જથ્થામાંથી રાજ્ય સરકારે ક્યારે ક્યારે કેટલો જથ્થો ઉપાડ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ૩૩.૩૮ લાખ મે.ટન યુરિયા ખાતરનો જથ્થો રાજ્યને ફાળવેલ છે.

(૨) ફાળવેલ જથ્થામાંથી રાજ્ય સરકારે ઉપાડ કરેલ જથ્થાની વિગત પત્રક-૧ મુજબ છે.

**પત્રક-૧**

**<u>સને ૨૦૦૬</u>**

| અ.નં. | માસ | રાજ્ય સરકારે ઉપાડેલ યુરિયા |
|---|---|---|
| ૧ | જાન્યુઆરી-૦૬ | ૧૪૮૭૪૮ |
| ૨ | ફેબ્રુઆરી-૦૬ | ૧૦૦૮૧૦ |
| ૩ | માર્ચ-૦૬ | ૭૫૭૧૫ |
| ૪ | એપ્રિલ-૦૬ | ૪૩૩૮૩ |

| | | |
|---|---|---|
| ૪ | એપ્રિલ-૦૬ | ૪૩૩૮૩ |
| ૫ | મે-૦૬ | ૫૬૩૮૩ |
| ૬ | જુન-૦૬ | ૧૧૫૦૮૭ |
| ૭ | જુલાઇ-૦૬ | ૨૦૧૨૯૫ |
| ૮ | ઓગષ્ટ-૦૬ | ૧૨૨૯૫૭ |
| ૯ | સપ્ટેમ્બર-૦૬ | ૧૯૦૪૪૧ |
| ૧૦ | ઓક્ટોબર-૦૬ | ૧૨૩૧૩૮ |
| ૧૧ | નવેમ્બર-૦૬ | ૧૫૦૪૨૪ |
| ૧૨ | ડિસેમ્બર-૦૬ | ૧૮૯૧૬૩ |
| | કુલ... | ૧૫૧૭૫૪૪ |
| **સને ૨૦૦૭** | | |
| ૧ | જાન્યુઆરી-૦૭ | ૧૯૬૭૫૧ |
| ૨ | ફેબ્રુઆરી-૦૭ | ૯૦૦૮૬ |
| ૩ | માર્ચ-૦૭ | ૯૮૮૬૭ |
| ૪ | એપ્રિલ-૦૭ | ૨૯૮૧૭ |
| ૫ | મે-૦૭ | ૪૬૧૫૯ |
| ૬ | જુન-૦૭ | ૧૫૫૦૦૬ |
| ૭ | જુલાઇ-૦૭ | ૨૬૭૩૩૯ |
| ૮ | ઓગષ્ટ-૦૭ | ૨૨૯૮૯૧ |
| ૯ | સપ્ટેમ્બર-૦૭ | ૧૯૮૮૮૮ |
| ૧૦ | ઓક્ટોબર-૦૭ | ૪૫૫૯૦ |
| ૧૧ | નવેમ્બર-૦૭ | ૧૨૭૬૬૭ |
| ૧૨ | ડિસેમ્બર-૦૭ | ૨૬૮૧૦૬ |
| | કુલ... | ૧૭૫૪૧૬૭ |

------------

## પ્રાથમિક શાળાઓના બાળકોના મૃત્યુ પ્રસંગે સહાય

૨૫૫૬ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની જિલ્લા પંચાયત અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીના આકસ્મિક મૃત્યુ પ્રસંગે તેમના વાલીને કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યની જિલ્લા પંચાયત અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીનું આકસ્મિક મૃત્યુ થાય તો તે માટે વિદ્યાર્થીના વાલીને સહાય પેટે રૂા. ૨૫,૦૦૦ આપવામાં આવે છે.

------------

## આણંદ જિલ્લામાં આંગણવાડીઓની સ્થિતિ અંગે

૨૬૨૬ **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં ચાલે છે અને કેટલી ભાડાના મકાનમાં ચાલે છે, અને કેટલી આંગણવાડીઓ કાચા મકાનમાં ચાલે છે,

**જવાબ**

(૧) -પોતાના મકાનમાં : ૫૭૨
-ભાડાના મકાનમાં : ૮૧૮
-કાચા મકાનમાં : ૦૦ (એક પણ નહી)

(૨) ભાડા પેટે કેટલી રકમ વર્ષમાં ફાળવવામાં આવે છે, અને

(૨) ભાડા પેટે નગરપાલિકા વિસ્તારમાં આંગણવાડી દીઠ રૂા. ૫૦૦/- ના દરે અને ગ્રામ્ય વિસ્તારમાં રૂા. ૧૦૦/- ના દરે ભાડું ચુકવવામાં આવે છે.

(૩) પોતાનું મકાન ન હોય તેવી આંગણવાડીઓને મકાન બનાવવા કોઈ આયોજન છે કે કેમ ?

(૩) હા, જી.

-સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂા. ૪૦/- કરોડનું આંગણવાડીના મકાન બાંધકામ માટે આયોજન કરવામાં આવેલ છે તેમાં આણંદ જીલ્લાનો પણ સમાવેશ થાય છે.

------------

**આણંદ જિલ્લામાં કલેકટર કચેરી ખાતે તુમારોનો ભરાવો**

૧૧૭૮**શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કલેકટર કચેરી ખાતે તુમારોનો કેટલો ભરાવો કેટલા સમયથી છે, અને

(૨) તુમારોનો ઝડપી નિકાલ લાવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ૧૯૭,
જે પૈકી ૩ માસથી નીચેના ૧૨૫,
૩ થી ૬ માસ સુધીના ૨૯,
૬ થી ૧૨ માસ સુધીના ૧૧,
૧ થી ૨ વર્ષ સુધીના ૨૩ અને
૨ વર્ષ ઉપરના ૯ તુમારો પડતર છે.

(૨) જિલ્લા મહેસૂલી અધિકારીઓની બેઠકમાં મામલતદારશ્રી, પ્રાંત અધિકારીશ્રી તથા સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીઓને પૂર્તતા અહેવાલ સત્વરે રજુ કરવા સુચનાઓ આપેલ છે અને સ્ટાફ બેઠકમાં દરેક દફતરવાર રીવ્યુ લઈને ઝડપી નિકાલ માટેનું આયોજન કરેલ છે.

------------

**રાજકોટ જિલ્લામાં પાક વીમાની ચૂકવણી**

૨૫૮૧ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખરીફ-૨૦૦૬ના પાક વીમાના દાવાઓની રાજકોટ જિલ્લાની ચૂકવણી બાકી છે, તે હકીક્ત સાચી છે,

(૨) આ દાવાઓની જિલ્લાના તાલુકાવાર રકમ કેટલી છે,

(૩) તેની ચૂકવણી ન થવાના કારણો શાં છે, અને

(૪) રાજ્ય સરકાર ક્યાં સુધીમાં આ દાવાઓનું ચુકવણું કરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા જી, અંશતઃ ચૂકવણી બાકી છે

(૨) રાજકોટ જિલ્લાના બાકી દાવાઓની તાલુકાવાર રકમની વિગત નીચે મુજબ છે.

| અ નં | તાલુકાનું નામ | બાકી રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | ધોરાજી | ૧૧૧.૦૪ |
| ૨ | ગોંડલ | ૧૬૬૦.૨૨ |
| ૩ | જામકંડોરણા | ૪૬૯.૬૨ |
| ૪ | જસદણ | ૫૬૨.૮૯ |
| ૫ | જેતપુર | ૭૬૦.૯૯ |
| ૬ | કોટડાસાંગાણી | ૬૬૪.૮૮ |
| ૭ | લોધીકા | ૫૨૩.૦૭ |
| ૮ | માળીયા | ૭૧૨.૫૬ |
| ૯ | મોરબી | ૧૨૬૬.૮૯ |
| ૧૦ | રાજકોટ | ૯૦૫.૬૫ |
| ૧૧ | ટંકારા | ૧૭૫.૮૩ |
| | કુલ | ૭૮૧૩.૬૪ |

(૩) કેન્દ્ર સરકારશ્રીના નાણાંકીય હિસ્સાની રકમ ભારતીય કૃષિ વીમા કંપનીને ન મળવાના કારણે.

(૪) રાજ્ય સરકારે પોતાના હિસ્સે આવતી રકમ ચુકવી આપેલ છે. કેન્દ્ર સરકારશ્રીએ ચુકવવાની થતી રકમ ભારતીય કૃષિ વીમા કંપનીને મળેથી દાવાઓની ચુકવણી ભારતીય કૃષિ વીમા કંપનીએ કરવાની રહે છે.

------------

**માંગરોળ તાલુકામાં ખેડૂત અકસ્માત વીમા અંગે**

૧૮૩૭ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત જિલ્લામાં માંગરોળ તાલુકાનાં કાંતાબેન ઠાકરભાઈ વસાવા ખેડૂત ખાતેદાર તરીકે તા.૨૧/૨/૨૦૦૫ના રોજ અકસ્માત મૃત્યુ પામેલ જેમને આજદિન સુધી વિમાની રકમ મળેલ નથી તો રાજ્ય સરકાર આપવા માટે આગળ કાર્યવાહી કરવા માંગે છે કે કેમ, કેટલા સમયમાં ? | પ્રસ્તુત કિસ્સામાં અરજદાર તરફથી ઈન્સ્યુરન્સ પેપર તથા આનુષાંગિક કાગળો રજુ ન કરવાના કારણે વીમા કંપનીએ ક્લેઈમ ના મંજુર કરેલ છે. |

------------

**ટેકનિકલ સંસ્થાઓમાં ભૌતિક સુવિધાઓ**

૨૨૯૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટેકનિકલ શિક્ષણને વેગ મળે તે માટે ટેકનીકલ સંસ્થાઓમાં ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરવા કોઈ યોજના દાખલ કરેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) તા.૩૧/૧/૦૮ની સ્થિતિએ રાજ્યની કેટલી ડિગ્રી અને ડિપ્લોમા કોલેજોમાં આ યોજના દાખલ કરેલ છે ? | (૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્યની ૨૨ ડિગ્રી કોલેજો અને ૪૨ ડિપ્લોમા કોલેજોમાં આ યોજના દાખલ કરેલ છે. |

------------

**આંગણવાડીમાં સુપરવાઈઝરની જગાઓ ભરવા અંગે**

૨૭૫૯ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧/૦૮ની સ્થિતિએ નાણાંકિય વર્ષ ૨૦૦૭-૦૮માં કેટલી આંગણવાડી વર્કર બહેનોની સુપરવાઈઝર તરીકે નોમિનેશનથી નિયુક્તિ કરવામાં આવી, અને | (૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ નાણાંકીય વર્ષ-૨૦૦૭-૦૮માં આંગણવાડી વર્કર બહેનોમાંથી કુલ-૪૩૦ સુપરવાઈઝર તરીકે નોમીનેશનથી નિયુક્તિ કરવામાં આવેલ છે. |
| (૨) હજી આવી કેટલી જગ્યાઓ ભરવાની બાકી છે ? | (૨) હજી આવી ૧૫૪ જગ્યાઓ ભરવાની બાકી છે. |

------------

**શંખેશ્વર-બહુચરાજી રાજ્ય ધોરી માર્ગ વિકસાવવા અંગે**

૧૪૬૭ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) યાત્રાધામ શંખેશ્વર-બહુચરાજીને જોડતો રાજ્ય ધોરી માર્ગ વિકસાવવા સરકારે તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કર્યો, અને | (૧) રૂા. ૪૯૮.૭૩ લાખ |
| (૨) હાલ આ રસ્તાની સપાટી સુધારવા અંગે માંગણી સરકાર સમક્ષ કેટલા સમયથી પડતર છે ? | (૨) ધનોરા ગામ નજીકના રૂપેણ નદી પરના એપ્રોચ ઉપર મરામતની કામગીરી માટેની રજુઆત ઓગસ્ટ-૦૭ માં મળેલ છે. |

**આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર શિક્ષણ**

૨૧૯૭ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંતરીયાળ આદિવાસી વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તે માટે કોઇ યોજના દાખલ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકારે ૦૬-૦૭ ના વર્ષમાં કેટલી રકમની જોગવાઇ કરેલ છે ? | (૨) વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માં આયોજન યોજનામાં ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટરાઈઝેશન પ્રોજેક્ટ |

હેઠળ જોગવાઈ રૂા. ૯૬૦.૦૦ લાખ કરેલ છે. અને આદિજાતિ વિસ્તારની પ્રાથમિક શાળાઓ માટે રૂા. ૯૬૦.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાના ગામતળ વધારવાની દરખાસ્તો**

૧૨૮૮ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાના ક્યા ક્યા ગામોની ગામતળ વધારવાની દરખાસ્તો સરકારમાં પડતર છે,

(૨) આ દરખાસ્તો કેટલા સમયથી પડતર છે, તેના કારણો શાં છે, અને

(૩) તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આ વિભાગમાં આવી દરખાસ્ત પડતર નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સાવરકુંડલા તાલુકામાં પશુ દવાખાના અંગે**

૧૬૧૮ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામ, અને નેસડી ગામે પશુ દવાખાનું નથી જે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ બંને ગામોમાં કિંમતી પશુધનને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે સરકાર પશુ દવાખાનું આપવા માટે શું કરવા માંગે છે?

**જવાબ**

(૧) હા જી

(૨) હાલ બંને ગામોમાં બાજુ બાજુના ગામોમાં આવેલ ખાતાના પશુ સારવાર કેન્દ્રો દ્વારા પશુ આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં આવે છે.

------------

**પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના**

૨૬૫૨ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સન ૨૦૦૭-૦૮ માં તા. ૩૧-૧-૦૮ સુધીમાં કેટલા કામો કેટલી રકમના મંજૂર કર્યા ?

**જવાબ**

પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સન ૨૦૦૭-૦૮ માં ૧૦૯ કામો રૂા. ૪૭૮૪.૮૨ લાખની રકમના મંજૂર કર્યા.

------------

**આણંદ જિલ્લામાં ઓ.ડબલ્યુ.આર. હેઠળ મંજૂર કરાયેલ રસ્તાઓ**

૧૨૮૦ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

આણંદ જિલ્લામાં ઓ.ડબલ્યુ.આર. માં પંચાયત હસ્તકના કેટલા રસ્તા છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૨-૨૦૦૭ ની સ્થિતિએ તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

આણંદ જીલ્લામાં ઓ.ડબલ્યુ.આર.માં પંચાયત હસ્તકના કુલ ૩૫ રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧/૧૨/૦૭ની સ્થિતિએ નીચે જણાવ્યા મુજબ તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ |
|---|---|---|
| ૧ | આણંદ | ૨ |
| ૨ | ઉમરેઠ | ૩ |
| ૩ | બોરસદ | ૫ |
| ૪ | આંકલાવ | ૫ |
| ૫ | પેટલાદ | ૧૪ |
| ૬ | સોજીત્રા | ૪ |
| ૭ | ખંભાત | ૧ |

| | | |
|---|---|---|
| ૭ | ખંભાત | ૧ |
| ૮ | તારાપુર | ૧ |
| | **કુલ** | **૩૫** |

**નડિયાદ બાયપાસના કામ અંગે**

૨૬૨૮ **શ્રી પંકજકુમાર દેસાઈ(નડિયાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નડીયાદ બાયપાસની કામગીરી હાથ ધરાયેલ છે તે વાત સાચી છે, અને

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નડિયાદ બાયપાસની કુલ ૮.૮૦ કી.મી. લંબાઈની પરિસ્થિતિ નીચે મુજબ છે.

**(અ) કી.મી. ૦/૦--૫/૧ હયાત ડામર સપાટી**

**(બ) કી.મી. ૫/૧--૮/૧૩" કામગીરી પ્રગતિ હેઠળ**

**(ક) કી.મી. ૮/૧૩--૮/૮૦મીસીગ લીંક**

ઉપરોક્ત (બ) ની પ્રગતિ હેઠળની કામગીરી ઓગસ્ટ-૨૦૦૮માં પુર્ણ થવાની ધારણા છે જ્યારે (ક) અનુભાગને વહીવટી મંજુરી મળેલ છે. વહીવટી પ્રક્રિયા પુર્ણ થયે કામગીરી હાથ ધરી પુર્ણ કરવા આયોજન છે.

**ભાવનગર જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે**

૨૦૦૭ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાદીઠ સોઇલ હેલ્થ કાર્ડ કુલ કેટલા ખેડૂતોને આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧/૧/૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમા, નીચેની વિગતે તાલુકા દીઠ કુલ--૮૩૩૧૬ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | ખેડૂતની સંખ્યા |
|---|---|---|
| ૧. | ભાવનગર | ૫૨૨૬ |
| ૨. | શિહોર | ૯૩૩૬ |
| ૩. | ઉમરાળા | ૩૪૯૭ |
| ૪. | ગઢડા | ૭૨૭૩ |
| ૫. | બોટાદ | ૪૯૭૩ |
| ૬. | વલભીપુર | ૫૯૩૨ |
| ૭. | તળાજા | ૧૧૪૦૧ |
| ૮. | ઘોઘા | ૫૦૬૫ |
| ૯. | પાલીતાણા | ૯૫૯૬ |
| ૧૦. | ગારીયાધાર | ૪૫૩૧ |
| ૧૧. | મહુવા | ૧૬૪૮૬ |
| | કુલ :-- | ૮૩૩૧૬ |

(૨) અંદાજે રૂા. ૭.૦૮ લાખ

**રાજ્યની નિરાધાર વિધવાઓના પેન્શન વધારા અંગે**

૨૭૫૫ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યની નિરાધાર વિધવાઓને હાલ રૂા. ૫૦૦/- થી પેન્શન વધારી રૂા. ૧૦૦૦/- કરવા રાજ્ય સરકારે શું પગલાં લીધા ?

**જવાબ**

રાજ્યની નિરાધાર વિધવાઓને હાલ મળતી માસિક રૂા. ૫૦૦/-ની સહાયની રકમ વધારીને રૂા. ૧૦૦૦/- કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ નથી.

**અમદાવાદ જિલ્લામાં ખેતીની જમીન જૂની શરતમાં ફેરવવા અંગે**

૨૨૦૧ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫ થી ૨૦૦૭ સુધીમાં અમદાવાદ જિલ્લામાં ખેતીની જમીનના કેટલા કેસો નવી શરતોમાંથી જૂની શરતના કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) ૪૯૬૩.

અને

| | |
|---|---|
| (૨) ૩૧ જાન્યુ.-૦૮ ની સ્થિતિએ કેટલા કેસો જૂની શરતમાં ફેરવવાના બાકી છે ? | (૨) ૮૯૯૮. |

------------

**રાજ્યમાં બાગાયતી પાર્ક બનાવવા અંગે**

૨૭૪૪ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બાગાયતી પાર્ક બનાવવાની સરકારની કોઈ યોજના છે ખરી, અને | (૧) રાજ્યમાં બાગાયતી પાર્ક બનાવવાની સરકારની કોઈ યોજના નથી. |
| (૨) ભોગોલિક રીતે ક્યા જિલ્લાનો સમાવેશ કરવાનું વિચાર્યુ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**મહેસાણા જિલ્લામાં કિસાનપથ યોજના**

૨૬૫૦ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ના આયોજનમાં મહેસાણા જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા, અને | (૧) કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ ના આયોજનમાં મહેસાણા જિલ્લા માટે ૩૬ રસ્તા, રૂા.૧૩૧૭.૬૯ લાખ કિંમતના મંજૂર કર્યા. |
| (૨) તે ક્યારે પૂર્ણ થશે? | (૨) કરારખત મુજબ સમય મર્યાદામાં પુર્ણ કરવાનું આયોજન છે. |

------------

**ખેડા જિલ્લામાં કિસાનપથ યોજનાના રસ્તાઓ**

૨૬૩૮ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ના આયોજનમાં ખેડા જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી કિંમતના મંજૂર કર્યા ? | ખેડા જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૦૭-૦૮ ના આયોજનમાં રૂા. ૯૫૫.૮૩ લાખના ૩૭ રસ્તાના કામો મંજૂર કરવામાં આવેલ છે. |

------------

**મહેસૂલી કાયદાઓના સરળીકરણ અંગે**

૨૨૪૬ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વહીવટના સરળીકરણ અને એકવાક્યતા માટે મહેસૂલ વિભાગ તેના હસ્તકના કાયદાઓ હેઠળ ચેક લીસ્ટ તેયાર કરવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) તા. ૩૧-૧૨-૦૭ અંતિત આવા ચેકલીસ્ટ તેયાર કરીને અમલમાં મૂકવામાં આવ્યા છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) કેટલા સમયમાં બાકીના ચેકલીસ્ટ તેયાર કરવાનું આયોજન છે? | (૩) બનતી ત્વરાએ. |

**રાજ્યમાં સ્ટેમ્પ ડયુટીની આવક**

૨૨૨૯ **શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૭ અંતિત ૨૦૦૭-૦૮ના વર્ષમાં સ્ટેમ્પ ડયુટીની કેટલી આવક થઈ, અને | (૧) રૂા. ૧૧૯૨.૦૫ કરોડ |
| (૨) આ આવક અંદાજીત આવકમાં કેટલી | (૨) તા. ૩૧-૧૨-૦૭ અંતિત અંદાજીત આવક કરતાં |

| | |
|---|---|
| વધારે કે ઓછી છે? | ૯.૭૦ ટકા વધારે છે. |

------------

**રાજકોટ જિલ્લામાં વારસાઈની એન્ટ્રીઓ**

૨૨૧૮**શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સન ૨૦૦૭ના વર્ષમાં કેટલી વારસાઈની એન્ટ્રી મંજૂર થઈ, | (૧) ૬૬૫૮ |
| (૨) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલી પડતર છે, અને | (૨) ૧૩૫૫ |
| (૩) ક્યાં સુધીમાં પડતરનો નિકાલ કરવામાં આવશે? | (૩) બાકી રહેતી ૧૩૫૫ એન્ટ્રીઓ નો સત્વરે નિકાલ કરવામાં આવશે. |

------------

**કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના**

૨૬૩૫ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સન ૨૦૦૭-૦૮માં કેટલા કામો કેટલી રકમના મંજૂર કર્યા, અને | (૧) કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સને ૨૦૦૭-૦૮ માં ૨૫ કામો રૂા. ૪૦૩૪.૩૫ લાખના મંજૂર કર્યા. |
| (૨) આ કામો ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) આ કામો કરારખતની સમય મર્યાદા મુજબ પુરા કરવાનું આયોજન છે. |

**રાજકોટ જિલ્લામાં વારસાઈની એન્ટ્રીઓ**

૨૩૪૫ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલી વારસાઈની એન્ટ્રી મંજૂર થઈ, | (૧) ૬૬૫૮ |
| (૨) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલી પડતર છે અને પડતર એન્ટ્રીનો નિકાલ ક્યારે કરવામાં આવશે, અને | (૨) ૧૩૫૫<br>પડતર એન્ટ્રીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે. |
| (૩) વારસાઈ એન્ટ્રી પાડવામાં વિલંબ કરનાર અધિકારી સામે શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) વારસાઈ નોંધ દાખલ કરવામાં વિલંબ થતો હોવાનો કોઈ કિસ્સો બનેલ ન હોઈ પ્રશ્ન રહેતો નથી. |

**રાજ્યના કૃષિ ઉત્પાદનમાં વધારા અંગે**

૨૦૬૮ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુદા જુદા કૃષિ મહોત્સવના આયોજનને કારણે અને પુરતું પાણી ઉપલબ્ધ થવાને કારણે રાજ્યના કૃષિ ઉત્પાદનમાં ખૂબ વધારો થયો છે, તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન કેટલું કૃષિ ઉત્પાદન થવાનો અંદાજ છે? | (૨) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન કૃષિ અને બાગાયત પાકોનું કુલ ૨૯૫.૮૫ મે.ટન ઉત્પાદન થવાનો અંદાજ છે. |

**ખેડા જિલ્લામાં કિસાનપથ યોજનામાં રસ્તાઓ**

૨૬૩૭ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ના આયોજનમાં ખેડા જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા ? | ખેડા જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૦૭-૦૮ ના આયોજનમાં રૂા. ૯૫૫.૮૩ લાખના ૩૭ રસ્તાના કામો મંજૂર કરવામાં આવેલ છે. |

------------

## ખેડા જિલ્લામાં વારસાઈ માટે અરજીઓ

૨૪૪૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર ખેડૂત ખાતેદારોની વારસાઈ માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | માતર | ૧૮૧૩ |
| ૨ | વિરપુર | ૬૯૮ |
| ૩ | નડીઆદ (શહેર) | ૭૨ |
| ૪ | ઠાસરા | ૧૪૧૭ |
| ૫ | ખેડા | ૭૪ |
| ૬ | બાલાશિનોર | ૫૨૫ |
| ૭ | નડીઆદ (ગ્રામ્ય) | ૭૫૨ |
| ૮ | મહુધા | ૪૩૮ |
| ૯ | કપડવંજ | ૬૪૬ |
| ૧૦ | કઠલાલ | ૭૯૮ |
| ૧૧ | મહેમદાવાદ | ૧૧૬૧ |
| | કુલ.. | ૮૩૯૪ |

(૨) ૬૭૨૯.

(૩) હાલની સ્થિતિએ બાકી રહેતી અરજીઓનો નિકાલ થઈ ગયેલ છે.

------------

## રાજ્યના ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ

૨૦૭૧**શ્રી કનુભાઇ મે. ભાલાળા(વિસાવદર ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ખેડૂતોને તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યુ, અને

(૨) તે પૈકી જૂનાગઢ જિલ્લાના તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના ખેડૂતોને કુલ ૧૬,૫૨,૮૭૯ સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી જુનાગઢ જિલ્લાના તાલુકાવાર નીચે જણાવેલ વિગતે ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૪૨૦૪ |
| ૨ | જુનાગઢ | ૫૯૯૨ |
| ૩ | કેશોદ | ૪૧૫૦ |
| ૪ | કોડીનાર | ૪૮૯૭ |
| ૫ | માળીયા | ૩૯૮૫ |
| ૬ | માણાવદર | ૭૩૭૪ |
| ૭ | માંગરોળ | ૪૪૦૦ |
| ૮ | મેંદરડા | ૫૧૫૭ |
| ૯ | પાટણ-વેરાવળ | ૪૬૩૮ |
| ૧૦ | સુત્રાપાડા | ૨૭૧૦ |
| ૧૧ | તાલાલા | ૩૯૫૦ |
| ૧૨ | ઉના | ૮૩૫૦ |
| ૧૩ | વંથલી | ૫૨૮૨ |
| ૧૪ | વિસાવદર | ૬૦૩૦ |
| | **કુલ..** | ૭૧,૧૧૯ |

## આંગણવાડી કાર્યકરોને વિમા કવચ

૨૨૩૭**શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આંગણવાડી કાર્યકર બહેનોને વિમા સુરક્ષા આપવાનું કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો ના, તો તેના કારણો શું ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યમાં નિવાસી શાળાઓ શરૂ કરવા અંગે**

૨૨૫૨ **શ્રીમતી જશોદાબેન ચ.પરમાર(જોટાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ગ્રામીણ દુર્ગમ વિસ્તારોમાં વસવાટ કરતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત જાતિઓ અને લઘુમતી કોમોની કન્યાઓમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના હેઠળ રાજ્યમાં કેટલી નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેલ જિલ્લાઓમાં ક્યારથી શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૫૨.

(૨) હાલમાં, ગુજરાતમાં ૧૮ જિલ્લાઓમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય કાર્યરત છે (વલસાડ, પોરબંદર, ડાંગ, ભરૂચ, આણંદ, ગાંધીનગર, નવસારી સિવાય). કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવા માટે ભારત સરકારે બે માપદંડો (Parameters) નક્કી કરેલા છે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શૈક્ષણિક રીતે પછાત તાલુકામાં ભારત સરકારની મંજૂરી મળ્યેથી શરૂ કરવામાં આવે છે. આવતા નાણાકીય વર્ષમાં વલસાડ જિલ્લાના કપરાડા ખાતે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવા માટે ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવશે. બાકીના છ (૬) જિલ્લાઓ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવા માટેના નક્કી કરેલા માપદંડોની અંદર આવતા નથી.

------------

**રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ઓરડા બનાવવા બાબત**

૨૫૫૮ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા ઓરડાઓ બનાવવામાં આવ્યા છે,

(૨) હાલ ઓરડાની કેટલી ઘટ છે, અને

(૩) તે પૂરી કરવા સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં છેલ્લા ત્રણ વર્ષમા ૧૨૮૮૬ ઓરડાઓ બનાવવામાં આવ્યા છે.

(૨) કુલ ૧૦૯૬૨ ઓરડાઓની ઘટ છે.

(૩) વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં રાજ્ય સરકાર દ્વારા ૧૦૫૩ ઓરડાઓની મંજુરી આપવામાં આવી છે. અને સર્વ શિક્ષા અભિયાન મિશન (એસ.એસ.એએમ.) દ્વારા ૧૮૧૯ ઓરડાઓનું આયોજન થયેલ છે. રાજ્ય સરકાર દ્વારા રૂા. ૩૩૩૪.૫૦ લાખની જોગવાઇ તથા સર્વ શિક્ષા અભિયાન મિશન દ્વારા રૂા. ૬૩૦૮.૩૩ લાખની જોગવાઇ કરવામાં આવી છે. બાકી રહેતા ૮૦૯૦ ઓરડાઓનું આગામી વર્ષોમાં તબક્કાવાર આયોજન કરી ઓરડાઓની ઘટને જેમ બને તેમ જલ્દી પુરી કરવામાં આવનાર છે.

------------

**રાજકોટ જિલ્લામાં પાક વિમાની ચૂકવણી**

૨૫૮૦ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખરીફ-૨૦૦૬ના પાક વીમાના દાવાઓની રાજકોટ જિલ્લાની ચૂકવણી બાકી છે, તે હકીકત સાચી છે,

(૨) આ દાવાઓની જિલ્લાના તાલુકાવાર રકમ

**જવાબ**

(૧) રાજકોટ જીલ્લાના ખરીફ-૨૦૦૬ ના પાક વીમાના દાવાઓની અંશતઃ ચુકવણી બાકી છે.

(૨) રાજકોટ જિલ્લાના બાકી દાવાઓની તાલુકાવાર

કેટલી છે,

રકમની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | બાકી રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ધોરાજી | ૧૧૧.૦૪ |
| ૨ | ગોંડલ | ૧૬૬૦.૨૨ |
| ૩ | જામકંડોરણા | ૪૬૯.૬૨ |
| ૪ | જસદણ | ૫૬૨.૮૯ |
| ૫ | જેતપુર | ૭૬૦.૯૯ |
| ૬ | કોટડાસાંગાણી | ૬૬૪.૮૮ |
| ૭ | લોધીકા | ૫૨૩.૦૭ |
| ૮ | માળીયા | ૭૧૨.૫૬ |
| ૯ | મોરબી | ૧૨૬૬.૮૯ |
| ૧૦ | રાજકોટ | ૯૦૫.૬૫ |
| ૧૧ | ટંકારા | ૧૭૫.૮૩ |
| | કુલ.. | ૭૮૧૩.૬૪ |

(૩) તેની ચૂકવણી ન થવાના કારણો શાં છે, અને

(૩) કેન્દ્ર સરકારશ્રીના નાણાંકીય હિસ્સાની રકમ ભારતીય કૃષિ વીમા કંપનીને ન મળવાના કારણે

(૪) રાજ્ય સરકાર ક્યાં સુધીમાં આ દાવાઓનું ચુકવણું કરવા માંગે છે ?

(૪) રાજ્ય સરકારે પોતાના હિસ્સે આવતી રકમ વીમા કંપનીને ચુકવી આપેલ છે. કેન્દ્ર સરકારશ્રીએ ચુકવવાની થતી રકમ ભારતીય કૃષિ વીમા કંપનીને મળેથી દાવાઓની ચુકવણી ભારતીય કૃષિ વીમા કંપનીને કરવાની રહે છે.

------------

**દૂરવર્તી શિક્ષણમાં નવા અભ્યાસક્રમો**

૨૫૩૩ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દૂરવર્તી શિક્ષણના ક્ષેત્રમાં છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં રાજ્ય સરકારે કોઈ નવા અભ્યાસક્રમ દાખલ કર્યા છે કે કેમ,

(૨) જો હા, તો આ અભ્યાસક્રમો રાજ્યના વિદ્યાર્થીઓને રોજગારલક્ષી અભિગમમાં મદદરૂપ થઈ શકશે કે કેમ, અને

(૩) જો હા, તો કઈ રીતે મદદરૂપ થઈ શકશે ?

**જવાબ**

(૧) હા જી. ૧૮-અભ્યાસક્રમ.

(૨) હા જી.

(૩) સરકારશ્રીએ નીચે મુજબના કુલ ૧૮ અભ્યાસક્રમો દાખલ કરેલ છે.

૧. સર્ટિફીકટ કોર્સ ઈન સ્પેનીસ
૨. સર્ટિફીકેટ કોર્સ ઈન ઈંગ્લીશ.
૩. સર્ટિફીકેટ કોર્સ ઈન ફ્રેન્ચ.
૪. સર્ટિફીકેટ કોર્સ ઈન બી.બી.એ. એન્ડ હોટલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ.
૫. સર્ટિફીકેટ કોર્સ ઈન એડવાન્સ પોસ્ટ એરા. ડિપ્લોમા ઈન હોટલ એન્ડ કેટરીંગ મેનેજમેન્ટ.
૬. સર્ટિફીકેટ કોર્સ ઈન પી.જી. ડિપ્લોમા ઈન મીડીયાગ્રાફીક્સ એન્ડ એનીમેશન.
૭. સર્ટિફીકેટ કોર્સ ઈન બી.બી.એ.(જનરલ).
૮. સર્ટિફકેટ કોર્સ ઈન બી.બી.એ. (ઈન્સ્યોરન્સ એન્ડ બેંકીંગ)
૯. સર્ટિફકેટ કોર્સ ઈન બી.બી.એ. (એર ટ્રાવેલ્સ મેનેજમેન્ટ)
૧૦. સર્ટિફકેટ કોર્સ ઈન એડવાન્સ પી.જી. ડિપ્લોમા ઈન બીઝનેશ એડમીનીસ્ટ્રેશન (માર્કેટીંગ).

૧૧. સર્ટિફકેટ કોર્સ ઈન એડવાન્સ પી.જી. ડિપ્લોમા ઈન બી.એ.(ફાઈનાન્સ).
૧૨. સર્ટિફીકેટ કોર્સ ઈન એડવાન્સ પી.જી. ડિપ્લોમા ઈન બી.એ.(એચ.આર.એમ.).
૧૩. સર્ટિફીકેટ કોર્સ ઈન એડવાન્સ પી.જી. ડિપ્લોમા ઈન બી.એ.(ઈન્સ્યોરન્સ એન્ડ બેંકીંગ).
૧૪. સર્ટિફીકેટ કોર્સ ઈન એડવાન્સ પી.જી. ડિપ્લોમા ઈન બી.એ.(રીટેઈલ મેનેજમેન્ટ).
૧૫. સર્ટિફીકેટ કોર્સ ઈન એડવાન્સ પી.જી. ડિપ્લોમા ઈન બી.એ.(એવીએશન).
૧૬. સર્ટિફીકેટ ઈન ડૉ. બાબાસાહેબ આંબેડકર લાઈફ એન્ડ થોટ.
૧૭. ડિપ્લોમા ઈન વેલ્યુએડેડ ટેક્ષ ઈન ગુજરાત.
૧૮. બેચરલ ઓફ એજ્યુકેશન.

ઉક્ત અભ્યાસક્રમોથી વિદ્યાર્થીઓને વિદેશી ભાષાઓની પરીક્ષા પાસ કરી ઓદ્યોગિક ક્ષેત્રે, ઈન્સ્યુરન્સ ક્ષેત્રે, દ્વિભાષી તરીકે, વેલ્યુ એડેડ કર નિષ્ણાત તરીકે, હોટલ ક્ષેત્રે, મીડીયા એનીમેશન ક્ષેત્રે, માર્કેટીંગ ક્ષેત્રે, ઉડ્ડયન ક્ષેત્રે, વગેરે ક્ષેત્રોમાં રોજગારી મેળવવામાં મદદ થાય છે.

------------

## પ્રાથમિક શાળાઓની કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

૨૫૫૭ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૭માં રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં પ્રવેશ મેળવેલ કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ એનાયત કરવામાં આવ્યા છે, અને | (૧) વર્ષ ૨૦૦૭ માં રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ માં પ્રવેશ મેળવેલ ૧,૪૨,૬૯૭ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ એનાયત કરવામાં આવ્યા છે. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ થયો છે ? | (૨) તે અંગે રૂા. ૧૪૨૬.૯૭ લાખનો ખર્ચ થયો છે. |

------------

## પછાત અને આદિવાસી વિસ્તારોમાં ટેકનિકલ શિક્ષણ

૨૫૨૨ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યના પછાત અને આદિવાસી વિસ્તારોમાં ટેક્નીકલ શિક્ષણનો વ્યાપ વધે તે માટે સરકારે કોઈ વ્યવસ્થા કરેલ છે કે કેમ ? | હા જી. |

------------

## અંગ્રેજીનો વ્યાપ અને પ્રસાર વધારવા અંગે

૨૫૩૯ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંગ્રેજીના ઉચ્ચશિક્ષણનો વ્યાપ અને પ્રસાર વધારવા અર્થે શિક્ષણ વિભાગે છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં કોઈ પગલાં લીધા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) ૩(ત્રણ) યુનિવર્સિટી ખાતે અને ૫૬(છપ્પન) કોલેજો ખાતે ડીજીટલ ઈંગ્લિશ લેંગ્વેજ લેબોરેટરીની સ્થાપેલ છે. (૨) આ લેબ.ના સંચાલન અર્થે અંગ્રેજી વિષયના અધ્યાપકોને સોફટર્વરની તાલીમ આપેલ છે. આ લેબ.માં ત્રણ લેવલ/સ્તર અભ્યાસક્રમ છે. (૩) બ્રિટીશ કાઉન્સિલ દ્વારા મટીરીયલ પ્રોડકશન પૂરૂં પડાય છે. (૪) ડૉ. |

બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આ અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ પરીક્ષા લઈને પ્રમાણ પત્ર એનાયત કરાય છે. (૫) આ લેબ.માં ૨૫ વિદ્યાર્થીઓની એમ કુલ ચાર બેંચ અઠવાડિયાના ત્રણ દિવસ ચલાવવામાં આવતી હોઈ અઠવાડિક ૨૦૦(બસો) વિદ્યાર્થીઓને આ લેબ.નો લાભ મળી શકે. આમ વાર્ષિક ૪૫,૦૦૦/- (પિસ્તાળીસ હજાર) જેટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને લાભ મળી રહેશે.

------------

**સમી અને હારીજ તાલુકાના માર્ગોનું સમારકામ**

૧૪૬૮ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમી અને હારીજ તાલુકાના રાજ્ય ધોરી માર્ગ સમી-પંચાસર અને હારીજ-લોટેશ્વર, તથા પાટણ-રોડા માર્ગને ડામર સપાટીવાળો બનાવવા અંગેની દરખાસ્ત સરકારમાં તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ ક્યા તબક્કામાં પડતર છે, અને

(૨) આવેલ દરખાસ્ત અંગે રાજ્ય સરકારે શો નિર્ણય લીધો છે ?

**જવાબ**

(૧)
અને
(૨) સમી-પંચાસર, હારીજ-લોટેશ્વર અને પાટણ-રોડા માર્ગો ડામર સપાટી સાથે હયાત છે. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સાબરકાંઠા જિલ્લામાં સરકારી કોલેજો શરૂ કરવા અંગે**

૧૨૮૯ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પછાત વિસ્તારોમાં સરકારે સરકારી કોલેજો શરુ કરવાની વિચારણા કરેલ છે, અને

(૨) ક્યા ક્યા વિસ્તારો અને તાલુકા માટે આવી વિચારણા કરવામાં આવી છે અને કેટલા સમયમાં કોલેજો શરૂ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વિચારણા ચાલુ છે.

------------

**આણંદ જિલ્લામાં મંજૂર કરેલ રસ્તાઓ**

૧૨૮૧ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં નાબાર્ડમાં પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ મંજૂર ક્ર્યા, અને

(૨) ક્યા તાલુકામાં કેટલા રસ્તાના કામો હાથ ધરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨)

નીચે જણાવ્યા મુજબ તાલુકાવાર મંજુર કરેલ કુલ ૩૭ રસ્તાઓના કામો હાથ ધરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર કરવામાં આવેલ કામ | હાથ ધરવામાં આવેલ કામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | આણંદ | ૬ | ૬ |
| ૨ | ઉમરેઠ | ૨ | ૨ |
| ૩ | બોરસદ | ૧ | ૧ |
| ૪ | આંકલાવ | ૪ | ૪ |
| ૫ | પેટલાદ | ૮ | ૭ |
| ૬ | સોજીત્રા | ૩ | ૩ |
| ૭ | ખંભાત | ૬ | ૪ |
| ૮ | તારાપુર | ૭ | ૧ |
| | કુલ | ૩૭ | ૨૮ |

------------

**ભાવનગર જિલ્લામાં જમીન દફ્તરની નકલો ઓનલાઈન કરવા અંગે**

૨૦૦૮ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૦૧/૨૦૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં દફતરની નકલો ઓનલાઈન મળવાની સરકાર દ્વારા કાર્યવાહી શરૂ થઈ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે, અને | (૨)<br>(૧) ખાતેદારને તાલુકા ઈ-ધરા કેન્દ્ર ખાતે માગણી કર્યેથી ૭૧૨, ૮-અ અને ગામ નમૂના નં. ૬ ની નકલ આપવામાં આવે છે.<br>(૨)ખાતેદારને ગામેથી નકલ પ્રાપ્ય થાય તે માટે તલાટીને એક વેચાણ સેટ ગામે રાખવા. મહેસૂલ વિભાગે તા. ૨૦-૧૨-૨૦૦૪ના રોજ પરિપત્રથી આયોજન કરેલ છે.<br>(૩)આ ઉપરાંત, પંચાયત વિભાગની ઈ-ગ્રામ યોજના હેઠળ જે ગામે કમ્પ્યુટર હાર્ડવેર અને કનેકટીવિટીની સવલત ઉપલબ્ધ કરાયેલ હોય તે ગામે ઓનલાઈન પધ્ધતિથી નકલ મળી શકે તેવું આયોજન છે. |
| (૩) હાલ કેટલા ગામોમાં ગ્રામ્ય કક્ષાએથી નકલો મળે છે ? | (૩) (૧) તલાટીએ નકલનો એક વેચાણ સેટ ગામે રાખવા મહેસુલ વિભાગે ૨૦-૧૨-૨૦૦૪ના રોજ પરિપત્રથી આયોજન કરેલ છે.<br>(૨) ઈ-ગ્રામ યોજના હેઠળ ૮ ગામોએથી ઓનલાઈન પધ્ધતિથી નકલો મળે છે. |

------------

## નિરાધાર વિધવાઓના બાળકોને સહાય

૨૭૫૬ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નિરાધાર વિધવાઓના બાળકોને હાલમાં કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને | (૧) નિરાધાર વિધવાઓના આધારિત બાળકોને બાળક દીઠ રૂા. ૮૦/- પ્રતિમાસ (બે બાળકોની મર્યાદામાં) ચૂકવવામાં આવે છે. |
| (૨) આ રકમમાં રાજ્ય સરકાર કોઈ વધારો કરવા માંગે છે કે કેમ? | (૨) ના, જી. |

------------

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

**અધ્યક્ષશ્રી** : આજે પ્રશ્નોત્તરી દરમ્યાન વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ (xxxxx) શબ્દ વાપર્યો હતો. હું તેમનું ધ્યાન અને આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે તા. ૨૩-૨-૨૦૦૫ના રોજ મંત્રીશ્રીએ તેમના પ્રવચનની અંદર કોંગ્રેસે જે (xxxxx) કર્યુ છે. દલિત અને આદિવાસીઓ અને બક્ષીપંચના લોકોને અભણ રાખવાનું (xxxxx) ના ભાગરૂપ છે તેમ કહેવું અસંસદીય છે. બીજા પક્ષે (xxxxx) કર્યુ છે તેમ કહી શકાય નહીં. (xxxxx) શબ્દ અસંસદીય છે તે હું જણાવું છું. હું આપ સૌનું આપણા નિયમોના નિયમ ઉપર પણ ધ્યાન દોરવા માગું છું કે આપણા નિયમોની અંદર ખૂબ સ્પષ્ટતાપૂર્વક તારાંકિત પ્રશ્નો અને પ્રશ્નોત્તરીની અંદર કેવા શબ્દો વાપરવા તે અંગે ધ્યાન દોરેલ છે. પ્રશ્નમાં દલીલો, અનુમાનો, વિશેષણો અને બદનક્ષીભર્યા વિધાનો હોવા જોઈએ નહીં. આ બંને વસ્તુની સ્પષ્ટતા કર્યા પછી, બધાને લાગુ પડે છે. તેથી આપણે આપણા શબ્દ પ્રયોગ વખતે બંને બાજુથી સંયમ રાખીએ કે આપણો સંવાદ તૂટે નહીં તે બાબતની અંદર છે અને એટલા માટે આજે વપરાયેલો * (xxxxx) શબ્દ હું કાઢી નાંખું છું એ સભાગૃહના ધ્યાન પર મૂકું છું.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો..

**અધ્યક્ષશ્રી** : મારા પોઈન્ટ ઑફ ઑર્ડર ઉપરના નિર્ણય ઉપર કંઈ કહેવાનું હોય તો નહીં.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નની ચર્ચા વખતે માનનીય વિરોધપક્ષના નેતા જે પ્રકારથી રજૂઆત કરી રહ્યા હતા. મંત્રીશ્રી અને અધ્યક્ષશ્રી સામે હાથ કરીને બોડી લેંગ્વેજ, અવાજનો ટોન...

**અધ્યક્ષશ્રી** : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી મેં આ અંગે સ્પષ્ટતાપૂર્વક નિયમોનું ધ્યાન દોર્યુ છે કે આ સભાગૃહની અંદર આ બદનક્ષીભર્યા શબ્દો ન વાપરી શકાય. તે મેં કહ્યું છે એટલે આપનો પૉઈન્ટ ઑફ ઑર્ડર રહેતો નથી. મેં કહ્યું છે એમને. (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઑર્ડર શબ્દની બાબતમાં નથી પણ વાત મૂકતી વખતે હાવભાવ, અને હાથ લાંબા કરીને અધ્યક્ષશ્રી અને મંત્રીશ્રી સામે વાત કરી શકાય કે કેમ? તે બાબતમાં મારું આપની પાસેથી માર્ગદર્શન જોઈએ છે.

**અધ્યક્ષશ્રી** : આપણા નિયમો સ્પષ્ટ કહે છે અને તે નિયમોને આ મર્યાદાની અંદર રહીને મેં મારું રૂલિંગ આપ્યું છે, ફરીથી કહું છું કે આ સભાગૃહની અંદર સભાગૃહનું સંચાલન સારી રીતે ચાલે તે માટે સંવાદભર્યા શબ્દો વાપરીએ અને શબ્દો વાપરતી વખતે તેના હાવભાવ આવે છે. એટલે જો શબ્દો ન વાપરીએ તો તેના હાવભાવનો કોઈ પ્રશ્ન પેદા થતો નથી. એટલે કહું છું કે શબ્દો ઉપર આપણો સંયમ રહે અને જે શબ્દો વાપરવાની મર્યાદાઓ નિર્દિષ્ટ કરી છે તે તેમાં આવી જાય છે. શ્રી નીતિનભાઈ આપની વાત આવી છે તેમાં મારા રૂલિંગમાં તે વાત આવી જાય છે. નેકસ્ટ.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### શારદાબેન હૉસ્પિટલમાં શૉર્ટ સર્કીટથી નવજાત શિશુ બળી જવા અંગે

**શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, " તા.૧૨-૩-૦૮ના રોજ સવારે ૫.૦૦ કલાકની આસપાસ અમદાવાદની શારદાબેન હૉસ્પિટલમાં બાળકોના રૂમમાં રાખવામાં આવેલ પ્રિમેચ્યોર બેબી પેટીને શોર્ટ સર્કીટ થતાં તેમાં રાખવામાં આવેલ એક નવજાત શીશુ બળીને ભડથું થઈ ગયેલ છે. તે ઉપરાંત અન્ય પાંચથી છ નાના બાળકોને તથા તેમની સાથે રહેલ માતાઓને પણ નાની મોટી ઈજાઓ થતાં લોકોમાં ફેલાયેલ ભય અને ગભરાટનું વાતાવરણ દૂર કરવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી જયનારાયણ ન. વ્યાસ: (આરોગ્ય મંત્રીશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, શારદાબેન હૉસ્પિટલને અમદાવાદ મહાનગરપાલિકાના નાણાંકીય સ્વ ભંડોળથી ચલાવવામાં આવે છે. આ હૉસ્પિટલમાં ગાયનેક વિભાગમાં વાર્ષિક આશરે ૪૦૦૦ પ્રસુતિ થાય છે. જેમાં લગભગ ૧૦૦૦ જેટલા નવજાત શીશુઓને એન.આઈ.સી.યુ(નીઓ નેટલ ઈન્ટેન્સીવ કેર યુનિટ) વિભાગમાં સારવાર આપવામાં આવે છે. આ હૉસ્પિટલમાં નવજાત શીશુઓને સારવાર આપવા માટે ૨૦ પથારી ધરાવતો એન.આઈ.સી.યુ. વિભાગ આવેલ છે. તા. ૯-૩-૨૦૦૮ ના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી મનોજભાઈ રાવના પુત્રને અધૂરા દિવસોએ જન્મ થયેલ હોવાથી તેમજ વજન ઓછું હોવાથી આ વિભાગમાં દાખલ કરવામાં આવેલ. સારવાર દરમ્યાન તા. ૧૨-૩-૦૮ના રોજ સવારે ૪.૨૦ કલાકે અચાનક શોર્ટ સર્કીટથી ફોટોથેરાપી યુનિટમાં આગ લાગતાં ત્યાં હાજર તબીબ અને નર્સ તેમજ ઉપલબ્ધ વોર્ડ બોય અને સરવન્ટ દ્વારા આગ બુઝાવવાની અને બચાવવાની કામગીરી શરૂ કરેલ. અકસ્માત સમયે વિભાગમાં સારવાર હેઠળ કુલ ૭ બાળકો હતાં.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.

આ આગ વધુ ન ફેલાય તે માટે તાત્કાલિક અસરથી ઓક્સિજન સપ્લાય બંધ કરી દેવામાં આવેલ તેમજ અન્ય ૬ બાળકોને તાત્કાલિક અકસ્માતના સ્થળેથી બહાર કાઢી સુરક્ષિત જગ્યાએ શીફ્ટ કરવામાં આવેલ. ફાયરબ્રીગેડને જાણ કરી સુરક્ષાના તમામ પગલાં લેવામાં આવેલ. દાઝી ગયેલ બાળકને તાત્કાલિક સારવાર માટે બર્નસ વોર્ડમાં ખસેડાતાં તેને મૃત જાહેર કરવામાં આવતા તેની જાણ પોલીસને કરવામાં આવેલ. બચાવી લેવાયેલ ૬ બાળકોને તાત્કાલિક એલ.જી હૉસ્પિટલમાં ખસેડી જરૂરી સારવાર આપવામાં આવેલ.

એલ.જી.હોસ્પિટલ, વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ વગેરેમાં આવા જ પ્રકારના ૩૦ જેટલા મશીનો ચાલે છે, જે મશીનો Meditrin કંપની મુંબઈની બનાવટના છે. આ પ્રકારનો આ પ્રથમ બનાવ બનેલ છે. આ અગાઉ મશીનની કામગીરી ખોટકાવવાનો કોઈ બનાવ બનેલ નથી. તમામ મશીનોમાં કંપનીના ઈજનેરને બોલાવી ચકાસણી કરીને ઉપયોગ થાય તે માટેના જરૂરી પગલાં લેવાયેલ છે. આ મશીનો સીમ્પલ મીકેનીઝમવાળા હોઈ તેમજ રોજે રોજ આ મશીનોનો વપરાશ થતો હોઈ વાર્ષિક નિભાવણી કરાર કરવામાં આવતો નથી. મહાનગરપાલિકાના લાઈટ ખાતાના અધિકારીઓ મારફતે વાયરીંગ, અર્થીંગ, એમ.સી.બી. વગેરેની ચકાસણી હાથ ધરવામાં આવેલ છે. આ બનાવ બાદ વિશેષ સાવચેતીના પગલાંરૂપે મહાનગરપાલિકા દ્વારા સંચાલિત તમામ જનરલ હોસ્પિટલોમાં સઘન સારવાર આપતા યુનિટો, ઑપરેશન થિયેટર, આઈ.સી.સી.યુ, ટ્રોમા, રેડીયોલોજી, એન.આઈ.સી.યુ. એરકન્ડશન્સ વગેરેમાં આવેલ પાવર સબ સ્ટેશનના વાયરીંગ તાત્કાલિક ચકાસવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તેમજ હૉસ્પિટલમાં વસાવવામાં આવેલ તમામ મશીનોની ચકાસણી કરવામાં આવેલ છે.

આ બનાવના અનુસંધાને બાળકની માતાને માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી રૂા.૫૦/- હજારની રાહત મંજૂર કરેલ છે તેમજ પ્રસુતા માતાનો સંપૂર્ણ હોસ્પિટલ ખર્ચ માફ કરેલ છે. બાળકના માતા-પિતાને દિલ્હી જવા માટે ટિકિટની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

આ બાબતની ઉચ્ચ સ્તરીય તપાસ માટે તા. ૧૨-૩-૨૦૦૮ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આદેશથી (૧) નિયામકશ્રી, ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરી, અમદાવાદ(૨) અધિક નિયામકશ્રી (પરિવાર કલ્યાણ) કમિશ્નરશ્રી આરોગ્યની કચેરી, ગાંધીનગર અને (૩) મુખ્ય ઇલેક્ટ્રિક ઑફિસર, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ એમ ત્રણ સભ્યોની બનેલી તપાસ સમિતિની રચના કરવામાં આવેલ. જેમાં વધારાના એક સભ્ય તરીકે ભારત સરકારના ઈલેકટ્રોનીકસ એન્ડ કવોલીટી ડૅવલપમેન્ટ સેન્ટરના મેનેજીંગ ડીરેકટરશ્રીનો પણ ઉમેરો કરવામાં આવેલ છે. આ સમિતિ અકસ્માતના કારણોની તપાસ કરી દિન-૭માં પોતાનો અહેવાલ સરકારને આપશે.

સદર અહેવાલ મળ્યેથી રાજયમાં અન્યત્ર આ પ્રકારના અકસ્માત સામે સાવચેતીરૂપે લેવાના થતાં પગલાં અંગે પણ વિગતવાર સૂચનાઓ ઈસ્યુ કરવામાં આવશે.

આમ સમગ્ર બનાવ અકસ્માતે બન્યો તે બાદ તાત્કાલિક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પગલાં લેવામાં આવેલ છે અને અન્ય બાળકોને કે તેમની માતાઓને કોઈ અગવડ ન પડે તે માટેની વ્યવસ્થા કરવામાં આવેલ હોઈ તેમના માટે ભય કે ગભરાટનું વાતાવરણ ઉભું થયાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, શારદાબેન હોસ્પિટલ તે મારા મત વિસ્તારમાં આવેલ હોસ્પિટલ છે અને ૯મી માર્ચ સવારે આ હોસ્પિટલની અંદર દિલ્હી રાજસ્થાન પાલીના વતની પુષ્પાબેનને સિજેરીયન મારફતે પુત્ર જન્મ થાય છે. આ પુત્રને કમળાની અસર હોવાને કારણે એને ઇનક્યુબેટરની અંદર મૂકવામાં આવે છે અને એ બાળકની માતાને મહિલાના વૉર્ડમાં રાખવામાં આવે છે, બાજુમાં જ બારમી તારીખે સવારે ફોટોથેરાપી મશીન પાસે એક ધડાકો થાય છે અને ધડાકાને લીધે આ યુનિટમાં એક આગ ફાટી નીકળે છે અને આ આગના લીધે બાજુમાં આ બાળકનું પોતાનું જ ઇનક્યુબેટર હતું એમાં આગ પકડાઈ ગઈ અને આગને લીધે આ બાળક ત્યાંને ત્યાં જ સળગીને મૃત્યુ પામ્યું. માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે, આટલી મોટી હૉસ્પિટલ હોય અને આટલી ઇલૅકટ્રીકની સગવડો ઉપલબ્ધ હોય તો શું આ હૉસ્પિટલમાં એમસીબી સિસ્ટમ કોઈ ઉપલબ્ધ હતી કે નહીં, એ જો એ ઉપલબ્ધ હોત તો શોર્ટ સરકીટ થાય તો સ્વિચ પડી જાય તો આ આગનું કારણ ન બને, તો આ રીતની ઘટનાઓ ભવિષ્યમાં ના બને એ માટે ગુજરાતની તમામ હૉસ્પિટલોમાં આ રીતની શોકપ્રુફ અદ્યતન લાઈનની ગોઠવણ કરવા માગે છે કે કેમ? અને આ હૉસ્પિટલમાં જ્યારે ફાયર સેફટી સિસ્ટમ જ્યારે ઉપલબ્ધ ના હોવાના કારણે આ બાળકને બચાવી નથી શક્યા તો ગુજરાતની તમામ હૉસ્પિટલોમાં આ રીતના ફાયર સેફટી સિસ્ટમ મૂકવા માગો છો કે કેમ ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એમાં માનનીય સભ્યશ્રીની વાત સાચી છે કે જે બાળકને પ્રિમેચ્યોર ડિલિવરીના કારણે આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે જે બિલિરોબીન નામનું તત્ત્વ હોય એ વધી જતું હોય છે એના કારણે પીળિયાની અસર થાય અને એ પીળિયાની અસર નિવારવા માટે આ પ્રકારની ફોટોથેરાપી યુનિટમાં રાખવામાં આવતા હોય છે. આ મશીનો એ જે જગ્યાએ હતા તે જગ્યાએ સાત બાળકો સારવાર લઈ રહ્યા હતા અને સાત બાળકોમાંથી ચાર બાળકો તો એ સમયે જે અકસ્માત થયો છે તે જગ્યાએ ન હતા, એમની માતાઓને એ વખતે દૂધ આપવાનો એમને સમય હતો એટલે એ ત્યાં ન હતા પણ ત્રણ બાળકો હતા, એમાં આ જે અકસ્માત થયો એ કોઈ આગની ઘટના બનવાને કારણે નથી થયો પણ power surge થવાના કારણે કોઈ જગ્યાએ શોર્ટસરકીટ જેવી પરિસ્થિતિ ઉભી થઈ અને એના કારણે આ પ્રશ્ન ઊભો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહ્યું તે પ્રમાણે મીની સરકીટ બ્રેકર સ્વિચ હતી અને એ મીની સરકીટ બ્રેકર સ્વિચ પણ પડી ગઈ છે પણ એ સ્વિચ પડે એ પહેલાં જે ચોકમાં જે સર્જ આવવાને કારણે એ જે ધડાકાની પરિસ્થિતિ અથવા તો ફ્લેશની પરિસ્થિતિ થાય તેના કારણે જે આ બાળક અને ટ્યુબલાઈટની વચ્ચે જે acrylic sheetનું આવરણ હોય છે તે આવરણે આગ પકડી અને એના કારણે આ અકસ્માત બન્યો, આ અકસ્માત બન્યા બાદ જે હાજર હતા, મારે સન્માનનીય સભાગૃહના રેકર્ડ ઉપર મૂકવું છે કે, તે સમયે હૉસ્પિટલમાં જે ડ્યૂટી ઉપર સ્ટાફ હતો, નર્સ, વોર્ડબોય અને આયાબેનો જે હતા એમણે જીવનાજોખમે પણ બાકીના બે બાળકોને બચાવી લીધા છે. I would like to praise the ward boy કે જેમણે તાત્કાલિક અસરથી ઑક્સીજન સપ્લાય બંધ કરી દીધો અને આ આખાય મામલો એ પાંચજ મિનિટની ઘટના દરમિયાન જે બન્યું એ દરમિયાન જે થાય તે બધું જ કર્યું છે અને કોઈપણ પ્રકારની કોઈ જગ્યાએ કયાંય ગેરકાળજી રાખવામાં આવી હોય અથવા તો આ અકસ્માત માટેનું આવું કારણ બન્યું નથી ત્યાર પછી માનનીય સભ્યશ્રીની ચિંતા છે તે રાજય સરકારની પણ ચિંતા છે અને એટલેઆ પ્રકારના બનાવો ઉપર કોઈ જગ્યાએ અન્યત્ર પણ એ હૉસ્પિટલોમાં આ પ્રકારનો બનાવ ન બને એટલા માટે તાત્કાલિક બારમી તારીખે આ બનાવ બન્યો અને બારમીએ જ રાજય સરકારે માત્ર સાત જ દિવસમાં અહેવાલ આપવાની શરતે ત્રણ સભ્યોની સમિતિનું ઘટન કર્યુ છે. જેમાં નિયામકશ્રી, ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરી, અમદાવાદ, અધિક નિયામકશ્રી, પરિવાર કલ્યાણ કમિશનરશ્રી આરોગ્યની કચેરી અને મુખ્ય ઈલૅક્ટ્રિકલ ઑફિસર, મ્યુનિસિપલ કૉર્પોરેશનનો સમાવેશ થાય છે. એ ઉપરાંત આ સમિતિમાં ભારત સરકારના ઈલેકટ્રોનિકસ એન્ડ કવોલિટી ડેવલપમેન્ટ સેન્ટરના મેનેજિંગ ડિરેકટરને પણ એમાં ઉમેરવામાં આવ્યા છે. તાત્કાલિક અકસ્માત થયા પછી બાયો મેડિકલ ઍંજિનિયરે પણ હોસ્પિટલની મુલાકાત લીધી છે. સંપૂર્ણ સંવેદનાપૂર્વક આ સમગ્ર બનાવને લઈને રાજય સરકારે રાજયની અન્ય હોસ્પિટમાં પણ ભવિષ્યમાં આ પ્રકારની પરિસ્થિતિ ન ઉભી થાય અને આ પ્રકારના એકલ દોકલ કેસમાં પણ આવો અકસ્માત કયારેય ન બને એ માટે લેવા જોઈતા પગલાં લઈને જરૂરી સંપૂર્ણ વ્યવસ્થા થાય એ માટે આ સમિતિની રચના કરી છે અને એને સાત જ દિવસનો સમય આપ્યો છે અને સમિતિનો અહેવાલ આવ્યેથી જે કાંઈ જરૂરી સૂચનાઓ હોય પ્રિવેન્ટિવ મેન્ટેનન્સ અથવા આ પ્રકારની ઘટના બનતી અટકાવવા માટેના એ દરેક કાર્યવાહીમાં આગળ જરૂરી જં કાંઈ કરવાનું હોય એના માટે સરકારશ્રી તરફથી અને અમારા ખાતા તરફથી સૂચનાઓ આપવામાં આવશે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગતો હતો કે, આ હોસ્પિટલની અંદર ફાયર સેફટી સિસ્ટમ હતી કે નહીં? અને ભવિષ્યમાં આવા બનાવો ન બને એ માટે ગુજરાત રાજયની તમામ હોસ્પિટલોમાં આ સિસ્ટમ ઉભી કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક હોસ્પિટલોમાં આ પ્રકારના બનાવો ન બને એ માટે એને લગતા ફાયર સેફટીના જે કાંઈ ધારા-ધોરણો હોય એ પ્રમાણેની યોગ્ય વ્યવસ્થા હોય જ છે. આપના થકી માનનીય સભ્યશ્રીને હું કહેવા માગું છું કે, This is not an incident of fire. This is an incicdent which is an accident arisen all of a sudden some fire might have created. I am not making a judgement on this because there is a Committee which is going into this. પણ આ બનાવ બન્યો તે ફાયર સેફટીની બધી જ સિસ્ટમ હાજર હોય છતાં પણ માણસને શોક લાગે તો એ સિસ્ટમ This is a particular kind of accident where this kind of system do not become operative. There is no time for it. અને એટલા માટે આ એક જુદા પ્રકારનો બનાવ છે અને એ બનાવની વિશિષ્ટતાને ધ્યાનમાં રાખીને તજજ્ઞ સમિતિની રચના સરકારશ્રીએ કરી છે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૦-૩-૨૦૦૮ના રોજ સભાગૃહમાં માનનીય સભ્યશ્રી કિરણકુમાર મકવાણા દ્વારા ઉપસ્થિત કરાયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાક ૧૫૩૦, અગ્રતા ક્રમ ૧૯ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ)

**શ્રી ફકીરભાઈ ર. વાધેલા (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૩,૯૭,૯૫,૮૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા.૧૫,૨૮,૪૦,૦૦૦/- માગણી ક્રમાંક ૯૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૨ રજૂ કરવામાં આવી**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૯૫**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૯,૪૨,૧૨,૫૧,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂા.૧,૧૧,૦૦,૫૫,૦૦૦/-ની માગણી ક્રમાંક-૯૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૫ રજૂ કરવામાં આવી**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી વેજલસિંગભાઈ પા. પણદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૯૮**

**ફકીરભાઈ ર. વાઘેલા (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઆના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સેવાને લગતી રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬૨,૨૦,૫૭,૦૦૦ ની માગણી ક્રમાંક-૯૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૯૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શનિવાર, તા ૧૫/૩/૨૦૦૮ (છઠ્ઠો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં. ૯૨** | | |
| *૧. | ૨૨૨૫-અનુસૂચિત..કલ્યાણ<br>૦૩-પછાત વર્ગોનું કલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-બીસીકે-<br>૧૨૮સામાજિક...બનાવવું<br>રૂા. ૩,૧૭,૬૦,૦૦૦<br>પા.નં. ૨૨-૨૩(ભાગ-૧) | ૧૦૦ | જુદી જુદી યોજનાઓનું યોગ્ય રીતે મોનીટરીંગ કરી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવાના વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨. | --"-- | ૧૦૦ | કલ્યાણ યોજનાઓ માટે સમયસર નાણાકીય સહાય મેળવવામાં લાભાર્થીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૩. | --"-- | ૧૦૦ | પછાત વર્ગોના કલ્યાણ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં થતો ધટાડો રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાનજીભાઈ તળપદા |
| ૪. | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિમુકત...કલ્યાણ<br>૦૧-બીસીકે-૧૪૬<br>કુટિર..સહાય<br>રૂા. ૨૫,૦૦,૦૦૦<br>પા.નં. ૨૭ (ભાગ-૧) | ૧૦૦ | કુટિર ઉદ્યોગમાં વાંસકામ અને પરંપરાગત વ્યવસાયો માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | ડાૅ. અનિલ જોષીયારા |
| ૫. | ૨૨૨૫-અનુસુચિત....કલ્યાણ<br>૦૩-પછાત વર્ગોનું કલ્યાણ<br>૧૦૨-આર્થિક વિકાસ<br>૦૭-બીસીકે-૧૦૪<br>સ્ત્રીઓને...તાલીમ<br>રૂા. ૫૯,૦૦,૦૦૦<br>પા.નં. ૩૫ (ભાગ-૧) | ૧૦૦ | સ્ત્રીઓને સીવણ કામ માટે તાલીમના વર્ગોની સંખ્યા વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૬. | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૩-પછાત વર્ગોનું કલ્યાણ<br>૧૦૨-આર્થિક વિકાસ<br>૦૯-બીસીકે-૧૧૨-<br>શહેરી...સહાય<br>રૂા. ૩૦,૦૦૦<br>પા.નં. ૩૬ (ભાગ-૧) | ૧૦૦ | શહેરી વિસ્તારમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉદ્યોગ સાહસિકોને પૂરતી નાણાકીય સહાય ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જગદીશભાઈ ઠાકોર |
| ૭. | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૩-પછાત વર્ગોનું કલ્યાણ<br>૨૭૭-શિક્ષણ | ૧૦૦ | ધો-૧ થી ૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સમયસર મફત ગણવેશ આપવામાં થતો વિલંબ અને ગેરરીતિઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હીરાભાઈ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૭-બીસીકે-૮૫ ૧ થી ૭ ધોરણ...કપડાં<br>રૂા. ૫૨,૩૨,૦૦,૦૦૦<br>પા.નં. ૪૫ (ભાગ-૧) | | | |
| ૮. | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૩-પછાત વર્ગોનું કલ્યાણ<br>૨૭૭-શિક્ષણ<br>૧૫-બીસીકે ૯૫<br><br>વિદ્યાર્થીઓ...શાળાઓ<br>રૂા. ૮,૩૧,૬૫,૦૦૦<br>પા.નં. ૪૯-૫૦(ભાગ-૧) | ૧૦૦ | નિવાસી શાળાઓના કથળેલા વહીવટને સંગીન બનાવી પૂરતી સવલતો આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૯. | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૦૩-પછાત વર્ગોનું કલ્યાણ<br>૨૭૭-શિક્ષણ<br>૨૯-બીસીકે૮૧-(ઇ)<br>લઘુમતિ...શિષ્યવૃત્તિ(કે.પુ.યો)<br>રૂા. ૧,૩૪,૫૦,૦૦૦<br>પા.નં. ૬૧ (ભાગ-૧) | ૧૦૦ | લઘુમતીઓના વિદ્યાર્થીઓની એસ.એસ.સી પછીની ભારત સરકારની શિષ્યવૃત્તિઓ માટેની અરજીઓનો ત્વરીત નિકાલ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈકબાલ પટેલ |
| ૧૦. | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૩-પછાત વર્ગોનુ કલ્યાણ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૪-બીસીકે ૧૨૩-મામેરુ...મંગળસૂત્ર<br>રૂા. ૩,૪૭,૦૦,૦૦૦<br>પા.નં. ૬૭(ભાગ-૧) | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાઓની મંગળસૂત્ર સહાયની પડતર અરજીઓનો સમયસર નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| *૧૧. | ૨૨૩૫-સામાજિક અને સુરક્ષા<br><br>કલ્યાણ<br>૦૨-સમાજકલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-એસસીડબલ્યુ-૧<br>સમાજ..કચેરી<br>રૂા. ૨,૨૬,૩૫,૦૦૦<br>પા.નં. ૭૧-૭૨ (ભાગ-૧) | ૧૦૦ | જુદી જુદી યોજનાઓ હેઠળના લાભો છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૨. | --"-- | ૧૦૦ | સમાજ સુરક્ષા નિયામક કચેરીમાં તુમારોનો નિકાલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૩. | --"-- | ૧૦૦ | કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૪. | --"-- | ૧૦૦ | પછાત વર્ગોના પ્રમાણપત્રો મેળવવામાં લાભાર્થીઓને પડતી અગવડતાઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| | | | **માગણી નં. ૯૫** | |
| ૧૫. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૮-પાઠય પુસ્તકો<br>રૂા. ૬,૦૮,૩૪,૦૦૦<br>પા.નં. ૧૨(ભાગ-૨) | ૧૦૦ | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સમયસર પાઠયપુસ્તકો પૂરા પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૧૬. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩-નાનાં....વિકાસ<br>૧૯૧-સ્થાનિક....સહાય<br>૦૩-યુડીપી-૦૪-<br>બાજપાઈ..યોજના<br>રૂા. ૨૦,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૪૭ (ભાગ-૨) | ૧૦૦ | બાજપાઈ નગર વિકાસ યોજનાના લક્ષ્યાંકો સમયસર પૂરા થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વેજલસિંગભાઈ પણદા |
| ૧૭. | ૨૨૨૫-અનુસૂચિત....કલ્યાણ<br>૦૧-અનુસૂચિત...કલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-સમાજ કલ્યાણ...કચેરી<br>રૂા. ૨,૫૫,૪૫,૦૦૦ | ૧૦૦ | સફાઈ કામદારોના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |

| | | | | |
|---|---|---|---|---|
| | પા.નં. ૫૪-૫૫ (ભાગ-૨) | | | |
| ૧૮. | --"-- | ૧૦૦ | અનુસૂચિત જાતિના ઈસમોને જ્ઞાતિના પ્રમાણપત્રો સરળતાથી મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૯. | --"-- | ૧૦૦ | કચેરીનો કથળેલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૨૦. | --"-- | ૧૦૦ | અનુસૂચિત જાતિના ઈસમોને પડતી આર્થિક તથા સામાજિક મુશ્કેલીઓ માટે ધારાસભ્યોએ કરેલ રજૂઆતોનો યોગ્ય નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૨૧. | ૨૨૨૫-અનુસૂચિત....કલ્યાણ<br>૦૧-અનુ. કલ્યાણ<br>૧૦૨-આર્થિક વિકાસ<br>૧૧-બીસીકે-૭૫<br>સફાઈ...સહાય<br>રૂા. ૨૬,૭૦,૪૧,૦૦૦<br>પા.નં. ૭૧ (ભાગ-૨) | ૧૦૦ | સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃ સ્થાપન માટે સમયસર નાણાકીય સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| *૨૨. | ૨૨૨૫-અનુસૂચિત....કલ્યાણ<br>૦૧-અનુસૂચિત....કલ્યાણ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૯-બીસીકે.૫૭-માઈ...સહાય<br>રૂા. ૨૦,૦૦,૦૦૦<br>પા.નં. ૯૮(ભાગ-૨) | ૧૦૦ | માઈ રમાબાઈ આંબેડરકર "સાતફેરા સમૂહ લગ્ન" યોજના હેઠળ નાણાકીય સહાય ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| | **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**<br>**માગણી નં. ૯૮** | | | |
| ૨૩. | ૨૨૦૪ ખેલકૂદ..સેવાઓ<br>૦૦૧ નિર્દેશ અને વહીવટ<br>૦૧ યુવક...... નિયામક<br>રૂા. ૫૮,૯૦,૦૦૦<br>પાન નં. ૧૩ | ૧૦૦ | મોટા શહેરોની જેમ ગ્રામ્ય કક્ષાએ રમતગમતના મેદાનોનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૨૪. | -"- | ૧૦૦ | રાજય બહાર જતા ખેલાડીઓને અપાતી સગવડોમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજરાજસિંહ જાડેજા |
| ૨૫. | -"- | ૧૦૦ | ગ્રામીણ કક્ષાએ યુવાનો ખેલકૂદમાં આગળ આવે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| *૨૬. | -"- | ૧૦૦ | રાષ્ટ્રીય કક્ષાએ હરિફાઈ માટે યુવા ખેલાડીઓ તૈયાર કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨૭. | -"- | ૧૦૦ | જુદી જુદી રમતોના કોચોને અન્યત્ર બદલવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૮. | ૨૨૦૪ ખેલકૂદ..સેવાઓ<br>૦૦૧ નિર્દેશ અને વહીવટ<br>૦૧ યુવક...... નિયામક<br>રૂા. ૫૮,૯૦,૦૦૦<br>પાન નં. ૧૩ | ૧૦૦ | જુદી જુદી રમતોના કોચોની ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૯. | -"'- | ૧૦૦ | રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ રમતગમત ક્ષેત્રે સારો દેખાવ કરનાર ખેલાડીઓને પ્રોત્સાહન રૂપે યોગ્ય પુરસ્કારો આપવામાં થતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૩૦. | ૨૨૦૫- કલા અને સંસ્કૃતિ<br>૧૦૨ કલા સંસ્કૃતિને ઉત્તેજન<br>૦૧ ઈડીએન.૫૬ સંગીત ...<br>પ્રવૃત્તિઓ<br>રૂા. ૮૪,૨૭,૦૦૦<br>પાન નં. ૨૨ | ૧૦૦ | કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે પૂરતી સહાયતા આપવામાં અને ગ્રામકક્ષાએ તેનો વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૩૧. | ૨૨૦૫- કલા અને સંસ્કૃતિ<br>૧૦૩ પુરાતત્વ..મોજણી<br>૦૧-ઈડીએન-૫૮ પુરાતત્વ<br>વિકાસ<br>રૂા. ૩,૧૪,૧૦,૦૦૦<br>પાન નં. ૨૬-૨૭ | ૧૦૦ | પ્રાચીન ઐતિહાસિક ઈમારતોની જાળવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨. | ૨૨૦૫- કલા અને સંસ્કૃતિ ૧૦૩ પુરાતત્વ..મોજણી ૦૩-મહાત્મા..... અનુદાન રૂા. ૮,૬૩,૦૦૦ પાન નં. ૨૮ | ૧૦૦ | પોરબંદરના રાષ્ટ્રીય સ્મારકના વિકાસ માટે પૂરતી નાણાકીય જોગવાઈ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૩૩. | ૨૨૦૫- કલા અને સંસ્કૃતિ ૧૦૫ જાહેર ગ્રંથાલયો ૦૧-ઈડીએન ૬૦ ગ્રંથાલય વિકાસ... રૂા. ૬,૨૬,૧૨,૦૦૦ પાન નં. ૩૨-૩૩ | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોનો લાભ આમ જનતા સુધી પહોંચે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩૪. | -"- | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં પૂરતા પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં અને તેની જાળવણી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |

*** આ કાપદરખાસ્તો સભાગૃમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે. શ્રી શક્તિસિંહજી ગોહિલ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ આવી છે ત્યારે, આપણા સૌના માટે આ શરમની બાબત છે કે આજના સમયમાં પણ આપણા સમાજમાં વર્ણ વ્યવસ્થાની માનસિકતામાંથી પર આપણે નથી નીકળી શકતા. એકજ માતા પિતાના બે બાળકો હોય. એક પછીથી જન્મેલું હોય એનો શારીરિક વિકાસ થઈ રહ્યો હોય, એનો મોટો ભાઈ છે એના જેવો જ એનો વિકાસ થઈ શકવાની પુરી ક્ષમતા છે, પરંતુ વિકાસની દિશામાં એ આગળ વધતું હોય ત્યારે પોતાની મા પણ એ બાળકને ખોળામાં બેસાડે છે અને પ્રેમથી ચમચીએ ચમચીએ ખવડાવે છે કારણકે એ જાણે છે કે જે મોટો ભાઈ છે જેનો વિકાસ થઈ ગયો છે એ આના હાથમાંથી ઝૂંટવીને ખાઈ જશે અને આના ભાગે નહિ આવવા દે. આ જ ચિંતા આપણે પણ આ વર્ણ વ્યવસ્થાના પાપે જે વર્ગનો વિકાસ નથી થઈ શક્યો એને સ્પુન ફીડિંગ કરાવવાની જવાબદારી સરકારની છે. એની ચિંતા થવી જોઈએ. માનનીય મંત્રીશ્રીની ભાવનાઓ આ સમાજ માટે બરાબર હશે એનો મને વિશ્વાસ છે કારણકે એમને હું નજીકથી ઓળખું છું પરંતુ તંત્રમાં અમુક તત્ત્વોની જે માનસિકતા છેને એને બદલાવવા માટે માનનીય મંત્રીશ્રીએ કડક થવું પડશે. આભાર માનું કેન્દ્ર સરકારનો કે એક અધિકાર સામાન્ય નાગરિકને આપ્યો રાઈટ ટુ ઈન્ફરમેશન. એલ.એ. ક્યુ. પૂછીએ એમાં જવાબ મળે કે ના મળે અને એ સભ્ય હોય એ જ પૂછી શકે એમ નહિ ગરીબના ઝૂંપડાથી માણસ રાઈટ ટુ ઈન્ફરમેશન નીચે જે પત્રો મેળવે એ રીતે મેં જે પત્ર પ્રાપ્ત કર્યો છે એમાં જણાવ્યું છે કે, 'મુખ્યસચિવ કક્ષાએ મોનીટરીંગ કમિટી ચાલે છે'. હું આશા રાખું છું માનનીય મંત્રીશ્રી આને ધ્યાનથી જોશે તો એમને પણ આઘાત લાગશે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિની માટે રાજયની કુલ વસતિ જે છે તે વસતિને ધ્યાને લેતાં ૭.૦૯ ટકા તે અનસુચિત જાતિની વસતિ છે અને પ્લાનીંગ કમિશને કહ્યું છે કે અનુસૂચિત જાતિની યોજનાઓ માટે ૭.૦૯ ટકા રકમ ફાળવાવવી જ જોઈએ. આ મુખ્ય સચિવશ્રીની કક્ષાએ થયેલ મોનીટરીંગ કમિટીની મિનિટસ હું વાંચુ છું મારા કોઈ આક્ષેપો નથી તે મીટિંગમાં થયું. અગ્ર સચિવ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે વિભાગમાં થયેલી જોગવાઈઓ અંગે વિગતો આપતાં જે વિભાગોમાં નિર્ધારિત ટકાવારી કરતાં ઓછી રકમની જોગવાઈ થઈ છે તેની માહિતી આપે. મહેસૂલ વિભાગ, માનનીય મહેસૂલ મંત્રીશ્રી પણ પોતાના વિભાગની જે પરિસ્થિતિ છે તેને ધ્યાને લે. હું આપના મારફતે વિનંતી કરું છું આપની ટકોર છતાં વિભાગના મંત્રીશ્રી તો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ ચર્ચા દરમિયાન રહેતા હોય છે.

**અધ્યક્ષશ્રી** : એવું જરૂરી નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : I will leave it to you, I will not commend on this. મહેસૂલ વિભાગમાં જ્યાં ૭.૦૯ ટકા થવી જોઈએ અનુસૂચિત જાતિ માટે કેટલી જોગવાઈ થઈ છે ૦.૦૧. શરમ થવી જોઈએ સૌને કે શું આ રીતે આપણે અનુસૂચિત જાતિનું કલ્યાણ કરવા નીકળ્યાં છીએ ? અન્ય વિભાગોની વાત કરું તો ઉદ્યોગ અને ખાણ વિભાગમાં માત્ર ૩ ટકા. ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગમાં ૧.૦૯ ટકા. વન અને પર્યાવરણ વિભાગમાં ૪.૭૪, મા.અને મ.માં ૫.૯૫, આરોગ્ય અને કલ્યાણમાં ૫.૬૮. આ ૭.૦૯ ટકા તમે અનુસૂચિત જાતિઓને આપવા માટે બંધાયેલા છો. નથી આપતાં તેને કારણે તેનું પરિણામ શું આવે છે કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાન્ટોમાં આ કન્ડીશન ફૂલફીલ નથી કરતાં એટલે પૈસા કપાય છે. તે પૈસા ગુજરાતના કપાય છે. આપણે બહુ ગુજરાતના હિમાયતી હોવાના દાવા કરવાથી ના થાય. Minutely ઉતરવું પડે. અંદર જવું પડે અને જોવું પડે કે કઈ પરિસ્થિતિમાં આપણે ચાલવું જોઈએ. હું જોતો હતો કામગીરી અંદાજપત્ર. બહુ જ પ્રસિદ્ધિના શબ્દોથી વાત થઈ હતી કે શિક્ષણ અને માર્ગદર્શન કેન્દ્રોની જે વાત કરવામાં આવી હતી તેમાં આઠમાં અને દશમાં ધોરણમાં

ભણતા જે શેડયુલ્ડ કાસ્ટના વિદ્યાર્થીઓ છે તેને માર્ગદર્શન આપવા માટે ૧૫૦ રૂપિયા લેખે માસિક શિક્ષક ફી રાખવામાં આવશે. ગણિત અને અંગ્રેજી શિખવાડવા માટે ૧૫૦ રૂપિયા માસિક. એટલે પ્રસિદ્ધિ કરવાની. આવા શિક્ષક કયાં મળે? ગણિત અને અંગ્રેજી શિખવાડવાના દોઢશો રૂપિયા. પણ બજેટના પ્રવચનમાં, જાહેર કાર્યક્રમોમાં ભાષણો થાય કે અમે કલ્યાણ કર્યુ છે. તેનું રિઝલ્ટ શું આવ્યું? ૨૦૦૭-૦૮માં આપે જોગવાઈ કેટલી કરી ૨૩ લાખની. બધા રાજી થઈ જાય કે ૨૩ લાખ રૂપિયા આના માટે. પરિણામ પેલા ૧૫૦ રૂપિયાના કારણે ડિસેમ્બર અંત સુધીમાં આપનો ખર્ચ શું થયો? માત્ર ૭૩ હજાર રૂપિયા. આ પરિસ્થિતિને નિવારવા માટે સૌએ ચિંતા કરવાની જરૂર છે. માનનીય મંત્રીશ્રીનું એક અત્યંત ગંભીર બાબત તરફ ધ્યાન દોરવા માગું છું મેં આપને પણ અને માનનીય મંત્રીશ્રીને પણ પત્ર લખીને આની નકલ આપી છે. આપણે ત્યાં એટ્રોશીટી એકટ છે. કોઈ જ્ઞાતિ માટે derogatory word જો અનુસૂચિત જાતિ માટે વપરાયને non-bailable offence થાય. જો જાહેરમાં આ શબ્દ વપરાયો તો. જી.પી.એસ.સી.ના વર્ગ.રની પરીક્ષાનું પેપર જેની નકલ માનનીય મંત્રીશ્રીને અને આપને પણ આપી છે. તેના ૯૩ નંબરના પ્રશ્નમાં I will not use that word because that is derogatory. જે અનુસૂચિત જાતિ માટે શબ્દ વાપર્યો છે એ શબ્દ જો બીજો કોઈ સામાન્ય રીતે બહાર બોલે તો એની સામે એટ્રોસિટી એકટ નીચે ગુનો બને છે. હું માનનીય મંત્રીશ્રી પાસે અપેક્ષા રાખું છું કે તેઓશ્રી આજે જાહેરાત  કરે કે આ પ્રશ્ન પત્ર બહાર પાડનાર અને એની સાથે સંકળાયેલ કે જેમણે એને એપ્રુવ કરીને પરીક્ષામાં આ આપેલ હોય એ બન્નેની સામે એટ્રોસિટી એકટ નીચેનો ગુનો સરકાર દાખલ કરે છે તો અમારી બીજી બધી ઘણી તીવ્ર લાગણીઓ છે, ઘણાબધા ગંભીર પ્રશ્નો છે, છતાં પણ હું અમારા સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે જે કાપ દરખાસ્તો રજૂ કરી છે એ પાછી ખેંચી લે. તો માનનીય મંત્રીશ્રી જાહેરાત કરે કે આ પેપર સેટર અને એને એપ્રુવ કરનાર સામે એ એટ્રોસિટી એકટ નીચે ગુનો દાખલ કરશે એવી ખાતરી આપે  તો અમારા બીજા ઘણા પ્રશ્ના છે, બીજી ઘણી અમારી લાગણીઓને ઠેસ પહોંચી છે, છતાં પણ મારા સભ્યશ્રીઓ તેમની કાપદરખાસ્ત પાછી ખેંચી લે તેવી હું તેમને વિનંતી કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ રમત ગમત વિભાગ વિશે કહેવું છે કે રમત અને ગમત એ એક જુદા અર્થમાં આજકાલ ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, સ્પોટર્સનું જે સ્પિરીટ હોવું જોઈએ જેમાંથી અમારે પોલિટિશીયનોએ પણ શીખવાની જરૂર છે. પોલીટીશિયનોની તો  ડર્ટીનેશ હોય છે, પણ સ્પોટર્સમેનનું સ્પિરીટ હોય છે, તો કમનસીબે અ સ્પોટર્સમેન સ્પિરીટ તો આપણે શીખતા નથી, કોઈ શીખવા તૈયાર નથી કે એ શીખીએ, પરંતુ અમારું ડર્ટીનેસ ત્યાં ફેંકવાનું બંધ કરે  તો પણ હું માનું છું કે સરકારે આ રમત ગમત વિભાગ ઉપર, આ યુવક સેવા અને સાંસ્કૃત્તિક વિભાગ ઉપર કોઈ સારું કામ કર્યુ છે એમ હું કહીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮માં જે ફાળવણી થઈ છે એ ૨,૫૫,૪૨૫ હજાર રૂપિયા પ્લાન એકસપેન્ડિચરમાં ફાળવ્યા હતા અને પ્લાનમાં ખર્ચ થાય એના આગ્રહી આપણે સૌ રહયા છીએ કારણ કે એ સાચો ખર્ચ છે, પેલા ઉત્સવો, ઉજવણી અને અહમ સંતોષનાર નથી. આ પ્લાન ખર્ચમાં શું થયું કે બજેટનું વર્ષ પૂરું થવા આવ્યું ત્યારે આ  પૈસા પૂરેપૂરા વપરાયા નહીં, એ પૈસાની બચત થઈ કારણ કે પ્લાન એકસપેન્ડિચર કરવામાં રસ નથી. સુધારેલ અંદાજપત્રમાં એ પૈસા સીધા ઘટીને ૨,૦૬,૩૧૭ હજાર રૂપિયા થઈ ગયા. તો આ પ્લાન ખર્ચ રમત ગમત વિભાગનો જે ઘટયો એ બતાવે છે કે આ વિભાગને રસ કેટલો છે? આપણે ત્યાં કહેવાય છે કે આપણી આઝાદીની લડતમાં હિન્દુ મુસ્લિમ એક થઈને લડયા હતા. કહેવાય છે કે 'મજહબ નહીં શિખાતા આપસમેં વૈર રખના, હિન્દુ હૈ હમ, વતન હૈ હિન્દુસ્તાન હમારા'  આજે આપણે ગૌરવ લઈએ છીએ કયારે કે જયારે ઈરફાન પઠાણ અને સચિન સાથે રહીને રમતા હોય છે ત્યારે હિન્દુસ્તાન જીતે છે એ શબ્દો ના ભૂલવા જોઈએ. ઈરફાન પઠાણ, યુસુફ પઠાણ, પાર્થિવ પટેલ, મુનાફ પટેલ, બીજા રાજયો એના ખેલાડીઓનું કેવું સન્માન કરે છે તો શું આપણને આપણી કોઈ સંકુચિત માનસિકતા આવું કરવા માટે રોકે છે આ પ્રશ્ન ઉભો થાય છે અને જો એ હોય તો એ શરમ ભોગવવા જેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કયારેક બીજા રાજયોની  કલ્પના કરો કે ખેલાડીઓને કેવું પ્રોત્સાહન આપવામાં આવે છે. આપણે એકાદ ઉત્સવના પાટિયાનો ૧૦ ટકા ખર્ચ પણ  ઓછો કરીશું તો ખેલાડીઓને ઘણું આપી શકીશું. રવિન્દ્ર જાડેજા વાઈસ કેપ્ટન તરીકે અન્ડર નાઈન્ટિનમાં રમ્યો, તે એ એક સામાન્ય પરિવારમાંથી આવતો છોકરો છે અને આપણે એના માટેની પણ કોઈ જાહેરાત કરવાનું ચૂકી જઈએ? અને એ જાહેરાત પોતાના અહમના સંતોષ માટેની ના હોવી જોઈએ એ જાહેરાત એવી હોવી જોઈએ કે બીજા ખેલાડીઓને પણ એમ થાય કે  If I want to make carrier, for this, there is a Government to protect my personal interest. તો એ તો આપણે કરતા નથી પરિણામે મા-બાપ કહે છેકે રહેવા દે ભાઈ, રમત ગમત રહેવા દે અને ભણવામાં ધ્યાન આપ કારણ કે એ જાણે છે કે આ ધ્યાન અપાતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગૌરવ લઈ શકીએ, કે ગુજરાતના ક્રિકેટ એસોસિએશનમાં શ્રી નરહરી અમીને જે યોગદાન આપ્યું છે તે સૌએ બિરદાવવું પડે તેવી પરિસ્થિતિ છે, એમણે મોટેરા સ્ટેડીયમને જે રીતે સમૃદ્ધ બનાવ્યું છે, આજે એક પેરવી ચાલે છે, હું જે ડર્ટી પોલીટીકસની વાત કરું છું, પોલીટીકસને ગેઈમમાં લઈ જવાની વાત કરું છું તેની આ વાત છે, એક ક્ષેત્રને તોડી નાખવા માટે, મારે હવે ત્યાં ચડી બેસવું છે, મારા પાવરની તાકાતથી મારે ચડી બેસવું છે, એટલે ઉપયોગ કોનો કરવો? પેલા તંત્રમાં બેઠેલા અધિકારીઓનો કરવો છે. જાઓ, કોરા બેલેટ લઈ આવો, અમારા સાહેબને આમાં બેસવું છે, માનનીય અધયક્ષશ્રી, શું આ રમત છે આપણી? શું આપણે આટલી નીચી કક્ષાએ જવા માગીએ છીએ? શું આપને આપની સત્તાઓથી

સંતોષ નથી કે આપ સરકારના તંત્રને મતો ઉઘરાવવા માટે મોકલો છો, કે કોરા બેલેટ લઈને આવો, આનાથી વધારે શરમજનક ઘટના બીજી કોઈ ન હોઈ શકે. માનનીય નરહરી અમીને એ રમત ગમતના મેદાન પર સામા પક્ષના મુખ્યમંત્રી હોય તો પણ એમને સામેથી બોલાવ્યા છે કે આવો તમારા હાથે ટ્રોફી આપો, માનનીય નરેન્દ્રભાઈ આપ આવો, આપ કરો. શું આપણે એ ખાનદાની પણ ભૂલી જઈએ? શું આપણે રમતમાં એવી રમત રમવા માંડીએ કે જે રમતના મેદાનમાં જાયજ ન હોય, અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનના કમિશનર હોય, કે કોઈ ડી.ઈ.ઓ. હોય કે કોઈ આઈ.એ.એસ. અધિકારી હોય તેને રીતસર દબાવીને કહેવામાં આવે કે તમારે આટલા મત કોરા લાવી દેવાના છે, કારણ કે અમારા સાહેબને અહીં ચડીને બેસવું છે, આ પરિસ્થિતિ સરકારી તંત્રની ચલાવીશું ? અહીં વારંવાર કહેવાયું, પ્રજાએ જવાબ આપી દીધો અને તમે આમ છો, આપને દિલ્હીમાં શું પ્રજાએ નહીં તો કોઈ ઉપર વાળાએ જવાબ આપ્યો હતો કે આપ આમ છો? એટલે એને બહુ ધ્યાને લેવા જેવું નથી, આ તો ક્રમ હોય છે, અને પ્રજા છે તે આપણા માટે શિરોમાન્ય છે, આપના કેટલાય પહેલી બેન્ચમાં બેઠેલા ઘેર ગયા હોય તો શું એની મારે રોજ ટીકા કરવી? શું આપની સંખ્યા હતી એ ઘટી ગઈ તેની મારે વાત કર્યા કરવી? વાત વિભાગની કરવી પડે, રાજકીય અવલોકનો કરવાં તો બહુ સહેલાં છે. એવી  વાત કરવાની મારી કોઈ ઈચ્છા નહોતી પરંતુ જયારે મોઢામાં આંગળીઓ નાખવાનો પ્રયત્ન થાય ત્યારે અવાજ નીકળે તે સ્વાભાવિક ક્રમ છે, આ બન્ને વિભાગમાં માનનીય મંત્રીશ્રી સકારાત્મક અને પોઝીટીવ વાત લઈને આવે, મારા અન્ય માનનીય સભ્યશ્રીઓ બક્ષી પંચ ઉપર અને બીજી બાબતો ઉપર વાત કરવાના છે એટલા માટે માત્ર આ બન્ને વિભાગોમાં પ્રજાના હિતની મારી આટલી લાગણીઓ વ્યકત કરીને વિરમું છું.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા (ડીસા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા અને મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

આ ગૃહની અંદર જે માગણીઓ આવી છે તે માગણીઓ એવા વર્ગ માટેની છે કે રાજયની કુલ વસતિના ૭૦ ટકા કરતાં પણ વધારે લોકો આ માગણીઓ સાથે સંકળાયેલા છે. સમાજનો આટલો મોટો વર્ગ જેના માટેની આ માગણીઓ હોય અને તેના માટે આજે જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિની જો સમીક્ષા કરીએ તો આઝાદીના ૬૦ વર્ષ પછી પણ આ વંચિતો છે તેમની પરિસ્થિતિ શું છે? તો એવા વર્ગોમાં હજુ પણ કેટલાક એવા વર્ગો છે કે જે વર્ગોને ઉપર આભ અને નીચે ધરતી છે. બે ટંકના રોટલા માટે પણ એને સંઘર્ષ કરવો પડે છે તેવી પરિસ્થિતિ આજે પણ દ્રષ્ટિગોચર થાય છે.  આવી પરિસ્થિતિ થઈ કેમ?  આઝાદીના ૬૦ વર્ષમાં ૪૭ વર્ષ સુધી જેમના હાથમાં શાસન હતું એ શાસન કર્તાઓએ એવા કયા કામો કર્યા કે જેના કારણે આજે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે? ભૂતકાળના શાસનકર્તાઓ અંગ્રેજોના નજીકમાં ખૂબ રહેલા  છે અને એના કારણે ભાગલા પાડો અને રાજ કરોની નીતિ એમને સ્પર્શી ગઈ હતી અને એટલા માટે સત્તા ઉપર આવ્યા પછી આઝાદીના એ સમયમાં જ્યારે આપણા માટે સુવર્ણ કાળ હતો એ આઝાદીની ૭૦ થી ૭૫ ટકા વસતિને બેઠી કરવા માટેનો આપણી પાસે આવો સારો મોકો હતો. એવા વખતે સત્તાના મદમાં, સત્તાની લાલચમાં સમાજના મોટા વર્ગો હતા એને પારખી લીધા અને એને પારખીને એને અનામતના ટુકડામાં ફસાવી દીધા. એ સમાજના મોટા વર્ગો હતા જેમાં દલિત વર્ગ હતો એને આટલા ટકા, આ બક્ષીપંચ હતો તેમને આટલા ટકા  અને એ ટકાવારીના મોહમાં એમનો બરડો થાબડ્યા કર્યો પરંતુ એના વિકાસ માટેની ચિંતા કરવી જોઈતી હતી એ ન કરી.  આ અનામતની ટકાવારીમાં પણ બજૅટ તો અનેક મંજૂર થયાં, તો એ બજૅટમાં ગરીબો ગયા કયા, ખૂબ મોટી રકમો બોલાતી હતી, મોટી મોટી જાહેરાતો થતી હતી પણ  એ રકમો ગઈ કયા કે જેના પરિણામે એ લોકો આજે પણ આ પરિસ્થિતિમાં છે.  બજૅટ મંજૂર કરવામાં આવે ત્યારે કહેવામાં આવે કે ગરીબોને કેન્દ્રમાં રાખીને બજૅટ નક્કી કરો, પેલો ગરીબ કેન્દ્રમાં ચાલે.  બજૅટ મજૂર થાય ત્યારે ખાતાને સૂચના અપાતી કે જોજો હો આ મંજૂર થયેલ બજૅટ છે એ પૂરેપૂરુ વપરાય નહિ જો વપરાશે તો એ ગરીબ મજબૂત થશે અને મજબૂત થશે તો સામો  થશે અને વોટ નહિ આપે.  એમને એટલું જ આપજો કે જેના કારણે  મરી ન જાય, મરી જશે તો આપણા વોટ જાશે. આ રીતે મરવાને વાંકે જીવતા રાખવાનું કામ ભૂતકાળની સરકારોએ કર્યુ અને એ ભૂતકાળની સરકારોમાં બેઠેલાઓને મારે એટલું જ કહેવું છે કે તમે આ લોકોને પછાત રાખવા માટેના ગુનેગારો છો અને એ ગુનેગારોએ અમને શિખામણ આપવાની? આવી સારી વાતો કહેવાનો તમને કોઈ અધિકાર નથી.  જો તમારા દિલમાં દાનત હોત ગરીબોને બેઠા કરવાની સાચી નિયતી હોત તો આજે આ પરિસ્થિતિનું સર્જન ન થયું હોત. એ સમાજના લોકોને અનામતના ટુકડામાં ખેંચી ગયા પરંતુ  કેટલાય એવા વર્ગો છે જેમાં આજે મદારી લોકો છે એ સાપને પકડીને ખેલ બતાવવાનો ધંધો કરે છે, કોઈ નટનો છોકરો વાંસ ઊભો કરીને દોરડા ઉપર ચાલીને લોકોને ખેલ બતાવીને પોતાનો રોટલો રળે છે. કોઈ વણઝારા ભાઈ કે ગરીબ લોકો જીવવા માટે પેટનો ખાડો પૂરવા માટે આ જાતના પ્રયત્નો કરે છે ત્યારે  મારા મિત્ર જગદીશભાઈ  વાત કરતા હતાં એમનું પ્રવચન  મેં સાંભળ્યું હતું. એ કહેતા હતા કે આ ગરીબોનો તમે વહેલામાં વહેલી તકે વિકાસ નહિ કરો તો એ ભૂખ્યા માણસો તમારું ભોજન કરી જશે. આ શબ્દો વાપરનાર માનનીય જગદીશભાઈને મારે પૂછવું છે કે જ્યારે આપણી પાસે આટલા વખતથી સત્તા હતી ત્યારે આપણે શું કર્યુ? ત્યારે આપે શું કર્યું?  અને જો એ સમયમાં કરી ન શક્યા તો આજે અમને ઉપદેશ આપવાનો છે? (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, એમની વાત સાચી છે કે આ પરિસ્થિતિમાં ઉછરેલા લોકોની વચ્ચે લીલાધર વાઘેલા રહી ન શકે એટલા માટે તેણે વહેલાસર નિર્ણય કરી લીધો હતો. આ વાત એટલા માટે કરતો હતો કે આ ગરીબ લોકોના માટે જીવનમાં એક તક આવી ગઈ અને ગુજરાતમાં જે લોકોએ ગરીબોની પાછળ આયોજનપૂર્વક પછાત રાખવાનું પાપ કર્યું એવા લોકોને આ લોકોએ તેમનું સ્થાન કયાં છે એ બતાવી આપ્યું. છેલ્લા ૧૭ વર્ષથી આ મારા મિત્રો સામી પાટલીએ બેસે છે અને હજુ કેટલા વર્ષ સુધી બેસશે તેનો અંદાજ નથી. કારણ કે હજુ પણ એ નિયતમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આજે આ રાજયમાં સત્તા પરિવર્તનના કારણે ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું. રાજયમાં મરદ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની આવી. તેમણે ગરીબોના દર્દને જોયું, ગરીબોના દર્દને પારખ્યું અને માત્ર અનામતના ટૂકડા નહીં પણ સ્વમાનભેર જીવતો થાય એવા પગલાં કેમ લેવા જેના કારણે દર્દ મૂળમાંથી નીકળે. એ જાતની પરિસ્થિતિ કરીને તેમણે ગરીબોને માટે ક્યાંક ગણવેશ આપવાનો હોય તેમાં મોટો ભ્રષ્ટાચાર ચાલતો, તો એ ગણવેશની બાબતમાં રોકડ રકમ આપીને ૧૪૨ લાખ બાળકોને ૧૧૯ કરોડ આપ્યા. આવી જુદી જુદી યોજનાઓ દ્વારા ગરીબોને બેઠાં કરવાની વાત કરી છે. માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અને મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા જે માગણીઓ લઈને આવ્યા છે તે અંગે મારા વિચારો વ્યક્ત કરું છું. મારા વિચારો વ્યક્ત કરવાની શરૂઆત કરું તે પહેલાં માનનીય શકિતસિંહે મોઢામાં આંગળા નાખ્યા છે. તેમણે શરૂઆત એવા શબ્દોથી કરી છે એટલે મારે જવાબ પણ એવા શબ્દોથી જ આપવો છે કે ખેલાડીઓને પ્રોત્સાહન આપવાની બાબતમાં રાજકારણ ચાલે છે. એ જે કંઈ તેમણે ઓબ્ઝર્વ કર્યું હશે, એ એમની દ્રષ્ટિનો વિષય છે. મારે એમાં પડવું નથી. પણ મારે જે વાત કરવી છે, જે ક્રિકેટરના નામનો એમણે ઉલ્લેખ કરીને તેમણે જે વાતની શરૂઆત કરી છે એ ક્રિકેટરના નામનો ઉલ્લેખ લઈને મારે વાત કરવી છે કે ગુજરાતનું નામ રોશન કરનાર, વડોદરાનું નામ રોશન કરનાર, દેશનું નામ રોશન કરનાર આ ઈરફાન પઠાણને સૌથી પહેલાં તેના ઘરે જઈને જો કોઈએ ૧,૧૧,૧૧૧ રૂપિયાનું દાન આપ્યું હોય તો એ મારા સાથી મિત્ર ઉપેન્દ્રસિંહ ગોહિલે તેમના ઘરે જઈને આપ્યું છે. એ ભા.જ.પ.ના ધારાસભ્ય છે. કોંગ્રેસ તો ત્યારે નહોતી પહોંચી. મારે વાત એ કરવી છે, લઘુમતીઓની દુહાઈ દેનારાઓ તમારા કરતાં પહેલાં આ સરકારના એક ચૂંટાયેલા ધારાસભ્યે તેના ઘરે જઈને તેનું સન્માન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી હમણાં વાત કરી, ગુજરાતના ક્રિકેટ એસોસિએશનની. એ તો સ્વાભાવિક છે કે તમારી ચાદર ખેંચાય એવું લાગે એટલે તમને અકળામણ થાય, સ્વાભાવિક છે. તમે જાણો છો કે જેમના નામનો હમણાં ઉલ્લેખ કર્યો છે એ કયા સ્પોર્ટસમેન છે? રાજકારણી નથી? તમારા રાજકારણી તમને પોસાય. અમારા કોઈ રાજકારણી એ લાઈનમાં એટલે આપણને વાંધો. ભાઈ, આ આપવા-લેવાના કાટલા જુદા ન હોય, સરખા જ હોય. આપણે જાણીએ છીએ. જેમનો ઉલ્લેખ કર્યો છે, કઈ રીતે બન્યા અને કોના કોના સમારંભોમાં હાજરી આપી હતી? લતીફ ગેંગ અમદાવાદમાં હતી. તેનો સાથી કાર્યકર જે ફરાર છે, રસૂલ પાર્ટી તેના ઘરે લગ્નમાં આમણે હાજરી આપી હતી અને એ.કે. ૪૭ના ભડાકા થયા હતા. આ રૅકૉર્ડ ઉપર છે. આ બધું ભૂલી જાવ છો? ગઈકાલે રમણભાઈએ વાત કરી એ શબ્દો મારે દોહરાવવા નથી પણ આમાંથી આપણને કોંગ્રેસના સંસ્કારો દેખાઈ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આટલી વાત કર્યા પછી મેં કહ્યું એમ અમારા ધારાસભ્ય એવા કયાંય નથી. અમારે તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની વાત કરવી છે. આ ગુજરાતમાં એવા મુખ્યમંત્રી પહેલા છે. મહાત્મા ગાંધીની વાત કરતા હતા, વંચિતોના વિકાસની વાત કરતા હતા. વંચિતોને પોતાની સાથે આશ્રમમાં લાવીને રાખ્યા હતા. પણ એ ગાંધીયુગ ગયો. ત્યાર પછી એકવીસમી સદીમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે એના બંગલામાં પ્રવેશ કર્યો ત્યારે અમારા ત્યાં ઈડરથી ૫ દલિત કન્યાઓને લાવીને એના કર કમળ હસ્તે એમણે પ્રવેશ કર્યો છે. અમારી કહેણી અને કરણીમાં ફરક નથી જે કહીએ છીએ એ જ કરીએ છીએ. અત્યાર સુધી વંચિતોનો ઉપયોગ જ કર્યો. ફક્ત સત્તાના સિંહાસન સુધી પહોંચવા એનો ઉપયોગ થતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે અનેક યોજનાઓ શરૂ કરી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે લાગણી અને સંવેદનામાંથી યોજનાઓને પકડી છે. મારે સામાજિક ન્યાય અને અધિકારીતાની વિભાગની વાત કરવી છે ત્યારે ગામડાઓમાં જે પ્રશ્નો છે, સમસ્યાઓ છે, એ ગાંધીનગરમાં ઝીલાય છે. ગામડામાં એવા અનેક કુટુંબો છે, વિધવા માતાઓ છે, અનેક નિરાધાર મા-બાપ છે. એની દીકરીઓ ઉંમરલાયક થઈ છે, એને પરણાવવી છે. મા-બાપ, વિધવા માતાઓ પાસે પૈસા નથી અને એ અંધારી રાતે જ્યારે મા-બાપ અને વિધવા માતાઓ આંસુ સારે છે ત્યારે એની દીકરી સફાળી જાગી જાય છે અને પોતાના મા-બાપને, વિધવા માતાને પૂછે છે કે મા- તું કેમ રડે છે? ત્યારે આ વિધવા માતાઓ અને નિરાધાર મા-બાપ એમને કહે છે કે તું ઉંમરલાયક થઈ છે, તારા માટે માગાં આવે છે પણ અમારી આર્થિક પરિસ્થિતિ એવી નથી કે, તારા હાથ પીળા કરી શકીએ, આપણા આંગણાંમાંથી તારી ડોલી ઊપડે, રાત્રીના અંધકાર ચિત્કારમાંથી ઊભી થયેલી આ વેદના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સંભળાય છે અને એમાંથી કુંવરબાઈના મામેરાની યોજના અમલમાં આવે છે. દલિત યુવતીના પરિવારને રૂ.૫૦૦૦/- ની સહાય કરવાની વાત ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે. આદિવાસી વિસ્તારમાં આદિવાસી ગામો હોય છે મોટા પણ એના ઘણા પરા હોય છે. એ જુદી જુદી જગ્યાએ ઘર બાંધીને રહે છે. એક ઘરથી બીજા ઘર વચ્ચે એક

કિલોમીટર, બે કિલોમીટર જેટલું અંતર હોય છે. આવી પરિસ્થિતિમાં દરેક જગ્યાએ શાળાની વ્યવસ્થા ન હોય. તો તેઓ એમની દીકરીઓને ભણાવે કેવી રીતે? દરેક જગ્યાએ વાહન વ્યવહારની સુવિધા ન હોય. એણે રસોઇ કરવી છે. એણે ઘરનું કામ કરવાનું, વાસિંદું કરવાનું, મા-બાપને મદદ કરવાની. આવી દીકરીઓની વેદના હતી. એ વેદના ભારતીય જનતા પાર્ટીની સરકારને સંભળાઈ. આવી દીકરીઓને ભણાવવા માટે, સરસ્વતી માતાની સાધના કરવા માટે, સરસ્વતી માતાની આરાધના કરવા માટે સરસ્વતી આરાધના સાઈકલ યોજના અમલમાં મુકાઈ. માનનીય શકિતસિંહજી કાયમ માટે એમના મંત્રીપદના સમયનો ઉલ્લેખ કરે છે. હું જ્યારે મંત્રી હતો ત્યારના એક બનાવનો ઉલ્લેખ કરવો છે. અમે સાઈકલ વિતરણના કાર્યક્રમમાં ગયા હતા. એ દીકરીઓને સાઈકલ આપ્યા પછી એ ટ્રીન ટ્રીન કરતી એને જતી જોઈએ એનો આનંદ એના ચહેરા પર હતો. એવો આનંદ મેં મારી જિંદગીમાં કયારેય જોયો નથી. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આપણે ગામડાના વંચિતો સુધી પહોંચી શકવાનું કામ કર્યું છે ત્યારે મારે એક બીજી વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી અમને લોન અપાતી હતી. શાની લોન અપાય? દસ - પંદર મરઘાની, પાંચ-દસ બતકની, સીવવાના સંચાની, એક-બે ઢોરની. સાહેબ, અમે ગર્વ સાથે કહી શકીએ છીએ કે એક દલિતનો દીકરો પાઈલોટ બને, એક દલિતની દીકરી પાઈલોટ બને એવી વાત વિચારી હોય તો એ ભારતીય જનતા પક્ષે વિચાર્યું છે. મને કહેતાં આનંદ થાય છે કે, મારો દીકરો પાઈલોટ થયો છે. એના માટે •(શ્રી અશોકભાઈનો) આભાર માનું છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, આપ મને નહીં.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો પાછા ખેચું છું. એમાં મને આપે જે માર્ગદર્શન આપ્યું હતું એ જો હું યાદ ન કરું તો નગુણો ગણાઉં. એ પાઈલોટ થયો એના કરતાં અમારા દલિત સમાજની હેતલ સોંદરવા જે દીકરી પાઈલોટ થઈ છે એનો મને વિશેષ આનંદ છે. તમારામાં એકાદ દાખલો હોય તો બતાવો? કેટલી લોન? ૨૦ લાખ રૂપિયાની લોન આપવાની યોજના આ સરકારે કરી છે અને વિદેશમાં અભ્યાસ કરવા માટે મોકલવાની સહાય પેટે ૧૫ લાખ રૂપિયાની લોન આપવાની યોજના આ સરકારે બનાવી છે. સાહેબ આ લોન અમને આપે ૫ હજાર, ૨ હજાર, રાજકોટના એક કાર્યક્રમમાં હું હાજર હતો અને માનનીય રુપાલા સાહેબે જ્યારે એ દીકરાને ૧૫ લાખનો ચેક આપ્યોને તો એની આંખમાં હર્ષના આંસુ હતા આ કલ્પના તમારા સપનામાં પણ નહીં આવે, કારણ કે તમારા સંસ્કાર નથી, દલિતોને આટલે ઉંચા સુધી પહોંચાડવાના, આ વાત કરીને મારે જે કહેવું છે કે ડૉકટર બાબાસાહેબ આંબેડકરનો ૨-૩ વખત ઉલ્લેખ થયો, હું તો એમ કહું છું કે આ કોંગ્રેસના મોંઢામાંથી ડૉ. બાબાસાહેબનો ઉલ્લેખ થાય એ શકય એટલા માટે નથી કે ડૉકટર બાબા સાહેબ આંબેડકર જીવતા હતા ત્યારે એમને સતત અપમાનિત કરવાનું કામ કોંગ્રેસીઓએ કર્યુ છે. જ્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકરને ગોળમેજી પરિષદમાં આમંત્રણ આપવામાં આવ્યું, બ્રિટનમાં ત્યારે એમનો વિરોધ કરનાર આજ લોકો હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકર જ્યારે અમદાવાદમાં કાલુપુર સ્ટેશન ઉપર પહેલીવાર આવ્યા ત્યારે કાળા વાવટા બતાવનાર લોકોની જમાતી એ આજ લોકોની હતી. મારે વાત કહેવી છે ડૉ. બાબાસાહેબ આંબેડકરની કે જયારે દેશ આઝાદ થયો, બધાએ નક્કી કર્યુ કે તમામ પક્ષના જે નેતાઓ છે એને આપણે વિનાવિરોધે સંસદમાં જવા દેવા, સાહેબ આ દલિતોના ભગવાન, દલિતોના મસિહા, દલિતોના દેવ (સમયસૂચક ઘંટડી ) સાહેબ મારી આટલી જ વાત કહીને પૂરું કરું છું. કે જેમની સામે કોંગ્રેસે મુંબઈમાં દાદરમાંથી ઉમેદવાર ઉભો રાખીને એમને હરાવવાનું કામ કર્યુ. બીજી વાર ભંડારામાંથી જ્યારે ઉભા કર્યા, ફરી એમને હરાવવાનું કામ કોંગ્રેસીઓએ કર્યુ છે અને હું ગર્વ સાથે કહી શકું છું સાહેબ કે જનસંઘમાં જે ભારતીય જનતા પક્ષમાં અમે બેઠા છીએ જે કેસરિયા બ્રિગેડ છે એ બ્રિગેડના જે પૂર્વસંઘ છે, જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખરજીએ જે તે વખતે હિંદુ મહાસભાના બંગાળના પ્રમુખ હતા એમણે કહ્યું ડૉ. બાબાસાહેબ આંબેડકરને કે બાબા સાહેબ આપ ગભરાઈયે મત, આપ રુકીયે મત હમ આપકે સાથ હૈ અને અમારા એ શ્યામાપ્રસાદ મુખરજીએ પશ્ચિમ બંગાળમાંથી ડૉ. બાબાસાહેબ આંબેડકરને રાજયસભામાં મોકલવાનું કામ કર્યુ છે ત્યારે સતત બાબાસાહેબનું અપમાન કરનારાઓના મોંઢે બાબા સાહેબના શબ્દો શોભતા નથી એટલું કહીને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ચંદુભાઈ ડાભી (કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી એમનું સ્વાસ્થ્ય સુધારીને આવ્યા છે તો એમને મારી શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તેમની સમાજ પ્રત્યેની લાગણી છે અને ભાવના છે તો મારાં કેટલાંક જે સૂચનો છે એ સૂચનો ઉપર વિચાર કરે અને એ સ્વીકારે. જયારથી આ ભા.જ.પ.નું શાસન આવ્યું છે ત્યારથી ગુજરાતમાં દલિતો ઉપર અત્યાચાર અને અન્યાય થઈ રહ્યો છે. કેટલીયે કલ્યાણકારી યોજનાઓ એ બંધ થઈ છે અને ૧૮હજારથી પણ વધુ અત્યાચારના બનાવો બન્યા છે અને ૧૬૦ ઉપરાંત તો દલિતોની હત્યા પણ થઈ છે. દલિતો, દલિત કન્યાઓ અને મહિલાઓ ઉપર પણ બળાત્કારના બનાવો તો વારંવાર બનતા જ રહે છે. મારું માનનીય મંત્રીશ્રીને ખાસ એ સૂચન છે કે જે અસ્વચ્છ વ્યવસાય સાથે સંકળાયેલા વાલીના જે બાળકો છે એ બાળકો માટે એમણે દરકાર ઓછી કરી છે. એમને આપવામાં આવતી જે શિષ્યવૃત્તિ છે એમાં એમણે ઘટાડો કર્યો છે. ૨૦૦૬-

• (   ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

૦૭માં, ૨૫૧૫ લાખ, ૨૦૦૭-૦૮માં ૨૩૪૦લાખ અને ૨૦૦૮-૦૯માં ૨૪૬૫ લાખ આમ જે શિષ્યવૃત્તિ છે, એ શિષ્યવૃત્તિમાં એમણે ઘટાડો કર્યો છે. બીજી ફકત માત્ર જાહેરાત કરવા પૂરતી જ એક યોજના એમણે બનાવી છે કે અનુસૂચિત જાતિના વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં રાજયના ફકત ૧૦૦ વિદ્યાર્થીઓને જ જો ૬૦હજારની એની આવકમર્યાદા હોય તો તેને ખાનગી ટયુશન ફી આપવામાં આવે છે. હું મંત્રીશ્રીને આપના દ્વારા એ પૂછવા માગું છું કે માત્ર ૧૦૦ વિદ્યાર્થીઓને જ કેમ? હું તો એવું સૂચન કરવા માગું છું કે ૬૦ % ઉપરાંત બધા જે વિદ્યાર્થીઓ છે એ બધા જ વિદ્યાર્થીઓને એ ટયુશન ફી આપવામાં આવે અને એની જોગવાઈ કરવામાં આવે.

સૌથી મોટો સવાલ એ સફાઈ કામદારોનો છે. એ એવા કામ સાથે સંકળાયેલા છે કે જ્યારે ગટરમાં એ સફાઈ કરવા માટે જાય છે ત્યારે ગટરમાં ઊતરતા અનેકના મોત થયા છે. આવા કિસ્સાઓ તો વારંવાર બનતા રહે છે. માણસામાં પણ થયા છે, ગાંધીનગરમાં પણ થયા છે અને રાજયમાં અનેક જગ્યાએ થયા છે.પણ એમને પૂરતા સુરક્ષાના સાધનો આપવામાં આવતા નથી. હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે હકીકતમાં આ ગટરમાં ઊતરવામાંથી આ લોકોને મુક્તિ આપવી જોઈએ. આના માટે કોઈ એવી પદ્ધત્તિ વિકસાવવી જોઈએ કે જેના કારણે આ કામદારોના મોત થતા અટકે.ર્ડા. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ વ્યક્તિગત ધોરણે સહાય આપવામાં આવે છે. જેની વાર્ષિક આવક ૨૪ હજાર રૂપિયા હોય તો તેને ૪૦ હજાર રૂપિયા મકાન સહાયરૂપે આપવામાં આવે છે. આજે બિલ્ડીંગ મટિરિયલના ભાવો એટલા બધા વધી ગયા છે અને જે સ્થળ પસંદ કરવામાં આવે છે એ ક્યાં તો ગામથી દૂર હોય, કેટલીકવાર સ્મશાનની નજીક હોય છે, પાણીના વહેણવાળો વિસ્તાર હોય, ખાડા-ટેકરાવાળી જમીન હોય તેવી જગ્યાએ આપવામાં આવે છે. તે વિશે માનનીય મંત્રીશ્રી વિચારે. ર્ડા. બાબા સાહેબ આંબેડકર તાલીમ કેન્દ્રમાં તાલીમ હેઠળ કૉમ્પ્યુટરના વર્ગો કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓને આપવામાં આવ્યા છે. આ સ્વૈચ્છિક સંસ્થાઓ જ્યારે એડમિશન લેવામાં આવે છે ત્યારે એની સંપૂર્ણ ફી લઈ લે છે. સંપૂર્ણ ફી ભરપાઈ કરી દેવી પડે છે. પાછળથી આ સમાજ કલ્યાણ વિભાગ એને શિષ્યવૃત્તિ રૂપે આપે છે. શિષ્યવૃત્તિ લેવા જાય છે એમાં પણ ઘણો વિલંબ થાય છે. એટલું જ નહિ પણ કેટલાક કિસ્સામાં તો પોતે શિક્ષણ ફી ભરવાની જોગવાઈ ન હોવાના કારણે કૉમ્પ્યુટર વર્ગમાં જઈ શકતા નથી. જો માન્ય કરેલ સંસ્થાઓ દ્વારા કૉમ્પ્યુટર કોર્સ ચલાવવાના હોય તો સીધું જોડાણ હોવું જોઈએ કે એની સીધી ફી મળે એવી જોગવાઈ કરવી જોઈએ. અનુસૂચિત જાતિમાં ઘણા લગ્નો થાય છે. પરંતુ માત્ર બે થી ત્રણ ટકા લોકો કુંવરબાઈનું મામેરું યોજનાનો લાભ લે છે. એનું કારણ એ છે કે એમાં એટલી બધી વિટંબણાઓ છે કે આ કુંવરબાઈનું મામેરું યોજનામાં લગ્ન કર્યાના એક વર્ષની અંદર અરજી કરવાની હોય છે. જાતિનો દાખલો, આવકનો પુરાવો, લગ્નનો પુરાવો સમયસર મળતા નથી. ઑફિસોમાં વહીવટી આંટીઘૂંટી ખૂબ હોય છે. એટલા માટે કેટલાક લોકો આનાથી થાકી જાય છે. જેના કારણે માનનીય મંત્રીશ્રી આમાં સરળીકરણ કરે એ પણ એટલું જ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરવા માગું છું કે આપ જાણ કરીને સરકારી નિવાસી શાળાઓની મુલાકાત લો છો. પણ જાણ કર્યા વગર અચાનક વિઝિટ કરો તો ખબર પડશે કે આવી નિવાસી શાળાઓમાં રહેવાની સુવિધા હોતી નથી. પંખા તૂટી ગયા હોય છે. ફર્નિચરની સુવિધા હોતી નથી. એટલું જ નહિ પણ કેટલાક છાત્રાલય એવા છે કે સંડાસ માટે દૂર જવું પડે છે. બહુ દૂર જવાની જરૂર નથી. આપ ગાંધીનગરની નિવાસી શાળાની એકવાર મુલાકાત લો. ટ્રસ્ટ સંચાલિત સ્વૈચ્છિક સંસ્થાઓની હોસ્ટેલમાં રહેવા માટે અનુસૂચિત જાતિનો વિદ્યાર્થી હોય તો આપણે ૬૦૦ રૂપિયા આપીએ છીએ. એ પૈસા આપી દીધા પછી આપણી જવાબદારી પૂરી થાય છે. મને લાગે છે કે માનનીય મંત્રીશ્રી દ્વારા જો અનુસૂચિત જાતિના છાત્રાલયોની તપાસ કરવામાં આવે તો એ ૬૦૦ રૂપિયા એટલે એક દિવસના ૨૦ રૂપિયા એને મળે છે. ૨૦ રૂપિયામાં ખાવા-પીવાની પૂરતી સુવિધા મળે છે કે કેમ? એટલું જ નહીં પણ એક રૂમમાં કેટલા વિદ્યાર્થીઓને રાખે છે, એને પૂરતી સુવિધા મળે છે કે નહિ એ તપાસ કરવામાં આવે. આમ તો ઘણા સૂચનો કરવાના છે. ખાસ મારે સાંસ્કૃત્તિક વિભાગના કેટલાક સૂચનો કરવાના છે. ગુજરાતની રંગભૂમિ ૧૫૧ માં વર્ષમાં પ્રવેશે છે. અમદાવાદ જયશંકર સુંદરી ટાઉન હોલ, પ્રેમાભાઈ હોલ છે, આવા નાટ્યગૃહોમાં પૃથ્વીરાજ કપૂર જેવા મહાન કલાકારો નાટકો ભજવવા આવતા હતા. તેમાં રાજ કપૂર જેવા પડદા બાંધતા હતા. આજે એની હાલત એટલી બધી બિસ્માર થઈ ગઈ છે. હું ફરી કહીશ કે ૧૫૧મા વર્ષમાં આ નાટ્યગૃહો ફરીથી ધમધમતા થાય એવી કાર્યવાહી કરવા મારી વિનંતી છે. ગુજરાતના ખેલાડીઓને યોગ્ય તાલીમ આપવા માટે કોચની જગ્યાઓ ભરાતી નથી. ગુજરાતનો રમતવીર રાષ્ટ્રીય કક્ષાએ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ.....

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થાય છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી ચંદુભાઈ ડાભી (ક્રમશ:)**માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કહેતો હતો કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગુજરાતના અનેક રમતવીરો એનું નામ કાઢ્યું છે, એમને પુરસ્કાર આપવો જોઈએ, પણ ખબર નહિ કે એકાએક આજે તંત્ર છે એ જાગ્યું અને આઠ વર્ષે એમને પુરસ્કાર આપવાનો વિચાર આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને તો મારે એ વાત કરવી છે કે મંત્રીશ્રી ગ્રામ્ય શાળાઓમાં મેદાન બનાવવા અને સાધન ખરીદવા માટે એમણે ૨૦૦૮-૦૯માં માત્ર ૧૫ લાખની જ જોગવાઈ કરેલ છે. ગુજરાતમાં ૭૨,૦૦૦ તો પ્રાથમિક શાળાઓ છે અને આ પ્રાથમિક શાળાઓમાં એસ.સી., એસ.ટી. અને બક્ષીપંચના ૮૦ ટકા બાળકો ઉપરાંત તેમાં હોય છે. માત્ર ૧૫ લાખની જોગવાઈ એનું કઈ રીતે આયોજન કરવાનું છે એ સમજણ પડતી નથી. ખાસ કરીને રાજ્યના જે તે વિસ્તાર હોય તે વિસ્તારમાં દેશી રમતો છે એ દેશી રમતોને પ્રોત્સાહન આપવાની પણ એટલી જ જરૂર છે. માનો કે આદિવાસી વિસ્તારમાં તીર-કામઠાં, કબડ્ડી, ખો-ખો વગેરે વગેરેની કરવી જોઈએ. મેં તો વડોદરાના મ્યુઝિયમની વારંવાર મુલાકાત લીધી છે, ત્યાંના અલભ્ય પ્રતો અને નમૂનાઓ નાશ પામી રહ્યાં છે એની જાળવણી કરવામાં આવે છે પણ કોઈ એવી વિશિષ્ટ સાયન્ટિફિક પધ્ધતિ નથી કે જેને કારણે તેને બચાવી શકાય અને સૌથી કરુંણ તો એ છે કે વડોદરા મ્યુઝિયમની જાળવણીમાં ત્રણ હજાર વર્ષ જૂનું મમી છે અને આ મમીની જાળવણી માટે નિષ્ણાંતોને બોલાવ્યા પણ નિષ્ણાંતોની ખામીભરી પધ્ધતિના કારણે જે હતું એના કરતા એની હાલત બદતર થઈ ગઈ છે.

છેલ્લે મારે એક સૂચન કરવું છે કે ગુજરાતની પૂર્વ પટ્ટીનો આદિવાસી વિસ્તાર છે, આવી આદિવાસી સંસ્કૃત્તિ છે એ હાલ લુપ્ત થતી રહી છે અને તે માટે આ લુપ્ત થતી આદિવાસી સંસ્કૃત્તિ જળવાઈ રહે એના માટે આદિવાસી સંસ્કૃત્તિ કેન્દ્રની સ્થાપના કરે એવું મારું એક સૂચન છે. અનુસૂચિત જાતિના મહારાષ્ટ્રમાંથી કેટલાક કુટુંબો આવે છે અને આ કુટુંબોના જે બાળકો છે એ બાળકોને શિષ્યવૃત્તિ આપવામાં આવતી નથી. પહેલા જ્યારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે એ કોંગ્રેસના શાસનમાં આપવામાં આવતી હતી. આ જે બાળકો છે એ બાળકો વર્ષોથી અહીંયાં રહેતા હોય છે છતાં પણ એમાં કઈ મુશ્કેલી છે એ મને સમજાતું નથી તો આટલા મારાં સૂચનનો સ્વીકાર કરે એવી વિનંતી છે.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## સભાગૃહની બેઠક અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો એક પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. હું આપણા નિયમોના નિયમ ૧૯૩(૪) તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ નિયમ સ્પષ્ટ છે કે સભાગૃહ જ્યારે કોઈ પ્રસ્તાવ સુધારા સહિત કે સુધારા વગર પસાર કરે ત્યારે સભાગૃહે મંજૂર રાખેલી. સમિતિની ભલામણો સભાગૃહનો આદેશ ગણાય. સભાગૃહનો જે સભાગૃહની બેઠક અંગેનો આ નિયમો છે અને એમાં સ્પષ્ટ છે કે એક વખત કામકાજ સલાહકાર સમિતિએ જે દિવસો નક્કી કર્યા હોય અને એ આ સભાગૃહે એ બાબતે નિર્ણય લીધો હોય એ પછી એ દિવસોની અંદર કોઈએ ફેરફાર કરવો હોય તો માત્ર સભાગૃહ જ કરી શકે અથવા તો બીઝનૅસ એડવાઈઝરી કમિટી બોલાવી અને બીઝનૅસ એડવાઈઝરી કમિટી નિર્ણય કરે અને એ નિર્ણય અહીંયાં જો સ્વીકારાય તો જ આ નિયમ છે એનો અમલ થાય. હું આજની બેઠકના સંદર્ભમાં આપનું ધ્યાન દોરવા માગું છું કે બીઝનૅસ એડવાઈઝરી કમિટીએ સભાગૃહની આજની બેઠક રાખવાનું ઠરાવેલ નહોતું.અને છતાં આજે બેઠક બોલાવવામાં આવી છે એટલે આજની બેઠક છે એ આજની બેઠકનો એજન્ડા છે એ ગેરકાયદેસર છે અને આ સંદર્ભે માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણય ૧૯૮૫ થી ૨૦૦૨ એમાં ૯૨ નંબરનો જે નિર્ણય છે એ તરફ આપનું ધ્યાન ખેંચું છું. આ જે નિર્ણય છે એમાં ૧૦ ઑગસ્ટ, ૧૯૮૭ના રોજ માનનીય સુરેશભાઈ મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો. એમાં જે નિર્ણય કરવાનો હતો એ એટલો જ હતો કે જે ૯મી ઑગસ્ટનો સમય નકકી કર્યો હતો કામકાજ સલાહકાર સમિતિએ એ ૧-૦૦ વાગ્યાનો સમય નકકી કર્યો હતો અને માનનીય અધ્યક્ષશ્રીએ ૧-૦૦ વાગ્યાના બદલે ૮-૩૦ વાગ્યાનો સમય કર્યો અને આ સમય બદલવાનું પણ જે તે વખતના માનનીય અધ્યક્ષશ્રીએ એ વાત ટેકનીકલી સ્વીકારી હતી અને એમ કહ્યું હતું માનનીય અધ્યક્ષશ્રી, હું રીલેવન્ટ પેરા વાંચું છું.

"બેઠકના સમયને લગતી બાબત સમિતિની ભલામણમાં દર્શાવવામાં આવતી નથી કારણકે નિયમ-૪(૨)માં સભાગૃહની બેઠકના સમયમાં ફેરફાર કરવાની સત્તા મને સોંપેલ છે એટલે સમયની અંદર માનનીય અધ્યક્ષશ્રી, સમયમાં ફેરફાર કરી શકે છે એવું માનનીય અધ્યક્ષશ્રીએ દર્શાવેલ છે પરંતુ તેમ છતાં ગૃહની બેઠકના સમયને લગતો નિર્દેશ ભલામણમાં હોવાને કારણે એટલે કામકાજ સમિતિના અહેવાલની અંદર ભલામણમાં હોવાને કારણે અને તેનો સભાગૃહમાં સ્વીકાર થવાથી તે સભાગૃહનો નિર્ણય બન્યો અને તેને અમે નિયમ-૧૯૫ની જોગવાઈ મુજબ તેમાં ફેરફાર કરવા માટે સભાગૃહના નેતાશ્રીએ કે તેમની ગેરહાજરીમાં અન્ય કોઈ મંત્રીએ મારી મંજૂરી લઈને પ્રસ્તાવ લાવવો પડે અને તેનો ગૃહમાં સ્વીકાર થયા પછી જ પ્રસ્તુત નિર્ણય બદલી શકાય. આમ ટેકનિકલ રીતે નિયમોની જોગવાઈના સંદર્ભમાં માનનીય સભ્યશ્રી સુરેશભાઈ મહેતાનો પોઈન્ટ ઓફ ઓર્ડર વ્યાજબી છે પરંતુ સભાગૃહ જાણે છે કે સભાગૃહે સમિતિની ભલામણને આધારે ૯મી ઑગસ્ટ, ૧૯૮૭ના સમય અંગે કરેલા નિર્ણયમાં ફેરફાર કરવા માટે નિયમ-૧૯૫ની જોગવાઈ મુજબનો પ્રસ્તાવ લાવવાનું શકય ન હતું કારણકે સમિતિની ભલામણ ગૃહમાં તા.૨૨-૭-૮૭ના રોજ સ્વીકારવામાં આવેલી અને ત્યારપછી તા.૯મી ઑગસ્ટ, ૧૯૮૭ સુધી સભાગૃહની કોઈ બેઠક હતી નહીં. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં તો બેઠક પણ ચાલુ છે અને આ સમયને લગતો ફેરફાર નથી, દિવસને લગતો ફેરફાર છે. કામકાજ સલાહકાર સમિતિ, આપણે અગાઉના વખતમાં પરંપરા હતી કે વારંવાર

આપણે દર વીકમાં બોલાવતા અને આવા કોઈપણ ફેરફાર હોય તો એ કામકાજ સલાહકાર સમિતિમાં લઈ આવ્યા પછી સભાગૃહ જે નકકી કરે એ દિવસો પ્રમાણે ફેરફાર થવો જોઈતો હતો પરંતુ આજના દિવસનો જે ફેરફાર છે અને આજનો જે એજન્ડા છે એ અમને આપવામાં આવેલો જે કામકાજ સમિતિનો અહેવાલ છે અને જે આ સભાગૃહે સ્વીકારેલો છે એની અંદર સમાવેશ થતો નથી એટલા માટે જે આ નિર્ણય અગાઉના માનનીય અધ્યક્ષશ્રીએ આપેલો છે એ પ્રમાણે આજની બેઠક ઓર્ડરમાં નથી.

**અધ્યક્ષશ્રી** : આપે નિયમ -૧૯૫(૪) નીચે જયારે કહ્યું ત્યારે આ સભાગૃહના બંને દંડકોએ મને લેખિતમાં રજાનો ફેરફાર કરવા કહ્યું અને એ જ વખતે નિર્ણય થયો કે આ શનિવારે, ૧૫મી તારીખે આપણે બેઠક રાખીશું. બંને દંડકો આ અંગે સંમત થઈને આવ્યા હતા, એ સંમત થયા પછી રજાના ફેરફાર કરીને નવું પત્રક પણ આપની સમક્ષ રજૂ કરાયું છે જે દિવસે કરાયું તે દિવસે માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ પાસે મારા વિધાનસભા સચિવાલયે આપને એ લેખિત જાણ કરી છે કે આ ફેરબદલી કરીએ છીએ. જો આપને એ અંગે કંઈપણ કહેવાનું હોત તો આપ તે વખતે કહી શકયા હોત. હું આપને નિયમ-૫૬ નીચે કહું છું કે "આ નિયમમાં ખાસ પ્રબંધ ન કરવામાં આવ્યો હોય તેવી સબંધી બાબતોમાં અને નિયમોનો વિગતવાર અમલ કરવાના સઘળા પ્રશ્નોનો અધ્યક્ષ વખતોવખત નિર્દેશ કરે છે અને તે રીતે નિયમન કરે છે .અને તે રીતે નિયમન કરે છે, તે રીતે અધ્યક્ષની સત્તાને સર્વસામાન્ય ગણવામાં આવે છે". જો બંને પક્ષના દંડકો રજૂઆત કરે અને આ પ્રમાણે સભ્યશ્રીને રજાનો ફેરફાર કરવામાં આવે અને ફેરફાર કર્યા પછીનું પત્રક હું આપની પાસે મૂકું અને આજે સભાગૃનું કામકાજ શરૂ થઈ જાય, ત્યારપછી રિસેસ પછી આપને આ પૉઈન્ટ ઑફ ઑર્ડર સૂઝે. મને લાગે છે કે પૉઈન્ટ ઑફ ઑર્ડર અકાલીન છે અને એને હું સ્વીકારી શકતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું ધ્યાન દોરું છું.

**અધ્યક્ષશ્રી** : મેં મારો નિર્ણય આપી દીધો છે. કાં તો મારા માટે એવી પરિસ્થિતિ પેદા થાય કે, બંને દંડકો જે રજૂઆત કરે એનો સ્વીકાર ન કરવો. મેં નિર્ણય આપી દીધો છે. આપનો પૉઈન્ટ ઑફ ઑર્ડર અકાલીન છે અને મને મળેલ સત્તાઓને આધારે મેં ફેરફાર કરેલો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આટલું મારે ઉમેરવું છે. મારે આપના નિર્ણય સામે કશું કહેવાનું નથી. આ જે પૉઈન્ટ ઑફ ઑર્ડરનો નિર્ણય છે. એમાં ૯મી તારીખે મીટિંગ હતી અને ૧૦ મી તારીખે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવેલ હતો અને ૧૦ મી તારીખે માન્ય રાખેલો છે. બંને દંડકોના નિર્ણયની સામે કહેવાનું નથી. પણ નિર્ણય પછી બિઝનેસ એડવાઈઝરી કમિટી બોલાવવી જોઈએ. એ બાબતમાં મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. નિર્ણય કર્યો હોય તો મારે કહેવાનું નહોતું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈને જે મુદ્દો ઉપસ્થિત કરવો પડ્યો, એના રૂટમાં જો આપણે જઈએ તો કામકાજ સલાહકાર સમિતિ આપણી દર બુધવારે મળતી હતી. કામકાજ સલાહકાર સમિતિ મળી ગઈ હોત, બંને દંડકોની લાગણી, માગણી આપ સ્વીકારો એ વ્યાજબી છે. ટેકનિકલી અર્જુનભાઈ અબસ્યુટલી રાઈટ છે. કામકાજ સલાહકાર સમિતિ મારફતે આ જ વસ્તુ આવતી હતી અને આવવી જોઈએ. એ નથી આવી, એ ભવિષ્યમાં આવે એટલું પણ આવકારદાયક રહે.

**અધ્યક્ષશ્રી** : આપ નેતા તરીકે આપના દંડકશ્રીને પૂછી શકો. એમણે મને કાગળ આપ્યો એ રજાના આગલા કલાકોમાં આપ્યો છે કે નહિ? તે વખતે કામકાજ સલાહકાર સમિતિ બોલાવવાનો સમય પણ નહોતો અને એટલા માટે નથી બોલાવી. આ નિર્ણય રજાના ફેરફાર અંગેનો નિર્ણય કરવાનો હતો. એ નિર્ણય કર્યો હતો એ દંડકોની વિનંતીને કારણે કર્યો છે.(અંતરાય) કામકાજ સલાહકાર સમિતિ મળી નથી એ પ્રશ્ન જુદો છે. એને આની સાથે જોડવાની જરૂર નથી. આજે પૉઈન્ટ ઑફ ઑર્ડર છે એ અત્યારે મળી રહેલી બેઠક એ નિયમો મુજબ નથી. એ એમનો મુદ્દો છે. હું કહું છું કે નિયમ મુજબ બે દંડકોએ આપેલી વિનંતી પછી લેવાયેલ છે અને એટલા માટે એમનો પૉઈન્ટ ઑફ ઑર્ડર એ અકાલીન છે અને જો આ પ્રકારની પ્રક્રિયા હોય કે એક વિનંતી કરવી અને વિનંતી કર્યા પછી નિણર્ય થાય, નિર્ણયનો અમલ પ્રમાણે બેઠક (અંતરાય) માનનીય શક્તિસિંહજી આપે આપની વાતને કહી દીધી છે. હું જરૂર હશે તો આપને કહીશ. નિર્ણય પછી બેઠક સવારથી ચાલુ થાય અને વચ્ચે એમને પૉઈન્ટ ઑફ ઑર્ડર કરવાનું મન થાય છે. સવારે ઉપસ્થિત કર્યો હોત તો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ મુદ્દો બીજા દિવસે ઉઠાવેલ છે.

**અધ્યક્ષશ્રી** : કોઈપણ અધ્યક્ષશ્રીનો નિર્ણય મારા માટે માર્ગદર્શન છે પણ એ બંધનકર્તા નથી, એટલે એ વખતે કઈ કઈ પરિસ્થિતિ હતી, તે આજે જે પરિસ્થિતિ પેદા થઈ છે, તે અંગે ફરીથી નિર્ણય આપતાં કહું છું કે નિર્ણય જે લેવાયો રજા બદલવાનો, એમાં આજની બેઠકમાં નિર્ણય થયો. અહીં વાત એમ હતી કે બંને દંડકોએ એવા સમયે આ બાબત આપી કે એ વખતે કામકાજ સલાહકાર સમિતિ બોલાવવાનો સમય ન હતો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૮ દિવસ ગયા (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ જ દિવસે મેં નવું પત્રક તારીખ, વાર સાથેનું આપી દીધું છે. આ પત્રક માન્ય ન હોત તો તમે આ દિવસો દરમ્યાન કામકાજમાં ફેરફાર થયા તે અંગે કહી શકયા હોત.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કામકાજ સલાહકાર સમિતિ બોલાવી એના.

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ મેં નિયમ-૫૬ નીચે પત્રક ૪ માર્ચે બહાર પાડ્યું છે. ત્યાર પછીની બેઠક મળી ત્યારે આ પ્રશ્ન ઉપસ્થિત કરી શક્યા હોત. ચોથી માર્ચથી આજ સુધીની આપે આ પ્રશ્ન નથી ઉપસ્થિત કર્યો. આખા પત્રકને જોડી અને પત્રક પ્રમાણે આજના ૪ માર્ચ પછી ૬ઠ્ઠી માર્ચ શરૂ થઈ ત્યારથી બધા જ કાર્યક્રમો આપણે કર્યા છે, જાહેરાતો પણ એ પ્રમાણે કરી છે. એટલે શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના મનની અંદર પ્રશ્ન પેંદા થાય ત્યારે પૉઈન્ટ ઑફ ઑર્ડર રેઈઝ કરે તે પ્રક્રિયા બરાબર નથી. જે પ્રમાણે સભાગૃહના બંને દંડકશ્રીઓએ વાત કરી અને ચોથી તારીખે કાગળ આપ્યો, ચોથી તારીખે મેં પત્રક બહાર પાડયું, છઠ્ઠી તારીખના રોજ પત્રકનો અમલ શરૂ થયો છે અને તે પ્રમાણે ચાલે છે ત્યારે આ પ્રમાણે પરિસ્થિતિ પેદા ન થાય તો દંડકોની વિનંતી હું બંને પક્ષોની વિનંતી માનું છું તે રીતેની માન્યતા જ નહીં. શ્રી શકિતસિંહજી ખોટી રીતે આપ તેમની બ્રિફ ન લો તો વધારે સારું છે. કામકાજ સલાહકાર સમિતિની મિટિંગ બોલાવવા અંગે, હું એ અંગે કહી દઉં કે આપ મને આવીને કહી શક્યા, નહીં કામકાજ સલાહકાર સમિતિ આ પરિસ્થિતિની અંદર બોલાવવાનો સમય ન હતો. કારણકે સમય અને આજે સમય રહેતો નથી એટલે મેં નિર્ણય આપ્યો છે કે તમારો પૉઈન્ટ ઑફ ઑર્ડર અકાલીન છે. મને મળેલ સત્તા પ્રમાણે મેં પત્રક બહાર પાડયું છે અને બહાર પાડેલ પત્રક છઠ્ઠી તારખથી અમલમાં છે, ચોથી તારીખે બહાર પાડયું છે અને છઠ્ઠી તારીખથી અમલમાં છે. એટલે આજે મુદ્દો ઉભો કરવો તે યોગ્ય નથી અને મને લાગે છે કે અયોગ્ય રીતે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો કર્યો છે તેને હું સ્વીકારી શકતો નથી. નેકસ્ટ અંબાલાલભાઈ રોહિત. બધાની સમય મર્યાદા ખૂબ ઓછી છે. ચાર મિનિટ મળે છે. કોઈ ચર્ચામાં પડવા માગતો નથી. આપના પક્ષના બધા સભ્યોને ચાર મિનિટ મળે છે. ચાર મિનિટમાં પૂરું કરવાનું છે.

## માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) (ક્રમશ:)

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના આદરણીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે આદરણીય વિરોધપક્ષના નેતા શકિતસિંહજીએ આદરણીય મુખ્યમંત્રીના અહમની વાત કરી એટલે મારે કહેવું છે કે રમતગમત ક્ષેત્રે ૧૫મી ઑગસ્ટ, ૨૬મી જાન્યુઆરી અને ૧લી મે આ ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતના અનેક કલાકારોના જેમની પોતાની કલાને ઉજાગર કરવા માટે આ કાર્યક્રમમાં બોલાવીને એમની કલા ઉજાગર કરવા માટે જે મુખ્યમંત્રીએ એક વિનમ્ર પ્રયાસ કર્યો છે અને અનેક કલાકારોની જે એમની જે કલાઓ ઘણા વખતથી લુપ્ત થઈ ગઈ હતી તે આજે ઉપસી છે. આજે ગુજરાતમાં કલાકારો બધા આગળ આવ્યા છે. મારે કહેવું છે કે આ ઉત્સવો જ્યારે ઉજવાય છે, રાષ્ટ્રીય તહેવારો ત્યારે ગુજરાતના તમામ આઈ.એ.એસ. અધિકારીઓ, કલેકટર, મામલતદાર, ડી.ડી.ઓ.શ્રીઓ તમામ અધિકારીઓ ગામેગામની મુલાકાત લઈને તમામ જે જિલ્લાઓમાં આ કાર્યક્રમ ઉજવવાનો હોય તે જિલ્લામાં તમામ ગામોમાં એક જિલ્લાના વિકાસ બાબતે અને બીજી અનેક બાબતે ઘણો બધો સરવે અને પ્રગતિ થતી હોય છે. જ્યારે અનુસૂચિત જાતિની વાત કરું ત્યારે આ સરકાર આવ્યા પછી ડો.બાબાસાહેબ આંબેડકરના નામ પર એક લાખનો એવોર્ડ, એમના નામે આવાસ યોજના, એમના નામે વિદેશની લોન, એમના નામે આંબેડકર ભવનો અનેક યોજનાઓ અને એમની બંને પત્નીઓ અને પિતાના નામે કોઈને કોઈ યોજના જોડીને આ સરકારે સાચી શ્રદ્ધાંજલિ આપવાનો પ્રયાસ કર્યો છે. મારે કહેવું છે કે એન.ડી.એ.ની સરકારમાં સુપ્રીમ કોર્ટે પાંચ અધ્યાદેશો જારી કર્યા હતા અને તે અધ્યાદેશો ક્યાંકને ક્યાંક અનુસૂચિત જાતિના લોકોને નડતરરૂપ હતા. તેમાંથી એન.ડી.એ.ની સરકારે ત્રણ રદ કર્યા. આજે યુ.પી.એ.ની સરકાર ચાર વર્ષથી છે ત્યારે મને કહેવા દો શકિતસિંહજીને કે તમે અનુસૂચિત જાતિના હામી બન્યા છો ત્યારે મારે કહેવું છે કે આ અધ્યાદેશ રદ કરવામાં યુ.પી.એ.ની સરકારને ક્યારેક ટાઈમ મળે છે ખરો? તેના માટે લાગણી, ભાવ કે પ્રેમ છે ખરો? એથી વધારે કહેવું છે ગોલાણા હત્યાકાંડ, જેતલપુરનો હત્યાકાંડ, રણપુરનો હત્યાકાંડ આ નરેન્દ્ર મોદી સાહેબની સરકારમાં નહોતા થયા. તે વખતે તેમની સરકાર હતી. શકિતસિંહજી હશે કે નહીં તે મને ખબર નથી. આ મુખ્યમંત્રીમાં જ્યારે દેશમાં ગરીબોની ચિંતા કરવાની હોય ત્યારે તેમનામાં ગાંધીજીના દર્શન થાય છે અને દેશમાં જયારે આ રાજયમાં આતંકવાદી આવતો હોય ત્યારે સરદાર પટેલ સાહેબના દર્શન થાય છે અને દેશના ગૌરવ અને આધ્યાત્મિક બાબતની વાત હોય ત્યારે સ્વામી વિવેકાનંદના દર્શન થાય છે. મારે એથી વિશેષ કહેવું છે કે હું જે સ્થળ ઉપર જે ગૃહમાં ઉભો છું તે કોંગ્રેસની દેન નથી મારા મહારાજા મારા સયાજીરાવ ગાયકવાડ અને સરદાર પટેલે આંબેડકરને ત્યાં સુધી મોકલ્યા હતા, કોંગ્રેસે નહોતા મોકલ્યા, બે બે વખત એમની સામે ઉમેદવારો ઊભા રાખીને એક દલિતોના મસીહા, એક બુધ્ધિશાળી જીવ, એક એજ્યુકેશન પામેલા માણસને હરાવવા માટેના સંપૂર્ણ પ્રયાસ કર્યા હતા. આ કોંગ્રેસને આંબેડકર વિશે કે સામાજિક ન્યાય અને અધિકારિતા વિશે બોલવાનો એક પણ જગ્યાએ અધિકાર નથી, એ બોલતા હોય તો એમના અહમને પોષવા માટે બોલે છે. આ સરકારમાં અનેક આંબેડકર ભવનો થયાં, ૧૬ જિલ્લામાં ૩૫ લાખના ખર્ચે ૧૦ લાખ રૂપિયા ફર્નિચર માટે અને એ આંબેડકર ભવનો પૂરાં થયાં છે અને બીજા નવ આંબેડકર ભવનો માટે જિલ્લામાં જમીન ફાળવી દેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેવા દો કે, આંબેડકરનું તૈલચિત્ર મૂકવા માટે, દિલ્હી પાર્લામેન્ટ બોર્ડમાં, માનનીય અટલબિહારી બાજપાઈએ, તે વખતના વિરોધપક્ષના નેતાશ્રીએ પ્રધાનમંત્રીશ્રીને આ વાત કરી તો ત્યારે એ એમ બોલ્યા હતા કે આંબેડકરનું તૈલચિત્ર મૂકવા માટે સંસદ ભવનમાં જગ્યા નથી, મારા આદરણીય નેતાજી, આ

દેશના મસીહા જેવા નેતા બોલ્યા હતા કે પ્રધાનમંત્રીશ્રી તૈલ ચિત્ર મૂકવા માટે સંસદ ભવનમાં જગ્યા છે પણ તમારા દિલમાં આ દલિતોના મસીહા આંબેડકરને મૂકવા માટે જગ્યા નથી, આ વાત કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી પણ વિશેષ મારે કહેવું છે કે, આંબેડકર ફાઉન્ડેશન, રાણીપમાં ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે થવાનું છે, ગુજરાત સરકારના અમારા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીએ જે માગણી કરી છે ત્યારે લેખિતમાં એમણે જવાબ આપ્યો છે કે આંબેડકરના ફાઉન્ડેશન માટે અમારી પાસે રૂપિયો નથી, અમે રૂપિયો આપી શકવાના નથી, આ લેખિત જવાબમાં આપેલું છે. માનનીય શકિતસિંહજીને મારે કહેવું છે કે, આપ દલિતોના હામી બન્યા છો ત્યારે આટલું તો જરા કરો દલિતોને માટે આંબેડકર ફાઉન્ડેશન બનતું હોય તો મદદ કરે કેન્દ્ર સરકાર, પણ માનનીય અધ્યક્ષશ્રી, દલિતોની ખાલી વાતો કરવાથી દલિતોનું હિત થવાનું નથી, ત્યારે દલિતો માટે અનેકવિધ કાર્યક્રમો આ સરકાર લાવીને દલિતોને ઉજાગર કરવા માટેના પ્રયત્ન કર્યા છે ત્યારે અમારા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી જે આ ગૃહમાં ગરીબો માટે, દલિતો માટે યોજના લાવ્યા છે અને દલિતોને જે પ્રોત્સાહન કરવા માટે પ્રયત્ન કર્યા છે એ બજેટને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી અને રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ આજે સન્માનનીય ગૃહ સમક્ષ લઈને આવ્યા છે ત્યારે માત્ર બે મુદ્દાઓ તરફ આ સભાગૃહનું હું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રમતગમતની વાત કરીએ તો આપણે આપણા ખેલાડીઓને પ્રોત્સાહન આપવામાં ક્યાંક પાછા પડ્યા છીએ, માનનીય ઉપેન્દ્રસિંહજી અંગત રીતે ઈરફાન પઠાણ પાસે જઈને પ્રોત્સાહન આપે એ આવકારદાયક છે. ગુજરાતની સરકાર એ પ્રોત્સાહન આપવા માટે ક્યાંક પાછી પડી છે, છેક છેલ્લે છેલ્લે એવા પ્રોત્સાહન જાહેર કરવાની કદાચ દબાણોને કારણે સરકારને ફરજ પડી હોય એવી પરિસ્થિતિ ઊભી થઈ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાતનું એ ધ્યાન દોરવું છે કે, ૨૦૦૨ની સાલમાં ભારતની બધિરોની ક્રિકેટ ટીમ વિશ્વ વિજેતા બની, દુનિયાના નવ દેશોએ એ હરીફાઇમાં ભાગ લીધો હતો એમાં ઈંગ્લેન્ડ, ભારત, ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, ન્યૂઝીલૅન્ડ, બાંગ્લાદેશ અને નેપાળ આ બધા દેશોએ આ બધિરોની ક્રિકેટની વિશ્વ ટુર્નામૅન્ટમાં ભાગ લીધો હતો આવી ટીમ વિશ્વ વિજેતા બની, ગુજરાત સ્પૉર્ટસ ઓથોરિટીના નિયમમાં એક નિયમ એવો છે કે પાંચ કરતાં વધારે ખેલાડીઓ જો વિશ્વ વિજેતા બને તો એમને પંદર લાખ રૂપિયાના પુરસ્કાર આપવાની જોગવાઈ છે પણ દુઃખ સાથે નોંધવું પડે છે કે, છ છ ખેલાડીઓએ એક ટીમમાં ભાગ લીધો હોવા છતાં પણ આ ખેલાડીઓને રાજય સરકારે માત્ર ૨૫ હજાર રૂપિયાની મદદ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજ કલ્યાણ વિભાગની વાત કરીએ તો સમાજના પાછળના વર્ગોની સુરક્ષા સચવાય અને એમને મદદરૂપ થઈ શકાય એવાં કામો સરકાર કરે. એવી હંમેશા આપણા સૌની લાગણી છે. માનનીય અધ્યક્ષશ્રી, સમાજ સુરક્ષાની બાબતમાં અહીં ઘણી ચર્ચાઓ થઈ ત્યારે મારે સભાગૃહનું ધ્યાન દોરવું છે કે, માનનીય ચીમનભાઈ પટેલ મુખ્યમંત્રી હતા અને મનુભાઈ પરમાર તે વખતે સમાજ સુરક્ષા વિભાગના મંત્રી હતા, દલિત સમાજની પહેલી દીકરી એ વખતે પાયલોટ બની ત્યારે ગુજરાતની સરકારે ૫ લાખ રૂપિયાના ઈનામની, મદદની એ વખતે સરકારે જાહેરાત કરી હતી. સમાજ સુરક્ષાની વાત કરીએ છીએ, હમણાં જ માનનીય સભ્યશ્રી ડો. બાબા સાહેબ આંબેડકરના તૈલ ચિત્રને સંસદમાં મૂકવાનો મુદો ઉપસ્થિત કરી રહ્યા હતા. ભારતના બંધારણના ઘ ડતરમાં ડો. બાબા સાહેબ આંબેડકરનું જે પ્રદાન છે એ પ્રદાનને આપણે સૌ સ્વીકારને ચાલીએ છીએ. ડો. બાબા સાહેબ આંબેડકર મહાન વિભૂતિ હતા પણ સાહેબ, આ બજૅટમાં જે જોગવાઈ કરવામાં આવી છે એમાં મહાન ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માજીનું સ્મારક બનાવવા માટે ૫ કરોડ રૂપિયાની જોગવાઈ, ગુજરાત રાજયની સ્થાપના જયંતીની ઉજવણી માટે ૫ કરોડ રૂપિયાની જોગવાઈ, ભગવાન મહાવીરની જન્મ જયંતીની ઉજવણી માટે ૧.૯૦ લાખની જોગવાઈ, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૨૫ મી જન્મ જયંતીની ઉજવણી માટે ૧ લાખ રૂપિયાની જોગવાઈ અને ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ શતાબ્દી માટે ૨૦૦૮ અને ૨૦૦૯ના બજૅટમાં ૧૦૦૦ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. સાહેબ, આપણે બાબા સાહેબ આંબેડકરના નામે વાતો કરીએ છીએ. (અંતરાય)

### સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષ સ્થાને

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ શતાબ્દી માટે ફાળવેલ ગ્રાન્ટ અંગે

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય સભ્યશ્રી જે બોલી રહ્યા છે એમાં ખોટી માહિતી ન જાય એટલા માટે હું મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો કરુ છું. (અંતરાય) ના, જવાબમાં નથી સુધારવાનો, હું સીધે સીધી વાત કરું છું. એમણે જે જે મહાપુરુષોના નામ કહ્યા એ મહાપુરુષોના નામ સાથે આના અગાઉ ડો. બાબા સાહેબ આંબેડકરના નામ સાથે રૂા.૧૦ કરોડનું રાણીપ ખાતે ભવન બંધાઈ ગયું છે અને કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં ૫૦ ટકા રકમ આપવાની હતી (અંતરાય)

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી હું ભવન બંધાવાની વાત કરતો જ નથી. પૉઈન્ટ ઑફ ઑર્ડર દ્વારા વાતને જુદી દિશામાં લઈ જવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. મારી વાત એટલી જ છે કે ડો બાબા સાહેબ

આંબેડકરની જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી માટે બજેટમાં માત્ર રૂા.૧૦૦૦ ની ફાળવણી કરવામાં આવી છે. (અંતરાય)

**સભાપતિશ્રી :** હું રેકર્ડ જોઈ લઉં છું અને જે વાંધાજનક હશે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબા સાહેબ આંબેડકરનું નામ વાપરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ આપણે લોકો ત્યારે મારે કહેવું છે કે, ડો. બાબા સાહેબ આંબેડકરના બંધારણને દરિયામાં ફેંકી દેવાની વાત કોણે કરી હતી એ આપણે સારી રીતે જાણીએ છીએ. ડો. બાબા સાહેબ આંબેડકરનું સ્ટેચ્યું અમદાવાદમાં તોડી નાંખવા પાછળ કયા પરિબળો હતા એ પરિબળોને પણ આપણે સારી રીતે ઓળખીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી હું માનનીય મંત્રીશ્રીને એટલું જ કહેવા માગું છું કે, કદાચ બજેટની જોગવાઈમાં કોઈ સરતચૂક થઈ ગઈ હોય તો ડો. બાબા સાહેબ આંબેડકર જેવા મહાન વ્યકિતની જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ૧૦૦૦ રૂપિયાની જોગવાઈના બદલે બજેટમાં સારી રકમની જોગવાઈ કરી આપણે ડો. બાબા સાહેબ આંબેડકર જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી કરવી જોઈએ.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી (જામનગર ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકરીતા વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ જે રીતે ગુજરાત રાજયમાં કામ કરી રહ્યો છે એ ખૂબ પ્રશંસાને પાત્ર છે. ખૂબ વિકાસ થયો છે. વિકસ થયો છે એની સાથે સાથે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બંક્ષીપંચના લોકોમાં જે આત્મ સન્માન માટે જે કાંઈ ગૌરવભેર ઉઠવાનું થયું છે,એ છેલ્લાં સાત વર્ષમાં ખૂબ પ્રગતિશીલ રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી જે કામો થઈ રહ્યાં છે, વંચિતોના વિકાસ માટે થઈને જે આગળ વધી રહ્યા છે એમાં એમ કહેવું હોય તો કહી શકાય કે "ચલો જલાયે દીપ જહાં, અભી ભી અંધેરા હૈ". આ અંધેરા ઉલેચવા માટેનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લાં સાત વર્ષની અંદર ખૂબ વિશાળ પાયે કર્યુ છે. વંચિતોના વિકાસની વાતો, બક્ષીપંચની વાતો, સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકોના વિકાસની વાતો તો થઈ જ છે પણ મારે ગૌરવપૂર્વક એમ કહેવું જોઈએ કે, સમાજ સુરક્ષા વિભાગ જે છે એમાં પણ વિધવા, ત્યક્તા, નિરાધાર અને વિકલાંગો માટેની ખૂબ યોજનાઓ સમાજ સુરક્ષા મારફતે મૂકવામાં આવી છે. હું ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપું છું અને એ વખતના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી રમણભાઈ વોરાને પણ હું અભિનંદન આપું છું એટલા માટે અભિનંદન આપું છું કે દલિત સમાજની જે વાતો થતી હોય અને કામો થતાં હોય એ જ પ્રમાણે નિરાધાર અને વિધવાઓના માટે જે કામ થતા હોય એ યોજનાઓને સાકાર કરવા માટે થઈને સંવેદનાઓ જોઈએ એ સંવેદનાઓ વ્યક્ત કરી શકે એટલા માટે આ ગુજરાત સરકારે વિકલાંગ કમિશનર તરીકે એક બ્લાઈન્ડ વ્યકિતને એ પોસ્ટ ઉપર મૂકીને સંવેદનાઓને વ્યક્ત કરવા માટેનું એને કામ કરવા માટેનું જે કામ કર્યુ છે એના માટે હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે કંઈ યોજનાઓ ચાલી રહી છે તેમાં મને એવું લાગે છે કે, હું ગુજરાત વિધાનસભામાં એકમાત્ર વિકલાંગ પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત હોઈ અને ગુજરાત સરકાર છે એ વિકલાંગોના વિકાસની ખૂબો વાતો અને એ પ્રમાણે પ્રગતિ કરીને કામગીરી કરી રહી છે ત્યારે વિકલાંગોની વાતો મારે મૂકવી જોઈએ એવું મને લાગે છે. હું એમ કહું તો અતિશયોકિત નથી કે જેમ ગુજરાત સરકાર જે રીતે દરેક ક્ષેત્રે દરેક પ્રકારે આગળ વધી રહી છે અને ગુજરાતના મુખ્યમંત્રી જે રીતે વિકાસની દૃષ્ટિમાં ગુજરાતને આગળ લઈ જઈ રહ્યા છે એ દૃષ્ટિએ વિકલાંગ સમાજ માટે પણ ભારતીય જનતા પાર્ટી વિકલાંગની કાંખ ઘોડી તરીકે કામ કરી અને વિકાસની દૃષ્ટિમાં વિકલાંગોને લઈ જઈ રહ્યા છે. મારે એ પણ કહેવું જોઈએ કે ફક્ત વિકલાંગની કાંખ ઘોડી તરીકે જ આ સરકારે કામ નહિ કરતા વિધવા માટે ભાઈની ભૂમિકામાં, નિરાધારો માટે પાલક માતા પિતાની ભૂમિકામાં અનેક પ્રકારની ભૂમિકાઓમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે અને જેને કારણે ખૂબ વિશાળ પાયે કામ થઈ રહ્યું છે.

મારે વિશેષ તો નથી કહેવું પણ મારે એમ કહેવું જોઈએ કે દરેક ક્ષેત્રમાં એસ.ટી.ના પાસ હોય, વિકલાંગની યોજના હોય, સ્વરોજગારીની યોજના હોય, વિકલાંગો માટેની ત્રણ ટકા અનામતની વાત હોય એવી અનેક પ્રકારની યોજનાઓ જે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થઈ રહી છે તે માટે આ માગણીઓને હું મારું અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી રમેશ વ. મહેશ્વરી (મુંદ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં પ્રથમ વખત બોલવાની જે તક મળી છે એ બદલ આ ગૃહના નેતાનો હું આભાર માનું છું. આ ગૃહમાં માગણી લઈને માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા આવ્યા છે એમાં માગણી નંબર-૯૫ હેઠળ અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજનાઓ હેઠળ ૯૪૨ કરોડ ૧૨ લાખ ૫૧ હજારની માગણી મૂકી છે. અનુસૂચિત જાતિના વિકાસ માટેની માગણી આવે તો એમાં મિત્રો કાપ દરખાસ્ત લાવે એ બરાબર નથી, કારણકે અનુસૂચિત જાતિનો વિકાસ કરવો હોય તો આપણે આ સમાજ માટે સમસ્ત એકમતથી નિર્ણય લેવો જોઈએ. વિકાસની વાતમાં જે વિષયો મૂક્યા છે. નિર્દેશ વહીવટ માટે ૫ કરોડ ૨૭ લાખની જોગવાઈ હતી તેની સામે ૮ કરોડ ૯૦ લાખ અને ૧૫ હજારની માગણી મૂકી છે. વિમુકત અને અન્ય અસ્થાયી જાતિઓના કલ્યાણ માટે ૧૩ કરોડ ૬૧ લાખ ૪૮ હજારની જોગવાઈ હતી તેની સામે ૨૧ કરોડ ૨૯ લાખ ૨૫ હજારની માગણી મૂકી છે. એવી અનેક યોજનાઓ શિક્ષણ, સ્વાસ્થ્ય, આવાસ યોજના માટે ૨૨૯ કરોડ

૭૮ લાખ ૧૪ હજારની માગણી સામે આ બજેટમાં ૨૭૩ કરોડ ૨૬ લાખ ૭૭ હજારની માનનીય મંત્રીશ્રીએ માગણી મૂકી છે. હું અભિનંદન આપું છું કારણકે રાજયના દલિતોના વિકાસ માટે ગુજરાતના મુખ્યમંત્રીએ જે જે યોજનાઓ બનાવી છે આ યોજનાઓની અમલવારી કરવા માટે અહીંયાં બેઠેલા દરેક સભ્યની જવાબદારી હોય છે ત્યારે જ તેના વિસ્તારના દરેક પછાત જાતિના લોકોનો વિકાસ થતો હોય છે. ગુજરાતના મુખ્યમંત્રીએ આ દલિત સમાજ માટે છેલ્લા છ વર્ષથી જે યોજનાઓ બનાવી છે તે પ્રશંસનીય યોજનાઓ છે. દલિતોનો જે આર્થિક સધ્ધરતા અને જીવન ધોરણ ઉંચુ આવ્યું છે તેનું સાક્ષી છે. હું કચ્છની વાત કરીશ કે ત્યાંના દલિતો જે નગરપાલિકા કે તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતમાં, જિલ્લા પંચાયતની કારોબારીમાં, નગરપાલિકાની કારોબારીમાં ચેરમેન તરીકેની જવાબદારી ભારતીય જનતા પાર્ટીની સરકાર જ આપી શકે બીજું કોઈ આપી ના શકે તે અમારા કચ્છમાં દાખલો છે. આજે અમારા ગામડાંના જે બાપાઓ હોય છે તે કહે છે અમને કે દીકરા કયારેય અમે સાઈકલ નહોતી જોઈ કચ્છની અંદર આજે દલિતોના ઘરે ઘરે ગાડીઓ છે. તેનું કારણ છે આ ગુજરાતના મુખ્યમંત્રીએ આ ગુજરાતના વિકાસમાં.(અંતરાય). તમે આવો અમે બતાવીએ. કાર્યકર્તા કેટલો સક્રિય હોય અને કેટલી યોજનાનો લાભ અપાવી શકે તેની ઉપર આધાર હોય છે અનિલજી. પણ આ યોજનાઓ બનાવીને ગુજરાતના મુખ્યમંત્રીએ અને ૬૦-૭૦ વર્ષના બાપાના મગજમાં કે તમે આ નરેન્દ્ર મોદીની સાથે રહેજો, ભાજપને મત આપજો એવી વિનંતી કરવા માટે આ જે બિલ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અધિકારીતા, રમત-ગમત અને યુવા સાંસ્કૃતિકની જે માગણીઓ લઈને આવ્યાં છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

આ સભાગૃહમાં ઘણાં બધા સભ્યશ્રીઓને હું સાંભળી રહ્યો છું. આ સભાગૃહમાં ડો.બાબા સાહેબ આંબેડકરની વાત થાય છે અને કોંગ્રેસની વાત થાય છે. અને હમણાં હમણાંથી અમારા નેતા માનનીય શકિતસિંહજીની વાતો પણ મારા મિત્રો કરી રહ્યાં છે. મારે આજના પ્રસંગે કહેવું છે કે મિત્રો યાદ કરો ભારત દેશ આઝાદ થયો અને પછી પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ જ્યારે બન્યા અને જવાહરલાલ નહેરૂના મંત્રી મંડળમાં પ્રથમ કાયદા પ્રધાન તરીકે કોઈનો સમાવેશ થયો હોય તો તે ડો.બાબા સાહેબ આંબેડકરનો છે. અને આ ડો. બાબાસાહેબે આંબેડકરે જે બંધારણ ઘડ્યું તે બંધારણની વાત કરનારા જે રીતે સિધ્ધાર્થભાઈએ કહ્યું તેમના સલાહકારો આ બંધારણને સમુદ્રમાં ફેંકનારી વાત કરનારા માનનીય તમારા જ મિત્રો છે. આત્મારામભાઈ દલિતોની તમને બહુ ચિંતા છે પાટણની એ ઘટના એક દલિત બાળાની ઘટના હું મારી વાત દોહરાવતો નથી પણ માનનીય આત્મારામભાઈ એ દલિત દીકરીના ઘરે જવાનો તમને સમય મળ્યો હતો કે નહીં તે વાત કરો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. મારે આ સભાગૃહને જણાવવું છે કે આ બનાવ બન્યા પછી બીજા દિવસે હું માનનીય મંત્રીશ્રી રમણભાઈ વોરા, માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાની સાથે તેમના માતા-પિતાની મુલાકાત લીધી છે. એટલે મારા નામે જે ખોટી હકીકતો રજૂ કરવાનો પ્રયત્ન થાય છે તેને રોકવી જોઈએ.

**સભાપતિશ્રી :** તમે આ તરફ જોઈને વાત કરો, માગણીઓ ઉપર આવી જાવ.

**શ્રી શૈલેષ મ. પરમાર:** માનનીય અધ્યક્ષશ્રી, હું પાટણ જવાની વાત કરતો નથી, પરંતુ પાટણમાં એ દીકરીના ઘેર જવાની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે કે કોંગ્રેસના રાજયમાં દલિતો ઉપર અત્યારચાર થયા છે એવી વાત કરવામાં આવી છે. મારે કહેવું છે કે ભૂતકાળની આ સરકારના એક મંત્રીશ્રી કે જે વખતે કડીમાં દલિતો ઉપર અત્યાચાર થયા હતા એ કોણ હતા? તો એની સામે પણ મિત્રો આપણે જોવું પડશે. આપણે દલિતોની વાત કરીએ છીએ ત્યારે આજે આપણે જોઈએ તો રાજસભાની કુલ ૧૨ સીટો છે અને એમાં કોંગ્રેસના ફાળે ૩ સીટો આવે છે અને ભારતીય જનતા પાર્ટીના ફાળે ૯ બેઠકો આવે છે. તો કોંગ્રેસે તો ત્રણ સીટમાંથી પણ એક સીટ દલિતને આપી છે તો તમે આ ૯ માંથી એક સીટ તો આપો. તો આ રીતે વાતો જુદી કરવી છે અને હકીકત ખૂબ જુદી છે.(અંતરાય)માનનીય અધ્યક્ષશ્રી, હું મારી માગણીઓની જ વાત ઉપર આવું છું કે જે રીતે સમાજ કલ્યાણમાં સમાજના નબળા વર્ગના લોકોને સર્ટિફિકેટ લેવાની તકલીફ પડે છે. (અંતરાય) શાંતિ રાખો, જયંતીભાઈ, તમે દલિતોમાં ના પડો. મજા નહીં આવે. માનનીય અધ્યક્ષશ્રી, તો આ જે સર્ટિફિકેટની જે પ્રથા છે એ સર્ટિફિકેટ મેળવવામાં જે તકલીફ પડે છે એનું ઉદાહરણ હું પોતે છું. હું કોરપોરેશનની બે ચૂંટણીઓ લડયો અને ધારાસભાની ૩ ચૂંટણીઓ લડયો છું. મારા સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં મારી કાસ્ટ લખેલી છે એનું સર્ટિફિકેટ છે. તો હું જયારે ચૂંટણી લડવા જઈ રહયો હતો ત્યારે અમદાવાદના સમાજ કલ્યાણ અધિકારી કે જે મી. ટાંક હતા તેમની પાસે મારું નવું સર્ટિફિકેટ કઢાવવા મોકલ્યા ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ મી. ટાંકે મારું સર્ટિફિકેટ કાઢવા માટે મારી પાસે સર્ટિફિકેટ હતું, પરંતુ ચૂંટણી પંચમાં નવું રજૂ કરવું પડશે એટલે આ મિ. ટાંક, સમાજ કલ્યાણ અધિકારીએ મારા ફાધર ૧૯૩૮ માં જન્મ્યા હતા તેમના જન્મનો દાખલો મારી પાસે માગ્યો. તો મારા પિતાશ્રીને ગુજરી ગયાને ૮ વર્ષ થયાં. તો હું રાજકીય વ્યકિત છું, અમદાવાદ શહેરમાં રહું છું, કોરપોરેશનમાંથી ૨૪ કલાકમાં મેં એ દાખલો કઢાવીને રજૂ કર્યો હતો. આ પરિસ્થિતિ છે ત્યારે મારે કહેવું છે કે સમાજ કલ્યાણમાં જે સર્ટિફિકેટ કઢાવવા જાય છે, એમાં ઉચ્ચ સમાજના લોકો નીચા વર્ગના સમાજને જે રીતે કચડે છે એના લીધે એ લોકો પોતાની

પોતાની જાતિ બદલી નાંખે છે અને કોઈ શાહ, કોઈ પટેલ, કોઈ પ્રિયદર્શીની કે કોઈ અમીન રાખે છે. ત્યારે ગુજરાતના ગુજરાતના સમાજ કલ્યાણના અધિકારીઓ કહે છે કે તેમની પાસે પાવર નથી, જેની પાસે સત્તા નથી એણે તો ખાલી પોતાના મા-બાપના સર્ટિફિકેટના આધારે એનો દીકરો અને દીકરીને આ સર્ટિફિકેટ આપવાની વાત છે. હું બીજો દાખલો આપું કે મારા જ ભાઈનો દીકરો કે જે પી.ડબલ્યુ.ડી. ખાતામાં નોકરી કરે છે અને એની દીકરી સર્ટિફિકેટ કઢાવવા ગઈ કે જે મારી ભત્રીજી છે એની અટકપિયર ચાલે છે તો  એને આ મિ. ટાંકે આવી પિયર અટક અનુસૂચિત જાતિમાં આવતી નથી એમ કહે છે. તો હું શૈલેશ પરમાર એ એક એક્સ એમ.એલ.એ. મનુભાઈ પરમારનો દીકરો અને એમ.એલ.એ. છું અને ફોન કરું છું અને ૧૫-૧૫ દિવસ સુધી એને ધક્કા ખવડાવવામાં આવે અને ત્યારપછી સર્ટિફિકેટ ઈસ્યુ કરવામાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, આના માટેનો જી.આર. કાઢવામાં આવે કે મા-બાપનું સર્ટિફિકેટ લઈને આવે અને એના જન્મના દાખલામાં જયારે એની અટક લખેલી હોય અને જન્મના દાખલામાં આપણી જાતિનું વર્ણન કરેલ હોય પછી સમાજ કલ્યાણ અધિકારીને કોઈ બીજા પુરાવાની જરૂરિયાત પડતી નથી. તો આવી પરિસ્થિતિ આજે આખા ગુજરાતમાં ઉભી થયેલ છે

માનનીય અધ્યક્ષશ્રી, આ એટ્રોસિટી એકટનો કાયદો એ દલિત સમાજ ઉપર અન્યાય ના થાય અને એમને ન્યાય મળી રહે એ માટે કાયદો રચવામાં આવ્યો છે અને એ કાયદામાં હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન પણ આપું છું કે આપે ૬૦૦૦ જેટલા કેસો માટે ખાસ અદાલતની જાહેરાત કરી છે એના માટે એક દલિત તરીકે અભિનંદન આપું છું. મારે દુ:ખ સાથે એ કહેવું છે કે એટ્રોસિટીમા જે કેસોની તપાસ થવી જોઈએ એ એકટના બંધારણમાં લખ્યું છે કેએટ્રોસીટી એકટની અંદર કેસોની જે તપાસ છે તે ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારી જ કરી શકે છે, પણ ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારી પાસે સમય નથી અને તેથી તેમણે પી.આઈ. કે. પી.એસ.આઈ.ને આ સત્તા સોંપી દીધી છે અને તેના ભાગ રૂપે હજારો લોકો, જે આ એટ્રોસીટી એકટના કાયદાના ભાગ રૂપે હજારો લોકો ઉપર જે કેસ થયા છે અને જે ગુનેગારો છે તે પોતાની રાજકીય વગ કે પૈસાના જોરે, દલિત સમાજના આગેવાનોએ કરેલો એટ્રોસીટીના કેસમાંથી નિર્દોષ છૂટી જાય છે, માટે આ જયારે કાયદો ઘડયો છે ત્યારે આ કાયદાની જોગવાઈની અંદર ડી.વાય.એસ.પી. કક્ષાના જ અધિકારી આની તપાસ કરે તે માનનીય મંત્રીશ્રી પાસે મારી સહાનુભૂતિપૂર્વકની લાગણી ભરી મારી માગણી છે.

મારે આ તબકકે કહેવું જોઈએ કે  ઘણી બધી યોજનાઓ ડો. બાબા સાહેબ આંબેડકરના નામ સાથે જોડાયેલી યોજનાઓ શરૂ કરી છે. આપો દલિત સમાજને આપવાની વાત આવતી હોય તો આપો, સમાજ આજે પણ પછાત છે, સમાજ આજે પણ અશિક્ષિત છે, સમાજ પાસે આજે પણ રહેવાના મકાનો નથી, કોઈ પણ રાજકીય પાર્ટીની સરકાર આવે એ કાજકીય પાર્ટીની સરકારે સમાજના પછાત વર્ગોને આપવું જોઈએ અને આપતી રહી છે. મારે આ તબકકે કહેવું છે કે જે રીતે ડો. બાબા સાહેર આંબેડકર આવાસ યોજનાની અંદર, અને મંત્રીશ્રી પોતાના બજેટમાં લખીને લાવ્યા છે કે અનુસૂચિત જાતિના ૧૨૫૦ કુટુંબોને મકાનની સહાય આપવામાં આવશે. અતિ પછાત જાતિની ૨૫૦ મહિલાઓને આની અંદર મકાન સહાય આપવામાં આવશે. મારી માનનીય મંત્રીશ્રી પાસે માગણી છે કે આ અતિ પછાતમાં જે ૨૫૦ મહિલાઓ લખી છે તેની જગ્યાએ આપ અતિ પછાત જાતિના કુટુંબો લો, અને તેને કારણે એ કુટુંબોને તેનો લાભ ખૂબ મોટા પ્રમાણમાં મળી રહેશે. બીજું આ સમાજનો સૌથી પછાત વર્ગ એ સફાઈ કામદાર વર્ગ છે, સફાઈ કામદાર વર્ગ માટે કેન્દ્ર સરકારથી માંડીને ગુજરાત સરકાર દ્વારા ખૂબ સારી યોજનાઓ દ્વારા એમને લાભ અપાઈ રહ્યા છે. આજે સફાઈ કામદાર માટે એક હજાર મહિલા વિધવાઓને, મારે કહેવું છે કે આ એક હજાર વિધવા મહિલાઓ માટેની જે વ્યાખ્યા છે એમાં એક હજાર મહિલા વિધવા છે તેમાંથી વિધવા શબ્દ કાઢી નાખવામાં આવે, અને એક હજર મહિલા સફાઈ કામદારોને આનો લાભ મળશે, તેમ કરવામાં આવે તેવી મારી માગણી છે. બીજી એક વાત સમાજ સુરક્ષાની અંદર જે રીતે ૫૦૦ વિકલાંગ બહેનોને ૪૦ હજાર રૂપિયા લેખે મકાન સહાય આપવાની વાત છે, એમાં પણ માનનીય મંત્રીશ્રીનું હું આપના મારફત ધ્યાન દોરવા માગું છું કે એક તો કુદરતે એને ફટકો માર્યો છે, એમનો જન્મ થયો અને જન્મ થયા પછી એ પોતે વિકલાંગ તરીકે જન્મી છે અને કુદરતે એમને બહુ મોટો ફટકો આપ્યો છે, અને એ પછી એ દીકરી જયારે પરણે છે, અને પરણ્યા પછી વિધવા તરીકે જયારે રાહ જુએ, અને એ વિધવા વિકલાંગને આપવાની વાત છે તેમાં સુધારો કરે તેવી મારી માગણી છે કે આ વિકલાંગની વ્યાખ્યામાં વિધવાની વ્યાખ્યા છે તેમાંથી ૫૦૦ વિકલાંગ મહિલાઓને આ મકાન સહાયનો લાભ મળવો જોઈએ. એક જ મિનિટમાં પૂરું કરું છું. અનુસૂચિત જાતિ માટે અમદાવાદ શહેર અને સુરત, એમ બે નવી સરકારી છાત્રાલયો ખોલવાની વાત બજેટમાં કરવામાં આવી છે. મારી માગણી છે કે આવા છાત્રાલયો વડોદરા, ભાવનગર, રાજકોટ અને મહેસાણામાં ખોલવામાં આવે જેથી કરીને આપણા સમાજના લોકોને તેનો લાભ મળી રહે, એ જ રીતે અનુસૂચિત જાતિના પોષ્ટ ગ્રેજયુએટ માટે અમદાવાદ, રાજકોટ, વડોદરા અને વલ્લભ વિદ્યાનગર ખાતે ૪ નવી છાત્રાલયો ખોલવાની વાત છે આમાં ઉત્તર ગુજરાતનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી તો મારી માનનીય મંત્રીશ્રી પાસે માગણી છે કે ઉત્તર ગુજરાતમાં પાલનપુર ખાતે પણ આ રીતે એક છાત્રાલય ખોલવામાં આવે તો ઉત્તર ગુજરાતના દલિત સમાજને પણ આનો લાભ મળશે. માનનીય અધ્યક્ષશ્રી, હું આજના તબકકે એક શાયરી કહેવા માગું છું કે

"હદે મુકામ સે ઉંચા, કોઈ મુકામ નહીં હોતા, ઝમીર બેચકે દુનિયામે કોઈ નામ મત કરના,
કીસીકી છતસે ગીર જાઓ તો કોઈ બાત નહીં, કીસીકી નજરોસે ગીરનેકા કામ મત કરના."

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા યુવક અને સાંસ્કૃતિક વિભાગના મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

આ ગુજરાત રાજયમાં જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે, ત્યારથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને, બક્ષીપંચના લોકોને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા એક અલગ પ્રકારની પ્રતિતિ થાય એના માટે મુખ્યમંત્રીશ્રીએ પ્રયત્નો કર્યા છે અને વિવિધલક્ષી યોજનાઓ આ સરકાર દ્વારા લઈ આવવામાં આવી છે. આ જાતિઓનો શૈક્ષણિક વિકાસ થાય, આર્થિક વિકાસ થાય, આરોગ્ય વિષયક વિકાસ તથા રહેણાંકના હેતુની યોજનાઓ આ સરકાર લાવી છે ત્યારે માનનીય આત્મારામભાઈએ કહ્યું તેમ અમારા સમાજમાંથી દીકરી પાયલોટ બની છે જે મારા વિસ્તારમાંથી આવે છે એ પાયલોટીંગ કરે છે. આ કોમર્શીયલ પાયલોટીંગ માટે ચાર લાખ રૂપિયાની સહાય આપવામાં આવતી હતી એમાં વધારો કરીને માનનીય મંત્રીશ્રીએ આઠ લાખ રૂપિયા કરી છે. હાયર એજ્યુકેશન માટે વિદેશમાં અભ્યાસ માટે જાય છે એમાં પાંચ લાખની સહાય આપવામાં આવતી હતી એમાં વધારો કરીને આ સરકારે દસ લાખ રૂપિયા કરી છે. ગઈકાલે માનનીય મંત્રીશ્રીના કાર્યાલયમાં અમારા વિસ્તારના સામાન્ય કુટુંબના વિદ્યાર્થીને ઑસ્ટ્રેલિયા જવાનું હતું એની દરખાસ્ત અહીંયાં આવી હતી એની જાણ મંત્રીશ્રીને કરતાં ગઈકાલે એને દસ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. દસ અને ૧૨માં બોર્ડની પરીક્ષામાં પ્રથમ આવે તેવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ તરીકે આ સરકાર દ્વારા ૨૫ લાખની સહાય કરવામાં આવે છે. વિચરતી અને વિમુક્ત જાતિની મહિલાઓને સીવણ ક્લાસની તાલીમ માટે ૨૫૦ રૂપિયા સ્ટાઈપેન્ડ આપવામાં આવતું હતું તેમાં વધારો કરીને ૩૫૦ રૂપિયા કરવામાં આવેલ છે. કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે રહેવા અને જમવાની સંયુક્ત સુવિધા સાથેના પાંચ નવા સરકારી છાત્રાલયો શરૂ કરવામાં આવેલ છે. આ સરકાર ગરીબો માટેની સરકાર છે, આર્થિક રીતે નબળા લોકોની સરકાર છે. ટી.બી. કૅન્સર જેવા જીવલેણ રોગનો ભોગ આ પછાત વર્ગના લોકો બન્યા હોય તો સરકાર દ્વારા એને દવાઓ તથા પોષક આહાર માટે સહાય કરવામાં આવે છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં ગરીબ વ્યકિતઓની વસવાટની મુશ્કેલી દૂર કરવા આ સરકાર ખૂબ જ ધ્યાન આપેલ છે. રહેણાંક હેતુ માટે મકાન મળી રહે, પ્લોટ મળે અને એને ૪૦ હજાર જેવી સહાય પણ ચૂકવવામાં આવે છે. સાત ફેરા સમૂહ લગ્ન યોજના નીચે બક્ષીપંચના ૭૩૦ જેટલા યુગલોને પાંચ હજાર રૂપિયાની સહાય આપવામાં આવી છે. (સમય સૂચક ઘંટડી) ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી એક નિષ્ઠાવાન, પ્રમાણિક, તાકાતવાન છે એની સામે વિરોધપક્ષના નેતા શકિતસિંહજી પણ વિશેષ તાકાતવાળા માણસ છે ત્યારે શકિતસિંહભાઈને કહીશ કે પછાત વર્ગો માટે કેન્દ્રમાંથી વધારેમાં વધારે નાણાં લઈ આવે અને ગુજરાતના વિકાસમાં સહભાગી થશે તો ગુજરાતનો વિકાસ કોઈ અટકાવી નહિ શકે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ (માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના આ સર્વોચ્ચ સન્માનીય ગૃહમાં સૌ પ્રથમવાર જન પ્રતિનિધિ તરીકે સંબોધતા પહેલા લોકશાહીના મંદિરને વંદન કરું છું.

સાથે સાથે એક સામાન્ય ખેડૂત પરિવારના એન્જિનિયર યુવાનને આ તક આપવા બદલ ગુજરાતની પ્રજાના સાચા જનસેવક, ગરીબોના બેલી, ગુજરાતની પ્રજાના હિત માટે દેશ અને દુનિયામાં મક્કમતાથી લડનાર આદરણીય ભારત દેશના સર્વશ્રેષ્ઠ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને મારી માતર વિસ્તારની જનતાનું ઋણ હું માથે ચડાવું છું. કોઈ વ્યકિત કે વ્યવસ્થામાં દોષ ન હોય તેવું કયારેય ન બને. રાજયના સર્વોચ્ચ ગૃહમાં સામુહિક ચિંતન કરીને સમાજ જીવનને ઉપયોગી દિશામાં સાથે મળીને આગળ વધીએ અને સાચા અર્થમાં supreme body of the State સાબિત થઈએ. આ અવસરે મને એક વાત યાદ આવે છે કે દુનિયાની શ્રેષ્ઠ અજાયબી ચીનની દિવાલ, જે દુનિયામાં ચીનને રક્ષણ આપવાનું કામ પૂરું કરે છે. તેના લોકાર્પણ સમયે તેના ઉપર એક વાક્ય લખેલ છે. It is the sweat and tears of two generations, but it is laughter of generations come after. આ બે પેઢીના લોહીમાંથી બનેલી દિવાલ છે પણ આવનારી પેઢીઓ માટે હાસ્ય અને આનંદનું કારણ હશે. એમ આ સ્વર્ણિમ ગુજરાતના ઈતિહાસના રચનારાઓને યાદ કરીને આપણે સૌ સાથે મળીને લોકનાયક આદરણીય મુખ્યમંત્રી મોદી સાહેબના નીડર નેતૃત્વમાં ગુજરાતની ભાવિ પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે સમૃદ્ધ ગુજરાત, સલામત ગુજરાત, જીતેગા ગુજરાતના તેઓના મંત્રને ચરિતાર્થ કરવાની દિશામાં આગળ વધીએ. સરકાર દ્વારા ગૃહ સમક્ષ માગણી-૯૮ હેઠળ રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિભાગની સેવાઓ માટે ૬૨,૨૦,૫૭,૦૦૦ રૂપિયાની રકમની જ્યારે ચર્ચા રાખવામાં આવી છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું. છેલ્લા કેટલા વર્ષોમાં સરકાર દ્વારા રમત-ગમત ક્ષેત્રે પ્રોત્સાહન મળે અને રમતવીરો પ્રોત્સાહિત થઈને ઉત્કૃષ્ટ દેખાવ કરી શકે તેવા અનેકવિધ પ્રયાસો હાથ ધરાયા છે તેના પરિણામે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતે અનેક સિદ્ધિઓ મેળવી છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજયે ૨૦૯ સુવર્ણ, ૨૦૧ રજત અને ૨૪૨ કાંસ્ય પદકો મેળવીને કુલ ૬૫૨ મેડલ મેળવેલા છે. બીજું કે સ્કૂલ ગેઈમ્સ ફૅડરેશન ઑફ ઈન્ડિયા દ્વારા (સમયસૂચક ઘંટડી) પહેલી વખત બોલું છું. મારે એક વાત કરવી છે, આદરણીય શકિતસિંહજીએ પૉલિટિક્સમાં સ્પિરિટની વાત કરી. ત્યારે મારે એક વાત કહેવી છે કે જ્યારે આખા દેશે આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને શ્રેષ્ઠ મુખ્યમંત્રી જાહેર કર્યા છે ત્યારે આપણાંમાં પણ એક ખમીર અને સ્પિરિટ હોવું જોઈએ કે ગુજરાતના એક મુખ્યમંત્રીને શ્રેષ્ઠ મુખ્યમંત્રી જાહેર

કર્યા છે અને આ જાહેર કરનાર કોંગ્રેસ શાસિત રાજયો અને ડાબેરી શાસિત રાજયોની જનતાએ કર્યા છે. (સમયસૂચક ઘંટડી) આભાર.

**સભાપતિશ્રી** : માનનીય જગદીશભાઈ.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવા મંત્રી પાસે આ વાત રજૂ કરું છું કે જેને કંઈક સમાજની ચિંતા છે. ખૂબ અથડાયા, પછડાયા, ઘડાયા, સમગ્ર દેશમાં આ સમાજોની શું પરિસ્થિતિ છે તેનું ભ્રમણ કર્યું, સમગ્ર દેશના આ સમાજોની ચિંતા કરીને તેમના સમયકાળ દરમ્યાન પણ એમને આ સમાજો માટે લડતા, ઝઘડતા અને એક પદ કેવું છે એ પદને પણ બાજુએ મૂકીને ઝંઝાવાત કરતાં આ મંત્રીશ્રીને મેં જોયા છે. આંકડાઓની વિગત છે, છેલ્લા પાંચ વર્ષમાં સમાજોમાં કેટલા ફાળવ્યા અને કેટલા વપરાયા, માનનીય મંત્રીશ્રીએ અમારી મિટિંગ પણ બોલાવી હતી. સંજોગોવશાત્ બનાસકાંઠાની ચૂંટણી ચાલતી હતી એટલે અમે આવી શક્યા નહોતા. આ એક જ એવા મંત્રી છે કે જેણે પોતાના વિભાગમાં બજેટમાં શું જોગવાઈ કરવી છે એ ધારાસભ્યો, માજી ધારાસભ્યો, એમ.પી., એક્સ એમ.પી. જેવાને બોલાવીને સૂચન લેવાનું કામ કર્યું છે. અભિનંદન આપું છું.

માનનીય મંત્રીશ્રીને મારે એક જ સૂચન કરવું છે કે છેલ્લા પાંચ વર્ષમાં એસ.સી., ઓ.બી.સી.ને કયા વિભાગમાં કઈ યોજનામાં કેટલા રૂપિયા ફળવાયા અને વર્ષના અંતે કેટલા રૂપિયા વપરાયા એટલું આપ જોઈ જજો. માનનીય અધ્યક્ષશ્રી, આ સમાજો માટે કેટલા રૂપિયા મૂક્યા, કેટલા નથી મૂક્યા, કેટલા પાઈલોટ બન્યા, કેટલા નથી બન્યા, કેટલા સ્નાતક બન્યા, વકીલો બન્યા તેના કરતાં પણ અધિક આ સમાજોનું સ્વમાન વધે એ આ રાજય માટે જરૂરી બન્યું છે. ઉત્તર ગુજરાતના ગામડાંઓની વાત કરું છું. મારા જ વિસ્તારનો દાખલો આપીશ. જ્યારે એક દલિતનો દીકરો જાન જોડીને પોતાના ગામમાં, પોતાની સાસરીમાં બેન્ડવાજાં વગાડવાની શરૂઆત કરતો હોય. ત્યાં પણ એને ગામડાના ગોંદરે ઊભો રાખવામાં આવતો હોય કે બૅન્ડ વાજા વગાડવાનો તમારો અધિકાર નથી, એના તરફ તંત્રે ધ્યાન દોરવું પડશે. નારદીપુરમાં એક બક્ષીપંચના ઠાકોર વ્યકિતનું મૃત્યુ થાય છે. એને સ્મશાનમાં અગ્નિદાહ દેવાતો હોય છે અને તે વખતે ત્યાં કેટલાક લોકો આવીને એમ કહે છે કે, આ સ્મશાનગૃહમાં આ જ્ઞાતિના લોકોનો અધિકાર નથી. એ અડધું મડદું બળે છે અને એ મડદાને બીજે લઈ જઈને અગ્નિદાહ દેવો પડે છે. એ આ ગુજરાતમાં આજે બની રહ્યું છે. કેટલાય ગામ એવા છે કે જ્યાં હાળી, મજૂરો ગામમાં જાય છે. એના ખેડૂતના ત્યાં બળદ મૂકવા જાય છે પણ એ મહોલ્લામાં પ્રવેશ કરી શકતો નથી. એના મહોલ્લા પાસે આવીને બળદ છૂટા મૂકવા પડે છે. એ માલિકના ઘેર જતા રહે છે. એવી પરિસ્થિતિ આજે ગામડામાં છે. આમાં શું બદલાવ લાવી શકાય? ક્યાંક વર્તમાનપત્રમાં સમાચાર આવે અને આ વિભાગના અધિકારીઓ ત્યાં પહોંચે, કડકમાં કડક જોગવાઈ કરીને માનનીય મંત્રીશ્રી સુધી આ વાત લાવી શકતા ન હોય તો આ તંત્ર બેઠું છે, આ અધિકારી વર્ગ બેઠો છે એ માત્રને માત્ર ઑફિસની શોભા વધારનાર વર્ગ છે. આ સમાજની ચિંતા કરવાવાળા અધિકારીઓ નથી બેઠા. સંત નારાયણ ગુરુ, મહાત્મા જયોતિબાને યાદ કર્યા વગર રહી શકાતું નથી. આઝાદી પહેલાં આ બન્ને સંતોએ મહાત્માઓએ શાળાઓ શરૂ કરી એની અંદર ડો. બાબાસાહેબ આંબેડકર સાહેબે અને મહાત્મા ગાંધીજીએ આ ગરીબોની સેવા કરવાનું બીડું ઝડપ્યું અને ક્યાંક આ તબક્કે આપણે પહોંચ્યા છીએ. આઝાદી પછીના આપણી વચ્ચે જે દાયકાઓ આવ્યા એ દાયકાઓમાં, આપણા બક્ષીપંચનો ખૂબ મોટો સમાજ છે. ગઈ વખત પણ મેં કહ્યું હતું કે, બક્ષીપંચનું જે બજૅટ મૂકો છો એ માથા દીઠ ૨૫ પૈસા કે ૫૦ પૈસા ભાગે આવે છે. આવી મજાક ન કરો એવી વિનંતી કરું છું. ક્યાંક તો ચિંતા કરીએ, ઠાકોર વિકાસ બોર્ડની ક્યાંક તો ચિંતા કરીએ, પ્રજાપતિ સમાજ બોર્ડની ક્યાંક તો ચિંતા કરીએ, ગોપાલક બોર્ડની ક્યાંક તો ચિંતા કરીએ. અતિ પછાત રાવળ કે દેવી પૂજક આ જે બોર્ડ બન્યા છે એ કાર્યરત નથી અને કામ થતા નથી અને જે બનાવવા જેવા બોર્ડ કે નિગમ છે એને બનાવવાની કોઈ ચિંતા નથી રાખતા એ દુ:ખદ બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે શાળાઓ સ્કૉલરશિપના ફૉર્મ ભરીને નથી મોકલતી, જે શાળાઓ બક્ષીપંચ અને અન્ય વિદ્યાર્થીઓને યોજના મુજબ સાઈકલ મળવી જોઈએ એના ફૉર્મ ભરીને નથી મોકલતી એના માટે કાયદાઓ કડક કરવા માગીએ છીએ? કેટલીય શાળાઓ અને કૉલેજો એવી છે, કેટલીય જગ્યાઓ એવી છે કે, આવા ફૉર્મ ભરતી નથી. એક દાખલો આપું. ચેતના એસ. ચૌહાણ. એણે સ્કૉલરશિપનું ફૉર્મ ભર્યું. એને કહેવામાં આવ્યું કે, આવકની મર્યાદાના હિસાબે તમને સ્કૉલરશિપ આપી શકાશે નહીં. આ જવાબ આપનાર અધિકારીને ખબર નથી કે, દીકરીઓને આવકના હિસાબે સ્કૉલરશિપ ન અપાય. એવો જવાબ ન અપાય, છતાં આવો બનાવ બન્યો છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૭૦૦ જગ્યાઓ, પ્રોફૅસર, ટ્યૂટર, એસોસિએટસ્ પ્રોફૅસર, વિઝિટીંગ પ્રોફૅસર, આસિસ્ટન્ટ પ્રોફૅસરની જગ્યાઓ ખાલી હતી. તા.૧૨-૩-૧૯૯૪એ અપીલ થઈ. લોકોને હાઈકોર્ટમાં જવું પડ્યું. રાજયની હાઈકોર્ટે સખત ઠપકો આપ્યો. આ ૭૦૦ જગ્યાઓમાં અનામતની ભરતી થવી જોઈએ. એ ઠપકા પછી આજ સુધીમાં આ ૭૦૦ જગ્યાઓનું શું થયું એનો માનનીય મંત્રીશ્રી જવાબ આપશે તો આનંદ થશે. કેટલીક વખત એવો જવાબ આપે છે કે પૂરતા અધ્યાપકો અનામતના ના મળતા હોવાથી અમારે બીન

અનામત લોકોની ભરતી કરવી પડે છે. ૨ હજાર જગ્યાઓ ગુજરાત રાજયની યુનિવર્સિટી સંકલિત બીન સરકારી અનુદાન મેળવતી કૉલેજોમાં ૩ થી ૧૨ તાસ માટેની વીઝીટીંગ વ્યાખ્યાતાઓની જગ્યા ભરવાની જાહેરાત આવે. એ ૨ હજાર જગ્યાઓના ઈન્ટરવ્યુ થાય એમાં અનામતનું કોઈ ધોરણ ના જળવાય, કોંગ્રેસના ઓ.બી.સી. સેલ, એસ.સી. સેલના અમારા મોહનસિંહ રાઠવા અને અમારા દોલતભાઈ પરમારને હાઈકોર્ટમાં જવું પડે, હાઈકોર્ટ ઠપકો આપે, ઉમેદવારો મળતા નથી, તો યુનિવર્સિટીમાંથી આખી યાદી લાવીને કોર્ટને રજૂ કરે કે .. સાહેબ એક જ મિનિટ , આપ તક આપશો તો જ બોલીશ નહીં તો નહીં બોલું.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે ૧૦ મિનિટ છે.

**શ્રી જગદીશ ઠાકોર** : સાહેબ ગરીબની પછાતની વાત છે. ૧-૨ મિનિટ આપશો

**અધ્યક્ષશ્રી** : એ વાત સાચી છે પણ ૩ વકતા બાકી છે.

**શ્રી જગદીશ ઠાકોર** : સોરી સર (બેઠા બેઠા) એટલા માટે કે ગરીબની વાત છે.

**અધ્યક્ષશ્રી** : ૩-૩ મિનિટ જ ત્રણને મળશે . તો તમે લંબાવો (અંતરાય) ગરીબો માટે ચર્ચા કરવાની બધાને તક મળી છે. તમે આવીને કહી ગયા એટલે સિદ્ધાર્થભાઈને ઉમેર્યા (અંતરાય) દંડકની વાત હું સ્વીકારું અને આપ પૉઈન્ટ ઑફ ઑર્ડર રેઝ કરો આપ મને આવીને કહી જાવ હું આપની વિનંતી સ્વીકારું અને પછી એના ઉપર પૉઈન્ટ ઑફ ઑર્ડર રેઈઝ થાય, આપ મને આવીને કહી ગયા કે સિદ્ધાર્થભાઈને ઉમેરો અને હું સમયની મર્યાદાની અંદર કામ કરું સમય વધારવાનો નથી એટલે હું શું કરું ગરીબની વાત કરવા માટે બધાને પૂરતી તક મેં આપી છે.

**શ્રી જગદીશ ઠાકોર** : સોરી સર.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમતગમત અને યુવા સાંસ્કૃતિકના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારા સૂર સાથે સમર્થન આપું છું.

મહિલા ધારાસભ્ય હોવાના નાતે હું આ સરકારે જે રસ લઈ અને રમતગમત વિભાગ દ્વારા ગુજરાતની મહિલાઓ રમતગમત પ્રવૃત્તિમાં વધારેમાં વધારે સ્પર્ધામાં ભાગ લેતા થાય તે માટે રાજકીય શાળાઓની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનારને ૪૮૦૦, દ્વિતિય અને તૃતિય સ્થાન પ્રાપ્ત કરનાર મહિલા ખેલાડીઓને ૩૬૦૦, ૨૪૦૦ રુપિયા ચૂકવવામાં આવે છે. ૨૦૦૬-૦૭ના વર્ષમાં કુલ ૫૭૬૨ મહિલા ખેલાડીઓને રુ. ૨.૫૧ કરોડની સ્કોલરશીપ ચૂકવવામાં આવેલ છે. નેશનલ સ્કીમ્સનું આયોજન કરવા બદલ ગુજરાતને ૨૪-૧૦-૦૭થી ૨૮-૧૦-૦૭ સુધી સુરત ખાતે યોજવામાં આવેલ સ્વીમીંગ સ્પર્ધામાં ૨૧ ચંદ્રકો મળેલ છે

**અધ્યક્ષશ્રી** : શ્રી રમણભાઈ, પાછા આવી આપ આપની જગ્યા સંભાળશો. ગીતાબેન આપ બેસી જાવ. રમણભાઈ આપની જગ્યા ઉપર બેસી જાવ. શ્રી રમણભાઈ આપ આપની જગ્યાએ બેસી જાવ ફરીથી પાછા જઈને.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : અમદાવાદ ખાતે યોજવામાં આવેલ સ્કેટિંગ સ્પર્ધામાં ગુજરાતને ૮૩ ચંદ્રકો પ્રાપ્ત થયેલ છે. ગ્રામીણ ઓલમ્પિકસ રમતોનું આયોજન કરી ગ્રામ્ય પ્રજામાં રહેલી શકિતઓને જાગૃત કરીને તેને યોગ્ય દિશામાં લઈ જવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી ૨૦૦૪-૦૫ના વર્ષથી યોજાતા લોકમેળાઓમાં ગ્રામીણ ઓલમ્પિક્સનું આયોજન કરવામાં આવેલ છે. શકિતદીપ યોજના જે ૨૦૦૬-૦૭ના વર્ષમાં પ્રથમ વખત શરૂ કરી.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ (કાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની સને ૨૦૦૮-૦૯ના વર્ષાના અનુદાનો માટેની માગણીઓના સમર્થનમાં હું મારું મંતવ્ય રજૂ કરું છું. આ સન્માનનીય સભાગૃહમાં પ્રથમ વખત બોલવા ઉભો થયો છું. પ્રથમવાર કાલોલ વિધાનસભા ક્ષેત્રમાંથી ચૂંટાઈને આવુ છું અને સન્માનનીય સભાગૃહના અધ્યક્ષશ્રી, અને તમામ સભ્યશ્રીઓને વંદન કરું છું.

તા.૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની રચના થઈ ત્યારથી યુવા પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક બાબતો અંગેની કાર્યવાહી એક સ્વતંત્ર વહીવટી વિભાગ તરીકે અસ્તિત્વમાં ન હતી. પરંતુ રાજ્યમાં યુવા પ્રવૃત્તિઓનો વ્યાપ વધારાવા, રમત-ગમત ક્ષેત્રને આગળ ધપાવવા તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ આપવા તા. ૧૭-૧૨-૧૯૯૦ થી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ અલગ વિભાગ તરીકે અસ્તિત્વમાં આવ્યો છે. આ વિભાગ દ્વારા ગુજરાતના નવયુવાઓને ખેલકૂદમાં વિશેષ રસ લેતા થાય અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિશેષ સિદ્ધિઓ હાંસલ કરે તેવા વિવિધ પ્રયત્નો હાથ ધર્યા છે. તરણેતરનો મેળો હોય કે દેવગઢબારિયા મુકામ હોય, ગ્રામીણ ઓલમ્પિકમાં ૩૩૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. યુવાધન આ દેશનું સર્વશ્રેષ્ઠ ધન છે. રમત-ગમત ક્ષેત્રે રાજ્યનો યુવાન આગળ આવીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું નામ રોશન કરશે. જેવી રીતે ક્રિકેટની રમતમાં હેટ્રીકનું મહત્ત્વ હોય છે એ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સતત હેટ્રીક મારીને ગુજરાતની વિકાસની રાજ નીતિને અને ગુજરાતને વિશ્વભરની પ્રજાના સમર્થન સાથે આજે સમગ્ર રાષ્ટ્રને નવો રાહ ચીંધી બતાવેલ છે. દરેક ક્ષેત્રમાં ગુજરાત નંબર-૧, મુખ્યમંત્રી નંબર-૧ સાર્થક કરી બતાવેલ છે. રાજ્યનો યુવાન જાતિ અને સમાજની સાચી મૂડી છે. યુવાનો બરાબર તાલીમબદ્ધ થાય તો આપોઆપ બધી ચિંતાઓ દૂર થઈ જશે. સરકારે રમત-ગમતની માળખાગત સુવિધાઓના નિર્માણનો નિર્ણય કરેલ છે તેને આવકારું છું. સ્પૉર્ટસ ઓથોરિટી ઑફ ગુજરાત હસ્તક જમીન ઉપલબ્ધ છે એવા ૧૧ જિલ્લાઓમાં અદ્યતન સુવિધાવાળા રમત-ગમત સંકુલોનું નિર્માણ કરવામાં આવેલ છે. મારા પંચમહાલ જિલ્લામાં ગોધરા જિલ્લામાં સરદાર પટેલ સ્પૉર્ટસ કોમ્પ્લૅક્ષ આકાર લઈ રહ્યું છે. જેનાથી ખૂબ લાભ થશે. ચાલુ વર્ષે પંચમહાલ જિલ્લામાંથી કુલ ૧૭ રમતવીરોએ રાષ્ટ્રીય કક્ષાએ ખોખો, વૉલીબૉલ, આર્ચરી તેમજ

અન્ય વિભાગોમાં રાજ્યના અન્ય વિસ્તારોમાં ભાગ લીધેલ છે. મારા મત વિસ્તારની ડેરોલ સ્ટેશન શાળાની પ્રિયંકાબેન પટેલે રાષ્ટ્રીય કક્ષાની મહિલા બાળ વિભાગની સ્પર્ધામાં વૉલીબૉલમાં રાષ્ટ્રીય કક્ષાએ ત્રીજા ક્રમે વિજેતા થઈ સિલ્વર મેડલ મેળવેલ છે જે અભિનંદનને પાત્ર છે. પંચમહાલ જિલ્લામાં આદ્યશક્તિ પીઠ પાવાગઢના કારણે..(અંતરાય) હું માગણીઓને સમર્થન આપું છું.

**શ્રી મફતલાલ મો. પુરોહિત (ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રમત-ગમત, યુવા સાંસ્કૃતિક મંત્રીશ્રી એમની માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની અંદર યુવાનોમાં સાહસિકતા વધે, રમત-ગમત પ્રત્યેની રૂચિ વધે અને યુવાનોની અંદર ચારિત્ર્યનું ઘડતર થાય એની સાથોસાથ રાષ્ટ્ર અને સમાજ માટેનો પ્રેમ ઊભો થાય તેના માટે રમત-ગમતના માધ્યમથી કામ કરવા માટે ગુજરાત સરકારે અનેકવિધ આયોજનો કર્યા છે. ગુજરાતના યુવાનો રમત-ગમત ક્ષેત્રમાં નામના મેળવે એના માટે એને યોગ્ય રીતે તાલીમ અપાય એના માટેના સેન્ટરો સ્થાપવા માટેની એક સરસ યોજના એમણે મૂકી છે. ગુજરાત સરકારની આ યોજનાઓનો લાભ તમામ વર્ગના લોકોને મળે, આદિવાસી વિસ્તારમાં પણ જે પ્રતિભાઓ પડી છે એ પ્રતિભાઓને બહાર લાવીને ગુજરાતનું નામ રોશન કરે એ રીતની એમને તાલીમ આપવાની ગુજરાત સરકારની ઘણી બધી યોજનાઓ છે. ગુજરાત સરકાર આ બાબતમાં જે જે તાલીમ સેન્ટરો બનાવવા જઈ રહી છે એમાં ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાનું રમતનું સંકુલ બાંધવાનું છે. એના માટે ૧૨૬ લાખ રૂપિયા અને ગાંધીનગર ઈન્ડોર ગેમ સુવિધા માટે ૧૦૦ લાખ રૂપિયા છે.નરોડા ખાતે રમત સંકુલ બાંધવાનું છે. આ જે કાંઈ સંકુલો બનાવવાના છે એની અંદર યુવાનોને તાલીમ આપવી. ભવિષ્યની અંદર એ રાષ્ટ્રીય લેવલે ગુજરાતનું નામ રોશન કરે એ માટેનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ સમજાતું નથી કે કોંગ્રેસના મિત્રોને ચારિત્ર્યની રાજનીતિ ફાવતી નથી. ચારિત્ર્ય એ દેશનું ઘડતર, સમાજનું ઘડતર એ માટે રાજનીતિ ઉપયોગી હોય છે. ચરીતરની રાજનીતિથી કદાચ પક્ષને તો લાભ થતો હશે પણ સમાજ અને રાષ્ટ્રને નુકસાન થાય છે તો આવી રાજનીતિને આપણે અહીંયાં ત્યાજ્ય માનવામાં આવી છે. ગાંધીજીએ કહેલું કે, ભાઈ કોંગ્રેસનું વિસર્જન કરી નાંખો અને રાષ્ટ્રીય સંસ્થાને રાજકીય પક્ષ બનાવવાનો સૌથી પહેલો ભારતની પ્રજા સાથે વિશ્વાસઘાત કર્યો હોય તો એ કોંગ્રેસે કરી રાષ્ટ્રીય પક્ષ બનાવી દીધો.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગની માગણીમાં આ સન્માનનીય ગૃહના લગભગ તેર જેટલા સભ્યોએ ભાગ લીધો. બહુ સુંદર સૂચનો પણ કર્યા, ક્યાંક વિભાગની પ્રશંસા કરી, ક્યાંક ટીકા કરી. જે ટીકા કરી છે એને પણ હું સૂચનના રૂપમાં સ્વીકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વિક્રમ સંવત ૨૦૬૪, ફાગણ સુદ નોમનો એક પવિત્ર દિવસ છે. તારીખ પ્રમાણે ૧૫મી માર્ચ જેને વિશ્વ ગ્રાહક દિવસ તરીકે ઉજવે છે. આજે ૧૫મી માર્ચ જેને દૈવોની ભાષા સંસ્કૃત કહીએ એ સંસ્કૃત માટે અખિલ ભારતીય સંસ્કૃત પરિષદની સ્થાપના દિલ્હીમાં આ ૧૫મી માર્ચે થઈ હતી. દલિત નેતા તરીકે જેમણે સરકારી કર્મચારી તરીકે જેમણે રાજીનામું આપ્યું, એક દલિત કર્મચારી યુનિયન બામસેફની રચના કરી, બહુજન સમાજ પાર્ટીની સ્થાપના કરી એવા દલિત નેતા કાશીરામનો આજે જન્મ દિવસ છે. જ્યાં સુધી ડો. બાબા સાહેબ આંબેડકરના જીવન પ્રસંગને સંબંધ છે ત્યાં સુધી ૧૫મી માર્ચ ૧૯૪૭ નાં રોજ ડો. બાબા સાહેબ આંબેડકરનો એક ગ્રંથ The State and Minorities રાજ્ય અને લઘુમતિના અધિકારો અને એમાં દલિતોના અધિકારોનો પણ સમાવેશ થાય એનું વિમોચન આ ૧૫મી માર્ચે થયું હતું.

**અધ્યક્ષશ્રી** : એમાં આજે એક ઉમેરો થશે. આજે આપના વિભાગની માગણી છે એ પણ એટલી ઐતિહાસિક બનશે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : ખૂબ આભાર. બસ આપનો દયા-ભાવ મળતો રહે. સને ૧૯૯૦માં આ ગૃહમાં હું પ્રથમવાર પ્રવેશવાનું મને જે સદ્‌ભાગ્ય મળ્યું. આજે ધારાસભ્ય તરીકે ચોથી ટર્મમાં અને આ વિભાગના મંત્રી તરીકે આઠમીવાર પછાતવર્ગોની માગણીઓ લઈ આ સન્માનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું ત્યારે બહાદુરશાહ જફરની પંકિત મને યાદ આવે છે-

"' આંધીયા ગમકી ચલેગી તો સંભલ જાઉંગા, મૈં કિસીકી ઝુલ્ફ નહિ જો બિખર જાઉંગા,
મુઝકો શૂલી પર ચઢાને કી જરૂરત નહિ મેરે હાથોસે સેવા છીન લો, મૈં ખુદ હી મર જાઉંગા."

આજે દલિત, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વગે, લઘુમતિ, વૃદ્ધ, નિરાધાર, વિકલાંગ જેઓની સંખ્યા લગભગ ૮૫ટકા જેટલી થાય છે એવા વર્ગો માટે ૭૧૮.૧૫કરોડની માગણી અને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે ૮૫.૮૦કરોડની માગણી રજૂ કરવા હું જઈ રહ્યો છું. આ સરકારનું એવું પહેલું બજેટ છે કે જેણે સમગ્ર દેશમાં પહેલીવાર માનવ સૂચક આંક સામાજિકક્ષેત્રને અગ્રિમતા આપવામાં આવી અને અંદાજપત્રમાં ૧૮૭૧કરોડ જેટલી એટલે કુલ બજેટના ૪૩ટકા જોગવાઈ ગરીબો માટે કરવામાં આવી છે. ગુજરાતની ઓળખ એક ઔદ્યોગિક, પ્રગતિશીલ રાજયની છે ત્યારે તેની સંપત્તિ અને સમૃદ્ધિનું સર્જન ગરીબ સુધી પહોંચે તેની પૂરતી કાળજી લેવાનો સંકલ્પ હું આ ગૃહમાં રજૂ કરું છું. ગૃહના નેતા અને ગુજરાતના ઈતિહાસમાં જે સર્વાધિક લોકપ્રિય બન્યા છે, સતત ત્રણ વાર મુખ્યમંત્રી બનીને ૨૦૬૩ દિવસના સુશાસનનો રેકર્ડ તોડનારા આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના સાત વર્ષનો શાસનકાળ ફકત ગુજરાત માટે જ નહીં, ભારતની ૨૮ રાજયોની ૧૧૦કરોડની જનતા માટે ધ્યાન ખેંચનારો બની રહ્યો છે. સાત વર્ષની અંદર સર્વાંગી વિકાસ અને સુશાસનના અવનવા પ્રયોગો માટે ગુજરાત એક

લેબોરેટરી છે. ગુજરાત જ નહીં રાજય બહારની પ્રજા જયારે નરેન્દ્રભાઈ મોદીને રોલમોડલ માનીને એમના રાજયમાં પણ નરેન્દ્ર મોદી પેદા થાય એવું સ્વપ્ન જોઈ રહ્યા છે. ભા.જ.પા.ની સરકાર છેલ્લા કેટલાય વર્ષો પહેલાની સ્થિતિમાં પ્રજાલક્ષી અને પરિણામલક્ષી જે પરિવર્તન લાવી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ અનેક કાર્યક્રમોમાં પોતાના દિલની જલન વ્યકત કરી છે. કવિ દુષ્યંતના શબ્દો કહેવાની લાલચ હું રોકી શકતો નથી.

" હો ગઈ હે પિર પર્વત સી પીઘલની ચાહિયે, ઈસ હિમાલયસે કોઈ ગંગા નિકલની ચાહિયે,
હર સડક પર, હર ગલી, હર નગર, હર ગાંવમેં લહેરાતે હુએ હાથ, હર લાશ ચલની ચાહિયે,
સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહીં, મેરી કોશિષ હૈ કી યહ સુરત બદલની ચાહિયે,
મેરે સિનેમેં નહીં તો, તેરે સિનેમેં ભી સહી હો કહીં ભી આગ, લેકિન આગ જલની ચાહિયે"

ભારતીય જનતા પાર્ટીએ જયારે સત્તાના સૂત્રો સંભાળ્યા એ પહેલા દલિતો, વંચિતો, પછાતો એની જે હાલત કવિ દુષ્યંતે વર્ણવી એ પ્રમાણે જીવંત લાશ હતી અને એટલા માટે હિમાલયમાંથી કોઈક ગંગા નીકળે એની રાહ આ પ્રજા જોતી હતી અને ભારતીય જનતા પાર્ટીએ હિમાલયમાંથી સર્વાંગી વિકાસની નવી ગંગા વહેવડાવી છે.

હું એક એવી ગંભીર બાબત તરફ માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું દલિતોને હિંદુ સમાજથી અલગ કરવાના પ્રયત્નો એ કોંગ્રેસ દ્વારા થઈ રહ્યા છે અને તેના ભાગરૂપે દલિત મુસ્લિમ અને દલિત ખ્રિસ્તીને અનુસૂચિત જાતિમાં સમાવવાનો પ્રયત્ન આજે તેજ ગતિથી ચાલી રહ્યો છે. આ દલિત મુસ્લિમ અને દલિત ઈસાઈને અનુસૂચિત જાતિમાં સામેલ કરવાની માંગ પહેલીવારની નથી ૧૯૧૫માં પણ બ્રિટિશ શાસન વખતે પણ આ માંગ ઉઠી હતી એનો એ વખતે પણ ઈન્કાર થયો હતો. ૧૯૩૦, ૧૯૩૨, ગોળમેજી પરિષદ ડો. બાબાસાહેબ આંબેડકરે આનો વિરોધ કર્યો હતો. ૧૯૩૨ના પૂના કરાર વખતે ડો.બાબાસાહેબે આનો વિરોધ કર્યો હતો. ૧૯૩૬માં પ્રિવિ કાઉન્સીલ કે જે સમયે સુપ્રિમ કોર્ટ ગણાતી.એણે ચુકાદો આપ્યો કે, "No Indian Christian be deemed to be a member of Scheduled Caste". કોઈ ભારતીય ખ્રિસ્તી અનુસૂચિત જાતિનો સભ્ય થઈ શકે નહિ અને ૧૯૩૬ ની ૬ઠ્ઠી જૂને આ સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયા છે. એ પછી ૧૯૪૭, ૧૯૪૮ આ બંધારણ સભાની અંદર પણ વિરોધ થયો. આપણા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ એમના નેતૃત્વ નીચે બંધારણ સભાની પેટા સમિતિ હતી. લઘુમતીના મૂળભૂત અધિકારો. આ સમિતિમાં પણ આ વિષય આવ્યો અને એ વિષય વખતે પણ સરદાર વલ્લભભાઈ પટેલે પણ આનો વિરોધ કર્યો. કોંગ્રેસના જે પૂર્વ વડાપ્રધાનો છે. ૧૯૫૮ માં જવાહરલાલ નહેરુજી, ૧૯૭૮ માં મોરારજીભાઈ દેસાઈ, ૧૯૮૦ માં શ્રીમતી ઈન્દિરા ગાંધી, ૧૯૮૮ માં રાજીવ ગાંધી, ૨૦૦૨ ની અંદર અટલ બિહારી વાજપેયીની એન.ડી.એ સરકારે પણ આનો વિરોધ કર્યો. આ બધું રેકર્ડ ઉપર છે. આપણું બંધારણીય આયોગ છે. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ. સદ્‌નસીબે એના વાઇસ ચેરમેન અને ચેરમેન બનવાનો મને મોકો મળ્યો. આ વખતે અમારી પાસે આ વિષય આવ્યો હતો. અમે પણ એનો ઇન્કાર કર્યો. ૧૯૯૫ માં કોંગ્રેસના જ એક ચેરમેન હનુમંત થપ્પાએ આયોગના ચેરમેન હતા. એમણે ચેતવણી ઉચ્ચારી કે આ રીતનું કૃત્ય થઈ શકે નહિ. આ સિવાય સુપ્રીમ કોર્ટે ૧૯૬૫, ૧૯૬૭, ૧૯૮૭ અને ૧૯૯૬ માં અનેક ચુકાદાઓમાં સ્પષ્ટપણે જણાવ્યું કે " ખ્રિસ્તી તરીકે જન્મેલો વ્યક્તિ પોતાના બાપ-દાદાની જાતિનો લાભ લેવાનો દાવો કરી શકે નહિ. વ્યક્તિ ખ્રિસ્તી થયા પછી અનુસૂચિત જાતિનો સભ્ય રહેતો નથી". આ સુપ્રીમ કોર્ટનું જજમૅન્ટ છે. હવે આ સુપ્રીમ કોર્ટના જજમૅન્ટને પણ ઘોળીને પી જઈને કોંગ્રેસના મિત્રો એક મોટું આ સમાજ તોડવા માટેનું જે •(xxxxx) કરી રહ્યા છે, એને કોઈક જગ્યાએ આપણે રોકવું પડશે, એટલા માટે કે આની પાછળ ફક્ત ફ્રી શીપ હોત, ફક્ત સ્કૉલરશિપ હોય, માનનીય અધ્યક્ષશ્રી, જે શબ્દ અસંસદીય લાગે તે કાઢી નાખવાની છૂટ.

**અધ્યક્ષશ્રી** : વાપરવા જ નહિ.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : હું પ્રયત્ન કરીશ. આ વિષય છે એ ફક્ત ફ્રી શીપ, સ્કૉલરશિપ કે નોકરી પૂરતો સીમિત નથી, કારણ આની અંદર રાજકીય અનામત મેળવીને ફક્ત દલિતોને જ નહિ, પણ સમગ્ર રાષ્ટ્રને ખતરો છે અને ભારતને ક્રિસ્ટલેન્ડ બનાવવાનું (xxxxx) છે. કોંગ્રેસના દંડક અમારા જગદીશભાઈ મારા સ્નેહી મિત્ર પણ છે. ગરીબો માટેની જલન છે. વર્ષોથી અમે એકબીજાને ઓળખીએ છીએ. એમણે બાબાસાહેબ વિષે અને બંધારણ વિષે ઉલ્લેખ કર્યો. મારે એમના ધ્યાને, રેકર્ડ ઉપર મૂકવું છે કે બાબા સાહેબ આંબેડકર કોંગ્રેસને નખશીખ ઓળખી ગયા હતા. તેઓ કયારેય કોંગ્રેસમાં જોડાયા નહોતા (અંતરાય) ઓ.કે. ૧૬ મી નવૅમ્બરે મુંબઈમાં જહાંગીર હૉલમાં બાબા સાહેબ આંબેડકરે કોંગ્રેસ માટે આક્રોશ સાથે શબ્દ વ્યક્ત કર્યા છે. એ એમના જ શબ્દ અહીંયાં મૂકું છું. મિત્રો આપની જાણ માટે. એમણે એમ કહ્યું કે, "કોંગ્રેસને કારણે દેશમાં ભ્રષ્ટાચારનું ભૂત સવાર થઈ ગયું છે. કોંગ્રેસે દેશની રાજનીતિ દૂષિત કરી છે અને કોંગ્રેસ જ્યાં સુધી સત્તા ઉપર રહેશે.ત્યાં સુધી આ દેશ સમસ્યાઓથી સળગતો રહેશે". આ મારા શબ્દો નથી. આ ડો.બાબાસાહેબ આંબેડકરના શબ્દો છે. તેનાથી આગળ કહું છું કે એમણે એમ કહ્યું કે, "મેં મારી જાતને કોંગ્રેસમાં વિલીન થવા દીધી નથી. જે કોંગ્રેસની વાણી મીઠી હોય, ઈરાદાઓ અને કૃત્યો દલિત વિરોધી હોય તે કોંગ્રેસ સાથે હું હરગિજ જોડાઈ શકું નહીં." આમના પછી કઈ કહેવાનું મારી દૃષ્ટિએ રહેતું નથી. હું જે વાત કરી રહ્યો હતો તેને આગળ દોહરાવું કે "મુસ્લિમ તૃષ્ટિકરણની નીતિ

• (xxxxx) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

અપનાવી કોંગ્રેસ પોતાની મતબેંક ઉભી કરે ત્યારે તેની અંદરથી આઝાદી પહેલાં જે મુસ્લિમ લીગની ભાષા હતી તેની બૂ આવે છે".

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઓર્ડર છે. તૃષ્ટિકરણ અથવા મુસ્લિમ મતબેંકની વાત કરી અને કોંગ્રેસ ઉપર જે વાત થઈ રહી છે તેમાં સીધી કેન્દ્ર સરકારની ટીકા આવે છે. હું આપને વિનંતી કરું છું કે કોઈ મત આધારિત જ્યારે કોંગ્રેસને જોડવાનું આવતું હોય અને તેમાં કેન્દ્ર સરકારની ટીકા આવતી હોય તો તે વાત વ્યાજબી નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય જગદીશભાઈનો પૉઈન્ટ ઑફ ઓર્ડર રહેતો નથી. કારણકે તેમને તેમના પ્રવચનની અંદર કેન્દ્ર સરકારની ટીકા કરી નથી. પરંતુ હું મંત્રીશ્રીને કહું છું કે તમે હવે માગણીઓની ચર્ચા ઉપર વિશેષ ધ્યાન આપશો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપની સલાહ સ્વીકાર્ય છે. તેનો સ્વીકાર કરું છું. આ જે વિષય છે તે આખા રાષ્ટ્રને

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપને શું કહેવું તેની ફરજ પાડતો નથી. પરંતુ સમય મર્યાદાની અંદર માગણીઓ ઉપર આવી જાઓ. .

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપને વિનંતી કરી કે પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં પાંચ-સાચ મિનિટ બગડી છે એટલે પાંચ સાત મિનિટ વધારે મળે એવો મે આગ્રહ કરેલ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપને ૪૫ મિનિટ આપી છે. તેમાં એક મિનિટ પણ કાપી નથી. એક મિનિટ વધશે પણ નહીં આપને પૂરેપૂરી ૪૫ મિનિટ મળે છે.

શ્રી ફકીરભાઈ ર. વાઘેલા **: માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદરણીય નેતાશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હી ખાતે રાષ્ટ્રીય વિકાસ પરિષદ પ્લાનિંગ કમિશન અને તેના અન્ય ફોરમમાં સ્પષ્ટ સરકારી નીતિની જાહેરાત કરી કે ધર્મ આધારિત અનામત કે યોજના તે બંધારણની વિરુદ્ધ છે. અમારી સરકાર તે સ્વીકારશે નહીં. ગલમત્સ્ય ન્યાય પ્રમાણે મોટી માછલી નાની માછલીને ખાઈ જાય તેથી કરીને મોટા ધનિક માણસો ગરીબ, નબળાને અન્યાય ન કરે તે માટે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ની કેટેગરી ઉભી કરવામાં આવી છે. તે પ્રમાણે અનુસૂચિત જાતિમાં પણ જે સમૂહો હાડી, નાડીયા, સેનવા, ગરો, વાલ્મિકી, તૂરી, વણકર સાધુ, તીરબંદા જેવી આવી ૧૨ અતિપછાત જાતિઓ અને આ અતિપછાત જાતિઓના કલ્યાણ માટે કુલ બજૅટ ૨૪૯ કરોડ છે તેમાંથી ૨૫ ટકા એટલે કે લગભગ ૬૨ કરોડ ફક્ત આ અતિ પછાત જાતિઓના કલ્યાણ માટે વાપરવાનો સરકારે નિર્ણય કર્યો છે. મારા સન્માનનીય સભ્ય શ્રી જગદીશભાઈ જે ચિંતા કરતા હતા તે બક્ષીપંચની અને આ બક્ષીપંચમાં ૧૪૫ જ્ઞાતિઓ આવે છે. તેમાં પણ અતિ પછાત જાતિઓ છે. એન. ટીડી. એન.ટીકે ની આશરે ૫૦ જ્ઞાતિઓ છે તેના માટે કુલ બજૅટ ૨૯૯ કરોડ છે તેના ૨૫ ટકા એટલે કે ૮૦ કરોડ તે આ અતિ પછાત જાતિઓ માટે વાપરવાનો નિર્ણય કર્યો છે.**

**૨૦૦૮-૦૯માં અનુસૂચિત જાતિ માટે ૨૪૯ કરોડની જોગવાઈ કરી છે તે ગયા વર્ષ કરતાં ૮૦ કરોડ વધારે છે. અને એટલા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય નાણા મંત્રીશ્રીનો આભાર પ્રગટ કરું છું. ડૉકટર બાબા સાહેબ આંબેડકરની શીખ હતી કે, "શિક્ષિત બનો" એને સાર્થક કરવા માટે અનુસૂચિત જાતિના શૈક્ષણિક વિકાસ માટે ૧૩૨.૪૬ કરોડ રૂપિયાની જોગવાઈ એટલે કે કુલ બજૅટના ૫૩.૧૭ ટકા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ તબક્કે માનનીય સભાગૃહમાં સહર્ષ એ બાબત પણ ધ્યાને મૂકવી છે કે, સરકારના પ્રયાસોને કારણે અનુસૂચિત જાતિઓનો સાક્ષરતા દર ૭૦.૫૦ ટકા થયો છે જે જનરલના સાક્ષરતા દર ૬૯.૧૪ ટકા કરતાં વધારે છે. અનુસૂચિત જાતિનો સાક્ષરતા દર જનરલ કરતાં વધારે છે. પુરુષોમાં જનરલ સાક્ષરતા દર ૭૯.૬૬ ટકા છે જ્યારે અનુસૂચિત જાતિઓમાં પુરુષોનો સાક્ષરતા દર ૮૨.૫૬ ટકા છે, આ અમારી પ્રતિબધ્ધતા અને પ્રયાસોનું પરિણામ છે. જેને કોંગ્રેસના મિત્રો પણ સ્વીકારશે.**

ડો. આંબેડકર વિદેશ અભ્યાસ લોન છે, જે સદ્‌ભાગ્યે એ વખતે પણ મારી પાસે આ વિભાગનો હવાલો હતો ત્યારે પાંચ લાખથી શરૂઆત કરી, ચાલુ વર્ષે એના દશ લાખ રૂપિયા કરવામાં આવ્યા છે અત્યાર સુધીમાં ૨૧૯ દલિત વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે એમાં એક વાલ્મીકી જ્ઞાતિની કન્યા પણ આજે વિદેશમાં છે એનો મને અતિ આનંદ છે. અને આ લોકપ્રિય યોજનાને લીધે આ વર્ષે એમાં વધારો કરીને ૬૦ વિદ્યાર્થીઓને લોન આપવા માટે ૬ કરોડ રૂપિયાની જોગવાઈ આ વખતે કરી છે.

પાયલોટની તાલીમ માટે ચાર લાખ રૂપિયા હતા એમાં પણ ચાર ગણો વધારો કરીને પંદર લાખ કર્યા છે અને આ વખતે ૬ તાલીમાર્થીઓ માટે ૯૦ લાખ રૂપિયાની પણ અમે જોગવાઈ કરી છે.

મારા મિત્ર અને સભ્યશ્રી શૈલેષભાઈએ જે વાત કરી એ તો વધારાની જોગવાઈ હતી. ડૉકટર બાબા સાહેબ આંબેડકર આવાસ માટે ૫૦૦૦૦ મકાનો બનાવવાના છે પણ એમાં પણ ૧૨૫૦ અનુસૂચિત જાતિની વિધવાઓ માટે, ૨૫૦ અતિ પછાત જાતિની વિધવા મહિલાઓ માટે, ૧૦૦૦ સફાઈ કામદાર વિધવા મહિલાઓ માટે આમ કુલ ૨૫૦૦ વિધવા મહિલાઓ માટેની મકાન સહાય અને એના માટેની ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ વર્ષે ૬૯.૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરીને ૧૪૭૫૦ મકાનો બનાવવાનું આયોજન પણ અમે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે તબીબી સ્નાતક છે એમને માટે બે લાખની લોનમાં વધારો કરીને અઢી લાખ રૂપિયા અને આવકની જે મર્યાદા રૂા. ૨૪૦૦૦ની હતી એ વધારીને રૂા.૫૦૦૦૦ રૂપિયા, તબીબી અનુસ્નાતક માટે જે અઢી લાખ રૂપિયા હતા એમાં વધારો કરીને ત્રણ લાખ રૂપિયા કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા પંચે અને પ્લાનિંગ કમિશને દરેક રાજયોને એક આદર્શ આપેલ છે કે રાજયના એસ.સી.પી. માટે, અને મારા વિરોધપક્ષના નેતાશ્રી અત્યારે ઉપસ્થિત નથી પણ એમણે જે વાત કે હજુ તો ૫.૭૫ ટકા સુધી જ લઈ ગયા છે ખરેખર તો ૭ ટકા થવા જોઈએ અને એમણે એમ પણ કહ્યું કે શરમ આવવી જોઈએ, આ રેકર્ડ ઉપર એમના બોલેલા શબ્દો છે. એમના શાસનમાં, કોંગ્રેસના મિત્રોના શાસનમાં ૧૯૮૫-૧૯૯૦માં જોગવાઈ ફક્ત ૨.૮૬ ટકા હતી, ૧૯૯૦-૯૫માં જોગવાઈ ફક્ત ૨.૯૭ ટકા હતી, પણ આ ભારતીય જનતા પક્ષની સરકારે ચાર ટકાથી શરૂઆત કરી અને ૫.૭૫ ટકા સુધી આજે લઈ ગયા છીએ અને હું સન્માનનીય સભાગૃહને ખાતરી આપું છું કે, સાત ટકા સુધી લઈ જવા માટેની પણ અમારી તૈયારી છે અને એ માટેનું આયોજન છે. તેઓશ્રી શરમની વાત કરતા હતા એટલે મને એક શેર યાદ આવે છે, કદાચ કોંગ્રેસના મિત્રોને એ નહીં ગમે પણ કહું છું:

" શર્મ તો ઉન્હે આતી હૈ જો શર્મસે શરમાતે હૈ,
યહ કોંગ્રેસ ઈતની * (xxxxx) હૈ કી  શર્મ ઉનસે શરમાતી હૈ".

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ (xxxxx) શબ્દ માનનીય મંત્રીશ્રીએ વાપર્યો છે એ અસંસદીય છે માટે એને સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવો જોઈએ. (અંતરાય)

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા જ કહ્યું હતું કે મારા કોંગ્રેસના મિત્રોને આ નહીં ગમે. માનનીય અધ્યક્ષશ્રી, બેકલોગ માટે અહીંયાં ઘણો હોબાળો થયો આ બેકલોગ છે શું, બેકલોગ કયાંથી આવ્યો, આ કોનો વારસો છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, (xxxxx) શબ્દ અસંસદીય છે માટે એને સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એનો જે પર્યાય શબ્દ હોય એ ગોઠવી દઈશું આપણે. હું બેકલોગની વાત કરતો હતો, આ બેકલોગ છે શું અને એ કયાંથી ઉભો થયો? અમે જ્યારે સતા ઉપર આવ્યા તે વખતે અમને વારસામાં મળ્યો હતો એટલા માટે હું એને બેકલોગ નહીં કોંગીલોગ કહું છું. આ તમારો વારસો છે. ૧૩૪૯૩ જગ્યાઓ અમને વારસામાં બેકલોગની મળી હતી એમાંથી અમારા શાસન વખતે ૫૭૯૦ જગ્યાઓ ભરી, ૬૦૨૨ જગ્યામાંથી ૨૭૭૩ જગ્યાના માગણી પત્રકો મોકલાય ગયા, હવે ફકત ૩૦૧૩ ની જ ભરતી પ્રક્રિયા કરવાની બાકી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ તો એવું છે કે, ' હમ આહ ભી ભરતે હે તો હો જાતે હે બદનામ, વો કતલ ભી કરતે હે તો ચર્ચા નહી હોતા.'

અમદાવાદ, વડોદરા, રાજકોટ, વલ્લભ વિદ્યાનગર એમ ચાર સરકારી નવા છાત્રાલયો અને સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ સહાય જે ૧૫૦૦ રૂપિયા અપાતી હતી એમાં રૂા. ૫૦૦નો વધારો કરીને ૨૦૦૦ રૂપિયા આપવાની હું જાહેરાત કરું છું. જે વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા હોય એને ફુડ બિલ ૩૫૦ રૂપિયા અપાતું હતું એમાં વધારો કરીને ૬૦૦ રૂપિયા કરવાની જાહેરાત કરું છું. એમફીલના અભ્યાસ ક્રમમાં વાર્ષિક સહાય ૨૦,૦૦૦ રૂપિયા હતી એ વધારીને એમાં રૂા. ૨૫,૦૦૦, પી.એચ.ડી.ના રૂા. ૨૫,૦૦૦ હતા એ વધારીને રૂા. ૩૦,૦૦૦ કરવાની હું જાહેરાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક અનોખો કાર્યક્રમ હાથ ધર્યો છે. ' સ્કોપ ' ગુજરાત માટે આ એક જન આંદોલન બની રહ્યું છે. મારે કહેવું જોઈએ કે અભિગમનનું અક્ષરસ: પાલન કરવા મારા વિભાગ હસ્તકની તમામ આદર્શ નિવાસી શાળાઓમાં સ્કોપના અંગ્રેજી વર્ગો શરૂ કરવામાં આવ્યા છે જેની ફી રાજય સરકાર ભોગવે છે. વિકસતી જાતિની વાત કરું તો છેલ્લા પાંચ વર્ષમાં સો ટકા કરતા વધારે સિદ્ધિ આ પ્રભાગે પ્રાપ્ત કરી છે ભારતીય જનતા પાર્ટીએ ૧૯૯૮માં જ્યારે કાર્યભાર સંભાળ્યો ત્યારે આ ખાતાનું બજેટ માત્ર ૭૦.૫૭ કરોડ હતું, આજે ૨૦૦૮માં એ વધીને રૂા. ૨૯૯.૪ કરોડનું થયું છે. ચાલુ વર્ષે મકાનો માટે રૂા. ૨૧૭.૬૫ કરોડની જે જોગવાઈ હતી તેમાં વધારો કરીને રૂા.૩૨.૫૦ કરોડ ખર્ચીને ૧૩૮૦૦ મકાનો બનાવ્યા છે. આથી અભિભૂત થયેલી વાદી-મદારી-નટ બજાણિયા પ્રજાએ રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકાના ભોજપુરા ગામે માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનું મંદિર બનાવ્યું છે. ભારતની અંદર દક્ષિણના જે રાજયો છે ત્યાં નેતા માટે, અભિનેતા માટે, બધા મંદિર બનતા હોય છે એના પ્રશંસકો હોય છે. ગુજરાતની અંદર આ પહેલો દાખલો છે, દક્ષિણમાં એન.ટી.આર. હોય એમ.જી.આર. હોય એના માટેની એક ભાવના આપણે બધાએ જોઈ છે.  ગુજરાતમાં પહેલો દાખલો છે કે, ૧૨૦ વાદી, મદારી કુટુંબોની વસાહત બનાવી અને એને નરેન્દ્ર મોદી નગર એ વસાહતના લોકોએ નામ આપ્યું છે.  આપણા વિધાનસભાની જે જાહેર હિસાબ સમિતિ છે એણે એની મુલાકાત લીધી એણે પણ

* (xxxxx) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.**

સરકારને અભિનંદન આપ્યાં અને ભારત સરકારની એન.ટી.બી.એન.ટી. કમિશનના ચેરમેન શ્રી બાલકૃષ્ણ રેણકે એ પણ આ કાર્યક્રમથી પ્રભાવિત થયાં, એમણે લેખિતમાં માનનીય મુખ્યમંત્રીને અભિનંદનનો પત્ર પાઠવ્યો છે.

૨૦૦૮-૦૯માં જે બક્ષીપંચ માટે કોમર્શિયલ પાયલોટની તાલીમ માટેની જે યોજના રૂા.૮,૦૦,૦૦૦/- રૂપિયાની હતી એમાં વધારો કરીને રૂા.૧૫,૦૦,૦૦૦/- રૂપિયાની કરવાની હું જાહેરાત કરું છું. એ જ રીતે સરસ્વતી સાધના યોજનામાં પણ રૂા.૨,૦૦૦.. એક નવી બાબત કે અત્યારસુધી એમ કહેવાતું હતું કે આ એસ.ટી. એસ.સી. ઓ.બી.સી. છે એને જ લાભ મળે છે પણ પહેલીજ વાર અમારી સરકારે અન્ય ગરીબોની પણ ચિંતા કરી છે અને એમાંય સવર્ણ સમાજના પછી તે વાણિયા હોય, બ્રાહ્મણ સમાજના હોય, પટેલ સમાજના હોય, આવી કન્યાઓ સાયકલથી વંચિત ન રહી જાય એટલા માટે ધોરણ ૮માં ભણતી ૧૦,૦૦૦ ગરીબ દીકરીઓને રૂપિયા ૨,૦૦૦ની સાયકલ આપવાની યોજના માટે ૨ કરોડ રૂપિયાની જોગવાઈ આ સરકારે કરી છે. બનાસકાંઠા, પાટણ, જુનાગઢ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કુમાર અને કન્યા છાત્રાલયના બાંધકામની યોજના માટે ૪ કરોડ રૂપિયાની યોજના અમે જાહેર કરી છે. અનાથ, નિરાધાર, મહિલાઓ, વૃદ્ધો, વિકલાંગોના કલ્યાણની વાત કરું તો ગયા વર્ષે ૧૨૯.૫૩ કરોડની જોગવાઈ સામે ૨૦૦૮-૦૯માં ૧૭૦.૦૬ કરોડની જોગવાઈ એટલે કે ૩૧ ટકા વધારો આ વર્ષે કર્યો છે. ૨૦૦૮-૦૯માં ૩૦૦ વિકલાંગ વિધવાઓના મકાન સહાય માટે રૂપિયા ૪૦,૦૦૦ની સહાય આપવામાં આવશે અને આ યોજના માટે ૧ કરોડ ૨૦ લાખ ખર્ચવા માટેની હું જાહેરાત કરું છું. ૬૫ વર્ષથી વધુ વયના વૃદ્ધો માટે લાભ આપવા માટેની જે પાત્રતા હતી એમાં સુધારો થયો છે, ગરીબી રેખા નીચે જીવતા બધા જ વૃદ્ધોને આ લાભ આપવામાં આવશે અને તેની પાછળ ૫૧ કરોડ ૮૫ લાખનો ખર્ચ આ સરકાર કરવાની છે. સંસ્થામાંથી જે મુક્ત થાય અનાથ બાળકો એમના ઉચ્ચ શિક્ષણ માટે આપવામાં આવતી જે શિષ્યવૃત્તિ હતી એ ૧,૫૦૦/- થી ૨,૦૦૦/- રૂપિયાની વચ્ચે મળતી હતી એમાં વધારો કરીને ૮,૫૦૦/- થી ૧૪,૦૦૦/- રૂપિયા સુધી લઈ જવાની જાહેરાત પણ હું અહીંયાં કરી રહ્યો છું.

જ્યારે હું રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની માગણી મૂકવા જઈ રહ્યો છું તાજેતરમાં યુવાન ભારતીય ક્રિકેટરોએ ૨૦-૨૦ ક્રિકેટની મૅચમાં જીતેલો વિશ્વકપ, તે જ ટીમમાં બે ગુજરાતી ક્રિકેટરોની ભાગીદારી, અંડર ૧૯ની ટીમ દ્વારા જીતેલો વિશ્વકપ, એમાં રાજકોટના જાડેજાની ભાગીદારી, ઑસ્ટ્રેલિયામાં વિશ્વ ચૅમ્પિયનથી મગરૂર ઑસ્ટ્રેલિયાને ધૂળ ચાટતું કર્યુ તે અને બોરસદની કુમારી દિવ્યા પરમાર, આ એક દલિત દીકરી કે સતત ત્રીજીવાર યોગ સ્પર્ધામાં વર્લ્ડ ચૅમ્પિયન આ દીકરીએ મેળવ્યો છે અને એટલા માટે તેનો ઉલ્લાસ આજે મારા દિમાગ ઉપર છે. યુવાનોના પ્રેરણા સ્ત્રોત એવા સ્વામી વિવેકાનંદે યુવાનો અને ખેલાડીઓને શીખ આપતા કહ્યું છે કે તમારી પાસે એક કલાકનો સમય હોય અને એ કલાકમાં તમારે ગીતા પાઠ કે મેદાનમાં ખેલકૂદ એ બે વચ્ચે પસંદગી કરવાની હોય તો ગીતા પાઠને બાજુએ મૂકી મેદાનમાં ખેલકૂદ કરવાનું પસંદ કરજો. આ વિવેકાનંદજીના શબ્દો છે અને એટલા માટે સાઉન્ડ બોડીમાં જ સાઉન્ડ માઈન્ડ હોય તે સ્વીકારીને રમત-ગમત ક્ષેત્રે મોટી હરણફાળ ભરવાની અમારી સરકારની નેમ છે.

સાંસ્કૃતિક બાબતોની માગણીની જ્યારે હું ચર્ચા કરું છું ત્યારે ભારતની ભવ્ય સંસ્કૃતિને વિશ્વના મહાનુભાવોએ આપેલી ભાવાંજલિઓ વાગોળવાનું મને મન થાય છે. સાહિત્ય અને ઈતિહાસમાં ૨૦મી સદીના પ્રબુદ્ધ મહામાનવ અમેરિકાના માર્ક ટ્વેઈન તેણે ભારતીય સંસ્કૃતિ માટે શું કહ્યું તે હું આ સન્માનીય ગૃહ સમક્ષ મૂકું છું. તેમણે એમ કહ્યું કે " ભારત માનવ જાતિનું પારણું અને માનવ ભાષાનું જન્મ સ્થળ છે. ભારત માનવ ઈતિહાસની માતા, દંતકથાઓની દાદીમા અને ઉમદા પ્રણાલીઓની પરદાદી છે. માનવ જાતિનાં ઈતિહાસનાં મહાન મૂલ્યો અને સંસ્કૃતિનો ખજાનો ભારતમાં સંઘરાયેલો પડ્યો છે. " આ અમેરિકાના જે પ્રબુદ્ધ નાગરિક છે એવા માર્ક ટ્વેઈનનું વાક્ય છે.માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિને વિશ્વની તમામ સંસ્કૃતિઓ કરતાં અજોડ અને બેનમૂન ગણાવતાં મહાન શાયર ઈકબાલે ગાયું છે " યુનાન મિશ્ર રોમા, સબ મિટ ગયે જહાઁ સે, બાકી હૈ લેકિન અબ તક, નામો નિશાં હમારા. કુછ બાત હૈ કી હસ્તી મિટતી નહી હમારી, સદિયોં રહા હૈ દુશ્મન દૌરે જહાં હમારા." માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં જ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના આર.એસ.એસ.ના સંઘના સરસંઘ ચાલક આદરણીય સુદર્શનજી ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેમણે પણ આ ઉપરોકત મહાનુભાવોની ભાવનાનો પડઘો પાડ્યો. તેમણે એમ કહ્યું કે " જો વિશ્વને ત્રીજા વિશ્વ યુદ્ધમાંથી બચાવવું હોય તો વિશ્વના દેશોએ ભારતની હિન્દુ સંસ્કૃતિનું શરણું લેવું પડશે." સમગ્ર વિશ્વની અંદર એમ કહ્યું કે ભારતની હિન્દુ સંસ્કૃતિ જ આજે સમગ્ર વિશ્વની અંદર બની રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત, તેની પ્રજા અને સંસ્કૃતિ માટે કહેવાય છે કે છેલ્લાં એક હજાર વર્ષ દરમિયાન ભારતે કોઈ દેશ ઉપર આક્રમણ કર્યુ નથી. આંકડા પદ્ધતિ વિશ્વને ભારતની ભેટ છે. શૂન્યની શોધ ભારતના આર્યભટ્ટની છે. ઈસુના ૭૦૦ વર્ષ પહેલાં એકી સાથે ૬૦ વિષયો ભણતાં દશ હજાર વિદ્યાર્થીઓની નિવાસી યુનિવર્સિટી તક્ષશિલા તે ભારતમાં હતી. ફોર્બસ મેગેઝીનના મતાનુસાર કોમ્પ્યુટર માટે અંગ્રેજી કરતાં ભારતીય ભાષા સંસ્કૃત વધારે અનુકૂળ છે. ભારતીય આયુર્વેદ માનવ જાતનું પ્રથમ તબીબી શાસ્ત્ર છે. નેવીગેશન જેને વહાણવટાની વિદ્યા કહીએ તે સિંધુ નદીમાં શીખવાતી. પાઈનું મૂલ્ય ૩.૧૪ છે અને પાયથાગોરસ પ્રમેય છઠ્ઠી સદીના ગ્રંથો ભારતમાં છે. અંકગણિત, બીજગણિત, ત્રિકોણમિતિય કલન શાસ્ત્ર, ગાણિતીક સમીકરણોનો ઉલ્લેખ ૧૧મી સદીમાં શ્રીધરાચાર્યના પુસ્તકોમાં જોવા મળે છે. ગાણિતીક પ્રયોગોમાં ગ્રીક અને રોમનો દ્વારા વપરાયેલ સૌથી મોટી

આંકડાની સંખ્યા ૧૦૬ છે જ્યારે તક્ષશિલામાં ૧૦૫૩ આંકડાની સંખ્યાનો ઉપયોગ થયેલો મળે છે અને આ શતરંજની જે રમત છે તેની શરૂઆત પણ ભારતમાં થઈ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, શાળાકીય રમતો, મહિલા રમતો અને ગ્રામીણ રમતોમાં રાષ્ટ્રકક્ષાએ ચાલુ વર્ષે ૧૫૦ ચંદ્રકો પ્રાપ્ત કરી ગુજરાતે પાછલાં તમામ વર્ષોનો વિક્રમ વટાવી નવો વિક્રમ સ્થાપિત કરી ' જીતેગા ગુજરાત "ના નારાને બુલંદ કર્યો છે. છેલ્લાં પાંચ વર્ષમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૨૦૯ સુવર્ણ ચંદ્રક, ૨૦૧ રજત ચંદ્રક અને ૨૪૨ કાશ્યચંદ્રક મળી કુલ ૬૫૩ મેડલો આ ગુજરાતે મેળવ્યાં છે.માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૯ થી ૨૦૦૮ સુધીની રાજયકક્ષાની સિધ્ધિ મેળવનાર, આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ૧૦૯ ખેલાડીઓને રૂા.૪૪ લાખ રૂપિયાના એવોર્ડ અપાયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું નવી જાહેરાત કરું તો કચ્છ જિલ્લામાં માંડવી ખાતે મહાન ક્રાંતિવીર સ્વ. શ્યામજીકૃષ્ણ વર્માનું સ્મારક ઉભું કરવા માટે આ વર્ષે ૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ગાંધીનગર ખાતે ગુજરાત સાહિત્ય ભવન જે ૨ કરોડ ૬૬ લાખ રૂપિયાના ખર્ચે થવાનું છે એ પૈકીના ૯૦ લાખ રૂપિયાની જોગવાઈ આ વર્ષે કરી છે. જેની ચિંતા આપણે બધા કરતા હતા એ તેજસ્વી ખેલાડીઓના બહુમાન માટ પણ ૨ કરોડ રૂપિયાનું રિવોલ્વિંગ ફંડ આ વર્ષના બજેટમાં ઉભું કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિઓમાં જે તુરી અને બારોટ સમાજ છે તેમનો જે પરંપરાગત વ્યવસાય હતો એ વ્યવસાય આજે મરી પરવાર્યો છે અને એટલા માટે આવી જ્ઞાતિઓના આશાસ્પદ જે લોક કલાકારો છે એમને તજજ્ઞો દ્વારા તાલીમ આપવા માટે ૪૫ લાખ રૂપિયાની જોગવાઈ આ બજેટમાં કરી છે. રાજયના પાટનગરમાં રાજયકક્ષાનું કોઈ સંકુલ ઉપલબ્ધ ન હતું. તાજેતરમાં ૨૫ એકર જમીન એના માટે ફાળવવામાં આવી છે અને જેમાં અદ્યતન આઉટડોર અને ઈનડોર સંકુલ બનાવવા માટે પ્રોજેકટ હાથ ધરવા માટે રૂા. ૧ કરોડ ૨૬ લાખ તથા સેકટર-૧૭ માં આવેલ ડોમમાં ઈન્ડોર રમતોની સુવિધા ઉભી કરવાનો પ્રોજેકટ હાથ ધરવા રૂા. ૧ કરોડની નવી બાબત પ્રોજેકટ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ કન્સલ્ટન્સી નકકી કરવા સારું જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પુરાતાત્વિક શોધ માટે અમારી સરકારે નવો અભિગમ અપનાવેલ છે. ગુજરાત હડપ્પા સંસ્કૃતિનું મુખ્ય કેન્દ્ર હતું. કચ્છ જિલ્લાના કાનમેર ગામે રાજય સરકારના પુરાતત્વ ખાતા , રાજસ્થાન વિદ્યાપીઠ, ઉદેપુર અને જાપાનની શોધ સંસ્થાન દ્વારા હાલ હડપ્પા સંસ્કૃતિ વિષે વધુ માહિતી મેળવવા ખોદકામ ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વડનગર એ રાજયનું અને પ્રાચીન.....

**અધ્યક્ષશ્રી:** માનનીય મંત્રીશ્રી, આપની પાસે હવે માત્ર ૩ જ મિનિટ બાકી રહે છે, ૨ મિનિટ મારે માટે છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા:** હું પૂરું કરું છું, મને બે મિનિટ આપો.

**અધ્યક્ષશ્રી:** નહીં, મેં આપને પૂરી ૪૫ મિનિટ આપી છે (અંતરાય) એ ટેબલ ઉપર મૂકાતું નથી.

**શ્રી ફકીરભાઈ વાઘેલા:** હું પૂરું જ કરું છું. માનનીય નરેન્દ્રભાઈ મોદીની આગેવાની નીચે વાયબ્રન્ટ ગુજરાત સહિત સમગ્ર વિશ્વને નવરાત્રીમાં નવ નવ દિવસ ગરબે ઘુમાવતાં ઘુમાવતાં, મકર સંક્રાંતિએ પતંગ ચગાવતાં ચગાવતાં, કચ્છના રણમાં રણોત્સવ મનાવતાં મનાવતાં, ગાંધીનગરમાં વસંતોત્સવ ઉજવતાં ઉજવતાં તેમજ સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિન જિલ્લે જિલ્લે મનાવતાં મનાવતાં ગુજરાત યુરોપના વિકસીત દેશોની સાથે સ્પર્ધામાં ઉતર્યુ હોય ત્યારે ગૃહના નેતા શ્રી નરેન્દ્રભાઈ અંદરથી અને બહારથી ઈર્ષાનો શિકાર બને તે સ્વાભાવિક છૈ. કેટલાંક દાઝેલાં તત્વો આ વિકાસ જયોતને બુઝાવવાનો પ્રયત્ન કરે, આ ધસમસતા વિકાસ રથને રોકવાનો પ્રયત્ન કરે ત્યારે ગુજરાતના આવા નામી અનામી વિધ્નીસંતોષીઓને મારે એક શાયરના શેર મારફતે કહેવું છે કે -

"જલતે ચરાગોંકો ફૂંકા ન કરો ઐસે,
બુઝ જાઓ ન તુમ ખુદહી કહીં ઉનકો બૂઝાનેમેં,
બઢતે મોદીકો રોકા ન કરો ઐસે,
મિટ જાઓ ન તુમ ખુદ હી કહીં મોદીકો મિટાનેમેં."

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્ર પુરુષ શ્રી અટલજીને ભારત રત્ન ભલે ન અપાયો પણ તેના કરતાં પણ ભારતના રાજકારણના 'ભિષ્મપિતામહ' નો અનૌપચારિક ઈલ્કાબ મોટો છે જે વડાપ્રધાન માનનીય મનમોહનસિંહે આદરણીય શ્રી અટલ બિહારી બાજપેયીને આપવો પડયો. માનનનીય શ્રી અટલજીની કવિતાની પંકિતઓ કે જેને અમોએ સેવા કાર્યોમાં અપનાવી છે તેને આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરું છું-

"બાધાએં આતી હૈ, આયે
ઘિરે પ્રલયની ઘોર ઘટાએં,
પાંવાંકે નીચે અંગારે,
સિર પર બરસે યદિ જવાલાએં
નિજ હાથોંસે હંસતે હંસતે
આગ લગાકર જલના હોગા,
કદમ મિલાકર ચલના હોગા."

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોના કલ્યાણ માટે થઈને કદમ મિલાવીને આગળ વધવાની અટલજીની આ સલાહને માથે ચડાવી કાપ દરખાસ્તો પાછી ખેંચી મારી માગણીઓ સર્વસંમતિથી સ્વીકારાય તેવી વિનંતી સાથે વિરમું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી હતી કે પેપરની અંદર જે અનુસૂચિત જાતિ માટે ધૃણાજનક શબ્દ પ્રયોગ થયા છે, તો આજે જ અધિકારીઓને મેં સૂચના આપી અને તેની તપાસ કરી અને તેની સામે પગલાં લેવા માટેની જાહેરાત કરી દીધી છે. (અંતરાય) મેં એ જ કહયું કે આપણી પાસે કોઈ ઝેરોક્ષ આવી છે, તે વાત જયારે આવી છે ત્યારે હકીકત લક્ષી આપે એ વાત કહી છે તો તેની તપાસ કરાવીશું ત્યારે તે હકીકત આવવાની છે, એટલે તેની તપાસ કરી અને કડકમાં કડક પગલાં લેવામાં આવશે, માનનીય દંડકશ્રીને પણ હું વિનંતી કરું છું કે જયારે એમણે આપેલી ખાતરી મેં પાળી છે ત્યારે આ બધી માગણીઓ વિના વિરોધે પસાર કરવામાં આવે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા નેતાશ્રીએ જી.પી.એસ.સી. ની પરીક્ષાના પેપરની વાત કરી છે એમાં જે શબ્દ પ્રયોગ કર્યો છે ત્યારે તેની પૂરતી તપાસ કરીને, શબ્દ પ્રયોગ થયો જ છે, અને બરાબર તેની તપાસ થાય તો તેની સામે એટ્રોસીટી એકટ નીચે કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી લાગણી છે, અને માનનીય મંત્રીશ્રીએ પણ આ ખાતરી આપી છે. તેમના રાજકીય અવલોકનો બાજુએ મુકું છું, કારણ કે એમનો ધર્મ છે, બજાવવો પડે, રામ બોલવું પડે, પણ તેને બાજુએ મૂકીને પણ કેટલીક સમાજને ઉપયોગી, સમાજની ચિંતાની વાત કરી છે, એટલે અમારા નેતાશ્રી અને અમારા પક્ષ વતીથી અમારા સભ્યશ્રીઓએ જે કાપ દરખાસ્તો રજૂ કરી છે તે હું પાછી ખેંચવા માટે સભાગૃહની પરવાનગી માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પક્ષના સભ્યશ્રીઓ તરફથી રજૂ થયેલી તમામ કાપ દરખાસ્તો હું પરત ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : રજૂ થયેલી તમામ કાપ દરખાસ્તો પરત ખેંચવામાં આવે છે.

**માગણી ક્રમાંક ૯૨, ૯૫ અને ૯૮ મત પર મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૦૧-૦૨ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર, સોમવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૦૮ના રોજ, બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા: ૧૭મી માર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૨૭, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી, અશોક ભટ્ અધ્યક્ષસ્થાને**

# ..તારાંકિત પ્રશ્નો

## સૌરાષ્ટ્રના વિસ્તારમાં નર્મદાનું પીવાનું પાણી

***૨૬૭૨ ડૉ.કનુભાઈ વા. કળસરીયા(મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સૌરાષ્ટ્ર વિસ્તારના કેટલા જિલ્લાઓને નર્મદાનું પીવાનું પાણી આપવાનું આયોજન છે,
(૨) આયોજન અંતર્ગત કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે, અને
(૩) બાકી રહેલ ગામોને ક્યારે આવરી લેવાનું આયોજન છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી**

(૧) ૭ જિલ્લાઓને નર્મદાનું પીવાનું પાણી આપવાનું આયોજન છે.
(૨) તમામ ૪૭૦૨ ગામોને.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ડૉ.કનુભાઈ વા.કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રના સાતે જિલ્લાઓમાં કુલ ૪૭૦૨ ગામોને પાણીની યોજનામાં આવરી લેવાયા છે તેને માટે હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને સાથે સાથે પૂછવું છે કે દરેકે દરેક જિલ્લામાં કુલ કેટલાં ગામોને પાણી આપવામાં આવે છે અને હાલમાં કેટલાં ગામોને પાણી અપાઈ રહ્યું છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા આધારિત પીવાનું પાણી આપવાની આમ તો સમગ્ર રાજયના ૯૬૩૩ ગામોમાં રાજય સરકારે આયોજન કર્યુ છે તે પૈકી સૌરાષ્ટ્રના કુલ ૭ જિલ્લા છે. તે સાતે સાત જિલ્લામાં અમરેલી જિલ્લાના ૬૧૫ ગામ છે. તે તમામ ગામને પાણી આપવાનું આયોજન છે. ભાવનગરના ૭૯૦ ગામ છે તમામ ગામોને પાણી આપવાનું છે. જુનાગઢના ૯૨૩, પોરબંદરના ૧૮૨, રાજકોટના ૮૪૪, જામનગરના ૬૯૮ અને સુરેન્દ્રનગરના ૬૫૦ ગામ આમ સૌરાષ્ટ્રના સાતે જિલ્લાના ૪૭૦૨ ગામોને, સંપૂર્ણ ગામોને નર્મદા જૂથ આધારિત પીવાનું પાણી આપવાનું આયોજન છે. માનનીય સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન પૂછ્યો છે કે અત્યારે કેટલા ગામોને પાણી આપવામાં આવે છે તો રાજકોટ જિલ્લામાં અત્યારે ૩૦૬ ગામમાં પાણી આપવામાં આવે છે. જામનગરમાં ૧૦૮ ગામોને પાણી આપવામાં આવે છે. જુનાગઢમાં ૧૬૦ ગામોને પાણી આપવામાં આવે છે. ભાવનગરમાં ૬૪૬ ગામોને પાણી આપવામાં આવે છે. અમરેલીમાં ૩૫૩ ગામોને પાણી આપવામાં આવે છે તથા સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૭૭ ગામોને પાણી આપવામાં આવે છે અને આમ કુલ ૧૮૫૦ ગામને નર્મદા આધારિત પીવાનું પાણી પહોંચાડવાનું અત્યારે ચાલુ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લાના ૮૪૪ ગામમાંથી ૩૦૬ ગામને પાણી અત્યારે મળે છે. ૫૩૮ ગામને જેમ બને તેમ ઝડપથી આપણે ક્યારે પાણી આપવાના છીએ? બીજું મોરબી તાલુકાની અંદર ઉદ્યોગો પુષ્કળ છે અને એક એક ફેકટરીમાં ચારસો પાંચસો માણસો કામ કરતા હોય છે તો આ માણસોને પીવાનું પાણી મળે એવું સરકાર આયોજન કરવા માગે છે કે નહીં ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલો પ્રશ્ન કર્યો કે રાજકોટ જિલ્લાના બાકીના ગામોમાં કયાં સુધીમાં પાણી આપવામાં આવશે? રાજકોટ જિલ્લાના ૩૮૪ ગામને આપણે જોડાણ આપી દીધું છે તેમાંથી ૩૦૬ ગામ અત્યારે પાણી મેળવે છે. બાકીનાં જે ૪૬૦ ગામ છે તેનું ૨૦૦૮-૦૯ સુધીમાં પાણી આપવાનું આયોજન થઈ ગયું છે. બીજો પ્રશ્ન તેમનો છે કે ઉદ્યોગોને પાણી આપવા માટે તો પાણી પુરવઠા વિભાગને રાજય સરકારે નર્મદાનું કુલ ૧ મીલીયન .૬ પર્સન મીલીયન એકર ફૂટ પાણી તે નર્મદામાંથી પીવા માટે અને ઉદ્યોગ માટે ફાળવી આપ્યું છે. તેનું વિતરણ કરવા માટે તેમાંથી .૮૬ મીલીયન એકર ફીટ પાણી પીવાના પાણી માટે અનામત છે અને ૬૦૦ કરોડ લિટર પાણી તે ઉદ્યોગો માટે અનામત રાખવામાં આવ્યું છે. જે ઉદ્યોગ રાજય સરકારના નિયમો પ્રમાણે આ પાણી મેળવવા માટે અરજી કરશે અને નજીકની લિંકથી એસ્ટીમેટ વગેરે ભરવા માટે ખર્ચ ઉપાડવા ઓલરેડી તૈયાર થશે તો તેમને પાણી આપવાનું આયોજન ઓલરેડી થઈ ચૂક્યું છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સમગ્ર ભાવનગર જિલ્લો, અમરેલી જિલ્લો અને ધંધૂકા તાલુકાની ૧૬૦૦ કરોડની પાણી પુરવઠાની આ યોજના જાહેર થયા પછી જે કામગીરી શરૂ કરવામાં આવી, એમાં આ યોજનાની જાહેરાત કયારે થઈ અને કયારથી કામગીરી શરૂ કરવામાં આવી? બીજું કે અમરેલી અને ભાવનગર જિલ્લા તેમજ ધંધૂકા તાલુકા માટેની યોજના સૌ પ્રથમ જાહેર થઈ હતી, તો અમરેલી જિલ્લાના તમામે તમામ ગામોને કેટલા સમય સુધીમાં દરેક ગામડાને પાણી પહોંચાડવા માગે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** :તત્કાલિન પાણી પુરવઠા મંત્રી માનનીય શ્રી નરોત્તમભાઈ પટેલે જે તે વખતે સૌરાષ્ટ્રના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોને પાણી આપવાનું આયોજન કર્યુ, એ વખતે મહી કેનાલનું પંપીંગ કરીને નર્મદાનું પાણી મહી નદીમાં વહાવ્યું..(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એમણે પૂછયું કે કયારે શરૂ કર્યુ.

**અધ્યક્ષશ્રી** : મારી મુસીબત એ છે કે દસ સભ્યશ્રીઓ પૂછનારા છે, એટલે ટૂંકમાં જવાબ આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : જી સાહેબ. અમરેલી જિલ્લામાં ૬૧૫ ગામો છે, એમાં અત્યારે ૩૫૩ ગામોને જોડયા છે. એટલે કે ૩૫૩ ગામોને આમાંથી પાણી આપવામાં આવે છે. બાકી રહેતા ૨૬૫ ગામોને ૨૦૦૮-૦૯માં પાણી આપવાનું આયોજન છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : યોજના કયારથી ચાલુ થઈ?

**અધ્યક્ષશ્રી** : આપ વિગતવાર એમને રૂબરૂ મળી લેજો. કેમ કે ૫ મિનિટની મર્યાદા પૂરી થઈ છે અને બીજા બે સભ્યોને મારે સમાવવા છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૪૭૦૨ ગામોમાં પાણી આપવાનું આયોજન કર્યુ, એમાં કેટલા રૂપિયાનો ખર્ચ થયો અને સૌરાષ્ટ્રના જે ડેમો છે, એમાં નર્મદાનું પાણી નાંખીને ઓછા ખર્ચે ગામડાને પાણી મળવાનું છે એ કેટલા સમયમાં પૂરું કરવાનું છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આમાં જે પાઈપલાઈન નાંખવાની છે, બલ્ક પાઈપલાઈન, એમાં મહી-પરિએજ આધારિત પાઈપલાઈન ભાવનગર, અમરેલી, રાજકોટ અને જૂનાગઢ જિલ્લા માટે ૯૩૩ કિલોમીટરના કામ માટે ૯૦૨.૩૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે માળિયા ખીરાઈ ગામથી નર્મદા કેનાલમાંથી પાણી અપલીફ્ટ કરીને રાજકોટ અને જામનગર જિલ્લામાં બલ્ક પાઈપલાઈન નાંખવાની છે. ૭૧૮.૯૧ કરોડનું આયોજન છે. આમ ૧૬૨૧ કરોડ રૂપિયાની બલ્ક પાઈપલાઈન આમાં નાંખવામાં આવી છે. ૫૦ ટકા કરતાં વધારે કામ પૂર્ણ થઈ ચૂકયું છે. બાકીના બલ્ક પાઈપલાઈનમાંથી ઈન્ટરનલ નેટવર્કનો ખર્ચ અલગ થશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૭ જિલ્લાને નર્મદાનું પીવાનું પાણી આપવામાં આવે છે. પહેલા તો મારે માનનીય નરોત્તમભાઈનો આભાર માનવો પડે કે જેમણે આ યોજના બનાવી. એ વખતે જે જિલ્લા હતા એ ૩ જિલ્લા હતા. બાકીના જિલ્લા એમાં ઉમેરાતા ગયા. હવે હું જાણવા માગું છું કે પ્રાથમિક તબકકે જેટલા ગામોને આવરી લેવામાં આવેલા, એના કરતાં ૩ ગણા ગામોનો હવે સમાવેશ થાય છે, જેના કારણે બાકીના ગામોમાં અનિયમિત પાણી મળે છે. તો જે પાઈપલાઈન નાંખવામાં આવી છે એને પેરેલલ બીજી પાઈપલાઈન નાંખીને વધારાના ગામડાને નિયમિત પાણી મળી રહે એ માટેનું આયોજન કરવા માગે છે કે કેમ? બીજું એમને એ પૂછવા માગું છું કે રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ૧૦૨ ગામો, લગભગ બધા ગામો આવરી લીધા છે. ૫ ગામો એવા છે કે કાગળ ઉપર બોલે છે કે ગામડાને આવરી લીધા છે. એમાં ત્રણ ગામો એવા છે કે આજની તારીખ સુધીમાં આ યોજનાનું પાણી મળ્યું નથી. ચોકકસ કાગળ ઉપર બોલે છે, તો એ ત્રણ ગામોને તાત્કાલિક પીવાનું પાણી મળે, નર્મદામાં છે, પણ મળતું નથી, તો એના માટે તાત્કાલિક કંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : પહેલા તો હું માનનીય સભ્યશ્રીનો આભાર માનું છું કે...

**અધ્યક્ષશ્રી** : આભાર અને અભિનંદન બંને બાદ કરીને ચાલો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એમણે સ્વીકાર્યુ કે મારા તાલુકાને અપાઈ ચૂકયા છે. એ સ્વીકાર્યુ એ બદલ આભાર. અહીં સ્વીકારવાની પ્રવૃત્તિ ઓછી ચાલે છે. બીજું માનનીય સભ્યશ્રીએ ૫ ગામો બાકી છે એમ રજૂઆત કરી છે, તો મને અલગથી એના અંગેની માહિતી આપશે તો ચોકકસ એના માટેનું આયોજન કરવામાં આવશે.

### આરોગ્ય તપાસણી કાર્યકક્રમ હેઠળ સારવાર

***૨૨૬૮ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) છેલ્લા ૨ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કેટલા વિદ્યાર્થીઓને સારવાર આપવામાં આવી છે,

(૨) જેમાં ગંભીર બિમારીવાળા કેટલા બાળકોને રાજય બહાર સારવાર આપવામાં આવી છે, અને

(૩) જો હા, તો તેની વિગતો શું છે?

**આરોગ્ય મંત્રીશ્રી:**

(૧)

| **વર્ષ** | પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ | માધ્યમિક અને ઉ.મા. શાળાના વદ્યાર્થીઓ |
|---|---|---|
| **૨૦૦૫-૦૬** | ૧૪૨૫૯૯૯ | -- |
| **૨૦૦૬-૦૭** | ૧૨૨૬૨૧૩ | -- |
| **૨૦૦૭-૦૮** | ૫૪૩૭૫ | ૮૬૯૬ |

(૨) ૧૮૦.

(૩) યુ.એન.મહેતા ઈન્સ્ટિટયુટ ઓફ કાર્ડિયોલોજી સંસ્થાન, અમદાવાદ દ્વારા રિફર કરેલ બાળકોને ડો. કે.એમ.ચેરીયન હોસ્પિટલપ ચેન્નઈ, ડો. દેવી શેટરી નારાયણ રુદ્રાલય હોસ્પિટલ, બેંગ્લોર અનને અમ્રીતા ઈન્સ્ટિટયુટ, કોચીન ખાતે રાજય બહાર વધુ સારવાર માટે મોકલી આપવામાં આવેલ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવા માગું છું કે છેલ્લા ૨ વર્ષમાં લગભગ ૨૭ લાખ જેટલાં બાળકોને સારવાર આપવામાં આવી છે. આ વિદ્યાર્થી આરોગ્ય શાળા તપાસણી કાર્યક્રમ હેઠળ આંગણવાડીનાં બાળકોનો સમાવેશ કરવામાં આવે છે કે કેમ અને બીજો મારો પ્રશ્ન એ છે કે જે ગંભીર બિમારીવાળાં બાળકોને ચેન્નાઈ અને અન્ય રાજયોમાં મોકલવામાં આવે છે તો અન્ય રાજયમાં આ રીતે સારવાર માટે જતા હોય તો સાથે જનારને ટ્રાન્સ્પોર્ટેશનની કોઈ વ્યવસ્થા રાજય સરકાર દ્વારા કરવામાં આવે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જે બાળકોને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ દરમ્યાન સારવામાં આવી છે. તો આ શાળા તપાસણી કાર્યક્રમ હેઠળ જે સારવાર આપવામાં આવે છે તેમાં ૨૦૦૫-૦૬ માં ૧૪૨૬૦૯૯ અને ૨૦૦૬-૦૭ માં ૧૨૨૬૨૧૩ બાળકોને સારવાર આપવામાં આવી છે. કેટલાક રોગ એવા હોય છે કે જેમાં સારવાર રાજયમાં જ ઉપલબ્ધ હોય છે, પરંતુ ખાસ કરીને હ્રદયને લાગે વળગે છે તેના અંગેના રોગો પૂરતું બાળકોને સારવાર માટે રાજય બહાર મોકલવાં પડે છે અને એ માટે અમ્રીતા ઈન્સ્ટિટયુટ, કોચીન, ડો. કે.એમ. ચેરિયન હોસ્પિટલ, ચેન્નાઈ અને ડો. દેવી શેટ્ટી નારાયણ રૂદ્રાલય હોસ્પિટલ, બેંગલોર ખાતે કુલ ૧૯૯ બાળકોને સારવાર આપવામાં આવી છે અને એ માટેનો જે કોઈ ખર્ચ થાય તે રાજય સરકાર ચૂકવે છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બાળકોમાં થેલેસેમીયાનો રોગ ખૂબ જ પ્રમાણમાં જોવા મળે છે, તો આ રોગને સરકાર ગંભીર બિમારીમાં ગણે છે કે નહીં?

**શ્રી જયનારાયણ વ્યાસ :** માનનય અધ્યક્ષશ્રી, આ થેલેસેમીયાનો રોગ એ ચોકકસ રીતે ગંભીર બિમારી છે અને થેલેસેમીયા મેજર એ જે રોગ છે એને ગ્રો થોમર્સ,થેલેસેમીયા મેજર અને બોર્નમેરા ટ્રાન્સપ્લાન્ટેશન જેવા ખાસ કિસ્સામાં ગરીબી રેખા નીચે બાળકો આવતાં હોય તેમને સારવાર આપવામાં આવે છે, તે ઉપરાંત થેલેસેમીયાના દર્દીને લોહી આપવાની જરૂર પડે એટલે કે થેલેસેમીયા મેજરના દર્દીને લોહી આપવાની જરૂર ઉભી થાય તો આવા દર્દીઓને શકય હોય તો સ્વૈચ્છિક સંસ્થાઓ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ કે કિડની હોસ્પિટલ, અમદાવાદ ખાતેથી જયાં સુધી લોહી આપી શકાય ત્યાં સુધી રિપ્લેસમેન્ટના ધોરણે આપવામાં આવે છે. આ રીતે થેલેસેમીયા મેજરમાં ૫૩ દર્દીઓને લોહી આપવાની મંજૂરી આપવામાં આવેલ છે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે આ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના લગભગ ૨૭ લાખ બાળકોને સારવાર આપવામાં આવી છે. તો આ બાળકોને જે સારવાર આપી તેમાં કુલ કેટલો ખર્ચ થયો છે અને આ માધ્યમિક, પ્રાથમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલાં બાળકોની તપાસ કરવામાં આવે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પહેલો પ્રશ્ન બાળકોની આરોયની તપાસ કરવા માટેનો લઈએ તો તપાસેલ બાળકોની સંખ્યા પ્રાથમિક શાળામાં ૨૦૦૭-૦૮ દરમ્યાન ૩,૨૬,૩૯૪ અને માધ્યમિક શાળામાં ૬૩,૦૭૧ છે એટલા માટે કે આ શાળા તપાસણી આરેગ્ય કાર્યક્રમ ૨૬ મી ડિસેમ્બર, ૨૦૦૭ થી ચાલુ થયેલો છે એટલા માટે ૫ જ દિવસ માટેની માહિતી છે.અગાઉના દિવસોની માહિતીને લાગે વળગે છે ત્યાં સુધી જુદા જુદા પ્રકારની બિમારીઓ માટે સારવાર આપવામાં આવે છે. એટલે ૨૦૦૫-૦૬ માં બાળ રોગો માટે ૧૫૮૩૩, આંખના રોગો માટે ૨૮૮૩૫, દાંતના રોગ માટે ૮૧૫૧, ચામડીના રોગ માટે ૫૮૭૪ અને કાન, નાક, ગળાના રોગ માટે ૫૦૫૩, અને અન્ય રોગ માટે ૨૭૯૫, અને ૨૦૦૬-૦૭ માટે બાળ રોગ માટે ૧૪૩૪૧, આંખના રોગ માટે ૨૨૩૨૧, દાંતના રોગ માટે ૫૬૦૨ અને ચામડીના રોગ માટે ૫૧૨૬, અને કાન, નાક અને ગળાના રોગ માટે ૩૮૯૧ અને અન્ય રોગ માટે ૨૫૩૪ વ્યકિતઓને સારવાર આપવામાં આવી છે. આ જ વર્ષો દરમિયાન હૃદય કીડની અને કેન્સર આ ત્રણ મોટા રોગ ગણાય, તેના માટે ૪૦૨૭ બાળકોને તપાસીને તેમને સારવાર આપી છે, કીડની માટે ૫૯૩ અને કેન્સર માટે ૧૩૬ અને હૃદય માટે ૨૦૦૬-૦૭ માં ૪૧૪૪, કીડની માટે ૮૯૧ અને કેન્સર માટે ૫૩૨ બાળકોને સારવાર આપવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : એમણે એટલું જ પૂછયું છે કે કેટલા દર્દીઓને તપાસ્યા, એટલું જ પૂછયું છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સર, તપાસવાની સંખ્યા તો મેં શરૂઆતમાં આપી છે. તપાસેલા છે એમાં ૨૦૦૫-૦૬ માં ૮૩,૨૪,૪૬૧ અને ૨૦૦૬-૦૭ માં ૮૪,૩૪,૯૯૭ છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે ગંભીર બિમારી વાળા ૧૮૦ વિદ્યાર્થીઓને આપણે રાજયની બહાર મોકલ્યા, તેની સારવાના અંતે સરકારની પાસે એવો કોઈ રિપોર્ટ છે કે એ બાળકોની પરિસ્થિતિ કેવી રહી છે અને હાલમાં શું પરિસ્થિતિ છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવી એના માટે સિવિલ હોસ્પિટલના પ્રોફેસરોની પાસે એક અભ્યાસ અહેવાલ તૈયાર કરાવવામાં આવ્યો છે. અને એ અહેવાલના તારણો મુજબ જે બાળકોને સારવાર આપવામાં આવી છે એમાં ૯૦ ટકા કરતાં વધારે બાળકોની સ્થિતિ

સારી છે. અને મહદ અંશે એમના મા-બાપોએ પણ આ સારવારની ગુણવત્તા અને એમને આપવામાં આવેલ સારવારના કારણે ઉપલબ્ધ થયેલ પરિણામો અંગે સંતોષ વ્યકત કર્યો છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો પ્રદિપસિંહજીએ પ્રશ્ન પૂછયો હતો તેને એકસ્ટેન્ડ કરીને ફરી વાર પૂછું છું કે આને આઈ.સી.ડી.એસ.માં તમે એકસ્ટેન્ડ કરવા માગો છો અને હાયર એજયુકેશનમાં એકસ્ટેન્ડ કરવા માગો છો કે કેમ, અને આમાં કુલ મળીને કેટલા ડોકટરોની ટીમ કામે લાગે છે? કોઈ ખાનગી ડોકટરોની સેવા લેવામાં આવે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં તો આ સેવાઓ એકસ્ટેન્ડ કરવામાં આવી જ છે. અને કુલ મળીને ૧૫૯૦ તબીબોની ટીમ અને ૨૬૮ તજજ્ઞોની કામગીરી થકી આ કામ પૂરું કરવામાં આવે છે. એ ઉપરાંત ટી.બી. સુપરવાઈઝર, લેપ્રસી સુપરવાઈઝર, આયુર્વેદિક ડોકટર, ઈન્ટરનીસ, જનરલ નર્સીંગ સ્ટુડન્ટ, ગ્રામ્ય આરોગ્ય સહાયક, અને સી.બી. વી. વર્કર વગેરે મારફત આ કાર્યક્રમમાં મદદ લેવામાં આવે છે.

## જોડીયા તાલુકામાં આજી-૪ સિંચાઈ યોજનાનું કામ

***૨૧૫૩ શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) જામનગર જિલ્લાના ખોડીયા તાલુકાના તારાણાધાર પાસેની આજી-૪ સિંચાઈ યોજનાનું કામ કયારે મંજૂર થયેલ,

(૨) આ સિંચાઈ યોજનાઓ દ્વારા કેટલા હેકટર જમીનને સિંચાઈ આપવાનું આયોજન છે, અને

(૩) આ સિંચાઈ યોજનાની કેનાલો દ્વારા ખેડૂતોને સિંચાઈ માટે કયારે પાણી મળતું થશે?

**જળ સંપત્તિ મંત્રીશ્રી :**

(૧) માહે ૧૧/૯૭માં વહીવટી મંજૂરી આપેલ છે.

(૨) ૫૪૦૩ હેકટર જમીનમાં સિંચાઈનું પાણી આપવાનું આયોજન છે.

(૩) જમીન સંપાદન અને પુનઃ વસવાટની કામગીરી પૂર્ણ થયે કામો હાથ ધરી સિંચાઈનું પાણી આપવાનું આયોજન છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧૧-૯૭ માં વહીવટી મંજૂરી આપેલ છે. સૌરાષ્ટ્રની ૨૩ જેટલી સિંચાઈ યોજના આ સરકારે નામંજૂર કરી છે એવા સંજોગોમાં અમારા વિસ્તારની આ મહત્વની સિંચાઈ યોજના છે અને ૧૧/૯૭માં મંજૂર થયેલી યોજના લગભગ દસ વર્ષ થયા ડેમનું કામ પૂરું થઈ ગયું છે છતાં આજ સુધી એક વીઘા જમીનને પણ પાણી મળેલ નથી, તો હું એ જાણવા માગું છું કે આ યોજના પાછળ અત્યાર સુધીમાં કેટલો ખર્ચ થયો આ યોજનાની કેનાલો દ્વારા આ નકકી કરેલી ૫૪૦૩ હેકટર જમીનમાં સિંચાઈનો લાભ કયારે આપવામાં આવશે અને અત્યાર સુધી ડેમ બની ગયા પછી સિંચાઈ માટે કેનાલ દ્વારા લાભ ન આપી શકવાના કારણો શું છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : ૧૯૯૭માં યોજનાની પ્રાથમિક મંજૂરી ૭૫ કરોડ ૧૬ લાખની આપવામાં આવી હતી. ત્યારબાદ ૧૨૩ કરોડની સમગ્ર યોજનાની મંજૂરી આપવામાં આવી. યોજનાનું કામ પણ મોટા ભાગનું ૧૯૯૭-૯૮ સુધીમાં સિવિલ વર્ક તથા અન્ય કામો પૂર્ણ થયેલ છે. પરંતુ મુખ્ય પ્રશ્ન જમીન સંપાદનનો છે. આ યોજનામાં કુલ ૧૩૬૨ હેકટર જમીન સંપાદન કરવાની હતી એમાં એક જીરાગઢ નામનું આખું ગામ ડૂબાણમાં આવે છે એની જમીન પણ સંપાદન કરવાની હતી. આ સંપાદન દરમિયાન જીરાગઢ ગામમાં લગભગ ૫૦૦ ઘરો આવેલા છે એની વસતિ આશરે ૨૫૦૦ થી ૩૦૦૦ની છે. એમાં જમીન સંપાદન અધિકારી તરફથી રૅકૉર્ડ માગવામાં આવ્યા તો તે વખતે ૫૦ ટકા કરતાં વધુ લોકો પાસે પોતાની માલિકીની જમીન છે અથવા પોતાની માલિકીનું ઘર છે તેના કોઈ સરકારી આધાર પુરાવા ભૂતકાળના કે અત્યારના કોઈપણ નહિ હોવાને કારણે જમીન સંપાદનની કાર્યવાહી વિલંબમાં મુકાઈ છે. આ આધાર પુરાવા જમીન સંપાદનમાં માગવામાં આવેલ છે એ સમયસર આપી દીધા હોત તો યોજનાનું કામ પૂર્ણ થઈ ગયું હોત. આ યોજના પાછળ ૧૦૦ કરોડ રૂપિયા કરતાં પણ વધારે ખર્ચ થઈ ચૂક્યો છે. આ જીરાગઢ ગામની જમીન મળી જાય અને અન્ય ગામોની જમીન મળી જાય તો તરતજ પાણી ભરીને માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ તમામ કમાન્ડ વિસ્તારમાં પાણી આપવાની અમારી પૂરેપૂરી તૈયારી છે.

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, જામજોધપુર કોટડા બાવીસી ફુલઝર યોજના છેલ્લા દસેક વર્ષથી પૂરી થઈ ગયેલ છે. એની કેનાલના કામો નકશા વિરુદ્ધ કરવામાં આવેલ છે એના લીધે ખેડૂતોને લાભ મળતો નથી. તેથી આ ખોટી જગ્યાએ કેનાલો કરી નાખવામાં આવી છે એ પૂરીને સાચા નકશા પ્રમાણે કેનાલો કરવા માગે છે કે કેમ? ફુલઝર યોજનામાં ડૂબમાં ગયેલ રસ્તાઓ છે એના લીધે ખેડૂતોને પોતાના ખેતરમાં જવાની તકલીફ પડે છે તો ખેડૂતોને પોતાના ખેતરમાં જવા માટે રસ્તા કરવા માગો છો કે કેમ? એ જ રીતે ઉમિયા સાગર યોજના થયેલ છે પરંતુ એના દરવાજા ફીટ ન કર્યા હોવાને લીધે આ યોજનાનો લાભ ખેડૂતોને મળતો નથી તો એ તાત્કાલિક કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : આ પ્રશ્ન આ એકજ યોજના માટેનો છે. માનનીય સભ્યશ્રી બીજી યોજનાઓની વાત કરે છે પરંતુ મને રૂબરૂ મળશે તો એ બધી યોજનામાં ઝડપ થાય એના માટેની જરૂરી કાર્યવાહી કરાવીશું.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : આ યોજનામાં વિલંબ થવાનું કારણ જીરાગઢ ગામની જમીન સંપાદન ન થવાને લીધે છે. આ ગામને અન્ય જગ્યાએ ખસેડવાનું છે. અગાઉ યોજનાઓમાં ઝડપ થાય એમાં ડૂબમાં જતી જમીન ધરાવતા ખેડૂતો હોય એને સમયસર અને ઝડપથી વળતર મળી રહે એના માટે સંમતિ એવોર્ડ સમિતિ બનાવવામાં આવેલ હતી. એમાં મંત્રીમંડળના સભ્યો અને સચિવ કક્ષાની આ સમિતિ હતી. આ સમિતિ ઝડપ થાય એના માટે પ્રયત્નો કરતી હતી પરંતુ કોઈએ આ પ્રથા બંધ થાય એના માટે તપાસ માગી હતી એટલે એ સમિતિ બંધ કરી દેવામાં આવેલ છે. આ પ્રથા હતી ત્યારે ઝડપથી આ બધી કાર્યવાહી થતી હતી. આટલો મોટો ખર્ચ થયા પછી ખેડૂતોને સિંચાઈનો લાભ મળતો નથી આવી તો જામનગર જિલ્લામાં આશરે દસેક યોજનાઓ છે. સંમતિ એવોર્ડ સમિતિ હતી એ ખેડૂતો સાથે સીધી વાટાઘાટો કરતી હતી અને જમીનના કબજા મેળવવામાં આવતા હતા. તો આ સંમતિ એવોર્ડ પ્રથા બંધ કરવાના કારણો શું?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. અગાઉ જમીન સંપાદનની કાર્યવાહીની સાથે સાથે રાજય સરકારે એક સમિતિ બનાવી હતી. કન્સેન્ટ એવોર્ડ સમિતિ. આ સમિતિ ખેડૂતોને બોલાવે એની સાથે વાટાઘાટો કરીને જમીન સંપાદનની કાર્યવાહી ઝડપથી થાય તેવું આયોજન કરતી હતી. જે તે વખતે અમુક વ્યકિતઓ તરફથી આ સમિતિ સામે આક્ષેપો થયા કે તમે ખેડૂતોને વધારે કિંમત આપો છો અથવા અમુક વિસ્તારમાં ઓછા આપો છો એટલે રાજય સરકારે એ સમિતિની કામગીરી બંધ કરી દીધી અને સરકારે રેવન્યુના ધારા ધોરણ પ્રમાણે સંપાદનની કાર્યવાહી ચાલુ કરેલ છે. હું માનનીય સભ્યશ્રીના અને આ હાઉસના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે હજુ પણ આ જ ખેડૂતો અલગથી કન્સેન્ટ એવોર્ડ અધિકારીઓ સાથે કરે અને ત્યાં માનનીય સભ્યશ્રી પણ જો મદદ કરે તો જીરાગઢ ગામ અને અન્ય જે જમીનો ડૂબાણમાં જાય છે તેનો કબજો મળી જાય, જીરાગઢ ગામ માટે સરકારે પોતે ૨૭ હેકટર જમીન ખાનગી સંપાદન કરીને ખરીદી પણ રાખી છે. એ ગામ જો સંપાદનવાળી જમીનમાં શીફટ થવા માગતું હોય તો આ વર્ષે જ અમે શીફટ કરવા તૈયાર છીએ.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન બહુ ગંભીર છે. ૧૦૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ આ યોજના પાછળ થઈ ગયો છે. એક વીઘા જેટલી જમીનને આજ સુધી સિંચાઈનું પાણી મળતું નથી. સવાલ એ છે કે જમીન સંપાદનનો પ્રશ્ન અને ગામના પુનઃવસવાટનો પ્રશ્ન, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ગામના સ્થળાંતર માટે તાત્કાલિક કાર્યવાહી કરવા માગો છો કે કેમ? અને બીજું, મૂળુભાઈએ જે વાત કરી તેમ સંમતિ એવોર્ડથી જો તમે જમીન લેવા માગતા હશો તો અમે તમામ પ્રકારની મદદ કરીશું પણ તમે સંમતિ એવોર્ડથી જમીન સંપાદન કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બે પ્રશ્નો પૂછયા, એકનો તો મેં જવાબ આપ્યો છે કે જમીન સંપાદન અધિકારીની સાથે અને કલેકટર સાથે નેગોશીએટ કરીને ત્યાંની સ્થાનિક કિંમત તમે નક્કી કરો. વ્યાજબી કિંમત હશે અને કલેકટરની એપ્રુવલ હશે તો ચોક્કસ સરકાર તેમાં ગંભીરતાથી વિચારશે. અમે તૈયાર છીએ. બીજો એમણે જે પ્રશ્ન કર્યો કે કોઈના કારણે નહીં પણ જે ખેડૂતોની અથવા જે મકાન માલિકોની જમીન ડૂબાણમાં જાય છે, જે ગામ ડૂબાણમાં જાય છે એ ગામના લોકો પાસે પોતાની માલિકીની જમીન છે એવા કોઈ આધાર-પુરાવા નહીં હોવાને કારણે હવે અમે રેવન્યુ વિભાગ સાથે પરામર્શ કર્યો છે અને રેવન્યુ વિભાગે પણ અમને એવું કહ્યું છે કે ૧૨ વર્ષના વેરાની પાવતીઓ જે લાભાર્થી બતાવશે તો તેને માન્ય લાભાર્થી ગણીને સંપાદનની કાર્યવાહી સિંચાઈ વિભાગ અને રેવન્યુ વિભાગ કરશે. એટલે આમાં ઝડપ આવશે એવું મારું માનવું છે. આમાં કાયદાકીય પ્રોસીજર નક્કી છે. જુદા જુદા પ્રકારના વાંધા માગવાનો સમય એ પણ નક્કી છે. તેની સાથે આપણે આગળ કાર્યવાહી કરીશું.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામનગર જિલ્લામાં મધ્યમ ક્રમના પિયતના નવા ડૅમો કેટલા મંજૂર કરવામાં આવ્યા?

**અધ્યક્ષશ્રી** : શ્રી લાલજીભાઈ, આ પ્રશ્ન માત્ર આજી-૪ વિષેનો છે. તેના ઉપર આપનો કોઈ પ્રશ્ન હોય તો કહો.. નેકસ્ટ.

## અમદાવાદ જિલ્લામાં યાત્રાધામ વિકાસ યોજના હેઠળ ફાળવેલ નાણા

***૨૦૮૯ શ્રી કાન્તિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. અમદાવાદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ યાત્રાધામ વિકાસ યોજના દ્વારા કેટલા ધાર્મિક સ્થળોમાં નાણા આપવામાં આવ્યા,
૨. તેમાં બાવળા, ધોળકા અને આણંદ તાલુકામાં કયા કયા સ્થળોએ કેટલા નાણા ફાળવવામાં આવ્યા, અને
૩. કેટલા સ્થળોની માગણી આવી, કેટલા બાકી રહ્યા છે?

**યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી:**

૧. એક પણ નહીં.
૨. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
૩. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ:** માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં ઝાંઝરકા અને કેસરડી એ દલિતોનું આસ્થાસ્થાન છે. ખૂબ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ત્યાં આવે છે. બીજા રાજયોમાંથી પણ યાત્રાળુઓ ત્યાં યાત્રા કરવા

આવે છે તો તેનો સમાવેશ કરીને તેને સગવડતા આપવા માગો છો કે કેમ? કેમ કે દલિત સમાજમાંથી કોઈ મોટું ડોનેશન આવતું હોતું નથી કે જેને કારણે ત્યાં સગવડતા ઉભી થઈ શકે. તો તેનો સમાવેશ કરીને નાણાંની કોઈ જોગવાઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન અમદાવાદ જિલ્લામાં યાત્રાધામ વિકાસ યોજના દ્વારા કેટલા ધાર્મિક સ્થળોએ નાણાં આપવામાં આવ્યા અ અંગેનો છે. એ યોજનાતળે જેને નાણાં અપાય છે, આપના થકી હું માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે એ રાજય સરકાર હસ્તકના ૩૩૯ જેટલા દેવસ્થાનો છે. જે કલેકટરોના તાબામાં આવે છે. જે પહેલાં રજવાડી શાસન દરમ્યાન સાલિયાણું મેળવતા હતા તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં ૬ પવિત્ર તીર્થધામોનો સમાવેશ કરવામાં આવ્યો છે એ અલગથી કરવામાં આવ્યો છે અને માનનીય સભ્યશ્રીની લાગણી છે, ઝાંઝરકા માટે આ વખતે ભારતીય જનતા પક્ષના મૅનિફૅસ્ટોમાં પણ આ પવિત્ર યાત્રાધામનો વિકાસ કરવા માટેની વાત કરવામાં આવી છે અને હું આપના થકી માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે આ માટે જે કંઈ જરૂરી હશે તે આયોજન હેઠળ વિચારણા કરવામાં આવશે.

## જૂનાગઢ જિલ્લામાં હિરણ-૨ આધારિત પીવાનું પાણી

***૨૩૫૮ શ્રી ભગવાનભાઈ ધા. બારડ (તાલાળા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. જૂનાગઢ જિલ્લાના વેરાવળ અને સુત્રાપાડા તાલુકાને પીવાનું પાણી પૂરું પાડતી હીરણ-૨ ડેમ આધારિત ગ્રામીણ પાણી પુરવઠા યોજનાની મુખ્ય લાઈન અને બન્ને તાલુકાને અલગ કરતી મુખ્ય લાઈન વારંવાર તૂટી જવાથી પાણી પૂરું પાડી શકાતું નથી તે હકીકત સાચી છે,
૨. જો હા, તો આ યોજનાની લાઈનો બદલવાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું,
૩. આ કામ પાછળ કેટલો ખર્ચ થયો, અને
૪. અધૂરું કામ કેટલા સમયમાં પૂરું કરવામાં આવશે?

**પાણી પૂરવઠા મંત્રીશ્રી:**

૧. હા,જી.
૨. મંજૂરીની કાર્યવાહી હાથ પર છે.
૩. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
૪. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, બે નંબરના પ્રશ્નના જવાબમાં મંજૂરીની કાર્યવાહી હાથ ઉપર છે એવું માનનીય મંત્રીશ્રીએ બતાવ્યું છે, પણ એ જે મુખ્ય યોજના છે તેમાંની જે મુખ્ય પાઈપ લાઈન છે તેના માટેની આ વાત છે. આ યોજના નીચે મારા જ વિસ્તારના લગભગ ૬થી ૭ ગામ એવા છે કે એને બિલકુલ પાણી મળતું નથી અને એના કારણે ત્યાં જમીનની અંદર પણ બારેમાસ ખારું પાણી હોય છે. આના સિવાય ત્યાં કોઈ વ્યવસ્થા નથી. પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત કરીને એક વાતના નિર્ણય ઉપર આવ્યા હતા કે, આમના માટે ધામણજ ગામે ઊંચી ટાંકી અને સમ્પ બનાવવામાં આવે તો પાણી વિતરણ થાય, તો જ પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે. તો માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ધામણજ ગામે ઊંચી ટાંકી અને સમ્પ બનાવવા આગળની કાર્યવાહી માગો છો કે કેમ? કારણ કે, સમ્પ અને ટાંકી બન્યા સિવાય આ પાણી મળી શકે એમ નથી. એટલે સરકારશ્રી અને માનનીય મંત્રીશ્રી વિચારણા કરીને સમ્પ અને ટાંકી બનાવે એવી વિનંતી કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અગાઉ ૪૦ ગામ માટે બનાવવામાં આવેલ. એમાં વેરાવળ અને સુત્રાપાડા તાલુકાના ગામોનો સમાવેશ થયો હતો. ત્યારબાદ જે તે વખતે અન્ય ગામોમાં પાણીની તકલીફ હોવાથી બીજા આઠ ગામ તલાલા, વેરાવળ અને માળીયાના ઉમેરવામાં આવેલ. એટલે આ ૪૮ ગામની યોજના થતાં જરૂરિયાત મુજબ ટાંકી અને સમ્પની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ. અત્યારે હાલ આ યોજનાથી જે પાણી આપવામાં આવે છે તેની જે પાઈપલાઈન છે તે પાઈપલાઈન હાઈવે પાસેથી પસાર થાય છે. તે હાઈવે પહોળો કરવાના કારણે પાઈપલાઈનને નુકસાન થાય છે. ભારે વાહન-વ્યવહારના કારણે બીજી વધારાની પાઈપલાઈનનું કામ મંજૂર કર્યું છે. માનનીય સભ્યશ્રીની જે લાગણી પ્રદર્શિત કરી ઊંચી ટાંકી અને સમ્પ બનાવવામાં આવે તો ૮ ગામનો પ્રશ્ન હલ થાય તેમ છે. તો તે અંગે તાંત્રિક સરવે કરાવી જરૂરિયાત હશે અને વહિવટી રીતે અનુકૂળ હશે તો સહાનુભૂતિપૂર્વક વિચારીશું.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના શરૂ થઈ ત્યારે ૪૨ ગામની યોજના હતી. આજે ૫૦ ગામની હયાત યોજના છે. પરંતુ લાઈન નબળી અને તૂટવાના કારણે આ ગામને પાણી મળતું નથી અને નવી પાઈપ લાઈન નાખી અને બાકી રહેતા ગામોનો સમાવેશ કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પ્રશ્નના જવાબમાં સૌરાષ્ટ્રના તમામ ગામને નર્મદા પાઈપ લાઈન આધારિત અન્ય વૈકલ્પિક વ્યવસ્થા આપણે આપવાના છીએ. આ અત્યારે હયાત યોજના છે એનું મેચીંગ થાય અને કોઈપણ ગામ પીવાના મીઠા પાણી વગર ન રહે તે માટે ચોક્કસ કરીશું.

## કોયલી ગામના દવાખાનામાં પી.એમ.માટેની સુવિધા

***૨૧૨૪ શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-
(૧) વડોદરા તાલુકાના કોયલી ગામમાં આવેલ દવાખાનામાં પી.એમ. કરવા માટે જરૂરી સુવિધાઓ છે કે કેમ? અને
(૨) જો હા, તો કયા કયા પ્રકારની સુવિધાઓ છે?

**આરોગ્ય મંત્રીશ્રી** :
(૧) હા, જી.
(૨) (૧) પોસ્ટ મોર્ટમ રૂમની
(૨) પોસ્ટ મોર્ટમ કરવા માટે ટેબલ
(૩) લાઈટ, પાણી
(૪) પી.એમ.કરવા માટેનો સેટ

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોયલી ગામના દવાખાનામાં પોસ્ટ મોર્ટમ કરવા માટેની રૂમ, ટેબલ, લાઈટ, પાણી અને એનો સેટ પણ છે. પરંતુ આ જે દવાખાનું છે એ ખૂબ જૂના વખતનું છે. એની છત ઉપર નળિયા નાખેલા છે. એના કારણે કાયમી જર્જરિત રહે છે. પહેલો સવાલ એ છે કે, નવીનીકરણ કરવા માગો છો કે કેમ? અને બીજો સવાલ એ છે કે, આ દવાખાના પાસે કેન્દ્ર સરકાર અને રાજય સરકારના જાહેર સાહસો આવેલા છે. જેથી ત્યાં વસ્તીના ધોરણ છે એ વસ્તીના ધોરણે આ દવાખાનાનું અપગ્રેડેશન કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, બન્ને મુદ્દા સૂચન છે. આ અંગેની દરખાસ્ત આવશે તો ચોક્કસ વિચારણામાં લઈશું. પણ જે વિગતો છે એ પ્રમાણે ત્યાં પી.એમ. કરવામાં આવે છે. એટલે અત્યારે એના કારણે કોઈ મુશ્કેલી નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન માત્ર કોયલીનો છે. કોયલી ઉપર હોય તો જ કહો. વ્યવસ્થા અંગેનો પ્રશ્ન છે એ પછી આપ મળીને પૂછી લેજો. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક: ૮

## ભરૂચમાં ઐતિહાસિક વાવોની સફાઈ

**૨૪૦૦ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-
(૧) ભરૂચ જિલ્લામાં ઐતિહાસિક વાવોની સફાઈ કામગીરી સરકારે હાથ ધરી છે કે કેમ, અને
(૨) જો હા, તો તાઃ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલી વાવની કામગીરી પૂર્ણ થઈ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**
(૧) હા, જી.
(૨) તેર (૧૩)

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં કયા તાલુકામાં કયા ગામે વાવ પૂર્ણ કરવામાં આવી? વાવમાં કયા પ્રકારની કામગીરી પૂર્ણ કરવામાં આવે છે અને ભૂતકાળની કોઈ સરકારોમાં ઐતિહાસિક વાવની કામગીરી કરવામાં આવતી હતી કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં અગાઉના દાયકાઓ દરમિયાન અથવા સદીઓ દરમિયાન અનેક વાવો જે તે વખતે બનાવવામાં આવેલ અને એ વાવો સમયાંતરે જીર્ણ થઈ, એનો ઉપયોગ બંધ થયો અને એ અવાવરૂ થઈ ગઈ એના પાણીના સોર્સ સૂકાઈ ગયા અને એની જાળવણી નહીં થઈ શકવાને કારણે એ નેસ્તનાબૂદ થઈ જાય એવી સ્થિતિમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક ઐતિહાસિક નિર્ણય કર્યો એ ઐતિહાસિક વાવો, આમાં બધી જ વાવો ઐતિહાસિક નથી પણ કેટલીક વાવો દા.ત. ગાંધીનગર પાસે અડાલજની વાવ, પાટણની વાવ કે સૌરાષ્ટ્રમાં મધ્ય ગુજરાતમાં જૂની વાવો ઐતિહાસિક છે એની પુનઃ:સ્થાપના કરવા માટે આયોજન કરેલું છે અને એ આયોજન અત્યારે ચાલુ પણ છે એમાં ભરૂચ જિલ્લામાં કુલ ૧૩ વાવોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે અને ૮ વાવ પુનઃસ્થાપિત કરવાની કામગીરી અત્યારે ચાલુ છે. આમાં ૨૧ વાવો ભરૂચ જિલ્લાની પુનઃસ્થાપિત થઈ છે. હું માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આપના વિસ્તારમાં આ વાવો રાજય સરકાર પોતાની રીતે... ...

**અધ્યક્ષશ્રી** : આપ ભરૂચ જિલ્લા પૂરતા મર્યાદિત રહો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ આ બહુ અગત્યની વાત છે એટલા માટે કહુ છું હું દરેક સભ્યશ્રીઓને વિનંતી કરું છું આપના વિસ્તારમાં કોઈપણ જગ્યાએ આવી ઐતિહાસિક વાવ હોય, એનો જીર્ણોદ્ધાર કરવો જરૂરી હોય તો ચોક્કસ અમારું ધ્યાન દોરજો, રાજય સરકાર રાજયની તમામ ઐતિહાસિક વાવોનો જીણોદ્ધાર કરવા માગે છે તો તમામ માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે અને ભરૂચ જિલ્લામાં કુલ ૨૧ વાવોના કામ અત્યારે હાથ પર છે.

## ખોરાક અને ઔષધ માટે એક્રીડીટેશન

***૨૮૭૫ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા:૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજય સરકાર હસ્તકની ખોરાક અને ઔષધ પ્રયોગ શાળાના એન.એ.બી.એલ. એક્રીડીટેશન માટે સરકારે કયાં પગલાં લીધાં?

**આરોગ્ય મંત્રીશ્રી** :

તા:૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજય સરકાર હસ્તકની ખોરાક અને ઔષધ પ્રયોગશાળાના એક્રીડીટેશન માટે સરકારે નીચે મુજબનાં પગલાં લીધા છે,

૧. ખોરાક અને ઔષધ પ્રયોગશાળા વડોદરા માટે એન.એ.બી.એલ. એક્રીડીટેશન મેળવવા ડિપાર્ટમૅન્ટ ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી, નવી દિલ્હીને તા:૫-૨-૨૦૦૭થી અરજી કરવામાં આવેલ છે.

* જરૂરી વૈજ્ઞાનિક દસ્તાવેજો તથા કવોલિટી મેન્યુઅલ તૈયાર કરી દીધેલ છે.

* લીડ એસેસરની ટીમ દ્વારા એસેસમેન્ટની કામગીરી કરવામાં આવેલ છે અને તેમના સૂચનો મુજબનાં ફેરફાર કરી દીધેલ છે અને ફાઈનલ એસેસમેન્ટ કરવા વિનંતી કરેલ છે.

* પ્રયોગશાળાના સાધનોનું થર્ડ પાર્ટી કેલીબ્રેશન, એન.એ.બી.એલ. એક્રીડીટેશન લૅબૉરૅટરીમાં કરવામાં આવેલ છે.

* આધુનિક ઉપકરણો વાપરવા માટે વૈજ્ઞાનિકોને કંપનીની ઈજનેરો દ્વારા અને એન.એ.બી.એલ.ની ટૅક્નીકલ કામગીરી અંગેની તાલીમ આપી દેવામાં આવેલ છે.

* ઉપકરણો વાપરવા અંગે ૩૨૪ એસ.ઓ.પી. તૈયાર કરવામાં આવેલ છે.

* "ઈન્ટર લૅબૉરૅટરી કમ્પેરીઝન માટે ખોરાક અને ઔષધના સેમ્પલો જુદી જુદી ૬ એન.એ.બી.એલ. એક્રીડીટેશન લૅબૉરૅટરીમાં મોકલવામાં આવેલ છે.

* એન.એ.બી.એલ. એક્રીડીટેશન માટે જરૂરી લૅબૉરૅટરી પરીક્ષણોના રિઝલ્ટમાં "Estimation Uncertainty measurmement" લાગુ પાડ્યું છે.

૨ ભુજ અને રાજકોટ ખાતેની ખોરાક પ્રયોગશાળાઓનાં એક્રીડીટેશન માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

૩ ભુજ ખાતેની ખોરાક પ્રયોગશાળાના એક્રીડીટેશન માટે રૂા. ૨૪ લાખની જોગવાઈ વર્ષ ૨૦૦૮-૦૯ના વર્ષના અંદાજપત્રમાં કરી છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખોરાક અને ઔષધ પ્રયોગશાળાના એમણે દર્શાવ્યા છે પણ ૨૦૦૨-૦૩માં ભુજ અને રાજકોટ ખાતેની ખોરાક પ્રયોગશાળાના એક્રીડીટેશન માટે તૈયારીઓ શરૂ કરવામાં આવી અને ભુજમાં ૨૪ લાખની જોગવાઈ કરવામાં આવી તો રાજકોટ ખાતે એ રકમ દર્શાવી નથી તો કેટલી રકમની જોગવાઈ કરવા માગો છો અને મારો બીજો પ્રશ્ન છે કે આવી પ્રયોગશાળાઓ મહેસાણા જિલ્લા કે પાટણ જિલ્લામાં કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને હું આપના થકી કહેવા માગું છું કે સર્ટિફિકેટ મેળવવા માટે જે અમૂક જોગવાઈઓ છે એ પ્રમાણે પહેલા જ્યારે ડોકયુમેન્ટેશન જેવા કે S.O.P. લોગબુક, ડેટા એન્ટ્રી રજિસ્ટર, કવોલીટી મેન્યુઅલ, કવોલીટી પૉલિસી, કવોલીટી સિસ્ટમ એન્વાર્યમેન્ટ કવોલીફાઈડ સ્ટાફ, તાલીમ વગેરે એની જોગવાઈ કરવાની હોય છે. એની તબક્કાવાર કામગીરી હાથમાં લેવાની છે એટલે ભુજ માટે અત્યારે આ વર્ષે જોગવાઈ કરી છે અને એના માટેની કામગીરી શરૂ કરવામાં આવશે.. બાકીની જે કામગીરી રાજકોટ માટે કરવાની થશે જે પ્રમાણે જરૂરિયાત ઉભી થશે એ પ્રમાણે ચોક્કસ એના માટેની જે કોઈ જરૂરિયાત હશે તે પૂરી કરીશું. હું આપના થકી માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે રાજયની ત્રણે-ત્રણ લૅબૉરૅટરીને એન.એ.બી.એલ. નીચે સત્વરે લાવી શકાય તે માટે જરૂરી જે કંઈ પ્રયત્નો કરવા પડશે તે પ્રયત્નો કરવા માટેનું કાર્ય કરવામાં આવશે અને બાકીની બે લૅબૉરૅટરી સ્થાપવા માટેની એમની જે વાત છે એ સૂચન છે અને ગુણવત્તા અનુસાર એની ચકાસણી કરવામાં આવશે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય મંત્રીશ્રીના જવાબમાં એમ છે કે એની અરજી દિલ્હીને કરી છે. ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, નવી દિલ્હીને તા. ૫-૨-૨૦૦૭ના રોજ રજૂઆત કરી છે. એક વર્ષ જેવો સમય ગયો છે ત્યારે મારી માગણી છે કે આ એક વર્ષ જેવો સમય ગયો હોવા છતાં આપણને જે મંજૂરી મળવી જોઈએ એ મળી નથી એટલા માટે રીમાઈન્ડરો કરવામાં આવ્યા છે કે કેમ? બીજું કે લીડ એસેસરની ટીમ દ્વારા એસેસમેન્ટની કામગીરી થઈ છે, It is more then one persion તો લીડ એસેસર ટીમના સભ્યો કોણ છે અને જવાબમાં બતાવ્યા પ્રમાણે એમણે કયા પ્રકારના સૂચનો કર્યા હતા અને આપણે કયા ફેરફારો કર્યા છે? આ આધુનિક ઉપકરણો કયા પ્રકારના છે કે જેને વાપરવા માટે ખાસ તાલીમ પણ આપવામાં આવે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, લીડ એસેસર જે પ્રમાણે ઓડિટ કરે એ પ્રમાણે અહેવાલ આપતું હોય છે. એ કાયદાકીય જરૂરિયાત છે એટલે એમણે જે કાંઈ અહેવાલ આપ્યો હોય તે અહેવાલ એન.એ.બી.એલ.ના ધારા-ધોરણો અનુસાર પૂર્તતા કરવાની થતી હોય છે. જ્યાં એલ્યુમિનિયમની ફ્રેમ ન હોય અને

લાકડાની હોય તો એલ્યુમિનિયમની ફ્રેમ નાખવી પડે. એર કન્ડીશનર ન હોય તો એર કન્ડીશનરનું કરવું પડે. આ માટેની કેટલીક જરૂરિયાત છે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ટૂંકો જવાબ આપી દો તો સારું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : જરૂરિયાતો છે એની પૂર્તતા કરવામાં આવી રહી છે, એટલે એમાં વિલંબ નથી થયો.

**આરોગ્યની તપાસણી કાર્યકક્રમ હેઠળ સારવાર**

***૨૨૩૪ શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને કઈ બિમારીઓની સારવાર આપવામાં આવે છે, અને

(૨) જેના માટે પ્રતિ વર્ષ કેટલો ખર્ચ કરવામાં આવે છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની ખામી, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, શ્વસનતંત્રની ખામી, ચેતાતંત્રના રોગ, અસ્થિતંત્રના રોગ, વિકલાંગતા, હૃદય, કીડની અને કેન્સર જેવી બિમારીઓની સારવાર આપવામાં આવે છે. ચશ્માની જરૂરિયાતવાળા બાળકોને વિના મૂલ્યે ચશ્મા આપવામાં આવે છે.

(૨) વર્ષ ૨૦૦૬-૦૭માં કુલ રૂા. ૫,૯૯,૯૭,૦૪૬/-
વર્ષ ૨૦૦૭-૦૮માં કુલ રૂા. ૧૦,૪૩,૪૬,૭૫૩/- (૧૬-૨-૨૦૦૮ સુધી)

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો રાજ્ય સરકારને હું અભિનંદન આપું છું કે આરોગ્ય તપાસણી કાર્યક્રમથી ઘણા ગરીબ વિદ્યાર્થીઓ અને ગરીબ લોકોને આનો લાભ મળેલ છે. પરંતુ સુરેન્દ્રનગર જિલ્લાની શાળાઓમાં ખાસ કયા પ્રકારના રોગોનું પ્રમાણે વધારે જોવા મળેલ છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : જિલ્લાવાર તો મારી પાસે બ્રેક-અપ નથી. અલગથી આપી શકાય પણ સામાન્ય રીતે બાળકોમાં કયા કયા રોગો જોવા મળે છે એ મારી પાસે છે. આપની અનુમતિ હોય તો આપવા તૈયાર છું.

**અધ્યક્ષશ્રી** : સુરેન્દ્રનગરના કહ્યું છે તો તમે એ માહિતી એમને મોકલી આપજો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : હા, મોકલી આપીશ.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : આ પ્રશ્નના જવાબમાં વર્ષ ૨૦૦૬-૦૭માં જે ખર્ચ થયો એ લગભગ ૬ કરોડ રૂપિયા બતાવ્યો છે. પ્રશ્ન ક્રમાંક-૩ ના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન ૧૨,૨૬,૦૦૦ વિદ્યાર્થીઓની ચકાસણી કરવામાં આવી. એટલે ૧૨.૨૬ લાખ વિદ્યાર્થીઓની ચકાસણીનો ખર્ચ લગભગ ૬ કરોડ રૂપિયા જેવો થયો. વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાનનો જે ખર્ચ બતાવવામાં આવ્યો છે એ ૧૦.૪૩ લાખ રૂપિયા છે. વર્ષ ૨૦૦૬-૦૭ના ખર્ચ કરતાં વર્ષ ૨૦૦૭-૦૮માં અનેકગણો વધારે ખર્ચ થયો હોય એવું દેખાય છે. તો એ વધારે ખર્ચ થવા પાછળના કારણો શું છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : વર્ષ ૨૦૦૭-૦૮માં માધ્યમિક શાળાના બાળકોને શાળા ચકાસણી કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. એટલે માનનીય સભ્યશ્રીને આપના થકી જણાવવાનું કે સંખ્યામાં વધારો થાય તેના કારણે આ ખર્ચમાં વધારો થાય તે સ્વભાવિક છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓની ચકાસણી કરવામાં આવી અને વિદ્યાર્થી દીઠ શું ખર્ચ થયો?

**શ્રી જયનારાયણ વ્યાસ** :વિદ્યાર્થી દીઠ ખર્ચના આંકડા મારી પાસે નથી પણ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના બાળકોની જે ચકાસણી થઈ તેના તા. ૭-૩-૨૦૦૮ સુધીના મારી પાસે આંકડા છે. તે મુજબ પ્રાથમિક શાળામાં તા. ૭-૩-૨૦૦૮ સુધીમાં કુલ બાળકો ૮૪,૩૩,૨૮૬ છે એમાંથી ૭૯,૬૩,૯૨૪ બાળકોની તપાસ કરવામાં આવી અને માધ્યમિક શાળાના ૨૫,૬૪,૭૨૯ બાળકોમાંથી ૨૨,૭૮,૪૫૭ બાળકોની તપાસ કરવામાં આવી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો પહેલા પ્રાથમિક આરોગ્ય તપાસણીની સ્કીમ લાવ્યા તે બદલ લાખ લાખ અભિનંદન આપું છું. કારણ કે, ગામડાની અંદર નાના ગરીબ ઘરના બાળકોને આનાથી વધારે ને વધારે સુવિધા મળતી થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે, જે બાળકોની હેલ્થ ચકાસણી કરવામાં આવે છે ત્યારે એને કયા તત્ત્વોની ખામી છે તેનું તેને હેલ્થકાર્ડ આપવામાં આવે છે કે નહિ? કારણ કે એના કારણે ભવિષ્યમાં કોઈ બિમારી થાય તો ભવિષ્યમાં બીજા ડૉકટર એની સારી રીતે સારવાર કરી શકે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, રક્ત ચકાસણી સિવાયની બાકીની ચકાસણી કરવામાં આવે છે અને જે તે રોગ દેખાય એમાં ગંભીર રોગ હોય એ માટે ફોલોઅપ પણ કરવામાં આવે છે. એ અંગે નિષ્ણાત તબીબી સેવાની જરૂર હોય તો એ પણ આપવામાં આવે છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમની અંદર અમુક કિસ્સા અમારા ધ્યાન પર આવ્યા છે એ પૈકી એક કિસ્સો દા.ત. કોઈ વિદ્યાર્થીને કિડનીની તકલીફ હોય તો ઉલ્ટી વગેરે થવાના કારણે થોડો સમય શાળામાં ગેરહાજર રહે છે. આ થોડા સમયની ગેરહાજરીના કારણે જે તે શાળાના આચાર્ય અથવા તો શિક્ષક એનું નામ ક્મી કરી નાંખે છે. એ સમય દરમ્યાન જ્યારે શાળા આરોગ્ય ચકાસણી થતી હોય તો એ વિદ્યાર્થી ત્યારે ગેરહાજરી દેખાય છે અથવા તો એનું નામ શાળાના રજિસ્ટર પરથી કમી થયેલ હોય છે તો એવા વિદ્યાર્થીને સમયની થોડી કોઈ બાંધછોડ કરીને એને આ કાર્યક્રમ નીચે આવરીને કોઈ સારવાર માટે જોગવાઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે આ જે પ્રશ્ન છે એ શિક્ષણખાતાના નિયમોને લગતો પ્રશ્ન છે. શાળામાં હાજરી અને બાળકને પરીક્ષા આપવા દેવી કે નહિ તેને લગતો છે, પણ તે અંગે શિક્ષણખાતાને જો કોઈ સર્ટિફિકેટની જરૂરિયાત અમારા ખાતા તરફથી જણાશે તો કિડનીની અથવા તો હ્રદય રોગ કે કૅન્સરમાં લાંબાગાળાની જે બાળકોને સારવાર લેવી પડતી હોય છે એના માટે આવી જે કાંઈ ચકાસણીના અંતે સર્ટિફિકેટ જરૂરી જણાય તે સર્ટિફિકેટ અમે આપીશું ત્યાર બાદ જે તે વિભાગ દ્વારા વિચારણા કરવાની રહેશે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ જે વિદ્યાર્થીઓને હાર્ટની બાયપાસનું કે કિડનીની સારવારની જરૂરિયાત ઉપસ્થિત થાય એવા સમયે એમના વાલીઓનો બી.પી.એલ. નંબર હોય તો જ લાભ આપવામાં આવે છે કે તમામ વિદ્યાર્થીઓને કે જેને બી.પી.એલ.નંબર નથી એવા વિદ્યાર્થીઓને પણ લાભ આપવામાં આવે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે તો આ અંગે કોઈ માગણી કરવામાં આવતી નથી પણ ગ્રોથ હોર્મન્સની બિમારીવાળા જે બાળકો હોય એના કિસ્સામાં બહુ મોટો ખર્ચો થતો હતો. એમાં બાળકની સારવારમાં ગરીબી રેખા નીચે બાળક હોય એમને મફતમાં સારવાર મળે, એ જ રીતે જેમાં કૅન્સર થેરાપી અથવા તો જેમાં કૅન્સરને લગતી બોર્નમેરોની ટ્રીટમેન્ટ આપવાની જરૂરિયાત ઊભી થાય છે એમાં પણ બહુ મોટો ખર્ચ આવે છે એટલે એમાં બી.પી.એલ.ની જોગવાઈને લક્ષમાં લેવામાં આવતી હોય છે. કારણ કે અમુક બાળકોની પાછળ ખૂબ ખર્ચો થઈ જાય તો બાકીના બાળકો પાછળ કરવાનો થતો ખર્ચ એ એમને પૂરો પાડી શકાય નહિ એટલા પૂરતું ગરીબી રેખા નીચે જે બાળકો જીવે છે એ બાળકોને સંપૂર્ણપણે સારવાર આપવામાં આવે છે એમાં કોઈ ખર્ચ માગવામાં આવતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે સભ્યશ્રીએ લાખ લાખ અભિનંદન આપ્યાં એમાં મારા એક લાખ હું વધારે મોહનભાઈ તમને આપી દઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે શાળાના બાળકોની આરોગ્ય ચકાસણી માટે બંને વિભાગો તરફથી સો ટકા ચકાસણીનો આગ્રહ રાખવામાં આવે છે અને વાસ્તવિક રીતે જે મને માહિતી છે એ પ્રમાણે સો ટકા ચકાસણી થતી નથી. પરંતુ સરકારના આગ્રહના કારણે સો ટકા ચકાસણી થઈ છે, પંચાણું ટકા ચકાસણી થઈ છે એવા આંકડા અહીંયાં આપવામાં આવે છે એવો દુરાગ્રહ સરકારે રાખવાના બદલે જે સાચી ચકાસણી થઈ હોય એની માહિતી લઈ અને જે ચકાસણી જે બાળકોની નથી થતી એની અલગથી વ્યવસ્થા કરવી જરૂર છે તો આવો આગ્રહ સરકાર છોડવા માગે છે કે કેમ? અને જે બાળકોની ખરેખર જેની ચકાસણી નથી થતી. આપણે બધા જાણીએ છીએ કે સો ટકા ચકાસણી નથી થતી તો એવા બાળકો માટે અલગથી ચકાસણી થાય એવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સો ટકા ચકાસણી થાય છે એવું ખાતા દ્વારા કયારેય કહેવામાં આવતું નથી. મેં જે આંકડા આપ્યા એમાં પણ પ્રાથમિક શાળાના ૨૦૦૭-૦૮ના આંકડા આપું તો ૮૪૩૩૦૦૦ બાળકોમાંથી ૭૯૬૩૦૦૦ બાળકોની ચકાસણી થઈ છે એટલે ચાર લાખ જેટલા બાળકો આ ચકાસણીમાંથી રહી ગયા છે આપના માધ્યમથી હું તો આ સન્માનનીય ગૃહને અને સભ્યશ્રીઓને એવું કહેવા માગું છું કે પ્રજાના પ્રતિનિધિ તરીકે આપણી ફરજ છે કે સોએ સો ટકા ચકાસણી થાય એ માટે લોક જાગૃતિ ઉભી કરવાનું કામ કરવામાં આવે. એટલે કોઈ આંકડા બનાવટ કરવામાં આવે છે અથવા આંકડા ઊભા કરવામાં આવે છે અથવા દુરાગ્રહ રાખવામાં આવે છે એ નથી પણ આપણે આપણી સામાજિક જવાબદારી સમજીને પ્રજાના પ્રતિનિધિઓએ પણ પોતપોતાના વિસ્તારમાં આવતી શાળાઓના સોએ સોટકા બાળકોની ચકાસણી થાય અને એમાં જો કયાંક કોઈ લેકસીટી હશે અથવા તો ઢીલ હશે અને માનનીય સભ્યશ્રીઓ મારા ધ્યાન ઉપર લાવશે કે આ શાળાના બાળકોની ચકાસણી કરાવવાની હતી અને નથી થઈ તો એમાં જો કોઈ ચૂક રહી ગઈ હશે તો એની સામે સખતમાં સખત કાર્યવાહી કરવાની હું માનનીય સભ્યશ્રીને આપના થકી હૈયાધારણ આપું છું.

## શહેરી ગરીબો માટે શૌચાલયના નિર્માણનું આયોજન

*** ૨૬૮૫ શ્રી મેઘજી ડા. કણઝારીયા (ખંભાળીયા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) શહેરી ગરીબો માટે રાજય સરકારે તા.૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલા વ્યકિતગત શૌચાલયોનું નિર્માણ કાર્ય પૂર્ણ કરેલ છે, અને

(૨) હજી વધારે કેટલા વ્યકિતગત શૌચાલયોનું નિર્માણ કાર્ય હાથ પર લેવામાં આવેલ છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી:**

(૧) કુલ ૮૮,૧૬૧ વ્યકિતગત શૌચાલયનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે.

(૨) ૪૦,૫૪૧ વ્યકિતગત શૌચાલયોનું નિર્માણ કાર્ય હાથ પર લેવામાં આવેલ છે.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે શહેરી ગરીબો માટે રાજય સરકારે તા.૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલા વ્યકિતગત શૌચાલયનું નિર્માણ કાર્ય પૂર્ણ કરેલ છે અને આ યોજના નીચે કેવી કેવી સહાય ચૂકવવામાં આવે છે અને કેટલી? અને આ પ્રકારની કામગીરી કોને સોંપવામાં આવી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી ગરીબો જેમાં બી.પી.એલ. કાર્ડ ધારકો, શિડ્યુલ કાસ્ટના તમામ લાભાર્થીઓ, શિડ્યુલ ટ્રાયબના તમામ લાભાર્થીઓને શૌચાલયની વ્યવસ્થા આપવા માટે ગુજરાત સરકારે પોતાના બજેટમાંથી એક મહત્વકાંક્ષી, પ્રજાલક્ષી, આરોગ્ય, સ્વચ્છતાંલક્ષી કાર્યક્રમ ૨૦૦૨-૦૩ થી ચાલુ કર્યો અને એમાં અત્યાર સુધીમાં ૮૮૧૬૧ લાભાર્થીઓને આ શૌચાલયની વ્યવસ્થા રાજય સરકારે પોતાના બજેટના ખર્ચે કરી આપી છે અને એમાં કુલ ૪૯૦૦ રૂપિયા રાજય સરકાર તરફથી જે કુલ ખર્ચ થાય છે એમાં ૩૭૦૦ રૂપિયા આપવામાં આવે છે. લાભાર્થીનો ૯૦૦ રૂપિયા ફાળો છે. આ સતત ચાલતી યોજના છે અને રાજયના તમામ જિલ્લામાં તમામ શહેરી વિસ્તારમાં આનો અમલ કરવામાં આવે છે અને આ વર્ષે પણ આના માટેની કામગીરી ચાલુ છે અને એમાં વર્ષોવર્ષ બજેટના ખર્ચની પણ જોગવાઈ આપણે વધારતા જઈએ છીએ. જયારે યોજના ચાલુ કરી ત્યારે બે કરોડ રૂપિયા ખર્ચ હતો. ગયા વર્ષે ૧૩૭૮૦૦૦ ખર્ચ કર્યો હતો અને આ વર્ષે ૫૦કરોડ રૂપિયાની આ યોજના માટે રાજય સરકારે નિર્મળ ગુજરાત, સ્વચ્છ ગુજરાત, નિરોગી બાળક યોજના લઈને સરકાર આવી છે. આ તમામ કન્સેપ્ટ એક કરી યોજના અમલમાં મૂકી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે જયાં જયાં ઝુંપડપટ્ટી સેવા વસ્તીના વિસ્તારમાં આ યોજના અસરકારક રહી છે. ઘણી જગ્યાએ ઝુંપડાની જગ્યા નાની હોય છે તો એવા સંજોગોમાં બે ઝુંપડાવાળા સંયુકતરીતે આ વ્યકિતગત શૌચાલયનો લાભ માગે તો આપી શકાય કે કેમ? અને બીજું, જયાં સુવિધા ન હોય એવી જગ્યા ઉપર આપણે જો વ્યકિતગત શૌચાલય ન બનાવી શકીએ તો એવી જગ્યાએ પે એન્ડ યુઝના માધ્યમથી સુવિધા ઉભી કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી સાચી છે. મહાનગર પાલિકા અને મોટા શહેરમાં જયાં ગરીબ વસ્તી, ઝુંપડપટ્ટી વસ્તી અથવા ચાલીનો વસવાટ છે. ત્યાં આગળ બજેટ હોવા છતાં લાભાર્થી ૯૦૦ રૂપિયાનો ફાળો ઉમેરવાની તૈયારી હોવા છતાં જગ્યાના અભાવે આપણે આ યોજનાનો લાભ લાભાર્થીને આપી શકતા નથી. એક લાભાર્થી અને એનો અન્ય પરિવાર ઉપયોગ કરે. આમ તો એમ કહું કે એકવાર શૌચાલય બની ગયા પછી એનો કોણ ઉપયોગ કરે છે, કોણ નથી કરતું એ આપણે કોઈ આમાં રાખ્યું નથી કે એક પરિવાર જ ઉપયોગ કરી શકે. બીજી સુલભ શૌચાલય બનાવવાની એટલે કે જાહેર શૌચાલય બનાવવાની પે એન્ડ યુઝની યોજના છે, તે પણ રાજ્ય સરકારે અમલમાં મૂકેલી છે અને જ્યાં જ્યાં જમીન આવી ઉપલબ્ધ થાય ત્યાં જાહેર શૌચાલય પે એન્ડ યુઝના હેડ નીચે રાજ્યમાં બનાવીએ છીએ અને રાજય સરકારનો લક્ષ્યાંક છે ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આધારે કુલ ૯,૮૫,૦૦૦ આવા લાભાર્થીઓ નોંધાયેલ છે, જે આ યોજનાનો લાભ લઈ શકે, તે તમામને બને એટલા જલ્દીથી પોતાના શૌચાલય પરિવાર દીઠ પ્રાપ્ત થાય તેવો લક્ષ્યાંક છે. બે પરિવાર વચ્ચે એક જે માનનીય સભ્યશ્રીનું સૂચન છે એને વહીવટી રીતે, નાણાકીય રીતે શક્યતા તપાસી લઈશું. શક્ય હશે તો એને પણ મંજૂરી આપીશું.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : વડોદરા શહેરના ઘણા વિસ્તારોમાં આનો અમલ શરૂ થયો છે, પણ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એક વર્ષમાં વ્યક્તિગત રીતે શૌચાલય કેટલા નિર્માણ કરી શકાય છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મેં અગાઉ પણ થોડી માહિતી આપી.

**અધ્યક્ષશ્રી** : ગયા વર્ષની અંદર આંકડા હોય એટલા આપી દો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : જનજાગૃતિનો આ પ્રશ્ન છે. આપણી પાસે બજેટ પૂરતું છે, જેટલા લાભાર્થીઓ વધુ આવે તે તમામનો સમાવેશ કરવાનો અમારો પૂરેપૂરો પ્રયત્ન છે. આમાં કોઈ સિલિંગ રાખી નથી.

**શ્રી ચંદુભાઈ ડાભી** : વ્યક્તિગત શૌચાલય કેટલી કિંમતમાં થાય છે અને લાભાર્થીએ કોઈ ફાળો આપવાનો હોય છે કે નહિ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મેં અગાઉ કહ્યું તેમ અત્યારની એક યુનિટની કિંમત ૪,૯૦૦ રૂપિયા છે અને લાભાર્થીનો ફાળો ૯૦૦ રૂપિયા છે. આપણે ૪,૦૦૦ રૂપિયા આપીએ છીએ.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય મંત્રીશ્રી જણાવે છે કે ૪૦,૫૪૧ વ્યકિતગત શૌચાલયનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે, તે પૈકી વડોદરા મહાનગરપાલિકામાં કેટલું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : વડોદરા મહાનગરમાં ૧૭૫૯ નું કામ પૂર્ણ થયું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નિતીનભાઈ મારી સાથે રચનાત્મક વાત કરતા હતા. એમાં રચનાત્મક સૂચન એ છે કે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ બંનેની વાતચીત થઈ એને હું એલાઉ નથી કરતો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારું સૂચન છે કે,

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એમાં ધારાસભ્યની ગ્રાન્ટમાંનો ૯૦૦ રૂપિયાનો ફાળો જે ઉમેરવામાં આવે તો યોજના બહુ સફળ થાય તેમ છે, તો આવું કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય સભ્યશ્રીનું સૂચન માનનીય આયોજન મંત્રીશ્રી સમક્ષ અને મિનિસ્ટરોની આ અંગેની કમિટીમાં પહોંચાડીશું અને સરકાર મંજૂર કરે તો ધારાસભ્યશ્રી લાભાર્થીને ૯૦૦ રૂપિયા ફાળો એમના વિસ્તારમાં આપી શકે. એ માટે અમો પૉઝિટિવ છીએ.

### કચ્છ જિલ્લામાં સિંચાઈ યોજના દ્વારા કમાન્ડ એરિયામાં વધારો

***૧૮૫૬ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સિંચાઈ યોજનાઓ દ્વારા કમાન્ડ એરિયામાં ૫ ટકા (પાંચ) પણ વધારવામાં આવ્યો નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કચ્છ જિલ્લામાં કમાન્ડ વિસ્તાર વધારવા કોઈ ખાસ યોજનાઓનું અમલીકરણ સરકાર કરવા માગે છે, અને

(૩) જો ના, તો છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં કઈ કઈ યોજનાઓ દ્વારા સિંચાઈ કમાન્ડ એરિયા સ્થાપિત વિસ્તારના પ્રમાણમાં કયા કયા કેટલા પ્રમાણમાં વિસ્તારાયો છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) ના જી.

(૨) અને (૩)

કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ( સામેલ પત્રક મુજબ ) જળ સિંચનનાં અન્ય કામો કરવામાં આવેલ છે, જેના દ્વારા વધુ ૯૬૯૦ હેક્ટર સીધી તેમજ આડકતરી રીતે સિંચાઈ ઉપલબ્ધ થયેલ છે. આ વધારાની ઉત્પન્ન થયેલ સિંચાઈ શક્તિ પાછળ રૂપિયા ૪૯૯૮.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. તદુપરાંત બંધારાનાં ૨૫ કામો પ્રગતિ હેઠળ છે. જે પૂર્ણ થતા વધુ ૧૫૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈ હેઠળ આવરી શકાશે.

**પત્રક**

| ક્રમ | કામનું નામ | સંખ્યા | ખર્ચ (રૂા. લાખમાં) | જથ્થો મી.ઘન ફુટ | સીધો પિયત વિસ્તાર, હેક્ટરમાં | આડકતરો પિયત વિસ્તાર, હેક્ટરમાં | કુલ પિયત વિસ્તાર હેક્ટરમાં |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | બંધારા | ૧૩ | ૩૬૪૮.૨૫ | ૪૯૫.૦૦ | ૭૦૧૦.૦૦ | ૦.૦૦ | ૭૦૧૦.૦૦ |
| ૨ | ચેકડેમો | ૩૩૦ | ૧૨૧૨.૬૭ | ૧૬૫.૦૦ | ૬૬૦.૦૦ | ૯૯૦.૦૦ | ૧૬૫૦.૦૦ |
| | | ૧૧ | ૬૫.૮૭ | ૩૭.૮૫ | ૧૨૩.૦૦ | ૧૮૫.૦૦ | ૩૦૮.૦૦ |
| ૩ | સ્ટોરેજ તળાવો/અનુશ્રવણ તળાવો | ૧૪ | ૪૮.૭૮ | ૫૪.૭૭ | ૦.૦૦ | ૫૪૨.૦૦ | ૫૪૨.૦૦ |
| ૪ | સેઇફ સ્ટેજના કામો | ૧૭ | ૨૨.૪૩ | ૪૨.૫૦ | ૭૨.૦૦ | ૧૦૮.૦૦ | ૧૮૦.૦૦ |
| | **કુલ ...** | **૩૮૫** | **૪૯૯૮.૦૦** | **૭૯૫.૧૨** | **૭૮૬૫.૦૦** | **૧૮૨૫.૦૦** | **૯૬૯૦.૦૦** |

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય બાબુભાઈ મેં આપની ફાઈલ બાજુમાં મૂકી હતી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માત્ર એટલું જ આપની મારફત મંત્રીશ્રીના ધ્યાન ઉપર મુકવાનું છે. કે કચ્છ જેવા વિસ્તારમાં અત્યંત ઓછો વિસ્તાર આ કમાન્ડ એરિયામાં આવે છે, તો આપ આ અંગે ચિંતા રાખો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છને જૂની યોજના છે અને અત્યારની હયાત યોજના છે, એમાં અનેક રીતે ઉપાયો કરી કમાન્ડ એરિયા વધારીએ છીએ. નવા ચેકડેમો, નવા તળાવોનું આયોજન કરી કમાન્ડ વિસ્તાર વધારવા સરકાર ચોક્કસ તૈયાર છે અને સંમત છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### દાંતીવાડા સિંચાઇ નહેરનું નાળું બનાવવા અંગે

૨૯૦૯ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ તાલુકાના રખાવ અને ધનાસરા ગામ વચ્ચે સુજલામ્ સુફલામ્ નહેર નીકળી છે તેને દાંતીવાડા સિંચાઇની નહેરનું પાણી પસાર કરવા નાળું નાનું છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સરકાર આ નાળું મોટું બનાવવા | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

માગો છો ?

----------

**આંક્લાવ, બોરસદ અને ખંભાતની જમીનની ખારાશ અટકાવવા આડબંધ**

૧૫૧૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ખંભાતની દરિયાઈ ખાડીના કારણે આંક્લાવ, બોરસદ અને ખંભાતની જમીન ખારાશવાળી થવાના કારણે ખેડૂતો પાયમાલ થાય છે, જેથી આ ખારાશ અટકાવવા સરકાર આડબંધ બાંધવા માગે છે કે કેમ; અને<br>(૨) જો હા, તો ક્યા ક્યા સ્થળે આવા આડબંધ બાંધવાનું આયોજન છે ? | (૧) અને (૨)<br>દરીયાના પાણીથી ખારાશ આવવાની બાબતથી સરકાર વાકેફ છે. ખારાશ અટકાવવા દરીયાની ખાડીમાં નીચે દર્શાવ્યા મુજબ કાર્યવાહી હાથ ધરેલ છે.<br>(અ) ખંભાત નજીક ચોરખાડી ઉપર આડબંધ બાંધવામાં આવેલ છે.<br>(બ) ખંભાત તાલુકાના તરકપુર વડગામ વચ્ચે આડબંધ અને બોરસદ તાલુકા બદલપુર તિથોર ગામ વચ્ચે દરીયાઇ ખાડીમાં આડબંધનું આયોજન વિચારણા હેઠળ છે.<br>(ક) બોરસદ તાલુકામાં કોઠીયાખાડ ગામ પાસે આડબંધ યોજનાનું કામ પ્રગતિમાં છે.<br>(ડ) આંક્લાવ તાલુકાના ઉમેટા ગામે મહી વીયર પૂર્ણતાને આરે છે. |

----------

**નિર્મળ ગુજરાત વર્ષ અન્વયે પે એન્ડ યુઝ ટોઈલેટ**

૨૬૮૦ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નિર્મળ ગુજરાત વર્ષ દરમિયાન જાહેર સ્વચ્છતાની જાળવણી માટે કેટલા પે એન્ડ યુઝ ટોઈલેટના નિર્માણનું આયોજન કરવામાં આવ્યું છે, | (૧) નિર્મળ ગુજરાત વર્ષ દરમિયાન ૧૨૫ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક્સ. (૧૨૫૦ સીટસ) |
| (૨) તા.૩૧/૧૨/૦૭ સુધીમાં કેટલા પે એન્ડ યુઝ ટોઈલેટસનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે, | (૨) ૧૧ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક્સ (૧૧૦ સીટસ) પુર્ણ.<br>૪૭ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક્સ (૪૭૦ સીટસ) નું કામ પ્રગતિ હેઠળ છે.<br>૬૭ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક્સ (૬૭૦ સીટસ) માટે જગ્યા પસંદ કરવા તથા જમીન મેળવવાના તબક્કે. |
| (૩) ગાંધીનગર શહેરમાં કેટલી સંખ્યામાં ફાળવવાનું આયોજન છે; અને | (૩) ગાંધીનગર શહેરમાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ૫ (પાંચ) પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક (૫૦ સીટસ) નું આયોજન કરવામાં આવેલ છે. |
| (૪) ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) બને તેટલા જલ્દી પૂરા કરવામાં આવશે. |

----------

**સુરેન્દ્રનગર જિલ્લાને સ્વજલધારાનો લાભ**

૨૬૬૦ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના કેટલા ગામોને સ્વજલધારા યોજનાનો લાભ મળેલ છે; અને | (૧) સ્વજલધારા નહીં પરંતુ રાજ્ય સરકારની સેક્ટર રીફોર્મ યોજના (રાજ્ય) અન્વયે ૧૨૨ ગામોને મંજૂરી આપવામાં આવેલ છે. તે પેકી ૩૦ ગામની યોજનાઓ પૂર્ણ થયેલ છે અને ૯૨ ગામની યોજનાઓ પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ યોજના અંતર્ગત બાકી રહેતા ગામોને ક્યાં સુધીમાં આવરી લેવાનું આયોજન છે ? | (૨) સંબંધિત ગામોની માંગણી આવ્યેથી નાણાંકીય જોગવાઇ અનુસાર આવરી લેવાનું આયોજન છે. |

----------

## ભરૂચ જિલ્લામાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટરોની સંખ્યા

૨૧૧૦ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧મી ડીસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | પ્રા.આ. કેન્દ્રની સંખ્યા | સા.આ. કેન્દ્રની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જંબુસર | ૫ | ૧ |
| ૨ | આમોદ | ૩ | ૧ |
| ૩ | વાગરા | ૩ | ૧ |
| ૪ | ભરૂચ | ૬ | ૧ |
| ૫ | અંકલેશ્વ ર | ૫ | ૦ |
| ૬ | હાંસોટ | ૨ | ૧ |
| ૭ | ઝઘડીયા | ૭ | ૨ |
| ૮ | વાલીયા | ૬ | ૧ |
| | **કુલ ...** | **૩૭** | **૮** |

(૨) આ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપર મહેકમ પ્રમાણે કેટલા મેડીકલ ઓફીસરોની સંખ્યા કેટલી છે; અને

(૨) ૧. સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં-૨૦ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં-૩૭ તે મુજબ ૫૭ ના મહેકમ સામે ૫૦ મેડીકલ ઓફિસર ઉપલબ્ધ છે.

(૩) તે પૈકી એલોપેથીક ડોકટરો કેટલા અને આર્યુવેદિક ડોકટરોની સંખ્યા કેટલી છે?

(૩) એલોપેથીક ડૉક્ટરો-૪૦ તથા આયુર્વેદિક ડૉક્ટરો-૧૦ છે.

----------

## આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ સારવાર

૨૨૫૭ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કેટલા વિદ્યાર્થીઓને સારવાર આપવામાં આવી છે,

**જવાબ**

(૧)

| વર્ષ | પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૪,૨૫,૯૯૯ | |
| ૨૦૦૬-૦૭ | ૧૨,૨૬,૨૧૩ | |
| ૨૦૦૭-૦૮ | ૫,૮૭,૬૩૦ | ૧૧૪૭૩૮ |

(૨) તા.૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગંભીર બીમારીવાળા કેટલા બાળકોને રાજ્ય બહાર સારવાર આપવામાં આવી છે; અને

(૨) ૧૯૫

(૩) જો હા, તો તેની વિગતો શું છે ?

(૩) યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી સંસ્થાન, અમદાવાદ ધ્વારા રીફર કરેલ બાળકોને ડૉ. કે.એમ. ચેરીયન હોસ્પીટલ, ચેન્નાઇ, ડૉ. દેવી શેટ્ટી નારાયણ રૂદ્રાલય હોસ્પીટલ, બેંગલોર અને અમ્રીતા ઇન્સ્ટીટ્યુટ, કોચીન ખાતે રાજ્ય બહાર વધુ સારવાર માટે મોકલી આપવામાં આવેલ છે.

----------

## આણંદ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો

૨૯૩૯ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે,

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

| તાલુકાનું નામ | સા.આ. કેન્દ્રની સંખ્યા |
|---|---|
| આણંદ | ૨ |
| બોરસદ | ૧ |
| ખંભાત | ૧ |
| પેટલાદ | ૨ |
| સોજીત્રા | ૧ |
| તારાપુર | ૧ |
| ઉમરેઠ | ૧ |
| આંક્લાવ | ૧ |
| કુલ | ૧૦ |

(૨) કેન્દ્રવાર મંજૂર મહેકમ કેટલું છે, તે અન્વયે કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે; અને

(૨) આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ.

(૩) કેન્દ્રવાર ગત વર્ષમાં કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

(૩)

| સા.આ. કેન્દ્રનું નામ | સને ૨૦૦૬-૦૭માં થયેલ કુલ ખર્ચ |
|---|---|
| સારસા | ૩૭,૧૦,૬૩૭/- |
| ઓડ | ૩૨,૧૧,૦૫૮/- |
| રાસ | ૨૦,૭૦,૮૯૩/- |
| ખંભાત | ૨૮,૯૩,૩૪૪/- |
| ધર્મજ | ૨૧,૩૦,૫૮૦/- |
| મહેળાવ | ૮,૬૭,૧૪૪/- |
| સોજીત્રા | ૨૮,૧૮,૩૮૯/- |
| તારાપુર | ૩૩,૩૫,૪૨૫/- |
| ઉમરેઠ | ૩૦,૩૬,૩૬૩/- |
| આંક્લાવ | ૧૮,૬૩,૪૯૦/- |

**પરિશિષ્ટ**

| ક્રમ | સા.આ.કે.નું નામ | મંજૂર થયેલ મહેકમ | ખાલી જ્ગ્યા | કેટલા સમયથી ખાલી | |
|---|---|---|---|---|---|
| ૧ | સારસા | ૨૬ | ૬ | તબીબી અધિકારી (વર્ગ-૨) ૧ | ૩૧-૧-૦૮ |
| | | | | વોર્ડ આયા-૧ | ૧૮-૩-૦૩ થી |
| | | | | સ્વીપર-૧ | ૨૩-૯-૦૩ |
| | | | | પાર્ટ ટાઇમ વોચમેન-૨ | ૧૧-૮૯ થી |
| | | | | પાર્ટ ટાઇમ સ્વીપર-૧ | ૧૧-૮૯ |
| ૨ | ઓડ | ૨૫ | ૧૦ | અધિક્ષક (વર્ગ-૧)-૧ | ૧૯-૧૧-૦૪ |
| | | | | સ્ટાફ નર્સ-૨ | ૨૪-૧-૦૭ થી |
| | | | | | ૨૫-૭-૦૭ થી |
| | | | | વોર્ડ સર્વન્ટ-૧ | ૧૬-૪-૯૯ થી |
| | | | | વોર્ડ આયા-૧ | ૧૬-૪-૯૯ થી |
| | | | | ડ્રેસર-૧ | ૧૬-૪-૯૯ થી |
| | | | | પાર્ટ ટાઇમ વોચમેન-૨ | ૧૬-૪-૯૯ થી |
| | | | | પાર્ટ ટાઇમ સ્વીપર-૨ | ૧૬-૪-૯૯ થી |
| ૩ | રાસ | ૨૬ | ૧૧ | અધિક્ષક (વર્ગ-૧)-૧ | ૪-૫-૦૪ થી |
| | | | | તબીબી અધિકારી (વર્ગ-૨)-૧ | ૩૧-૭-૦૭ થી |
| | | | | સીની. આસી.-૧ | ૫-૩-૦૭ |
| | | | | સ્ટાફ નર્સ-૨ | ૧૩-૭-૦૭ થી |
| | | | | વોર્ડ સર્વન્ટ-૧ | ૧-૦૭ થી |

| ક્રમ | સા.આ.કે.નું નામ | મંજૂર થયેલ મહેકમ | ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી | |
|---|---|---|---|---|---|
| | | | | ડ્રેસર-૧ | ૧-૬-૮૮ |
| | | | | પાર્ટ ટાઇમ સ્વીપર-૨ | ૧-૬-૮૮ |
| | | | | પાર્ટ ટાઇમ સ્વીપર-૨ | ૧-૬-૮૮ |
| ૪ | ખંભાત | ૨૬ | ૭ | સીનીયર આસી.-૧ | ૨૫-૫-૦૬ |
| | | | | લેબટેક-૧ | ૨૬-૬-૦૭ |
| | | | | ડ્રાયવર-૧ | ૦૩ થી |
| | | | | વોર્ડ સર્વન્ટ-૨ | ૦૩ થી |
| | | | | ડ્રેસર-૧ | ૪-૧-૮૭ |
| | | | | પાર્ટ ટાઇમ વોચમેન-૧ | ૪-૧-૮૭ |
| ૫ | ધર્મજ | ૨૯ | ૧૩ | અધિક્ષક (વર્ગ-૧)-૧ | ૧-૫-૦૭ |
| | | | | તબીબી અધિકારી (વર્ગ-૨)-૨ | ૨૨-૮-૦૭ |
| | | | | સીની. આસી.-૨ | ૫-૩-૦૭ |
| | | | | | ૩૧-૫-૦૭ |
| | | | | સીની ક્લાર્ક-૧ | ૯-૧૧-૦૪ |
| | | | | વોર્ડ આયા-૧ | ૧૬-૧૧-૯૫ |
| | | | | ડ્રેસર-૧ | ૧-૪-૮૯ |
| | | | | પાર્ટ ટાઇમ વોચમેન-૨ | ૨૦૦૪ |
| | | | | પાર્ટ ટાઇમ સ્વીપર-૨ | ૨૦૦૪ |
| | | | | ઓપ્થ. આસી.-૧ | ૩૦-૫-૦૭ |
| ૬ | મહેળાવ | ૨૬ | ૧૬ | અધિક્ષક (વર્ગ-૧)-૧ | ૨૩-૫-૦૨ |
| | | | | સીની. આસી.-૧ | ૩-૬-૦૬ |
| | | | | લેબ. ટેક.-૧ | ૧-૪-૦૪ |
| | | | | ફાર્માસીસ્ટ-૧ | ૧-૪-૦૪ |
| | | | | એક્સ-રે ટેક.-૧ | ૧-૪-૦૪ |
| | | | | ડ્રાયવર-૧ | ૧-૪-૦૪ |
| | | | | પટાવાળા-૧ | ૧-૪-૦૪ |
| | | | | વોર્ડ સર્વન્ટ-૨ | ૧-૪-૦૪ |
| | | | | વોર્ડ આયા-૧ | ૧-૪-૦૪ |
| | | | | સ્વીપર-૧ | ૧-૪-૦૪ |
| | | | | ડ્રેસર-૧ | ૧-૪-૦૪ |
| | | | | પાર્ટ ટાઇમ વોચમેન-૨ | ૧-૪-૦૪ |
| | | | | પાર્ટ ટાઇમ સ્વીપર-૨ | ૧-૪-૦૪ |
| ૭ | સોજીત્રા | ૨૭ | ૧૦ | અધિક્ષક (વર્ગ-૧)-૧ | ૪-૫-૦૪ |
| | | | | તબીબી અધિકારી (વર્ગ-૨)-૨ | ૪-૪-૦૭ |
| | | | | | ૨૧-૭-૦૭ |
| | | | | વોર્ડ સર્વન્ટ-૧ | ૨૪-૬-૦૩ |
| | | | | વોર્ડ આયા-૧ | ૧૬-૪-૯૯ |
| | | | | ડ્રેસર-૧ | ૧-૬-૮૯ |
| | | | | પાર્ટ ટાઇમ વોચમેન-૨ | ૧-૬-૮૯ |
| | | | | પાર્ટ ટાઇમ સ્વીપર-૨ | ૧-૧૨-૦૫ |
| ૮ | તારાપુર | ૨૯ | ૧૦ | અધિક્ષક (વર્ગ-૧)-૩ | ૪-૫-૦૪ |
| | | | | તબીબી અધિકારી (વર્ગ-૨)-૧ | ૩૧-૮-૦૬ |
| | | | | સીની. ક્લાર્ક-૧ | ૮-૮-૦૩ |
| | | | | સ્ટાફ નર્સ-૧ | ૫-૨-૦૭ |
| | | | | પાર્ટ ટાઇમ વોચમેન-૨ | ૧-૪-૦૭ |
| | | | | પાર્ટ ટાઇમ સ્વીપર-૨ | ૧-૪-૦૭ |

| ક્રમ | સા.આ.કે.નું નામ | મંજૂર થયેલ મહેકમ | ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી | |
|---|---|---|---|---|---|
| ૯ | ઉમરેઠ | ૨૭ | ૬ | અધિક્ષક (વર્ગ-૧)-૧ | ૧-૭-૦૨ |
| | | | | તબીબી અધિકારી (વર્ગ-૨)-૧ | ૩૦-૯-૦૭ |
| | | | | સીની. ક્લાર્ક-૧ | ૧-૪-૨૦૦૦ |
| | | | | વોર્ડ આયા-૧ | ૩૦-૯-૦૬ |
| | | | | ડ્રેસર-૧ | ૧૬-૯-૦૨ |
| | | | | પાર્ટ ટાઇમ વોચમેન-૧ | ૧-૪-૨૦૦૦ |
| ૧૦ | આંક્લાવ | ૨૮ | ૧૨ | અધિક્ષક (વર્ગ-૧)-૧ | ૨૭-૩-૦૬ |
| | | | | સીની. આસી.-૧ | ૭-૨-૦૬ |
| | | | | લેબટેક-૧ | ૧૫-૧-૦૧ |
| | | | | ફાર્માસીસ્ટ-૧ | ૧૫-૧-૦૧ |
| | | | | ડ્રાયવર-૧ | ૨૫-૬-૦૭ |
| | | | | પટાવાળા-૧ | ૧૫-૧-૦૧ |
| | | | | વોર્ડ સર્વન્ટ-૧ | ૨૩-૨-૦૫ |
| | | | | વોર્ડ આયા-૧ | ૧૫-૧-૦૧ |
| | | | | સ્વીપર-૧ | ૧૫-૧-૦૧ |
| | | | | ડ્રેસર-૧ | ૧૫-૧-૦૧ |
| | | | | પાર્ટ ટાઇમ વોચમેન-૧ | ૧૫-૧-૦૧ |
| | | | | પાર્ટ ટાઇમ સ્વીપર-૧ | ૧૫-૧-૦૧ |

----------

**ભાવનગર નહેરોનું અસ્તરકામનું આયોજન**

૨૩૯૬ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર ખોડીયાર સિંચાઈ યોજનામાં મુખ્ય નહેરના અસ્તરકામ કરવાનું સરકારનું કોઈ આયોજન છે;અને

(૨) જો હા, તો આ અંગેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ભાવનગર સિંચાઇ વર્તુળ હસ્તક અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ધારી ગામ પાસે આવેલ ખોડીયાર સિંચાઇ યોજનાની નહેર વ્યવસ્થાને અસ્તરકામ કરવા માટેના ટેન્ડરો માંગવામાં આવેલ છે.

----------

**સોરાષ્ટ્ર અને કચ્છમાં નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓ**

૨૧૨૦ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ સોરાષ્ટ્ર અને કચ્છના ૮ જિલ્લાઓમાં નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓ દ્વારા કેટલા હેક્ટર ખેતીની જમીનને સિંચાઈનો લાભ મળે છે,

(૨) શું એ સાચું છે કે, સરકારના ભૂતકાળમાં કરેલા સર્વેક્ષણ મુજબ આ આઠ જિલ્લાઓમાં ૮૬ નવી મોટી અને મધ્યમકક્ષાની સિંચાઈની યોજનાઓ થઈ શકે તેમ છે,

(૩) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષ ૨૦૦૪ થી ૨૦૦૭ દરમ્યાન નવી કેટલી સિંચાઈ યોજનાઓ સોરાષ્ટ્રના ક્યા ક્યા જિલ્લામાં શરૂ થઈ; અને

(૪) તેથી કેટલા હેક્ટર ખેતીની જમીન સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવી ?

**જવાબ**

(૧) કુલ રૂા. ૩,૯૧,૭૨૨ હેક્ટર

(૨), (૩) અને (૪)
ના જી,
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**નિર્મળ ગુજરાત અંતર્ગત કામો**

૨૬૮૮ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નિર્મળ ગુજરાત અંતર્ગત રાજ્ય સરકારે હાથ ધરેલ કામો તથા તેમાં શી પ્રગતિ સાધવામાં આવેલ છે ?

**જવાબ**

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૭ને નિર્મળ ગુજરાત વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યુ. આ કાર્યક્રમ અંતગર્ત રાજ્ય સરકારના વિભાગો, વિભાગના તાબા હેઠળની જિલ્લા/તાલુકા કચેરીઓ તેમજ ગ્રામપંચાયતો, શહેરી સ્થાનિક સંસ્થાઓમાં સ્વચ્છતા અંગેની કામગીરી કરવામાં આવી. નિર્મળ ગુજરાત અભિયાન રાજ્યના તમામ એટલે કે ૨૫ વિભાગોમાં હાથ ધરવામાં આવેલ જેમાં વિભાગને લગતી દરેક એવી બાબત જે સ્વચ્છતા, પર્યાવરણ, જાહેર આરોગ્યને લગતી બાબતનો સમન્વય છે. દરેકે દરેક બાબતોમાં વિભાગો દ્વારા વિસ્તૃત વ્યુહાત્મક આયોજન કરેલ તથા વિભાગોનું કાર્ય કામગીરીનું અમલીકરણ, દેખરેખ અને ઉચ્ચ કક્ષાએ મોનીટરીંગ વગેરે બાબતો નિર્મળ ગુજરાતમાં આવરી લેવામાં આવી છે. આમ નિર્મળ ગુજરાત એ ભિન્ન પ્રકારનો પ્રયાસ છે જેમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં એક સાથે, એકજ છત્ર હેઠળ સ્વચ્છતા, પર્યાવરણ અને જાહેર આરોગ્ય સંબંધી બાબતોનો સમન્વયથી કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામરીગીમાં નોંધપાત્ર પ્રગતિ સાધવામાં આવી છે.

----------

**આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ સારવાર**

૨૨૦૦ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ-પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને કઇ બીમારીઓની સારવાર આપવામાં આવે છે, અને

(૨) જેના માટે પ્રતિ વર્ષ કેટલો ખર્ચ કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની ખામી કાન નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, સ્વસન તંત્રની ખામી, ચેતાતંત્રના રોગ, અસ્થિતંત્રના રોગ, વિક્લાંગતા, હદય, કીડની અને કેન્સર જેવી બિમારીઓની સારવાર આપવામાં આવે છે.

(૨) વર્ષ ૨૦૦૬-૦૭માં કુલ રૂ. ૫,૯૯,૯૭,૦૪૬/-
વર્ષ ૨૦૦૭-૦૮માં કુલ રૂ. ૧૦,૪૩,૪૬,૭૫૩/-
(૧૬-૨-૨૦૦૮ સુધી)

----------

**આદિજાતિ વિસ્તારમાં સિકલસેલ એનેમીયા રોગ બાબત**

૧૯૩૨ **શ્રી દોલતભાઈ દેસાઈ(વલસાડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આદિજાતિ વિસ્તારમાં સિકલસેલ એનેમીયા રોગ જોવા મળે છે તે સરકાર જાણે છે,

(૨) આ દર્દીને ક્યા પ્રકારની સારવાર આપવામાં આવે છે, અને

(૩) આ રોગને નાથવામાં સરકાર દ્વારા ક્યા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ફોલીક એસિડની ટેબલેટ, જરૂર જણાયે દર્દશામક દવાઓ અને એન્ટીબાયોટીક દવાઓ આપવામાં આવે છે. વધુમાં વારંવાર સિકલસેલની ક્રાયસીસમાં જતા દર્દીઓને અધતન સારવાર જેવી કે હાઈડ્રોક્સીયુરીયા નામની દવા આપી હોસ્પિટલમાં દાખલ કરી ઘનિષ્ઠ સારવાર આપવામાં આવે છે.

(૩) દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લાઓમાં લોહીના પરિક્ષણ ધ્વારા નિદાન-સારવાર, ૮૦ પરિક્ષણ કેન્દ્રો કાર્યાન્વિત કર્યા, વલસાડ રક્તદાન કેન્દ્રના સહયોગમાં સંયુક્ત રીતે સિકલસેલ વાહક સ્ત્રી-પુરુષના લગ્ન નિવારવાના પ્રયાસો કર્યા. તેમજ હવે પ્રત્યેક કુટુંબના તમામ

સભ્યોનું સીક્લસેલ પરીક્ષણ અને નિદાન આપવા માટે પાંચ વર્ષનો પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ છે.

**સરકારી હોસ્પિટલો ખાનગી સંસ્થાને આપવાનો નિર્ણય**

૩૧૯૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા દવાખાનાઓ હોસ્પિટલો ખાનગી સંસ્થાઓને સોંપવામાં આવ્યા છે,

(૨) જિલ્લાવાર કેટલી હોસ્પીટલનો સમાવેશ થાય છે, અને

(૩) સરકારી હોસ્પીટલો ખાનગી સંસ્થાઓને આપવાના શા કારણો છે ?

**જવાબ**

(૧) અને (૨) ૫ (પાંચ)
સીવીલ હોસ્પિટલ બનાસકાંઠાને વોકાર્ડલી. ને સોંપવા માટે એમ.ઓ.યુ. થયેલ છે, જેની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૩) આરોગ્ય ક્ષેત્રે જાહેર જનતા માટે સુવિધા ઉપલબ્ધ કરાવવા લોક સમુદાયમાંથી લોક ભાગીદારીની દ ણી દરખાસ્તો મળે છે. આથી સુયોગ્ય લોક ભાગીદારીથી જાહેર આરોગ્ય સંસ્થાઓમાં વધુ સારી આરોગ્ય સવલતો ઉપલબ્ધ કરાવી અસરકારક સંચાલન કરી શકાય તે માટે સરકારની પ્રવર્તમાન નીતિ અન્વયે આવી દરખાસ્તોની ચકાસણી કર્યા બાદ ખાનગી સંસ્થાઓને સંચાલન સોંપવામાં આવે છે.

----------

**બનાસકાંઠા જિલ્લામાં નર્મદા આધારિત પાઇપ લાઇન દ્વારા પાણી આપવા બાબત**

૨૭૭૬ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા કેનાલ આધારિત પાઇપ લાઇન દ્વારા બનાસકાંઠા જિલ્લાના ગામોમાં પાણી આપવાનું શું આયોજન છે,

(૨) સરકાર દ્વારા ઉપરોક્ત કામ માટે તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલી વહીવટી મંજૂરી આપી, અને

(૩) આ અંગે બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ હોય તો તેની વિગત શું છે ?

**જવાબ**

(૧) નર્મદા મુખ્ય કેનાલમાંથી ત્રણ ઉદ્‌વહન પાઈપ લાઈન મારફતે બનાસકાંઠા જિલ્લાના જળાશયમાં પાણી નાખવાનું આયોજન વિચારાયેલ છે.

(૨) અને (૩) પાઈપ લાઈનની ક્નસલટન્સી માટે ટેન્ડરો માંગવામાં આવેલ છે. જેનો અહેવાલ આખરી થયેથી વહીવટી મંજુરી આપવાનું આયોજન છે. જે માટે વર્ષ ૨૦૦૮-૦૯ના બજેટમાં રૂા. ૩૩ કરોડની જોગવાઈ છે.

----------

**સંખેડા તાલુકામાં પીવાનું પાણી**

૨૪૧૩ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સંખેડા પાણી પુરવઠા યોજના હેઠળ સંખેડા તાલુકામાં કેટલા ગામોમાં પાણી આપવામાં આવે છે આ યોજના પૂર્ણ થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા ગામોમાં પાણી આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) નીચેની વિગતે

| ક્રમ | યોજનાનું નામ | આવરી લેવાયેલ ગામ/પરા | પાણી મેળવતા ગામ/પરા | યોજના પૂર્ણ થયેલ છે કે કેમ |
|---|---|---|---|---|
| ૧ | સંખેડા ભાગ-૧ | ૫૮ | ૫૦ | પૂર્ણ |
| ૨ | સંખેડા ભાગ-૩ | ૬૧ | ૫૮ | ૩ ગામો પ્રગતિ હેઠળ |

(૨) ૧૦૮ ગામ/પરા.

----------

**રાજકોટ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૨૪૧૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ રાજકોટ

**જવાબ**

(૧) ૧૭ (સત્તર)

જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો હાલમાં કેટલા ચાલુ છે,

(૨) ક્યા ક્યા સ્થળે,

(૨) મોટી મારડ, ધોરાજી, કોલીથડ, ગોંડલ, જામકંડોરણા, જસદણ, વીંછીયા, વિરપુર (જલા.) જેતપુર, કોટડા સાંગાણી, લોધીકા માળીયામિયાણા, પડધરી, ટંકારા, ભાયાવદર, ઉપલેટા, વાંકાનેર

(૩) નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો વસ્તીના ધોરણે ખોલવા માગો છો કે કેમ, અને

(૩) વસ્તીના ધોરણે પુરતા સામુહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

(૪) જો હા, તો કેટલા સમયમાં ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં સિન્થેટીક દુધનું વેચાણ**

૨૮૭૬ **શ્રી અનિલકુમાર પટેલ(મહેસાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં સિન્થેટીક દુધનું વેચાણ થઇ રહ્યું છે તે સરકાર જાણે છે,

(૧) રાજ્યમાં સિન્થેટીક દુધનું વેચાણ થતું હોય તેવો એકપણ કિસ્સો સરકારના ધ્યાને આવેલ નથી.

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં આવા કેટલા કેસો ધ્યાને આવ્યા, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સરકારે શાં પગલાં લીધા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરામાં એતિહાસિક વાવોની સફાઇ**

૨૪૦૩ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં એતિહાસિક વાવોની સફાઇની કામગીરી સરકારે હાથ ધરી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ કેટલી વાવની કામગીરી પૂર્ણ થઇ ?

(૨) ચોત્રીસ (૩૪).

**ભરૂચમાં એતિહાસિક વાવોની સફાઇ**

૨૪૦૧ **શ્રી દુષ્યંતભાઈ ૨.પટેલ(ભરૂચ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં એતિહાસિક વાવોની સફાઇની કામગીરી સરકારે હાથ ધરી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ કેટલી વાવની કામગીરી પૂર્ણ થઇ ?

(૨) તેર (૧૩).

**ભરૂચ જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. માં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૨૯૩૬ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ક્યા ક્યા સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૧)

| સા.આ. કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યા | | પ્રા.આ.કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગા |
|---|---|---|
| અધિક્ષક-૭<br>તબીબ અધિકારી-૨<br>એક્સ-રે ટેક્નીશયન-૬ લેબ.ટેક્નીશીયન-૩ જુનીયર ફાર્માસીસ્ટ-૫<br>સ્ટાફ નર્સ-૧૧<br>હેલ્થ વીઝીટર-૧<br>ડેન્ટલ સર્જન-૨<br>ઓપ્થલ્મીક આસી.-૧ | સીનીયરક્લાર્ક-૨<br>ડ્રાઇવર-૪<br>ડ્રેસર-૬<br>વોર્ડબોય-૨<br>આયા-૨<br>સ્વીપર-૩<br>પાર્ટ ટાઇમ સ્વીપર-૬<br>પાર્ટ ટાઇમ વોચમેન-૪ | મેડીકલ ઓફીસર-૮<br>જુનીયર ફાર્માસીસ્ટ-૨૪<br>લેબ.ટેક્નીશ્યન-૧૯<br>ડ્રાઇવર-૩૦<br>વોર્ડબોય-૧૭<br>વોર્ડ આયા-૧૮<br>પાર્ટ ટાઇમ સ્વીપર-૭૪ |

(૨) આ જ્ગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૨) આ જ્ગ્યાઓ જુલાઇ ૧૯૮૮ થી જાન્યુઆરી-૨૦૦૮ દરમ્યાન ખાલી પડેલ છે.

(૩) આ જ્ગ્યાઓ ભરવા માટે સરકારે ક્યારે ક્યારે શા પ્રયત્નો ર્ક્યા, અને

(૩) વર્ગ-૧ ની જ્ગ્યાઓ ભરવા માટે દર મંગળવારે એડહોક ઓપન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ છે પરંતુ યોગ્ય લાયકાતવાળા ઉમેદવાર ઉપલબ્ધ ન થવાને કારણે જ્ગા ભરી શકાયેલ નથી. વર્ગ-૨ની ખાલી જ્ગા ભરવા માટે વોક ઇન ઇન્ટરવ્યુ યોજવામાં આવેલ છે. તાજેતરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૨ની જ્ગા માટે ભલામણ કરાયેલ છે જે મુજબ મોટા ભાગની વર્ગ-૨ની તબીબી અધિકારીઓની જ્ગા ભરાશે. સ્ટાફ નર્સની ૧૧૫૦ જ્ગાઓ ભરવામાં આવેલ છે. બાકી રહેતી જ્ગા માટે જાહેરાત દ્વારા ફોર્મ મંગાવીને મેરિટ લિસ્ટ બનાવીને ખાલી જ્ગા ભરવાની કાર્યવાહી ચાલુ છે. પેરા મેડીકલ સ્ટાફની ખાલી જ્ગા ભરવા માટે ગૌણસેવા પસંદગી મંડળને માંગણીપત્રક મોકલવામાં આવેલ છે. જુનીયર ફાર્માસીસ્ટ, લેબોરેટરી ટેક્નીશ્યન અને એક્સ-રે ટેક્નીશ્યનની જ્ગાઓ આઉટસોર્સીંગથી રેડક્રોસ સોસાયટી દ્વારા કરાર આધારિત ફીક્સ પગારથી ૧૧ માસ માટે ભરવામાં આવેલ છે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેની પંચાયત હસ્તક્ની વર્ગ-૩ અને ૪ ની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે પંચાયત સેવા પસંદગી મંડળને માંગણીપત્રક મોક્લેલ છે.

(૪) ક્યાં સુધીમાં આ તમામ જ્ગ્યાઓ ભરવામાં આવનાર છે ?

(૪) ખંડ-૩ ની વિગતે ખાલી જ્ગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

----------

**દાહોદ જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ ખર્ચ**

૨૭૧૧ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ચિરંજીવી યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ચિરંજીવી યોજના અંતર્ગત ૧૦,૨૩૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૪૧૩ |
| ૨ | ગરબાડા | ૫૪૬ |
| ૩ | ઝાલોદ | ૩૦૧૬ |
| ૪ | લીમખેડા | ૬૦૧ |
| ૫ | ધાનપુર | ૬૦૬ |
| ૬ | પેથાપુર | ૨૫૨૯ |
| ૭ | દેવગઢ બારીયા | ૧૫૨૮ |
| | **કુલ :** | **૧૦,૨૩૯** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ યોજના અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) આ યોજના અંતર્ગત કુલ રૂા. ૧,૮૩,૦૧,૯૭૫/- (અંકે રૂા.એક કરોડ ત્યાસી લાખ એક હજાર નવસો પંચોતેર) ખર્ચ કરવામાં આવેલ છે. |

----------

**ધરોઈ ડેમની વહન ક્ષમતામાં વધારો**

૨૩૯૩ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધરોઈ ડાબા કાંઠા મુખ્ય નહેરની તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ વહન ક્ષમતા કેટલી છે, | (૧) ૧૭૫ ક્યુસેક્સ. |
| (૨) તેમાં વધારો કરવાનું સરકારનું આયોજન છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની શું વિગતો છે ? | (૩) વહન શક્તિ ૧૭૫ ક્યુસેક્સથી વધારી ૪૦૦ ક્યુસેક્સ કરવાનું આયોજન છે. |

----------

**રાજ્યમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ**

૧૫૯૭ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ બાબતે રાજ્ય સરકારે કોઈ સૂચના બહાર પાડેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે બહાર પાડવામાં આવેલ છે ? | (૨) તા. ૨૯-૦૪-૨૦૦૦ તથા તા. ૨૭-૦૭-૨૦૦૪ ના હુકમથી |

----------

**અમદાવાદ જિલ્લામાં પીવાના પાણીનો પુરવઠો**

૨૩૫૫ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા-બરવાળા અને રાણપર તાલુકાનાં કેટલા ગામો ને નિયમિત પાણી પુરવઠો મળે છે, કેટલા ગામોને નિયમિત પાણી મળતું નથી, | (૧) ત્રણેય તાલુકાના તમામ ગામોને નિયમિત પાણી પુરવઠો આપવામાં આવે છે. |
| (૨) આ ગામોની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા કાયમી શા શા આયોજન કરવામાં આવ્યા છે, તેની વિગતો શી છે, અને | (૨) આ ગામોને લાંબાગાળાના આયોજન તરીકે નર્મદા કેનાલ આધારિત યોજના બનાવવામાં આવી રહેલ છે. |
| (૩) કેટલા સમયમાં આ તમામ ગામોને નિયમિત પાણી પુરવઠો મળશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ખાનપુર તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર**

૧૯૭૮**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં નવરચિત ખાનપુર તાલુકાના વડા મથક બાકોર ખાતે આરોગ્ય વિષયક સુવિધાઓ માટે સામુહિક આરોગ્ય કેન્દ્ર આપવા વિચારેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં આપવા માગો છો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**નડિયાદ સિવિલ હોસ્પીટલમાં સ્ટાફ**

૧૮૭૭ **શ્રી પંકજકુમાર દેસાઈ (નડિયાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નડિયાદ સિવિલ હોસ્પીટલ ખાતે હાલમાં બનાવેલ ટ્રોમા સેન્ટર ખાતે મંજૂર કરવામાં આવેલ સ્ટાફ કેટલો છે, અને | (૧) નડીયાદ સીવીલ હોસ્પિટલ ખાતે ટ્રોમા સેન્ટર માટે મંજૂર થયેલ સ્ટાફ. |

| | |
|---|---|
| જનરલ સર્જન, વર્ગ -૧ | ૧ |
| એનેસ્થેટીસ્ટ, વર્ગ - ૧ | ૧ |
| તબીબી અધિકારી વર્ગ-૨ | ૩ |
| હેડ નર્સ | ૧ |
| સ્ટાફ નર્સ | ૪ |
| રીસેપ્શનીસ્ટ | ૧ |
| **કુલ :** | **૧૧** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ ટ્રોમા સેન્ટરમાં સારવાર આપવા અંગેની કામગીરી ક્યારથી શરૂ કરવામાં આવશે ? | (૨) હોસ્પિટલ સ્ટાફ અને ઉપલબ્ધ સાધનોથી હાલમાં ટ્રોમા સેન્ટરની કામગીરી ચાલુ છે. ઓકટોબર - ૨૦૦૭ થી ફેબ્રુઆરી-૨૦૦૮ સુધીમાં ટ્રોમાને લગતા કુલ ૮૮૯ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે. હોસ્પિટલ અને ટ્રોમા સેન્ટરને જોડતા કોરીડોરની કામગીરી ચાલુ છે જે પુરી થયેથી ટ્રોમા સેન્ટરમાં કામગીરી શરૂ કરવામાં આવશે. |

----------

**ખેડા જિલ્લામાં કેનાલોની સફાઈનો ખર્ચ**

૨૪૪૮ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં આવેલ કેનાલોની સફાઈની કામગીરી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી વખત કરવામાં આવી, અને | (૧) મહી જમણા કાંઠાની નહેરોમાં એકવાર અને શેઢી શાખાની નહેરોમાં બે વાર. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૧૦૦.૬૪ લાખ |

----------

**નર્મદા આધારીત જૂથ યોજનાના ટેન્ડરો**

૨૩૯૮ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના જેતપુર, વાંકાનેર અને મોરબી તાલુકામાં નર્મદાનું પાણી ઉપલબ્ધ હોય નર્મદા આધારીત જૂથ યોજનાના ટેન્ડરો કેટલા અને ક્યારે બહાર પાડવામાં આવેલ છે, | (૧) |

| ક્રમ | તાલુકો | ટેન્ડર બહાર પાડયા તારીખ |
|---|---|---|
| ૧ | મોરબી | ૧૨/૨૦૦૧ |
| ૨ | મોરબી | ૧/૨૦૦૪ |
| ૩ | મોરબી | ૯/૨૦૦૪ |
| ૪ | વાંકાનેર | ૮/૨૦૦૭ |
| ૫ | જેતપુર | ૨/૨૦૦૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કામગીરી ક્યા સ્ટેજે પહોંચેલ છે, અને | (૨) પ્રથમ ત્રણ ટેન્ડરો હેઠળની કામગીરી પૂર્ણ થયેલ છે અને એક ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે અને પાંચમાં ટેન્ડરની લગભગ ૯૫ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૩) આ કામગીરીમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે અને ભવિષ્યમાં કેટલો થશે ? | (૩) કુલ ખર્ચ રૂા. ૨૯.૦૮ કરોડ થયેલ છે, અને ભવિષ્યમાં રૂા. ૬૮.૫૦ કરોડ ખર્ચ થવાનો અંદાજ છે. |

----------

**સ્ટેટ ડ્રગ એડવાઈઝરી બોર્ડની રચના**

૩૧૯૭ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે સ્ટેટ ડ્રગ એડવાઈઝરી બોર્ડની રચના કરી છે તે હકીકત સાચી છે, અને | (૧) નવી ડ્રગ એડવાઇઝરી બોર્ડની રચનાની કાર્યવાહી ચાલુ છે. |
| (૨) જો હા, તો આ બોર્ડની મીટીંગો છેલ્લા બે | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કેટલી વખત મળી ?

----------

**સિવિલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તજજ્ઞ ડૉક્ટરોનું મહેકમ**

૨૭૮૯ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્યમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સિવિલ હોસ્પીટલોમાં તજજ્ઞ ડૉક્ટરોનું મહેકમ કેટલું, | (૧) ૬૮૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તજજ્ઞની જગ્યા મંજુર થયેલ નથી. |
| (૨) હાલ ખાલી જગ્યા કેટલી, અને | (૨) ૩૮૪. |
| (૩) ખાલી જગ્યાઓ પર ડૉક્ટરોની નિમણૂંક ક્યારે કરવામાં આવશે ? | (૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ. |

----------

**વ્યારા શહેર અને તાલુકામાં પીવાના પાણીની વ્યવસ્થા**

૧૯૮૭ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વ્યારા શહેર અને તાલુકામાં કેટલા ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણી માટે સુવિધાઓ પૂરતી નથી, અને | (૧) બે ગામ પરામાં અંશતઃ સુવિધા ઉપલબ્ધ છે. |
| (૨) પીવાના પાણીની સુવિધાઓ વધારવા રાજ્ય સરકારે શી વ્યવસ્થા કરી છે ? | (૨) ઉપરોક્ત બે ગામ / પરાની પાણી પુરવઠા યોજનાના કામો હાલ પ્રગતિમાં છે અને ૬/૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

**બનાસકાંઠા જિલ્લામાં નર્મદા આધારિત પાઇપ લાઇન દ્વારા પાણી આપવા બાબત**

૨૭૭૭ **શ્રી બાબુભાઈ જે.દેસાઈ(કાંકરેજ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) નર્મદા કેનાલ આધારીત પાઇપ લાઇન દ્વારા બનાસકાંઠા જિલ્લાના ગામોમાં પાણી આપવાનું શું આયોજન છે, | (૧) નર્મદા મુખ્ય કેનાલમાથી ત્રણ ઉદ્‌વહન પાઈપ લાઈન મારફતે બનાસકાંઠા જિલ્લાના જળાશયમાં પાણી નાખવાનું આયોજન વિચારાયેલ છે. |
| (૨) સરકાર દ્વારા ઉપરોક્ત કામ માટે તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલી વહીવટી મંજૂરી આપી, અને<br>(૩) આ અંગે બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ હોય તો તેની વિગત શું છે ? | (૨) અને (૩) પાઈપ લાઈનની કન્સલટન્સી માટે ટેન્ડરો માંગવામાં આવેલ છે. જેનો અહેવાલ આખરી થયેથી વહીવટી મંજુરી આપવાનું આયોજન છે. જે માટે વર્ષ ૨૦૦૮-૦૯ના બજેટમાં રૂા. ૩૩ કરોડની જોગવાઈ છે. |

----------

**શહેરા નગરપાલિકાની ખાલી જગા ભરવા અંગે**

૨૧૬૯ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સન જુન-૨૦૦૭ દરમ્યાન નિયામકશ્રી નગરપાલિકા દ્વારા શહેરા નગરપાલિકા (બરો) માં કેટલી અને કઇ કઇ જગા કાયમી નિમણૂક આપવા માટેની મંજૂરી માટેની દરખાસ્તો સરકારમાં મોકલી, | (૧) એક પણ નહીં. |
| (૨) તે પેકી તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલી અને કઇ કઇ જગાઓને સરકારે મંજૂરી આપી અને જગાઓ ભરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકારે મંજૂરી આપેલ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે અને ક્યારે નિમણૂક આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## દેવમોગરા અને માલસાચોટને યાત્રાધામ તરીકે વિક્સાવવા જોગવાઇ

૨૩૬૪ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા દેવમોગરા નિનાઇધાર અને માલસાચોટ ને યાત્રાધામ તરીકે વિક્સાવવા માટેની કોઇ જોગવાઇઓ કરી છે ખરી, અને

(૨) જો હા, તો આ કઇ કઇ જોગવાઇઓ છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## જૂનાગઢ જિલ્લામાં નર્મદાનું પાણી

૨૬૭૦ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના ગામોને નર્મદાનું પાણી આપવાનું રાજ્ય સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના ક્યારે શરૂ કરી પૂર્ણ કરવા માંગો છો, અને

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં આ યોજનામાં શું પ્રગતિ થયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ માટે જૂદી જૂદી યોજનાઓના કામો વર્ષ-૨૦૦૧ થી શરૂ કરવામાં આવેલ છે અને નાણાકિય જોગવાઈ અનુસાર ક્રમશઃ પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ૩૦૧ ગામોને આવરી લેતી ૬ જૂથ પાણી પુરવઠા યોજનાના કામો પૂર્ણ કરેલ છે. જ્યારે ૪૫ ગામોને આવરી લેતી ૨ જૂથ યોજનાના કામો પ્રગતિ હેઠળ છે.

----------

## સ્વજલધારા કાર્યક્રમ હેઠળ પાણી પુરવઠા માટે કેન્દ્રની ગ્રાન્ટ

૨૬૭૧ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાના કામો શરૂ કરવા માટે ભારત સરકાર તરફથી પુરતી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો ના, તો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારે શું પ્રયત્ન કર્યા છે ?

**જવાબ**

(૧) ના, જી.

વર્ષ ૨૦૦૭-૦૮થી આ યોજના ભારત સરકારે બંધ કરેલ છે.

(૨) સ્વજલધારા કાર્યક્રમ ડીસેમ્બર-૨૦૦૨થી અમલમાં આવેલ ત્યાર બાદ આ કાર્યક્રમ હેઠળ વર્ષ-૨૦૦૭-૦૮થી કોઈ નવિન યોજનાઓ માટે ભારત સરકાર ફંડ ફાળવણી નહી કરે તેવો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારે યોજના બંધ કરતા રાજ્ય સરકારે પોતાના બજેટમાંથી ૨૦૦૪-૦૫ થી સેકટર રીફોર્મ (રાજ્ય) યોજના અમલમાં મૂકી છે. આ માટે રાજ્ય સરકારે વર્ષ ૦૪-૦૫ થી ૦૭-૦૮ સુધીમાં રૂા. ૨૨,૭૧૬.૩૩ લાખનું ફંડ ફાળવેલ છે.

## કૂવા આધારિત જૂથ પાણી પુરવઠા યોજનામાં કૂવાઓના પાણી

૨૭૬૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કૂવા આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાઓના કુવાઓના પાણીના તળ નીચા જવાના કારણે, પુરતા જથ્થામાં પાણી ઉપલબ્ધ કરાવવા માટે નદીના પટમાં ચેકડેમ બાંધી, પાણીના તળ ઉંચા લાવવાની અગાઉની સરકારની યોજનાઓ બંધ કરી

**જવાબ**

(૧) ના, જી. આ હકીકત સાચી નથી.

દેવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેના શું કારણો છે, અને

(૩) જો ના, તો બનાસકાંઠા જિલ્લામાં ઇક્બાલગઢ, અમીરગઢ અને વિરમપુર જુથ પાણી પુરવઠા યોજનાના કૂવાઓના પાણીના તળ ઊંચા લાવવા નદીઓમાં ચેકડેમ બાંધવાનું કામ ક્યા કારણે શરૂ કરવામાં આવતું નથી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઈક્બાલગઢ, અમીરગઢ જૂથ યોજના માટે ચેકડેમ બાંધવાનું આયોજન વિચારણા હેઠળ છે. જ્યારે વિરમપુર જૂથ યોજનામાં ચેકડેમ હયાત છે.

----------

**અમદાવાદ કોર્પોરેશનને ઓક્ટ્રોય બદલે ગ્રાન્ટ**

૧૯૭૯ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ કોર્પોરેશનને ઓક્ટ્રોય દૂર થયા બાદ તા. ૧૧-૨-૦૮ સુધીમાં કેટલા કરોડની ગ્રાન્ટ રાજ્ય સરકાર તરફથી આપવામાં આવી ?

**જવાબ**

રૂા. ૧૬૯,૮૭, ૫૦,૦૦૦/-

----------

**સાવરકુંડલા સીવીલ હોસ્પીટલમાં ખાલી જ્ગ્યાઓ**

૧૬૧૯ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા સરકારી સીવીલ હોસ્પીટલમાં ઓર્થોપેડીક સર્જનની જ્ગ્યા નથી,

(૨) હાલ જ્ગ્યા હોવા છતાં બાળરોગ નિષ્ણાંતની મેડીક્લ ઓફીસર-૧ની જ્ગ્યા ખાલી છે, હેડ નર્સની-૨ જ્ગ્યા ખાલી છે, તેમજ ક્લાસ ફોરની ૪ જ્ગ્યા ખાલી છે, તે સરકારની જાણમાં છે કે કેમ,

(૩) જો હા, તો આ જ્ગ્યાઓ ખાલી હોવાથી લોકોની મુશ્કેલી દૂર કરવા સરકાર ક્યારે ભરવા માંગે છે, અને

(૪) આ જ્ગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી. હેડ નર્સની જ્ગ્યાઓ ભરાયેલ છે.

(૩) બાળરોગ નિષ્ણાત, વર્ગ-૧ની જ્ગ્યા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી અને વર્ગ-૪ની આઉટ-સોર્સીગથી સત્વરે.

(૪) વર્ગ-૧ માટે કમિશ્નરશ્રીની ક્ચેરીમાં વોક-ઈન-ઈન્ટરવ્યૂ યોજીને તેમજ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણીપત્રક મોક્લીને, અમરેલીમાં ઉપલબ્ધ બાળરોગ નિષ્ણાંતની સેવા મેળવી અથવા ફીક્સ પે થી અને વર્ગ-૪ની જ્ગ્યાઓ આઉટ સોર્સીગથી ભરવાનું આયોજન છે.

----------

**અમદાવાદ ગાંધીનગરમાં પે એન્ડ યુઝ ટોઈલેટનું નિર્માણ**

૨૬૫૫ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ગાંધીનગર શહેરમાં નિર્મળ ગુજરાત વર્ષ દરમિયાન જાહેર સ્વચ્છતાની જાળવણી માટે કેટલા પે એન્ડ યુઝ ટોઈલેટના નિર્માણનું આયોજન કરવામાં આવ્યું છે, અને

(૨) તા. ૩૧-૧-૦૮ સુધીમાં કેટલા પે એન્ડ યુઝ ટોઈલેટનું નિર્માણ કામ પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં ૯૮ અને ગાંધીનગર શહેરમાં ૫ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક્નાં નિર્માણનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) અમદાવાદમાં ૪૯ પે અન્ડ યુઝ ટોયલેટ બ્લોક્ની કામગીરી પૂર્ણ થયેલ છે.

----------

**રાજકોટ શહેરમાં ગરીબ પરિવારની બહેનો માટે વિના મૂલ્યે પ્રસુતિ**

૨૧૭૧ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ રાજકોટ શહેરમાં રાજ્ય સરકારની ગરીબ પરિવારની બહેનો માટે વિના મૂલ્યે પ્રસુતિ માટેની યોજનાનો કેટલી બહેનોએ લાભ લીધો, અને | (૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ શહેરમાં રાજ્ય સરકારની ગરીબ ૩૧૫ પરિવારની બહેનોએ વિના મૂલ્યે પ્રસુતિ યોજનાનો લાભ લીધો છે. |
| (૨) શહેરમાં ચિરંજીવી યોજનાના પ્રચાર પ્રસાર માટે તંત્ર દ્વારા શાં પગલાં લેવામાં આવેલા ? | (૨) શહેરમાં ચિરંજીવી યોજનાના પ્રચાર પ્રસાર માટે જિલ્લા કલેકટર/જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને રાજકોટ જિલ્લાના તમામ ગાયનેકોલોજીસ્ટની મીટીંગો યોજી, આંગણવાડી વર્કર તેમજ આરોગ્યના તમામ સ્ટાફને આ યોજનાથી માહિતગાર કરવામાં આવેલ છે. |

----------

**નવસારી જિલ્લામાં તળાવો ઊંડા કરવાનો ખર્ચ**

૨૭૭૩ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮માં કુલ કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, | (૧) ૨૦૨ તળાવો |
| (૨) તેની પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયો, અને | (૨) રૂા. ૪૮૧.૭૧ લાખ |
| (૩) તેનાથી સંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો ? | (૩) ૨.૦૪ મી. ઘ. મી. |

----------

**સાવલી નગરપાલિકામાં પીવાના પાણીની પાઈપલાઈનમાં ગેરરીતિઓ**

૧૪૮૪ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના સાવલી નગરપાલિકામાં પીવાના પાણીની પાઈપલાઈનમાં વ્યાપક ગેરરીતિઓ થઈ છે તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ મળી છે, | (૧) એક ફરીયાદ મળેલ છે. |
| (૨) આ અન્વયે સરકારે કોઈ તપાસ કરાવી છે કે કેમ, | (૨) હા. |
| (૩) તપાસ થઈ હોય તો ક્યાં પગલાંઓ લીધા ? | (૩) કલેકટરશ્રી વડોદરાની કચેરીના હુકમ નં.મ્યુનિ/રીવ્યુ અરજી નં.૧/૨૦૦૭ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની કલમ-૨૫૮ હેઠળ સાવલી નગરપાલિકાએ ઉક્ત કામે કારોબારી તેમજ સામાન્ય સભાના ઠરાવથી થયેલ કાર્યવાહી કાયદા વિરૂધ્ધ હોઇ કલેકટરશ્રીએ તેમના તા. ૬-૨-૦૮ ના હુકમથી આ કામને લગત થયેલ કાર્યવાહી મોકૂફ રાખવા ઠરાવેલ છે.<br>નિયામકશ્રી નગરપાલિકા દ્વારા ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૩૭ હેઠળની કાર્યવાહી કરવા યોગ્ય તજવીજ હાથ ધરવામાં આવેલ છે. |

----------

**આદિવાસી વિસ્તાર માટે ઉકાઈ અને દમણ ગંગા યોજનાનું ઉદ્વહન**

૨૭૭૪ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ રાજ્યનાં સિંચાઈથી વંચિત એવા આદિવાસી વિસ્તાર માટે ઉકાઈ અને દમણ ગંગા યોજના | (૧) દમણગંગા નહેર આધારિત ત્રણ ઉદ્વહન યોજના હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે. |

આધારિત ઉદ્‌વહન સિંચાઈ અંગે શું આયોજન કરવામાં આવેલ છે, અને

(૨) તેની શું વિગતો છે ?

(૨) દમણગંગા જળાશય યોજનાની હયાત નહેરમાંથી ત્રણ ઉદ્વવહન સિંચાઇ યોજનાઓના કામો હાથ ધરવાનું આયોજન કરેલ છે. આ કામોની કુલ અંદાજીત કિંમત રૂ. ૧૦.૫૪ કરોડ જેટલી છે. આ કામો પૂર્ણ થયેથી વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ૬ ગામોની ૭૫૬ હેક્ટર જમીનને સિંચાઇની સુવિધા મળી શકશે.

----------

## સાબરકાંઠા જિલ્લાની સિંચાઈ યોજનાઓ પાછળ ખર્ચ

૧૫૧૬ **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંત્રીશ્રીઓનાં હસ્તે ખાત મુહુર્ત થયેલા સાબરકાંઠા જીલ્લાના કેટલા સિંચાઈ પ્રોજેકટો છે, અને ક્યા ક્યા પ્રોજેકટો છે,

(૨) આ પેકી ક્યા ક્યા પ્રોજેકટનું કામ શરૂ થયું છે, પ્રોજેકટવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો, અને

(૩) ક્યા ક્યા પ્રોજેકટોના કામો શરૂ થયા નથી, તેના કારણો શા શા છે, અને કેટલા સમયમાં કામ શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ચાર કામોનું ખાતમુર્હૂત થયેલ છે, જે નીચે મુજબ છે.

(૧) ધરોઇ ડાબા કાંઠા મુખ્ય નહેરના વિસ્તરણનું કામ.

(૨) કુબા ધરોલ ઉદ્વવહન સિંચાઇ યોજના.

(૩) કોજણ તા. હિંમતનગર નાની સિંચાઇ યોજનાની પાઇપ-લાઇનનું કામ.

(૪) શામપુર તા. મોડાસાની ફીડરનું કામ.

(૨) આ પેકી (૧) ધરોઇ ડાબા કાંઠા મુખ્ય નહેરના વિસ્તરણ કામ (૨) કોજણ નાની સિંચાઇ યોજનાની પાઇપ-લાઇનનું કામ તથા (૩)શામપુર ફીડરનું કામ શરૂ થયેલ છે. જેની અંદાજીત કિંમત અનુક્રમે રૂા. ૨૩૯૫ લાખ, રૂા. ૧૪૩.૮૩ લાખ તથા રૂા. ૩.૦૦ લાખ છે.

(૩) કુબા-ધરોલ ઉદ્વવહન સિંચાઇ યોજનાના કામનું ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ છે, મંજૂર થયેથી કામ ચાલુ કરવાનું આયોજન છે.

----------

## જૂનાગઢ જિલ્લામાં નર્મદાનું પાણી

૨૬૬૯ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના ગામોને નર્મદાનું પાણી આપવાનું રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના ક્યારે શરૂ કરી પૂર્ણ કરવા માંગો છો, અને

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં આ યોજનામાં શું પ્રગતિ થયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ માટે જૂદી જૂદી યોજનાઓના કામો વર્ષ ૨૦૦૧ થી શરૂ કરવામાં આવેલ છે અને નાણાકિય જોગવાઇ અનુસાર ક્રમશઃ પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ૩૦૧ ગામોને આવરી લેતી ૬ જૂથ પાણી પુરવઠા યોજનાના કામો પૂર્ણ કરેલ છે. જ્યારે ૪૫ ગામોને આવરી લેતી ૨ જૂથ યોજનાના કામો પ્રગતિ હેઠળ છે.

----------

## નર્મદા આધારીત પાણી આપવાનું આયોજન

૨૩૯૯ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા કેનાલ આધારિત પાઇપલાઇન દ્વારા બનાસકાંઠા જિલ્લાના ગામોમાં પાણી આપવાનું શું આયોજન છે,

(૨) સરકાર દ્વારા ઉપરોક્ત કામ માટે અત્યાર સુધીમાં કેટલી વહીવટી મંજૂરી આપી, અને

**જવાબ**

(૧) નર્મદા મુખ્ય કેનાલમાંથી ત્રણ ઉદ્વવહન પાઇપ લાઇન મારફતે બનાસકાંઠા જિલ્લાના જળાશયમાં પાણી નાખવાનું આયોજન વિચારાયેલ છે.

(૨) અને (૩) પાઇપ લાઇનની કન્સલટન્સી માટે ટેન્ડરો માંગવામાં આવેલ છે, જેનો અહેવાલ આખરી

(૩) આ અંગે બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ હોય તો તેની વિગત શું છે ?

થયેથી વહીવટી મંજૂરી આપવાનું આયોજન છે. જે માટે વર્ષ ૨૦૦૮-૦૯ ના બજેટમાં રૂા. ૩૩ કરોડની જોગવાઇ છે.

----------

**પ્રવાસન સ્થળોના વિકાસ માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરવા અંગે**

૧૬૩૧**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સૌરાષ્ટ્રના જોવાલાયક પ્રવાસન સ્થળોના વિકાસ માટે સરકાર દ્વારા કોઇ બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે કે કેમ, | (૧) હાલમાં આ માટેની કોઇ બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી નથી. પરંતુ ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા સૌરાષ્ટ્રના જોવાલાયક પ્રવાસન સ્થળોના વિકાસ માટે અંદાજો સહિતની કાર્ય યોજના તૈયાર કરવાનું આયોજન વિચારણા હેઠળ છે તેમજ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી જાણીતી સંસ્થા "સેપ્ટ" યુનિવર્સિટીને રાજ્યના ૬ પવિત્ર યાત્રાધામોના વિકાસની કાર્ય યોજના તૈયાર કરવાની કામગીરી સોંપવામાં આવી રહી છે. |
| (૨) જો હા, તો તેમાં ક્યાં ક્યાં પ્રવાસન સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને | (૨) (અ) ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા નીચેના સ્થળોનો સમાવેશ કરવાનું આયોજન છે.<br>(૧) જુનાગઢ (૨) દ્વારકા (૩) સોમનાથ (૪) પોરબંદર (૫) સાસણગીર (૬) જામનગર (૭) અહેમદપુર માંડવી (૮) પાલીતાણા (૯) વેરાવળ (૧૦) રાજકોટ<br>(બ) ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સૌરાષ્ટ્રના નીચેના પવિત્ર યાત્રાધામોનો સમાવેશ કરવાનું આયોજન છે.<br>(૧) ગીરનાર<br>(૨) સોમનાથ<br>(૩) દ્વારકા |
| (૩) આ પ્રવાસન સ્થળોમાં ક્યા પ્રકારની સુવિધા ઊભી કરાશે ? | (૩) નીચે મુજબની સુવિધાઓ ઉભી કરાશે.<br>(૧) સાઇનેજીસ અને ડીસ્પ્લે બોર્ડ<br>(૨) સ્થળ ખાતે ઇલ્યુમીનેશન, પીવાના પાણીની વ્યવસ્થા, પે એન્ડ યુઝ ટોઇલેટ<br>(૩) એપ્રોચ રોડ, પાથવે, સ્થળોએ આવેલ સર્કલનો વિકાસ.<br>(૪) લેન્ડ સ્કેપીંગ, પાર્કીંગ સુવિધા, બેસવા માટેના બાંકડા.<br>(૫) ડસ્ટબીન, પ્લાન્ટેશન, રમતગમતના સાધનો, સોલીડ વેસ્ટ અને સુવરેજ મેનેજમેન્ટ<br>(૬) પ્રવાસી/સ્વાગત માહિતી કેન્દ્ર વગેરે. |

----------

**માળિયા તાલુકાના મીઠાના અગરમાં રહેતા લોકો માટે પીવાના પાણીની વ્યવસ્થા**

૨૭૮૨ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લાના માળીયા તાલુકાના મીઠાના અગરમાં રહેતા માણસો માટે પીવાના પાણીની કોઇ વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવી વ્યવસ્થા ક્યા ક્યા સ્થળે કરવામાં આવેલ છે ? | (૨) **પાઇપ લાઇન મારફત :**<br>હરીપર-હંજીયાસર રેન્જમાં ૯ એકમો અને બગસરા વાવણીયા રેન્જમાં ૬ એકમો કુલ મળીને ૧૫ એકમોને |

આપવામાં આવે છે.
**ટેન્કર મારફત :**
બગસરા વવાણીયા રેન્જમાં આવેલ ૧૦ એકરના કુલ ૨૫ એકમોને ટ્રેક્ટર માઉન્ટેડ ટેન્કર દ્વારા હાલમાં પાણી અપાઇ રહેલ છે.

----------

## નર્મદા આધારિત જૂથ યોજનાના ટેન્ડરો

૨૬૫૭ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના વાંકાનેર અને મોરબી તાલુકામાં નર્મદાનું પાણી ઉપલબ્ધ હોઇ નર્મદા આધારિત જૂથ યોજનાના ટેન્ડરો કેટલા અને ક્યારે બહાર પાડવામાં આવેલ,

(૨) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે પહોંચેલ છે, અને

(૩) આ કામગીરીમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે અને ભવિષ્યમાં કેટલો થશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ટેન્ડર બહાર પાડ્યા તારીખ |
|---|---|---|
| ૧ | મોરબી | ૧૨-૨૦૦૧ |
| ૨ | મોરબી | ૧-૨૦૦૪ |
| ૩ | મોરબી | ૯-૨૦૦૪ |
| ૪ | વાંકાનેર | ૮-૨૦૦૭ |

(૨) પ્રથમ ત્રણ ટેન્ડરો હેઠળની કામગીરી પૂર્ણ થયેલ છે અને એક ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

(૩) કુલ ખર્ચ રૂા. ૧૪.૨૨ કરોડ થયેલ છે, અને ભવિષ્યમાં રૂા. ૬૮.૦૦ કરોડ ખર્ચ થવાનો અંદાજ છે.

----------

## નર્મદાનું પાણી આપવાનું આયોજન

૨૬૫૮**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાનું પીવાનું પાણી રાધનપુર, વાવ અને થરાદ તાલુકામાં ક્યારે આપવાનું આયોજન છે,

(૨) આ યોજનાનું કામ કઇ રીતે હાથ ધરવામાં આવે છે, અને

(૩) આ કામો ક્યારે શરૂ થશે ?

**જવાબ**

(૧) નાણાકીય જોગવાઈ અનુસાર માર્ચ-૨૦૧૦ સુધીમાં ક્રમશઃ પાણી આપવાનું આયોજન છે.

(૨) ટેન્ડર પધ્ધતિથી ઈજારદાર નક્કી કરી તેમના દ્વારા કામ હાથ ધરવામાં આવશે.

(૩) યોજનાઓના કામોના ટેન્ડરને મંજૂરી મળ્યા બાદ કરાર ખત થયેથી કામો શરૂ કરવાનું આયોજન છે.

----------

## બોરસદ અને આંકલાવ તાલુકામાં કાંઠા વિસ્તારના ગામોમાં પીવાનું પાણી

૨૭૮૮ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બોરસદ અને આંકલાવ તાલુકાનાં કાંઠા વિસ્તારના ગામોમાં પાણી પીવા લાયક નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ શું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પાણીમાં ગુણવત્તાની અસરવાળા કુલ ૪૨ ગામો પૈકી ૨૪ ગામોના કામો પૂર્ણ કરેલ છે તથા બાકી રહેતા ૧૮ ગામોના કામો ૦૩/૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

## મધ્યસ્થ ઓષધ ભંડાર દ્વારા ખરીદાતી દવાઓ

૨૬૭૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મધ્યસ્થ ઓષધ ભંડારતંત્ર મારફતે દવાઓની ખરીદી થયા પછી નકકી થયેલ ગુણવત્તા કરતા હલકી પ્રકારની ગુણવત્તાવાળી દવાઓ કંપનીઓ આપી દે છે તેવા કેટલા કિસ્સા તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારના ધ્યાને આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૭૧ કિસ્સાઓ સરકારના ધ્યાને આવેલ છે.

(૨) જે કંપનીઓએ હલકા પ્રકારની દવાઓ આપી છે અને માનવ જીંદગી સાથે ચેડા કર્યા છે તેવી કંપનીઓ અને ખરીદ કરનાર સામે સરકારે શાં પગલાંઓ લીધા ?

(૨) (અ) હલકા પ્રકારની દવાઓ આપનાર કંપનીઓ સામે નીચે મુજબ પગલા લેવામાં આવ્યા.

(૧) ૧૦ કંપનીઓ પાસેથી કુલ રૂા. ૭,૮૮,૦૦૨/-ની કિંમતની દવાઓનું રિપ્લેસમેન્ટ મેળવ્યું.

(૨) ૩૧ કંપનીઓ પાસેથી કુલ રૂા. ૪૦,૨૫,૯૪૪/-ની વસૂલાત કરી.

(૩) ૨૪ કંપનીઓને ત્રણ વર્ષ માટે સંબંધિત દવાઓ માટે, ૧ કંપનીને બે વર્ષ માટે સંબંધિત દવાઓ માટે, ૧ કંપનીને બધીજ ઈન્જેક્ટેબલ આઈટમો માટે ત્રણ વર્ષ માટે અને ૧ કંપનીને પાંચ વર્ષ માટે તમામ દવાઓ/આઈટમો માટે ડીબાર કરવામાં આવેલ છે.

(બ) હલકા પ્રકારની દવાઓ ખરીદનાર સામે પગલાં.

દવાઓ ખરીદતી વખતે અને સ્વીકારતી વખતે મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા જી.એમ.પી. સર્ટીફીકેટ, ડ્રગ લાઈસન્સ તથા કંપનીઓએ પૂરા પાડેલ દસ્તાવેજની ચોક્સાઈપૂર્વક ચકાસણી કરવામાં આવે છે અને ત્યારબાદ જ દવાઓ ખરીદવામાં આવે છે. ઉત્પાદક દ્વારા મોકલેલ જથ્થાની જે તે બેચનો મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા માન્ય ખાનગી લેબોરેટરીનો ટેસ્ટ રિપોર્ટ મળ્યા બાદ જથ્થો સ્વીકારવામાં આવે છે. આથી ખરીદ કરનાર સામે પગલાં લેવાના થતા નથી.

----------

## સોરાષ્ટ્રના વિસ્તારમાં પીવાના પાણીનું આયોજન

૨૬૬૫ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સોરાષ્ટ્ર વિસ્તારના કેટલા જિલ્લાઓને નર્મદાનું પીવાનું પાણી આપવાનું આયોજન છે, | (૧) ૭ જિલ્લાઓને નર્મદાનું પીવાનું પાણી આપવાનું આયોજન છે. |
| (૨) આયોજન અંતર્ગત કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે, અને | (૨) તમામ ૪૭૦૨ ગામોને |
| (૩) બાકી રહેલ ગામોને ક્યારે આવરી લેવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## રાજ્યના સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ

૨૪૫૧ **શ્રી માનસિંહ કો.ચૌહાણ (બાલાસિનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખેડા-આણંદ- પંચમહાલ અને દાહોદ જિલ્લામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલા સમયથી તાલુકા પ્રમાણે કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ જગ્યાઓ ન ભરવાના કારણો શું છે, અને

(૩) હવે રાજ્ય સરકાર કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવા વિચારે છે ?

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**જવાબ**

(૧)

| જિલ્લાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો | જિલ્લાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો |
|---|---|
| સાથેના પત્રક-અ મુજબ | સાથેના પત્રક-બ મુજબ |

(૨) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે

(૩) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયે બનતી ત્વરાએ

----------

**દેવગઢ બારીયાની હૉસ્પિટલમાં ખાલી જગ્યાઓ**

૨૪૪૯ **શ્રી તુષારસિંહ ક.મહારાઉલ (દેવગઢ બારિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ દેવગઢ બારીયાની શ્રી જે. એસ. ચોહાણ હૉસ્પિટલમાં વર્ગ- ૧-૨-૩ અને ૪ ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે, અને | (૧) |

| સંવર્ગ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૮ |
| વર્ગ-૨ | ૮ |
| વર્ગ-૩ | ૩૯ |
| વર્ગ-૪ | ૩૪ |

| | |
|---|---|
| (૨) તે પેકી કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલા સમયથી ખાલી છે ? | (૨) કુલ ૧૬ (સોળ) તે પેકી ૨ જગ્યા અનુક્રમે તા. ૧-૪-૯૭ અને તા. ૧૪-૧૧-૨૦૦૦ થી જ્યારે ૧૪ જગ્યાઓ તા. ૧-૧-૦૪ થી તા. ૬-૯-૦૭ દરમ્યાન |

----------

**બારડોલી તાલુકાના આરોગ્ય કેન્દ્રમાં મહેકમ**

૩૦૮૮ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના ઉમરાખ ગામે આવેલ આરોગ્ય કેન્દ્રમાં વિવિધ સંવર્ગનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) સંવર્ગવાર નીચે મુજબ મહેકમ મંજુર થયેલ છે. |

| | |
|---|---|
| તબીબી અધિકારી, વર્ગ-૨ | ૧ |
| જુનીયર ફાર્માસીસ્ટ | ૧ |
| લેબોરેટરી ટેક્નીશીયન | ૧ |
| સીનીયર ક્લાર્ક | ૧ |
| ડ્રાઈવર | ૧ |
| વોર્ડબોય | ૧ |
| વોર્ડ આયા | ૧ |
| પાર્ટ ટાઈમ સ્વીપર | ૨ |
| કુલ... | ૯ |

| | |
|---|---|
| (૨) તેમાંથી કેટલી જગ્યાઓ હાલમાં ભરાયેલ છે, | (૨) ૬ (છ) જગ્યાઓ |
| (૩) જે જગ્યાઓ ભરાયેલ નથી તેના કારણો શાં છે, અને | (૩) વર્ગ-૩/૪ની જગ્યાઓ જીલ્લા પંચાયત હસ્તકની હોઈ જુનીયર ફાર્માસીસ્ટની જગ્યા માટે માંગણી પત્રક જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિને મોકલી આપેલ છે. જેથી ઉમેદવારોની ફાળવણી ન થવાના કારણે જગ્યા ભરાઈ શકાયેલ નથી. |
| (૪) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) બનતી ત્વરાએ |

----------

**નવસારી જિલ્લામાં તળાવો ઊંડા કરવાનો ખર્ચ**

૨૩૯૧ **શ્રી લક્ષ્મણભાઈ પ.પટેલ(ગણદેવી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ માં કુલ કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, | (૧) ૨૦૨ તળાવો |
| (૨) તેની પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયો, અને | (૨) રૂા. ૪૮૧.૭૧ લાખ |
| (૩) તેમાંથી સંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો ? | (૩) ૨.૦૪ મી. ઘ.મી. |

----------

## ગારિયાધાર તાલુકાના ગામોમાં નર્મદા આધારિત પીવાનું પાણી

૨૭૭૮ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકામાં કેટલા ગામોમાં નર્મદા આધારિત પીવાના પાણીથી જોડાવાના બાકી છે, અને | (૧) ૧ (એક) ગામને |
| (૨) બાકી રહેતા ગામોને ક્યાં સુધીમાં નર્મદા પાઇપ લાઇન મારફત પીવાનું પાણી મળશે ? | (૨) માહે માર્ચ-૨૦૦૮ સુધીમાં પાણી આપવાનું આયોજન છે. |

----------

## વિજાપુર તથા વાગડોદ તાલુકામાં પીવાના પાણીની મુશ્કેલી

૨૯૧૦ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ઉત્તર ગુજરાતમાં ધરોઈ ડેમમાંથી પીવાનું પાણી મેળવતા વિજાપુર તાલુકાનાં લાડોલ વગેરે ગામો તેમજ વાગડોદ તાલુકામાં યોગ્ય વિતરણ પધ્ધતિના અભાવે પીવાના પાણીની પડતી મુશ્કેલીથી ગ્રામજનો પીડાઈ રહ્યા છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ મુશ્કેલીઓ નિવારવા અને સમયબધ્ધ રીતે કાયમી ધોરણે પીવાનું પાણી પૂરું પાડવામાં સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## જોડીયા શહેરને પાણી પૂરું પાડવા અંગે

૨૧૫૪ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લાના જોડીયા શહેરને કાયમી ધોરણે પીવાનું પાણી પૂરું પાડવા માટે કોઈ યોજના કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવેલ, | (૨) જૂન-૧૯૯૬ માં |
| (૩) ક્યારે પૂર્ણ કરવામાં આવી, અને | (૩) માર્ચ-૨૦૦૧ માં |
| (૪) આ યોજના દ્વારા જોડીયા શહેરને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે કે કેમ ? | (૪) હા, જી. |

----------

## સાબરમતી નદીમાંથી કેનાલોનું આધુનિકરણ

૨૦૮૭ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લામાં સાબરમતી નદીમાંથી ફતેવાડી યોજના દ્વારા સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે, અને | (૧) અને (૨) હા, જી. નાણાંકીય ઉપલબ્ધી અનુસાર તબક્કાવાર આધુનિકરણ કરવાનું આયોજન છે. |
| (૨) કમાન્ડ વિસ્તાર વધ્યો છે અને કેનાલો જુની હોવાથી તૂટી ગઈ છે નાળા તૂટી ગયા છે પાણી વહન કરી શક્તી નથી તો આ કેનાલોનું આધુનિકરણ કરવા માંગો છો કે કેમ ? | |

----------

## જૂનાગઢ જિલ્લામાં લીફ્ટ ઈરીગેશન યોજના કરવાનું આયોજન

૨૩૫૯ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના બાદલપરા ગામે લીફ્ટ ઈરીગેશન યોજના આવેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૨) જો હા, તો આ યોજના ક્યારે મંજૂર થઈ, આ યોજનાનું કામ હાલ ક્યા તબક્કે છે અને કેટલા સમયમાં પૂર્ણ કરી યોજના કાર્યરત કરવામાં આવશે ? | (૨) - વર્ષ ૧૯૯૫-૯૬ માં મંજુર થયેલ છે.<br>- યોજનાનું કામ પૂર્ણ થયેલ છે.<br>- વિજ ક્નેક્શનની મંજુરી મળેલ ન હોઈ વિજ ક્નેકશનની મંજુરી મળ્યા બાદ યોજના કાર્યરત કરવામાં આવશે. |

----------

## વડોદરામાં એતિહાસિક વાવોની સફાઈ

૨૩૯૨ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વડોદરા જિલ્લામાં એતિહાસિક વાવોની સફાઈની કામગીરી સરકારે હાથ ધરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ કેટલી વાવની કામગીરી પૂર્ણ થઈ ? | (૨) ચોત્રીસ (૩૪). |

----------

## સુરેન્દ્રનગર જિલ્લાના ગામોને સ્વજલધારા યોજનાનો લાભ

૨૭૮૩ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના કેટલા ગામોને સ્વજલધારા યોજનાનો લાભ મળેલ છે, અને | (૧) સ્વજલધારા નહીં પરંતુ રાજ્ય સરકારની સેક્ટર રીફોર્મ યોજના (રાજ્ય) અન્વયે ૧૨૨ ગામોને મંજૂરી આપવામાં આવેલ છે. તે પૈકી ૩૦ ગામની યોજનાઓ પૂર્ણ થયેલ છે અને ૯૨ ગામની યોજનાઓ પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ યોજના અંતગર્ત બાકી રહેતા ગામોને ક્યાં સુધીમાં આવરી લેવાનું આયોજન છે ? | (૨) સબંધિત ગામોની માંગણી આવ્યેથી નાણાંકિય જોગવાઈ અનુસાર આવરી લેવાનું આયોજન છે. |

----------

## અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં આરોગ્ય હેતુસર દારૂની પરમીટ

૧૫૧૪ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ ખાતેની સીવીલ હોસ્પીટલમાં આરોગ્ય કારણોસર દારૂની પરમીટ માટે કેટલી અરજીઓ આવી, | (૧) અમદાવાદ ખાતેની સીવીલ હોસ્પીટલમાં આવી અરજી સીધી મળતી નથી, પરંતુ નશાબંધી અને આબકારી ક્ચેરી તરફથી તબીબી પરીક્ષણ અર્થે સિવિલ હોસ્પિટલ, અમદાવાદને અભિપ્રાય અર્થે મોકલવામાં આવે છે. જેની સંખ્યા નીચે મુજબ છે :-<br>(૧) તા. ૧-૨-૨૦૦૬ થી તા. ૩૧-૧-૨૦૦૭ — ૧૩૧૯<br>(૨) તા. ૧-૨-૨૦૦૭ થી તા. ૩૧-૧-૨૦૦૮ — ૯૯૬ |
| (૨) આવી દારૂની પરમીટો લેવા આવનાર ઈસમો પાસેથી રોગી કલ્યાણ સમિતિમાં દાન ફરજીયાત પણે લેવામાં આવે છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને | (૨) દાન લેવામાં આવતુ નથી. ફી લેવામાં આવે છે. |
| (૩) જો હા, તો કેટલા દર્દીઓને આવી પરમીટ દાન લઈને આપવામાં આવી અને કેટલા દર્દીઓને દાન ન આપતા પરમીટો અપાઈ નથી ? | (૩) લાગુ પડતુ નથી. |

----------

## કચ્છ જિલ્લામાં સુજલામ સુફલામ યોજનાના મંજૂર થયેલ કામો

૨૦૨૫ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સુજલામ સુફલામ યોજના અન્વયે નક્કી થયેલ | (૧) ના જી, |

રકમ પૂરેપૂરી વપરાઈ નથી અને મંજૂર કરાયેલા કે કરવાના કેટલાક કામો શરૂ થયેલા નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો સુજલામ સુફલામ યોજના અન્વયે સિંચાઈ વિભાગના થયેલ કે કરવાના કામો શરુ કરવાની અને પુરી કરવાની મુદ્દત શું હતી અને કેટલું ખર્ચ અંદાજવામાં આવેલ, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે પૈકી તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં ક્યા ક્યા કામો સામે કેટલું ખર્ચ થયું ?

(૩) - બંધારા પાછળ રૂા. ૮૪.૬૨ કરોડ
- ચેકડેમો પાછળ રૂા. ૧૬.૭૧ કરોડ
- અનુશ્રવણ તળાવો પાછળ રૂા. ૧.૩૯ કરોડ
- પાણી પુરવઠાની યોજના પાછળ
રૂા. ૧૧૪.૦૨ કરોડનો ખર્ચ થયેલ છે.

----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા પાઈપલાઈન આધારીત પીવાનું પાણી**

૨૬૬૧ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ગામોને નર્મદા પાઈપલાઈન આધારિત જુથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવા સરકારે કોઈ આયોજન કરેલ છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ અંતર્ગત કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે, અને

(૨) જીલ્લાના તમામ ૬૪૮ ગામો માટે આયોજન કરવામાં આવેલ છે.

(૩) કેટલા સમયમાં બાકીના ગામોને આવરી લેવાનું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**ભરૂચ જિલ્લામાં પી.એચ.સી. / સી.એચ.સી.ના મકાનોની સંખ્યા**

**<#M૨૧૧૧ શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧મી ડીસેમ્બર-૨૦૦૭ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મકાનોની સંખ્યા કેટલી છે,

(૧) સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મકાનોની સંખ્યા ૮ છે. ભરૂચ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૩૮ મકાનોની સંખ્યા છે.

(૨) આ મકાનો/બિલ્ડીંગો ફરતે સંરક્ષણ દિવાલો કેટલા કેન્દ્રોમાં છે, કેટલામાં નથી, અને

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ૮ પૈકી ૬ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંરક્ષણ દિવાલ છે જ્યારે ૨ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંરક્ષણ દિવાલ નથી (ઉમલ્લા, વાગરા, જિ. ભરૂચ)
૧૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંરક્ષણ દિવાલ છે જ્યારે ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંરક્ષણ દિવાલ નથી.

(૩) આ સુવિધા તૈયાર કરી મકાનોની જાળવણી કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) (૧) ચાલુ વર્ષે ૨૦૦૭-૨૦૦૮ હેઠળ નેશનલ રૂરલ હેલ્થ મિશન કાર્યક્રમ હેઠળ ભરૂચ જિલ્લામાં આવેલ ૮ સામુહિક આરોગ્ય કેન્દ્રો માટે કેન્દ્ર દીઠ રૂા. ૧.૦૦ લાખ મરામત રૂા. ૧.૦૦ લાખ મેન્ટેનન્સ એન્ડ ફીઝીકલ ઈન્ફ્રાન્ટ્રક્ચર અને રૂા. ૫૦,૦૦૦/- લેખે અનટાઈડ ફંડ તથા ૧.૦૦ લાખ વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ એમ કુલ રૂા. ૩.૫૦ લાખ સામુહિક આરોગ્ય કેન્દ્ર દીઠ રોગી કલ્યાણ સમિતિમાં ફાળવવામાં આવેલ છે.
(૨) ચાલુ વર્ષે ૨૦૦૭-૨૦૦૮ હેઠળ નેશનલ રૂરલ હેલ્થ મિશન કાર્યક્રમ હેઠળ ભરૂચ જિલ્લામાં આવેલ ૩૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે કેન્દ્ર દીઠ રૂા. ૫૦,૦૦૦/- રોગી કલ્યાણ સમિતિ રૂા. ૫૦,૦૦૦/- મરામત અને નિભાવણી માટે અને રૂા. ૨૫,૦૦૦/- લેખે અનટાઈડ ફંડ

મળી કુલ રૂા. ૧,૨૫,૦૦૦/- પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દીઠ જિલ્લાની ડિસ્ટ્રીક્ટ હેલ્થ સોસાયટી, ભરૂચને હવાલે ફાળવેલ છે. આમ ઉપર મુજબ આયોજન કરેલ છે.

----------

**ભારત નિર્માણ કાર્યક્રમ હેઠળ ગ્રાન્ટ**

૨૯૪૦ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ""ભારત નિર્માણ"" કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા તા.૩૧/૧/૨૦૦૮સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આરોગ્ય વિભાગને કેટલી ગ્રાન્ટ મળેલ છે, અને

(૨) તે પૈકી યોજનાવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે, કેટલી રકમ બચતમાં છે ?

**જવાબ**

(૧) આ કાર્યક્રમ અંતર્ગત તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આરોગ્ય વિભાગને કોઇ જ ગ્રાન્ટ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**સૌરાષ્ટ્ર વિસ્તારમાં નર્મદાનું પીવાનું પાણી**

૨૬૬૮ **શ્રી આત્મારામ મ.પરમાર(ગઢડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સૌરાષ્ટ્ર વિસ્તારના કેટલા જિલ્લાઓને નર્મદાનું પીવાનું પાણી આપવાનું આયોજન છે,

(૨) આયોજન અંતર્ગત કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે, અને

(૩) બાકી રહેલ ગામોને ક્યારે આવરી લેવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૭ જિલ્લાઓને નર્મદાનું પીવાનું પાણી આપવાનું આયોજન છે.

(૨) તમામ ૪૭૦૨ ગામોને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**નર્મદાના પાણીથી મચ્છુ ડેમ-૧ ભરવા લીધેલ પગલાં**

૨૧૨૧ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મચ્છુ ડેમ-૧ને નર્મદાના પાણીથી ભરી દેવા અંગે સરકાર દ્વારા શાં પગલાં લેવાયા છે, અને

(૨) મચ્છુ ડેમ-૧ના પાણીનો સિંચાઈના હેતુ માટે જ ઉપયોગ કરવાનો હોવા છતાં છેલ્લા કેટલાય વર્ષોથી પીવાના પાણી માટે વાંકાનેર શહેર અને કુવાડવાના ૪૨ ગામોએ ઉપયોગ કરવો પડે છે એ સાચું છે ?

**જવાબ**

(૧) તાંત્રિક અભ્યાસ હાથ ધરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૨) હા, જી.

----------

**ગાંધીનગરમાં નિર્મળ ગુજરાત વર્ષ અન્વયે પે એન્ડ યુઝ ટોઈલેટનું નિર્માણ**

૨૬૫૪ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર શહેરમાં નિર્મળ ગુજરાત વર્ષ દરમિયાન જાહેર સ્વચ્છતાની જાળવણી માટે કેટલા પે એન્ડ યુઝ ટોઈલેટના નિર્માણનું આયોજન કરવામાં આવેલ છે,

(૨) જુના સેકટરોમાં આવા ટોઈલેટનું બાંધકામ થયેલું હતું તે હકીક્ત સાચી છે, આ ટોઈલેટોનો ઉપયોગ થાય છે કે કેમ,

(૩) તા.૩૧/૧/૦૮ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં કેટલા પે એન્ડ યુઝ ટોઈલેટ ચાલુ કન્ડીશનમાં છે,

(૪) કેટલાનું નિર્માણ ચાલુ છે, અને

(૫) કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ગાંધીનગર શહેરમાં કુલ પાંચ પે એન્ડ યુઝ ટોયલેટના નિર્માણનું આયોજન વિચારાયેલ છે.

(૨) જુના સેક્ટરોમાં પે એન્ડ યુઝ ટોયલેટનું બાંધકામ અગાઉ થયેલ નથી.

(૩) એક પણ નહિ.

(૪) મીના બજાર જુના સચિવાલય ખાતે એક પે એન્ડ યુઝ ટોયલેટના નિર્માણની કામગીરી ચાલુ છે.

(૫) જેમ બને તેમ વહેલાં.

----------

## સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ માટેની યોજનાઓ

૩૧૯૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં તા.૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સિંચાઈ માટેની રાજ્ય સરકારે કેટલી અને કઈ કઈ યોજનાઓ બનાવી,

(૨) વર્ષવાર એની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) સિંચાઈની આ યોજનાઓથી ભિલોડા તાલુકાનો કેટલા હેક્ટર વિસ્તાર પિયત થયેલ છે ?

**જવાબ**

(૧) નીચે દર્શાવેલ યોજનાઓ હાથ ધરેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | ચેકડેમ | ૧૭૪ |
| ૨ | તળાવો ઉંડા કરવા | ૩૫ |
| ૩ | ડીપ ચેકડેમ | ૧૮ |
| ૪ | રીપેર, રીનોવેશન અને રીસ્ટોરેશન યોજનાઓ | ૦૪ |

(૨) વર્ષવાર ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૨૦૦૫-૦૬ | રૂા. ૫૩૮.૦૩ લાખ |
| ૨૦૦૬-૦૭ | રૂા. ૬૭.૮૧ લાખ |
| ૨૦૦૭-૦૮ | રૂા. ૧૨૭.૪૮ લાખ |
| **કુલ...** | **રૂા. ૭૩૩.૩૨ લાખ** |

(૩) સીધી તથા આડકતરી સિંચાઇ હેઠળ ૧૪૧૪ હેક્ટર વિસ્તાર આવરી લેવાયેલ છે.

----------

## ભુર્ગભ જળસ્રોત ઊંડા જતા અટકાવવા અંગે

૨૮૫૯ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ભુગર્ભ જળસ્રોતના તળ સતત ઊંડા જઈ રહ્યા છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેને અટકાવવા માટે સરકાર શું પગલાં લેવા માંગે છે, અને

(૩) આ કામગીરીમાં ખેડૂતોને સાંકળવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

- ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભ જળના તળ ચિંતાજનક રીતે નીચે ઉતરતા હતા તેથી સરકારશ્રી દ્વારા ભૂગર્ભજળના રિચાર્જને મહત્તમ અગ્રિમતા આપવામાં આવેલ છે.

- આ માટે વિવિધ યોજનાઓ જેવી કે :-

-- સુજલામ સુફ્લામ યોજના દ્વારા નર્મદાના પુરના વધારાના પાણીને વિવિધ પાઇપ લાઇન મારફ્તે ઉદ્વહન કરી ઉત્તર ગુજરાતના જળાશયો તેમજ સ્પ્રેડીંગ ચેનલ મારફ્તે રિચાર્જની કામગીરી.

-- સુજલામ સુફ્લામ યોજના દ્વારા મહી-કડાણાના વધારાના પાણીને સ્પ્રેડીંગ ચેનલ મારફ્તે રિચાર્જની કામગીરી.

-- સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ચેકડેમની કામગીરી.

-- કુવા રીચાર્જ કરવાની કામગીરી.

-- ખેત તલાવડીઓ દ્વારા રીચાર્જની કામગીરી.

-- તળાવો ઊંડા કરવાની કામગીરી.

-- ઉપલબ્ધ પાણીના અસરકારક અને મહત્તમ વપરાશ માટે રાજ્યમાં સહભાગી સિંચાઇ વ્યવસ્થાના અમલીકરણ માટે ""ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન કાયદો-૨૦૦૭"" બનાવવામાં આવેલ છે.

-- ઉપલબ્ધ પાણીમાંથી મહત્તમ વિસ્તારને સિંચાઇ ઉપલબ્ધ કરાવવા માટે ડ્રીપ અને સ્પ્રિંક્લર ઇરીગેશનનો ઉપયોગ વધારવા માટે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીની રચના કરવામાં આવેલ છે.

-- અન્ય વિવિધ જળસંપત્તિ યોજનાઓ અને.

-- હયાત સિંચાઇ યોજનાઓની નહેરોની સુધારણાની કામગીરી દ્વારા ભૂગર્ભ જળ સ્ત્રોતના રીચાર્જ માટેની કામગીરી, વગેરેનું દ ।નિષ્ટ આયોજન કરી હાથ ઉપર લેવામાં આવેલ છે.

આ પ્રયત્નોના પરિણામ સ્વરૂપે, ઉત્તર ગુજરાતમાં ઉતરતા જતા ભૂગર્ભ જળના તળની પ્રક્રિયામાં છેલ્લા વર્ષોમાં સકારાત્મક સુધારો જણાયેલ છે.

- સરકારશ્રી દ્વારા થતા આ ઘનિષ્ટ પ્રયત્નોમાં ખેડૂતોને મોટાપાયે સાંકળવામાં આવ્યા છે.

-- સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના દ્વારા કરવામાં આવતા ચેકડેમોમાં લાભીત ખેડૂત લોકજૂથો દ્વારા કરવામાં આવતી લોકભાગીદારી અને તળાવો ઊંડા કરવામાં આવતી કામગીરીમાં ખેડૂતોના લોકફાળા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

-- ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા ડ્રીપ અને સ્પ્રીંક્લર ઇરીગેશનનો ઉપયોગ વધારવા માટે ખેડૂતોને સાંકળવામાં આવે છે.

-- સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન દ્વારા ખેડૂતોને સિંચાઇના પાણીના વ્યવસ્થાપન માટે મંડળીઓ રચી અને નહેરનું પાણી વહેંચણી માટે સોંપવામાં આવે છે, અને તે રીતે ખેડૂતોને સિંચાઇ વ્યવસ્થાપનમાં સહભાગી બનાવવામાં આવે છે.

**ટંકારા ગામે દયાનંદ સરસ્વતીની જન્મભૂમિ યાત્રાધામ તરીકે વિકસાવવા**

૨૪૧૫ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના ટંકારા ગામે દયાનંદ સરસ્વતીની જન્મભૂમિ હોઈ, તે સ્થળને યાત્રાધામ તરીકે વિકસાવવા માગો છો કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો શી કાર્યવાહી થયેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**વડોદરામાં તળાવો ઊંડા કરવા**

૨૪૦૪ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮માં તા.૩૧/૧/૨૦૦૮ સુધીમાં કેટલા તળાવો ઊંડા કર્યા. | (૧) ૪૧૫ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂા. ૧૧૦૧.૫૬ લાખ. |
| (૩) તેનાથી સંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો ? | (૩) ૧૫૦.૯૨ એમ.સી.એફ.ટી. |

----------

**આયુર્વેદિક દવાખાનામાં ડૉક્ટરોની ઘટ**

*** ૨૯૩૭ શ્રી કિરણકુમાર મકવાણા (જંબુસર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા આયુર્વેદિક દવાખાના આવેલા છે,

**જવાબ**

(૧) તા.૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ૧૫ આયુર્વેદિક દવાખાના આવેલા છે, જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | દવાખાનાનું સ્થળ |
|---|---|---|
| ૧ | ભરૂચ | અમલેશ્વર |
| ૨ | ,, | કવિઠા |
| ૩ | હાસોટ | કતપોર |
| ૪ | ,, | કુડાદરા |
| ૫ | અંકલેશ્વર | દીવા |
| ૬ | વાલીયા | લુણા |
| ૭ | ,, | ચીખલી |
| ૮ | ઝઘડીયા | દરીયા |
| ૯ | ,, | અસા |
| ૧૦ | ,, | વેલુગામ |
| ૧૧ | ,, | ગાલીબા |
| ૧૨ | વાગરા | ભેંસલી |
| ૧૩ | ,, | પખાજણ |
| ૧૪ | જંબુસર | માલપુર |
| ૧૫ | ,, | દેવલા |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ દવાખાનામાં ડોકટરોની ઘટ કેટલી છે, અને | (૨) આ દવાખાનામાં ૮ ડૉક્ટરોની ઘટ છે. |
| (૩) તે જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારશ્રીએ ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી મેડીકલ ઓફીસરની પસંદગી કરી ફાળવણી કરવામાં આવે ત્યાં સુધી એડહોક ધોરણે નિમણૂંક આપવા અંગે જાહેરાત આપી ઉમેદવારોની પસંદગી કરી નિમણૂંક આપવા અંગેની કાર્યવાહી હાથ ધરેલ હોઇ વહેલામાં વહેલી તકે ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. |

----------

**દાહોદ જિલ્લામાં પૂર્ણ થયેલ ચેકડેમ**

૨૭૧૨ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧/૩/૦૭ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ચેકડેમ મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ પેકી કુલ કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) આ ચેકડેમ નિયત એસ્ટીમેન્ટ મુજબ થાય તેની દેખરેખ માટે શી વ્યવસ્થા કરેલ છે ?

**જવાબ**

(૧) ૨૨૯૯ ચેકડેમ
(સામેલ પત્રક મુજબ)

(૨) ૧૭૦૨ ચેકડેમ.

(૩) ક્ષેત્રિય તાંત્રિક અધિકારીઓ ઉપરાંત ગુણવત્તા નિયમન સ્ટાફ દ્વારા ચકાસણી કરવામાં આવે છે.

**પત્રક**

**તાલુકાવાર મંજૂર થયેલ ચેકડેમની સંખ્યા**

| ક્રમ | તાલુકો | મંજૂર થયેલ ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| ૧ | ફતેપુરા | ૫૫૭ |
| ૨ | ઝાલોદ | ૬૭૩ |
| ૩ | દાહોદ | ૧૨૯ |
| ૪ | ગરબાડા | ૫૭ |
| ૫ | ધાનપુર | ૨૪૮ |
| ૬ | લીમખેડા | ૬૦૬ |
| ૭ | દેવગઢ બારીઆ | ૨૯ |
| | કુલ... | ૨૨૯૯ |

----------

**સાબરમતી સિંચાઇ યોજનાની નહેરોનું રિપેરીંગ**

૨૩૯૪ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં સાબરમતી (ધરોઇ) સિંચાઇ યોજનાની મુખ્ય નહેરો ઘણી જુની થઇ ગયેલ છે તેને યોગ્ય રીતે રીપેરીંગ કરવાનું કોઇ આયોજન સરકારે વિચારેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની શું પ્રગતિ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ધરોઈ ડાબા કાંઠા મુખ્ય નહેરના સુધારા-વધારાના કામો પ્રગતિ હેઠળ છે.

----------

**રોગી કલ્યાણ સમિતિ બનાવવા નિર્ણય**

૧૫૯૮**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જીલ્લા કક્ષાની હોસ્પિટલોમાં ""રોગી કલ્યાણ-સમિતિ"" બનાવવા સરકારે નિર્ણય કરેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો રાજ્યની કઇ કઇ હોસ્પિટલોમાં આવી ""રોગી કલ્યાણ સમિતિ"" ક્યારથી થઇ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યની કુલ ૨૩ જીલ્લા કક્ષાની હોસ્પિટલોમાં તથા ૭ સીવીલ હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે.
(વિગતો સામેલ પત્રક મુજબ)

**પત્રક**

**તબીબી વિભાગની જીલ્લા કક્ષાની હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિની રચના**

| અ. નં. | હોસ્પિટલનું નામ | રજીસ્ટ્રેશન નંબર | તારીખ |
|---|---|---|---|
| ૧ | જ. હો. અમરેલી | એફ/૧૦૬૮/અમરેલી,ગુજ./૧૧૧૦/અમરેલી | તા. ૨૦-૫-૨૦૦૫ |
| ૨ | જ. હો. આહવા-ડાંગ | એફ/૨૧૫/ડાંગ, ગુજ./૨૩૧/ડાંગ | તા. ૨૩-૬-૨૦૦૫ |
| ૩ | જ. હો. ગાંધીનગર | એફ/૧૨૧૧/ગાંધીનગર, ગુજ./૧૨૫૫/ગાંધીનગર | તા. ૧૩-૬-૨૦૦૫ |
| ૪ | જ. હો. હિમતનગર | એફ/૨૬૨૯/સાબરકાંઠા, ગુજ./૨૬૩૮/સાબરકાંઠા | તા. ૨૨-૬-૨૦૦૫ |
| ૫ | જ. હો. જૂનાગઢ | એફ/૨૫૦૬/જૂનાગઢ, ગુજ./૨૫૬૦/જૂનાગઢ | તા. ૯-૬-૨૦૦૫ |
| ૬ | જ. હો. પાટણ | એફ/૧૨૯૬/પાટણ, ગુજ./૧૩૧૧/પાટણ | તા. ૧૪-૬-૨૦૦૫ |
| ૭ | જ. હો. વડોદરા | એફ/૧૭૩૫/વડોદરા, ગુજ./૨૦૫૭/વડોદરા | તા. ૨૦-૬-૨૦૦૫ |
| ૮ | જ. હો. વલસાડ | એફ/૭૬૫/વલસાડ, ગુજ./૭૨૧/વલસાડ | તા. ૯-૬-૨૦૦૫ |
| ૯ | જ. હો. ભૂજ-કચ્છ | એફ/૧૩૧૭/કચ્છ, ગુજ./૧૧૪૨/કચ્છ | તા. ૭-૭-૨૦૦૫ |
| ૧૦ | જ. હો. ભરૂચ | એફ/૧૦૮૧/ભરૂચ, ગુજ./૧૦૯૨/ભરૂચ | તા. ૬-૭-૨૦૦૫ |
| ૧૧ | જ. હો. નવસારી | એફ/૩૧૫/નવસારી, ગુજ./૯૯/નવસારી | તા. ૪-૫-૨૦૦૫ |
| ૧૨ | જ. હો. પેટલાદ | એફ/૮૯૪/આણંદ, ગુજ./૯૩૮/આણંદ | તા. ૨૧-૬-૨૦૦૫ |
| ૧૩ | જ. હો. સોલા | એફ/૧૧૧૧૨/અમદાવાદ, ગુજ./૧૧૨૫૧/અમદાવાદ | તા. ૧૯-૫-૨૦૦૫ |
| ૧૪ | જ. હો. સુરેન્દ્રનગર | એફ/૨૫૯૬/સુરેન્દ્રનગર, ગુજ./૨૬૩૯/સુરેન્દ્રનગર | તા. ૮-૬-૨૦૦૫ |
| ૧૫ | જ. હો. નડિયાદ | એફ/૧૫૩૫/ખેડા, ગુજ./૧૮૩૩/ખેડા | તા. ૨૯-૬-૨૦૦૫ |
| ૧૬ | જ. હો. પાલનપુર | એફ/૩૧૭૫/બનાસકાંઠા, ગુજ./૧૮૯/બનાસકાંઠા | તા. ૨૯-૭-૨૦૦૫ |
| ૧૭ | જ. હો. ગોધરા | એફ/૧૯૫૬/પંચમહાલ, ગુજ./૧૧૯૨/પંચમહાલ | તા. ૨-૮-૨૦૦૫ |
| ૧૮ | પી. કે. હો. રાજકોટ | એફ/૨૪૫૬/રાજકોટ, ગુજ./૨૮૨૯/રાજકોટ | તા. ૨૨-૬-૨૦૦૫ |
| ૧૯ | જ. હો. મહેસાણા | એફ/૩૩૮૧/મહેસાણા, ગુજ./૩૩૯૬/મહેસાણા | તા. ૩૦-૭-૨૦૦૫ |
| ૨૦ | જ. હો. મોરબી | એફ/૨૪૪/પોરબંદર, ગુજ./૨૨૪/પોરબંદર | તા. ૨૧-૯-૨૦૦૫ |
| ૨૧ | જ. હો. દાહોદ | એફ/૧૧૩૩/દાહોદ, ગુજ./૧૧૩૭/દાહોદ | તા. ૨૯-૯-૨૦૦૫ |
| ૨૨ | જ. હો. રાજપીપળા | એફ/૨૮૭/નર્મદા, ગુજ./૨૬૩/નર્મદા | તા. ૧૮-૧૦-૨૦૦૫ |
| ૨૩ | જ. હો. જામખંભાળીયા | એફ/૬૯૭/જામનગર, ગુજ./૭૯૦/જામનગર | તા. ૨૯-૧૧-૨૦૦૫ |

**તબીબી શિક્ષણ વિભાગની સંસ્થાઓની માહિતિ**

| | | | |
|---|---|---|---|
| ૧ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ | એફ/૧૧૪૭૯/અમદાવાદ, | તા. ૨૩-૯-૨૦૦૫ |
| ૨ | ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદ | એફ/૧૩૦૩/અમદાવાદ, | તા. ૧૪-૩-૨૦૦૬ |
| ૩ | પી. ડી. યુ. હોસ્પિટલ, રાજકોટ | એફ/૨૪૫૫/રાજકોટ, | તા. ૨૨-૬-૨૦૦૫ |
| ૪ | નવી સિવિલ હોસ્પીટલ, સુરત | એફ/૧૩૦૩/સુરત, | તા. ૧૪-૩-૨૦૦૬ |
| ૫ | એસ. એસ. જી. હોસ્પીટલ, વડોદરા | એફ/૧૩૦૩/વડોદરા, | તા. ૧૪-૩-૨૦૦૬ |
| ૬ | જી. જી. હોસ્પીટલ, જામનગર | એફ/૬૭૭/જામનગર, | તા. ૨૪-૫-૨૦૦૫ |
| ૭ | સર. ટી. હોસ્પીટલ, ભાવનગર | એફ/૧૬૧૦/ભાવનગર, | તા. ૨૭-૪-૨૦૦૬ |

----------

**અમદાવાદમાં જિલ્લામાં જળસંચય યોજના હેઠળ ચેકડેમ**

૨૩૫૬ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ ૮૦ :૨૦ ચેકડેમો તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બન્યા.

(૨) તે પૈકી કઇ કઇ સંસ્થાએ કેટલા ચેકડેમો બનાવ્યા, અને

(૩) ક્યા ક્યા ચેકડેમો તૂટયા અને ક્યા ક્યા ચેકડેમો રીપેરીંગ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ)

(૨) સંસ્થાએ બનાવેલ નથી પ્રયોજક દ્વારા બનાવાયેલ છે.

(૩) એકપણ ચેકડેમ તૂટેલ નથી.

## ખાનપુર તાલુકામાં જમીનમાં લીકેજના પાણી ભરાવા અંગે

૨૧૧૮ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુજલામ સૂફલામ કેનાલ ખાનપુર તાલુકાના બાલરોડા બેરેયાની આજુબાજુમાં જમીનોમાં લીકેજના પાણી ભરાવાથી જમીન ખેતીના કામે ઉપયોગી રહેલ નથી, તો તેના નિકાલ માટે કોઈ પ્રબંધ વિચારેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ બાબતે જમીન સંપાદન કરવાનું કોઈ આયોજન વિચારાયું છે ?

**જવાબ**

(૧) અને (૨)

નહેરમાં સિંચાઈ માટે પાણી આપતાં થતા ઝમણને લીધે ખેતીની જમીનને નુકશાન થયેલ નથી. નહેરના કામો પ્રગતિમાં હોઈ, કામ પૂર્ણ થયે ઝમણનો પ્રશ્ન રહેશે નહીં. જમીન સંપાદન કરવાની જરૂર જણાતી નથી.

----------

## અમદાવાદ ખાતે રોગી કલ્યાણ સમિતિના નામે દર્દીઓ પાસેથી વસુલાતો ચાર્જ

૨૬૭૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ખાતેની સીવીલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિના નામે પ્રસૂતા મહિલાઓ પાસેથી ચાર્જ વસૂલાય છે તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ મળી, અને

(૨) સરકાર રોગી કલ્યાણ સમિતિના નામે દર્દીઓ પાસેથી વસૂલાત ફી અટકાવવા ક્યા પ્રકારના પગલાંઓ લેવા માંગે છે ?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) રાજ્ય સરકારની નીતિ મુજબ ત્રીજી કે તેથી વધુ પ્રસુતિના કિસ્સામાં કાયમી નશબંધી કરવામાં ન આવે તો ફી લેવામાં આવે છે. આથી વસુલાત ફી અટકાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## નારકોટીક ડ્રગ ક્વોટાની ફાળવણી

૩૧૯૮ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નારકોટીક ડ્રગ ક્વોટા ફાળવણી અન્વયે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કેટલો ક્વોટા ફાળવવામાં આવ્યો, અને

(૨) ક્યા નિયમો હેઠળ ?

**જવાબ**

(૧) રાજ્યમાં નારકોટીક ડ્રગ ક્વોટા ફાળવણી અન્વયે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કુલ ૩૯૨૩૬.૧ કિ. ગ્રામ ક્વોટા ફાળવવામાં આવ્યો.

(૨) આ અંગે કોઈ નિયમ નથી.

----------

## અમરેલી જિલ્લામાં ચેકડેમો બનાવવાનો ખર્ચ

૨૭૯૦ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૧-૧-૨૦૦૫ થી તા. ૧૩-૨-૨૦૦૮ ૬૦ : ૪૦ યોજના, ૮૦ : ૨૦ યોજના, બજેટેડ વર્ષમાં કુલ કેટલા ચેકડેમ થયા, અને

(૨) આ ચેકડેમો પાછળ કુલ કેટલો ખર્ચ તાલુકાવાર થયો ?

**જવાબ**

(૧) ૬૦:૪૦ યોજનામાં ૨૩ અને
૮૦:૨૦ યોજનામાં ૧૫૫ ચેકડેમો થયા.

(૨)

| **તાલુકાનું નામ** | **ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| અમરેલી | ૧૦૯.૫ |
| બગસરા | ૫૮.૫૧ |
| લાઠી | ૩૮.૪૩ |
| ખાંભા | ૧૦૧.૯૭ |
| સાવરકુંડલા | ૧૧૪.૫૮ |
| બાબરા | ૭.૬૬ |

| | |
|---|---|
| કુંકાવાવ | ૧૦.૮૭ |
| લીલીયા | ૮.૦૬ |
| ધારી | ૧૨.૨૮ |
| રાજુલા | ૧૯.૦૭ |
| જાફરાબાદ | ૩૧.૬૫ |
| **કુલ ખર્ચ** | **૫૧૨.૫૮** |

----------

**વ્યારામાં રોગી કલ્યાણ સમિતિ અન્વયે સુવિધાઓ**

૨૪૪૭ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વ્યારા જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિની રચના પછી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં રોગી કલ્યાણ અન્વયે કેટલી રકમ મળી,

(૨) મળેલ રકમનો દવાખાના પાછળ દર્દીઓના હિતમાં કેવા પ્રકારની સુવિધાઓ અપાઈ, અને

(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રૂા. ૩૩,૫૧,૭૬૨/- ની રકમ મળેલ છે.

(૨) આ રકમમાંથી દર્દીઓ માટેની બેઠક વ્યવસ્થા, ચાદરો, હોસ્પિટલોમાં ફર્નિચર, સાધન સામગ્રી, લીનના, સફાઈ, એમ્બ્યુલન્સ વગેરે જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે.

(૩) રૂા.૮,૧૪,૩૩૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

----------

**રાજ્યમાં સિન્થેટીક દુધના કિસ્સા**

૨૮૭૩ **શ્રી બાબુભાઈ જે.દેસાઈ(કાંકરેજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગેરકાયદેસર સિન્થેટીક દુધના વેચાણના તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કેટલા કિસ્સા મળ્યા, અને

(૨) આવા કિસ્સા ડામવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) એક પણ કિસ્સો મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**પંચમહાલ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ**

*** ૨૧૭૦ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૧-૪-૨૦૦૪ થી તા. ૩૧-૩-૨૦૦૭ દરમ્યાન ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરવા અન્વયે કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) કેટલા ઈસમોની સામે પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ભેળસેળ કરનાર ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) કુલ : ૭૦૧ દરોડા પાડવામાં આવ્યા.

(૨) ૩૮ ઈસમો સાથે પગલાં લેવામાં આવ્યા.

(૩) ભેળસેળ કરનાર ઈસમો સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

----------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં ચેકડેમો**

૨૩૬૫ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા ચેકડેમો સને ૨૦૦૬ અને ૨૦૦૭ ના વર્ષમાં બનાવેલા છે, અને

**જવાબ**

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં નીચે મુજબ ચેકડેમો બનાવેલ છે.

| જિલ્લો | તાલુકો | વર્ષ | વર્ષ | કુલ |
|---|---|---|---|---|
| ભરૂચ | ઝઘડીયા | ૮ | ૨ | ૧૦ |
| "" | ભરૂચ | ૧ | -- | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| "" | ભરૂચ | ૧ | -- | ૧ |
| "" | વાલીયા | ૪ | ૮ | ૧૨ |
| "" | આમોદ | -- | ૧ | ૧ |
| નર્મદા | નાંદોદ | ૫ | -- | ૫ |
| "" | ડેડીયાપાડા | -- | ૬ | ૬ |

(૨) તેમાં સરકારે કેટલી રકમનો ખર્ચ કરેલ છે ?

(૨)

| જિલ્લો | તાલુકો | વર્ષ ૨૦૦૬ (રૂા.લાખમાં) | વર્ષ ૨૦૦૭ (રૂા. લાખમાં) | કુલ રૂા.લાખમાં) |
|---|---|---|---|---|
| ભરૂચ | ઝઘડીયા | ૧૨.૮૬ | ૧૬.૨૭ | ૨૯.૧૩ |
| "" | ભરૂચ | ૨.૨૪ | -- | ૨.૨૪ |
| "" | વાલીયા | ૧૪.૨૯ | ૪૨.૨૬ | ૫૬.૫૫ |
| "" | આમોદ | -- | ૩.૬૭ | ૩.૬૭ |
| નર્મદા | નાંદોદ | ૧૬.૯૩ | -- | ૧૬.૯૩ |
| "" | ડેડીયાપાડા | -- | ૧૭.૫૩ | ૧૭.૫૩ |
| | | | કુલ : | ૧૨૬.૦૫ |

----------

**દવા બનાવતી કંપનીઓમાં હલકી કક્ષાની દવા બનતી હોવાની ફરિયાદ**

૨૭૭૦ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં દવાઓ બનાવતી કંપનીઓમાં હલકી કક્ષાની દવાઓ બનતી હોવાની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષ દરમ્યાન સરકારને કેટલી ફરિયાદો મળી, અને

(૨) એવી દવા કંપનીની દવાઓ સુચવતા ડૉકટરો તથા દવા ઉત્પાદક કંપનીઓ સામે શું પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૪૯.

(૨) ૪૯ ફરિયાદો પૈકી ૨૪ ફરિયાદોમાં તથ્ય જણાતા ઉત્પાદક કંપનીઓ સામે નીચે મુજબ પગલાં લીધા છે.

(૧) ૧ કિસ્સામાં નમુનો અપ્રમાણસર જાહેર થતા પેઢીની ફરિયાદવાળી દવાની પરવાનગી પરત ખેંચી.

(૨) ૬ કિસ્સામાં નમુનો અપ્રમાણસર જાહેર થતા પેઢીના પરવાના ૧ દિવસ માટે સ્થગિત કર્યા.

(૩) ૧ કિસ્સામાં પેઢીની ક્ષતિઓ અંગે પેઢીનો પરવાનો એક દિવસ માટે સ્થગિત કર્યો.

(૪) ૧ કિસ્સામાં નમુનો અપ્રમાણસર જાહેર થતા પેઢીના પરવાના બે દિવસ માટે સ્થગિત કર્યા.

(૫) ૧ કિસ્સામાં પેઢીની ક્ષતિઓ માટે પેઢીના પરવાના ત્રણ દિવસ માટે સ્થગિત કર્યા.

(૬) ૧ કિસ્સામાં પેઢીની ક્ષતિઓ માટે પેઢીના પરવાના ચાર દિવસ માટે સ્થગિત કર્યા.

(૭) ૧ કિસ્સામાં પેઢીની ક્ષતિઓ માટે પેઢીના પરવાના પાંચ દિવસ માટે સ્થગિત કર્યા.

(૮) ૧ કિસ્સામાં નમુનો અપ્રમાણસર જાહેર થતાં પેઢી સામે કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૯) ૧ કિસ્સામાં નમુનો અપ્રમાણસર જાહેર થતાં બે પેઢીઓને ભવિષ્યમાં આમ ન બને તે માટે ચેતવણી આપી.

(૧૦) ૨ કિસ્સામાં ક્ષતિઓ માટે બે પેઢીઓને ભવિષ્યમાં આમ ન બને તે માટે ચેતવણી આપી.

(૧૧) ૫ કિસ્સામાં પેઢીઓ સામે કાર્યવાહી ચાલુ છે.

ત્રણ કિસ્સામાં પેઢીઓના પરવાના રદ થઇ ગયેલ તેમજ પેઢી બંધ થઇ ગયેલ હોવાથી કાર્યવાહી થઇ શકેલ નથી.

ઓષધ અને સૌંદર્ય પ્રસાધન નિયમો-૧૯૪૫માં હલકી પ્રકારની દવા બનાવતી કંપનીઓ તથા વિક્રેતા સામે પગલા લેવાની જાગવાઇ છે. દવા સુચવવા અંગે ડૉક્ટરો સામે પગલાં લેવાની જોગવાઇ નથી. પરંતુ આવી દવાનો વપરાશ અટકે તે માટે અપ્રમાણસર જાહેર થયેલ દવાઓની વિગતો ઇન્ડીયન મેડીક્લ એશોસીયેશન તથા ફેડરેશન ઓફ કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટને મોક્લવામાં આવે છે.

---------

## સાવરકુંડલા તાલુકાના ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું સબ સેન્ટર શરૂ કરવા બાબત

૧૬૨૦ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સાવરકુંડલા તાલુકાનાં (૧) ગાધકડા (૨) બાઢકા (૩) આદસંગ (૪) ધાંડલા (૫) ફીફાદ ગામોમાં કોઈ દવાખાનાની વ્યવસ્થા નથી તેમને પ્રાથમીક સારવાર સ્થાનિક મળી રહે તે હેતુથી ત્યાં સબ સેન્ટર શરૂ કરવું જરૂરી છે તે સરકાર જાણે છે, અને | (૧) સાવરકુંડલા તાલુકા (૧) ગાધકડા (૨) બાઢકા (૩) આદસંગ (૪) ધાંડલા (૫) ફીફાદ ગામો પેકી ગાધકડા, બાઢકા, ધાંડલા ખાતે પ્રાથમિક સારવાર સ્થાનીક મળી રહે તે હેતુથી સબસેન્ટર મંજુર કરવામાં આવેલ છે. જ્યારે ફીફાદગામ ધોબા સબસેન્ટર હેઠળ આવેલ છે અને ધોબા ગામથી તે ત્રણ કિ.મી. કરતાં પણ ઓછા અંતરે આવેલ છે. આદસંગ ગામ થોરડી સબસેન્ટર હેઠળ આવેલ છે અને તે ૫ કિ.મી. દૂર છે. ભારત સરકારશ્રીની પ્રવર્તમાન ગાઇડલાઇન મુજબ દર ૫૦૦૦ની વસ્તીએ ૧ સબ સેન્ટર હોવું જોઇએ તે મુજબ સંબંધિત પ્રા. આ. કેન્દ્ર હેઠળ પુરતા સબસેન્ટરો મંજુર કરવામાં આવેલ હોય જેથી નવા સબસેન્ટરો મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૨) જો હા, તો સરકાર ક્યારે વ્યવસ્થા કરવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિની બેઠક

૨૧૭૨ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલમાં કાર્યરત રોગી કલ્યાણ સમિતિની રચના બાદ છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલી મીટીંગ મળી, મળેલ મિટીંગમાં દરેક વખતે કેટલા સમિતિના સભ્યો હાજર રહ્યા, | (૧) રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિની છેલ્લા એક વર્ષમાં તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૩૧-૧-૦૮ સુધીમાં એકપણ મીટીંગ મળેલ નથી. |
| (૨) મીટીંગમાં ગેરહાજર રહેવાના ક્યા કારણો છે, અને | (૨) લાગુ પડતું નથી. |
| (૩) રોગી કલ્યાણ સમિતિ દ્વારા દર્દીઓના લાભાર્થે ક્યા નિર્ણયો લીધા ? | (૩) અગાઉ મળેલ બેઠકોમાં દર્દીઓના લાભાર્થે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ છે. આવશ્યક્તા અનુસાર સીટીસ્કેન મફત કરાવી દેવા. |

-એમ.આર.આઇ. સ્કેન મફત કરાવી દેવા.

- દવાની ખરીદી કરવી.

-દર્દીઓના સગા સંબંધીઓને જમવા માટે શેડની વ્યવસ્થા

-દર્દીઓ માટે વોટર કુલર તેમજ એક્વાગાર્ડ વોટર પ્યોરીફાયરની જાળવણી.

-ડાયાલીસીસ માટે આર.ઓ. વોટર પ્લાન્ટની જાળવણી માટે ખર્ચ.

- ઓર્થોપેડીક્ના દર્દીઓની જરૂરીયાત મુજબ ઇન પ્લાન્ટની ખરીદી કરવી.

-સાધનોનું ત્વરીત રીપેરીંગ અને જાળવણી.

----------

**વડોદરા જિલ્લાના પાણી પુરવઠા યોજનામાંથી ગામોને પાણી**

૧૪૮૫ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી પાણી પુરવઠાની જુથ યોજનાઓ કાર્યરત છે,

(૨) તે અંતર્ગત કેટલા ગામોને પાણી અપાય છે, અને

(૩) જે ગામોને પાણી આ યોજનામાંથી પહોંચાડી શકાયું નથી તે ગામોને પાણી પહોંચાડવા માટે સરકારે શી વ્યવસ્થાઓ કરી છે ?

**જવાબ**

(૧) નીચેની વિગતે

| ક્રમ | તાલુકો | જૂથ યોજના |
|---|---|---|
| ૧ | વડોદરા | ૪ |
| ૨ | વાઘોડીયા | ૨ |
| ૩ | પાદરા | ૧ |
| ૪ | સાવલી | ૧ |
| ૫ | જેતપુર પાવી | ૧ |
| ૬ | સંખેડા | ૨ |

(૨) ૪૦૨ ગામ/પરાને.

(૩) જરૂરિયાત મુજબના પાઇપ લાઇન વિગેરેના કામો હાથ ધરેલ છે.

----------

**સાબરકાંઠા જિલ્લાના સ્થળોને યાત્રાધામમાં સમાવવા દરખાસ્તો**

૧૫૧૭ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાની તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ ક્યા ક્યા સ્થળોની દરખાસ્તો યાત્રાધામમાં સમાવેશ કરવા અંગેની સરકારમાં પડતર છે, અને

(૨) છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ક્યા ક્યા યાત્રાધામના વિકાસ માટે શા શા કામો હાથ ધરવામાં આવ્યા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**દરિયા કાંઠાના વિસ્તારો માટે નર્મદાનું પાણી**

૨૭૮૭ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના રાજુલાથી જૂનાગઢ જિલ્લાના વેરાવળ સુધીના દરિયાકાંઠાના વિસ્તારો માટે નર્મદાનું પાણી આપવાના કામો સરકાર હાથ ધરવા માંગે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તેનું શું આયોજન છે ?

(૨) દરિયાકાંઠાના ગામો માટે રાજુલા (કડીયાળી)થી બલ્ક લાઇનના કામોની મંજૂરી આપવામાં આવી છે તથા આ પાઇપ લાઇન આધારિત ૨૯૦ ગામોનો સમાવેશ કરતી ૪ ગ્રુપ યોજનાઓ નાણાંકિય જોગવાઇ અનુસાર ક્રમશઃ હાથ ધરવાનું આયોજન છે.

----------

**શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ સારવારની વ્યવસ્થા**

૧૬૩૨ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમ્યાન ઉપલેટા શહેર અને તાલુકામાં મળી કેટલા બાળકોને તપાસવામાં આવ્યા,

(૨) તપાસણી દરમ્યાન કેટલા બાળકોને ક્યા પ્રકારની બીમારી જોવા મળી, અને

(૩) ભવિષ્યમાં આ બાળકોને સારવારની વ્યવસ્થા સરકાર ધ્વારા કરાશે કે કેમ ?

**જવાબ**

(૧) ઉપલેટા શહેર ઉપલેટા તાલુકા
૨૧૯૮૪ ૪૪૪૨૬

(૨)

| રોગનું નામ | બાળકોની સંખ્યા | બાળકોની સંખ્યા |
|---|---|---|
| પાંડુરોગ | ૮૭૯ | ૧૨૪૦ |
| આંત્રકૃમી | ૭૭૮ | ૧૦૬૧ |
| દાંત | ૪૬૫ | ૭૬૯ |
| આંખ | ૨૪૫ | ૩૬૧ |
| કાન, નાક, ગળું | ૧૫૫ | ૧૬૪ |
| પેટના રોગો | ૧૫૯ | ૨૪૮ |
| ચામડીના રોગો | ૭૩ | ૧૯૧ |
| શ્વસન તંત્ર | ૩૧ | ૨૨ |
| ચેતાતંત્ર | ૧૦ | ૧૦ |
| અસ્થિતંત્ર | ૫ | ૮ |
| વિકલાંગતા | ૬ | ૧૩ |
| હૃદય | ૯ | ૬૦ |
| કીડની | ૬ | ૬ |
| કેન્સર | ૧ | -- |

(૩) સરકાર તરફથી સારવારની વ્યવસ્થા કરવામાં આવે છે.

----------

**માળીયા તાલુકામાં મીંઠાના અગરમાં રહેતા માણસો માટે પાણીની વ્યવસ્થા**

૨૬૬૭ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના માળીયા તાલુકાના મીંઠાના અગરમાં રહેતા માણસો માટે પીવાના પાણીની કોઈ વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો આવી વ્યવસ્થા ક્યા ક્યા સ્થળોએ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) **પાઇપલાઇન મારફત**

હરીપાર-હંજીયાસર-રેન્જમાં ૯ એકમો અને બગસરા વવાણીયા રેન્જમાં ૬ એકમો કુલ મળીને ૧૫ એકમોને આપવામાં આવે છે.

**ટેન્કર મારફત**

બગસરા વવાણીયા રેન્જમાં આવેલ ૧૦ એકરના કુલ ૨૫ એકમોને ટ્રેક્ટર માઉન્ટેડ ટેન્કર દ્વારા હાલ પાણી અપાઇ રહેલ છે.

----------

**પાટણ જિલ્લાને નર્મદા મેઈન કેનાલમાંથી પીવાનું પાણી**

૨૭૮૫ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા મેઈન કેનાલમાંથી પાટણ જિલ્લાના કેટલા તાલુકાઓમાં પીવાનું પાણી આપવાનું આયોજન છે, અને

(૨) પાટણ જિલ્લાના બાકી રહેતા ગામોને ક્યાં સુધીમાં આવરી લેવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સમી, હારીજ, રાધનપુર, સાંતલપુર તથા ચાણસ્મા તાલુકાના તમામ ગામો તથા સિધ્ધપુર અને પાટણ તાલુકાના અંશતઃ ગામો.

(૨) બાકી રહેતા ગામોનો ધરોઇ જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ થયેલ છે.

**જસદણ તાલુકામાં મહિ આધારિત પીવાનું પાણી**

૨૬૭૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના કેટલા ગામમાં મહિ આધારિત પીવાના પાણીની યોજનાનું પાણી આપ્યા વિના જ વસ્તીના ધોરણે પાણી વેરાનું બીલ આપવામાં આવેલ છે તે સરકારના ધ્યાને છે કે કેમ, અને

(૨) જો હા, તો જે ગામને નિયમિત પાણી મળતું નથી તેને આપવા માંગો છો કે કેમ, ક્યારથી ?

**જવાબ**

(૧) ના, જી. જસદણ તાલુકાના જે ગામોને પાણી પુરુ પાડવામાં આવે છે તે જ ગામોને પાણી વેરાના બીલ આપવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**જૂનાગઢ જિલ્લામાં નર્મદાનું પીવાનું પાણી**

૨૬૬૬ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના ગામોને નર્મદાનું પાણી આપવાનું રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ છે, અને

(૨) જો હા, તો આ યોજના ક્યારે શરૂ કરી પૂર્ણ કરવા માંગો છો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કુલ ૮ યોજનાઓના ૩૪૬ ગામોના કામો ક્રમશઃ ૨૦૦૧ થી શરૂ કરવામાં આવેલ છે તે પૈકી ૬ યોજનાના ૩૦૧ ગામોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે અને ૨ યોજનાના ૪૫ ગામોના કામો પ્રગતિ હેઠળ છે. અન્ય ૯ યોજનાના ૫૭૭ ગામોના કામો નાણાકિય જોગવાઈ અનુસાર ક્રમશઃ પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

**માંડવી અને બારડોલી તાલુકામાં પાણી પુરવઠા યોજનામાં ભ્રષ્ટાચાર અને નબળા કામની ફરિયાદો**

૩૦૮૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંડવી અને બારડોલી તાલુકાના ગામોમાં પાણી પુરવઠા યોજના અન્વયે તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભ્રષ્ટાચાર અને નબળા બાંધકામ અંગે કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોમાં તથ્ય જણાયું, અને

(૩) તથ્ય જણાયેલ ફરિયાદો બાબતે જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૪ (ચાર)

(૨) ૨ (બે)

(૩) જવાબદારો સામે તકેદારી આયોગની ભલામણ મેળવી જરૂરી પગલાં લેવામાં આવશે.

----------

**રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોના સામાન્ય રોગો**

૨૮૭૦ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો, આદિજાતિ તથા અનુસુચિત જનજાતિના કુટુંબો માટે સામાન્ય રોગોમાં ઉપયોગી એવી આયુર્વેદિક તથા

**જવાબ**

(૧) હા, જી

હોમિયોપેથીક પધ્ધતિની સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યા ક્યા પગલાં લીધા ?

(૨) (૧) રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો, આદિજાતિ તથા અનુસૂચિત જનજાતિના કુટુંબો માટે સામાન્ય રોગોમાં ઉપયોગી એવી આયુર્વેદિક તથા હોમીયોપેથીક પધ્ધતિની સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫-૦૬માં ત્રણ નવા આયુર્વેદ દવાખાના શરૂ કરવામાં આવ્યા. તેમજ છેલ્લા ત્રણ વર્ષમાં ૮,૪૫૬ નિદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું.

(૨) ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે આયુર્વેદિક પધ્ધતિની સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં ૩૬૨ વૈદ્યોને નિમણૂંક આપવામાં આવી છે.

(૩) સમગ્ર રાજ્યના ગરીબ કુટુંબો, આદિજાતિ તથા અનુસૂચિત જાતિના કુટુંબો માટે આયુર્વેદ તથા હોમીયોપેથીક દવાખાનાઓ તેમજ હોસ્પિટલોની સેવાઓ મારફતે આશરે રૂા. ૧૦ કરોડ ૪૬ લાખની દવાઓ નિઃશુલ્ક પુરી પાડવામાં આવી.

(૪) રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો, આદિજાતિ તથા અનુસૂચિત જનજાતિના કુટુંબો માટે વર્ષ ૨૦૦૬-૦૭માં રૂા. ૩ કરોડ ૪૭ લાખની ૬૯,૪૦૦ આયુર્વેદ કિટસ બનાવી નિઃશુલ્ક વિતરણ કરવામાં આવેલ છે. રૂા. ૫૦૦/-ની એક એવી આ કિટસમાં સામાન્ય રીતે થતા રોગોની ૧૨ દવાઓ મુકવામાં આવેલ અને તેના ઉપયોગ અંગેની માહિતી આપવામાં આવેલ.

----------

## વેરાવળ અને સુત્રાપાડા તાલુકામાં નાની અને મધ્યમ સિંચાઈ યોજના

૨૩૬૦ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલાળા અને વેરાવળ અને સુત્રાપાડા તાલુકામાં પ્રાથમિક સર્વેક્ષણ થયેલ નાની કે મધ્યમ સિંચાઈ યોજનાઓ તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ કેટલી છે, અને | (૧) ૨ (બે)<br>(૧) કાત્રાસા નાની સિંચાઈ યોજના<br>(૨) સોમત નાની સિંચાઈ યોજના |
| (૨) તે પેકી છેલ્લા બે વર્ષમાં કેટલી યોજના મંજૂર કરવામાં આવી, બાકી રહેતી તાલાળા, સુત્રાપાડા તથા વેરાવળ તાલુકાની યોજનાઓ ક્યારે મંજૂર કરવામાં આવશે ? | (૨) કાત્રાસા નાની સિંચાઈ યોજના મંજૂર કરવામાં આવી, સોમત નાની સિંચાઈ યોજના તાંત્રિક તથા નાણાંકીય શક્યતાદર્શી અહેવાલ આખરી થયેથી વિચારવામાં આવશે. |

----------

## સુરેન્દ્રનગર જિલ્લાને નર્મદા પાઈપ લાઈન આધારિત જૂથ પાણી પુરવઠા યોજના

૨૭૮૪ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ગામોને નર્મદા પાઈપ લાઈન આધારિત જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવા સરકારે કોઈ આયોજન કરેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો અંતર્ગત કેટલા ગામોને આવરી | (૨) જિલ્લાના તમામ ૬૪૮ ગામોને નર્મદા |

લેવામાં આવેલ છે, અને

(૩) કેટલા સમયમાં બાકીના ગામોને આવરી લેવાનું આયોજન છે ?

આધારિત યોજનામાં આવરી લેવાનું આયોજન છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**આણંદ જિલ્લામાં ફ્લોરાઈડયુક્ત પાણી**

૧૫૧૫ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં ક્યા ક્યા ગામોમાં ખારું પાણી અને ફ્લોરાઈડ યુક્ત પાણી છે, અને

(૨) આ સમસ્યા દૂર કરવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) હાલ નીચે નુજબના તાલુકામાં
(ગામોની વિગત સામેલ પત્રક મુજબ)

| તાલુકો | ગામ/પરા | |
|---|---|---|
| | ખારાશ | ફ્લોરાઈડ |
| આણંદ | ૧ | ૦ |
| બોરસદ | ૨ | ૧૧ |
| પેટલાદ | ૧ | ૪ |
| સોજીત્રા | ૫ | ૪ |
| ખંભાત | ૩ | ૩ |

(૨) પીવા લાયક નવિન સોર્સ આધારિત યોજનાઓનું આયોજન કરેલ છે.

**પત્રક**

| ક્રમ | તાલુકો | ગામ/પરાનું નામ | ખારાશ | ફ્લોરાઈડ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | વડોદ | હા | -- |
| ૨ | બોરસદ | સારોલ | હા | -- |
| ૩ | | ટુંડાકુવાનું પરુ ધોળીકુઈ | હા | -- |
| ૪ | | વાસણાનું પરુ મણીનગર | -- | હા |
| ૫ | | જંત્રાલનું પરુ રામનગર | -- | હા |
| ૬ | | જારિયા પુરા | -- | હા |
| ૭ | | ડાલીનું પરુ મહાદેવપુરા | -- | હા |
| ૮ | | ટુંડાકુવા | -- | હા |
| ૯ | | ઉમલાવનું પરુ વાઘપુરા | -- | હા |
| ૧૦ | | ડાલીનું પરુ મોતીપુરા | -- | હા |
| ૧૧ | | દહેવાણનું પરુ સિંધવાઈ માતા | -- | હા |
| ૧૨ | | ડાલીનું પરુ રણછોડપુરા | -- | હા |
| ૧૩ | | દહેવાણનું પરુ ઉદેલપુરા | -- | હા |
| ૧૪ | | દહેવાણનું પરુ રાણાપુરા | -- | હા |
| ૧૫ | પેટલાદ | વડદલાનું પરુ ગોસલી વિસ્તાર | હા | -- |
| ૧૬ | | બાંધણીનું પરુ રઢુપુરા | -- | હા |
| ૧૭ | | કાણિયાનું પરુ ઉંડી તલાવડી | -- | હા |
| ૧૮ | | રામોલનું પરુ ચિકાપુરા | -- | હા |
| ૧૯ | | માનપુરા | -- | હા |
| ૨૦ | સોજીત્રા | દેવાતળપદનું પરુ ગલુડી | હા | -- |
| ૨૧ | | કાશોર | હા | -- |
| ૨૨ | | ડાલી | હા | -- |
| ૨૩ | | પલોલનું પરુ સોમકુઈ | હા | -- |
| ૨૪ | | ગાડા | હા | -- |
| ૨૫ | | કાશોરનું પરુ પાંચલીપુરા | -- | હા |

| ક્રમ | તાલુકો | ગામ/પરાનું નામ | ખારાશ | ફ્લોરાઈડ |
|---|---|---|---|---|
| ૨૬ | | રૂણજ | -- | હા |
| ૨૭ | | લીંબાલી | -- | હા |
| ૨૮ | | સોજીત્રા | -- | હા |
| ૨૯ | ખંભાત | કાણીશાનું પરુ બાબરકોલોની | હા | -- |
| ૩૦ | | કાણીશાનું પરુ સોમાવજાપુરા | હા | -- |
| ૩૧ | | ખટનાલનુંપરૂ જીતપુરા | હા | -- |
| ૩૨ | | વટાદરાનું પરુ જનતાનગર | -- | હા |
| ૩૩ | | વટાદરાનું પરુ વીછીયાપુરા | -- | હા |
| ૩૪ | | ભુવેલનું પરુ ઈન્દિરાનગરી | -- | હા |
| | | કુલ | ૧૨ | ૨૨ |

----------

**ઉત્તર ગુજરાતમાં નર્મદાનું પાણી પહોંચાડવા પાછળ થયેલ ખર્ચ**

૨૦૨૬ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઉત્તર ગુજરાતમાં નર્મદાનું પાણી લઈ જવાની સુજલામ સુફલામ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ કેટલું ખર્ચ થયું, અને

(૨) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ૨૦૦૨-૨૦૦૩ ના બજેટમાં સમાવેશ કરેલ નર્મદાનું દરીયામાં વહી જતા ૧ મીલીયન એકર ફુટ પાણી ઉત્તર ગુજરાતનાં વિસ્તારમાં પહોંચાડવાની યોજનાનો સુજલામ સુફલામ યોજનામાં સમાવેશ કરવા છતાં નિર્ધારીત / અંદાજેલ ૨૩૦૦ કરોડનું ખર્ચ ક્યા ક્યા કામો માટે થયું ?

**જવાબ**

(૧) રૂા. ૧૫૩૩.૬૦ કરોડ

(૨) નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વવહન પાઈપ લાઈનોમાં તા. ૩૧-૧૨-૦૭ અંતિત ધરોઈ ડેમ, સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલ, સરસ્વતી કેનાલ સુધીની આઠ પાઈપ લાઈન માટે રૂા. ૧૫૩૩.૬૦ કરોડનો ખર્ચ થયેલ છે.

----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસના કામો**

૨૮૬૫ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી,

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે અને તે માટે જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો, અને

ઝેચબી-૧૦૮૦-૧૫

(૩) આ વર્ષમાં જિલ્લા પ્રવાસન સમિતિની બેઠકો કઈ કઈ તારીખે બોલાવવામાં આવી ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે ૨૯ કામો રૂા. ૩૨૦ લાખની કિંમતે હાથ ધરવામાં આવ્યા. તેની વિગતો અનુક્રમે પત્રક-૧ અને ૨ મુજબ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં રૂા. ૩૨૦ લાખ (અંકે રૂપિયા ત્રણસો વીસ લાખ પુરા)ની ગ્રાન્ટ ફાળવેલ છે. તેમાંથી રૂા. ૯૮.૯૫ લાખ (અંકે રૂપિયા અઠ્ઠાણું લાખ પંચાણું હજાર પુરા) ખર્ચ થયેલ છે.

(૩) જિલ્લા પ્રવાસન સમિતિની કુલ પાંચ બેઠકો બોલાવવામાં આવી. જેની તારીખો તા. ૨-૨-૦૭, તા. ૨૨-૫-૦૭, તા. ૨૩-૭-૦૭, તા. ૩-૯-૦૭ અને તા. ૩-૧-૦૮ છે.

**પત્રક-૧**

## સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે હાથ ધરેલ કામગીરીની વિગતો

| અ.નં. | કામગીરીની વિગત |
|---|---|
| ૧. | તરણેતર મેળા માટે સ્ટેજ બનાવવા તથા સ્ટેજનો સ્ટ્રીટ સ્ટક્ચર શેઈડ બનાવવા બાબત. |
| ૨. | પાટડી તાલુકાના ઝીંઝુવાડા ગામે રાજેશ્વરી માતાના મંદિર પાસે બગીચો બનાવવા તથા બગીચામાં બેઠક વ્યવસ્થા તથા આજુબાજુના વિસ્તારના વિકાસ. |
| ૩. | પાટડી તાલુકાના ઝીંઝુવાડા ગામે તેજાનંદ સ્વામીની સમાધી પાસે ફરતી બાઉન્ડ્રી બનાવવા તથા ગાર્ડન અને પ્રવાસી માટેની બેઠક વ્યવસ્થા, લાઈટીંગ, પાણીની વ્યવસ્થા તથા લોકોપયોગી વિકાસના કામો. |
| ૪. | ઝીંઝુવાડા ગામે સમરસ વાવના રીપેરીંગ અને વાવ ઉપર લોખંડની જાળી ફીટ કરવા |
| ૫. | સાયલા તાલુકાના માનસરોવર તળાવની પાળ ઉપર સોલાર લાઈટ, વન કુટિર તથા બગીચા બનાવવા અને બગીચામાં બેઠક વ્યવસ્થા |
| ૬. | સાયલા તાલુકામાં સાયલા ગામે મંદિર-૧ પાસે વન કુટિર બનાવવા |
| ૭. | સાયલા તાલુકામાં સાયલા ગામે મંદિર-૨ પાસે વન કુટિર બનાવવા |
| ૮. | લીંબડી તાલુકાના નાની કઠેચી ગામે એક વન કુટિર બનાવવા |
| ૯. | વખતપર તા. સાયલા વન કુટિર |
| ૧૦. | નવી મોરવાડ તા. ચુડા, વન કુટિર |
| ૧૧. | સાંગાણી તા. ચોટીલા, વન કુટિર |
| ૧૨. | જુદા જુદા બસસ્ટેન્ડમાં ક્લર વોશ, લેવેટરી બ્લોક, પ્લાન્ટેશન |
| ૧૩. | સાવડા ગામથી નવા તળાવ સુધી રસ્તાનું કામ |
| ૧૪. | પ્રવાસન સ્થળો દર્શાવતા સાઈન બોર્ડ |
| ૧૫. | પાટડી બસ સ્ટેન્ડમાં મુસાફરો જનતાની સુવિધા માટે |
| ૧૬. | તરણેતર મંદિર પાસે વન કુટિર |
| ૧૭. | ચોટીલા માતાજીની ડુંગર તળેટીમાં વિવિધ સુવિધાઓ અને એમ્પ્યુઝમેન્ટ પાર્ક |
| ૧૮. | ઈકો ટુરીઝમ પ્રસ્તાવ, બાંડીયાબેલી, ઝરીયા મહાદેવ, તા. ચોટીલા |
| ૧૯. | ધ્રાંગધ્રા શહેરમાં આવેલ એતિહાસિક કિલ્લાની નવીનીકરણ |

| | |
|---|---|
| ૨૦. | વિવિધ તીર્થસ્થાનોમાં બેઠક વ્યવસ્થા પાણીના બોર પીવાના પાણીની ટાંકી (૧) સુંદરી ભવાની (૨) દુધઈ (૩) નરાળી (૪) કાળાસર |
| ૨૧. | બજાણા ઈન્ટર પ્રિટેશન સેન્ટર એટ બજાણા |
| ૨૨. | ડીસ્પ્લે સેન્ટર ફોર હેન્ડીક્રાફ્ટ, સુરેન્દ્રનગર |

પત્રક-૨

સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે હાથ ધરેલ કામગીરીની વિગતો

| અ.નં. | કામગીરીની વિગત |
|---|---|
| ૧. | હળવદ મધ્યે સરા રોડ ઉપર આવેલ વીરજી વોરાની વાવના રીનોવેશન અંગે |
| ૨. | વઢવાણ નગરપાલિકા વિસ્તારમાં ધરમ તળાવનો વિકાસ કરી ફુટપાથ, બાલક્રિડાંગણ, લાઈટીંગની પ્રવાસન સુવિધા અંગે. |
| ૩. | વઢવાણ નગરપાલિકા પ્રવાસન સુવિધા અંગે પ્રાચિન રાજાશાહી વખતની પુરાતત્વ ખાતા હસ્તકની ગંગા વાવના બહારના ભાગે વિકાસના કામે સાઈડના બગીચો, ગ્રીલ, જાળી તેમજ સિમેન્ટ ક્રોંક્રેટ વોલ ગેટના કામ અંગે. |
| ૪. | પ્રવાસી પથ યોજના હેઠળ દુધરેજ, વણા, માલવણ, પાટડી બેચરાજી રોડ રાજ્ય ધોરી માર્ગ નં. ૧૯ ના કિ.મી. ૮૮.૦ થી ૯૦.૦ વચ્ચે પસંદગીના લાઈનના રસ્તાના કામ અંગે. |
| ૫. | વઢવાણ ઐતિહાસિક ગઢના હેરીટેજ સ્ટ્રક્ચર ધોળીપોરનું રીનોવેશન કરવાની કામગીરી અંગે. |
| ૬. | ધ્રાંગધ્રા શહેરમાં આવેલ ઐતિહાસિક કિલ્લા તથા ઘાટ દરવાજાની રીનોવેશન કામ અંગે. |
| ૭. | પાટડી તાલુકાના વચ્છરાજદાદ દેવસ્થાનને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે વચ્છરાજ બેટ દેવસ્થાન પ્રવેશ દ્વાર સોલાર લાઈટો, બેઠક વ્યવસ્થા અને ૧૦૦ મીટરના સી.સી. રોડનું કામ. |

----------

**ભરૂચ જિલ્લામાં પી.એચ.સી. / સી.એચ.સી.માં વાહનોની સંખ્યા**

૨૧૧૨ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કેન્દ્રોવાર કેટલા વાહનો ઉપલબ્ધ છે,

(૨) વાહનો-ગાડી-એમ્બ્યુલન્સ ન ધરાવતા કેન્દ્રો ક્યા ક્યા તાલુકામાં કેટલા છે, અને

(૩) વાહનો / ડ્રાયવરોની ઉપલબ્ધતા કરાવવા સરકારે કેવા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) સામાન્યતઃ કેન્દ્રવાર એક વાહન ઉપલબ્ધ કરવામાં આવે છે.

(૨) ૧ (એક)
પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સીસોદ્રા,
તા. અંકલેશ્વર

(૩) નજીકના આરોગ્ય કેન્દ્રોમાંથી વ્યવસ્થા કરવામાં આવે છે.

એન.આર.એચ.એમ. તેમજ આર.કે.એસ. અંતર્ગત આવી વ્યવસ્થા કરવા માટે સ્થાનિક કક્ષાએ સત્તા આપેલ છે.

----------

**આણંદ જિલ્લામાં સિંચાઇની સુવિધા અંગે**

૨૯૪૧ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ક્યા ક્યા ગામોને નહેર મારફતે સિંચાઇની સુવિધા મળતી નથી, તેના કારણો શા છે,

(૨) સદર ગામોને તે સુવિધા સરકાર આપવા માંગે છે કે કેમ,

**જવાબ**

(૧), (૨), (૩) :

સામેલ પત્રકમાં દર્શાવેલ ગામોનો ભોગોલિક વિસ્તાર નહેરના તળથી ઉંચા હોઈ નહેરો દ્વારા સિંચાઈ માટે પાણીની સુવિધા પુરી પાડી શકાય તેમ નથી.

(૩) જો હા, તો કેટલા સમયમાં, અને

**પત્રક**

**તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સિંચાઈની સુવિધા મળતી ન હોય તેવા ગામોની યાદી**

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ૧. ઉમરેઠ | ૧. લાલપુર |
| ૨ | ૨. આણંદ | ૧. રાજુપરા |
| ૩ | | ૨. દેણાપુરા |
| ૪ | | ૩. વાઘપુરા |
| ૫ | ૩. બોરસદ | ૧. તાવડીયાપુરા |
| ૬ | | ૨. જાવલીયાપુરા |
| ૭ | | ૩. ગાજણા |
| ૮ | | ૪. ટેકરીયાપુરા |
| ૯ | ૪. આંકલાવ | ૧. ચમારા |
| ૧૦ | | ૨. નાની સંખ્યાડ |
| ૧૧ | | ૩. મોટી સંખ્યાડ |
| ૧૨ | | ૪. માંડવાપુરા |
| ૧૩ | | ૫. રાસપુર |
| ૧૪ | | ૬. બામણ ગામ |
| ૧૫ | | ૭. ગંભીરા |
| ૧૬ | | ૮. નારપુરા |
| ૧૭ | | ૯. દેવાપુરા |
| ૧૮ | ૫. ખંભાત | ૧. કનકાપુરા |
| ૧૯ | | ૨. રાજપુર |
| ૨૦ | | ૩. સક્કરપુરા |
| ૨૧ | | ૪. વાસણા |
| ૨૨ | | ૫. મેતપુર |
| ૨૩ | | ૬. રાલજ |
| ૨૪ | | ૭. જાંહાગીરપુરા |
| ૨૫ | | ૮. બાજીપુરા |

(૪) આ અંગે કોઇ સર્વે કામ થયેલ છે કે કેમ ? (૪) હા, જી.

----------

## ગારીયાધાર તાલુકામાં નર્મદા આધારિત પીવાનું પાણી

૨૭૮૬ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકામાં કેટલા ગામોમાં નર્મદા આધારિત પીવાના પાણીથી જોડાવાના બાકી છે, અને | (૧) ૧ (એક) ગામને |
| (૨) બાકી રહેતા ગામોને ક્યાં સુધીમાં નર્મદા પાઇપ લાઇન મારફત પીવાનું પાણી મળશે ? | (૨) માહે માર્ચ-૨૦૦૮ સુધીમાં પાણી આપવાનું આયોજન છે. |

----------

**નાના અને મધ્યમ નગરો માટે માળખાગત વિકાસ યોજના હેઠળ શહેરોનો સમાવેશ**

૨૧૨૨ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાના અને મધ્યમ નગરો માટે માળખાગત વિકાસ યોજના અને નાના અને મધ્યમ નગરોના સંક્લીત વિકાસની યોજના હેઠળ વર્ષ ૨૦૦૫-૦૬ થી ૨૦૦૭-૦૮ ના ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૮ સુધીમાં શહેરોનો સમાવેશ કરાયો હતો, | (૧) હા, જી. |
| (૨) સન ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે રાજ્યના ક્યા ક્યા શહેરોનો સમાવેશ ઉક્ત યોજના હેઠળ કરવામાં આવશે, અને | (૨) ૨૦૦૮-૦૯ના વર્ષ માટે રાજ્યના જે શહેરોની યોજના કેન્દ્ર સરકાર દ્વારા મંજુર કરવામાં આવશે, તેવા શહેરોનો સમાવેશ ઉક્ત યોજના હેઠળ કરવામાં આવશે. |
| (૩) પછાત વિસ્તાર અને પછાત જાતીઓ ધરાવતાં ચોટીલા અને હળવદ જેવા નાના શહેરોને આ આયોજનમાં પ્રાથમિક્તા આપવા બાબતે સરકારનો શો અભિગમ છે ? | (૩) ચોટીલા શહેર માટે નગરપાલિકા તરફથી સરકારશ્રીને કોઈ દરખાસ્ત મળેલ નથી. જ્યારે હળવદ શહેરને પીવાના પાણીની તથા આઈ.એચ.એસ.ડી.પી કાર્યક્રમ અંતગર્ત યોજનાઓ તેયાર કરવામાં આવી રહી છે. |

**અપ્રમાણસર દવાઓનો જથ્થો**

૩૧૯૬ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઇ કઇ કંપનીઓની દવાઓ અપ્રમાણસર જાહેર થઇ, | (૧), (૨) અને (૩)<br>તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અપ્રમાણસર જાહેર થયેલ દવાઓ સપ્લાય કરનાર કંપનીઓ, આવી દવાઓનો વર્ષવાર જથ્થો અને સરકારને આ દવાઓ પાછળ ખરીદવામાં કરવો પડેલ ખર્ચની વિગતો તથા રીપ્લેસમેન્ટ/રીકવરીની વિગતો નીચે દર્શાવેલ પત્રકો મુજબ છે. |
| (૨) વર્ષવાર આવી દવાઓનો જથ્થો કેટલો હતો, અને | વર્ષ : ૨૦૦૫ પત્રક-૧ મુજબ<br>વર્ષ : ૨૦૦૬ પત્રક-૨ મુજબ |
| (૩) સરકારને આ દવાઓ પાછળ ખરીદવામાં કેટલો ખર્ચ કરવો પડયો ? | વર્ષ : ૨૦૦૭ પત્રક-૩ મુજબ |

(* પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

**સ્વજલધારા યોજના હેઠળ આવરી લીધેલ ગામો**

૨૪૧૬ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના ટંકારા પડધરી અને મોરબી તાલુકામાં સ્વજલધારા યોજના હેઠળ કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે, અને ક્યા ક્યા,

**જવાબ**

(૧) નીચેની વિગતે

| **ક્રમ** | **તાલુકો** | **આવરી લેવામાં આવેલ ગામો** |
|---|---|---|
| ૧ | ટંકારા | ૧૧ |
| ૨ | પડધરી | ૦૫ |
| ૩ | મોરબી | ૧૧ |

ગામોના નામો સામેલ પત્રક મુજબ.

**પ્રશ્ન**

(૨) હાલમાં કેટલા ગામોની માંગણી આવેલ છે, અને

**જવાબ**

(૨) નીચેની વિગતે

| | | |
|---|---|---|
| ૧ | ટંકારા | ૦૯ ગામો |
| ૨ | પડધરી | ૦૪ ગામો |
| ૩ | મોરબી | ૧૦ ગામો |

| | |
|---|---|
| (૩)જો હા, તો મંજૂર કરવા માગો છો કે કેમ ? | (૩) ચકાસણી બાદ યોગ્ય જણાયે મંજૂર કરવાનું આયોજન છે. |

----------

**વડોદરા સુખી યોજનાની મુખ્ય નહેર અને ડીસ્ટ્રીબ્યુટરી કેનાલોની સુધારણા અંગે**

૨૪૦૫ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા સુખી યોજનાની મુખ્ય નહેર અને ડીસ્ટ્રીબ્યુટરી કેનાલોની સુધારણા કરવાની જરૂરિયાત છે તે બાબતે સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકારે આ બાબતમાં શું આયોજન કરેલ છે ? | (૨) કામો હાથ ધરેલ છે. |

----------

**ભરૂચ જિલ્લામાં મેડીક્લ સ્ટોર્સના પરવાના**

૨૯૩૮ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર મેડીક્લ સ્ટોર્સના કેટલા લાયસન્સો તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અપાયેલ છે, | (૧) ભરૂચ જિલ્લામાં મેડીક્લ સ્ટોર્સના ૪૨ લાયસન્સો તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અપાયેલ છે. ભરૂચ જિલ્લાની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે. |

| **તાલુકાનું નામ** | **લાયસન્સની સંખ્યા** |
|---|---|
| ભરૂચ | ૧૮ |
| અંક્લેશ્વર | ૨૦ |
| જંબુસર | ૦૧ |
| વાગરા | ૦૧ |
| હાંસોટ | ૦૨ |
| **કુલ** | **૪૨** |

| | |
|---|---|
| (૨) આ મેડીક્લ સ્ટોર્સ ઉપર ફાર્માસીસ્ટો બેસતા નથી તેવી ફરિયાદો સરકારને મળી છે, અને | (૨) હા, જી. ૧ (એક) ફરિયાદ મળેલ છે. |
| (૩) જો હા, તો તે સંબંધમાં શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પેઢીનો પરવાનો દિન-૩ (ત્રણ) માટે સ્થગિત કરવામાં આવેલ હતો. |

----------

**દાહોદ જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેઠળ પૂર્ણ થયેલ કામો**

૨૭૧૩ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુજલામ સુફલામ યોજના અંતર્ગત તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૨૮૩ (તાલુકાવાર પત્રક મુજબ) |

**પત્રક**

**દાહોદ જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેઠળ પૂર્ણ થયેલ કામો.**

| **ક્રમ** | **તાલુકો** | **મંજુર થયેલ** |
|---|---|---|
| ૧ | ફતેપુરા | ૨૦ |
| ૨ | ઝાલોદ | ૩૪ |
| ૩ | દાહોદ | ૩૬ |
| ૪ | ગરબાડા | ૨૧ |
| ૫ | ધાનપુર | ૧૦૯ |
| ૬ | લીમખેડા | ૩૯ |

| | | |
|---|---|---|
| ૬ | લીમખેડા | ૩૯ |
| ૭ | દેવગઢ બારીઆ | ૨૪ |
| | **કુલઃ** | **૨૮૩** |

(૨) આવા કામો પેકી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) ૨૧૯.

(૩) આ કામો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રૂા. ૬૯૮ લાખ.

----------

**સાબરકાંઠામાં એતિહાસિક વાવોની કામગીરી**

૨૩૯૫ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં એતિહાસિક વાવોની સફાઈની કામગીરી સરકારે હાથ ધરી છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ કેટલી વાવની કામગીરી પૂર્ણ થઇ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પાંત્રીસ (૩૫).

----------

**રાજ્યમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજૂરી**

૧૫૯૯ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૨) આ મંજૂર કરેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પેકી કેટલા કાર્યાન્વિત થયા ?

**જવાબ**

(૧) એક પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**અમદાવાદમાં સિંચાઇ યોજનાની કાચી કેનાલો**

૨૩૫૭ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની કઇ કઇ સિંચાઇ યોજનાની કેનાલો કાચી છે,

(૨) આ કાચી કેનાલોને પાકી બનાવવા સિંચાઇ યોજનાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે,

(૩) કેટલા સમયમાં પાકી કેનાલો બનાવવામાં આવશે, અને

(૪) કાચી કેનાલો થકી કેટલા ટકા પાણી વેડફાય છે ?

**જવાબ**

(૧) , (૨), (૩), અને (૪)

અમદાવાદ જિલ્લામાં આવેલ કોઈ યોજનાની નહેરો કાચી નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**નેશનલ રૂરલ હેલ્થમિશન અન્વયે ગ્રાન્ટ**

૩૧૯૯ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારને તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ એન. આર. એચ. એમ. (નેશનલ રૂરલ હેલ્થ મિશન) અન્વયે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી ગ્રાન્ટ આવી, અને

**જવાબ**

(૧) રાજ્ય સરકારને તા. ૩૧/૧૨/૦૭ ની સ્થિતિએ એન.આર.એચ.એમ. (નેશનલ રૂરલ હેલ્થ મિશન) માટે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની ગ્રાન્ટ મળેલ છે.

| વર્ષ | ઉઘડતી સિલક રૂા. | મળેલ ગ્રાન્ટ રૂા. | કુલ ગ્રાન્ટ રૂા. |
|---|---|---|---|
| ૨૦૦૬.૦૭ | ૪૬,૦૩,૩૩,૬૬૪ | ૯૩,૬૨,૮૦,૦૦૦ | ૧૩૯,૬૬,૧૩,૬૬૪ |
| ૨૦૦૭-૦૮ | ૧૧૪,૨૮,૭૫,૬૯૨ | ૯૯,૭૬,૦૦,૦૦૦ | ૨૧૪,૦૪,૭૫,૬૯૨ |

(૨) આ ગ્રાન્ટ વાપરવાનું આયોજન શું છે ?

(૨) આ ગ્રાન્ટ નીચે જણાવેલ કાર્યક્રમ માટે વાપરવાનું આયોજન છે.

| કાર્યક્રમ | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| (A) આર. સી. એચ. | ૯૭.૬૦ |
| (B) એન.આર.એચ.એમ. | ૧૬૬.૬૪ |
| (C) ઈમ્યુનાઈઝેશન | ૬.૪૫ |
| (D) અધર નેશનલ પ્રોગ્રામ્સ | ૩૬.૮૩ |

----------

**વાસ્મો યોજનાની શરૂઆત**

૨૭૯૧**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વાસ્મો યોજના ક્યારથી અમલમાં આવી,

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ આ યોજના દ્વારા કેટલા કામ પૂર્ણ થયા કેટલા ચાલુ છે, કેટલા મંજૂર કર્યા છે,

(૩) તેમાં કેટલી ગ્રાન્ટ વપરાણી, અને

(૪) આ ગ્રાન્ટમાં કેન્દ્ર સરકારની અને રાજ્ય સરકારની કેટલી ગ્રાન્ટ છે ?

**જવાબ**

(૧) તા. ૧૬-૦૫-૨૦૦૨

(૨) પૂર્ણ યોજના ૨૧૪૬
પ્રગતિની યોજના ૨૦૧૮
મંજૂર કરેલ યોજના ૪૧૬૯

(૩) રૂા. ૪૩,૪૦૪.૯૬ લાખ

(૪) (રૂા. લાખમાં)
કેન્દ્ર સરકાર ...... ૧૪૭૩૪.૮૯
રાજ્ય સરકાર ...... ૨૦૯૮૦.૦૭
નેધરલેન્ડ સરકાર ...... ૭૬૯૦.૦૦
(કેન્દ્ર સરકાર મારફત)
કુલ રૂા. ...... ૪૩,૪૦૪.૯૬

----------

**અંબાજીમાં લારી ગલ્લા અને નાની હાટડિઓવાળાને યાત્રાધામના વિકાસના ઓથા નીચે રોજગાર વિહોણા કરવા બાબત**

૨૭૭૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અંબાજીમાં વીસેક વર્ષથી મજૂરી કરી પોતાનું પેટીયું રળતા લારી ગલ્લા અને નાની હાટડીઓ ચલાવતા ગરીબ ઇસમોને યાત્રાધામ વિકાસના ઓથા હેઠળ હટાવી દઇ તેમને ધંધા રોજગાર વિહોણા કરી દેવામાં આવ્યા છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે અંગે સરકાર વૈકલ્પિક વ્યવસ્થા માટે કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લઇને શું ગોઠવણ કરવા વિચારે છે ?

**જવાબ**

(૧) ના, જી. શ્રી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કાયદેસરનો કબજો ધરાવતા કોઈ ઈસમો-દુકાનદારોને હટાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**સાવરકુંડલાના વંડા ગામે પી. એચ. સી. સી. એચ. સી. આપવા માગણી**

૧૬૨૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાનાં વંડા ગામે હાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે, આ વંડા ગામે ૧૯૬૦ થી છે. પરંતુ આજે વસ્તી ના ધોરણે આ પી. એચ. સી. ને ફેરવીને સી. એચ. સી. માં ફેરવવા માટે આરોગ્ય વિભાગને અવારનવાર માગણી કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકાર તરફથી લોકોના કલ્યાણ માટે આ પી. એચ. સી. ને સી. એચ. સી. માં ફેરવવા સરકારમાં શી કાર્યવાહી ચાલે છે, અને<br>(૩) સરકાર ક્યારે નિર્ણય કરવા માંગે છે ? | (૨) અને (૩)<br>રાજ્યમાં વસ્તીના ધોરણે પૂરતા સામુહિક આરોગ્ય કેન્દ્રો ઉપલબ્ધ હોવાથી નવાં સામુહિક આરોગ્ય કેન્દ્રો સ્થાપવાની સર્વગ્રાહી વિચારણા સમયે ધ્યાને લેવાશે. |

----------

**નર્મદા આધારીત જૂથ યોજનાના ટેન્ડરો**

૨૪૦૨ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના વાંકાનેર અને મોરબી તાલુકામાં નર્મદાનું પાણી ઉપલબ્ધ હોય નર્મદા આધારીત જૂથ યોજનાના ટેન્ડરો કેટલા અને ક્યારે બહાર પાડવામાં આવેલ છે.

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ટેન્ડર બહાર પાડ્યા તારીખ |
|---|---|---|
| ૧ | મોરબી | ૧૨/૨૦૦૧ |
| ૨ | મોરબી | ૧/૨૦૦૪ |
| ૩ | મોરબી | ૯/૨૦૦૪ |
| ૪ | વાંકાનેર | ૮/૨૦૦૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કામગીરી ક્યા સ્ટેજે પહોંચેલ છે, અને | (૨) પ્રથમ ત્રણ ટેન્ડરો હેઠળની કામગીરી પૂર્ણ થયેલ છે અને એક ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |
| (૩) આ કામગીરીમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે અને ભવિષ્યમાં કેટલો થશે ? | (૩) કુલ ખર્ચ રૂા. ૧૪.૨૨ કરોડ થયેલ છે, અને ભવિષ્યમાં રૂા. ૬૮.૦૦ કરોડ ખર્ચ થવાનો અંદાજ છે. |

----------

**રાજકોટ સિવીલ હોસ્પિટલમાં બ્લડ બેંકમાં ચાર્જ**

૧૬૩૩ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટની સીવીલ હોસ્પિટલમાં બ્લડ બેંક છે તેમાં વર્ષ ૨૦૦૭ દરમ્યાન બ્લડ ડોનેશન કેમ્પ કેટલા થયા અને કેટલી બોટલ રક્ત એકત્ર થયું, | (૧) વર્ષ-૨૦૦૭ દરમ્યાન કુલ ૩૫ બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવેલા અને બ્લડ ડોનેશન કેમ્પ મારફ્તે કુલ ૩૩૮૫ બોટલ રક્ત એકત્ર કરવામાં આવેલ. |
| (૨) બ્લડ બેંક દ્વારા થેલેસેમિયાના કેટલા બાળકોને ૨૦૦૭ ના વર્ષ દરમ્યાન બ્લડ પુરૂં પાડવામાં આવ્યું, અને | (૨) ૨૪૪ |
| (૩) રાજકોટની પ્રાઇવેટ તેમજ ટ્રસ્ટની બ્લડ બેંક દ્વારા એક બોટલનો કેટલો ચાર્જ વસૂલ કરવામાં આવે છે ? | (૩) રાજકોટ શહેરમાં પ્રાઈવેટ બ્લડબેંક કાર્યરત નથી. પરંતુ ટ્રસ્ટની બ્લડબેંક દ્વારા નીચે મુજબ ચાર્જ લેવામાં આવે છે.<br>(૧) રાજકોટ વોલેંટરી બ્લડબેંક દ્વારા થેલેસેમીયાના દર્દીને વિનામૂલ્યે બ્લડ આપવામાં આવે છે, જ્યારે પ્રાઈવેટ હોસ્પિટલના દર્દી પાસેથી કોમ્પોનન્ટની એક બોટલદીઠ રૂા. ૫૦૦/-અને ટ્રસ્ટ હોસ્પિટલના દર્દી પાસેથી રૂા. ૪૫૦/-લેવામાં આવે છે. અને હોલ બ્લડ માટે એક બોટલ દીઠ રૂા. ૫૦૦/-લેવામાં આવે છે. |

(૨) નાથાણી વોલેંટરી બ્લડબેંક દ્વારા થેલેસેમીયાના દર્દીને વિનામૂલ્યે બ્લડ આપવામાં આવે છે. જ્યારે પ્રાઈવેટ હોસ્પિટલના દર્દીઓ પાસેથી એક બોટલદીઠ રૂા. ૫૦૦/- અને ટ્રસ્ટ સંચાલિત અને સરકારી હોસ્પિટલના દર્દી માટે એક બોટલ દીઠ રૂા. ૩૫૦/- લેવામાં આવે છે.

(૩) ફીલ્ડ માર્શલ બ્લડબેંક થેલેસેમીયાના ૭૦ બાળકોને વિના મુલ્યે બ્લડ આપવામાં આવે છે. થેલેસેમીયા સિવાયના દર્દી પાસેથી એક બોટલ દીઠ રૂા. ૪૦૦/- વસુલ કરવામાં આવે છે. જ્યારે થેલેસેમીયાના દર્દી માટે રૂા. ૩૦૦/-વસુલ કરવામાં આવે છે.

----------

**માંડવી તાલુકામાં આદિવાસી વસ્તીવાળા ગામોમાં પાણીની તંગી**

૩૦૯૦ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંડવી તાલુકાના અરેઠ ગામના આદિવાસી વસ્તીવાળા ડુંગરી ફળિયામાં તેમજ નરેણ ગામના આશ્રમ ફળિયામાં દર વર્ષે ઉનાળામાં પીવાના પાણીની ઘણી જ તંગી પડે છે તે સરકારના ધ્યાન પર છે, અને | (૧) ના, જી આ હકીક્ત સાચી નથી. |
| (૨) જો હા, તો તે નિવારવા માટે સરકારે શા પગલાં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં લીધાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## તા.૩જી માર્ચના રોજ ઉઠાવાયેલ પૉઈન્ટ ઑફ ઑર્ડર અંગે

**અધ્યક્ષશ્રી** : સોમવાર તારીખ ૩જી માર્ચ ૨૦૦૮ના રોજ પૂરક માગણીઓ પરની ચર્ચા દરમ્યાન વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તેમના પ્રવચન દરમ્યાન પરિવહન અને બંદરો પરની માગણીઓ સંબંધે અવલોકન કર્યા હતા, કે ટ્રાન્સપૉર્ટ એકટ-૧૯૫૦માં અમલમાં આવેલ અને તે અન્વયે દરેક રાજયોમાં નિગમો સ્થપાયાં હતાં. તેમાં એવું જણાવવામાં આવ્યું કે ૧૦ ટકા વિકાસ કરવો પડે. ૧૯૯૪-૯૫માં ૮૯૮૭ બસો રોડ પર દોડતી હતી. અને આજના કરતાં વસ્તી ઓછી હતી. નિગમ સંચાલિત શિડયુલો ૭૮૫૩ હતા અને ટ્રીપો ૫૫૩૭ હતી. અગાઉના મુખ્યમંત્રીશ્રીઓને તેમણે અભિનંદન આપી ચાલુ વર્ષે વાહનોની સંખ્યા વિશે ટીકા કરી હતી. આ તબક્કે માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો કર્યો હતો કે સ્ટેટ ટ્રાન્સપૉર્ટ કૉર્પોરેશન એ અલગ કૉર્પોરેશન છે. તેને માત્ર રાજય સરકાર ગ્રાન્ટ આપે છે. આ કૉર્પોરેશનનો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર રજૂ થાય છે. તેથી તે અંગેની નીતિ વિષય ચર્ચા એટલે કે, કેટલી બસો લેવી, કેટલી બસો ન લેવી તેનો નિર્ણય નિગમે કરવાનો હોય અને આવી બાબત રાજયના વહીવટમાં આવતી નથી. તેથી માન. વિરોધપક્ષના નેતાશ્રી નીતિ વિષયક બાબત અંગે ચર્ચા કરી શકે નહીં. માન. વિરોધપક્ષના નેતાશ્રીએ એવી દલીલ કરી હતી કે, માન. નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેના પ્રકાશનના પાના નંબર-૧૮૫ ઉપર જી.એસ.આર.ટી.સી. માટે પૂરક માગણીનો ઉલ્લેખ છે અને તેથી તેઓ આ બાબતે ચર્ચા કરી શકે છે. તેના પ્રત્યુત્તરરૂપે માન.નાણા મંત્રીશ્રીએ કહ્યું હતું કે બોર્ડ કોર્પોરેશનની વિગતવાર ચર્ચા કરી શકાય નહિ. માત્ર જે હેતુ માટે પૂરક માગણી લાવવામાં આવી હોય તે હેતુ અંગેની જ ચર્ચા કરી શકાય. માન. વિરોધપક્ષના નેતાશ્રીએ આ તબક્કે જણાવ્યું હતું કે, જે આજની માગણી છે તેના વિશે નોંધમાં લખ્યું છે કે બસોની ખોટના કારણે પૈસા સરભર કરવા માટે, નવા વાહનોની ખરીદી કરવા માટે વગેરે હેતુસર આ પૂરક માગણી લાવવામાં આવી છે તેથી તેઓ વાહન અંગે ન બોલે તો ક્યારે બોલે? અને જો તેમ ન કરવામાં આવે તો વિધાનસભાના નાણાંકીય અંકુશનો શો અર્થ થાય? આ તબક્કે મેં કહ્યું હતું કે હું તેમના પૉઈન્ટ ઑફ ઑર્ડર પરનો નિર્ણય મુલતવી રાખું છું અને ચર્ચા આગળ ધપાવવામાં આવે.

માનનીય નાણા મંત્રીશ્રીના પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર નિર્ણય આપતા પહેલાં નીચેના ત્રણ મુદ્દાઓ વિગતવાર વિચારણા માંગી લે છે.

૧. બોર્ડ અને કૉર્પોરેશનો કેટલી હદે સ્વાયત્ત છે?

૨. સ્વાયત્ત બોર્ડ, કૉર્પોરેશનને લગતી કઈ બાબતો અંગે વિધાનસભામાં ચર્ચા કરી શકાય?

૩. વિધાનસભાનો કારોબારી તંત્ર ઉપર સંસદીય અંકુશ, નિયમન કેટલે અંશે પ્રતિપાદિત કરી શકાય?

વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૪(૩)ની જોગવાઈ મુજબ પૂરક અનુદાનની ચર્ચા તે અનુદાનમાં આવી જતી બાબતો પૂરતી મર્યાદિત રહે છે અને તેના પર અસલ અનુદાન અથવા તે અનુદાન પાછળની અંતર્ગત નીતિ પર ચર્ચા કરી શકાતી નથી. આ સંબંધમાં સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ પુસ્તકના પાના નં.૬૬૮ ઉપર સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે પૂરક માગણીઓ પરની ચર્ચા દરમ્યાન તેને લગતી નીતિ ઉપર ચર્ચા કરી શકાતી નથી.

આ ત્રણેય મુદ્દાઓ અને પૂરક માગણીઓ પરની ચર્ચા સંબંધિત નિયમો હું તપાસી ગયો છું. આપણા બંધારણે વિધાનસભાના કારોબારી ઉપરના અંકુશને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. વિધાનસભાની પરવાનગી સિવાય સરકાર એક પણ પૈસાનો ખર્ચ કરી શકતી નથી, એ સુવિદિત બાબત છે. આ સભાગૃહ જુદા જુદા વિભાગોની માગણીઓ દરમ્યાન બોર્ડ અને કૉર્પોરેશનને ફાળવવામાં આવતા નાણાં અંગેની માગણીઓની પણ ચર્ચાની મંજૂરી આપે છે. સંબંધિત પૂરક માગણી ક્રમાંક-૭૪ અંતર્ગત ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમને રૂા.૫,૬૨,૦૦,૦૦૦/- ની પૂરક માગણી સહાય પેટે તથા રૂા. ૩૫ કરોડની પૂરક માગણી લોન તરીકે નવી બસો, નવી ચેચીઝો વગેરે ખરીદી માટે આપવાની જોગવાઈ છે. આ પૂરક માગણીની ચર્ચા સમયે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ૧૯૯૪-૯૫ની સ્થિતિએ બસોની સંખ્યા, શિડ્યુલો વગેરેનો ઉલ્લેખ કર્યો છે અને નિગમની સ્થાપના થયા બાદ દર વર્ષે ૧૦ ટકા વિકાસ સાધવાની વાત કરી છે. આ બાબતને પૂરક માગણીથી અલગ કરી શકાય તેમ નથી અને તેને કોરપોરેશનના રોજબરોજના વહીવટની માગણી ગણી શકાય નહીં જો આ તબક્કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને આ મુદ્દો ઊભો કરવા દેવામાં ન આવે તો બોર્ડ અને કોરપોરેશન ઉપર વિધાનસભાના સંસદીય અંકુશના અબાધિત અધિકારમાં બાધ આવે તેમ જણાય છે અને તે રીતે વિધાનસભાના બંધારણ દ્વારા પ્રસ્થાપિત અધિકાર પર પરોક્ષ રીતે કાપ છે તેમ મને લાગે છે. અલબત એ બાબત સાથે હું સંમત છું કે, બોર્ડ અને કોરપોરેશના તેના રોજબરોજના વહીવટને લગતી બાબતોમાં સ્વાયત્તા ધરાવે છે, પરંતુ તે સ્વાયત્તા પર પણ જરૂર પડયે નિયંત્રણો મૂકી શકાય. આપણા પ્રશ્નો અંગેના નિયમોનુસાર તેના રોજબરોજના વહીવટને લગતા પ્રશ્નો દાખલ કરવામાં આવતા નથી. પ્રશ્નો દાખલ કરવા અંગેની મર્યાદા આપણે નિયમોથી સ્વીકારી છે પરંતુ પ્રશ્નોને લગતા નિયમો સિવાય અન્ય કોઈ નિયમ હેઠળ બોર્ડ અને કોરપોરેશનના વહીવટને લગતી બાબતોની ચર્ચા પર નિયંત્રણો નથી. ભૂતકાળમાં પણ વિભાગવાર ચર્ચા દરમિયાન જે તે વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ આવતા બોર્ડ અને કોરપોરેશને લગતી બાબતોની આ ગૃહમાં ચર્ચા થઈ છે. આ ઉપરાંત નિયમો હેઠળ લાવવામાં આવતા પ્રસ્તાવો ઉપર ચર્ચા દરમિયાન પણ બોર્ડ અને કોરપોરેશનના વહીવટને લગતી બાબતોની ચર્ચા ગૃહમાં થઈ છે બોર્ડ / કોરપોરેશનના વહીવટ પર વિધાનસભાનો સંસદીય અંકુશ રહે તે અત્યંત જરૂરી છે અને તેથી જ બોર્ડ અને કોરપોરેશનના વાર્ષિક અહેવાલો, હિસાબો ને વિધાનસભાએ ઘડેલા કાયદાઓની જોગવાઈઓ અન્વયે વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવે છે, આ અહેવાલો, હિસાબો વિધાનસભાના મેજ ઉપર મૂક્યા બાદ વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિ તેને તપાસે છે અને તપાસ કર્યા બાદ તેનો અહેવાલ વિધાનસભા ગૃહમાં રજૂ કરે છે, આ બાબત સ્પષ્ટ કરે છે કે, બોર્ડ / કોરપોરેશનનો તેમના રોજબરોજના વહીવટમાં સ્વાયત્ત હોવા છતાં વિધાનસભાના સંસદીય અંકુશથી પર નથી. બંધારણે આપેલી સત્તાઓ અને સંસદીય પરંપરા જોતાં લોકશાહીમાં વિધાનસભા ગૃહ સર્વોપરી છે અને તેથી તેના સંસદીય અધિકારો બંધારણે લાદેલ મર્યાદા સિવાય સંપૂર્ણ અને અનિયંત્રિત છે.

આમ, સમગ્ર પરિસ્થિતિ જોતાં લાગે છે કે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી નિયમોની મર્યાદામાં રહીને ચર્ચા કરતા હતા અને તેથી માનનીય નાણાં મંત્રીશ્રીએ ઉપસ્થિતિ કરેલા પૉઈન્ટ ઑફ ઑર્ડરને હું સ્વીકારતો નથી.

## સભાગૃહ મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલા વિધેયકો

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી વિધાનસભાના ચાલુ સત્રમાં સભાગૃહે પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક ૧૫ અને ૧૬ તથા સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક ૩ ને વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

### કૃષિ અને સહકાર વિભાગ

### માગણી નંબર : ૨

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૬,૭૬,૪૭,૫૬,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૫૦,૦૦,૦૦૦/--ની માગણી ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**માગણી નંબર : ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરું છું

**કાપદરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૪**

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી (પશુપાલનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસની સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૩૮,૪૩,૮૪,૦૦૦ની માગણી ક્રમાંક-૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ અને ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૯ અને ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૫**

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી (સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫૪,૨૫,૧૦,૦૦૦ની તથા મૂડીખર્ચ માટેની રૂપિયા ૨,૩૨,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૬**

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી (મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૩૫,૦૭,૦૦,૦૦૦/- ની તથા મુડી ખર્ચ માટેની રૂપિયા ૫,૦૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી વેજલસિંગભાઈ પા. પણદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરુભાઈ ચુ. ભીલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા.૧૭/૩/૨૦૦૮ (સાતમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **કૃષિ અને સહકાર વિભાગ**<br>**માગણી નં. ૨** | |
| ૧. | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-એજીઆર૧કૃષિ....કચેરી<br>રૂા. ૩,૮૭,૮૦,૦૦૦<br>પા.નં. ૧૫ | ૧૦૦ | ખાલી પડેલી અસંખ્ય જગ્યાઓ સત્વરે ભરી વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર |
| ૨. | --"-- | ૧૦૦ | તુમારોનો ઝડપથી નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઈ ઝાલા |
| ૩. | --"-- | ૧૦૦ | ખેડૂતોને કૃષિ પાકો માટે યોગ્ય સમજ અને માર્ગદર્શન સરળતાથી મળી રહે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૪. | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૫-ખાતર...ખાતર<br>૦૧-એમોનિયમ....વહેંચણી<br>રૂા. ૪૮,૮૨,૦૦૦<br>પા.નં. ૨૬ | ૧૦૦ | ખેડૂતોને નજીકના સ્થળેથી સમયસર ખાતર અપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| *૫. | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૮-વાણિજિયક પાક<br>૦૧-એજીઆર-૪ કપાસ ઉત્પાદન<br>રૂા. ૨,૭૮,૯૦,૦૦૦<br>પા.નં. ૩૮ | ૧૦૦ | કપાસના વધુ ઉત્પાદન મેળવવા અંગે ખેડૂતોને જરૂરી માર્ગદર્શન આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૬. | ૨૪૦૧-પાક કૃષિ વયવસ્થા<br>૧૧૦-પાક વીમો<br>૦૧-એજીઆર-૧૧૧ગુજરાત...<br>યોજના<br>રૂા. ૯,૬૫,૦૦૦<br>પા.નં. ૪૬ | ૧૦૦ | પાક વીમાની રકમ ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| *૭. | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૧૧૯-બાગાયત...પાક<br>૦૬-એજીઆર-૨૬-ઘરઆંગણે....સ્થાપના<br>રૂા. ૬૯,૯૦,૦૦૦<br>પા.નં. ૬૬ | ૧૦૦ | ઘર આંગણે શાકભાજી ઉગાડવા તથા ડબા પેક માટેના કેન્દ્રોનું ગ્રામીણ વિસ્તારોમાં વધુ વિસ્તરણ થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | | **માગણી નં. ૪** | |
| ૮. | ૨૪૦૩-પશુપાલન<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-એએન.એચ.૧ પશુપાલન..વિસ્તરણ<br>રૂા. ૧,૭૫,૪૫,૦૦૦<br>પા.નં. ૮૨ | ૧૦૦ | કચેરીનો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બચુભાઈ કિશારી |
| ૯. | --"-- | ૧૦૦ | પશુ દવાખાનાઓને પૂરતી સવલતો પૂરી પાડી તેની ગુણવત્તા સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| *૧૦. | ૨૪૦૩-પશુપાલન<br>૧૦૧-પશુચિકિત્સા...આરોગ્ય<br>૦૨-એએનએચ.૩ પશુ..એકમ<br>રૂા. ૧૬,૨૦,૦૦૦<br>પા.નં. ૮૫-૮૬ | ૧૦૦ | પશુઓમાં થતા વિચિત્ર રોગોનું પૃથ્થકરણ કરી તે થતા નિવારવા તથા પૂરતી સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧. | --"-- | ૧૦૦ | મરઘાઓમાં બર્ડફલ્યુ નામનો રોગ ન ફેલાય તે માટે આગોતરૂ આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર |
| ૧૨. | ૨૪૦૩-પશુપાલન | ૧૦૦ | ગીર અને કાંકરેજી પશુઓ માટે રાજય ફાર્મની પૂરતી સવલતો | શ્રી કુંવરજીભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૨-પશુ....વિકાસ<br>૦૬-એએનએચ.૭ ગીર...ફોર્મ<br>રૂા. ૨,૨૦,૨૦,૦૦૦<br>પા.નં. ૧૦૧ | | આપવામાં તંત્રની ઉદાસીનતા | બાવળિયા |
| | | **માગણી નં. ૫** | | |
| ૧૩. | ૨૪૨૫-સહકાર<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૧૪,૬૦,૪૦,૦૦૦<br>પા.નં. ૧૫૭ થી ૧૬૪ | ૧૦૦ | રજિસ્ટ્રાર સરકારી મંડળીઓની કચેરીમાં તુમારોનો નિકાલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૧૪. | --"-- | ૧૦૦ | સહકારી મંડળીઓની નોંધણીમાં નિયમોનું પાલન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૫. | --"-- | ૧૦૦ | નબળી સહકારી બેંકોનો ઉત્કર્ષ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજરાજસિંહ જાડેજા |
| ૧૬. | --"-- | ૧૦૦ | વહીવટી નિર્ણયો સમયસર લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| *૧૭. | --"-- | ૧૦૦ | સહકારી મંડળીઓના હિસાબોનું સમયસર ઓડિટ કરાવવામાં અને ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૮. | --"-- | ૧૦૦ | સહકારી બેંકોના ડિરેકટરો ધ્વારા નાણાનો થતો દુરુપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાનજીભાઈ તળપદા |
| ૧૯. | --"-- | ૧૦૦ | સામાન્ય ડિફોલ્ટર્સ સાથે ખાતું સેટલ કરવામાં દાખવવામાં આવતું અસહકાર ભર્યુ વર્તન સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૨૦. | --"-- | ૧૦૦ | સહકારી મંડળીઓના વહીવટમાં થતો રાજકીય હસ્તક્ષેપ રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૨૧. | --"-- | ૧૦૦ | ગેરકાયદેસર રીતે વ્યાજે નાણા આપનાર તત્વો સામે સખતાઈથી પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| *૨૨. | ૨૪૨૫-સહકાર<br>૧૦૧-સહકારી.....તપાસણી<br>૦૨-વપરાશદાર...સ્ટોર<br>રૂા. ૮૫,૫૫,૦૦૦<br>પા.નં. ૧૬૬ | ૧૦૦ | સહકારી કન્ઝયુમર્સ સ્ટોર્સમાં અદ્યતન સુવિધાઓ સાથે પૂરતો માલસમાન મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૩. | ૨૪૩૫-અન્ય....કાર્યક્રમો<br>૧૦૧-ખરીદ વેચાણ સવલતો<br>૦૧-ડબલ્યુઆરએચ-૨કૃષિ... વેચાણ<br>રૂા. ૯૧,૯૦,૦૦૦<br>પા.નં. ૧૭૬ | ૧૦૦ | કૃષિ વિષયક ખરીદ વેચાણ સમયસર કરવા માટેનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હરીભાઈ પટેલ |
| | | **માગણી નં. ૬** | | |
| ૨૪. | ૨૪૦૫- મત્સ્યોદ્યોગ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-આયુકત....અધિકારીઓ<br>રૂા. ૫,૫૯,૯૫,૦૦૦<br>પા.નં. ૧૩૪-૧૩૫ | ૧૦૦ | મત્સ્યોદ્યોગને લગતા પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહંમદ ફારુક શેખ |
| ૨૫. | --"-- | ૧૦૦ | પાકિસ્તાન કોસ્ટગાર્ડ ધ્વારા પકડાયેલા રાજયના માછીમારો તથા બોટો મુકત કરાવવા માટે કેન્દ્ર સમક્ષ સચોટ રજૂઆત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૨૬. | --"-- | ૧૦૦ | પાકિસ્તાન કોસ્ટગાર્ડને રાજયની દરિયાઈ હદમાં આવતા રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદીન શેખ |
| ૨૭. | --"-- | ૧૦૦ | પાકિસ્તાન કોસ્ટગાર્ડ ધ્વારા પકડાયેલા રાજયના માછીમાર પરિવારોને આર્થિક સહાય કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વેજલસિંગભાઈ પણદા |
| ૨૮. | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૧૦૩-દરિયાઈ મત્સ્યોદ્યોગ<br>૦૧-એફએસએચ-૭દરિયાઈ..પાડવી<br>રૂા. ૧,૪૦,૮૫,૦૦૦<br>પા.નં. ૧૪૧ | ૧૦૦ | માછીમારોને યાંત્રિક બોટ માટે પૂરતો કેરોસીનનો જથ્થો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૨૯. | --"-- | ૧૦૦ | માછીમારોની યાંત્રિક હોડીઓ માટે આર્થિક સહાય પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોધાજી ઠાકોર |
| ૩૦. | --"-- | ૧૦૦ | દરિયાઈ મત્સ્યોદ્યોગ માટે પૂરતું પ્રોત્સાહન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરુભાઈ ભીલ |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગના મંત્રીશ્રી માગણી નંબર-૪ પશુપાલન અને ડેરી વિકાસની સેવા હેઠળ રૂપિયા ૧,૩૮,૪૩,૮૪,૦૦૦ની મહેસૂલી ખર્ચ માટેની અને માગણી નંબર-૫ સહકારી પ્રવૃત્તિની સેવા માટે રૂપિયા ૫૪,૨૫,૧૦,૦૦૦ની મહેસૂલી ખર્ચ માટેની અને રૂપિયા

૨,૩૨,૦૦,૦૦૦ની મૂડી ખર્ચ માટેની જે માગણીઓ લઈને આવ્યા છે એના પર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ ગામડાંઓનું બનેલું રાજય છે. ખેડૂતોની વધારેમાં વધારે સંખ્યા છે. ગ્રામ્ય લેવલે ખેડૂતોનો જો કોઈ વિકાસ થયો હોય ખેતીની અંદર કે સહકારી માળખાની અંદર, ગુજરાતી એક એવો સાહસિક છે કે દુનિયાના કોઈપણ છેડે તમે જાઓ તો તમને એક ગુજરાતી જોવા મળે, મળે ને મળે જ. એ ધંધાની દૃષ્ટિએ હોય, નોકરીની દૃષ્ટિએ હોય કે બીજા કોઈ કામની દૃષ્ટિએ દુનિયાના છેવાડે પણ આપણને ગુજરાતી જોવા મળે એટલા માટે કે ગુજરાતીની કોઠા સૂઝ બહુ સારી છે. એ એક સાહસિક હોવાના કારણે ખેતીની અંદર પણ મહેનત મજદૂરી કરીને સારો પાક તૈયાર કરી શકે અને પોતાનું જીવન પણ સારુ બનાવી શકે છે. હુ માનું છું ત્યાં સુધી સહકારી વિભાગની અંદર સહકારી માળખાની અંદર સરકાર જો ધારે તો શિક્ષિત બેરોજગાર યુવાનો જે બહાર ફરે છે અને ધંધા-રોજગાર માટે જે ફાફા મારે છે એને સરકાર ઘણી મદદ કરી શકે એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એક પ્રસંગ યાદ આવે છે. માર્ચ મહિનો છે, પરીક્ષાનો દિવસ ત્યારે એક દિવસ વાલીએ એવું નક્કી કર્યું કે મારો છોકરો ભણેલો-ગણેલો છે તો કેટલો હોંશિયાર છે એની મારે પરીક્ષા કરવી છે. એના પિતાએ પુત્રને પાસે બોલાવીને કહ્યું કે બેટા બજારમાં જા અને પોસ્ટ કાર્ડ લઈ આવ પાંચ પૈસાનું. બેટાએ કહ્યું મને પાંચ પૈસા આપો એટલે હમણાં પોસ્ટ કાર્ડ લઈ આવું. પિતાએ કહ્યું બેટા પાંચ પૈસા આપું અને તું પોસ્ટ કાર્ડ લાવે એમાં શું નવાઈ એ તો પાડોશીનો છોકરો પણ પૈસા આપું તો લઈ આવે પણ વગર પૈસે તું પોસ્ટ કાર્ડ લઈ આવે તો હું તને ખરો મારો બેટો માનું. એ એક ગુજરાતીનો દીકરો હતો, હોંશિયાર હતો, ભણેલો-ગણેલો હતો એ સમજી ગયો કે પિતા આજે મારી પરીક્ષા લેવા બેઠા છે, કાંઈ વાંધો નહીં. છોકરો બજારમાં ગયો, પૈસા ન હતા એટલે પોસ્ટ ઑફિસમાં ન ગયો પણ ફરતો ફરતો કચરા પેટીમાંથી એક લખેલો પોસ્ટ કાર્ડ ઘરે લઈને આવ્યો અને એણે પિતાને કહ્યું કે લો પોસ્ટ કાર્ડ. પોસ્ટ કાર્ડ જોઈને એના પિતાએ કહ્યું કે બેટા આ તો લખેલો પોસ્ટ કાર્ડ છે મેં તો તને કોરો પોસ્ટ કાર્ડ લઈ આવવાનું કહ્યું હતું. છોકરાએ બહુ સારો જવાબ આપ્યો કે પિતાશ્રી કોરા કાગળ પર તો સૌ લખે પણ લખેલા પર લખી બતાવો તો મારો બાપ તને કહું.

**સભાપતિશ્રી સિદ્ધાર્થ ચિ. પટેલ અધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, એજ યુવાન અત્યારે રોડ પર જે બોર્ડ મૂકેલા હોય 'સર્વ શ્રેષ્ઠ મુખ્યમંત્રી ગુજરાત નંબર-વન' 'વણથંભી વિકાસ યાત્રા' એ બોર્ડ જોઈને ગુજરાતની અંદર શિક્ષિત બેરોજગાર યુવાનો છે એ નારાજ થતા જાય છે દિવસે દિવસે. એ યુવાન ભાંગી પડયો છે. એને રોજી-રોટી મળતી નથી, એને નોકરી મળતી નથી, એને શિક્ષિત બેરોજગાર ભથ્થું મળતું નથી. હું કહીશ કે, આ મુદ્દા પર હું હવે આવવા માગું છું. ગુજરાતની અંદર પશુ પાલનનો ધંધો બીજા રાજયો કરતાં એક નંબરનો છે. સહકારી આગેવાનોએ પોતાની કોઠા સૂઝને કારણે ગુજરાતની અંદર ટોટલી ૧૯ સંઘો જે ઊભા કર્યા એની અંદર ગામડાની ૧૩ હજાર સેવા સહકારી મંડળીઓ ઊભી કરી, કુલ ૨૬ લાખ દૂધ ઉત્પાદકોનો એની અંદર સમાવેશ કર્યો, ૭૫ લાખ કિલોગ્રામ દૂધ ગુજરાતની અંદર એક દિવસમાં આવે છે. રૂપિયા ૧૫ કરોડથી વધુ એક દિવસની અંદર દૂધના ગામડાની અંદર સભાસદો માટે જાય છે. એક અમૂલની અંદર હું ચેરમેન તરીકે બેઠો છું ત્યારે હું પણ કહીશ કે, એક દિવસના બે કરોડ રૂપિયા જૂના ખેડા જિલ્લામાં દરરોજ વહેંચાય છે. દૂધના ભાવ પણ બહુ સારા છે. દર વર્ષે કરોડો રૂપિયાની રકમ ભાવફેરની પણ સભાસદોને અમે આપીએ છીએ. અમે સભાસદોની એકલાની જ ચિંતા કરી છે એવું નથી એના પશુની પણ અમે ચિંતા કરીએ છીએ. એના પશુઓને સારો આહાર મળે એની પણ અમે ચિંતા કરીએ છીએ. કોઈ માણસ બીમાર પડેને તો એને દવાખાને પહોંચવા માટે બે-ચાર કલાક થાય પણ સભાસદનું જાનવર જો બીમાર પડે તો એને ઘેરે બેઠા કલાક-બે કલાકમાં જ સારવાર મળી શકે એવું આયોજન આખા રાજયમાં સંઘોએ કરેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, દુઃખ સાથે કહીશ કે, દિન-પ્રતિદિન ગુજરાતની અંદર દૂધનો ધંધો બહુ સારો વિકસ્યો છે, દૂધનું ઉત્પાદન પણ દિવસે દિવસે વધતું જાય છે, ખેડૂતોને વધારેમાં વધારે પૈસા મળતા જાય છે અને સભાસદોને એનું આર્થિક પાસુ મજબૂત થાય એના માટે પણ સંઘોએ ચિંતા કરી છે. મેં પણ છેલ્લા ત્રણ વર્ષમાં અમારા સભાસદોને પશુઓ લાવવા માટે એનું આર્થિક પાસુ મજબૂત બને એના માટે ઓછા વ્યાજે ૧૫૦ કરોડનું ધિરાણ કર્યું એના કારણે અમૂલની અંદર દરરોજનું ૧૫ લાખ લિટર દૂધ આવે છે. આવતી સાલનો અમારો ટાર્ગેટ છે અને અમારી નેમ છે કે એક દિવસની અંદર ૨૦ લાખ લિટર દૂધ આવવાનું છે. આ પ્રમાણેનું પ્લાનિંગ દરેક સંઘો કરી રહ્યા છે.

મારે દુઃખની લાગણી સાથે કહેવું પડે છે સહકાર મંત્રી, કૃષિ મંત્રી મારા મિત્ર છે કદાચ ખોટું નહીં લગાડે સારો જવાબ આપશે એવી તેમની પાસેથી અપેક્ષા રાખું છું. આ ગુજરાત સરકારે બહુ એમ.ઓ.યુ કર્યા. કેટલા તૈયાર થયા તેની મને ખબર નથી, કેટલાનો અમલ થયો તેની મને ખબર નથી. પણ ૧૩-૨-૨૦૦૮ના રોજ એક એમ.ઓ.યુ. થયું છે. મુખ્યમંત્રીશ્રી ઈઝરાઈલ ગયા હતા અને ત્યાં તેમણે ગાયોના તબેલા અને મોટા પ્રોજૅકટ જોયા હશે. ત્યાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જોયું કે એક ગાય ૧૫ થી ૨૦ લિટર દૂર આપે છે, તેને કારણે મુખ્યમંત્રીશ્રીએ ઈઝરાઈલથી અહીંયાં આવીને કોઈ પાર્ટી સાથે ઈઝરાઈલ એલીબીટી ઈમેજીંગ લિમિટેડ કંપની સાથે એમ.ઓ.યુ.કર્યુ છે. તે પ્રોજૅકટ કયાં કરવાનો તે મારા સામે બેઠેલા મિત્રો જે વિસ્તારના હોય તે થોડુંક સમજી લે. એક તો મહેસાણા અંબાસણા ગામે કરવાનો છે. બનાસકાંઠાની અંદર જામપરા ગામે કરવાનો છે. આ માણસને જમીન કેટલી

આપવાની ૧૫૦ હેકટર જમીન વર્ષે પાંચ લાખના ભાડા પટ્ટેથી આપેલી છે. આ બન્ને વિસ્તારોની અંદર ગાયો કેટલી લાવવાની? દશ હજાર ગાયો લાવવાની છે. ઈઝરાઈલથી લાવવાના છે. દશ હજાર ગાયો લાવે તેની સામે મને વાંધો નથી. આપણા ગુજરાતની અંદર ગીર ગાયો જોઈએ તો બ્રાઝિલવાળા લઈ જાય. અમે મુખ્યમંત્રીશ્રીને પ્રેમથી મળવા ગયા હતા. હું પણ ગયો હતો કે આ પ્રોજૅકટ શાના માટે તમે લાવો છો. તેમણે કહ્યું કે ત્યાંની ગાય ૧૫ થી ૨૦ લિટર દૂધ આપે છે તેને માટે અમે પ્રયત્ન કર્યો છે. મહેસાણા અને બનાસની અંદર અત્યારે પણ ૧૮ લિટર એક ગાય દિવસનું દૂધ આપે છે. મહેસાણાની અંદર પણ અત્યારે દરરોજનું ૨૦ લાખ લિટર દૂધ આવે છે. દશ હજાર ગાયો લાવશે તેની અંદર સરકારે એમ.ઓ.યુ.ની એવી શરત લખેલી છે કે આ પાર્ટીને જ્યારે અહીંયાં આવે ત્યારે તેને પૂરેપૂરી સગવડ આપવાની. લાઈટ, પાણી, રસ્તો તેને જે કંઈ કરાર કરવાના હોય તેની સુવિધા આપવાની. ટેક્સ માફ કરવાના. તેને ધિરાણ લેવું હોય તો તેની જવાબદારી આ સરકાર લેશે એવો એક કરાર કરેલો છે. હું માનું છું યુવાનોને મેં એટલા માટે વાત કરી હતી કે દશ હજાર ગાયોને લાવીને બહારથી માણસને અહીંયાં લાવીને વસાવવાનો હોય અને એને રોજી રોટી કમાવવાની હોય તો ગુજરાતની અંદર જે શિક્ષિત બેરોજગારો છે તેને વધારે નહીં ૧૦૦ ગાય કે ૨૦૦ ગાય આપીને તેને પૂરેપૂરો સાથ અને સહકાર આપીને, તેને ઓછાં વ્યાજે લોન આપીને, તેને જમીન આપીને જો કામ કરાવ્યું હોત તો આ સરકારને હું અભિનંદન આપત. તે નથી થઈ શક્યું. હું તો કહું છું ૨૦૦ ગાયો ના આપે પણ ૨૫-૫૦નું યુનિટ આપે તો પણ તેને રોટલા મળે મળે અને મળે તેમાં કોઈ બેમત નથી. દશ હજાર જે ગાયો લાવવાના તે ગાયોની અંદર હું એટલું કહીશ કે ઓ.આઈ.ઈ.ના લિસ્ટ પ્રમાણે ઈઝરાઈલ એફએમડી અન્ય રોગોથી મુકત જાહેર થયેલી છે? નથી થયેલી. મને યાદ છે ત્યાં સુધી એક વખત મરઘાની અંદર જે રોગચાળો ફાટી નીકળ્યો તેને કારણે કેટલાં મરઘાં બાળી મૂકવાં પડ્યાં હતાં. કેટલાંનો નાશ કરવો પડ્યો હતો. આ ઈઝરાઈલની ગાયો કદાચ વાયરસ અને કોઈ રોગ લઈને આવશે અને બનાસકાંઠા કે મહેસાણાની અંદર બીજા જાનવરોની અંદર તે રોગ ફેલાશે તો તેને અટકાવવા માટે કોઈ રસી તૈયાર રાખવાની છે ખરી ? આ સરકારે કોઈ રસી તૈયાર રાખી નથી. મોટામાં મોટો ભય છે અમારે એ ગુજરાતના મુખ્યમંત્રીએ કદાચ બનાસકાંઠા કે સાબરકાંઠા કે મહેસાણાના આગેવાનો સાથે ચર્ચા કરી હોત, કદાચ અમારા ફૅડરેશન સાથે જો ચર્ચા કરી હોત, સંઘના ચેરમેન સાથે ચર્ચા કરી હોત તો તે પ્રોજૅકટ અમે સ્વીકારવા તૈયાર હતા. ફેડરેશન માટે તે ગીરની ગાય કે કાંકરેજી ગાય લાવીને સારામાં સારું ક્રોસ કરીને તે ગાય વધારેમાં વધારે દૂધ આપે તેને માટે અમારી પાસે પ્રોજૅકટ તૈયાર છે.અમે જમીન પણ માગી છે, પણ અમને જમીન મળતી નથી. જમીનની વાત કયાં કરવી, દૂધ મંડળીનું મકાન બનાવવું હોય તો પણ અમને આ સરકાર જમીન આપી શકતી નથી. ઘરના છોકરાં ઘંટી ચાટે અને પાડોશીને આટો બરાબર આપવાનો (સમય સૂચક ઘંટડી.) માનનીય અધ્યક્ષશ્રી, હું થોડા સમયમાં પૂરું કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીને મારે નમ્ર વિનંતી કરવાની છે કે આ એમ. ઓ. યુ. માટે ફેરવિચારણા કરે. ફેડરેશનો અને સંઘોના ચેરમેનોને બોલાવે. આ પ્રોજેકટ લેવા માટેની અમારી પૂરેપૂરી તૈયારી છે. જેટલો ખર્ચ થાય એ ખર્ચ કરવાની પણ અમારી પૂરેપૂરી તૈયારી છે. ગુજરાતના શિક્ષિત બેરોજગારોને અમે રોજીરોટી આપી શકીશું. મેં અગાઉ કહ્યું તેમ અમે ૧૫૦ કરોડનું ધિરાણ કર્યુ છે. યુવાન મિત્રોને અમે ૨૫ ગાયો, કોઈને ૫૦ ગાયો અને કોઈને ૧૦૦ ગાયો આપી છે અને એને લીધે એમને જથી ૫ હજાર પગાર મળે છે અને બાર મહિને પોણા પાંચ લાખ રૂપિયા બોનસની રકમ લઈ જાય છે. મારી માનનીય મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે આની ફેરવિચારણા કરે અને ગુજરાતના ખેડૂતો અને ગુજરાતના સંઘો વતીથી આ એમ. ઓ. યુ. અને આ પ્રોજેકટનો હું વિરોધ કરું છું અને એની ફેરવિચારણા કરવા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય સહકાર અને કૃષિમંત્રીશ્રી તેમની માગણીઓ લઈને આવ્યા છે, તેના સમર્થનમાં હું બે શબ્દો બોલવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રીય બજેટમાં ૬૦,૦૦૦ કરોડ રૂપિયાના ખેડૂતોના દેવા માફ કરવાની યોજના મૂકી. પ્રદેશ કોંગ્રેસે જાહેરાતો આપી અને ફટાકડા ફોડયા, પરંતુ આ દેવા માફી કયારથી થવાની છે, કયા બજેટમાંથી એના પૈસા ફાળવવાના છે, એની કોઈ જોગવાઈ નથી.

બીજું કે ખેડૂતોના હિતરક્ષણ કરવાવાળી સંસ્થાઓ, માર્કેટ કમિટીઓ કે જે ખેડૂતોની આંતરિક વ્યવસ્થા કરે છે, ખેડૂતોને કેવી રીતે ઉંચા ભાવો મળી રહે, ખેડૂતો છેતરાય નહીં, એના માટે પ્રયત્નો કરી રહી છે, એની ઉપર, એમની આવક ઉપર ૩૫ ટકા ઈન્કમટેકસ નાંખવામાં આવ્યો છે અને આ રીતે માતૃ સંસ્થાઓનું ગળું ટૂંપવા માટે આ પ્રયત્ન થઈ રહ્યો છે. આ રાજકીય બાબત ઉપર કહેવા માગતો નથી, પણ સમગ્ર ગુજરાતમાં ૧૦૦ વર્ષથી જે ખેતીવાડી સહકારી પ્રવૃત્તિ ચાલી રહી છે, એ નાશ થવાના આરે આવી જશે. આથી આપણે સૌ સાથે મળીને રજૂઆત કરીશું તો આમાંથી એમને ઉગારી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ઘણી વખત વાત થાય છે, કૃષિરથની. માનનીય મણીભાઈ, જે અમારા ગોળાનું પાણી પીને બેઠા છે, તેઓ કહેતા હતા કે આ પ્રોગ્રામ તો રાજકીય પ્રોગ્રામ થઈ જાય છે. કોઈ ખેડૂત રાજકીય હોતો નથી. હું તો તમને કહીશ કે ૪૦, ૪૦ વર્ષ સુધી સામી પાટલીવાળાઓએ રાજ કર્યુ. ખેડૂતોને કૃષિરથ દ્વારા જ્ઞાન આપવાની વાત તેમણે કોઈ દિવસ કરી નથી. અમારા મુખ્યમંત્રીશ્રી કૃષિરથ લઈને નીકળ્યા અને ખેડૂતોને કેમ સારી રીતે ખેતી થાય, ખાતર કેવી રીતે અને કેમ અપાય અને સમયબદ્ધ જમીનની ચકાસણી થાય એ બધું જ

જ્ઞાન આપવા માટે ૧૮૦૦૦ ગામડાઓમાં જવાનો પ્રોગ્રામ બનાવે, એને રાજકીય કહેવું એ ખરેખર શરમજનક બાબત છે.

આ કૃષિ રથના લીધે ખેતીની આવકમાં કેટલો વધારો થયો? ૨૦૦૩-૦૪માં ૧૩,૦૦૦ કરોડની આવક હતી, તેની સામે ૨૦૦૬-૦૭માં ૩૪,૦૦૦ કરોડની આવક આપણે મેળવી શકયા છીએ. અરે, ટપક પદ્ધતિ અને ફુવારા પદ્ધતિનું જ્ઞાન ભણેલા ગણેલા ખેડૂતોમાં હતું, પણ આમ જનતાના ખેડૂતોમાં આ જ્ઞાન નહોતું. આ કૃષિરથ દ્વારા તેમને આ બાબત જાણવા મળી અને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૫૦૦ કરોડ રૂપિયા ગુજરાત રીવોલ્યુશન કંપની દ્વારા ફાળવ્યા, જેમાં ૫૦ ટકાની લોન, ૪૫ ટકા સબસિડી અને ૫ ટકા રોકવાના અને રહી રહીને ૬ મહિના પછી કેન્દ્ર સરકારને જ્ઞાન આવ્યું. કે આપણે પાછળ રહી ગયા છીએ અને ગુજરાત સરકાર આગળ નીકળી ગઈ છે. તો તેમણે ૫૦૦ કરોડ રૂપિયા ૨૬ રાજયો માટે ફાળવ્યા અને મોટી બાહોશી કરી હોય તેમ પેપરોમાં જાહેરાતો આપી. તો ખરેખર આપણે એમનાથી કેટલા આગળ છીએ એ તો એના ઉપરથી આપણને ખબર પડે છે. આપણે તો એક જ આપણા રાજય માટે ૧૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે જયારે કેન્દ્ર સરકારે તો ૨૬ રાજય માટે ફકત ૫૦૦ કરોડ રૂપિયાની જ જોગવાઈ કરી છે અને આ રીતે ખેડૂતોના ઉદ્ધારની વાત કરવા નીકળ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો ખેડૂત ઘઉં અને અન્ય અનાજ પકવે છે એના તળિયાના ભાવ કેન્દ્ર સરકાર દ્વારા બાંધવામાં આવે છે જયારે પરદેશમાંથી ઘઉં લાવવામા આવે છે ત્યારે એ ૧૨૫૦ કે ૧૩૦૦ રૂપિયાના ભાવે ઘ ઉં આયાત કરે છે અને એ પણ પશુ પણ ના ખાય એવા ઘઉં આવે છે અને એવા ઘઉં રેશનિંગની દુકાનેથી મધ્યમવર્ગ અને ગરીબ વર્ગ લે છે અને એ રીતે તેમના આરોગ્યને નુકસાન કરવાનું કામ આ કેન્દ્રની યુપીએ સરકારે કર્યુ છે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્પાદકતાની દ્રષ્ટિએ આપણે કપાસ, મગફળી, દિવેલા, બટાકા અને ડુંગળીમાં દેશમાં પ્રથમ નંબરે છીએ અને રાયડો, બાજરી અને કેળના પાકમાં આપણે બીજા નંબરે છીએ, પરંતુ ઉત્પાદનની દ્રષ્ટિએ આપણે કપાસ, મગફળી, દિવેલા, ચીકુ અને વરીયાળીમાં પ્રથમ નંબરે છીએ ત્યારે બાજરો અને ડુંગળીમાં બીજા નંબરે છીએ એ નાની સૂની વાત નથી. ઈસબગુલની પ્રોસેસિંગમાં સમગ્ર વિશ્વમાં આપણું ગુજરાત અગ્રેસર છે અને ગુજરાતમાં ૯૪ લાખ હેકટર જમીન ખેતીલાયક જમીન છે એમાંથી નોર્મલ ૭૮ લાખ હેકટર સુધીની જમીનમાં હાલ ખેતી કરી શકીએ, પરંતુ આપણા પ્રયત્નોથી ૮૯ લાખ હેકટર સુધીની ખેતીલાયક જમીન આપણે કરી શકયા છીએ અને રવી પાકમાં ૧૮ લાખ હેકટર સુધી આપણે નોર્મલ ૧૮ લાખ હેકટર સુધી વાવેતર કરી શકીએ એની જગ્યાએ ૩૪ લાખ હેકટર સુધી ઘઉંના વાવેતરમાં પહોંચી શકયા છીએ, કપાસના વાવેતરની વાત કરું તો ૧૬ લાખથી ૧૭ લાખ હેકટર જમીનમાં એનું વાવતેર થતું હતું એની જગ્યાએ આજે ૨૫ લાખ હેકટર સુધી આપણે પહોંચી શકયા છીએ અને આપણો કપાસ એ પરદેશમાં ગુજરાતના નામથી વેચાય છે એ નાની સૂની વાત નથી અને ઘઉંનું સામાન્ય વાવેતર ૬ લાખ હેકટર વિસ્તારમાં હતું એ વધીને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ માં ૧૪ લાખ હેકટર સુધીનું થયું છે. એ પછી આ કૃષિ રથ કાઢવાને કારણે ગામમાં રહેતા ગરીબ એવી વ્યકિતઓને આપણે કીટ આપીએ છીએ અને એમાં ગામસભા જેને કહે કે આ ૫ વ્યકિતઓને કીટ આપવા જેવી છે એ વ્યકિતઓને મફત કીટ આપવામાં આવે છે, આદિજાતિ વિસ્તારમાં આ કીટ ૧૦ વ્યકિતઓને ગામદીઠ મફત આપવામાં આવે છે અને એ રીતે ૨૦૦૫-૦૬ માં ૯૧૪૬૫ અને ૨૦૦૬-૦૭ માં ૪૨૭૧૧ ખેડૂતોને આનો લાભ મળ્યો છે, આદિજાતિમાં ૬ લાખથી વધારે આ કીટ નો લાભ આપી શકયા છીએ.

માનનીય અધ્યક્ષી, ખેડૂતોને ભારે વરસાદના કારણે પૂરથી થયેલ નુકસાનમાં પણ આપણે રાહત પેકેજ જાહેર કરેલ અને એ પેકેજ હેઠળ ૧૩૧૭૦.૮૬ લાખની આપણે ચૂકવણી કરી છે. ૧૯૯૭ થી અત્યારસુધીમાં જે ખેડૂતો અકસ્માતે ગુજરી ગયા હોય એવા ખેડૂતોને પણ ૩૩ કરોડ ૧૮ લાખ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવેલ છે

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય એવોર્ડ, ભારત સરકાર તરફથી નેશનલ પ્રોડકિટવીટી કાઉન્સિલ એવોર્ડ ૨૦૦૨-૦૩ , ૨૦૦૩-૦૪ અને ૨૦૦૫-૦૬ એમ ત્રણ વર્ષમાં કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રીના હસ્તે અનાયત થયેલ છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ લાંબા સમયથી કેટલીક નાગરિક સહકારી બેંકોને લાયસન્સ નહોતા મળતા, લાયસન્સ વગર બેંકો ચાલતી હતી, ઘણાં પ્રયત્નો કરેલા, મારી ઉંઝા નાગરિક સહકારી બેંકની વાત કરું, બ્રાન્ચના લાયસન્સ, અને મેઈન શાખાને લાયસન્સ નહીં, વીસ વીસ વર્ષ લડયા, પણ અમારા ભૂતપૂર્વ સહકાર મંત્રી, શ્રી ભૂપેન્દ્ર ચુડાસમાના અથાગ પ્રયત્નોના કારણે ઉંજા નાગરિક બેંકને લાયસન્સ મળ્યું, અને તેના પછી દસ નાગરિક સહકારી બેંકોને આર.બી.આઈ. તરફથી લાયસન્સ મળ્યા, ૬૫ બેંકો ફડચામાં ગયેલી હતી. અને એમાંથી ૫૮ નાગરિક બેંકોના ૧૩૪૪૬૧૬ થાપણદારોને ૧ લાખ સુધીનું વીમા કવચ આપણે અપાવી શકયા છીએ, અને કલેઈમની રકમ પૈકી ૯,૯૫૦૧૮ થાપણદારોને ૧૫૭૮.૬૮ કરોડની ચુકવણી કરી શકયા છીએ, જે નાની સૂની વાત નથી. સરકારશ્રીના સતત પ્રયત્નોના કારણે જે ૬૫ નાગરિક બેંકો ફડચામાં ગઈ હતી એમાં આ થાપણદારોનો વિશ્વાસ ન ઉઠી જાય તેના માટે ૧૩ નાગરિક સહકારી બેંકો જે નબળી હતી તે નબળી બેંકોનું સદ્ધર બેંકો સાથે મર્જર કરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલ છે અને બીજી ૬ નાગરિક સહકારી બેંકોની પ્રક્રિયા અત્યારે ચાલી રહી છે. આમ ઉત્પાદનની દૃષ્ટિએ જોઈએ તો ગુજરાત કૃષિ ક્ષેત્રે પણ ખૂબ દિન પ્રતિદિન આગળ વધતું રહ્યું છે. અને આ કૃષિ રથના કારણે જે જાગૃતિ આવી છે તે જાગૃતિના કારણે આજે ગુજરાતનો ખેડૂત સદ્ધર

બનતો જાય છે. સિંચાઈ વ્યવસ્થાની વાત કરું તો પહેલા ૧૮ લાખ હેકટરમાં સિંચાઈ વ્યવસ્થા હતી તેની સામે આજે ૩૪ લાખ હેકટર સુધી આપણે પહોંચ્યા છીએ. હું માનું છું કે આ સરકારે ખૂબ જ ઉમદા કામ કર્યું છે. હું એના સમર્થનમાં બોલવા ઉભો થયો છું અને સમર્થન આપું છું.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ (મહેમદાવાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, કૃષિ વિભાગને લગતી માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તેને અનુમોદન કરવા માટે ઉપસ્થિત થયો છું. હમણાં થોડા વખત પહેલા જ મારા વડિલ શ્રી રામસિંહભાઈ કહેતા હતા કે આ મુખ્ય મંત્રીશ્રીએ શ્રેષ્ઠ મુખ્ય મંત્રીશ્રીના બોર્ડ ઘણાં લગાવ્યા છે. સામાન્ય રીતે માનવીની કંઈક ને કંઈક કદર થતી હોય છે. એક કહેવત છે કે પોલું હોય તે બધા વગાડે, પણ સાંબેલું વગાડે તે ખરા, એમ આ મુખ્ય મંત્રીશ્રી ગુજરાતમાં આવીને સાંબેલું વગાડતા થયા છે, અને એટલે જ બધા બોર્ડ સર્વ શ્રેષ્ઠ મુખ્ય મંત્રીશ્રીના લાગ્યા છે. એમણે બે બે વખત મંત્રીશ્રી તરીકે એમણે રાખ્યો છે તમે તો કશું નહીં, અમને છેલ્લી પાટલીએ બેસવા નહોતા દેતા, વિચાર કરો તમારો પણ નંબર જતો રહ્યો એમાં ને એમાં. અને એટલે જ આ મુખ્ય મંત્રીશ્રી પણ સર્વ શ્રેષ્ઠ મુખ્ય મંત્રી છે જ, કૃષિમાં પણ આપણે સામાન્ય રીતે કહીએ છીએ કે રણમાં પણ નાવ ચલાવે, તો આ મુખ્ય મંત્રીશ્રીએ રણમાં કાજુ ઉગાડયા, એ નાવ ચલાવવા બરાબર છે, દક્ષિણ ગુજરાતના પહાડોમાં પણ કાજુ ઉગાડયા છે તે પણ આ જ મુખ્ય મંત્રીશ્રીએ ઉગાડયા છે અને એટલે જ તેના બોર્ડ લાગ્યા છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ભારત દેશ એ કૃષિ પ્રધાન દેશ છે, અને એમાં ગુજરાત એ સુદ્રઢ કૃષિ પ્રધાન રાજય છે. ગુજરાતનો ખેડૂત પણ સર્વ શ્રેષ્ઠ ખેડૂત તરીકે કામગીરી કરી શકે છે. વિશ્વમાં પણ ગુજરાતની આગવી ઓળખ છે. વિશ્વમાં પણ ગુજરાતની એક આગવી ઓળખ છે. ખેતીમાં ઉત્પન્ન થયેલી વસ્તુઓ પણ આગવી ઓળખ તરીકે વિશ્વના બજારમાં પ્રખ્યાત થયેલ છે. ખેતીવાડી દ્વારા પેદા થયેલ વસ્તુઓની દુનિયા ભરમાં ગુજરાત રાજય દ્વારા નિકાસ કરવામાં આવે છે તેના લીધે ખેડૂતને આર્થિક રીતે ખૂબ લાભ થયો છે.

ગુજરાતનું ભૂમિતળ અન્ય રાજયો કરતાં સર્વશ્રેષ્ઠ છે. બધી જ જાતના પાકો, ફળ ફૂલ તથા ઔષધીઓ આ જમીનમાં પેદા થાય છે. ખેતી અને ખનિજ ગુજરાતની ધરાનું નજરાણું છે. જમીનમાંથી પેદા થતું ખનિજ તેલ એ કાચુ સોનું છે અને પાણી એ જીવનદાતા છે. પહેલાના સમયમાં ઘઉં જેવું ધાન્ય પણ આપણે પરદેશમાંથી મંગાવવું પડતું હતું પરંતુ હવે ગુજરાત સર્વશ્રેષ્ઠ એવું રાજય બન્યું છે કે ઘઉંની આયાત કરવાના બદલે પગભર થયા છીએ તથા અન્ય ધાન્યો ગુજરાતમાંથી પરદેશ મોકલવામાં આવે છે. ભારત સરકાર પણ પરદેશ મોકલાવે છે. ગુજરાતનો ખેડૂત આના માટે અભિનંદનને પાત્ર બને છે. ગુજરાતમાંથી શાકભાજી, ફળફળાદી પરદેશમાં નિકાસ કરીએ છીએ. ગુજરાતમાં ખેતી આધુનિક બની છે અને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરતો ખેડૂત બન્યો છે ત્યારે રાજય સરકાર દ્વારા આ બજૅટની અંદર ૩૩૭ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ખેતી ક્ષેત્રે ભારત દેશનો વૃદ્ધિ દર ૨.૬ ટકા છે જ્યારે આપણા ગુજરાતનો કૃષિ વૃદ્ધિ દર ૧૨ ટકા જેટલો છે તે માનનીય કૃષિ મંત્રીશ્રી અને સર્વશ્રેષ્ઠ મુખ્યમંત્રીશ્રીના આભારી બન્યું છે. ૨૦૦૨-૨૦૦૩માં આપણા ગુજરાતમાં કૃષિ અને બાગાયતી ક્ષેત્રનું કુલ ઉત્પાદન ૧૫૮.૬૧ લાખ મેટ્રીકટન હતું અને તેનું મૂલ્ય જોઈએ તો તે વખતે ૧૩૪૦૭ કરોડ રૂપિયા હતું. જ્યારે આજે પાંચ વર્ષ પછી ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં ૨૭૨.૨૦ મેટ્રીકટન ઉત્પાદન થયું છે અને એનું મૂલ્ય ૩૪ હજાર કરોડ રૂપિયા થયું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ્યારે ૨૦૦૨માં સૌ પ્રથમ મુખ્યમંત્રીશ્રી તરીકે શપથગ્રહણ કર્યા ત્યારે કહ્યું હતું કે ગુજરાતની આવક મારે બમણી કરવી છે એના બદલે આજે અઢી ગણી આવક કરી બતાવી છે એટલે આ બોર્ડ સર્વશ્રેષ્ઠ મુખ્યમંત્રીશ્રી તરીકેના ગુજરાતમાં લાગ્યા છે.

ગુજરાતમાં નબળા વર્ગના ખેડૂતોને ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. નાના અને સીમાંત ખેડૂતો ગરીબી રેખા નીચે જીવતા ખેડૂતોને કૃષિ, બાગાયતી તથા પશુપાલન માટે કીટનું વિતરણ પણ સરકાર દ્વારા કરવામાં આવે છે અને એ રીતે પણ આર્થિક વિકાસ થયો છે. કૃષિ મહોત્સવ દ્વારા ગુજરાતમાં નાના અને સીમાંત ખેડૂતોને વધુ લાભ થાય એના માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ બજૅટમાં એના માટે ૬૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

ખેડૂતો માટે અકસ્માત વીમા યોજના દાખલ કરી છે. પહેલા ફક્ત ખાતેદાર ખેડૂતને જ લાભ મળતો હતો પરંતુ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી છે તે ખેડૂતલક્ષી ખૂબ જ કામો કરે છે તેથી ખેડૂત ખાતેદાર ન હોય પરંતુ એના વારસદાર હોય અને એ જો મૃત્યુ પામે તો એને વીમા યોજના નીચે આવરી લીધા છે. આ સરકારે નવું નજરાણું આપ્યું છે. અત્યાર સુધી ફક્ત ખેડૂત ખાતેદાર હોય એને જ લાભ મળતો હતો એના વારસદારને લાભ મળતો નહોતો. આ સરકારે એના વારસદારને પણ આવરી લીધા છે તેથી આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ખેડૂતોના પાકને પણ ઘણી વખત નુકસાન થતું હોય છે અને તેથી પાક વીમા યોજના પણ છે એટલા માટે પણ ૧૩૮.૨૩ કરોડ રૂપિયાની ફાળવણી આ સરકારે કરી છે. આદિજાતિ મહિલાઓ માટે નવું તાલીમ કેન્દ્ર પણ આ સરકારે કર્યું છે. વનબંધુ કલ્યાણ યોજનાના ભાગ રૂપે ગોધરા ખાતે નવી કૃષિ ઈજનેરી કૉલેજ અને દાહોદ ખાતે નવી કૃષિ ઈજનેરી પૉલિટૅક્નિક કરવાનું આ સરકારના ફાળે જાય છે. કૃષિ મહોત્સવ એ ભારતના બધા રાજયોમાં સૌથી પ્રથમ અને શ્રેષ્ઠ મહત્ત્વનું પગલું છે. સતત ત્રણ વર્ષના કૃષિ મહોત્સવના આયોજન અને પશુ સુધારણાની દ ાનિષ્ઠ યોજનાના લીધે રામસિંહભાઈ કહેતા હતા કે દૂધ ઉત્પાદન થયું છે તો આના લીધે ૨૦ ટકા વધુ દૂધ ઉત્પાદન થયું છે. એટલે જ ખેડા જિલ્લામાં વધુ દૂધ ઉત્પાદન રેશિયો અમૂલમાં આવ્યો છે. કૃષિ મહોત્સવના લીધે.

નહીં તો રામસિંહભાઈ, આપ તો ઘણાં વર્ષોથી ચેરમેન હતા. પણ છેલ્લા પાંચ વર્ષથી દૂધ ઉત્પાદન વધ્યું છે. કૃષિ મહોત્સવના લીધે દૂધ ઉત્પાદન વધ્યું છે. ગામડે ગામડે ખેડૂતોની જાગૃતિ થઈ છે. એટલા માટે આ કૃષિમાં ઉત્પાદન થયું છે. તેનું કારણ એ છે. અમૂલમાં પહેલાંના વર્ષોનો રેશિયો કાઢો, દૂધનું વેચાણ ખૂબ ઓછું થઈ ગયું હતું. તેના બદલે છેલ્લા બે વર્ષથી વધારો થયો છે. આ કૃષિ મહોત્સવના પરિણામે. કૃષિ ઉત્પાદનમાં વધારો થાય, ગુણવત્તા સુધરે, બજાર માટેની સુવિધા પણ ઉપલબ્ધ થાય અને લાભપ્રદ મૂલ્ય મળે તે માટે આ સરકારે ૧૦.૯૦ કરોડનું આયોજન કર્યું છે. કપાસમાં પણ ઉત્પાદન ખૂબ વધ્યું છે. તેલીબિયાંનું ઉત્પાદન વધ્યું છે. તેના ભાવ પણ ઘણાં સારા મળ્યા છે. શેરડી અને અન્ય પાકો પણ ખૂબ સારા મળ્યા છે. ગુજરાતનો ખેડૂત મહેનતું અને પ્રયોગલક્ષી છે. પરંતુ આકાશી ખેતી ઉપર નભતો ખેડૂત ઘણી વખત અસહાય બને છે. તેથી પૂરતા પ્રમાણમાં જળસંસાધનનું આયોજન કરાય તો જ ખેડૂતોને વધારે ફાયદો થાય એટલા માટે આ સરકારે આવશ્યકતા કરવા માટે જળસંચય અભિયાન શરૂ કર્યું. ગામના તળાવ ઉંડા કર્યા. ખેત તલાવડીઓ કરી, સીમ તળાવો ખોધ્યા. તેમાં પાણી ભરાવ્યા. રવિ અને ઉનાળું વાવેતર થયું. ૨૧ લાખ હેકટરથી ૩૯ લાખ હેકટર સુધી ઉત્પાદન વધ્યું છે અને તેથી પરદેશ મોકલવાનો પ્રયત્ન થયો છે.

**સભાપતિશ્રી** : સુંદરસિંહભાઈ, આપનો સમય પૂરો થાય છે.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : હું માગણીઓને સમર્થન આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં હું ચર્ચા કરવા ઉભો થયો છું. ઘણી બધી વાત થઈ. છેલ્લે સુંદરસિંહભાઈએ વાત કરી કે આ મુખ્યમંત્રીશ્રીએ તો શરણાઈ નહીં પણ સાંબેલું વગાડી જોયું છે અને રેતીમાં વહાણ ચલાવી જોયું છે. ખરેખર આ જે કહેવત છે એ અસત્ય શબ્દો માટે અને અસત્ય પ્રયોગો માટે વપરાય છે. એ સાંબેલું દુનિયામાં કોઈએ કોઈ દિવસ વગાડી જોયું નથી અને વાગવાનું પણ નથી. પણ મુખ્યમંત્રીએ કેવા સાંબેલા વગાડ્યાં છે તેનો તો માત્ર એક જ દાખલો આપું છું. પંજાબમાં ચૂંટણી ચાલતી હતી અને પ્રચાર કરવા મુખ્યમંત્રી ત્યાં ગયા અને ત્યાં જઈને એમ કહ્યું, હું તે દિવસે દિલ્હીમાં હતો. દિલ્હીમાં બીજા દિવસે પેપરમાં આવેલું કે અમારો ગુજરાતનો ખેડૂત ૨૪ કલાક વીજળી મેળવે છે અને દર વર્ષે નવી મારૂતિ લે છે. ગુજરાતનો ખેડૂત તો વીજળીના બિલ નથી ભરી શકતો. દિલીપભાઈ જાણે છે. તેમના વિસ્તારમાં જ એક આખા પરિવારે આત્મહત્યા કરવી પડી.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

આ ઘટનાથી બધા પરિચિત છે. એટલે સાંબેલા વગાડવા તેનાથી વિકાસ થઈ શકતો નથી. મારે આપના મારફત પૂછવું છે કે ગુજરાતના કયા ખેડૂતે વર્ષમાં નવી મારૂતિ પોતાની ખેતીવાડીની કમાણીમાંથી લીધી? એ બતાવી દે તો હું માનું કે આ ખરેખર સાંબેલું વાગેલું ગણાય. ક્યાંક એવું પણ જરૂર બને છે કે, અમદાવાદની આજુબાજુમાં બિલ્ડર એ જમીન લઈ લે અને એ જમીનના વેચાણમાંથી ક્યાંક કોઈએ મારૂતિ લીધી હશે. આ જમીન ખરીદી અને આ જમીનની કમાણીમાંથી અત્યાર સુધી કોઈ ખેડૂતે મારૂતિ લીધી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૪ કલાક ખેડૂતોને વીજળીની વાત કરી. વિધાનસભામાં જવાબ એવો આપ્યો કે, સામાન્ય રીતે ૮ કલાક વીજળી અપાય છે અને ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં એમ કહેવાય કે અમે ૧૬ કલાક વીજળી આપવાના છીએ. શ્રી નારણકાકા, ગઈકાલે અમારા સૌરભભાઈ કહેતા હતા કે ૧૨ કલાક વીજળી આપી. એ આપી તો ખરી પણ ચૂંટણીના એક મહિનામાં આપી. ચૂંટણી પૂરી થઈ ત્યારે ખેડૂતોને ત્યાં વીજળી વિભાગના દરોડાઓ પાડીને જેલના હવાલે કર્યા. આ તો ૧૬ કલાક વીજળી આપવાનું વચન આપ્યું હતું. આ ક્યારે આપશે મેં કહ્યું કે, જ્યારે ચૂંટણીનો એક મહિનો હશે ત્યારે તમને ૧૨ કલાક વીજળી મળશે ત્યારબાદ તો આ દરોડાઓ. અને જેમ શ્રી નારણકાકાએ કહ્યું કે ડફેરોથી ચેતતા રહેજો.

**અધ્યક્ષશ્રી** : શ્રી નારણભાઈ આપ વચ્ચે ન બોલો અને બોલવું હોય તો આપની જગ્યાએ જઈને બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ઓલા ડફેરોને તો પકડી પણ શકાય છે અને અમુક ડફેરો તો એવા છે કે એ પકડી શકાતા નથી પણ એ ડફેરોની વાત કરીએ તો જેલમાં ધકેલી દેવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ક્યાંક કૃષિ ઉત્પાદન ખૂબ વધ્યું છે. હું એના આંકડા આપને વાંચી બતાવીશ. આપ પ્રશ્ન પૂછો.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમને કહેવા દો, મંત્રીશ્રી જવાબ આપશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે જે મને પત્રકો આપ્યાં છે. એનો દાખલો આપું છું. સામાજિક આર્થિક સમીક્ષા- ૨૦૦૭-૨૦૦૮ની એમાં ક(૪૫)નું જે પત્રક છે એમાં ૨.૨ એમાં ૧૯૯૯ના સ્થિર ભાવે રાજયનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન. એમાં ખેતી અને પશુપાલનના જે આંકડા આપ્યા છે એમાં ૧૯૯૯માં ૧૫૯૭૫ કરોડનું ઉત્પાદન હતું અને રાજયનું કુલ બધા સૅક્ટરોનું ઉત્પાદન હતું એમાં એનો હિસ્સો ૧૪.૫૪ થતો હતો. એ ૨૦૦૧-૨૦૦૨માં ૧૮૮૫૮ કરોડ થયું. ૨૦૦૨-૨૦૦૩માં ૧૭૩૩૪ કરોડ થયું. ૨૦૦૩-૨૦૦૪ એક જ વર્ષમાં જ્યારે બહુ સારું ચોમાસું થયું ત્યારે ધારણા કરતાં સારું ઉત્પાદન ૨૫૦૩૫ કરોડ થયું. ૨૦૦૪-૨૦૦૫માં ૨૫૦૦૦થી ઘટીને ૨૩૨૨૨ કરોડ થયું. ૨૦૦૫-૨૦૦૬માં ૨૮૫૩૭ કરોડ અને ૨૦૦૬-૨૦૦૭માં આ ઘટીને ૨૮૪૧૫ કરોડ થયું. આ આંકડાની માયાજાળમાં લોકોને બનાવવાનું સહેલું છે પણ વાસ્તવિક રીતે છે એ રાજય સરકારના પત્રકો છે એના આધારે છે. રાજય સરકારના આ જે પત્રકો છે એમાં ખરેખર જથ્થો બતાવ્યો હોત તો હું

માનત કે આ સ્થિર ભાવ અને કરંટ રેટ ગણો. એ બન્નેમાં લોકોને બનાવવાની વારંવાર કોશિશ થાય છે. કૃષિ ઉત્પાદનના રાજય સરકારે પોતે આંકડા આપ્યા છે એમાં કહ્યું છે કે, આપણે કયારેય સો ટકા સિદ્ધિ હાંસલ કરી નથી. ૨૦૦૩-૨૦૦૪માં ૯૫ ટકા. ૨૦૦૪-૨૦૦૫માં ૭૧ ટકા. ૨૦૦૫-૨૦૦૬માં ૮૩ ટકા સિદ્ધિ હાંસલ થઈ અને ૨૦૦૬-૨૦૦૭માં ૭૩ ટકા સિદ્ધિ હાંસલ થઈ. તો આ આંકડા કયાંથી આવે છે. આ ફુગાવાની કોઈ ગણતરી લીધા સિવાય આ વાત કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ રથની વાત થઈ. બારે મહિના માત્ર રથ ફેરવવાથી અને મહેનત કર્યા વગર કૃષિ ઉત્પાદન વધતું હોય તો બારે મહિના રથ ફેરવે રાખો. રથ કાઢીને મુખ્યમંત્રીના ફોટા ચોંટાડી- ચોંટાડીને દીધે રાખો. અમને કોઈ વાંધો નથી પણ વાસ્તવિકતા એ છે કે ખેતીવાડી અંદર આપણે પાછળ ગયા છીએ અને ખેડૂતોને બચાવવામાં પણ પાછળ ગયા છીએ અને એટલે મારા નારણકાકાએ છાપામાં જાહેરાત આપવી પડે કે પોલીસ બચાવી નહીં શકે, આ નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકાર બચાવી નહીં શકે એટલે જાગતા રહેજો, તમે જાગતા રહેજો એમ જાહેરાત એમણે આપવી પડે છે, એટલું જ નહીં કોઈને બચાવી શકયા નહીં

સહકાર ક્ષેત્રની વાત છે સહકારી ક્ષેત્રની અંદર પણ પાંચ હજાર કરોડ રુપિયા પ્રજાના આ જે સહકારી માફીયાકિંગો હતા, કોની સાથે સંકળાયેલા છે એ મારે દિલીપભાઈ નથી કહેવું પણ એ બધા જ ખાઈ ગયા, કોઈ પ્રજાને પૈસા આપવા માટે આપણે પ્રયાસ કર્યો નહીં, કેન્દ્ર સરકારે જે એની ઇન્સ્યુરન્સ ક્રેડીટ પૉલિસી હતી એના આધારે અમુકને મળી નથી. (સમયસૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, હું બે મિનિટમાં મત્સ્યોદ્યોગ વિશે વાત કરી લઉ. માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યઉદ્યોગ ઉદ્યોગની અંદર મારે દુ:ખ સાથે કહેવું છે કે ગયા વર્ષના પ્રમાણમાં આ વખતે ૪૯ કરોડનો ઘટાડો થયો છે. આખા દેશની અંદર સૌથી લાંબો સાગરકાંઠો આપણી પાસે છે. ખૂબ મોટું પોટેન્શીયલ છે પણ એના માટે બજૅટની અંદર ઓછામાં ઓછી જોગવાઈ આ વખતે કરી છે. આ સરકારે આવી અને સબસીડીની અંદર કાપ મૂક્યા છે. પહેલા પેટ્રોલપંપ ઉપર જ દરેકને ડિઝલ ઉપર સબસીડી મળી જતી. સીધું વેચાણવેરા મુકત ડિઝલ પેટ્રોલ મળતું હતું આ સરકારે આવ્યા પછી એને બદલે એ પાછળથી અરજી કરીને મેળવવાનું નક્કી કરાવ્યું અને એના કારણે એક એક વર્ષ સુધી એ લોકોને ડિઝલ પેટ્રોલની સબસીડી મળતી નથી. મત્સ્ય બંદરોના વિકાસ માટે કેન્દ્ર સરકારની ૫૦ ટકાની યોજના છે. ખૂબ લાભ લેવાય એમ છે પણ આપણે એનો લાભ લેતા નથી. પ્રોસેસીંગ યુનિટો માટે ખૂબ લાભ લેવાય એમ છે એના માટેનો આપણે લાભ લેતા નથી. મારે દુ:ખ સાથે કહેવું છે કે આ સરકાર આવ્યા પછી એન.સી.ડી.સી. નેશનલ કોઓપરેટીવ ડેવલપમેન્ટ કોર્પોરેશનની જે સ્કીમો છે એ સ્કીમોમાં રાજય સરકારે ગૅરન્ટી ન આપવી પડે એટલા માટે એ સ્કીમોનો લાભ છેલ્લા પાંચ વર્ષથી એક રુપિયાનો લીધો નથી. આપણું પડોશનું રાજય છે મહારાષ્ટ્ર છે, કરોડો રુપિયાની ત્યાં સ્કીમો આવે છે અને એના માછીમારોને એનો લાભ મળે છે જ્યારે આપણે ત્યાં લાભ મળતો નથી. હું આપના મારફત વિનંતી કરું છું કે માનનીય કૃષિ મંત્રીશ્રી અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જ્યારે જવાબ આપે ત્યારે સ્પેશિયલ આ લોકો માટેની કંઈક જોગવાઈ લઈને આવે તો જ એમને બચાવી શકાશે અને એને પ્રોત્સાહન આપી શકાશે અને નવા પૅકૅજની અંદર પણ હું વિનંતી કરું છું કે ખેડૂતો માટે પણ કંઈક નવી વ્યવસ્થા લઈને આવે. કેન્દ્ર સરકાર ૬૦ હજાર કરોડ રુપિયા આપી શકે અને બીજી અનેક યોજનાઓ લઈ આવી શકે તો આપણે પણ થોડી વધારાની યોજનાઓ આ ખેડૂતોને સાત ટકા વ્યાજે લોન મળે એના માટે રાજય સરકારે જે નબળી બેંકો છે એના માટે થોડોક હિસ્સો આપવો પડે તો હિસ્સો આપીને પણ એમને ફાયદો મળે એવી દરખાસ્ત લઈ આવે એવી મારી વિનંતી છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી વિધાનસભાના આ લોકમંદિરમાં અને સમગ્ર ગુજરાતનું ગૌરવ એવા આ વિધાનસભાગૃહમાં માનનીય કૃષિમંત્રીશ્રી જે પોતાના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું. ભારત દેશ આપણો ખેતીપ્રધાન દેશ છે અને ભારત દેશની અંદર સંસ્કૃતિ અને કૃષિના દર્શન થાય છે અને આપણે કહીએ છીએ કે આ ઋષિઓનો દેશ છે. ભારત દેશ ગામડાની અંદર વસેલો આ દેશ છે અને ગામડું આજે ખેતી સાથે જોડાયેલું છે એટલા માટે જ ભારત દેશને ખેતીપ્રધાન દેશ કહેવામાં આવે છે. અર્જુનભાઈ વાત કરતા હતા હું સાંભળતી હતી કે કૃષિ મહોત્સવ જેવા કાર્યક્રમો કરીને મુખ્યમંત્રી નંબર-વન બન્યા છે પરંતુ ૪૫ વર્ષ તમે શાસન ઉપર રહ્યા તો તમને કયારેય આવું ખેડૂતોને જાગૃત કરવા માટેનું કેમ યાદ ના આવ્યું? આજે ખેતીની જે તાસીર છે એ તાસીરને બદલીને ખેડૂતો ખેતી પ્રત્યે આકર્ષાય અને ખેતીને એક ઉદ્યોગ સાથે આપણે વિકસાવી શકીએ એ હેતુથી આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી અને પૂર્વકૃષિ મંત્રીશ્રી ચુડાસમા સાહેબે જે છેલ્લા ૩ વર્ષની અંદર કૃષિ મહોત્સવ જેવા કાર્યક્રમો કરીને ૧૮હજાર ઉપરના ગામડાઓને આની સાથે જોડીને ખેડૂતોને જાગત કરવા માટેનું એક સારામાં સારું કાર્ય કર્યુ છે. કૃષિ મહોત્સવમાં લોકભાગીદારીથી ખેડૂતો અને ખેડૂત મહિલાઓ તેમજ યુવાનો આધુનિક ખેતી કરે, આધુનિક ખેતી સાથે જોડાય એ સરકારનો હેતુ હતો. આ અંગે ખેડૂતોને સાચી દિશાનું માર્ગદર્શન મળે એટલા માટે આ કૃષિ મહોત્સવ જેવા કાર્યક્રમો કરીને આજે ગુજરાતમાં આપણા ખેડૂતો ખેતી પ્રત્યે ખૂબ જાગૃત બન્યા છે. હમણાં સામા પક્ષથી કહેવામાં આવતા મારે બોલવું ન હતું પણ બોલવું પડે છે કે, કોંગ્રેસના શાસનમાં સતત દુષ્કાળો જ પડતા અને ભારતીય જનતા પક્ષના શાસનમાં જ્યારથી ગુજરાતમાં અમે આવ્યા છીએ ત્યારથી ગુજરાતમાં દુષ્કાળે જાકારો લીધો છે. આજે દુષ્કાળ નથી પડતો એનું કારણ એ છે કે જેવી પ્રજા એવો રાજા એ ન્યાયે રાજાની નિયત સારી છે એટલે કુદરત પણ સાથ આપે છે. છેલ્લા છ વર્ષથી ગુજરાતમાં વરસાદ સારો પડે છે. એના કારણે આજે આપણા ગુજરાતની ખેતી અને

ગુજરાતના ખેડૂતો સમૃદ્ધ બન્યા છે. અર્જુનભાઈ પણ સૌરાષ્ટ્રમાંથી આવે છે અને હું પણ સૌરાષ્ટ્રમાંથી આવું છું. સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની મુશ્કેલી હતી, સિંચાઈની મુશ્કેલી હતી એમાં આજે પૂરતા પ્રમાણમાં ખેડૂતોને પાણી મળે છે અને એટલે જ આજે સાઈકલમાંથી મોટર-સાઈકલ અને મોટર-સાઈકલમાંથી મારૂતિ ફેરવતા થયા છીએ. ગુજરાતમાં ખેડૂતો જે આપણી પરંપરા હતી એ મુજબ ખેતી કરતા હતા અને વડવાઓની જે ઢબ હતી એ ઢબથી ખેતી કરતા હતા. આધુનિક રીતે ખેતી કરવા માટે, અખાત્રીજના દિવસે ખેડૂત મૂરત કરતો હોય છે એ દિવસથી જ કૃષિ મહોત્સવનું આયોજન કરીને સમગ્ર રાજ્યમાં કૃષિ મહોત્સવ જેવા કાર્યક્રમો કરીને આજે આપણે કૃષિ ક્ષેત્રે આગવું સ્થાન ધરાવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું સોઈલ હેલ્થ કાર્ડની વાત કરીશ કે આજ દિવસ સુધી ખેડૂતોને ખબર ન હતી કે પોતાના ખેતરની જમીનની તાસીર કેવી છે, આના માટે કોઈ દિવસ વિચાર જ કર્યો ન હતો. કૃષિ મહોત્સવમાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા. પોતાની જમીનનો નમૂનો લઈને ખેડૂત પોતે પ્રયોગશાળામાં જાય અને એના પરિણામો આવે એના આધારે ખેડૂત આજે ખેતી કરી રહ્યો છે. રાજ્યમાં કુલ ૯૪ લાખ હેકટર જમીન ખેતીને લાયક છે. ૨૦૦૭-૦૮માં ખરીફ ઋતુનો નોર્મલ વાવેતર વિસ્તાર ૮૪ લાખ હેકટર છે એની સામે ૮૯ લાખ સુધી પહોંચ્યા છીએ. રાજ્યમાં કપાસનું વાવેતર વર્ષ ૨૦૦૩-૦૪માં ૧૬.૭૩ લાખ હેકટરનું હતું. આજે વર્ષ ૨૦૦૭-૦૮માં એ વધીને અંદાજે ૨૫.૧૭ લાખ હેકટરે પહોંચ્યું છે. જે બતાવે છે કે ૫૦ ટકા જેટલો વધારો થયો છે. ઉત્પાદનની દ્રષ્ટિએ કપાસ, મગફળી અને દીવેલામાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. રાજ્યમાં હાલમાં જે ૨૦ જેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલી છે એ રાજ્યના દરેક જિલ્લાઓમાં ખેડૂતોની જમીન ચકાસણીની સેવા વિના મૂલ્યે પૂરી પાડે છે. મને કહેતાં આનંદ થાય છે કે આજે સવારે ટી.વી.માં જોતી હતી કે અમારી બાજુમાં આવેલ જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં મહિલાઓ માટે એક શિબિરનું આયોજન થયું હતું. જ્યારે મહિલાઓ પણ ખેતી સાથે સંકળાયેલી છે ત્યારે એ મહિલાઓ આ યુનિવર્સિટીમાં જઈ અને પોતે માર્ગદશન મેળવીને સહભાગી બનીને બહેનો પણ ગુજરાતના ખેડૂતોને આર્થિક રીતે મદદરૂપ થઈ રહી છે. હમણાં દૂધ ઉત્પાદનની વાત કરવામાં આવતી હતી. કૃષિ મહોત્સવની સાથોસાથ પશુપાલન વિશે સાચા અર્થમાં ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવે છે અને સાથે સાથે આવા કૃષિ મહોત્સવ કાર્યક્રમોમાં બહેનો ભાગ લઈને પશુઓની સારવાર કરવી અને પશુપાલન માટે બહેનો આજે પશુઓના દૂધ ઉત્પાદનની અંદર ખૂબ આગળ નીકળી ગઈ છે એનો પ્રત્યક્ષ દાખલો મેં નિહાળ્યો છે. સાબરકાંઠા જિલ્લો દૂધ ઉત્પાદનની દૃષ્ટિએ એક આગવો જિલ્લો છે ત્યાં પણ આવી બહેનો આવા પશુઓનો વ્યવસાય કરીને આજે ગુજરાતની અંદર ખેતીની સાથે સાથે પશુપાલન ક્ષેત્રે એક હરણફાળ ભરીને આર્થિક રીતે મદદરૂપ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં પાક વીમાની પણ મારે એક વાત કરવી છે. ૨૦૦૬ની અંદર ગુજરાતની અંદર જ્યારે પાક વીમો મંજૂર થયેલો રાજ્ય સરકાર અને ના-બાર્ડ યોજના દ્વારા પાક વીમાની રકમ જમા થઈ ગઈ છે. રાષ્ટ્રીયકૃત બેંકોની અંદર કેન્દ્ર સરકાર પોતાના હિસ્સાના પૈસા આજે હજુ ખેડૂતોને આપતી નથી. મારે અર્જુનભાઈ અને શકિતસિંહભાઈને વિનંતી કરવી છે કે કેન્દ્રની અંદરથી જે ૧૦૦ કરોડ ઉપર પૈસા બાકી છે એ પૈસા જમા કરાવી ગુજરાતના ખેડૂતોના પાક વીમાના પૈસા બાકી છે એ પાક વીમાના પૈસા અપાવે એવી મારી બંનેને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત કરું કે, ખેડૂતને અકસ્માત્ વીમો એ કોણે અપાવ્યો? ખેડૂત ખાતેદાર અકસ્માત્ મૃત્યુ પામે, ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આ ખેડૂતોને અકસ્માત્ વીમાના એમના વારસદારોને પૈસા મળે અને એમના વારસદારો ઉપર જે આફત આવી હોય એમાં એને આ અકસ્માત વીમા દ્વારા રક્ષણ મળે છે. મારે કહેવું છે કે કોંગ્રેસના શાસનની અંદર લઠ્ઠો પીને કોઈ માણસ મરી જતો હતો એના કુટુંબને સહાય મળતી હતી અને ખેડૂત બિચારો-બાપડો રાતદિવસ ખેતી કરતો હોય, ઊંધા માથે કામ કરતો હોય અને એમનું જ્યારે અકસ્માત્ મૃત્યુ થાય ત્યારે રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન નહોતું. પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આજે આ અકસ્માત્ વીમો ખેડૂતોને મળે છે. (સમય સૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, મારાં બે જ સૂચન છે.ખેડૂત ખાતેદારને જે વીમો આપવામાં આવે છે એમાં એક સુધારો કરવાની જરૂર છે. કોઈપણ ખેડૂત વાડીએ કયારેક એને એટેક આવવાથી મૃત્યુ પામતો હોય છે ત્યારે એટેક એ કુદરતી મૃત્યુ ગણાય છે ત્યારે એને આ વીમાનો લાભ મળતો નથી. ખરેખર ખેડૂત છે એમનું એટેક આવવાથી મૃત્યુ થતું હોય છે એવું એક મારું જરૂરી સૂચન છે.

બીજું સહકાર વિભાગની અંદર મહિલા માટે ખાસ કરીને અનામત લઈ આવે તો બહેનો પણ આજે દરેક ક્ષેત્રની અંદર આગળ છે ત્યારે બહેનો પણ સહકારના ક્ષેત્રની અંદર આગળ આવે એવું મારું એક સૂચન છે. કૃષિમંત્રીશ્રીની માગણીને મારું સમર્થન છે.

**શ્રી રમણલાલ ના. પાટકર (ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, પશુપાલન, સહકાર, મત્સ્યોદ્યોગ વિભાગની માગણી લઈને આવ્યાં છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃક્ષિક્ષેત્રે ૬૭૭ કરોડ, પશુપાલન ક્ષેત્રે ૧૩૮ કરોડ, સહકાર ક્ષેત્રે ૫૬ કરોડ અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ૧૪૦ કરોડ કુલ મળીને ૧૦૦૪ કરોડ રૂપિયાની માગણી છે. આજે આપણે સૌ જાણીએ છીએ કે મારી સામી પાટલીવાળા માનનીય અર્જુનભાઈ ખૂબ વિદ્ધવાન છે, જૂના છે, અમારા સાથી પણ છે. જ્યારે પણ

આપણા ગુજરાતનો વિકાસ કરવો હોય તો સમગ્ર પાસા આપણે જોવા પડે છે. વારંવાર આપણે એમ કહીએ છીએ કે વીજળી આઠ કલાક મળે છે તો વીજળીનું ઉત્પાદન અને વપરાશ બે વચ્ચેનો તફાવત કેટલો છે? આર્થિક પ્રગતિ ગુજરાતની કરવી છે તો આર્થિક પાસા કયા, આર્થિક વેગ વધારવો હોય તો આપણે શું કરી શકાય? આ જે આખા ગુજરાતનો વિકાસ કરવા માટે જે મંત્રીમંડળ જેમ છે એ જો બરાબર આપણે જો કરીએ તો મને લાગે છે કે ગુજરાતનો વિકાસ થાય એમાં ગુજરાતે વિકાસ કર્યો છે. હું એક-બે દાખલા આપવા માગું છું. ભૂતકાળની અંદર આપણી દસ જેટલી ચેકપોસ્ટો હતી. એમાં કરોડો રૂપિયા ગુજરાતની તિજોરીમાં નહોતા આવતા પણ બારોબાર બેનંબરની અંદર નાણા પગ કરી જતા હતા. આજે આ તમામે તમામ ગુજરાતની ચેકપોસ્ટોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાને કારણે જે ૩૦૦ કરોડની આવક આવતી હતી તે આજે ૩૦૦૦ કરોડની આવક આવતી થઈ છે, પરિણામે ગુજરાતને એક મોટો ફાયદો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કૃષિ અને સહકાર ક્ષેત્રની અંદર સહકાર વિભાગ ઉપર મારા વિચારો આપવા માગું છું. ૧૯૦૪ની અંદર સૌ પ્રથમ ગુજરાત, આપણા દેશની અંદર સહકારી મંડળીઓની રચના કરવામાં આવી હતી અને એ વખતે કુલ ૫૩૦૦ જેટલી સહકારી મંડળીઓ હતી ૧૯૧૨ સુધી અને એમાં ત્રણ લાખ પચાસ હજાર જેટલી સભ્યસંખ્યા હતી અને એના મૂડીરોકાણની ફકત વીસ લાખ ત્રીસ હજારથી શરૂઆત થઈ હતી. જયારે ગુજરાત અસ્તિત્વમાં ૧૯૬૦માં આવ્યું એ વખતે આ રાજયની અંદર ૧૩૯૫૯ મંડળીઓ બની અને હાલ આ મંડળીનું કદ ૭૮૮૬ જેટલી ગુજરાત રાજયની અંદર સહકારી મંડળીઓ બની છે. ૧૮ જેટલી એમાં જિલ્લા પંચાયતની સહકારી બેંકો છે ૭૯૫૭ જેટલી મધ્યસ્થ સહકારી મંડળીઓ છે. ૩૩૬૦કરોડ રૂપિયાનું કુલ મૂડીરોકાણ થયેલું છે. એમાં ટુંકી મુદતનું મૂડીરોકાણ ૩૧૨૨કરોડ રૂપિયા અને મધ્યમ મૂડીરોકાણ ૧૦૧કરોડ રૂપિયા જેટલું થાય છે. વિવિધ ક્ષેત્રે આજે આ સહકારી મંડળીને કારણે ખૂબ પ્રગતિ થઈ છે. એમ તો આજે આપણે એમ કહીએ છીએ કે સરકારની તમામ ક્ષેત્રે જવાબદારી હોય છે. છતાંપણ સહકારી ક્ષેત્ર સરકારનો જ પાયો છે એને એમના દ્વારા નાનામોટાને ખૂબ ફાયદો થાય છે. હું ખાસ કરીને સુગર બાબતમાં બોલીશ. સુગર એ આખા ગુજરાતની અંદર આર્થિક દ્રષ્ટિએ મધ્યમ વર્ગના ખેડૂતોને બેનીફીટ આપવા માટેનું મોટામાં મોટું માધ્યમ છે. ભૂતકાળની અંદર જે વખતે ૭૦૦ કે ૮૦૦ રૂપિયા સુગરના ટનના ભાવ હતા ત્યાં સુધી ખેડૂતોને એનો ખૂબ ફાયદો પણ દેખાતો હતો. આજે થોડો ખર્ચ વધ્યો છે છતાંપણ આજે દેશની અંદર, આપણા ગુજરાતની અંદર ૨૨ જેટલી સુગર ફેકટરીઓ કાર્યવંત છે. એ સુગર ફેકટરીની અંદર લાખો મેટ્રિક ટન ખેડૂતોએ ઉત્પન્ન કરેલી શેરડીનું પિલાણ થઈ રહ્યું છે. જયારે સુગર મંડળીની સ્થાપના કરવામાં આવે છે ત્યારે એમાં ૩૩ટકા નાના અને સીમાંત ખેડૂતોને પણ એમાં સભ્ય બનાવવામાં આવે છે અને સ્વાભાવિક રીતે નાના અને સીમાંત ખેડૂતો પાસે પૈસા નહીં હોય તો સહકારી મંડળીઓ દ્વારા એમને સ્પેશ્યલ ૨૦૦૦ રૂપિયાનો શેરફાળો આપીને એને મંડળીની અંદર સભાસદ બનાવીને સહકારી ક્ષેત્રની અંદર ભાગીદારી આપવામાં આવે છે. આ જયારે સભાસદ બની જાય છે ત્યારે એના અનેક ફાયદા મંડળીના સભાસદના નાતે એને મળે છે. મારે સહકારી મંડળીની અંદર નીરા ઉદ્યોગનો પણ વિચાર આપવો છે. નીરા ઉદ્યોગ એ સમગ્ર ગુજરાતની અંદર તો નથી પણ અમારા દક્ષિણ ગુજરાતની અંદર ખૂબ મોટા પ્રમાણમાં ઉપસી આવેલો બિઝનેસ છે. નીરો ખેડૂતોના પોતાના ખેતરની અંદર એક કુદરતી ઝાડ જે ખજૂરીનું ઊગે છે એનામાંથી નીકળે છે. એને પ્રોસેસ કરવા માટે ખેડૂત પોતે જ નોન ટેકનિકલ હોવાછતાં પણ એ કાઢી શકે છે અને માર્કેટની અંદર આ નીરો એક લિટરના ૨૦ રૂપિયા પ્રમાણે વેચી શકે છે. જયારે એ ૨૦ રૂપિયા પ્રમાણે વેચે છે તો તેનાથી ફાયદો પણ કેટલો આરોગ્યની દ્રષ્ટિએ થાય છે એના ઉપર પ્રકાશ પાડવા માગું છું. નીરો સવારે બે ગ્લાસ પીવાથી આરોગ્ય, તંદુરસ્તી ખૂબ જળવાય છે. ડાયાબીટીશ, પ્રેસર જેવા રોગ સામે રોગપ્રતિકારક શકિત ધરાવે છે અને આરોગ્ય માટે પણ ખૂબ બેનીફીટ છે. નીરો કાઢવા માટેની જે પ્રોસેસ છે અને એને લાયસન્સ આપવા માટેની જે પ્રોસેસ છે એ આપણા ગૃહ ઉદ્યોગ દ્વારા એને લાયસન્સ આપવામાં આવે છે અને મંડળી દ્વારા જે લાયસન્સ ધરાવતા હોય એવા એક એક ખેડૂતોને નંબર આપી અને ખજુરીમાંથી નીરો કાઢે છે. એમાં મારું એક સૂચન એ છે કે આજે માર્કેટમાં ૨૦ રૂપિયે લિટર નીરો વેચાય છે. એક ખજુરીમાંથી કમસેકમ રોજ પાંચથી છ લિટર નીરો મળે છે. એટલે એક ખજુરીના સો રૂપિયા લેખે એનું ઉત્પાદન છે. પરંતુ એમાં ખેડૂતોનું થોડું શોષણ થાય છે. લાયસન્સ આપવાની જે પદ્ધતિ છે મંડળીને અને મંડળી ખેડૂતોને લાયસન્સ આપે એટલા માટે ઉપરના પૈસા તમામ મંડળીઓ ભાગીદારી પેઢીમાંથી ઉપાડી જાય છે પરિણામે ખેડૂતને માત્ર આઠ રૂપિયા આપે છે. એટલે મારું માનવું એવું છે કે જે ગાંધીનગરની અંદર ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ છે એમાંથી જે લાયસન્સ આપવાની પ્રથા છે એ લાયસન્સ પ્રથા રદ કરી દેવી જોઈએ અને ખેડૂતોને સીધેસીધો નીરો કાઢીને જે તે વાસ્તુપ મંડળી છે એને ભરવાની છૂટ આપવામાં આવે તો ૨૦ અને ૮ વચ્ચેનો જે ૧૨ રૂપિયાનો તફાવત છે એ ૧૨ રૂપિયાનો તફાવત ખેડૂતોને સીધો મળશે અને ખેડૂતોને ખૂબ મોટો ફાયદો થશે. જે અમારા દક્ષિણ ગુજરાતની અંદર લાખોની સંખ્યામાં આવા ખજુરીના કુદરતી ઝાડ આવેલા છે અને એ ખેડૂતોને ખરેખર આવકનું સાધન છે જેવી રીતે આ વાડી યોજના છે. એ વાડી યોજના કરતા પણ જો વધારે પૈસા કમાવાનો કોઈ ઉદ્યોગ હોય તો એ નીરા ઉદ્યોગ છે અને નીરા ઉદ્યોગની અંદર લાયસન્સ પદ્ધતિના કારણે વચ્ચેથી સહકારી મંડળીઓ જે શોષણ કરે છે. એ નાબૂદ કરવા માટે જિલ્લામાંથી જે વ્યવસ્થા ગોઠવાય એવી મારી વિનંતી છે. ખાસ કરીને કૃષિ ક્ષેત્રે આપણે જાણીએ છીએ કે કૃષિની અંદર એક જાહેરાતના કારણે એક ખૂબ મોટો ફાયદો થયો છે અને એનું પરિણામ આપણે બધાએ જોયું છે કે ૩ વર્ષ પહેલાં ૯,૦૦૦

કરોડનું ઉત્પાદન હતું એ ૩૪,૦૦૦ કરોડનું થયું. એટલો બધો ફરક ઝડપમાં મળવાનું કારણ શું? અર્જુનભાઈએ કહ્યું કે ખેડૂતે ગાડી લીધી. હું પોતે ખેડૂત છું. મારી કમસે કમ ૩૦ એકર કાજુવાડી છે અને ૫૦ એકર મારે આંબાવાડી પણ છે અને ૭-૮ લાખ રૂપિયાની શેરડી પણ કરું છું. સ્વાભાવિક રીતે સવારે સાત વાગ્યે થ્રી ફેઝની લાઈન હોય ત્યારે સાતેક વાગ્યે લાઈન મળી જાય છે અને તે સતત ૪ વાગ્યા સુધી થ્રી ફેઈઝનું પાણી મળે છે, એટલે ખેડૂતો આનો સ્વાભાવિક રીતે ઉપયોગ કરે તો સારા પૈસા મળે છે. આ કૃષિ યોજનાની અંદર વાડી યોજના, કાજુ વાડી યોજના, સોઈલ હેલ્થ કાર્ડ, ખેડૂત વીમા યોજના, ખેડૂત પાક વીમા યોજના, જમીન સુધારણા કાર્યક્રમ, કઠોળ વિકાસ યોજના, બિયારણ સુધારણા કાર્યક્રમ, ખેડૂતોને માહિતી માટે ૧૫/૫૧ નો નંબર, મરઘા ઉછેર, બાગાયત પાક વગેરે આ બધા હેડની અંદર ગુજરાતના ખેડૂતોની ખરેખર કાયાપલટ થઈ છે. જે ખેડૂતો જાણકાર છે, એ સરકાર કરતાય વધારે આ યોજનાનો લાભ લઈને આગળ આવે છે, તેવું મારું માનવું છે અને એટલા માટે માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ (બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિમંત્રીશ્રી એમની માગણી લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. અહીંયાં અગાઉ સદસ્યો એમ વાત કરતા હતા કે આ રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી આવ્યા પછી દુષ્કાળ નથી પડતો. છેલ્લા ૫ વર્ષમાં સમગ્ર દેશના કોઈપણ રાજ્યમાં કયાંય પણ દુષ્કાળ પડ્યો નથી. અમુક લોકોને વખાણ કરવા પડે. એક પણ રાજ્યમાં ૫ વર્ષમાં કયાંય દુષ્કાળ પડ્યો નથી અને ચોમાસાની અંદર સમાચારોમાં આ સમગ્ર દેશની અંદર કયા કેટલો વરસાદ પડે છે, કેટલો પડવાનો છે અને કેટલો પડી ગયો છે એ આવે છે અને જોઈએ છીએ. આપણે બહાર વાત કરીએ છીએ કે આ રાજ્યના ખેડૂતો મારૂતિમાં ફરે છે, પણ મને ખબર છે હું ગામડામાં જઉ છું, ગામડાના લોકો વચ્ચે રહું છું. ૧૯૯૦-૯૫ ટકા લોકો છેલ્લા ૫-૬ વર્ષ થયાં ચામડાના બૂટ નથી પહેરતા, પણ પ્લાસ્ટિકના રસના બૂટ પહેરતા થઈ ગયા છે. અહીંયાં વાત થાય કે કપાસનું ઉત્પાદન વધ્યું, પણ અમૅરિકાની મોન્સેન્ટો કંપનીએ બી.ટી. કંપનીનું સંશોધન કર્યુ અને સમગ્ર વિશ્વના ખેડૂતોએ સ્વીકાર્યુ અને કપાસનું ઉત્પાદન વધ્યું, છતાં એમ કહે છે કે ઉત્પાદન બમણું થયું, બમણું થયું. આ સરકારના આંકડા મારી પાસે છે. કહેવા માગું છું કે તેલીબિયાના પાકમાં ૨૦૦૬-૦૭ માં ૪૨ ટકાનો ઘટાડો થયો. ૫૨.૫૪ લાખ મૅટ્રિક ટનના ઉત્પાદનની સામે ૨૦૦૬-૦૭ માં ત્યારપછી ૩૦.૨૦ લાખ મૅટ્રિક ટનનું ઉત્પાદન થયું, એટલે આ સરકારે જે લક્ષ્યાંક નક્કી કર્યો હતો, તેમાં ૪૨ ટકાનો ઘટાડો અને અનાજની અંદર ૨૪ ટકાનો ઘટાડો થયો અને છતાં એમ કહે છે કે ઉત્પાદન વધારે થયું. હું કૃષિ મંત્રીશ્રીનું ખાસ ધ્યાન દોરવા માગું છું કે સોઈલ હેલ્થ કાર્ડ જે આપવાની કામગીરી છે, એમાં ૧૬.૫ લાખ જેવા સોઈલ હેલ્થ કાર્ડ આપ્યા છે. કૃષિ મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું છે કે લૅબૉરૅટરીની ક્ષમતા એક વર્ષમાં ૨.૫ લાખ આપવાની છે. ૩ વર્ષમાં ૧૬.૫ લાખ આપ્યા. બાકીના ૨૫ લાખ સોઈલ હેલ્થ કાર્ડ આપવાના છે. તો એક વર્ષે ૨.૫ લાખ અપાય. તો દસ વર્ષે વારો આવે. પહેલી વખત જેનો વારો આવે તેનો ૧૩ વર્ષે વારો આવે. તો આમાં જે વિસંગતતા છે તેના માટે લૅબૉરૅટરી વધારે અને બધા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ મળે તેવી કાર્યવાહી કરે. બીજું માઈક્રોનિથન છે, જે જમીનની અંદર ઝીંક, આર્યન, મેંગેનીઝ, કોપર, મેગ્નેશિયમ, એના માટેની જે લેબ છે તેમાં ફક્ત ૪૭૯૮ નમૂના ચેક થાય છે. તો આ ૪૨ લાખ ખેડૂતોના નમૂના ક્યારે ચેક થાય તેના માટે ઝડપથી કાર્યવાહી કરે. આપણે ત્યાં ખૂબ અગત્યનું સહકારી ક્ષેત્ર છે. આ વર્ષે ૫ કરોડ ૯ લાખ ૪૭ હજારનો બજૅટમાં ઘટાડો કર્યો છે. આ બાબતે રાજયમાં જે સહકારી ક્ષેત્ર છે તેને વધારે વેગવંતુ બને તેના માટે વિચાર કરે. આપણે ત્યાં સાગરખેડુ અને માછીમારોની યોજના જાહેર કરે પણ આ બજૅટમાં ૧૪૯ કરોડ ૧૯ લાખ રૂપિયાનો ઘટાડો કર્યો છે અને આપણે વાતો પાછા સાગરખેડુ યોજનાની કરીએ છીએ. મારે દુ:ખ સાથે એક વાત કરવી છે કે રાજયની અંદર જે નાના નાના માછીમારો છે. આ માછીમારો પાસે ફાઈબર બોટો છે. તે બોટોની અંદર ફૉર સ્ટ્રોક એન્જિન આવેલા છે. રાજય સરકારે ૬૫૦૦ ગેસકીટ ફીટ કરવા માટે ખરીદી છે. એન્જિન ફોર સ્ટ્રોકના છે અને આ ગેસકીટ ટુ સ્ટ્રોકની ખરીદી છે. મારે કહેવું છે કે આ કીટ ૧૮ મહિના પહેલાં ખરીદી છે. આજની તારીખે એકપણ માછીમાર આ કીટ ફીટ કરાવવા તૈયાર નથી. ૬૫૦૦ કીટ ખરીદી છે. આ કીટ ફીટ કરીને દરિયામાં ટેસ્ટ કર્યા તો તે બોટમાં એન્જિન દબાય છે અને ગરમ થાય છે અને દરિયામાં જોખમ ઉભા થાય છે. ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે વાતો થાય છે કે ખાતો નથી અને ખાવા દેતો નથી. આ કીટ બજારમાં ચાર થી પાંચ હજારમાં મળે છે અને રાજય સરકારે ૬૫૦૦ કીટ ૧૪ થી ૧૫ હજારમાં ખરીદી છે. આ કીટો અઢાર મહિનાથી ગોડાઉનમાં સડે છે, આની તપાસ થવી જોઈએ. હું તો કૃષિમંત્રીશ્રીને કહું છું કે આની સી.બી.આઈ.ની તપાસ જાહેર કરે. જે કીટો ખરીદી છે તેનું ૯૦ ટકા પેમેન્ટ તો થઈ ગયું છે. આ બાબતે માનનીય મંત્રીશ્રી કઈ વિચારે છે?

માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજયમાં ૨૦ લાખ ખેડૂતોની હાલત ખરાબ છે. ૫૪૨ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. મારા વિસ્તારમાં ચાર ખેડૂતોએ આત્મહત્યા કરી છે અને ધારી તાલુકાના ચાર ખેડૂતોએ આત્મહત્યા કરી છે. બીજા અનેક ખેડૂતોએ આત્મહત્યા કરી છે. ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે તેના માટે કોઈ પૅકૅજ જાહેર કરે. મારે ખાસ કૃષિમંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે (સમયસૂચક ઘંટડી) મેં મારા દંડકશ્રી સાથે વાત થઈ ગઈ છે તેની મિનિટ ફાળવો. મારે કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે જ્યારે અતિવૃષ્ટિના લીધે ખેતરો ધોવાઈ જાય છે અને સંપૂર્ણપણે માટી નીકળી જાય છે અને ખેતરમાં પત્થર આવી જાય છે. આ ખેતરને ફરીથી ખેતીલાયક કરવું હોય તો એક વીઘા જમીનની અંદર એક ફૂટ માટી નાંખવી હોય તો ૧૭૦ ટ્રૅક્ટર માટી જોઈએ અને એક ટ્રેક્ટરના ૨૦૦

રૂપિયા થાય છે. આમ એક વિઘામાં ૩૪ હજારનો ખર્ચ થાય. મારી કૃષિ મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે એક ફૂટ નહીં પણ અડધો ફૂટ માટી નાંખે તેવું પૅકેજ જાહેર કરે. અત્યારે સાહેબ જે સહાય અપાય છે તે એક વિઘે ફક્ત ૮૦ રૂપિયા જ અપાય છે. ૮૦ રૂપિયા જ અપાય છે. આમ ખેડૂતોને મુશ્કેલી થાય છે. ખેડૂત સંપૂર્ણ પાયમાલ થઈ ગયો છે. જે ખેતરમાંથી માટી નીકળી ગઈ છે અને પત્થર આવી ગયો છે તેના માટે સ્પેશ્યલ પૅકેજ જાહેર કરે. વાત થઈ કે કે ચૂંટણીમાં જે રીતે લાઈટ આવતી હતી તેવી યોજના કરી કાયમી લાઈટ આપે. તેમની વગ દ્વારા કૅબિનેટમાં ચર્ચા કરી ખેડૂતોને લાઈટ આપે તેવી વિનંતી છે. બીજું કે જે વિસ્તારમાં નર્મદાના પાણી પહોંચવાના નથી તો કૃષિમંત્રીશ્રી અને સિંચાઈ મંત્રીશ્રી કોઈયોજના કરી જે વિસ્તારોમાં નર્મદાની સિંચાઈ યોજનાઓ પહોંચવાની નથી ત્યાં વધારાની સ્પેશ્યલ સો એ સો ટકા ગ્રાન્ટ દ્વારા ચેકડેમ બનાવવામાં આવે તેવું એક સૂચન છે. એક જ સૂચન છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ (દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી એમના વિભાગની માગણી નંબર ૨, ૪, ૫ અને ૬ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતની સહકારી પ્રવૃત્તિ હિંદુસ્તાનમાં મોખરાનું સ્થાન ધરાવે છે. સહકારની વાત કરીએ છીએ ત્યારે ગુજરાત સ્ટેટ કો. ઓ. દ્વારા, ગુજકોમાસોલ દ્વારા, ગુજરાત સહકાર સંઘ દ્વારા, ગુજરાત રાજય હાઉસિંગ દ્વારા, ગુજરાત કૉટન દ્વારા એમ જિલ્લાની અનેક સંસ્થાઓનો સહકાર છે પણ મારે ખેતી ઉત્પાદન બજાર સમિતિની વાત કરવી છે. ખેતી ઉત્પાદન બજાર સમિતિ ૧૯૬૪થી અમલમાં આવી છે એની એપીએમસી ગુજરાતમાં ૧૯૮ યાર્ડ, સબ યાર્ડ ૨૦૩ એમ કુલ ૪૦૧ જેટલી બજાર મંડળીઓ છે. રાજયના આદિજાતિ વિસ્તારોમાં ૪૧ બજાર સમિતિઓની રચના કરવામાં આવી છે તેના ૩૮ મુખ્ય યાર્ડ છે, ૬૯ સબ યાર્ડ છે તથા ૧૦૭ બજાર અને ૧૨૯ હાટ બજારોની પણ વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવી છે. ગુજરાતની એપીએમસીની અંદર વર્ષે ૧૩૦૦ કરોડ રૂપિયાનું ખેડૂતો વેચાણ કરી રહ્યા છે. એ એપીએમસી એ ખેડૂતો માટેની છે ત્યારે મારે એ વાત કરવી છે કે આ એપીએમસીની ઉપર કેન્દ્ર સરકારે ઇન્કમટૅક્સ નાખવાનું ખોટું કામ કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે, એક બાજુ ૬૦,૦૦૦ કરોડ રૂપિયા માફ કરવાની વાત કરે છે અને બીજી બાજુ ખેડૂતોના બીજા ગજવામાંથી એ ખેંચી લે છે. મને સમજાતું નથી કે આ કઈ પદ્ધતિથી કેન્દ્ર સરકાર કામ કરે છે. મારે મારી થોડીક ઝલક એપીએમસીની આપવી છે. અમદાવાદ એપીએમસીમાં અમે એક હજાર કરોડના ટર્નઓવરે પહોંચ્યા છીએ, અને જે કોઈ બચત થાય છે પહેલાં સો રૂપિયે આખા ગુજરાતની અંદર ૫૦ પૈસા જે સેસ લેવાતો હતો એ ૧૯૯૫થી આ સેસ ખેડૂત પાસેથી જે લેવાતો હતો, ભાજપાની સરકાર આવ્યા પછી એ સેસ નાબૂદ કર્યો છે, ત્યાં સુધી આ સેસ ખેડૂતો પાસેથી લેવામાં આવતો હતો. અમારા એપીએમસીમાં તલાવડાં કરીએ છીએ, કેનાલો રિપેર કરીએ છીએ, પ્રદેશ દ્વાર કરીએ છીએ, વડીલ વૃદ્ધો માટે બાંકડા મૂકીએ છીએ, લિફ્ટ ઈરીગેશન કરીને એમને ફાઈટર આપીએ છીએ, ખારીકટ કેનાલને રિપેર કરવા માટે પણ મદદ કરીએ છીએ અને બાજુમાં રોડ પણ બનાવવા આપીએ છીએ. જંગલ કટિંગમાં પણ મદદ કરીએ છીએ, સુરતમાં અતિવૃત્તિ વખતે પણ મદદ કરી હતી, એની અંદર કેશ પણ મોકલેલ છે અને બટાકા, ડુંગળીની પણ વ્યવસ્થા કરી આપી હતી. કન્યા કેળવણીમાં, સુનામીમાં, કેનાલ સફાઈમાં, પસુજ જેવા ગામની અંદર એક સાથે ૨૩ ગાયો કે જે કોઈ ઝેરી પદાર્થ ખાવાથી મરી ગઈ હતી તો એવાં મૂંગા પશુઓના માલિકને પણ મદદ કરીએ છીએ, સાથે સાથે મારે એ પણ વાત કરવી છે કે, આ સરકાર એક લાખ રૂપિયા ખેડૂતોને આપે છે અને અમદાવાદ, એપીએમસી ખેડૂતોના એકસીડેન્ટમાં સહાય માટે ૫૦૦૦૦ રૂપિયા આપે છે. મારે એ વાત કરવી છે કે જૂની સરકારોમાં દારૂ પીવો ગુનો, દારૂ ગાળવો ગુનો પણ જો દારૂ પીને જો કોઈ મરી જાય તો એના ત્યાં મામલતદારશ્રી પેન્ટશૂટ પહેરીને જાય કે ડૅપ્યુટી કલેક્ટર જાય કે માટે અમે ૫૦૦૦૦ રૂપિયા કે જે કંઈ લઈને આવીએ છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, ખેડૂત બિચારો બાપડો એમના વખતમાં ઠંડીની અંદર ખેતરમાં જાય અને ખેતરમાં પાણી વાળે.. (ક્રમશઃ)

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, બપોરના ૩.૧૫ કલાકે ફરી મળીશું અને માનનીય સભ્યશ્રીનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫ કલાક**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરી રહ્યો હતો અમદાવાદ એ.પી.એમ.સી.ની. સીટી તાલુકો અને દશક્રોઈ તાલુકાની અંદર કોઈ ખેડૂતને અકસ્માત થાય તો ૫૦ હજાર રૂપિયા એને એ.પી.એમ.સી. મદદ કરે છે અને સરકાર ૧ લાખ રૂપિયા મદદ કરે છે. એમ મળી મારા વિસ્તારના ખેડૂતને ૧.૫૦ લાખ રૂપિયાની મદદ મળે છે. સાહેબ, હું એ વાત કરતો હતો કે અમારે ત્યાંના એક ખેડૂતે વાત કરી હતી કે, ' અગાઉ અમારી પડોશમાં એક ભાઈ દારૂ પીને મરી ગયા તો એને સરકાર તરફથી મદદ મળી હતી, પૈસા મળ્યા હતા પણ એક ખેડૂતને શોક લાગ્યો અને મૃત્યુ થઈ ગયું તો જૂની સરકાર વખતે કોઈએ સામું જોયું નહીં અને ચાર આના પણ એના વારસદારોને મળ્યા ન હતા. ખેડૂતોની વાત કરીએ છીએ ત્યારે આ એ.પી.એમ.સી.એ કૃષિ મહોત્સવની ચિંતા કરી છે. ૩૬૧ ખેડૂત શિબિરો કરી અને એ ખેડૂત શિબિરોમાં ૧,૯૯,૪૪૬ ખેડૂતોને માર્ગદર્શન મળ્યું છે. આ એ.પી.એમ.સી.થી થતા ફાયદાની મેં વાત કરી. હું ખેડૂતની વાત કરું છું ત્યારે મારે કહેવું છે કે, જૂની સરકારે ૪૫ વર્ષ શાસન કર્યું અને ૪ હજાર ચેક ડૅમ બનાવ્યા, કદાચ બીજા બન્યા હશે કાગળ ઉપર મને ખબર નથી પણ ત્યાર પછીના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૫૮૦૦૦ ચેક ડૅમ બન્યા. ખેત તલાવડી, બોરી બંધ યોજના,

ગામના પાણી ગામમાં રાખવા, સીમના પાણી સીમમાં રાખવા અને ગામ તળાવની અંદર પાણી ભરવા આમાં કોઈ ખર્ચ ન હતો. આમાં સમજની વાત હતી, ચેક ડેમની વાત જુદી છે પણ જો આ કામ એમણે કર્યું હોત તો આજે જે પાણી તળ નીચા ગયા હતા એ જાત નહીં. માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે કે, જેના લીધે ખેતરે ખેતરે પાણી, ઠેર ઠેર પાણી અને ખેડૂત ખેતરમાંથી પાક લાવે તાણી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું છે. આ સરકારમાં ખેડૂત કેટલો સમૃદ્ધ થયો છે એની વાત કરું છું. 'ગુજરાતમાં સમૃદ્ધ કૃષિ, સમૃદ્ધ પશુધન પ્રફુલ્લિત રહે ખેડૂતનું મન.' 'પરસ્પર સાધીએ સહકાર ઉન્નત જીવનનો એજ આધાર' 'સમૃદ્ધ બને હરેક ગામ નિર્મલ ગામનો ઝીલીએ પડકાર' 'બને સૌ તિર્થ ગામ-વિશ્વ ગામ ભારતીય જનતા પાર્ટીની સરકારનો એજ પેગામ'

માનનીય અધ્યક્ષશ્રી, મારી એક છેલ્લી વાત કરી અને મારી વાતને વિરામ આપીશ. હું મહેસાણા જિલ્લાના એક ગામમાં ગયો હતો ત્યાં એક જગ્યાએ ભેંસ દોહ્વાતી હતી ત્યારે ભેંસે પાટું માર્યું એટલે દૂધ ઢોળાઈ ગયું અને બોઘરણું રડી ગયું. મેં એ બહેનને પૂછયું કે કેમ આવું બન્યું? તો બહેને મને વાત કરી કે, આ ભેંસના માલિક છે એમના પત્નીના ભત્રીજાના લગ્ન છે એટલે એ બહેન પિયરમાં ગયા છે પણ એમની ભેંસ મને દોહ્વા આપે એટલા માટે એમની સાડી મને આપતા ગયા છે અને કહેતા ગયા છે કે તું આ મારી સાડી પહેરીને ભેંસ દોહ્વા જજે એટલે મારી બે ભેંસ છે એ તને દૂધ દોહ્વા આપશે. એટલે એ સાડી પહેરીને બહેન ગયા અને શરૂઆત કરી દોહ્વાની અને જ્યારે હાથ ફેરવ્યો ભેંસ ઉપર ત્યાં ભેંસને ખબર પડી ગઈ કે આ મારી માલકણ નથી. અને ભેંસે પાટું માર્યું અને દૂધ અને બોઘાણું ગયું છેટું, ત્યારે આ બહેને મને કહ્યું હતું કે, તમે યાદ રાખજો કે ચૂંટણીમાં કોંગ્રેસ સાડલો પહેરીને મત લેવા જશે, આ સાડલો બદલીને જશે કારણકે કોઈ બીજા તો મત મળે એવા નથી માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

**શ્રી રજનીકાંત સો. પટેલ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, પશુપાલન, સહકાર અને મત્સ્યોદ્યોગ પરની જે માગણીઓ લઈને આવ્યા છે તે માગણી નંબર-૨, ૪, ૫ અને ૬ને મારું સમર્થન આપવા ઊભો થયો છું અને એ સંદર્ભે થોડીક વાત કરવા માગું છું.

ભૂતકાળમાં મને યાદ છે કે વડીલો એ પ્રકારની વાત કરતા અને કહેતા ખેતી, વેપાર અને નોકરી આના સંદર્ભે. ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી, આ પ્રકારનો વાતો વડીલો પાસેથી મેં સાંભળી છે, પરંતુ ભૂતકાળ સરકારોની કૃષિ અંગેની જે નીતિરીતિ રહી અને પરિણામે ખેડૂતોને પૂરતું માર્ગદર્શન ન અપાયું અને એના અભાવે અને બદલાતા સમયની સાથે જે પ્રકારે આધુનિક, વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કૃષિમાં પણ થવો જોઈએ એ ન થયો એના પરિણામે માર્ગદર્શનના અભાવે ધીમે ધીમે ખેતી ખર્ચાળ બની અને ખેત ઉત્પાદન ઘટતું ગયું અને એને પરિણામે મારે દુ:ખ સાથે કહેવું છે કે, આ પ્રકારના થોડીક જમીન ધરાવતા ખેડૂતો ધીમે ધીમે ગામડા મૂકીને શહેર તરફ વળ્યા અને ગામડું તૂટતું ગયું. મને એ વાતનું ગૌરવ છે કે, માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં અમારી સરકારે સમય સાથે તાલ મિલાવ્યો અને આખી જે કૃષિને લગતી પરિસ્થિતિ હતી, એની નાળ પારખી અને કૃષિ મહોત્સવના માધ્યમથી કૃષિ રથનું આયોજન કર્યુ અને ભરઉનાળે ધોમધખતા તાપમાં કૃષિ સલાહકારો, કૃષિ વૈજ્ઞાનિકો, પશુ ડૉકટરો અને અધિકારીઓની એક મોટી ટીમ એ પ્રત્યેક ગામમાં જતી હતી અને ગામના ખેડૂતોને ભેગાં કરી અને કૃષિ અને પશુપાલન એમાં કઈ રીતે આગળ વધી શકાય, એમાં કઈ રીતે વધારે સારું પરિણામ મેળવી શકાય એ પ્રકારની વાત એમણે ગામડે જઈને કરી અને એમાં વાવણીનો ચોક્કસ સમય એ શું હોવો જોઈએ કે જેથી કરીને વધુ ઉત્પાદન મેળવી શકાય, બિયારણના અલગ અલગ પ્રકારો જેમાં ઓછું પાણી હોય તો કયું બિયારણ વાપરવું જોઈએ, વધારે પાણી હોય તો કયા પ્રકારનું બિયારણ વાપરવું જોઈએ, બિયારણ કેટલા પ્રમાણમાં વાપરવું જોઈએ, આ બધા પ્રકારની સમજ એમણે ત્યાં આપી. ક્યારેક ખાતરના કારણે વધુ ઉત્પાદન મળે આવું માનતો ખેડૂત પ્રમાણમાં વધારે પડતું ખાતર નાંખી દે અને એને કારણે ખર્ચ પણ વધે અને ઉત્પાદન ઘટે આવું પણ બનતું હોય છે અને એના કારણે ખાતરનો પણ સપ્રમાણ ઉપયોગ કઈ રીતે કરવો કેટલું ખાતર, કયા પ્રકારે નાંખવું આ પ્રકારની માહિતી કૃષિ રથમાં આપવામાં આવી. સોઈલ હેલ્થ કાર્ડ અને એના કારણે જમીનમાં કયા તત્ત્વો ખૂટે છે એની માહિતી તેમાં આપવામાં આવી. પાણી કઈ પદ્ધતિથી આપવું જોઈએ અને કેટલા પ્રમાણમાં આપવું જોઈએ આ વાત પણ કૃષિરથોમાં વૈજ્ઞાનિકોએ કરી અને એના પરિણામે દવાનો પણ ઉપયોગ કેટલા પ્રમાણમાં કયા પ્રકારની દવાનો ઉપયોગ કરવો, દવાની વિવિધ કંપનીઓમાંથી સ્ટાન્ડર્ડ કંપનીઓ કઈ છે બાકીની કંપનીઓમાં કે એમાં કેટલું ઉત્પાદન મળે છે આ બધા જ પ્રકારની વાતો એ કૃષિ રથમાં થઈ અને એને કારણે ખેડૂતો આ બધાજ પ્રકારની પદ્ધતિનો ઉપયોગ કરતા થયાં અને મને કહેતા આનંદ થાય છે કે છેલ્લાં ત્રણ વર્ષમાં આ પ્રકારના પ્રયોગોને કારણે કૃષિ ક્ષેત્રનું ઉત્પાદન ૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધીને આજે ૩૪,૦૦૦ કરોડ રૂપિયા જેટલું થવા જાય છે.

સહકાર ક્ષેત્રે મારે એક વાત કરવી છે. મારો મહેસાણા જિલ્લો તે આમ તો સહકારના ક્ષેત્રમાં લૅબૉરેટરી કહેવી હોય તો કહી શકાય એ પ્રકારના આગેવાનો સહકાર ક્ષેત્રમાં છે. છતાં પણ આપણે બધા જેને પછાત જિલ્લા તરીકે ગણતાં હોઈએ છીએ એવા બનાસકાંઠા જિલ્લામાં જ્યારે અમારા ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી ત્યાંની બેન્ક હોય અને માનનીય શંકરભાઈ તેના ચેરમેન હોય ત્યારે બનાસકાંઠાના ખેડૂતોને ૭ ટકાના દરે ત્યાં ખેડૂતોને ધિરાણ મળે છે. મને દુ:ખ થાય છે કે મારા મહેસાણા જિલ્લામાં બેન્કોમાં આ પ્રકારની વ્યવસ્થા ઉપલબ્ધ નથી. મારે એ પણ કહેવું જોઈએ કે આ દેશમાં પંજાબ, હરિયાણા આ બધા લોકો પ્રથમ હરિયાળી ક્રાંતિ કરી. બીજું હરિયાળી ક્રાંતિ તે ગુજરાતમાં થઈ રહી છે. જ્યારે પંજાબ અને હરિયાણામાં ખૂબ વિપુલ પ્રમાણમાં પાણી ઉપલબ્ધ હોય ત્યારે

જળ સંચય કઈ રીતે કરવો અને જળ સંચયના અનેક પ્રયોગો પછી ગુજરાતમાં પણ આ પ્રકારની ખેતી તે ઉપલબ્ધ થાય અને બીજી હરિયાળી ક્રાંતિ થાય તે ખૂબ મોટી વાત છે. હું આ માગણીઓને સમર્થન આપું છું.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી, ૨,૪,૫ અને ૬ માગણીઓ લઈને આવ્યાં છે તેના ઉપર હું મારા વિચારો મૂકવા માટે ઉભો થયો છું. ખેડૂત તે જગતનો તાત છે કારણ સમગ્ર ગુજરાતની પ્રજાને અન્ન, શાકભાજી અને ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડે છે જેને કારણે ગુજરાતની પ્રજા કંઈક સારો અનુભવ મેળવે છે અને કંઈક રાહતનો દમ ખેંચે છે. ત્યારે તે વાત સાથે હું પણ ખેડૂતનો દીકરો છું. હું જૂની વાતો ઉપર જવા નથી માગતો પરંતુ આજે સમગ્ર ગુજરાતમાં જે લોકો બટાકાની ખેતી કરે છે તે વડોદરા જિલ્લો હોય, સુરત, ખેડા કે બનાસકાંઠા જિલ્લો હોય કે ડિસા હોય કે અન્ય જગ્યાએ જે બટાકાનું ઉત્પાદન થયું કારણકે વધારે ઠંડી પડી અને લાંબો સમય ચાલ્યું. જેને કારણે ખેડૂતોને કચીયારો માલ કાઢીને જે બજારમાં મૂકવો જોઈએ તે મૂકી ના શક્યા. ઓછામાં ઓછી ૫૦ થી ૬૦ હજાર થેલી જેને આપણે કટટાં કહીએ છીએ. ૫૦ કિલોનો એક કટ્ટાં આવે. હંમેશને માટે ગુજરાતમાં સવા બે કરોડ કટટાંનો પાક થતો હતો. આ વર્ષે સાડા ત્રણ કરોડ કટ્ટાંનો પાક થયો. પરિસ્થિતિ એ પેદા થઈ ઠંડીને કારણે ઉત્પાદન વધ્યું. ૧૫ થી ૨૦ ટકા ખેડૂતોએ બટાકાની ખેતી અપનાવી. ૧૫ થી ૨૦ ટકા વધારે માલ પાક્યો, જેને કારણે ખેડૂતોની વિપરીત સ્થિતિ પેદા થઈ છે. ઘણી ખરાબ સ્થિતિ પેદા થઈ છે ત્યારે કૃષિ મંત્રીને હું કહેવા માંગુ છું કે, તમે તો ખેડૂતના દીકરા છો, સહકારીના એક આગેવાન છે. ચાર-પાંચ વર્ષ પહેલાં પણ આ પરિસ્થિતિ પેદા થઈ હતી કેટલાંક બટાકા ઉઘાડનારા ખેડૂતોએ આપઘાત પણ કર્યો હતો. તેમાં કેટલાંય કોલ્ડ સ્ટોરેજના માલિકો પણ ખરાબ પરિસ્થિતિમાં મુકાયા હતા. તેનો ભોગ હું પણ બન્યો હતો. કારણકે બટાકાની ખેતીમાં જ્યારે કોલ્ડ સ્ટોરેજમાં બટાકા મૂકે ત્યારે ૫૦ ટકા ખેડૂતને આપવામાં આવે છે પણ પરિસ્થિતિ એ પેદા થઈ કે ૫૦ ટકા માલ મૂક્યા પછી ૫૦ ટકા નાણાં આપ્યાં પછી જે કટ્ટા બટાકા કોલ્ડ સ્ટોરેજમાં મૂક્યા હતા. એના ભાવ ૫૦ ટકા થઈ ગયા. ખેડૂત માલ કાઢવા જ ન આવ્યો. એ જે ખાદ્ય પડી, એ કોલ્ડ સ્ટોરેજના માલિકોને પડી. કોલ્ડ સ્ટોરેજના માલિકો પણ આજે ઘણી ખરાબ સ્થિતિમાં છે, હું પણ. મારે મંત્રીશ્રીને એ કહેવું છે કે અત્યારે બટાટામાં ૨ કરોડ કટ્ટા સમાઈ શકે તેટલી કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા છે. બાકીના જે દોઢ કરોડ કટ્ટા રહ્યા એ આજે કટ્ટાના ભાવ કેટલા છે? ૫૦ રૂપિયે કટ્ટો લેવા પણ કોઈ તૈયાર નથી. જયારે ખરેખર ઉપજ એને ૧૦૦ રૂપિયા મળવી જોઈએ. છેલ્લા પંદર દિવસથી જે પરિસ્થિતિ પેદા થઈ છે, એમાં કોલ્ડ સ્ટોરેજમાં માલ મૂકવા માટે એક એક કિલોમીટર, બબ્બે કિલોમીટર લાંબી લાઈનો લાગી અને એને કારણે ઉપરથી જે તાપ પડયો, એને લીધે હું પણ સમજું છું, જાણું છું ત્યાં સુધી કોલ્ડ સ્ટોરેજમાં માલ મૂકાશે, એ કોહવાઈને સાફ થઈ જશે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે તમે તો ખેડૂતોના હામી છો. જો તમે ખેડૂતોને મદદ કરવા માગતા હોય તો ૭ ટકાવાળી વાત સ્વીકારવી પડશે. બીજું ખેડૂતોને બેઠા કરવા માટે ઓછા વ્યાજની લોન આપવી પડશે. નહીંતર ખેડૂત બરબાદ થઈ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગું છું કે હા, હરિયાળી ક્રાંતિ થઈ છે, પણ મારા મિત્રોને હું ૫૦ વર્ષ પહેલાનો ઈતિહાસ કહેવા માગું છું. હું કહેવા માગતો નહોતો પરંતુ ગઈ સરકારોએ કશું કર્યુ જ નથી, કશું કર્યુ જ નથી એવી વાતો થતી હોય ત્યારે ખેડૂતના દીકરા તરીકે મારે કહેવું જોઈએ. હા, મારા સાથી મિત્ર નાણામંત્રીશ્રી છે નહીં, નારણકાકા અને માનનીય અધ્યક્ષશ્રી એના સાક્ષી છે. ૧૯૫૩માં હું એસ.એસ.સી.માં ભણતો હતો. આપણને સહકારી મંડળીમાં કેટલા ચોખા? ૧૦૦ ગ્રામ ચોખા વ્યકિતદીઠ મળતા હતા. લાલ રાતણીયો મળતો હતો તે ભૂલી ગયા છીએ આપણે. લાલ જુવાર મળતી હતી તે ભૂલી ગયા. અને તે પણ ૫ કિલોથી વધારે નહીં. હું નડીયાદ ભણતો હતો. મારી બા આ ૫૦૦ ગ્રામ ચોખા મને મોકલી આપતી હતી. એમાંથી બહાર શી રીતે આવ્યા? જો આ લક્ષ્મી મંડળીઓ એટલે કે સહકારી મંડળીઓ ઉભી ન થઈ હોત અને ધિરાણ મંડળીઓ ઉભી ન થઈ હોત. ખેડૂતોને સરકારે મદદ કરી. આડબંધ, ચેકડેમ, નાના તળાવો, મોટા તળાવો, પ્રકોશન ટેન્ક, મોટી નહેરો નાંખવાનું કામ કર્યુ, તમે સુધારેલા ઓજાર લાવો, બીજ લાવો જંતુનાશક દવાઓ લાવો. કૂવા કરો, ટ્રેકટર લાવો અને તમારી ખેતીને આબાદી વધારી શકો. વીજળી બોર્ડે પણ મારા વખતમાં ૨૫ થી ૩૦ હજાર નવા કનેકશન આપ્યા હતા. વીજળી ૨૪ કલાક મળતી હતી. અને એમાંથી હરિયાળી ક્રાંતિ લાવ્યા હતા. એ વાતને કોઈ યાદ કરતું નથી. હા. આજે તમે ભર્યા ભાદર્યા ઘરમાં આવી ગયા છો. એટલે તમે તમારા આગેવાનને પૂછયું નથી કે હે, માબાપ. આજથી ૫૦ વર્ષ પહેલા આપણી કઈ સ્થિતિ હતી અને એ સ્થિતિમાંથી કઈ રીતે આપણે બહાર આવ્યા? એ તમારે તમારા માબાપને પૂછવું જોઈએ અને એ નથી પૂછતાં એનું આ પરિણામ છે. અહીંયાં જે ૨૫, ૩૦ કે ૩૫, ૪૦ વર્ષમાં ભણી ગણીને આવ્યા હતા કોઈ, એમને પૂછો. કે જો ગત સરકારોએ એ યોજના તમારા માટે ન કરી હોત, શાળા, મહાશાળા, મફત શિક્ષણ મધ્યાહ્ન ભોજન ન આપ્યું હોત તો આજે આપણે કયાં હોત એનો પણ વિચાર કરવો જોઈએ.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ (ઓલપાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી દ્વારા રૂા. ૬૭૭ કરોડાની અનુદાન માટેની માગણીને હું અનુમોદન આપં છું અને ચર્ચા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બારમી વિધાનસભાના સન્માનનીય ગૃહમાં રાજયની પાા કરોડની જનતાના દિલમાં વસેલા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની આગેવાનીમાં ગુજરાતના વિકાસમાં સહભાગી થવાની અમૂલ્ય તક મળી છે એનું મને ગૌરવ છે.માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત એ જગતનો તાત છે એ વાતને ધ્યાનમાં રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિથી ખેતીને માત્ર ખેતી નહીં ગણતાં ખેતીને એક ઉદ્યોગ તરીકે

વિકસાવીને સમગ્ર દેશ અને કોઈ રાજયમાં ના થયું હોય એવો ભવ્ય કૃષિ મહોત્સવનો કાર્યક્રમ સફળતાથી પૂર્ણ કરવા બદલ કૃષિ વિભાગને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દરવર્ષે રાજયનાં તમામ ૧૮૬૦૦ ગામોને આવરી લઈને ખેડૂતોને આધુનિક ખેતી તરફ જવા માટેનું ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડીને આ કાર્યક્રમ અમલમાં મૂકનાર ગુજરાત રાજય આખા દેશમાં પ્રથમ રાજય છે. રાજયમાં ૧૬.૫૦ લાખ ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ પૂરાં પાડનાર ગુજરાત રાજય સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.ભારત સરકારના આયોજન પંચ દ્વારા સોઈલ હેલ્થ કાર્યક્રમની ભરપેટ પ્રશંસા કરવામાં આવી છે. જમીનની ફળદ્રુપતાના આધારે રાજયનો ખેડૂત પોતાની જમીનમાં લેવા યોગ્ય પાકનું આયોજન કરીને મહત્તમ ઉત્પાદન મેળવવામાં સફળ થયો છે. રાજયમાં આવેલ જમીનનાં સૂક્ષ્મ તત્વોની ચકાસણી માટેની પ્રયોગશાળાના માગદર્શનથી ખેડૂત એની જમીનનું માઈક્રોમિનરલ્સ જાળવણી કરી શકે છે અને એના આધારે ખેડૂત સેન્દ્રીય ખાતરોનો જરૂરી વપરાશ કરતો થયો છે. રાજય સરકારે પાણીનો વૈજ્ઞાનિક વપરાશ કરવો, જમીનની ફળદ્રુપતા વધારવી અને ખેત પેદાશના ઉત્પાદનમાં વૃધ્ધિ માટે ડ્રીપ ઈરિગેશન અપનાવવા માટે ખેડૂતોને પ્રેરિત કર્યા છે અને એના કાર્યક્રમના અમલીકરણ માટે રૂા. ૧૫ હજાર કરોડથી ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની કાર્યરત કરેલ છે. રાજય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ કૃષિ કોલ સેન્ટરનો પ્રયોગ રાજયના લાખો ખેડૂતો માટે આર્શીવાદરૂપ બની ગયો છે. ખેડૂત કોઈપણ પરિસ્થિતિમાં મૂંઝવણ અનુભવે તો ખેડૂત કૃષિ કોલ સેન્ટરમાં સવારના ૬-૦૦ થી રાતના ૧૦-૦૦ વાગ્યા સુધી વિના મૂલ્યે કૃષિ નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મેળવી શકે છે. રાજય સરકારના આ કાર્યક્રમ માટે પણ હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ખેતી કુદરતી આધારિત છે અને કુદરતી પ્રકોપથી થતા વ્યાપક નુકસાન સામે ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે તે હેતુથી કૃષિ પાક વીમા યોજનાનો અમલ થાય છે. જગતના તાત એવા ખેડૂતની આવક વૃધ્ધિ માટે સરકાર જળ, જમીન અને ટેકનોલોજીનો સમન્વય કરીને ગુજરાતમાં અતિ વરસાદની કુદરતી આપત્તિ છતાં પણ ૧૨ ટકા જેટલો કૃષિ વિકાસ દર પ્રાપ્ત કરી શકાયો છે. દેશના ૨ ટકાના કૃષિ વિકાસ દરની તુલનામાં ગુજરાત રાજયનો કૃષિ વિકાસ દર છ ગણો એટલે કે સીકસ ટાઈમ મોર આપણે પ્રાપ્ન કરી શકયા છીએ એના માટે પણ હું રાજય સરકારને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં ગૌરવ થાય છે કે ઉત્પાદકતા એટલે કે ઉત્પાદન પ્રતિ હેકટરની દ્રષ્ટિએ કપાસ, મગફળી અને દિવેલાના પાકમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે. ઉત્પાદનની દ્રષ્ટિએ એટલે કે પાકના કુલ ઉત્પાદનની દ્રષ્ટિએ કપાસ, મગફળી અને દિવેલાના પાકમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે. આનંદની વાત તો એ છે કે શ્રેષ્ઠ કૃષિ ઉત્પાદન બદલ નેશનલ પ્રોડકિટવીટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી દ્વારા અપાતો એવોર્ડ નેશનલ પ્રોડકિટવીટી એવોર્ડ એ ત્રણ ત્રણ વાર આપણને પ્રાપ્ત થયો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની રાહબરી હેઠળ કૃષિ વિભાગ તરફથી કરવામાં આવતી ખેડૂતલક્ષી નીતિને બિરદાવીને માનનીય કૃષિ મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને ફરીવાર માગણીઓને અનુમોદન આપીને વિરમું છું.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું કે જુદી જુદી સિંચાઈઓ દ્વારા સિંચાઈ કરતા ખેડૂતો, જેમને બોરની સગવડ છે તે પિયત કરતા ખેડૂતો, આ બન્ને સગવડોથી વંચિત રહેતા ખેડૂતો ગુજરાતમાં કેટલા છે, અને કયા તાલુકામાં કેટલા હેકટર જમીન આવી પડી છે તે માનનીય મંત્રીશ્રી તપાસ કરાવે તેવી આપના દ્વારા વિનંતી કરું છું. અગાઉ પણ મેં કહ્યું છે તેમ કે સરકાર તો માય-બાપ કહેવાય, જેની પાસે ન હોય તેને આપે એ સરકાર કહેવાય. પરિસ્થિતિ એવી બને છે કે જેને બે ભેંસ છે, તે ચાર ભેંસ વાળો થાય છે ચાર ભેંસ વાળો દસ ભેંસ વાળો થાય છે, દસ ભેંસ વાળો પચીસ ભેંસોના તબેલા વાળો થાય છે. પણ એક ગાય કે એક ભેંસ ઉપર જેને પોતાનું જીવન નિર્વાહ કરવું પડે તેવો એક પણ વ્યકિત આજે ગાય કે ભેંસની લોન લઈ શક્તો નથી. અને જેને જરૂરિયાત છે તેવાને કોઈ જગ્યાએથી લોન નથી મળતી, એવું આ ગાંધીનગર, પાટનગરના પચ્ચીસ કિલો મિટરના વિસ્તારમાં વીસ ગામમાં માનનીય મંત્રીશ્રી, આપ કોઈને પણ મોકલશો તો આપને બતાવવા માગું છું. પિયતની વ્યવસ્થા થઈ, સિંચાઈની વ્યવસ્થા થઈ, જે ખેડૂત આભ ઉપર આધાર રાખીને બેઠો છે, તેનું શું થાય છે? જો આની ચિંતા નહીં કરીએ તો આ ગુજરાતનો જે જમીનનો સાચો માલિક હતો, આ ગુજરાતનો જે સાચો ખેડૂત હતો તે માનનીય અધ્યક્ષશ્રી, ૭/૧૨ ના ઉતારમાંથી નીકળી જશે, અને ખેત મજૂર બની જશે. છ કલાક આપણે લાઈટ આપીએ, એટલે જે બોર વાળો છે તેને તેનું પોતાનું નભે છે પણ એની બાજુમાં રહેતા બે વિઘામાં પાણી નથી મળતું એટલે કંટાળીને બે વર્ષે ચાર વર્ષે એ એ બે વિઘા જમીન એ બોર વાળાને વેંચાય છે, અને બે વિઘા વાળો એ ખેત મજૂર બને છે. અને ખેતીના ૭/૧૨ ના ઉતારામાંથી એનું નામ નીકળી જાય છે. આની ચિંતા નથી કરતા આપણે, પહેલાં ચિંતા હતી, જળ સંપત્તિ નિગમ મારફત સેકટર પસંદ થતું, એક વિસ્તાર પસંદ થતો, કે આ એક એવો વિસ્તાર છે કે જયાં કોઈ દિવસ સિંચાઈ થાય એવી નથી એવા વિસ્તારોમાં જળ સંપત્તિ નિગમ દ્વારા બોર બનાવવામાં આવતા, ખેડૂત મંડળીઓ બનાવવામાં આવતી અને એ મંડળીઓ દ્વારા એની સિંચાઈ થતી અને પગ ભર બનતા અને રોજી રોટી કમાતા, એને બે ચાર ઢોર, પશુ હોય, તેને બે વિઘા જમીન લીલી થતી હોય, એનાથી આજીવીકા મળતી હતી. તો એ નિગમ જે બિલકૂલ બંધ અવસ્થામાં પડયું છે તો એવા કંઈક ક્રાંતિકારી પગલાં લો અને સિંચાઈ અને પિયત સિવાયના લોકોની ચિંતા કરીએ, મને

માનનીય મંત્રીશ્રીમાં વિશ્વાસ છે, ચિંતા કરે છે, મનન કરે છે અને કંઈક કરવાની વૃત્તિ સાથે એમના સવાલોના જવાબ મળતા હોય છે ત્યારે થોડોક આનંદ થાય છે. પોઝીટીવનેસથી એ કામ કરે છે એટલે આ સૂચન કરું છું. અતિ વૃષ્ટિ સતત ૩ વર્ષ થઈ છે. સારો વરસાદ અને અતિવૃષ્ટિ બે માં ફર્ક છે, જેને સારો વરસાદ થયો છે તેને લાભ મળ્યો છે પણ જેને અતિ વૃષ્ટિ થઈ છે તે તાલુકાઓ ૩ વર્ષમાં બરબાદ થઈ ગયા છે. એ અતિ વૃષ્ટિમાં જે પેકેજ નકકી કર્યા, એ પેકેજનો અમલ કેટલો કરાવી શકયા, કેટલા રૂપિયા વાપરી શકયા, કેટલા અસર ગ્રસ્તો સુધી એ પૈસા પહોંચાડી શકયા તેનું કોઈ દિવસ આપણે આપણી કેબિનમાં બેસીને અધિકારીઓ સાથે એનાલીસીસ કર્યુ છે ખરું? સૌરાષ્ટ્રના વિસ્તારો એવા છે કે કાંપ વાળી માટી જતી રહે છે અને પત્થર આવે છે. અમારા ઉત્તર ગુજરાતનો વિસ્તાર એવો છે કે કાંપ વાળી જમીન ઉપર રેતીના થર આવી જાય છે. અને થર એટલે? અડધો ફૂટ કે ફૂટ કે બે ફૂટ નહીં, મારા દહેગામ તાલુકાના પાંચ ગામો, વડોદ, માછંદ, નાની, મોટી, આ પાંચ ગામોમાં માનનીય અધ્યક્ષશ્રી એક પણ ખેડૂત એવો નથી કે જેના ખેતર ઉપર પાંચ પાંચ ફૂટ સુધી રેતીના થર ન આવી ગયા હોય, અને એ ખેડૂતને એક રૂપિયો આજની તારીખ સુધી આપણે આપી શકયા નથી. માત્ર ભગવાન ભરોષે આપણે છોડી રહ્યા છીએ. ખેડૂતની ચિંતા આપણે કરીએ છીએ.

મારા મુરબ્બી શંકરભાઈ વાઘેલા સાહેબે વાત કરી બટાકાના વાવેતર અને ઉત્પાદનની, દહેગામ તાલુકાને અમે બટાકાની નગરી કહીએ છીએ. આ વખતે ઠંડી, સારા બિયારણ, સારી ખેતી, ખેડૂતોમાં સમજ, એના હિસાબે મબલખ પાક થયો. પણ આ પાક જ્યારે વવાતો હતો ત્યારે ચૂંટણીઓ ચાલતી હતી. મને ખબર છે મારો દહેગામ તાલુકો તથા નજીકનો બાયડ, અમારી બાજુમાં કપડવંજ અમારા મણીભાઈનો વિસ્તાર જ્યાં માનનીય મુખ્યમંત્રીશ્રી ચૂંટણીમાં બોલતા હતા કે બટાકાનું શાક બનાવવાથી બટાકાના ભાવ ન મળે. મારા ગુજરાતના ખેડૂતો આ ગુજરાતની સરકાર એ તમારા ખેતરમાં ઑઈલના કૂવા બનાવીને હાથમાં ડોલચુ લઈ બૅરલ લઈ બહાર ડીઝલ વેચવા જશે અને ડોલરવાળો ખેડૂત બનશે તેવી વાત થઈ હતી. જ્યારે મારા વિસ્તારમાં બટાકાની વાત થઈ હતી. શાકભાજી માટે બટેકાનું વાવેતર કરવાથી ખેડૂતોને એનો ભાવ ન મળે. આ બાજુ બટાકા પાકે ખેડૂત ત્યાંથી માલ લઈને માર્કેટમાં આવે, માર્કેટમાં એના ઊંચા ભાવ મળે એક બટાકું અહીંથી મશીનમાં નાખો બીજી બાજુ એ બટાકાની મસાલા વેફર થાય એનું પૅકેટ થાય અને એ સો ગ્રામનું પૅકેટ બજારમાં ૧૫ રૂપિયામાં વેચાય ત્યારે મારો બટાકા પકવતો ખેડૂત ડોલરવાળો થશે અને મારૂતિ લઈને ફરતો થશે એવા ભાષણો કર્યા હતો. (અંતરાય) વેચાતા હોય તો તમને મુબારક, જો તમે વેચી શકતા હો અને ખેડૂતની આંતરડી કકળતા ખેડૂતની મજાક કરવી વાજબી લાગતી હોય, તમે કહો છો એમ બટાકા વેચાતા હોય તો તમને એ ભાષા અને શબ્દો મુબારક ક્યાંક તો ચિંતા કરીએ. આજે બટાકા ૩૦ રૂપિયે મણ કોઈ લેવા તૈયાર નથી. વેપારીઓની રીંગ બની ગઈ છે. કોલ્ડ સ્ટોરેજવાળાની રીંગ બની ગઈ છે. પંજાબમાંથી ઓછા ભાવે બટાકા આવે છે એ ચાર મહિના કે છ મહિના પછી ૧૨૦૦ રૂપિયામાં બિયારણ બનીને બજારમાં જાય છે એના તરફ સરકારની નજર જતી નથી, એટલા માટે નથી જતી કે થોડા દિવસ રાહ જૂઓ, ખેડૂતોનો માલ બજારમાં જવા દો. બજારમાં ગયેલ માલના ભાવ ન મળવા દો, ખેડૂતને એનો ભાવ ન મળે વેપારી પાસે માલ જતો રહે, કોલ્ડ સ્ટોરેજવાળા પાસે માલ જતો રહે પછી એવી સ્કીમ લાવો જેથી પેલો વેપારી માલંમાલ થાય ખેડૂતો બરબાદ થાય તે દશામાં આજની સરકાર જોઈ રહી છે.

કિસાનોની વાત કરીએ છીએ, કિસાન સંઘે સરકારને શું પ્રમાણપત્રો આપ્યા છે એમાં મારે પડવું નથી. ગ્રામ સેવક અને તલાટી આપણી પાસે છે. વાવેતર થતું હોય ત્યારે તલાટી સાત-બારના ઉતારામાં વાવેતર લખે છે. કોઈ તલાટીએ કોઈના ખેતરમાં જઈને જોયુ ખરું કે શું વાવ્યું છે? ગ્રામ સેવકે ખેતરની મુલાકાત લીધી ખરી? ગ્રામ સેવક કે તલાટી પાસેથી ટી.ડી.ઓ. કે મામલતદારે મારા તાલુકામાં આ વખતે કયું વાવેતર કેટલા હેકટરમાં કેટલું થયું એની ચિંતા કરી ખરી? ટી.ડી.ઓ. પાસેથી ડી.ડી.ઓ. એ આ માહિતી મંગાવી છે ખરી કે પોતાના જિલ્લામાં કયા તાલુકામાં કેટલું વાવેતર થયું છે બે-ત્રણ મહિના પછી પાક બજારમાં આવશે એ કેટલા મોટા ભરાવા સાથે આવવાનો છે કે કેટલો ઘટાડો આવક કે ઘટ થવાની છે ત્યારે વેપાર કંગાળ થવાનો છે ખેડૂત શકિતશાળી બનવાનો છે એની ચિંતા કોઈ દિવસ ગ્રામ સેવક કે તલાટી દ્વારા આપણે કરી ખરી?

મારા મિત્ર બાબુભાઈ એ.પી.એમ.સી. માર્કેટની વાત કરતા હતા. અમારા દેહગામ તાલુકાના ફૂલ આ માર્કેટમાં આવે છે. બેસતા વરસના નવ વાગ્યે ખેડૂતો ફોન કરે કે સાહેબ અમારા ફૂલ ગયા ત્યાં સુધી ચાર કલાક સુધી કોઈએ ફૂલ લીધા નહિ. અને પછી અમારા ફૂલ પાણીના ભાવે લેવાયા એ ૫૦-૧૦૦ કે ૧૫૦ રૂપિયે લેવાયા. નવ વાગ્યા પછી એ ફૂલ એક હજાર રૂપિયે વેચાયા. મેં એ મારા મિત્રને વાત કરી કે એ.પી.એમ.સી.ના તમારા ઈન્સ્પેકટરને બેસાડો. તરત જ બેસાડયા તેમ છતાં બાર મહિનાથી એની એજ વાત. પહેલા દિવસે બૂમો પાડતા હતા એની એ જ બૂમો. ઈન્સ્પેકટરો અને માલ લેવાવાળાની મિલી ભગત થઈ ગઈ. ખેડૂત આજે પણ લૂંટાય છે અને ખેડૂત આજે પણ ફૂલની ખેતી તરફ વળ્યો છે. તેની બરબાદી આજે પણ થઈ રહી છે. માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા જે સૂચનો કર્યા છે એ સૂચનોને ધ્યાનમાં લઈને ગુજરાતના ખેડૂતોને માટેની ચિંતા કરીને જવાબ આપે એવી આપના દ્વારા વિનંતી કરું છું.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને પશુપાલનની જે માગણીઓ લઈને આવેલા છે તેને આવકારું છું અને મારું સમર્થન આપું છું. મારે કહેવું છે કે માનનીય નાણા મંત્રીશ્રીએ આ બજૅટમાં કૃષિ માટે ૨૦૦૭-૦૮ની રૂા. ૭૨૮ કરોડની સામે ૨૯.૩૮ ટકાના વધારા સાથે આગામી

વર્ષ માટે સૂચિત જોગવાઈ રૂા. ૯૪૧.૮૫ કરોડ અને પશુપાલન માટે ગત વર્ષની રૂા.૩૬ કરોડની જોગવાઈ સામે આગામી વર્ષની જોગવાઈ રૂા. ૯૮.૪૮ કરોડની કરેલ છે, જે ઘણી જ આવકારદાયક છે. મારે કહેવું છે કે કૃષિ અને પશુપાલન એવા ખાતાઓ છે કે મનુષ્યના જીવન સાથે જોડાયેલા છે. મારે કહેવું છે કે ખેત ઉત્પાદનમાં ખેડૂત, ગાય અને ધરતી મહત્ત્વના અંગો છે. ખેડૂતને જગતનો તાત કહેવામાં આવે છે અને ગાયને માતા કહેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન માટે મારે કહેવું છે કે વૈદિક કાળમાં ગાયોનું બહુ જ મહત્ત્વ હતું અને વધુ ગાયો રાખનાર ધનાઢ્ય કહેવાતા. વૈદિક કાળમાં ધનની લેવડ-દેવડમાં ગાયોનો ઉપયોગ થતો હતો એટલા માટે ગાયોને ગૌધન તરીકે ઓળખતા હતા. આજે પણ ગાયોના ઝુંડને ગૌધણ કહેવામાં આવે છે. પહેલાંના સમયમાં જ્યારે દુશ્મનો ગૌધણ વાળી જતાં તે રોકવા માટે આપણા ઘણાં ક્ષત્રિય વડવાઓએ ખુમારીથી લડીને ગૌધન બચાવેલ છે અને ઘણી જગ્યાએ લડતાં શહીદી વહોરેલ છે. જે પાળિયા તરીકે હાલ મોજૂદ છે. એ છે આપણા દેશની ખુમારી. આ દેશની ધરતી ઉપર શિવાજી, મહારાણા પ્રતાપ, મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ જેવા વીર પુરુષો થઈ ગયેલા છે. એ છે આ ધરતી માતા.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન અને ખેતીમાં મનુષ્ય અને બાળકોના તંદુરસ્ત જીવન માટે ગાય બહુ જ ઉપયોગી થાય છે. ગાયના દૂધમાં વિટામિન-ડી અને ઘણાં ખનિજ તત્ત્વો રહેલા છે. દૂધ પીવાથી બાળક અને મનુષ્ય નિરોગી રહે છે. ગાયના દૂધમાંથી ઘણી સ્પેશ્યલ વસ્તુઓ બને છે તેમાંની એક વસ્તુ છે ચીઝ. તેનું દુનિયાનું મોટું માર્કેટ છે. ગીર ગાયની ઓલાદ ઘણું જ દૂધ આપે છે અને દેખાવમાં સુંદર હોય છે. દરેક મનુષ્યે એક ગાય પાળવી જોઈએ. ગૌમૂત્રમાંથી જે આયુર્વેદિક દવાઓ બને છે જે ઘણાં રોગોમાં વપરાય છે. ગાયના વાછરડાઓ બળદ તરીકે ખેતીના કામમાં આવે છે અને સેંકડો હોર્સપાવરના એન્જિન જેવી તાકાત ધરાવે છે. ગૌવંશની કતલ રોકવા માટે ભારતીય જનતા પાર્ટીના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંગત રસ લઈને સુપ્રીમ કોર્ટના જજોની પૅનલ દ્વારા ચુકાદો મેળવેલ છે. ગૌહત્યા રોકવામાં ભારતમાં ગુજરાત પ્રથમ રાજય છે. જેનો યશ માનનીય મુખ્યમંત્રીશ્રીને જાય છે.

પશુપાલનમાં બકરીનું પણ મહત્ત્વ છે. જેના દૂધમાં વિટામિન-ડી છે. ગાંધીજી પણ બકરી રાખતા હતા અને બકરીનું દૂધ પીતા હતા. જેમણે આપણા દેશને આઝાદી અપાવેલ છે. ધરતીમાં એક બીજ વાવો અને સેંકડો બીજ આપે છે માટે ધરતીને માતા કહે છે. ઓર્ગેનિક ખેતીનું ઘણું જ મહત્ત્વ છે. ગાયના ગોબર અને ગૌમૂત્રનો ઓર્ગેનિક ખેતીમાં ઉપયોગ થાય છે. ઓર્ગેનિક ખેતીમાં પૅસ્ટિસાઈડ દવાની જગ્યાએ ગૌમૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે. ગૌમૂત્રને માટીના મોટા ગોળામાં ભરીને તેમાં (અંતરાય) બે મિનિટ.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે ખૂબ જ મર્યાદામાં સમય છે એના વચ્ચે હું ચાલું છું.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, લીમડા, આકડાના પાન ભરીને ૨૧ દિવસ રાખવામાં આવે છે પછી તેનો નિયમ મુજબ ખેતીના પાક ઉપર છંટકાવ કરવામાં આવે છે. તેના કારણે જીવાત ઉત્પન્ન થતી નથી અને ખેતીમાં ..

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ (કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં લોકપ્રતિનિધિ તરીકે પ્રથમવાર ચૂંટાઈને આવ્યો છું. આ સન્માનનીય ગૃહને વંદન કરું છું.

**અધ્યક્ષશ્રી** : આ નહીં બોલાય, આ બધું બહાર કરવાનું.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી અને સહકાર મંત્રીશ્રી કૃષિ વિભાગના અંદાજપત્રની માગણી નં.૨ કૃષિ સેવા હેઠળ ૬,૭૬,૪૭,૫૬,૦૦૦ની મહેસૂલી ખર્ચ માટે અને ૫૦,૦૦,૦૦૦ રૂપિયાની મૂડી ખર્ચની માગણી તેમજ માગણી ક્રમાંક-૪ પશુપાલન અને ડેરી વિકાસ સેવા હેઠળ રૂ.૧,૩૮,૪૩,૮૪,૦૦૦ની મહેસૂલી ખર્ચ સાથે આવ્યા છે એ બધી માગણીઓને સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાક કૃષિ વ્યવસ્થા માટે વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં કુલ ૩૦૧ કરોડ ૭૭ લાખ અને ૮૦ હજારનું મહેસૂલી ખર્ચ કરવામાં આવ્યું હતું. જે પૈકી બિયારણ સેવા માટે રૂ.૩,૦૪,૯૦,૦૦૦નું વિસ્તરણ અને ખેડૂતોને તાલીમ માટે રૂ.૩૯,૫૧,૫૯,૦૦૦ના ખર્ચ પૈકી વીમા માટે રૂ.૮૦ કરોડ, તેલીબિયાંના વિકાસ માટે ૧૮ કરોડ ૫૩ લાખ બાગાયત અને શાકભાજી માટે રૂ. ૨૪,૪૯,૮૭,૦૦૦નો ખર્ચ અન્ય ખર્ચ ૭૪,૧૦,૭૦,૦૦૦ નો મહેસૂલી ખર્ચ કરવામાં આવ્યો. જગતના તાત કહેવાતા ખેડૂતોને તથા ૫.૫ કરોડ ગુજરાતીઓની જેના હૈયામાં ચિંતા રહેલ તથા સમગ્ર ગુજરાતના વિકાસ માટે હિમાલયની જેમ અડીખમ ઊભા રહી, તમામ સંઘર્ષનો સામનો કરીને ગુજરાતનો વિકાસ કરીને સમગ્ર દેશમાં ગુજરાતને પ્રથમ હરોળમાં મૂકનાર, દીર્ઘદૃષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને લાખ લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ખેતી સાથે પશુપાલન અને ડેરી ઉદ્યોગે ઘણી ઉત્તમ પ્રગતિ હાંસલ કરી છે. કૃષિ અને સહકાર દ્વારા કૃષિ ક્ષેત્રના જોખમો સામે સુરક્ષા કવચ માટે રાજય તરફથી વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માટે રૂ.૧૭૭ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. ખેડૂત અકસ્માત સહાયમાં પણ રાજય આગળ રહ્યું છે. રાજયના ખેડૂત ખાતેદારોનું મૃત્યુ કે કાયમી અપંગતા માટે વીમા સુરક્ષા યોજના ૧૯૯૬થી અમલમાં છે. કોઈપણ વીમામાં, દુષ્કાળ, પૂર, આગ, રોગ, જીવાણુંઓના હુમલાના કારણે પાકની નિષ્ફળતા માટે વીમા સુરક્ષા હેઠળ કુલ ૨૬ પાકોને આવરી લેવામાં આવ્યા છે. ૧૯૯૯થી અત્યાર સુધીમાં રાજયના ૨૮ લાખ ખેડૂતોને પાક વીમા માટે રૂ.૨૫૩૮ કરોડ

મંજૂર કરવામાં આવેલ છે. ઉત્પાદકતાની દૃષ્ટિએ કપાસ, મગફળી અને દિવેલામાં સમગ્ર દેશમાં આપણું રાજય પ્રથમ નંબરે છે. રાયડા અને બાજરીના પાકમાં સમગ્ર દેશમાં આપણું રાજય બીજા નંબરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન ખાતાએ ભારત દેશની અંદર ગાયને આપણે માતા તરીકે પૂજન કરીએ છીએ અને ગાયોની અંદર ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે અને ગાયોની તમામે તમામ ચીજવસ્તુઓનો આપણે પૂજનીય તરીકે ઉપયોગ કરતા હોઈએ છીએ. એટલે હું માગણી ક્રમાંક-ર અને ૪ને સમર્થન આપું છું.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા (બોરસદ)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. અહીંયાં જગતનો તાત કહેવાય એ ખેડૂત માટે ઘ ણીબધી ચિંતાઓ કરવામાં આવી પણ આજે અભિનંદન આપવા પડે કેન્દ્રની યુ.પી.એ. સરકારને કે જેણે આ દેશના લાખો કરોડો ગરીબ ખેડૂતો માટે ચિંતા કરી અને ખરા અર્થમાં જો એને મદદ કરવાનું પગલું લીધું હોય બજેટમાં તો ૬૦હજાર કરોડ જેટલા દેવા નાબૂદીની યોજના અમલમાં લાવ્યા. (અંતરાય) મિત્રો સાંભળજો ૬૦હજાર કરોડ રુપિયા. અને એનાથી એક-બે-પાંચ-દસને નહીં પણ ૪ કરોડ ગરીબ ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. ખાલી વાતો કરવાને બદલે એક સમયમર્યાદા નક્કી કરવામાં આવી કે ૩૦ જૂન ૨૦૦૮ સુધીમાં આ યોજનાનો અમલ થાય અને આ દેશના કરોડો ગરીબ ખેડૂતોને યોજનાનો લાભ મળે એવું એક અભિનંદનીય કામ કરવામાં આવ્યું હોય તો કેન્દ્રની યુ.પી.એ. સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. માનનીય કૃષિમંત્રીશ્રીને વિનંતી કરું કે આપણને જો ખરેખર ખેડૂતોની ચિંતા હોય તો જેમ કેન્દ્ર સરકારે ખેડૂતોની ચિંતા કરી અને ૭ ટકાના વ્યાજના દરે ધિરાણ આપવાની શરૂઆત કરી એમ આપણે પણ મહારાષ્ટ્રની જેમ ર ટકાની સબસીડી આપો અને આ ગુજરાતના ખેડૂતોને ૫ ટકાના દરે ધિરાણ મળે એવું જો આયોજન કરવામાં આવે તો અમે પણ તમને અભિનંદન આપીશું. કેન્દ્રની યુ.પી.એ. સરકાર જ્યારથી આવી ત્યારથી એમણે આ દેશના કરોડો ખેડૂતોની ચિંતા કરી, નેશનલાઈઝ બેંકોને સૂચના આપવામાં આવી કે તમારું જે પણ ધિરાણ કરવામાં આવે એમાં ૧૮ ટકા જેટલી રકમ ફકત ખેડૂત અને કૃષિ વિષયક ધિરાણ માટે કરવામાં આવે એવી ચિંતા યુ.પી.એ. સરકાર દ્વારા કરવામાં આવી. આ રાજયની સરકારે ચિંતા કરી પણ રાજય સરકાર શું કરે ખાલી ભાષણ કરે કે અમારા ખેડૂતો મારૂતિ ગાડીઓ ફેરવે છે. કૃષિ મહોત્સવ કરવાથી ફોટા છપાવવાથી મારૂતિ ગાડીઓ નથી ફરતી. આ ગુજરાતનો ખેડૂત મારૂતિ ગાડી ફેરવે જો એને ૧૪-૧૬ કલાક વીજળી આપવામાં આવે. આ ગુજરાતનો ખેડૂત મારૂતિ ગાડી ચોક્કસ ફેરવે. જો એના સિંચાઇના દર ઘટાડવામાં આવે, એને સસ્તુ અને સારું બિયારણ આપવામાં આવે, એને જો આ વ્યાજમાં સબસીડી આપવામાં આવે, એને જે ઈન્ફ્રાસ્ટ્રકચર જોઈએ છે એના માટેનું કોલ્ડ સ્ટોરેજ હોય, પરિવહન હોય કે ચકાસણી માટેનું ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવામાં આવે તો ચોક્કસ આ ભાષણોની વાતો કદાચ સાચી પણ થઈ શકે. વધારે વાત કરવી છે સહકાર વિભાગની, ભારતીય જનતા પાર્ટી જ્યારથી શાસનમાં આવી આ ગુજરાતમાં ત્યારથી જો સૌથી વધારે અન્યાય અને સૌથી વધારે જો નુકસાન થયું હોય તો આ ગુજરાતના સહકારી ક્ષેત્રને નુકસાન થયું છે. આજે જ્યારે કહેવામાં આવે કે હું ખાતો નથી અને ખાવા દેતો નથી ત્યારે માનનીય મંત્રીશ્રીનું મારે ધ્યાન દોરવું છે. માનનીય મંત્રીશ્રીનું અમારા આણંદ જિલ્લાની ચરોતર સહકારી નાગરિક બેંક બાબતે એમની જ પાર્ટીના એક આગેવાનના ગેરવહીવટને કારણે આ ચરોતર નાગરિક સહકારી બેંક ખાડામાં ગઈ ગરીબ લોકોની ૪૦૦ કરોડ જેટલી ડિપોઝિટો ત્યાં પડી છે એમાંથી ૯૧ જેટલી ક્રેડીટ સોસાયટીઓ અને ૬ બેંકોના લગભગ ૨૦ કરોડ રુપિયાની ડિપોઝીટો એમાં હતી એ ક્રેડીટ સોસાયટીને તે બેંકોના વહીવટદારો દ્વારા એ ડિપોઝીટના નાણા પાછા મળે એના માટે વર્ષોથી લડત લડતા આવતા હતા. હમણાં થોડા સમય પહેલા એ બેંકમાં સરકાર દ્વારા નિયુકત વહીવટદારશ્રી મકવાણા દ્વારા એ બેંકમાંથી એ ક્રેડીટ સોસાયટીઓને બેંકના નાણા ડિપોઝિટના પાછા આપવા માટે દોઢ કરોડ જેટલી લાંચ લેવામાં આવી. ગરીબ લોકોના નાણા વર્ષો સુધી જે વિશ્વાસ અને એક આસ્થા સાથે બેંકમાં મૂકયા હોય અને એ નાણા પાછા લેવા માટે જો સરકાર દ્વારા નિયુકત વહીવટદારને દોઢ કરોડ જેટલી રકમ લાંચમાં આપવામાં આવે તો એથી વધુ શરમજનક કે દુઃખની બાબત આ ગુજરાત રાજય માટે બીજી કોઈ ના હોઈ શકે. મારી મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે આ ૯૧ જે ક્રેડીટ સોસાયટીઓ હતી એમાંથી ૮૮ ક્રેડીટ સોસાયટીઓના નાણા પાછા આપવામાં આવ્યા. ૩ ક્રેડીટ સોસાયટીઓના વહીવટદારોએ એમ કહ્યું કે સાહેબ અમારા થાપણદારોના નાણા છે એને પાછા લેવા માટે લાંચની રકમ અમે આપી શકીએ એમ નથી. એ ત્રણ ક્રેડિટ સોસાયટીના વહીવટદારોને આજે પણ એમના નાણા પરત આપવામાં આવ્યા નથી ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે આ થાપણદારોને ન્યાય આપી અને કડકમાં કડક પગલાં ભરવામાં આવે.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા (ધારી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપવા ઉપસ્થિત થયો છું. કૃષિ વિષયક વાત કરવાની છે ત્યારે ગુજરાતની વસતિ ખેતી આધારિત અને ખેતી ઉપર મોટો આધાર રાખે છે. વર્ષોથી ખેડૂતો ગામડાંમાં વારસાગત ખેતી કરતા આવતા હતા. એમણે ક્યારેય નફા કે નુકસાનનો હિસાબ કર્યો નથી. ઓછા વરસાદના કારણે ખેતીમાં નુકસાન આવતું. લક્ષ્યાંકો હાંસલ કરવામાં આ સરકારે પ્રયત્નો કર્યા છે. સામાન્ય રીતે ખેડૂતો અખાત્રીજના દિવસે ખેતીની પૂર્વ તૈયારી કરતા હોય ત્યારે ચોક્કસ મારે કહેવું જોઈએ કે જ્યારે સરકારી અધિકારીઓ અને આ ગુજરાત સરકારના વૈજ્ઞાનિકોએ કાળા તડકામાં જઈ ખેડૂતોને કૃષિ રથ દ્વારા જે માર્ગદર્શન આપ્યું છે એના કારણે ત્રણ વર્ષથી ખેડૂતો જે પાકો કાયમી ધોરણે વાવતા એમાં ફેરફાર કરી અને અન્ય પાકો વાવતા થયા છે. પાકોમાં એકત્રિત જે ખર્ચ થતું હતું એના કરતાં

ખર્ચ ઘટીને ખૂબ ઓછું થયું છે. આ કૃષિ રથના કારણે રચનાત્મક પરિણામો આવ્યા છે ત્યારે ખેતીના પાકો કાયમી ધોરણે વાવવામાં આવતા હતા એનો બદલાવ કરી કાજુ, મીઠી નારંગી, સફેદ મુસળી, કુંવારપાઠું જેવા પાકો વાવી અને ખેડૂતોએ આ ઔષધોના છોડ ઉગાડવાની પહેલ કરી છે. કૃષિ મહોત્સવના કારણે ખેડૂતોના પાક ઉત્પાદનના ગ્રેડીંગ અને પ્રોસેસિંગ થવા લાગ્યા છે. આના કારણે મૂલ્યવર્ધક પાકો તરફ આકર્ષણ વધ્યું છે. યુવાન પેઢી પણ ખેતી તરફ વળી છે ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે અમરેલી જિલ્લામાં જ્યારે અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકના ચેરચેનની જવાબદારી ૧૯૯૫-૯૬માં માનનીય દિલીપભાઈ સંઘાણી સંભાળતા હતા ત્યારે સૌ પ્રથમ કિસાન ક્રેડિટ કાર્ડ આપવાની શરૂઆત કરી હતી. કેન્દ્ર સરકારમાં ૧૯૯૮-૯૯માં આ યોજના સ્વીકારાઈ હતી. આના થકી પાક વીમા અને ખેડૂતોના અકસ્માતના વીમાની વાત કરી. રાજ્ય સરકારે પાંચ હેકટર જમીનની મર્યાદા હતી એ મર્યાદા દૂર કરવાનો નિર્ણય કરેલ છે તેમજ વારસદારને સમાવવાની જે વિચારણા કરેલ છે એ ખૂબ જ આવકારદાયક છે. મને કહેતાં આનંદ થાય છે કે અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંક દ્વારા જે મંડળીના સભાસદો ખેડૂત હોય એમાં બે લાખ રૂપિયા સુધીની સહાય ચૂકવવામાં આવે છે. છેલ્લા બે વર્ષથી કપાસની નિકાસ કરવામાં આવે છે એમાં ગુજરાતે જે નિકાસ કરી છે એમાં મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશના ખેડૂતો પણ ગુજરાતમાં કપાસ વેચવા આવે છે એ પણ આવકારદાયક છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ (રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને સહકાર મંત્રી જે માગણીઓ લઈને આવ્યાં છે એમને મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ કૃષિ ઉત્પાદન અને કૃષિપ્રધાન દેશ તરીકે ઓળખાય છે. આ દેશની ૭૦ ટકા વસ્તીના લોકો કૃષિ આધારિત છે અને જ્યારે એકવીસમી સદીએ ભારતની સદી ગણાય છે અને એકવીસમી સદીમાં ભારત જ્યારે આર્થિક વિકાસમાં વિશ્વની અંદર આગળ પડતી મહાસત્તા બનવા જઈ રહ્યું છે ત્યારે ગુજરાત એમાં પાછું ના રહે એના માટે ગુજરાતની સરકારે એક નાડ પારખીને કઈ દિશામાં ગુજરાતનો વિકાસ સારી રીતે થઈ શકે? આર્થિક વિકાસ કઈ રીતે થઈ શકે? એના માટે નાડ પારખીને ગુજરાત સરકારે છેલ્લા પાંચ વર્ષથી જે પ્રયાસો કર્યા છે એના કારણે આજે કૃષિ ઉત્પાદન વધ્યું છે. ગામડાનો વિકાસ જે ભાંગતો હતો એ આજે અટકીને ઊભો છે. છતાં કેટલાંક હરીફ મિત્રો ભૂતકાળ યાદ નહોતો કરવો પણ જ્યારે ભૂતકાળને યાદ કરાવે છે ત્યારે મારે કહેવું છે, એમ કહેવામાં આવે છે કે નરેન્દ્રભાઈના ફોટા ઠેરઠેર લગાડે છે અને કહેવામાં આવે છે કે ગુજરાતના નંબર વન મુખ્યમંત્રી, તો મારે કહેવું છે કે કામ કર્યુ છે માટે એમના ફોટા લાગ્યાં છે. ભૂતકાળમાં તમારા શાસનમાં કાળો કાયદો હતો એને યાદ કરો. મગફળીની નોંધણીનો કાયદો, ખેડૂતની જમીન હોય, મારી જમીનામાં ઉત્પાદન હું કરું, ડાંગરનું ઉત્પાદન હું કરું અને સામાન્ય કક્ષાનો નાયબ મામલતદાર આવીને કહે તમારા ઘરની મગફળીનો જથ્થો સીઝ કરું છું, ડાંગરનો જથ્થો સીઝ કરું છું, કઠોળનો જથ્થો સીઝ કરું છું આ પ્રકારનો કાળો કાયદો તમારા શાસનમાં હતો એને યાદ કરો. આ તમામ પ્રકારના કાયદાઓમાંથી મુકિત આ રાજ્ય સરકારે આપેલ છે. જ્યારે મારા પૂર્વ સાથી મિત્ર એમ કહેતા હતા, તેલીબિયાનું ઉત્પાદન ઘટ્યું છે. મારે કહેવું છે કે ખેડૂત પણ એક ઉત્પાદક છે. ખેડૂત જેના આધારે જીવે છે, જેના આધારે એની આજીવિકા છે એ ખેડૂત વિચારે છે કે મને કયા ઉત્પાદન કરવાથી પોષણક્ષમ ભાવ મળશે, મારું ઘર સુખી થશે, મારાં છોકરાં સારી રીતે જીવી શકશે અને એટલા માટે જે ચીજમાંથી વધુ પોષણક્ષમ ભાવ મળે છે એ ચીજ આજે વાવતો થયો છે અને જ્યારે આપણને તેલ મોઘું લાગે છે અને સામી પાટલીના મિત્રો એમ કહે છે કે તેલના ભાવ વધી ગયા છે અને આજે જો આ જ પ્રકારની વાત થતી રહેશે તો જે ખેડૂત જેના આધારે એ જીવન જીવે છે એના તરફથી એકબાજુ ફંટાશે અને એનું વાવેતર બંધ કરશે એના પરિણામે આવતા દિવસોમાં ખેતી કપરી થશે અને ઘઉંના જે ઢગલાબંધ યુ.પી.એ.ની સરકારમાં આજે નથી. એન.ડી.એ.ની સરકારમાં એમ કહેવામાં આવતું હતું કે ઘઉં સાચવી શકતા નથી, બંદરો ઉપર ખુલ્લાં પડ્યાં છે. એ જ ઘઉં આજે વિદેશમાંથી આયાત કરવા પડે છે એવી સ્થિતિ કેમ પેદા થઈ? આજે વિદેશમાંથી આયાત કરેલા ધઉંના વધારે ભાવ આપવામાં આવે છે. જ્યારે ગુજરાતમાંથી ઉત્પન્ન થયેલા, ભારતમાંથી ઉત્પન્ન થયેલા ઘઉંના ભાવ એની હરોળમાં નથી એના કારણે આજે એ એકતરફ જતો રહેશે અને પોષણક્ષમ ભાવ મેળવવા માટે જે વસ્તુમાં એને વધુ કિંમત મળશે એ તરફ એ જાય છે. મને લાગે છે કે આવું સુંદર મજાનું બજૅટ જ્યારે રજૂ કર્યુ છે ત્યારે મને કબીર સાહેબની એક પંકિત યાદ આવે છે, -

**"રંગી કો નારંગી કહે, ફટે દૂધ કો ખોયા, દેખ કબીરા રોયા."**

માનનીય અધ્યક્ષશ્રી, હું આ માગણીઓને સમર્થન આપું છું.

**શ્રી અમરસિંહ રા. વસાવા (દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ, સહકાર અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી માગણી નં. ૨, ૪, ૫, ૬ લઈને આવ્યા છે એમાં મારા સૂચન અને મંતવ્ય આપવા માટે ઊભો થયો છું. ભારતીય જનતાના આગેવાનો ગુજરાતના ગામડાંઓમાં કૃષિ રથ લઈને ગામડે ગામડે ફરતા હતા કે અમે સુધારેલું બિયારણ આપવા આવ્યા છીએ, તમને ખાતર આપવા આવ્યા છીએ. શાકભાજીનું બિયારણ આપવા આવ્યા છીએ. એ લોકોને ગુજરાતના લોકો પણ યાદ કરે છે કે જે ભાઈઓએ શેરડીનું વાવેતર કર્યું છે. હવે શેરડી પકવનાર ખેડૂતો રડવા બેઠા છે અને તમને યાદ કરે છે કે તમે આપવાવાળા હતા તો જલદી આવો એનો કેટલો ભાવ છે, શેરડી કપાતી નથી એનો ભાવ ઓછો મળે છે. કારખાનાવાળા માલ લઈ નથી જતા. કાપી નથી જતા અને શેરડીનો પાક આજે ખેતરમાં ઊભો ને ઊભો છે. ભારતીય જનતા પાર્ટીના આગેવાનો બહુ વાત કરે છે ગુજરાતના મુખ્યમંત્રી એક

નંબર ઉપર છે. અમારું રાજય સારું ચાલે છે તો મારે એમને પૂછવું છે અને કહેવું છે ભાઈ કે જે લોકો સુગરની ખાંડસરીઓ ચલાવે છે અને શેરડી પકવે છે તેને પૂછો કે તમારી કેવી દશા છે? આ વખતે તમારે જવાબ આપવો પડશે ઈશ્વરભાઈ, કારણકે ખેડૂતો તમારી બહુ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે કે તમે કેવું ખાતર આપ્યું હતું. શેરડીનું જે પાક વાવનારા ભાઈઓ છે, ગુજરાતમાં જે ખાંડના કારખાના છે એમાં ચાર લાખ સભ્યો છે. એમાં આદિવાસી સભ્યો ૯૬૮૯૨ છે અને આદિજાતિના ૩૯૦૦૦ સભ્યો છે. મારે આપના દ્વારા મંત્રીશ્રીને કહેવું છે કે જે આદિજાતિ વિસ્તારો છે એ વિસ્તારોમાં ગુજરાત સરકારને પાછલા વર્ષોમાં અરજી કરી છે કે અમારે સભાસદ થવું છે એની નોમિનેશનની ફી પણ ભરી છે અને ગુજરાત સરકારે એને શેરયાદી પણ ફાળવી છે તેમછતાં પણ યેનકેન પ્રકારે એમને એનો લાભ આપવામાં આવતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત બીજી પણ વાત કરવી છે કે આ સરકાર શું કરવા બેઠી છે? પાછલા વર્ષોમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ગામડાંના જે લોકો છે, રોજગારી મેળવનારા લોકો છે એમને જંગલ કામદાર મંડળી મારફતે કામ શરૂ કરવાની કામગીરી આપી હતી. આજે આ બધી મંડળીઓ બંધ હાલતમાં છે એને કોઈ રોજગારી આપવામાં આવતી નથી અને એના ખાતામાં જે પૈસા છે એનો પણ યોગ્ય લાભ આપવામાં આવતો નથી. મારે બે સૂચનો કરવાના છે.(સમયસૂચક ઘંટડી)

**શ્રી કનુભાઈ મે. ભાલાળા (વિસાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી માગણી નં.૨, ૪, ૫, ૬ લઈને આવ્યા છે એના સમર્થનમાં બોલવા માટે ઊભો થયો છું. આ ગુજરાત સરકારે અને ગુજરાતના કિસાને કૃષિક્ષેત્રે જે હરણફાળ આજે ભરી છે અને હરણફાળ ભરવાનું કારણ એ છે કે જે કૃષિ રથ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું કે યુગની અંદર જો કવોલીટી ઉત્પાદન કરવામાં આવે તો એની નિકાસ થાય અને એના માટે આ જાગૃત સરકારે ખૂબ વહેલું આયોજન કરેલું છે અને કવોલીટી ઉત્પાદન થાય એના માટે ખેડૂતોને ગામડે ગામડે જઈને માર્ગદર્શન આપ્યું છે. કારણકે આપણે ગુજરાતની અંદર એકસપોર્ટ ઝોન ખોલ્યા છે પરંતુ જો કવોલીટી ઉત્પાદન ન હોય તો આવા માલની નિકાસ થઈ શકતી નથી. એટલા માટે કવોલીટી ઉત્પાદન થાય અને ઉત્પાદન જે છે એમાં ખેતી ખર્ચ ઓછું લાગે કારણકે તો જ ખેતી પોષણક્ષમ બને તો ઓછું ખેતી ખર્ચ કેમ લાગે એના માટે પણ આપણે ધોમધખતા તાપની અંદર ગામડે ગામડે જઈને ખેડૂતોને માર્ગદર્શન આપવાના પ્રયત્નો કર્યા છે અને એને હિસાબે આપણે જોઈએ છીએ કે આ ગૃહમાં ઘણીવખત બોલાયું અને હું પણ કહું છું કે ૩૪૦૦૦કરોડ રૂપિયા જેવું ઉત્પાદન આપણે ખેતીવાડીમાં વધારી શકયા છીએ. પરંતુ વિકાસનો કયારેય અંત હોતો નથી અને કયારેય સંશાધનો પૂર્ણ થતા નથી. હું જ્યારે કૃષિમંત્રીશ્રી ખેતી સાથે સંકળાયેલા હોય ત્યારે એક-બે સૂચનો કરવા માગું છું, કારણ કે જ્યારે આપણે ૮ કલાક વીજળી કરી છે. વીજળીને લગતો પ્રશ્ન છે. ૮ કલાક ખેડૂતોને વીજળી આપવી. પરંતુ એમ કહેવા માગું છું કે ચોમાસાની અંદર ગુજરાત રાજ્યની અંદર કોઈપણ ખૂણામાં વરસાદ ખેંચાય છે. ચોમાસાની અંદર ખેડૂતોએ ખેતીમાં તમામ એકરમાં વાવેતર કરેલું હોય ત્યારે તેઓ આ ૮ કલાકને ધ્યાનમાં રાખતા નથી. જ્યારે વરસાદ ખેંચાય છે, ત્યારે આ ૮ કલાકને બદલે અઠવાડિયા માટે ૧૫ થી ૨૦ કલાક વીજળી આપવી જોઈએ. આમાં જ્યારે પિયત હોય ત્યાં પાણી પી જતું હોય છે. ખેતીવાડીના નિષ્ણાતો કહે છે કે બે દિવસ પાણી મોડું મળે તો આટલા ટકા ઉત્પાદન ઘટે. તો આ ૮ કલાકને નહિ વળગી રહેતા ચોમાસામાં વરસાદનું જે ભાગમાં પાણી ખેંચાય ત્યા રીતનું પાણી આપવું જોઈએ અને તે રીતની જોગવાઈ કરવી જોઈએ.( સમય સૂચક ઘંટડી ) બીજું મારું સૂચન એ છે કે સમાન ધોરણે સિંચાઈ ગુજરાતમાં હોવી જોઈએ. નર્મદા યોજના આપણે કરોડોના ખર્ચે બાંધી છે. અમુક ખેડૂતો આનાથી વંચિત રહી જતો હોય તો સમાન ધોરણે સિંચાઈ કરી, સિંચાઈ વીજળીમાંથી થતી હોય કે ઑઈલ એન્જિનથી થતી હોય તો વીજળીની રીતે કે ઑઈલ એન્જિનમાં રાહત આપવી જોઈએ અને આ પૈસા સિંચાઈના હેડેથી ખેડૂતો પાસેથી એકત્રિત કરવા જોઈએ. ઘણાં વર્ષો પહેલા હું તામીલનાડુના પ્રવાસે ૧૯૯૩-૯૪ માં ગયો હતો. ત્યાં આગળ મેં જોયું હતું કે બે જિલ્લા સિંચાઈથી વંચિત રહેતા હતા. બે જિલ્લાને વીજળી એમને એમ આપવામાં આવતી હતી. તો તપાસ કરી કે આ સરકારને કેવી રીતે પોષાય છે. જાણવા મળ્યું કે જે જિલ્લામાં સિંચાઈથી પાણી આપવામાં આવે છે, એ હેડમાં પૈસા નાખી અને સરભર કરી સમાન ધોરણે સિંચાઈ, ( સમય સૂચક ઘંટડી ) કેમ કે પાકનો ભાવ તો સરખો જ આવવાનો હોય. હું આ માગણીને ટેકો આપું છું.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. ભારત દેશ એ ખેતી પ્રધાન દેશ છે અને ગુજરાત પણ ખેતી પ્રધાન રાજ્ય છે. ૭૦ ટકા ગુજરાતમાં ખેતી થાય છે. હું દિલીપભાઈ સંઘાણી જેઓ ખેતી પ્રધાન છે. એમને કહું છું કે અમારા ખેડૂતોને કોથળામાં પાંચ શેરી નાખીને ના મારો. કેમ કે કોથળામાં પાંચ શેરી નાખીને જ મારો છો. તો ના મારો એવું મારું તમને સૂચન છે, કારણ કે જે ખેડૂતો નાના અને સીમાંત ખેડૂતો છે. ખેતી એક ફૅક્ટરી છે. ફૅક્ટરી ચલાવવામાં તમે બધા અવરોધરૂપ થાવ છો. તે ન થાવ. મોટા ખેડૂતો પાસે ૧૮ થી ૨૦ એચ.પી.ની મોટરો હોય છે. તો નાના ખેડૂતોને પાણી નથી આપતા. નાના અને સીમાંત ખેડૂતો માટે ૨ એચ.પી. ની મોટરનું કરો. આ નાના અને સીમાંત ખેડૂતોને રોજીરોટી મળે એના માટે ૨, ૩, ૪ એચ.પી. મોટરનું કરી આપો તો સારામાં સારું છે. અમારા રાજમાં બધુ હતું. આ તમારા રાજમાં બંધ કરી દીધું. શરૂ કરો. ૭ અને ૭.૫ ની મોટર નથી આપતા. તાત્કાલિક યોજના બંધ કરી. ઘણા લોકોએ અરજીઓ કરી છે. તો એ બંધ કરી દીધી. કેશુભાઈના રાજમાં મળતી હતી. આ રાજમાં બંધ કરી દીધું. અમારા રાજમાં હતું જ. આ રાજમાં બંધ કરી દીધું છે. ૨ એચ.પી. ની મોટરમાં નાના અને સીમાંત ખેડૂતો જીવી શકે. ખેડૂતો ખેતરમાં રહે છે ત્યાં આગળ ઘર હોય, ત્યાં

આગળ બે ભેંસ રાખે, ગાયો રાખે અને તેથી પીવાના પાણીની માટે ૨ એચ.પી.ની મોટર કરે તો તમારા જી.ઈ.બી. બોર્ડવાળા ૫ થી ૧૦,૦૦૦ નો દંડ કરે. તો શાનો દંડ? તો આ લોકોએ ૨ એચ.પી.ની મોટર રાખીને ઢોરો અને પોતાના પીવાના પાણી માટે કર્યુ છે તો રેડ પાડીને લાઈટ કાપી નાખે તે કેવી રીતે ચાલી શકે. તમે લોકો ખેડૂતોના હામી છો. તમે લોકો દુશ્મન છો કે હામી છો? આવું ન કરવું જોઈએ. પાછા કહે છે કે અમે આ કરીએ છીએ, તેમ કરીએ છીએ. ભાઈ, ટૅક્નૉલૉજી તો રાજીવ ગાંધી અને સામ પિત્રોડા લાવ્યા હતા. તમે કશું કર્યુ નથી. આ તો બધું હતું. સુધારો પણ કર્યો નથી. સુધારા વધારા કરો. સામી પાટલીએ બેઠા છો તો આટલા સુધારા વધારા કરો.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર (વાગડોદ)** : માનનીય અધ્યક્ષશ્રી,, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે ખેડૂત એટલે જગતનો તાત કહેવાય. ખેડૂત સુખી હોય તો પ્રજા સુખી, મજૂર સુખી, રાજ સુખી અને આખો દેશ સુખી અને ખેડૂત દુ:ખી હોય તો બધા દુ:ખી. તેનું કારણ છે કે જ્યારે એક દિવસ, બે દિવસ ખેત ગંજબજાર બંધ હોય અને ખેડૂત બજારમાં ન જતો હોય ત્યારે આખા બજાર સૂના લાગે છે. એટલે જ કહેવું છે કે ખેડૂતને જે લાઈટ આપવામાં આવે છે તે ઓછા પ્રમાણમાં લાઈટ આપવામાં આવે છે અને જે આપવામાં આવે છે એ રાત્રે આપવામાં આવે છે. ઉનાળાનો સમય હોય ત્યારે તેને રાત્રે પાનત કરવા જવું પડે છે. ત્યારે જંગલની અંદર વીંછી, સાપ, જનાવરનો ભય રહે છે અને તેને તો નીચે ધરતી અને ઉપર આભ ભગવાન સિવાય કોઈ તેનું ધણી હોતું નથી. ત્યારે આવા કપરા સમયમાં અનાજ પેદા કરતો હોય અને ભાવો મળતા ન હોય તો તે બરાબર વ્યાજબી કહેવાતું નથી. જગદીશભાઈ ઠાકોરે કહ્યું કે બટાટા ૩૦ રૂપિયે કોઈ લેતું નથી. આપણે નાનામાં નાની દુકાન હોય અને તેમાં કોઈ ચીજ વસ્તુ લેવા જઈએ, ચા-ગોળ, સાબુ આ બધી વસ્તુ લેવા જઈએ ત્યારે તેનો ભાવ તે કરતો હોય છે. પણ જ્યારે ખેડૂત બિચારો આટલા કપરા સંજોગોમાં અનાજ પેદા કરે અને બજારમાં વેચવા જાય ત્યારે તેના ભાવ સામેના લોકો વેપારીઓ નક્કી કરે છે. ત્યારે સોંધુ કે મોંધુ એ લોકો લેવાનું નકકી કરતા હોય છે. એ લોકોને તો એવું લાગતું હોય કે ખેડૂત સાથે ખરીદી લઈએ. પણ બિચારો ખેડૂત કયાં જાય? ખેડૂતને ન મળે પૂરતા પ્રમાણમાં લાઈટ અને ન મળે સુધરેલું, બિયારણ. ન મળે સબસીડી, ખેડૂતોને કોઈ પ્રકારના લાભ મળતા નથી. અમારા જેવાના અંતરિયાળ વિસ્તારમાં નહેરો આવી છે. નહેરોમાં જે પિયત છે તેમાં વધારો કરી નાંખ્યો છે. આજે લાઈટ ઓછા પ્રમાણમાં મળે છે અને તેના જે ભાવ હતા તે ડબલ થઈ ગયા છે. અમારા વખતમાં ચાર થી બાર કલાક લાઈટ મળતી હતી અને છ કલાક મળે છે અને તે પણ રાત્રે મળે છે. ખેડૂતોને લાઈટ, પાણી અને સુધારેલા બિયારણો આપવામાં આવે એવી મારી માગણી છે.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા (ખંભાળીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, સહકાર અને પશુપાલન, મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી તેમના વિભાગની માગણી ક્રમાંક: ૨, ૪, ૫ અને ૬ લઈને આવ્યા છે ત્યારે તેમને સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. મિત્રો ગુજરાત એવું રાજય છે કે જ્યાં ખેડૂતો છેલ્લા પાંચ વર્ષથી સધ્ધર થયા છે. ખેડૂતોનું ખેત ઉત્પાદન વધ્યું છે અને તેને પોષણક્ષમ ભાવ મળ્યા છે. તેના માલની કિંમતમાં વધારો થયો છે. આ બધું કેવી રીતે થયું? ત્યારે મારે વાત કરવી છે કે રાજયના મુખ્યમંત્રીશ્રી નથી ખેડૂત કે નથી ખેડૂતના દીકરા. પરંતુ આટલા વર્ષો પછી ખેતીને ઉદ્યોગનો દરજ્જો આપ્યો હોય તો આ સરકારે આપ્યો છે. માત્ર ખેતીને ઉદ્યોગનો દરજ્જો એટલું જ નહીં ખેત ઉત્પાદન વધે તે માટે સિંચાઈ દ્વારા પાણી મળે, ચેકડેમ, ખેત તલાવડી, તળાવો, નાની અને મધ્યમ સિંચાઈ યોજનાઓ દ્વારા સિંચાઈની સગવડ પૂરી પાડવામાં આવે. બીજું કે ખેડૂતોને સચોટ માર્ગદર્શન મળે તે માટે કૃષિ મહોત્સવનું આયોજન કરી અને કૃષિ મહોત્સવ દરમ્યાન ખેડૂત શિબિરો, વિડિયો કૉન્ફરન્સ દ્વારા ખેડૂતોને માર્ગદર્શન મળે છે. આ સરકારના કલેકટરથી માંડી ગ્રામ સેવક સુધી તમામ અધિકારીઓ ખેડૂતોને આ સમય દરમ્યાન માર્ગદર્શન આપે છે. ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે, બાગાયત ખેતી, ગ્રીષ્મ હાઉસ, આધુનિક ઓજારોનો ઉપયોગ કરી શકે, રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવા માટે, જૈવિક ખાતર, દેશી ખાતર, ખેત ઉત્પાદન વધે અને ગુણવત્તાના ગુણાંકમાં ફાયદો થાય એ ખેડૂતોને સમજાવવા માટે, સોઈલ હેલ્થ કાર્ડ પ્રોસેસિંગની સમજણ આપવામાં આવે છે. ખેડૂતોને ટપક પદ્ધતિથી પાણીના ઉપયોગની વાત, ખેતીમાં ઉત્પાદન વધે અને પાકને વિદેશમાં મોકલવામાં આવે, એક્ષ્પોર્ટ ઝોનની પણ સમજ આપવામાં આવે છે. એવી અનેક કલ્યાણકારી યોજનાઓ અત્યારે મૂકવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી ચૂંટાઈને આવ્યો છું તે વિસ્તારના ખેડૂતોનો મુખ્ય ધંધો શાકભાજીનો છે, મારા વિસ્તારમાં આગળ પડતા વિસ્તારમાં મગફળી, લાલ મરચાં જેવી ખેતી ખૂબ જાણીતી છે. આ વિસ્તારમાં સૂકી ખેતી માટે કેન્દ્ર માટે ત્યાં નવું એક બિલ્ડીંગ ચાર વર્ષથી બનાવવામાં આવ્યું છે. પશુપાલન, દૂધ ઉત્પાદન, અને પશુ સંવર્ધન, પશુ આરોગ્ય મેળાવડા યોજી સરકાર દ્વારા આ કામગીરી કરવામાં આવે છે. કેન્દ્ર સરકારે ખેડૂતો માટે દેવા રાહતની જાહેરાત બહુ મોટા પાયા પર કરી છે પણ એનાથી ખેડૂતોને આ લાભ ખૂબ જ ઓછો મળવાનો છે. તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ મુદત બાકીદાર જે ખેડૂતો હોય અને બે એકરથી ઓછી ખેતી હોય એવા ખેડૂતોને આ લાભ મળવાનો છે. આ જાહેરાતથી નિયમિત લોન ભરવાવાળા ખેડૂતો નારાજ થયા છે, ખેડૂતો દર વર્ષે જૂની લોન નિયમિત ભરપાઈ કર્યા પછી નવું ધિરાણ મેળવતા

હોય ત્યારે આ મદદ તેમને મળતી નથી. કેન્દ્ર સરકારે છેલ્લે વર્ષે આની કેમ જાહેરાત કરી? ખેડૂતોને દેવા માફીને બદલે ખેડૂતોને નવાં કનેક્શન આપવાં, ખેડૂતોને વીજળી બિલમાં રાહત આપવા માટે આ સહકાર વિભાગની માગણીઓ છે તેને હું સમર્થન આપું છું.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ (નસવાડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર અને કૃષિ વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારાં સૂચનો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજ સવારથી દોઢ વાગ્યાથી, જ્યારથી આ ગૃહના ઘણા મારા સ્નેહી મિત્રો જે ખેડૂતોની વાત કરી રહ્યા છે તે વાત હું સાંભળી રહ્યો છું, જે વાત થઈ છે, અને હું ખેડૂત છું, અને આજે ખેડૂતોની શું પરિસ્થિતિ છે? અહીંયાં સભાગૃહમાં ઘણા મારા મિત્રો ખેડૂત હશે પણ જ્યારે વિધાનસભાની ચૂંટણીઓ હતી ત્યારે ચૂંટણી ઢંઢેરામાં અમે વાંચેલું કે ખેડૂતોને દશ કલાક વીજળી આપવામાં આવશે, હું પણ ખેડૂત છું, ખેડૂતોની પરિસ્થિતિ આજે શું છે? ખેડૂતોને કેટલા કલાક વીજળી મળે છે? એ તો મારા સાથી સભ્યશ્રીઓ જાણે છે પણ તેઓશ્રી સરકાર આગળ •(xxxxxx) કેમ બોલવું. (અંતરાય).

**અધ્યક્ષશ્રી** : (xxxxxx) હું આ શબ્દ કાઢી નાખું છું.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : સૉરી, સાહેબ, હું એ પણ વિચારું છું કે, આજે કૃષિ મહોત્સવની ઘણી વાતો થઈ, કૃષિ મહોત્સવ વખતે કેવું બિયારણ આપ્યું? ટામેટાનું બિયારણ મારા મત વિસ્તારમાં ખેડૂતોને જે આપવામાં આવ્યું અને એ બિયારણ જે જે ખેડૂતોએ વાવ્યું, એ ખેડૂતોની ટામેટાની ખેતી બિલકુલ નિષ્ફળ ગઈ છે. હું એ પણ વિચારું છું કે, ખેડૂતોને જે દવા છાંટવાના પંપ આપ્યા છે એ પંપ પણ હલકી કક્ષાના હતા. હું એ પણ વિચારું છું કે, જ્યારે ખેડૂતોની વાત થતી હતી ત્યારે નર્મદા યોજનાની પણ વાત થઈ પણ નર્મદા યોજના માટે જે ખેડૂતોએ જમીન આપી છે, જેમણે ભોગ આપ્યો છે એ ખેડૂતોને પાણી નથી મળતું એટલે માનનીય સહકાર મંત્રીશ્રીને હું કહેવા માગું છું કે, આપ સિંચાઈ મંત્રીશ્રી જોડે, જે ખેડૂતોએ જમીન આપી છે એવા ખેડૂતોને કોઈપણ સંજોગોમાં જેટલી બને તેટલી ખેતી માટે સિંચાઈ માટે, પાણી આપવા માટેનું આયોજન કરે એવું એક મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ પણ વિચારું છું કે, અહીંયાં શેરડીની પણ વાત થતી હતી, મારા વડોદરા જિલ્લામાં લડોદ મુકામે સુગર ફેકટરી નાખેલી છે. એની હાલત શું થઈ છે એ માનનીય મંત્રીશ્રી જાણે છે. એ મંડળીની સુગર ફેકટરી બંધ થઈ ગઈ છે એટલે ખેડૂતોને શેરડીનો પાક કયાં લઈ જવો એ વિચારવા જેવું છે. એટલે માનનીય મંત્રીશ્રીને મારી એ વિનંતી છે કે, આ સુગર ફેકટરીનો જો વહીવટ સુધરશે અને એ ફેકટરી ચાલુ થશે તો જ ખેડૂતોને કંઈક પ્રોત્સાહન રૂપ ભાવ મળી રહેશે. આના વહીવટમાં શું થઈ રહ્યું છે એ મારે વધારે કહેવાની જરૂર નથી કારણ કે, માનનીય મંત્રીશ્રી એ વિશે વધારે જાણે છે. હું એ પણ કહેવા માગું છું કે, અત્યારે જ્યારે ખેડૂતોની વાત થાય છે ત્યારે મારે કહેવું છે અગાઉની સરકારમાં ખેડૂતોને કેવા કેવા લાભ મળતા હતા એ બધા જ લાભ ખેડૂતોને મળતા આજે બંધ થઈ ગયા છે. ખેડૂતોને બળદ અને ખાતર સબસીડી મળતી હતી, ગાડું લેવા માટે સબસીડી મળતી હતી એ તમામ યોજનાઓ બંધ થઈ ગઈ છે. આદિવાસી તાલુકાના જે ખેડૂતો છે એને આ તમામ લાભ ફરીથી મળતો થાય એ માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવી એ બહુ જરૂરી છે.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી (કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આશરે ૧૭ વર્ષ પછી આ વિધાનસભા ગૃહમાં ફરી વખત મને આવવાની તક મળી અને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ મનગમતા વિષયની મને જવાબદારી સોંપી અને એ વિભાગ તળે, કૃષિ અને સહકાર વિભાગ તળે રાજયની ૭૦ ટકા વસતિ સંકળાયેલી છે. એવા વિભાગની જવાબદારી સોંપવા બદલ હું રાજયના મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં આશરે ૨૩ જેટલા વિધાનસભા ગૃહના માનનીય સભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા છે એમાં આ પક્ષના હોય કે પેલા પક્ષના સૌએ રાજયના ખેડૂતો માટે સહકાર ક્ષેત્રમાં, મત્સ્યદ્યોગમાં ગૌસંવર્ધન ક્ષેત્રમાં મારી પાસે આજની માગણીના સંદર્ભમાં વિચારો જે એમણે પ્રગટ કર્યા છે એ વિચારો ઉપર રચનાત્મક દૃષ્ટિથી હું અભ્યાસ કરીને જે સ્વીકૃત કરવા જેવા હશે એ સ્વીકારીને અને એના ઉપર જે કંઈ કાર્ય કરવાનું હશે એ કરવા માટે આશ્વાસન આપવા નામજોગ ઉલ્લેખ હવે પછીના મારા જવાબમાં કરીશ. શરૂઆતમાં હું મારી કેટલીક વાત રાખ્યા પછી હું એ વાતનો વિશ્વાસ આપવા માગું છું કે, જે સભ્યશ્રીઓએ અહીંથી એમના વિચારો પ્રગટ કર્યા છે એને સરકાર ગંભીરતાથી લઈને આ અંગેની કાર્યવાહી કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના તમામ સન્માનીય સભ્યશ્રીઓએ અને રાજયની પ્રજાએ તેમજ તમામ અધિકારી/કર્મચારીઓએ કૃષિ ક્ષેત્રે આરંભાયેલી નવીનતમ પ્રક્રિયા કૃષિ મહોત્સવ ૨૦૦૫-૦૬-૦૭ એમ સતત ત્રણ વર્ષ કૃષિ મહોત્સવમાં ઊંડો રસ દાખવ્યો એ બદલ હું સૌનો આભારી છું. આ રાજય સરકારે ૨૦૦૭-૦૮ના વર્ષમાં કૃષિ ક્ષેત્રે રૂા. ૭૨૮ કરોડની જોગવાઈ કરી હતી એની સામે ૨૦૦૮-૦૯માં આશરે ૨૯.૩૭ ટકાના મોટા વધારા સાથે ૯૪૧.૮૫ કરોડની જોગવાઈ કરેલ જે ચાલુ વર્ષના રાજયના કુલ બજેટની જોગવાઈ સામે આશરે ૫ ટકા જેટલી છે. એજ રીતે વર્ષ ૨૦૦૭-૦૮ માટે જળ સિંચાઈ અને જળ સંરક્ષણ-પ્લાનમાં ૧૪૪.૨૦ કરોડની જોગવાઈ હતી એની સામે ૨૦૦૮-૦૯માં પ્લાનમાં રૂા. ૨૪૯.૨૫ કરોડની જોગવાઈ નક્કી કરેલ છે. આમ ચાલુ વર્ષે ૭૩ ટકા જેટલો વધારો કરવામાં આવેલ છે. પશુપાલન ક્ષેત્રે ગયા વર્ષે રૂપિયા ૯૩ કરોડની સામે ૨૬ ટકાના

• (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.

વધારા સાથે ૧૧૬.૮૭ કરોડની જોગવાઈ કરી છે, મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ગયા વર્ષે રૂપિયા ૨૫ કરોડની સામે ૧૦૦ ટકાના વધારા સાથે રૂપિયા ૫૦ કરોડની ૨૦૦૮-૦૯માં જોગવાઈ કરેલ છે. જે બદલ નાણા મંત્રી વજુભાઈ વાળાનો હું આભાર માનું છું કે એમણે આ બજૅટમાં આ વિભાગને ખૂબજ મહત્ત્વ આપીને પૂરતી નાણાકીય જોગવાઈ ભૂતકાળમાં ન થઈ હોય એટલી જંગી જોગવાઈ આ બજૅટમાં કરી છે. આ ઉપરાંત માનનીય મુખ્યમંત્રીશ્રીની વનબંધુ યોજના અન્વયે કૃષિ અને શિક્ષણ માટે પણ વધારાના નાણાં ઉપલબ્ધ થનાર છે. કૃષિ અને પશુપાલનની ઉત્પાકદતા, વૃદ્ધિ, કૃષિમાં ખાદ્ય પદાર્થોની સલામતી, ગ્રામ્ય તળે જળ સંરક્ષણ, કૃષિ ક્ષેત્રે શિક્ષણ, બજાર વ્યવસ્થા સબળ બનાવી આંતરરાષ્ટ્રીય જળસીમામાં માછીમારીની સલામતી તરીકે લક્ષમાં લીધેલ છે. જો કે આપણે અગિયારમી પંચવર્ષીય યોજનાના પ્રથમ વર્ષમાં છીએ છતાં પણ ગુજરાતનો વિકાસ દર છેલ્લાં ચાર વર્ષમાં ખૂબજ ઊંચો રહેલ છે જે પ્રતિ વર્ષે ૧૨ ટકા જેવો થવા જાય છે, જે નોંધનીય બાબત છે. ૧૦મી પંચવર્ષીય યોજનામાં ૨૦૦૨-૦૩ દરમિયાન ગુજરાતનું કુલ કૃષિ અને બાગાયતી ઉત્પાદન ૧૪૪.૩૧ લાખ ટન કે જેની કિંમત રૂપિયા ૧૩૪૭ કરોડ હતી તે વધીને સને ૨૦૦૬-૦૭માં ૨૭૩.૨૭ લાખ ટન કે જેની કિંમત ૩૪૦૦ કરોડ રૂપિયા હાલના બજારભાવ પ્રમાણે થાય છે આ વિકાસદરમાં વૃદ્ધિ કરવા સંબંધિત કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગને મજબૂત કરવા રાજય સરકારે છેલ્લાં વર્ષમાં વિભાગની નાણાંની ફાળવણી રૂપિયા ૭૨૮ કરોડથી વધારીને વર્ષ ૨૦૦૮માં રૂપિયા ૯૪૧.૮૫ કરોડની દરખાસ્ત કરેલ છે જે આપની સમક્ષ રજૂ કરતાં હું આનંદ અનુભવું છું.

રાજયના નવા ફેરફારો સાથે ખેડૂતોને માર્ગદર્શન ચીલાચાલુ કરતાં કંઈક નવીનતમ મળી રહે એટલા માટે કૃષિ પેદાશોના પોષણક્ષમ ભાવો મળતા નથી તેથી અનેકવખત ઉત્તમ ખેતી બીન સ્વીકૃત બનતી જતી હતી એવા સમયે રાજય સરકારે ખૂબ અભ્યાસ, મંથન અને કૃષિ વૈજ્ઞાનિકોને અર્થશાસ્ત્રીઓ સાથે વારંવાર ભેટો કરાવીને ખેડૂતોને સમસ્યાનું સાચું નિદાન કર્યુ છે. તે ધ્યાને લઈને ગુજરાતના ખેડૂતો સાથે સામૂહિક સંપર્કનું તૈયાર કરેલ એક મોડેલ જે કૃષિ મહોત્સવ તરીકે ખૂબજ જાણીતું છે. ઘણા રાજયોમાંથી સભ્યોની ટુકડીઓ આ મોડેલનો અભ્યાસ કરવા આવે છે નવા ફેરફાર સાથેની વ્યૂહરચના, કૃષિ વૈજ્ઞાનિક પદ્ધતિને ગામડે ગામડે ખેડૂતોમાં જાગૃતિ લાવવાનો હેતુ છે જેમાં ખેડૂતોના દરેક પ્રશ્નોનું અલગ અલગ માર્ગદર્શન આપવા કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, નિષ્ણાતો ગામડે ગામડે જાય છે અને ભવિષ્યમાં માર્ગદર્શન મેળવવા માટે મોબાઈલ નંબર પણ આપે છે. આના કારણે કેટલીક મોટી સિદ્ધિઓ પણ આપણને પ્રાપ્ત થયેલી છે જે જોવા મળે છે. કૃષિકીટના લાભાર્થીઓને ૨૦૦૫માં જે ૯૦૭૭૦ આપેલ તે ગયા વર્ષે ૨૦૦૭માં ૧,૪૩,૧૬૮ જેટલી કૃષિ કીટ, બાગાયતી કીટ, પશુપાલન કીટ એમ તમામમાં વધારો કરેલ છે. તેમજ સોઈલ હેલ્થ કાર્ડના વિતરણમાં ૯,૫૨,૦૭૫ થી વધારીને આજે ૧,૧૯,૦૦,૫૦૨ સોઈલ હેલ્થ કાર્ડ આપી શક્યા છીએ એવી અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. તાજેતરમાં બીજી એક વ્યૂહરચના જે તૈયાર થવામાં છે તેમાં ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરી કાયમી ધોરણે ખેડૂતોને ઘેર બેઠાં સેવાઓ, માર્ગદર્શન મળી તે માટે દરેક ગામને સેટેલાઈટ લિંક નૅટવર્કથી જોડવા માટેની દરખાસ્ત છે. ડિસૅમ્બર સુધીમાં નૅટવર્ક કાર્યરત થવાની શક્યતા છે. ૪ કૃષિ યુનિવર્સિટીઓને જ્ઞાનના સ્ત્રોત તરીકે વિકસાવવામાં આવશે અને ખેડૂતોને ત્રણ પ્રકારની સેવાઓ આપશે. પાકોને નુકસાનકારક જિવાતો અને બજરભાવ અંગે સાવધ કરશે. ખેતીને લગતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે પ્રશ્નો આધારિત માહિતી પૂરી પડાશે. વેબ કાસ્ટીંગ દ્વારા પ્રત્યક્ષ શિક્ષણ વર્ગ. જમીન અને જળ વ્યવસ્થાપન તેમાં છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન નાના જળસંચયો જેમ કે ગ્રામ્ય તળાવ ખોદવા, સીમ તળાવ, ખેત તલાવડીથી પિયત ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયેલ છે. વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન સારા ચોમાસાના પરિણામે શિયાળુ તથા ઉનાળુ પાકનો વિસ્તાર ૨૧ લાખ હેકટરથી વધીને ૩૯ લાખ હેકટર થવા પામેલ હતો. આની અગત્યતા ધ્યાને લઈ જમીન તથા જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ગયા વર્ષે રૂા.૧૪૪.૨૦ કરોડની સામે વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન રૂા.૨૪૯.૨૫ કરોડની જોગવાઈ કરેલ છે. વોટર શેડ ડેવલપમેન્ટ અને ક્ષારિય અને ભાસ્મીક જમીન નવસાધ્ય કરવા માટે પણ નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં ૪૮૪૫ તળાવો, ૪૦,૦૦૦ ખેત તલાવડી અને એક લાખ જળસંચયના કામો હાથ ધરેલ છે. આથી ૭૨૦ મીલીયન ક્યુબિક મીટર વધારાના પાણી સંગ્રહ શકિત ઉત્પન્ન થયેલ છે અને જેથી વધારાના ૧ મીલીયન હેકટરમાં વધારાની પિયત સુવિધા ઉભી થયેલ છે.

અમારા આ પ્રયત્નોની પ્રથમ દ્રષ્ટિએ જે બાબતો ધ્યાન ખેંચે છે તે આ મુજબ છે. વાવેતર વિસ્તારમાં વધારો, ઉત્પાદનમાં વધારો, મૂલ્ય ઉપાર્જનમાં વધારો. જળસંચય જળસિંચન, જયોતિગ્રામની કૃષિક્ષેત્ર પર અભૂતપૂર્વ અસર. જળસંચય જળસિંચનને કારણે વર્ષમાં એક પાક લેતો ખેડૂત બે પાક લે છે અને બે પાક લેતો ખેડૂત ત્રણ પાક લેતાં થયા છે. કૃષિ ક્ષેત્રે જે આગામી વર્ષનું આયોજન છે તેમાં ૨૦૦૮ થી ૨૦૦૯માં ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના ખાતેદાર ખેડૂતના વારસદારને યોજના હેઠળ આવરી લઈ રૂપિયા ૫૦૦ લાખની ખાસ જોગવાઈ કરવામાં આવેલ છે. આમ ખાતેદાર ખેડૂત અને તેના કુટુંબના સભ્યને વીમા રક્ષણ મળશે. જે અત્યાર સુધી આખા દેશમાં પ્રથમ વખત એક માત્ર એવું રાજય છે જ્યાં રાજય સરકાર પોતે કેન્દ્ર સરકારની યોજના સિવાય ૧ લાખ રૂપિયા સુધી વીમાનું વળતર જે આપતા હતા તેમાંથી હવે પરિવારમાંથી કોઈપણનું આકસ્મિક મૃત્યું થાય તો તેમને પણ વીમાક્ષેત્રે આવરી લઈને ગુજરાત રાજયે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ નાણાં ફાળવીને ગુજરાતના કિસાનોને સુરક્ષિત બનાવ્યાં છે. તેમજ અત્યાર સુધી માત્ર પાંચ હેકટર જમીન ધરાવતાં હોય એમને જ આ વીમા યોજનાનો લાભ મળતો તેને બદલે પાંચ હેકટરની જમીન મર્યાદા કાઢીને ગુજરાતના તમામ ખેડૂતોને આ યોજના તળે આવરી લેવામાં આવેલ છે. ત્રણ વર્ષથી રાજયનાં તમામ ગામમાં ગામ

દીઠ પાંચ ખેડૂતોને રૂપિયા ૧૫૦૦ની મર્યાદામાં ખેત સામગ્રીની કૃષિ કીટ વિના મૂલ્યે આપવાની યોજના અમલી હતી તે ૨૦૦૮ થી સદર રકમ વધારીને ૨૦૦૦ની કરેલ છે. તેને માટે ૨૦૦૦ લાખની જોગવાઈ છે અને તેનો લાભ ગુજરાતના ૯૧ હજારથી વધુ ગરીબ ખેડૂતોને આવરી લેવાશે. રાજય સરકારની સેન્દ્રિય ખેતીને ઉત્તેજન આપી રહેલ છે તેના ભાગરૂપે સેન્દ્રિય ખેતીની યોજનામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સિવાયના ખેડૂતો માટે કૃષિ સહાય કાર્યક્રમ ચાલુ સાલે ૨૦૦૭-૦૮માં રૂપિયા ૮૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ જેની સામે ૨૦૦૮-૦૯માં રૂપિયા ૧૮૯૦.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જે બમણાંથી વધારે છે. આ યોજના હેઠળ જમીન સ્વાસ્થ્ય સંકલિત જીવાંત નિયંત્રણ, બિયારણ વૃદ્ધિ અને વહેંચણી, કૃષિ યાંત્રિકરણ, સિંચાઈ સુવિધા વિગેરેનો સમાવેશ થશે. રાજયમાં કુલ ૯૪ લાખ હેકટર જમીન ખેડવા લાયક છે. ૨૦૦૭-૦૮માં ખરીફ ઋતુમાં નોર્મલ વાવેતર વિસ્તાર ૮૪ લાખની સામે ૮૯ લાખ સુધી પહોંચ્યા છીએ ત્યારે રવિ ઋતુમાં નોર્મલ વાવેતર વિસ્તાર ૨૬ લાખની સામે ૩૪ લાખ સુધી પહોંચ્યા છીએ જે ૩૧ ટકા જેટલો વધારો સૂચવે છે.

રાજયમાં ૨૦૦૨-૦૩માં કપાસનું વાવેતર ૧૬.૭૩ લાખ હેકટર હતું, જે ૨૦૦૭-૦૮માં વધીને અંદાજીત ૨૫.૧૭ લાખ હેકટરે પહોંચ્યું છે. જે ૫૦ ટકા જેટલો વધારો સૂચવે છે. કપાસના પાકનું વર્ષ ૨૦૦૨-૦૩માં ઉત્પાદન ૧૮.૮૪ લાખ ગાંસડીનું હતું, તે વર્ષ ૨૦૦૭-૦૮માં અંદાજીત ૯૦.૩૨ લાખ ગાંસડી થવાનો અંદાજ છે, જે ૩૭૯ ટકા જેટલો વધારો સૂચવે છે. રાજયમાં કપાસના પાકની વર્ષ ૨૦૦૨-૦૩માં ઉત્પાદકતા ૧૯૧ કિલો હેકટર લીંક હતી તે ૨૦૦૭-૦૮માં અંદાજીત ૬૧૦ કિલો હેકટર લીંક થવા જાય છે. જે ૨૨૦ ટકા વધારો સૂચવે છે.

ઘંઉમાં સામાન્ય વાવેતર વિસ્તારમાં ૯ લાખ હેકટર હતું તે ૨૦૦૭-૦૮માં ૧૪ લાખ હેકટર સુધી પહોંચ્યા છીએ, જે ૫૫ ટકા જેટલો વધારો સૂચવે છે. રાજયમાં ઘંઉના પાકનું વર્ષ ૨૦૦૨-૦૩માં ઉત્પાદન ૮.૩૯ લાખ મેટ્રિક ટન હતું, તે ૨૦૦૭-૦૮માં અંદાજીત ૩૬.૫૩ લાખ મેટ્રિક ટન થવાનો અંદાજ છે. જે ૨૯૧ ટકા જેટલો વધારો સૂચવે છે. ૨૦૦૧-૦૨માં ખેતી અને બાગાયતી પાકની કુલ આવક ૯૦૦૦ કરોડ હતી, તે વધીને ૨૦૦૬-૦૭માં ૩૪,૦૦૦ કરોડ સુધી પહોંચેલી છે. આમ કૃષિ ઉત્પાદન ક્ષેત્રે આપણે હરણફાળ ભરી રહ્યાં છીએ, ત્યારે બાયોગેસમાં પણ દસમી પંચવર્ષીય યોજના દરમ્યાન ડિઝલ બાયોગેસ કાર્યક્રમ ક્ષેત્રે અભૂતપૂર્વ કામગીરી કરવા બદલ ગુજરાત રાજયને ૨૨મી નવેમ્બર, ૨૦૦૭ના રોજ અક્ષય ઉર્જા એવોર્ડ ૨૦૦૭ મળેલ છે, જે દસમી પંચવર્ષીય યોજનાના સમયગાળા દરમ્યાન ૪૦,૦૦૦ બાયોગેસના પ્લાન્ટના લક્ષ્યાંક સામે ૪૧,૫૫૫ બાયોગેસ પ્લાન્ટની સિદ્ધિ હાંસલ કરેલ છે. એના કારણે માનનીય જગદીશભાઈ, ભારત સરકારમાં Ministry of new and renewable source of energyના સીલ્વર જયુબિલી કાર્યક્રમમાં વિજ્ઞાન ભવન ખાતે માનનીય રાષ્ટ્રપતિ દ્વારા રાજય સરકારને એવોર્ડ આપવામાં આવેલ છે.

બાગાયતમાં રાજય બાગાયતી પાક હેઠળ વર્ષ ૨૦૦૬-૦૭માં વિસ્તાર તથા ઉત્પાદન ક્ષેત્રે અનુક્રમે ૧૧.૨૬ લાખ હેકટરમાં ૧૨૧ લાખ મેટ્રિક ટન થવા પામેલ છે. જેથી અંદાજે રૂપિયા ૭,૭૩૮ કરોડ જેટલા વાર્ષિક મૂલ્યનું ઉત્પાદન પ્રાપ્ત થયું છે. દસમી પંચવર્ષીય યોજનાના અંતે બાગાયતનો વૃદ્ધિદર વિસ્તારમાં ૧૦.૫ ટકા, ઉત્પાદનમાં ૧૪.૪ ટકા તથા આવકમાં ૧૫.૬ ટકા મળેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયતમાં કેટલીક નવી બાબતો આ બજેટમાં અમે લાવ્યા છીએ. હાલના પ્રવર્તમાન સમયમાં બાગાયતમાં હાઈટેક ફાર્મીંગ તરફનો ઝોક વધેલ છે. આધુનિક ટેકનોલોજીમાં બાગાયત ગ્રીન હાઉસ બનાવીને સારી ગુણવત્તા ધરાવતા બાગાયત પાકો ઉગાડી શકીએ અને તે દ્વારા વધુ આર્થિક ઉત્પાદન સક્ષમ બને એ હેતુસર ૨૦૦૮ના વર્ષમાં સરકારશ્રીએ જે ભારતીય જનતા પાર્ટીના સંકલ્પપત્રમાં લો-કોસ્ટ ગ્રીન હાઉસ સ્થાપવા માટે સૂચવેલા હતા, એ ઘટક અન્વયે લો-કોસ્ટ ગ્રીન હાઉસ સ્થાપવા માટે ૬૦ ઘટક બનાવવા માટે સૂચવવામાં આવેલ છે. જ અન્વયે બાગાયતી પાકોની ખેતીને વેગ આપવા માટે ૫૦૦ ચોરસમીટરનું લો-કોસ્ટ ગ્રીન હાઉસ સ્થાપવા તથા આશરે રૂપિયા ૨,૫૦,૦૦૦ના ખર્ચને ધ્યાને લઈને ખરેખર ખર્ચના ૫૦ ટકા અથવા રૂપિયા ૧,૨૫૦૦૦ની સહાય ચૂકવવામાં આવશે. આ વર્ષ માટે ૨૦૦૮-૦૯માં રૂપિયા ૫૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જે થકી રાજયના ૪૦૦ લાભાર્થીઓને આવરી લેવાનો લક્ષ્યાંક નિર્ધારીત કરેલ છે.

